# ભાવધર્મ

[પ્રણિધાન]



પ્રવચનકાર
પ. પૂ. ગણિવર્ય
શ્રી યુગભૂષણવિજયજી મ. સા. (પંડિત મ.સા.)

॥ શ્રી આત્મ-કમલ-દાન-પ્રેમ-રામચંદ્ર-મોહજિત-સદ્ગુરુભ્યો નમઃ ॥

# ભાવધર્મ

## ( પ્રણિધાન )


*** આશીર્વાદદાતા ***

ષડ્દર્શનવિશારદ, પ્રાવચનિકપ્રભાવક સ્વ. પ. પૂ. મુનિપ્રવર
**શ્રી મોહજિતવિજયજી** મહારાજા (મોટા પંડિત મહારાજ)

*** પ્રવચનકાર ***

સિદ્ધાંતમહોદધિ, કર્મસાહિત્યનિષ્ણાત સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન વ્યાખ્યાનવાચસ્પતિ,
સુવિશાલગચ્છાધિપતિ સ્વ. પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય
**રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્યરત્ન સન્માર્ગદેશનાદક્ષ,
યોગમાર્ગમર્મજ્ઞ પ. પૂ. ગણિવર્ય **શ્રી યુગભૂષણવિજયજી મ.સા.**
**(નાના પંડિત મહારાજ)**



**: પ્રકાશક :**

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# ભાવધર્મ (પ્રણિધાન)

❖ પ્રવચનકાર ❖
સન્માર્ગદેશનાદક્ષ, યોગમાર્ગમર્મજ્ઞ
પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા. (નાના પંડિત મહારાજ)

વીર સં. : ૨૫૩૨ ❖ વિ. સં. : ૨૦૬૨

આવૃત્તિ : બીજી ❖ નકલ : ૩૦૦૦

મૂલ્ય : રૂ. ૫૫-૦૦

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

૨૧

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

✻ મુદ્રક ✻
મુદ્રેશ પુરોહિત
સૂર્યા ઓફસેટ, આંબલીગામ, સેટેલાઈટ-બોપલ રોડ, અમદાવાદ-૫૮.



# મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા

(મોટા પંડિત મહારાજા)

જન્મ : આસો વદ તેરસ (ધનતેરસ) વિ.સં. ૨૦૦૦

સ્વર્ગારોહણ : શ્રાવણ સુદ ત્રીજ વિ.સં. ૨૦૫૬



પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.

(નાના પંડિત મ.સા.)

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પ. પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થભૂત તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાય મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે, ઘણાં સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યાં છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યાં છે, તે અનુસાર કામ બહાર આવી રહ્યું છે અને ક્રમસર આવતું રહેશે. દરમ્યાન શ્રી સંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષુઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજ સાહેબનાં તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મહારાજ સાહેબનાં જુદા જુદા વિષયો પરનાં અપાયેલાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ શ્રી સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મુખ્ય લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વજિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી તેમ જ અતિ માંગને કારણે ઉપર્યુક્ત વિનંતી લક્ષમાં રાખીને આ પ્રવૃત્તિ ચાલુ રાખેલ છે.

તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે, તેવી આશા સહિત –


૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટીગણ
ગીતાર્થ ગંગા



**સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.**

## 卐 પ્રાપ્તિસ્થાન 卐

*** અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭
☎ (૦૭૯)-૨૬૬૦૪૯૧૧, ૩૨૯૧૧૪૭૧

**શ્રી નટવરભાઈ એમ. શાહ (આફ્રિકાવાળા)**
૯, પરિશ્રમ બેંક ઓફ ઈન્ડિયા સોસાયટી,
વિજયનગર ક્રોસીંગ પાસે,
અમદાવાદ-૩૮૦૦૧૩
☎ (૦૭૯)-૨૭૪૭૮૫૧૨

*** મુંબઈ :**

**શ્રી નિકુંજભાઈ આર. ભંડારી**
વિષ્ણુ મહલ, ત્રીજે માળ,
ગરવારે પેવેલીયનની સામે,
ડી-રોડ, ચર્ચગેટ, મુંબઈ-૪૦૦૦૨૦
☎ (૦૨૨)-૨૨૮૧૪૦૪૮

**શ્રી લલિતભાઈ ધરમશી**
૩૦૨, ચંદનબાળા એપાર્ટમેન્ટ,
જવાહરલાલ નહેરુ રોડ,
સર્વોદય પાર્શ્વનાથ નગર,
જૈન દેરાસર પાછળ, મુલુંડ (વે), મુંબઈ-૮૦
☎ (૦૨૨)-૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન, બીના જ્વેલર્સની
ઉપર, મલાડ (ઈ.), મુંબઈ-૪૦૦૦૯૭
☎ (૦૨૨)-૩૯૪૩૮૪૩૪
(મો.)૯૩૨૨૨૬૪૮૫૧

*** સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુ નિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧
☎ (૦૨૬૧)-૩૦૧૩૨૪૪

*** પૂના :**

**Shri Maheshbhai C. Patwa**
1/14, Vrindavan Society,
B/h. Mira Society, Nr. Anand Marg,
Off. Shankar Sheth Road,
Pune-411037
☎ (020)-26436265

*** રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧
☎ (૦૨૮૧)-૨૨૩૩૧૨૦

*** BANGALORE :**

**Shri Vimalchandji**
C/o. J. NEMKUMAR & COMPANY
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-53.
☎ (080)-(O) 22875262, (R) 22259925

*** જામનગર :**

**શ્રી ઉદયભાઈ શાહ**
C/o. મહાવીર અગરબત્તી વર્ક્સ
C-9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે,
જામનગર.
☎ (૦૨૮૮)-૨૬૭૮૫૧૩

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વ્યાખ્યાનના ગ્રંથો

### ગુજરાતી

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી (મોટા પંડિત) મ. સા.**

૧. આશ્રવ અને અનુબંધ
૨. પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા
૩. ચારિત્રાચાર

**વ્યાખ્યાનકાર :- પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મ. સા.**

૧. યોગદૃષ્ટિસમુચ્ચય
૨. કર્મવાદ કર્ણિકા
૩. સદ્ગતિ તમારા હાથમાં !
૪. દર્શનાચાર
૫. શાસન સ્થાપના
૬. અનેકાંતવાદ
૭. પ્રશ્નોત્તરી
૮. ચિત્તવૃત્તિ
૯. ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ
૧૦. મનોવિજય અને આત્મશુદ્ધિ
૧૧. ભાગવતી પ્રવ્રજ્યા પરિચય
૧૨. ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન)
૧૩. ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ)
૧૪. લોકોત્તર દાનધર્મ "અનુકંપા"
૧૫. કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય

**પ. પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી (નાના પંડિત) મ. સા. સંપાદિત**

૧. શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વ્યાખ્યાનના ગ્રંથો

### हिन्दी

**व्याख्यानकार :- प. पू. गणिवर्य श्री युगभूषणविजयजी (नाना पंडित) म.सा.**

१. जैनशासन स्थापना
२. चित्तवृत्ति
३. श्रावक के बारह व्रत एवं विकल्प
४. प्रश्नोत्तरी

**संपादक :- प. पू. गणिवर्य श्री अरिहंतसागरजी महाराज साहब**

१. पाक्षिक अतिचार

## ગીતાર્થ ગંગા અંતર્ગત ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો

૧. ધર્મતીર્થ ભાગ-૧

मुक्खेण जोयणाओ

जोगो सव्वो वि धम्मवावारो ।

परिसुद्धो विन्नेओ

ठाणाइगओ विसेसेण ॥१॥

( योगविंशिका० श्लोक-१ )

# ૧

અષાઢ સુદ સાતમ, તા.૫-૭-૯૫ બુધવાર.
ગોવાલિયા ટેંક.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને અનુપમ યોગમાર્ગની પ્રાપ્તિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## જિનશાસનને ભગવાન હરિભદ્રસૂરિ મળ્યા :

આપણે જે ગ્રંથનું વાંચન કરવાના છીએ, એ ગ્રંથના રચયિતા પૂજ્ય આ. ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા છે. તેઓએ ૧૪૪૪ ગ્રંથોની રચના કરી છે.તેઓ મૂળથી જૈન ન હતા. પહેલેથી જ વૈદિક ધર્મના અનુયાયી હતા અને રાજપુરોહિત હતા. ખૂબ જ વિદ્વાન હોવાના કારણે રાજાને પણ તેમના પ્રત્યે ખૂબ જ માન હતું. તેમણે જીવનમાં સંકલ્પ કર્યો હતો કે જેનું પણ વિધાન હું ન સમજી શકું, તેના મારે શિષ્ય બનવું. ગૃહસ્થ અવસ્થાથી જ ચૌદ વિદ્યાના પારગામી, ધુરંધર વિદ્વાન બ્રાહ્મણ હતા. એક દિવસ યાકિની નામના સાધ્વીજી ઊંચા અવાજથી શ્લોકોનું પઠન કરી રહ્યાં હતાં. બરાબર તે વખતે રાજપુરોહિત માર્ગ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. આ શ્લોકોના પારિભાષિક શબ્દો તેમના કાને પડ્યા. આમ તો તેમની વિદ્વત્તામાં શંકા કરી શકાય તેમ ન હતું, પરંતુ શાસ્ત્રના પારિભાષિક શબ્દો હોવાના કારણે તેમને કંઈ સમજ ન પડી.જીવનમાં પહેલી જ વાર તેમને પોતાની વિદ્વત્તાની શંકા થઈ. તેથી સાધ્વીજી મહારાજ પાસે જઈને કહે છે કે, "મને આ શ્લોકનો અર્થ સમજાવો." સાધ્વીજી મહારાજ પણ વિવેકી અને જ્ઞાની હોવાના કારણે કહે છે કે "તમારે અર્થ સમજવો હોય તો તમે અમારા આચાર્ય ભગવાન પાસે જાઓ." રાજપુરોહિતે કહ્યું કે, "મારે એવી પ્રતિજ્ઞા છે કે જેનું વિધાન હું સમજી ન શકું તેના મારે શિષ્ય બનવું." જો કે આ પ્રતિજ્ઞા તેમણે જાહેરમાં નહોતી લીધી, માટે જણાવ્યું ન હોત તો પણ ચાલત; પણ પોતે ખૂબ જ પ્રામાણિક, વિદ્વાન, જ્ઞાની હતા; એટલે તેમણે પોતાની પ્રતિજ્ઞા જણાવી. આ પ્રતિજ્ઞાના કારણે તેમને સાધ્વીજીના શિષ્ય થવું હતું; પરંતુ આપણા શાસનમાં પુરુષવર્ગ ધર્માચાર્યના શિષ્ય બની શકે, સાધ્વીજીના શિષ્ય ન બની શકે; તેથી તેમને આચાર્ય મહારાજ પાસે

મોકલ્યા અને અહીંથી તેમનો જૈનશાસન સાથે સંબંધ થયો. ધર્માચાર્યે જોયું કે લાયક અને જ્ઞાની જીવ છે અને આવા જીવો જો શાસનને મળે તો બહુ લાભ થાય. તેથી તેમને દીક્ષા આપી અને જૈનશાસનને હરિભદ્રસૂરિ જેવું અણમોલ રત્ન મળ્યું અને હરિભદ્રસૂરિને જૈનદર્શનનું માખણ મળ્યું.

હરિભદ્રસૂરિને જિનાગમો મળ્યાં, પછી તેમણે લખ્યું કે **કોઈપણ વ્યક્તિ જિનવચનને પામ્યા વિના પોતાનો ઉદ્ધાર કરી શકે નહીં. અમને પણ આ આગમો ન મળ્યાં હોત તો આ સંસારરૂપી સમુદ્રમાં અનાથ એવા અમે ક્યાંય ડૂબી ગયા હોત.** આ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ વગર દરેક આત્માની અધોગતિ થવાની શક્યતા છે. એમણે બે મોઢે આ તત્ત્વજ્ઞાનની ઠેર ઠેર પ્રશંસા કરી છે. **સ્વાધ્યાય આપણા જીવનનું કર્તવ્ય છે.** આ તત્ત્વજ્ઞાનની પરખ ત્યારે આવે જ્યારે આપણે તેમાં ખૂંપી જઈએ, અને તેમાં જ જીવનની ખરી મજા છે. આપણાં શાસ્ત્રો જૈનેતર વિદ્વાનને પણ પ્રભાવિત કરી શક્યાં. માટે વિચારજો, આપણને વારસામાં કેવું શાસન મળ્યું છે !

## મોક્ષ એટલે મહાનંદ :

આ ગ્રંથના નામનો પહેલાં આપણે વિચાર કરીએ. વિંશિકા એટલે વીસ શ્લોક અને યોગવિંશિકા એટલે જેમાં વીશ શ્લોકો દ્વારા યોગમાર્ગનું સાંગોપાંગ વર્ણન છે તે. યોગ શબ્દ અત્યારે બહુ જ પ્રચલિત છે, પરંતુ અત્યારે યોગ શબ્દનો અર્થ આસન કરાય છે.જેમ કે પદ્માસન વગેરેને અત્યારે યોગ કહેવામાં આવે છે; પરંતુ આ એક ભ્રમ છે. યોગનો આ વાસ્તવિક અર્થ નથી.

"**मोक्षेण योजनात् योग:**" જે જોડે તેનું નામ યોગ. પ્રસ્તુતમાં આત્માને મુક્તિ સાથે જોડે તેનું નામ યોગ છે. મોક્ષ એટલે શું ? **મોક્ષ એટલે મહાનંદ. પરમ આનંદની સાથે જોડે તે યોગ. આનંદનો અગાધ સાગર તે મોક્ષ.** આપણને અત્યારે મોક્ષના સુખની ઝાંખી પણ દેખાતી નથી; કારણ કે આપણને મોક્ષનો પરિચય થયો નથી. હવે જ્યારે મુક્તિની જ ખબર નથી તો મુક્તિ મેળવવાનાં સાધનોની તો વાત જ ક્યાં રહી ? તેની તો કયાંથી ખબર હોય ? આપણને ચોવીસે કલાક સંસારનું સુખ દેખાય છે. આપણા મનનો સ્વભાવ છે કે તેને ચોવીસે કલાક આનંદ જોઈએ છે, પણ સાચો આનંદ શું છે તેની ખબર જ નથી. પૂર્ણાનંદ એટલે જ મોક્ષ છે. મોક્ષ શબ્દનો અર્થ બંધનમાંથી છુટકારો. એટલે આત્માનો સર્વ બંધનમાંથી છુટકારો થાય, એનું નામ મોક્ષ. પરંતુ અત્યારે આપણને બંધન બંધનરૂપે દેખાતું નથી. માટે જ આપણે સ્પષ્ટ

સમજણ કેળવવી જરૂરી છે. આપણે કર્મના વિપાકનો અનુભવ કરીએ છીએ. જેમ કે દેહ પહેલું બંધન છે. ઈન્દ્રિયો, મન, દેહ જીવતાં જાગતાં બંધન છે. પરંતુ અત્યારે આપણી બુદ્ધિમાં અસ્પષ્ટતા છે. જેથી દેહ એ દુઃખનું સાધન છે, છતાં પણ આપણને એવું અનુભવાતું નથી. વિચારજો, શરીરની જરૂરિયાત કેટલી બધી ? આ શરીરના પ્રોબ્લેમ્સનો ક્યાંય અંત નથી, છતાં પણ આપણને એ બંધન, બંધન નથી લાગતાં. અનંતકાળથી આત્મા આ બંધનમાંથી પસાર થયો છે, છતાં હજુ પણ આત્મા તેને જ મજબૂત કરી રહ્યો છે. મોક્ષમાં આત્માની અશરીરી, અમનસ્ક અને ઈન્દ્રિય રહિત અવસ્થા છે. આત્માને લાગેલાં બંધનોથી છુટકારો કરો એટલે મોક્ષ. જો કે અત્યારે તમને મોક્ષમાં સુખ જ દેખાતું નથી, કારણ મોક્ષનું સુખ એ જુદી ક્વોલિટીનું છે. જેને સંસારનું સુખ ગમે, તેને મોક્ષ ગમે ખરો ? પણ જો કદાચ તમને તે મજાનું સ્થાન લાગતું હોય તો, એને મેળવો કે ન મેળવો તે પછી વાત, પણ ચોવીસે કલાક યાદ તો આવે ખરું ને ? પરંતુ અત્યારે આત્માને આ સંસારમાં જે આધિ, વ્યાધિ, ઉપાધિ છે; તે ઉપાધિમાંથી છુટકારો પ્રાપ્ત કરવો નથી, કારણ કે તેને આ સંસારમાં જ સુખ દેખાય છે. માટે જ્યારે જીવને મોક્ષની સાચી ઓળખાણ થશે, ત્યારે તેને તે મેળવવાની તલપ અને તરસ લાગશે, પછી તો એનું નામ સાંભળતાં આનંદ આનંદ થશે; અને પછી જ તેને પરમાત્માની ભક્તિમાં ખરો આનંદ આવશે. કેમ કે મોક્ષ અને પરમાત્માનો અભેદ છે. **જ્યાં સુધી મોક્ષની ઓળખાણ થાય નહીં, ત્યાં સુધી પરમાત્મ તત્ત્વની પણ સાચી ઓળખાણ થતી નથી. જેઓ મહાઆનંદની પરાકાષ્ઠાને માણી રહ્યા છે, તે જ પરમાત્મા છે.**

ભૌતિક સુખના સાધનથી વિકારી આનંદરૂપ સુખ મળે છે, જ્યારે આપણાં શાસ્ત્રોમાં નિર્દોષ સુખ અને આનંદનું વર્ણન છે. **વિકારી સુખ એટલે જેમાં પહેલાં પીડા પેદા કરવી અને પછી તેમાં થોડી હળવાશ લાવવાથી જે સુખ મળે, એ સુખને વિકારી સુખ કહ્યું છે**; દા.ત. તમે વીડિયો, ટીવી જોતાં હો ત્યારે તમને સુખનો અનુભવ થાય છે. જો કે ત્યારે શરીરને સુખ મળતું નથી, પેટ ભરાતું નથી. આ બધું સુખ કૃત્રિમ અને આભાસી હોવા છતાં પણ લોકો લાખો રૂપિયા તેમાં ખર્ચે છે, કારણ તેમાંથી માનસિક સુખ મળે છે. તમારા મનમાં વાસના, તૃષ્ણા, વિકારો ભરેલાં પડ્યાં છે, જે નિમિત્તો દ્વારા ઉશ્કેરાય છે. પછી એને શાંત પાડો ત્યારે તમને જે શાંતિ લાગે છે, તેનું નામ જ વિકારી સુખ છે. એટલે કે પહેલાં તૃષ્ણા, વિકારોને તંગ કરવા અને પછી તેને શાંત પાડવા. પરંતુ જેમાં સીધી તૃપ્તિ મળતી હોય, તેને જ ખરો આનંદ કહેવાય.

સીધી તૃપ્તિ એટલે જેમાં પહેલાં અતૃપ્તિનો ત્રાસ વેઠ્યા વગર આનંદ થાય તે. આ દુનિયામાં જીવમાત્ર સુખને ઝંખે છે, પરંતુ તેને સાચા સુખની કલ્પના પણ નથી, માટે જ તેને વિકારી સુખમાં સુખ દેખાય છે; પરંતુ મોક્ષનું જે સાચું સુખ છે, તે તેને દેખાતું નથી. **ભૌતિક સુખ એ દુ:ખનો પડછાયો છે. તેથી તેમાં દુ:ખ અને સુખ બન્નેનું સહઅસ્તિત્વ હોય છે. જેમ માણસ અને તેનો પડછાયો સાથે હોય તેમ. ભૌતિક સુખ, દુ:ખનો પર્યાય છે; ભૌતિક સુખ, દુ:ખની જ એક અવસ્થા છે. માટે આખો મોહક સંસાર દુ:ખોપચાર, દુ:ખપ્રતિકાર છે. નાસ્તિક પણ આ વાતનો ઈન્કાર કરી શકે તેમ નથી.** દા.ત. ભૂખ લાગ્યા પછી જ આપણે ખાવા બેસીએ તો તૃપ્તિ મળે. ભૂખ ના હોય અને સામે ગમે તેટલું ખાવાનું મૂકીએ તો પણ કંટાળો આવે છે. આ **આખા સંસારમાં દીવો લઈને ગોતવા જઈએ તો પણ સાચો આનંદ જડ પદાર્થોમાંથી ક્યાંયથીય મળવાનો નથી.** પરંતુ કણિયા જેટલો પણ સાચો આનંદ પામશો તો જ મોક્ષ નિશ્ચિત થશે અને જ્યારે પૂર્ણ આનંદ પ્રાપ્ત કરશો ત્યારે જ મોક્ષ પામશો.

**સભા :-** *શરીર-ઈન્દ્રિય વગર આત્મા રહી શકે ખરો ?*

**સાહેબજી :-** હા, રહી શકે, ચોક્કસ. દેહ-ઈન્દ્રિય તો સાધન છે. જેમ કે આંખ એ કાંઈ જોતી નથી, પરંતુ જોવાનું તે સાધન છે; જોનાર તો આપણો આત્મા છે. જેમ ઘડપણમાં વ્યક્તિ લાકડી લઈને ચાલે છે, છતાં લાકડી તે વ્યક્તિને ઉપાડે છે? કે વ્યક્તિ લાકડીને ઉપાડે છે ? લાકડી એ તો સહાય કે સાધન છે. એમ, આત્મા દેહને ચલાવે છે. સાધનની જરૂર દુર્બળને પડે છે. જે દિવસે આપણી નબળાઈ જતી રહેશે, તે દિવસે સાધનની જરૂર પડવાની નથી. અત્યારે આપણો આત્મા crippled (નિર્બળ) છે, એટલે આપણને જ્ઞાન માટે સાધન તરીકે ઈન્દ્રિયોની જરૂર પડે છે. અત્યારે તમે સાધનરૂપી શરીરને મુખ્ય માન્યું છે; પણ હકીકતમાં આ શરીરનું સર્જન અને સંચાલન પણ આત્મા જ કરે છે અને આ શરીરનો વિયોગ પણ આત્મા જ કરે છે. **મોક્ષમાં આત્મા સશક્ત છે, એટલે મોક્ષમાં શરીરની જરૂર નથી; પરંતુ સંસારમાં આત્મા કર્મોથી બંધાયેલો છે, માટે પરવશ અને નબળો છે.** આમ તો આત્માની શક્તિ પ્રત્યક્ષ છે, પરંતુ આપણે આત્માની અનંત શક્તિનો ક્યારેય પણ વિચાર કર્યો નથી. **આનંદની શરૂઆતનું નામ યોગ છે, અને તેની પરાકાષ્ઠાનું નામ મોક્ષ છે.**

# ૨

અષાઢ સુદ આઠમ, તા.૬-૭-૯૫, ગુરુવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના સમગ્ર જીવમાત્રને પુદ્‌ગલાનંદમાંથી મુક્ત કરી આત્માનંદી કરવા માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

**જીવનમાં પામવા લાયક કાંઈ હોય તો તે સહજ નિર્દોષ આનંદ છે. સંસારમાં તમે જે આનંદ મેળવો છો તે ભૌતિક આનંદ છે, જે ઔપચારિક છે.** આનંદ શબ્દ બોલો છો પણ તેની જે અણસમજ છે, તેને તોડવાની ખૂબ જ જરૂર છે. નંદ, હર્ષ, તૃપ્તિ, અંદરનો સંતોષ તેની સમગ્રતાથી પ્રાપ્તિ તે આનંદ છે, કે જેને ભોગવતાં કોઈ પણ પાસાથી કંટાળો ન આવે, પણ સતત હર્ષનો-તૃપ્તિનો અનુભવ થાય. ભૌતિક જગતમાં દીવો લઈને ગોતવા જાઓ તો પણ આવો આનંદ મળે તેમ નથી. **સંસારના સુખમાં સંતાપ, પીડા, કંટાળો ભરેલાં છે; જેમાં દુઃખનું મિશ્રણ ન હોય, તેવો એક પણ દાખલો નમૂનારૂપે પણ નથી. તમે જે ભૌતિક સુખ ભોગવો છો, તેમાં આગળ પીડા, ભોગવતી વખતે પીડા અને ભોગવ્યા પછી પણ સંતાપ છે.** ખાવાનું, પીવાનું, હરવા-ફરવાનું કે મોજમજા કે સત્તાસંપત્તિનું કોઈપણ સુખ હોય, તમામ સાથે સંતાપ વીંટળાયેલો છે. જીવનમાં તમે જે પ્રવૃત્તિ કરો છો તેનું તમે પૃથક્કરણ કર્યું નથી. જેમ કે તમે સવારના ઊઠયા, આળસ ખંખેરી, નાહ્યા, બ્રશ કર્યું, ચા-પાણીનો સ્વાદ કર્યો, પછી નવરા પડ્યા એટલે કુતૂહલથી છાપું વાંચ્યું, ટીવી જોયું, પછી પુરુષો બિઝનેસ કરવા જાય, છોકરાઓ સ્કૂલે જાય, સ્ત્રીઓ રસોઈ કરે; પણ આ બધી પ્રવૃત્તિ શું કામ કરીએ છીએ ? તેમાંથી મળતો આનંદ ખરેખર શું છે? કેવી રીતે મળે છે ? એનું તમે કદી વિશ્લેષણ કર્યું નથી.

## સંસાર એટલે ગાડરિયો પ્રવાહ :

સંસાર એ ગાડરિયો પ્રવાહ છે, જ્યારે નવા જમાનાના આજનાં લોકો ધર્મને ગાડરિયો પ્રવાહ કહે છે; પરંતુ શાસ્ત્રકારો એમ કહે છે કે સંસારમાં તમે જે રીતે જીવો

છો તે ગાડરિયો પ્રવાહ છે. દા.ત. ઘેટાનું એક ટોળું ચાલ્યું. તેમાં એકની પાછળ બીજું ઘેટું ઊંધું ઘાલીને ચાલ્યું જાય. તેને પાછળની પણ ખબર નથી અને આગળ પણ તે ક્યાં જાય છે, તેની પણ ખબર નથી. ઘેટામાં મૂર્ખતા ભરેલી છે. ઘેટાની આવી મૂર્ખતાનો ચિતાર આપતો એક પ્રસંગ જોઈને એક ભાઈએ કહ્યું કે "અમે કતલખાનામાં આજે જે જીવો મરવાના હતા તેને છોડાવવા ગયેલા. એ વખતે બહાર પ્રાણીઓ ન હોવાના કારણે અંદર જે જીવોને લઈ ગયા હતા, તેને છોડાવવા અમને અંદર મોકલ્યા. અમે તો ત્યાંનું દૃશ્ય જોઈને કમકમી ઊઠયા. એક ઘેટું આવે, કસાઇ છરાથી ઘા કરે, માથું ધડથી જુદું કરે, લોહીની શેરો ઊડે; જેવું એકનું પૂરું કરે તેની પાછળ તરત જ બીજું ઘેટું પણ વગર કહે કતલની જગ્યાએ આવીને ઊભું રહે, જાણે એને મોતનો ડર જ ન હોય." ઘેટામાં એટલી મૂઢતા હોય છે કે આગળ શું થાય છે તેનો તે વિચાર પણ ન કરે. માટે એક પછી એક ક્રમસર આવે અને કસાઇઓ તેને કાપ્યા કરે. આ તેમણે પ્રત્યક્ષ જોયેલી વાત છે. એટલે ઘેટાનાં ટોળાં માટે લોકમાં કહેવાય છે કે **"આના પછી આગળ શું થશે ? પાછળ શું થશે ? મારું શું થશે ? એનો કશો જ વિચાર ન કરે અને પ્રવાહરૂપે આંધળું અનુકરણ કરે તેનું નામ ગાડરિયો પ્રવાહ."**

તેમ તમે પણ જીવનમાં જે પ્રવૃત્તિ કરો છો તે વિચારીને કરો છો કે ઘેટાની જેમ મૂઢતાથી કરો છો ? ગમે ત્યાં જાતને ઝંપલાવો છો, પણ શા માટે આ પ્રવૃત્તિ કરો છો તેનો અંદરમાં સ્પષ્ટ જવાબ છે ખરો ? મજા એટલે શું ? મજાની વ્યાખ્યા શું ? મજા આવે છે તેનો પુરાવો ખરો ? આ બધાનો સાચો જવાબ મળે ખરો ? ના, માટે એમ ને એમ ઝંપલાવવાની જ વાત છે ને ? તમે જ્યાં ફાંફાં મારો છો તે જડ જગતમાં જો આનંદ ઉપલબ્ધ થાય તો અમારે મોક્ષ કે મોક્ષમાર્ગ કે અધ્યાત્મની કોઇ વાત કરવાની રહેતી નથી. આત્મા અનંતકાળથી આનંદ માટે તલસી રહ્યો છે. જો તેને મનગમતો આનંદ મળી રહે, તો તે બીજું કાંઇ ઇચ્છતો નથી, બીજી કોઇ તેને ઝંખના નથી. આ શાશ્વત અને સનાતન તેની ઝંખના છે. તે ઝંખનાને મારો તો પણ મરવાની નથી, કદી ઓછી થવાની નથી; અને તે ઝંખનાને પૂરી કરવા જ જ્ઞાનીઓએ મુક્તિ બતાવી છે. **મોક્ષ એટલે બીજું કાંઇ નથી, પણ જીવમાત્રની અભિલાષાને પરિપૂર્ણ કરવાના ઉપાયરૂપ સ્થાન, તેનું નામ જ મોક્ષ.** અનંતકાળથી જીવોની આ જ ઝંખના છે. તેને પરિપૂર્ણ કરવાનો ઉપાય તે મોક્ષની સાધના છે. **જીવ જેવો આનંદ ઇચ્છે છે, તેને પૂર્ણરૂપે પામવો તેનું જ નામ મોક્ષ.** એટલે જ શાસ્ત્રોમાં તેનો other word (પર્યાયવાચી

શબ્દ) વાપર્યો મહાનંદ, મહાનંદકારી સતત અવસ્થા તેનું નામ મોક્ષ; **જ્યાં આનંદનો સાગર હિલોળા લઈ રહ્યો છે, જેમાં ચારે બાજુથી હર્ષ અને તૃપ્તિસ્વરૂપ આનંદ જ હોય; પરંતુ જે સુખમાં રતીભાર પણ કંટાળો હોય તેવા આનંદને સાચું સુખ કહેવાય નહીં.**

સુખની વ્યાખ્યા શું ? શાસ્ત્રમાં સરળ ભાષામાં સુખની વ્યાખ્યા કરી છે કે, સુખનું નામ એ કે જેનાથી જીવ કદી પણ કંટાળે નહીં. પરંતુ તમે જેને સુખ માનો છો તે વાસ્તવમાં સુખ નથી, પણ સુખના નામથી કોઈ ભળતી વસ્તુ જીવને ભટકાઈ ગઈ છે. તમે જેને સુખ માન્યું છે તેની પાછળ દોડવામાં શું બાકી રાખ્યું છે ? અને જેને દુઃખ માન્યું છે તેનાથી છૂટવા દોડાદોડી કરવામાં પણ કાંઈ બાકી રાખ્યું નથી. સુખ મેળવવાની વાત આવે તો મુઠ્ઠી વાળીને દોડો ને ? તેમ દુઃખથી પણ મુઠ્ઠીઓ વાળીને ભાગો ને ? માટે બન્નેનું સરખું જ આકર્ષણ અને અપાકર્ષણ છે. આ એક ચેતન તરીકેની તમારી વિશેષતા છે.

આત્માનાં ઘણાં લક્ષણોમાં આ એક લક્ષણ છે, **"જે સતત સુખને ઝંખે અને દુઃખને ના ઝંખે, તેનું નામ આત્મા."** આત્મા એટલે પોતાને જાણે તે આત્મા. આ દુનિયામાં આત્માને છોડીને બીજી એવી કોઈ વસ્તુ નથી કે જે પોતાને જાણતી હોય. સ્વનો જેને અનુભવ હોય એવો કોઈ ભૌતિક પદાર્થ આ દુનિયામાં ખરો ? મશીનને તમે પ્રશ્ન પૂછો તો તમારાથી સારા જવાબ આપે, કલાક સુધી વાત કરે, તમે બોલ્યા તેના પર સમીક્ષા કરે, સારાંશ બોલે એવાં મશીનો છે કે નથી ? મશીનો શંકાનાં સમાધાન કરી શકે પણ સ્વનો અનુભવ કરી શકે ખરાં ? તેણે આખો જવાબ આપ્યો હોય, પણ તે પોતે ન જાણી શકે કે તેણે શું જવાબ આપ્યો છે; જ્યારે માણસ વિચારી શકે કે તેણે શું જવાબ આપવાનો છે અને શું આપ્યો છે. આ આત્માની જ વિશેષતા છે તે કાંઈ મશીનમાં શક્ય નથી. સ્વસંવેદન આત્માને છોડીને બીજે ક્યાંય નથી. ધર્મશાસ્ત્રોએ આ જગતમાં આત્માને અદ્વિતીય પદાર્થ તરીકે સ્થાપિત કર્યો છે. સારાંશમાં એમ કહેવાય કે સૃષ્ટિમાં ચેતનની તોલે કોઈ નથી. તમને હું આત્મા છું તેનુ ગૌરવ છે ખરું ? તમને સત્તા, સંપત્તિ કે ઘરમાં તથા બહાર તમારો થોડો પ્રભાવ, શરીર નીરોગી, ખાવા-પીવાની બીજી બધી સગવડતા હોય એટલે ઠસ્સો રહે ને ? કારણ પુણ્ય છે. પરંતુ પુણ્યનું પાંદડું ખસે તો ઢીલા ઘેંસ જેવા ને ? અને પાછા જરા પુણ્યનું પાસું વધ્યું કે રુઆબ વધી જાય ને ? બસ, આ જ સંસારનું સ્વરૂપ છે.

## ધર્માત્મા આત્મબળથી જીવે, પુણ્યની હૂંફથી નહિ :

અત્યારે તમે આત્મબળથી નથી જીવી રહ્યા, પણ સત્તા, વૈભવના પાવરથી જીવી રહ્યા છો; જ્યારે ધર્માત્મા તો આત્મબળથી ટકી રહે છે. પણ ઘણાની સ્થિતિ તો શું કે જરાક મોટી આપત્તિ આવે એટલે મરવાના વિચાર કરે, નિરાશા આવી જાય, જીવવાનો રસ ચાલ્યો જાય. પરંતુ મનુષ્યભવના જીવનની અતિશય કિંમત છે, તેની તમને ખબર છે ? આપણા જૈનશાસ્ત્રમાં અનેક દાખલા છે કે જીવનમાં અપાર વિપત્તિ આવી હોય, પણ તેમને ક્યાંય આવા નિરાશાના અશુભ વિચારો ન આવ્યા હોય, જ્યારે આપણને બાહ્ય અનુકૂળતાથી જીવન ભર્યું ભર્યું લાગે છે. શાસ્ત્રમાં સ્ત્રીઓના દાખલા પણ છે. જેમ ચંદનબાળા ગઈકાલ સુધી રાજમહેલમાં વસતાં હતાં, પરંતુ પછીથી અડધી રાતે ભાગવું પડ્યું. પિતાનું યુદ્ધમાં મરણ થયું. મહેલમાંથી ભાગતાં ભાગતાં સિપાઈઓના હાથમાં ઝડપાયાં છે, આસક્ત એવા કામી સિપાઈના હાથમાં મા-દીકરી ફસાયાં છે. શિયળનું જોખમ લાગવાથી માતા તો જીભ કચરીને મરી ગયાં. આમ જોતજોતામાં નજર સામે માતાપિતાનું મૃત્યુ થયું, રાજવૈભવ ગયો; છતાં ચંદનબાળાએ આંખમાંથી એક ટીપું પણ નથી પાડ્યું. સત્ત્વ, મનોબળ તેમનું કેવું હશે ! સતી સીતાને પણ ઉપર આભ ને નીચે ધરતી, છતાં પણ મરવાના વિચાર તેમને આવ્યા નથી. કારણ ? તેમની પાસે ધર્મ પામ્યાથી ખીલેલું આત્મબળ છે. માટે જ આવા સંયોગોમાં શ્રદ્ધા અડીખમ રહી છે. તમને તો શું થાય કે "આટલો ધર્મ કર્યો છતાં આવું દુ:ખ આવ્યું ? જ્યારે બીજા પાપ કરે છતાં તેમને લહેર છે, અને ધર્મીને ત્યાં ધાડ પડે છે." તેથી ધર્મ માટે તમને શું ભાવ થયો ? જ્યારે સીતાજીને તો આવા કપરા સંયોગોમાં પણ મનમાં ધર્મ ગુંજી રહ્યો છે. તેમને સંદેશો મળ્યો કે "શિખરજીની જાત્રા કરવા જવાનું છે, માટે જલદીથી ચાલો; રામચંદ્રજી રસ્તામાં મળશે." પોતે પતિવ્રતા અને વિશ્વસ્ત છે, માટે વિચાર કર્યા વગર તૈયાર થઈને રથમાં બેઠાં છે. રથ આગળ ચાલ્યો, જંગલ આવ્યું, પણ સ્વામીનાથનો રથ કે તેઓ દેખાતા નથી, અને શિખરજી પણ દેખાતું નથી, માટે વિચારમાં પડી ગયાં છે. આગળ ગાઢ જંગલમાં સેનાપતિ રથ ઊભો રાખે છે અને નીચે ઊતરીને જમીન ખોતરે છે, પણ કાંઈ જ બોલતો નથી. પછી આગ્રહ કરી સીતાજી પૂછે છે ત્યારે કહે છે, "અમારું નસીબ કેટલું ખરાબ છે કે અમને આવું ક્રૂર કામ કરવાનું આવ્યું છે. સ્વામીનાથની સેવા કર્યા સિવાય અમારે છૂટકો નથી." પોતે આજ્ઞાંકિત

સેવક છે, માટે ઘણા દુઃખ સાથે કહે છે કે "ગાઢ જંગલમાં તમારો ત્યાગ કરવાનો છે. રામચંદ્રજીએ તમારો ત્યાગ કર્યો છે, માટે મૂકવા આવ્યો છું" આ શબ્દો તેમને વીજળી પડવા બરાબર છે. પોતે પતિવ્રતા હોવાના કારણે પતિ સિવાય જીવનમાં કાંઈ વિચાર્યું નથી. માટે આવું સાંભળતાં જ રથમાં બેભાન થઈ જાય છે. પછી જાગૃત થઈને રથમાંથી ઊતરતાં પહેલો શબ્દ બોલે છે કે "મારા વગર રામ કઈ રીતે જીવશે ?" આમનું દામ્પત્ય જીવન કેવું હશે તે વિચારવા જેવું છે, નહીંતર આવા પ્રસંગે મોંમાંથી શું શબ્દો નીકળે ? પરંતુ સીતાજીને ખબર છે કે રામચંદ્રજીને મારા પર કેટલો સ્નેહ છે ! મારો ત્યાગ કાંઈ મનથી કર્યો નથી, પણ કટોકટીના સંજોગોને કારણે જ ત્યાગ કર્યો હશે. "રામ મારા વગર ઝૂરીઝૂરીને મરશે" આવું તેમને લાગે છે. આવા કડવા અનુભવ વખતે પણ તેમને ખાતરી છે. પણ હવે વિચારે છે કે, "જે બનવાનું હતું તે બની ગયું." સેનાપતિ સાથે સંદેશો મોકલે છે કે **"રઘુકુળની નીતિ, ન્યાય, પ્રણાલિકા જગપ્રસિદ્ધ છે, છતાં તમે મહાન સમ્રાટ થઈને એકપક્ષી ન્યાય તોળ્યો ? બન્ને પક્ષની ફરિયાદ સાંભળ્યા પછી ન્યાય તોળાય તે તમને ખબર છે; પરંતુ મારું એવું કમભાગ્ય કે તમારા જેવા ઉત્તમ પુરુષને પણ આવું સૂઝ્યું. છતાં ભલે તમે લોકનિંદાથી મારો ત્યાગ કર્યો, પણ મિથ્યાત્વીની નિંદાના ડરથી જિનધર્મનો ત્યાગ નહીં કરતા."** વિચારજો, તેમના હૃદયે ધર્મ કેવો વસ્યો હશે ! અને એના જ કારણે આવા સંયોગોમાં પણ આત્મબળથી જંગલમાં જીવે છે. ભૌતિક સુખ તેમને જોઈએ છે; સત્તા, વૈભવ, સંપત્તિ, આનંદ, પ્રમોદ જોઈએ છે; છતાં પણ તેમના જીવનમાં હૂંફ શેની છે ? હૂંફ ધર્મથી મળે છે કે ભૌતિક ભોગોથી ?

**સભા :-** *આત્મબળ છે કે નહીં તેની કેમ ખબર પડે ?*

**સાહેબજી :-** આત્મબળથી જીવતા હો તો જ્યારે કસોટી આવે ત્યારે ખબર પડે. તેવા વખતે અભિવ્યક્ત થયા વગર રહે નહીં. વિપત્તિ આવે ત્યારે થાય કે ભૌતિક પદાર્થ કશું આપી શકે તેમ નથી, ધર્મ જ અલૌકિક છે, તે જ બધું આપી શકે તેમ છે. અને જેણે આ અનુભવ્યું છે તેને જીવનમાં કાંઈ ઊથલપાથલ થાય કે આઘુંપાછું થાય તો પણ તેના આત્મબળમાં ઊની આંચ ન આવે. તેવું કોને થાય ? વિચારજો, યોગની પહેલી દૃષ્ટિમાં આવેલ જીવમાં જ આ ટકી શકે છે.

નમુત્થુણંમાં આવે છે "અભયદયાણં ચક્ખુદયાણં..." આનો અર્થ શું ? ખબર છે ? ભયને જીત્યો. કોણે ? ભગવાને ? તમે ભગવાનનાં દર્શન કરો છો, યા કરવા જાઓ ત્યારે વિચારો આવે છે કે પ્રભુ કેવા છે ? અભયને આપનારા છે, બોધિ કે સમકિતને આપનારા છે. ક્રમસર યોગમાર્ગ સાંગોપાંગ નમુત્થુણંમાં ગૂંથીને મૂક્યો છે. સમકિત પામવા માટેના સ્ટેપમાં પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી એમ દૃષ્ટિઓ બતાવી છે. પહેલી દૃષ્ટિ પામેલાને અભયની પ્રતીતિ થાય. પરમાત્માની સેવા, ભક્તિ, ઉપાસના કરવા માટે યોગની ભૂમિકા પામવી જોઈએ. આ **પરમાત્મા યોગના સમ્રાટ છે, યોગના નાથ છે. માટે તેમની સાચી ઉપાસના એ જ કરી શકે કે જે પોતે યોગી હોય. સાચી ઉપાસનાનો અધિકારી યોગી જ છે. અયોગીને ઉપાસના માટે સાચો અધિકાર નથી.** તમે યોગી છો ? પણ મોટા ભાગને તો ખબર પણ નહીં હોય કે યોગી એટલે શું ? હજી તમારે એ અધિકાર પામવાનો બાકી છે. હા, જો તે અધિકાર પામવા માટે પ્રભુની ઉપાસના કરો તો વાંધો નથી; પણ સાચા અર્થમાં પૂજા કોણ કરી શકે, કે જે યોગી હોય તે; યોગી પુરુષો જ તેમને ઓળખી પિછાની શકે છે. પરંતુ **જે ગાઢ મિથ્યાત્વી છે, તેમને માટે પરમાત્મા પરોક્ષ છે, યોગમાર્ગ દ્વારા સમકિત પામનારાને પ્રભુ પ્રત્યક્ષ છે.** તમારે પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શન કરવાં છે ? તો યોગી બનવું પડશે. પ્રભુ પરમાનંદમયં છે. તેમના આનંદનો જો કણિયો ચાખ્યો હોય તો ખબર પડે કે ભગવાન કેવા છે, તેની ઝાંખી થાય. હું શું બોલું છું તે સમજાય છે ને ? જો તેની અનુભૂતિ કરવી હોય તો યોગ પામવો પડે, જેથી પરમાનંદની કણિયા જેટલી પણ અનુભૂતિ થાય; અને પછી પરમાનંદને પામો એટલે પરમાત્વસ્વરૂપ પામ્યા કહેવાઓ. આ તો હજી શરૂઆતની વાતો છે, પણ આગળ ભાવધર્મની એવી વ્યાખ્યા કરી છે કે તમે ક્યારેય વિચારી નહીં હોય.

**સભા :-** *ખબર જ નથી તો શું વિચારે ?*

**સાહેબજી :-** ધીમે ધીમે શાંતિથી સમજાવવા માગું છું. વાચકવર ઉમાસ્વાતિજીએ કહ્યું કે **"જૈનશાસન પામેલા ઉપદેશકને આના સિવાય બીજો ઉપદેશ આપવામાં રસ હોય જ નહિ, અને જો રસ હોય તો તે જૈનતત્ત્વને ભણ્યો નથી, તે મર્મ સુધી પહોંચ્યો નથી."** પૂ.ઉપાધ્યાયજી યશોવિજયજીએ લખ્યું કે **"જે યોગગ્રંથને ભણ્યો નથી, તે ઉપદેશ આપવા ગેરલાયક છે; અને પોતે યોગને જાણે છતાં ઉપદેશ દ્વારા**

**પ્રકાશિત ન કરે, તેવા ઉપદેશકની જૈનશાસનમાં ફૂટી કોડીની કિંમત નથી.''** અમારા માટે આવી કડક વાતો કરી છે. એટલે તમે ઓછોવત્તો પણ યોગમાર્ગ પામો તે માટે જ અમને આ પીરસવામાં રસ છે. કદાચ તમને નીરસ લાગે તો પણ repeat કર્યા કરીશું, પરંતુ આ જેને પણ ગમાડવું હોય તેણે તૈયાર થઈને જ આવવું પડે. તમારી શું સ્થિતિ છે? ખાલી વ્યાખ્યાન સાંભળવું કે પછી homework પણ કરવાનું રાખ્યું છે ? તમે ૨૫ વર્ષથી આ બધું સાંભળો, છતાં પણ તમને પૂછે કે યોગની વ્યાખ્યા શું ? તો માથું જ ખંજવાળો ? આ ધર્મના ક્ષેત્રમાં ગમે તે રીતે આવો તો પણ ચાલે ને? બીજા ક્ષેત્રમાં આવી રીતે વર્તે જાઓ તો કોઈ ઊભા રાખે ખરા ? તમારો બાળક દર વર્ષે સ્કૂલમાં જાય અને ફેઈલ થાય તો કેટલો વખત ભણાવો ? ૧વર્ષ-૨વર્ષ પછી કહેશો ને કે હરામના પૈસા નથી આવતા. ઉઠાડી મૂકો ને ? જ્યારે અહીંયાં?

**સભા :-** *અહીંયાં સાહેબ મફત છે, અને નવા નવા ટીચરો આવે છે.*

**સાહેબજી :-** કેમ ? અમે તમને કડકાઈથી કહી ન શકીએ ? અમને પણ right છે. પણ દેશકાળના પ્રભાવે અમે તેનો ઉપયોગ કરતા નથી.

**સભા :-** *પણ સાહેબજી, પેંડાના કણનો સ્વાદ આવે પછી તો રસ પડે ને ?*

**સાહેબજી :-** હા, પણ તકલીફ ક્યાં છે કે જેણે પેંડાને ચાખ્યો નથી, તેને તો ગોળમાં જ મજા આવે. ગામડામાં રહેનારને દુનિયામાં મીઠી વસ્તુ ગોળ જ લાગે. બીજી વસ્તુની ખબર નથી, માટે જેમ તેને મીઠાશ ગોળમાં જ દેખાય છે; તેમ તમે સુખ ક્યાં માનો છો ? ભૌતિક જીવનમાં જ ને ? માટે તેને જ ચાખવાની તલપ અને ભૌતિક સુખ મળે તો તૈયાર ને ? એ સિવાય કોઈ બીજો આનંદ પામવાની જીવનમાં તરસ છે ? પરંતુ જે મજા કે આનંદ તમને સંસારમાંથી મળે છે, તે જો તમને અસલી ન લાગે, તેમાં અધૂરપ લાગે, તો તમને ખરો આનંદ કે તૃપ્તિ મેળવવાની લગની લાગે; અને તો જ યોગમાં રસ પડે. વળી જેણે આ સાચો આનંદ અનુભવ્યો, તેને બીજા બધા આનંદ ફિક્કા લાગ્યા વગર રહે નહીં.

યોગી અને ભોગી વચ્ચે ઘણો જ તફાવત છે. **ભોગીને સંસારના ભોગમાં રસ હોય, જ્યારે યોગીને યોગમાં જ રસ હોય. યોગીને તેના જીવનમાં કદાચ ભોગ હોય, પણ રસ ભોગમાં ન હોય; રસ તો યોગમાં જ હોય. સંસારમાં તમે ભોગ ભોગવો તેમાં તમારી ભૂમિકાને બાધ નથી, પણ મોક્ષમાં રસ આવે અને ભોગ ન ગમે, તો તમે યોગમાં ચઢવાને લાયક છો.** મોક્ષ એટલે મહાનંદ, જ્યારે સંસારમાં કહેવાતા બધા આનંદ સદોષ છે; પરંતુ નિર્દોષ આનંદ એ જ આત્માનો સ્વભાવ છે. તમારા સંસારના બધા આનંદમાં ઉદ્વેગ છે. કોઈ એવું સુખ ખરું કે જેમાં તમને કંટાળો ન આવે ? તમારી જ પસંદગીની વાતથી વિચારીએ. જેમ, તમને જે સંગીતમાં સુખ લાગે છે, એને મન ભરીને માણો; પણ શરત એટલી કે તેને કાયમ ખાતે સાંભળ્યા જ કરો, કંટાળો નહીં આવે ને ? અથવા તમને જેનો સ્વાદ ગમતો હોય તે તમારી demand(માંગણી) પ્રમાણે બધું જ આપીએ, હવે તેને ભોગવતાં ક્યારેય પણ કંટાળો ન આવે તેવું બનશે ખરું ? ના, કારણ એકના એક ભોગ વારંવાર ભોગવો તો ધરાઈ જાઓ છો. કારણ કે એ જ વસ્તુ વધારે કે ફરી ભોગવતાં દુઃખરૂપ લાગે છે; જ્યારે સાચા સુખમાં કંટાળો નથી, દુઃખ નથી, માટે જ જીવ ઉબગી જતો નથી. સુખની મહત્તા ક્યારે ટકે ? ક્યારેય પણ સુખમાં કંટાળો ન આવે તો. જેમ તમને પૂરણપોળીમાં સુખ લાગે છે, પણ બે-ત્રણ ખાતાં તેનાથી તમે કંટાળ્યા એટલે તમે સુખથી કંટાળ્યા તેમ કહેવાય; પછી પૂરણપોળીની જગાએ બીજી વસ્તુ જોઇએ. ઘણા લેખકો લખે છે કે પશ્ચિમના લોકો સુખથી કંટાળ્યા માટે યોગ તરફ વળ્યા. પરંતુ આવી વાતો કરનાર મૂર્ખાઓની જમાતના સભ્ય છે. પશ્ચિમના લોકો સુખથી કંટાળ્યા નથી, પણ જેને સુખ માનતા હતા તેમાંથી તેમને સુખ મળ્યું નહીં, માટે અધ્યાત્મ તરફ વળ્યા. તેઓ સુખની તલાશથી યોગ તરફ વળ્યા છે. **સુખ એનું નામ કે જેને ભોગવતાં ઉદ્વેગ કે કંટાળો ન આવે.** તત્ત્વ નહીં વિચારી શકો ત્યાં સુધી દિશા બદલાશે નહીં. ખરો આનંદ યોગ છે. મોક્ષ એ પૂર્ણાનંદ છે. **"મોક્ષના મહાનંદ સાથે જોડી આપનાર મન-વચન-કાયાની પ્રવૃત્તિ, તેનું નામ યોગ છે."** મોક્ષ એ ગહનમાં ગહન તત્ત્વ છે. તેને સમજવા આગળ ઘણી દલીલો આવશે.

# 3

અષાઢ સુદ નોમ, તા.૭-૭-૯૫, શુક્રવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને સુવિશુદ્ધ યોગમાર્ગની પ્રાપ્તિ કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જીવનમાં પામવા લાયક કાંઈ હોય તો તે યોગ જ છે, જેને જીવ અનંતકાળથી પામ્યો નથી. આ જીવ ઘણી વખત શાસનને પામ્યો છે, પરંતુ મહત્ત્વપૂર્ણ પામવા લાયક યોગને પામી શક્યો નથી. યોગને પામ્યા વગર કોઈ મોક્ષે ગયું નથી. જેટલા પણ મોક્ષે ગયા તેટલા યોગ પામીને ગયા છે. ભવિષ્યમાં પણ જશે તે યોગના આલંબનથી જશે. ધર્મતીર્થ પામ્યા પછી જો યોગની પ્રાપ્તિ ન થાય, તો તેને પામવા માટેની જે કિંમત ચૂકવી તે બધી નિષ્ફળ ગઈ કહેવાશે. જ્યારે પણ આ શાસન મળ્યું ત્યારે તે કાંઈ મફતમાં મળ્યું નથી. ઘણું પુણ્ય બાંધ્યું હોય તો જ આવું અદ્વિતીય શાસન મળે છે.

## આંશિક આત્મિક આનંદ તે યોગ, પૂર્ણ આત્મિક આનંદ તે મોક્ષ :

હવે આંશિક આત્મિક આનંદને યોગ કહ્યો છે અને પૂર્ણ કક્ષાના આનંદને મોક્ષ કહ્યો છે. **આંશિક આત્માનો સ્વાદ ચાખવા મળે તેવી અનુભૂતિ યોગ છે.** જેટલો વિશુદ્ધ ધર્મ છે તે બધો આંતરિક રસાસ્વાદથી યુક્ત છે. એ બધાને અમે યોગ કહેવા તૈયાર છીએ. શુદ્ધ ધર્મની જેટલી પણ પ્રવૃત્તિ છે તે સર્વ યોગસ્વરૂપ જ છે. આના દ્વારા આ મહાપુરુષે ધર્મની પ્રવૃત્તિને યોગ તરીકે બતાવી, પણ તેમાં વિશુદ્ધ એવું વિશેષણ લગાવ્યું. એટલે એનો અર્થ શું થયો, કે ધર્મના બે પ્રકાર છે :(૧) શુદ્ધ ધર્મ અને (૨) અશુદ્ધ ધર્મ. અશુદ્ધ ધર્મને ધર્મ કહ્યો પણ તેને યોગ તરીકે તેઓ સ્વીકારવા તૈયાર નથી. તેમણે ગ્રંથમાં 'પરિશુદ્ધો' શબ્દ વાપર્યો છે. એટલે ચારે બાજુથી શુદ્ધ. સામાયિક, પ્રતિક્રમણ, વંદન, ચૈત્યવંદન, તપ, ત્યાગ, વિનય, વૈયાવચ્ચ, દાન, ખમાસમણું કોઈ પણ ધર્મ પરિશુદ્ધ હોય તો તેને યોગ કહેવા તૈયાર છે. વ્યાખ્યા બહુ જ સરળ છે. **શુદ્ધ ધર્મ**

**મોક્ષ સાથે અનુસંધાન સાધે છે, જ્યારે અશુદ્ધ ધર્મથી મોક્ષ સાથે અનુસંધાન થતું નથી.** અશુદ્ધ ધર્મ પહાડ જેટલો વિશાળ હોય તો પણ તેને યોગ તરીકે સ્વીકારવા તૈયાર નથી. આ વાત મર્મથી પકડશો તો હૃદયમાં આરપાર ઊતરી જશે, અને તમારા જીવનમાં કરાતી ધાર્મિક ક્રિયાનું મૂલ્યાંકન કરવામાં તમને સહાયરૂપ થશે. અત્યારે તમે ધાર્મિક ક્રિયા નથી કરતા તેવું તો નથી. દેરાસર, ઉપાશ્રય જ નથી જતા તેવા તમે નથી. જ્યારે ઘણા બે દિવસે આવે, પાછા ન આવે, ફુરસદે ટાઈમ પાસ કરવા તરીકે આવતા હોય, પણ ધર્મ સાથે તેમને નાહવા-નિચોવાનો સંબંધ ન હોય. તેનું તો ભૌતિક જીવન જ કહી શકાય, જ્યારે તમારા માટે આવું ન કહેવાય. કારણ કે ચોવીસ કલાકમાંથી ઘણો સમય તમારો ભલે સંસારમાં જાય છે, પણ થોડો સમય નિયમિત અહીંયાં તમે આવો છો. દેરાસરે, ઉપાશ્રયે આરાધના કરો છો; તેમ ઘરે પણ તમારી ધર્મક્રિયા, આત્મપ્રવૃત્તિ કરો છો. તમે કાંઈ સંપૂર્ણ ધર્મશૂન્ય નથી. જીવનમાં ધર્મના વ્યાપારયુક્ત છો, પણ જે ધર્મ કરો છો તેની મોક્ષ સાથે direct link(સીધી કડી) ખરી ? મુક્તિ સાથે connection(જોડાણ) ખરું ? કે પછી disconnection વાળો(જોડાણ વિનાનો) ધર્મ છે ?

**સભા :-** *ના, connection(જોડાણ)વાળો ધર્મ છે.*

**સાહેબજી :-** ચકાસણી કરી છે કે એમ ને એમ ઝીંકે રાખો છો ? મોક્ષ માટે ધર્મ કરીએ છીએ, એથી મોક્ષ સાથે લિંક આવી ગઈ છે, તે એક ભ્રમણા છે. સંસારના કારણથી જ ધર્મ કરો તો મોક્ષ ન થાય તે તો સાચું જ છે, પરંતુ મોક્ષની ઈચ્છાથી કરો એટલે મોક્ષ થાય તેવું પણ નથી. મોક્ષ કાંઇ એટલો સોંઘો નથી. આ તો તમે મોક્ષને બહુ જ સસ્તો બનાવી દીધો છે.

**સભા :-** *મોક્ષની ઈચ્છા કરી એટલે પ્રયત્ન કરવાનું મન થાય ને ?*

**સાહેબજી :-** મોક્ષની ઈચ્છા કરી, પણ પ્રયત્ન ઊંધી દિશાએ કરો તો ડફણાં જ પડે ને ? કશું ન મળે ને ? ખાલી ઈચ્છા કરવાથી મોક્ષ થાય? કે સમજણપૂર્વકની ઈચ્છા જોઈએ ? ખાલી ગોખી રાખેલી ઈચ્છા ન ચાલે. મુક્તિની ઈચ્છાથી ધર્મ કરનારને પણ જો મુક્તિનો વિવેક નથી, સમજણ નથી, સંસારથી વૈરાગ્ય નથી, તેને તે ધર્મ મોક્ષનું સાધન બને તેવું અમે કહેતા નથી. **શુદ્ધ ધર્મ મોક્ષનું સાધન છે, અશુદ્ધ ધર્મ ક્યારેય મોક્ષનું સાધન બન્યો નથી અને બનશે પણ નહીં.** માટે શુદ્ધ ધર્મ અને અશુદ્ધ

ધર્મની વ્યાખ્યા સમજવી પડશે. તમે અત્યારે તેનું અર્થઘટન ખોટું કરો છો. ઘણા કહે છે કે ભગવાન પાસે શુદ્ધ હૃદયથી પ્રાર્થના કરીએ તો સાહેબ! ફળે ને ? હા, પણ શુદ્ધ હૃદયની પ્રાર્થના એટલે શું ? શુદ્ધ શબ્દના અર્થને ફંફોળવો પડે. તેનો proper meaning(યોગ્ય અર્થ) સમજવો પડે. શુદ્ધ ધર્મ રાઈ જેવડો હોય તો પણ તેમાં મોક્ષનું અનુસંધાન છે; એટલે ધીરે ધીરે ભવિષ્યમાં મોક્ષ સુધી પહોંચાડવાની તેની gurantee (ખાતરી) છે. આ gurantee એટલે મોડા વહેલા એનું આત્મકલ્યાણ નક્કી થવાનું, જેમાં મીનમેખ ફેરફાર થવાનો સવાલ નથી. તમે ધર્મને અંતરથી પામ્યા હો તો અમે તમને યોગી કહેવા તૈયાર છીએ. પૂ.હરિભદ્રસૂરિએ કહ્યું કે **"સાચો શ્રાવક યોગી જ હોય."** શાસ્ત્રમાં તમારું પણ સંબોધન યોગી તરીકે જ છે. પણ આજે તમે સાચા શ્રાવક છો ? આ જૈનશાસનમાં કાયદેસર પ્રવેશ સાચા શ્રાવકને જ છે. ગમે તે પ્રવેશે તે ન ચાલે. માટે વ્યાખ્યામાં ચોકસાઈ તો રહેવાની જ. વૈદિક ધર્મમાં પણ આધ્યાત્મિક ધર્મને પામનારાને યોગી કહ્યા છે. **ગીતામાં વ્યાસમુનિએ લખ્યું કે, જો યોગની સાધના કરતાં કરતાં તેનું આયુષ્ય પૂરું થાય તો તે સાધક મરીને ક્યાં જાય? તો કહ્યું કે યોગ તેનો અધૂરો રહ્યો છે, અને તેનું અંતિમ ધ્યેય મુક્તિ છે, માટે પવિત્ર અને ધર્મનિષ્ઠ કુળો હોય કે જ્યાં આગળની યોગસાધનાની સામગ્રી સુલભ છે, તેમાં જ તેનો જન્મ થાય.** શ્રાવકકુળમાં જન્મે કોણ ? જેને આગલા ભવમાં ધર્મમાં યોગ અધૂરો રહ્યો હોય તે તમારે ત્યાં જન્મે. શું અત્યારે તમારા ઘરમાં યોગીનું વાતાવરણ મળે ખરું ? કે પછી યોગ વિરુદ્ધનું વાતાવરણ મળે ?

**સભા :-** *અમારાં કુળો તો ભોગી છે.*

**સાહેબજી :-** અત્યારે તમારા ભોગો તો તામસી પ્રકારના વિકૃતિવાળા ભોગો છે. ભૂતકાળમાં શ્રાવકો શું બધા ગરીબ હતા ? ના, તમારા કરતાં વધારે ધનાઢ્ય રાજાઓ, શેઠિયાઓ હતા. તમારી પાસે નથી એવા ભોગો તેમની પાસે હતા. તેમના જીવનમાં મનોરંજનની પણ પ્રવૃત્તિઓ હતી, પણ તે સાત્ત્વિક મનોરંજન હતું. એનાથી રાગ-દ્વેષ પોષાય છતાં તે સાત્ત્વિક મનોરંજન હોવાથી શ્રાવક માટે નિંદનીય નથી. ભોગના ત્રણ પ્રકાર છે :- તામસી, રાજસી અને સાત્ત્વિક. તેમાં તામસી કેવા? રાજસી કેવા? તો કહ્યું કે, જો મનોરંજન તામસી હોય તો તેમાં મર્યાદા ન હોય; જે ઉશ્કેરાટ, આવેગ, વિકારો બહેકાવે. જ્યારે સાત્ત્વિક કેવા હોય ? કે જેના ભોગમાં મર્યાદા હોય. તેમાં કલા, વાર્તાવિનોદ હોય કે જેમાંથી નવી જાણકારી મળે, જ્ઞાનવિજ્ઞાનની ક્ષિતિજો

ખૂલે. તે જ રીતે પહેરવેશમાં, ખોરાકમાં, પણ સાત્ત્વિકતા હોય. સાત્ત્વિક ભોજન એટલે સ્વાદ પણ મળે અને આરોગ્ય પણ સચવાય. ભૂતકાળમાં ખાનપાનમાં વિવિધતા નહોતી ? તેઓ શું માત્ર દાળ-રોટલી જ ખાતા? કે વેરાયટી પણ ખાતા? પણ કેવી ખાતા ? કે જેનાથી સ્વાદ પણ મળે, આરોગ્ય પણ સચવાય, શરીરને તૃપ્તિ મળે, વળી મનની સ્વસ્થતા સચવાય અને આનંદ પણ મળે. રાજસીમાં રાગપ્રધાન કે સ્નેહપ્રધાન માનસ હોય. તામસી પ્રકૃતિવાળાને તો હલબલી ઊઠે તેવું પોપ મ્યુઝિક, ડિસ્કો ડાન્સ વધુ ફાવે. તમને શાંત સંગીત ફાવે ખરું ? ગંભીર સંગીત પ્રાકૃતિક વાતાવરણમાં લઈ જાય. તમને તમારા ઉશ્કેરાટને ઠારે એવું સંગીત ફાવે કે ઉશ્કેરાટને વધારે તેવું ધાંધલિયું સંગીત ફાવે ? આ તમારી વિકૃતિ છે, માટે જ અમારે ટીકાટિપ્પણ કરવી પડે છે. અત્યારે ઘણા કહેનારા છે કે સાધુ ઉપદેશમાં એમ જ કહેશે કે સંસારની કોઈ પણ પ્રવૃત્તિ કરવી તે ખરાબ. પણ આવું ક્યારે કહેવું પડે? જ્યારે તમે મર્યાદા ભૂલ્યા ત્યારે કહેવું પડે છે ને ? બાકી તમે ખાઓ-પીઓ તેથી શું તમને નાલાયક કહેવાય? અને તેમાં **શ્રાવકને સ્વાદ કે આસક્તિ ન જ હોય તેવું પણ એકાંતે ન કહેવાય. પરંતુ તમારી આસક્તિમાં વિવેક હોવો જોઈએ, જ્યારે સાધુ માટે તો આસક્તિ એ જ કલંક છે.** ધન્ના-શાલિભદ્ર મહેલમાં જન્મ્યા, તેમને ત્યાં પણ ભોગ હતા. તીર્થંકરો પણ મહેલોમાં જન્મ્યા. તેમને ત્યાં પણ ભોગ હતા. ત્રિશલામાતાનો શયનખંડ કેવો હતો તેનું વર્ણન શાસ્ત્રમાં આવે છે ને ? કલ્પસૂત્રમાં દર વર્ષે સાંભળો છો ને ? અત્યારે તમારાં ઘરોમાં સાત્ત્વિક જીવનના વિરોધી ભોગો છે, માટે જ અમારે ટીકા કરવી પડે છે. અત્યારે તમારાં ઘરોમાં યોગનું atmosphere (વાતાવરણ) આવશ્યક છે, તો જ જન્મ લેનાર બાળકને યોગ પ્રાપ્ત કરવાની શક્યતા ઊભી થાય. પરંતુ અત્યારે તમે, તેને પૂરક નથી બનતા, પણ તેના વિરોધી બનો છો. પૂર્વજન્મની આરાધના કરીને જીવ આવેલો હોય તો તેને ઉત્તમ વાતાવરણ મળે તો ચોક્કસ આગળ ધર્મ પામી શકે છે.

**સભા :-** *પૂર્વશક્તિ પ્રમાણે વિરુદ્ધ વાતાવરણમાં પણ આગળ નીકળે ખરો ?*

**સાહેબજી :-** પ્રબળ સંસ્કાર, પ્રબળ મહેનત જોઈએ, અને જો તે હોય તો આગળ નીકળી શકે. પણ સામાન્ય સંસ્કારવાળાને સારું વાતાવરણ ન મળે તો બધું ધોવાઈને સાફ થઈ જાય. તમારે ત્યાં આવનાર જીવને વાતાવરણ જ એવું મળે છે, કે જેથી તે પાયમાલ જ થઈ જાય. તમારાં કુળોમાં યોગને અનુરૂપ વાતાવરણ હોવું જોઈએ. આવું વાતાવરણ આવનાર જીવને મળે તો તે શુદ્ધ ધર્મ પામી શકે.

## શુદ્ધ ધર્મ મોક્ષ સંયોજક, અશુદ્ધ ધર્મ સંસાર સંયોજક :

હવે શુદ્ધ ધર્મનું સ્વરૂપ શું ? તેનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે **ભગવાનની આજ્ઞા મુજબનો તમામ ધર્મનો વ્યાપાર તે શુદ્ધ ધર્મ.** સાધુધર્મમાં સર્વવિરતિ છે. સાધુ ૨૪ કલાક ભગવાનની આજ્ઞા મુજબ પ્રવૃત્તિ કરે છે. તે બધો શુદ્ધ ધર્મ કહેવાય. તેમના જીવનમાં અધર્મ નથી. શ્રાવકના જીવનમાં ધર્મ-અધર્મનું મિશ્રણ છે. પરંતુ સાધુ સર્વ પાપથી વિરામ પામેલા છે, જ્યારે શ્રાવક બધાં પાપથી વિરામ પામેલા નથી. તેથી તેના જીવનમાં ધર્મ અને અધર્મનું સંયોજન છે. સાધુ તો ખાય, પીએ, ઊંઘે, ઝાડો-પેશાબ કરે તો પણ ધર્મ જ છે. અહીંયાં આ સાંભળીને પ્રશ્ન થાય કે, પ્રતિક્રમણ, દર્શન, ચૈત્યવંદન વગેરે સારી પ્રવૃત્તિ કરે તો ધર્મ કહેવાય; પણ ખાય, ઝાડે-પેશાબ જાય, ઊંઘે તેને પણ ધર્મ કેમ કહેવાય ? તો જવાબ આપે છે કે **સાધુ ખાય, પીએ, ઊંઘે કોઈ પણ ક્રિયા કરે; તે ભગવાનની આજ્ઞા મુજબ કરે છે. માટે તેને જ્ઞાનીઓ ધર્મવ્યાપાર કહેવા તૈયાર છે. તેમ શ્રાવકના જીવનમાં પણ ભલે સંપૂર્ણ પાપવિરામ નથી, છતાં પણ શ્રાવક તેના જીવનમાં ભગવાનની આજ્ઞા મુજબ સંસારની કે ધર્મની કોઈ પણ ક્રિયા કરે, તો તેને પણ જ્ઞાનીઓ યોગ કહેવા તૈયાર છે.**

હવે ધર્મની વ્યાખ્યા શું કરવાની ? **ધર્મ એટલે અધોગતિથી આત્માને ઉન્નતિ તરફ લઈ જાય, પતનથી તેને અટકાવે તે ધર્મ છે. જેનાથી આત્માનું ઉત્થાન થાય, તેવી બધી પ્રવૃત્તિ ધર્મ છે.** પણ વ્યવહારમાં ધર્મ તરીકે રૂઢ શું ? દેવગુરુની ઉપાસના, અનુષ્ઠાનો, તપ, ત્યાગ, સંયમ, દાન, વિનય, ભક્તિ, સદ્‌ગુણો તથા સદાચારનો ધર્મમાં સમાવેશ થાય છે. છતાં સામાયિક, ચૈત્યવંદન પણ જો શુદ્ધ હોય તો જ યોગ કહેવાય. જ્યારે સામાયિક, ચૈત્યવંદન પણ જો અશુદ્ધ હોય તો યોગ કહેવાય નહીં, પણ તેને માત્ર ધર્મ જ કહેવાય.

**સભા :-** *અશુદ્ધ એટલે શું ?*

**સાહેબજી :-** એની Definition(વ્યાખ્યા) આગળ આવશે. ધર્મ તરીકે લોકમાં જે ધર્મપ્રવૃત્તિ પ્રસિદ્ધ છે તે ધર્મ લેવો. **શુદ્ધ ધર્મની મોક્ષ સાથે લિંક છે, અશુદ્ધ ધર્મની મોક્ષ સાથે લિંક નથી.** જે ધર્મ મોક્ષ સાથે જોડાણ ન કરે તેને યોગ કઈ રીતે કહેવાય?

હું વારંવાર આ રીપીટ એટલે કરું છું કે જેથી તમને ભુલાય નહીં અને મગજમાં બરાબર બેસી જાય.

મોક્ષ સાથે joint કરે-જોડે તે યોગ. મોક્ષની આંશિક પણ અનુભૂતિ કરાવે તે યોગ. તેથી શુદ્ધ ધર્મ જ યોગ કહેવાય. હવે શુદ્ધ ધર્મની ઓળખ કેવી રીતે કરવી? જવાબમાં અમે એમ કહીએ કે **જે ભાવથી યુક્ત છે તે બધો ધર્મ શુદ્ધ છે. ભાવશૂન્ય જેટલો પણ ધર્મ છે તે અશુદ્ધ ધર્મ છે.** આ બધા શબ્દો તમારા સાંભળેલા હશે, પણ interpretation(અર્થઘટન) ધ્યાનથી સાંભળજો, નહીંતર ગોટાળા થશે. દા.ત. **૫ રૂપિયાનું દાન પણ જો ભાવયુક્ત હોય તો શુદ્ધ ધર્મ છે, જ્યારે ૫ કરોડનું દાન પણ જો ભાવશૂન્ય હોય તો અશુદ્ધ ધર્મ છે; તેમ એક નવકારશીનું તપ પણ જો ભાવયુક્ત હોય તો શુદ્ધ ધર્મ છે, જ્યારે માસમખણ પણ જો ભાવશૂન્ય હોય તો અશુદ્ધ ધર્મ છે. તેમ એક નવકાર પણ જો ભાવયુક્ત ગણો તો શુદ્ધ ધર્મ છે, અને લાખ નવકાર પણ જો ભાવશૂન્ય હોય તો અશુદ્ધ ધર્મ છે. ધર્મની ભાવ સાથે સાંકળ બંધાયેલી છે.**

**સભા :-** *ભાવે ભાવના ભાવીએ.......*

**સાહેબજી :-** પણ ભાવથી શું લેવું? મહાપુરુષો ભાવની Definition(વ્યાખ્યા) અસ્પષ્ટ રાખવા માગતા નથી. તમારી કટોકટી અહીંયાં છે. તમે ભાવનો અર્થ શું કરો છો? દા.ત. ભાવથી નવકાર ગણવો એટલે શું? તમે માનો કે ખૂબ તલ્લીનતાથી, હૃદયના આનંદ-ઉમળકાથી નવકાર ગણવો તે ભાવથી ગણ્યો કહેવાય; ગણતાં મન બીજે ભટકે તો ભાવવિહોણું કહેવાય, આ તમારી ભાવની વ્યાખ્યા છે. પણ ના, આ શાસ્ત્રકારોની ભાવની વ્યાખ્યા નથી. એકાગ્રતાથી-તન્મયતા-તલ્લીનતાથી, ઉમળકા વડે, શુદ્ધ હૃદયની ભાવના વડે કરાતી ક્રિયા પણ ઘણી વખત ભાવયુક્તની વ્યાખ્યામાં નથી આવતી. મન ફરતું હોય અને નવકાર ગણતો હોય, તેવો પણ આત્મા જો સમ્યગ્દૃષ્ટિ હોય તો તેનો ભાવયુક્ત ધર્મ કહેવાય; જ્યારે મિથ્યાદૃષ્ટિ એકાકાર થઈ તલ્લીનતા સાથે, ઉમળકા વડે નવકાર ગણતો હોય, તો પણ તે ભાવશૂન્ય કહેવાય. ભાવ શબ્દ હજાર વાર બોલો છો, પણ ભાવ કોને કહેવાય તે સમજતા નથી; માટે જ ગોટાળા કરો છો.

## પ્રણિધાનાદિ પાંચ આશયો :

પ્રણિધાનરૂપ પાંચ આશયો તે ભાવો. તેના વગરની બધી પ્રવૃત્તિઓ મનથી, વચનથી કે કાયાની સ્થિરતાથી, એકાકારતાથી, તલ્લીનતા સાથેની હોય; પણ જો પ્રણિધાન વગેરે પરિણામ ન હોય તો (તેનું વર્ણન આગળ આવશે) તે બધી ભાવશૂન્ય ક્રિયા કહેવાય છે. **ભાવશૂન્ય ક્રિયાનું ફળ તુચ્છ છે. તેનાથી થતો પુણ્યબંધ સંસારની ભૌતિક સગવડતા અપાવે, પણ મુક્તિદાયક ફળ નથી અપાવી શકતો.** માટે કોઈ પણ ધર્મક્રિયાનું આત્મિક ફળ કયારે ? જ્યારે ધર્મમાં પ્રણિધાન ભાવ આવે ત્યારથી ફળ મળે છે. પહેલા ગુણસ્થાનકથી ચૌદમા ગુણસ્થાનકમાં સાંગોપાંગ ભાવધર્મ સમાયેલો છે. પ્રારંભથી મુક્તિ પર્યંત પહોંચાડે ત્યાં સુધીના ધર્મને મહાપુરુષોએ ભૂમિકાઓમાં વિભાજીત કર્યો છે. પાંચ પ્રકાર પાડ્યા છે. શરૂઆત કયાંથી ? પરાકાષ્ઠા કયાં ? શરૂઆતમાં શું ફળ ? પરાકાષ્ઠામાં શું ફળ ? તે તે ભૂમિકામાં કેવા ભાવોની ઉપલબ્ધિ થાય ? તે બધાનું વિવેચન આવશે. ભાવ કયા? તેના પ્રકારો શું? પામ્યા તેની નિશાની શું? તે બધાનું હવે વિવેચન ચાલુ થશે. તે સમજીને તમારા આત્મા સાથે ટેલિ કરવાનું છે. ગ્રંથકાર તમને હાથમાં ફૂટપટ્ટી આપી દેશે. ભાવધર્મમાં (૧) પ્રણિધાન શબ્દ આવે છે. આ શબ્દ તમારા માટે નવો છે, પણ જૈન ફિલોસોફીનો જ છે. બીજો ભાવધર્મ (૨) પ્રવૃત્તિ ભાવધર્મ છે, ત્રીજો (૩) વિઘ્નજય, ચોથો (૪) સિદ્ધિ ભાવધર્મ અને પાંચમો (૫) વિનિયોગ ભાવધર્મ છે. **પહેલા ભાવધર્મમાં પ્રવેશ ન થયેલો હોય અને તે ગમે તેટલો ધર્મ કરે તો પણ તે ભાવ વગરનો હોવાથી ફળ તુચ્છ છે, પરંતુ ભાવધર્મ પામ્યા પછી કદાચ મન ફરતું હોય તો પણ તમને શુદ્ધ ધર્મમાં પ્રવેશ મળી ગયો સમજવો.** પ્રણિધાન એટલે તમે કલ્પના ન કરી હોય તેવો ભાવધર્મ છે. ધર્મની દિશા ન મળી હોય તો મળે તેવી ખૂબીવાળો ધર્મ છે. ધ્યાનથી, એકાગ્રતાથી સાંભળશો તો ચિંતનની નવી દૃષ્ટિ મળશે.

## પ્રણિધાન :

'પ્ર+નિ' ઉપસર્ગપૂર્વક 'ધા' ધાતુમાંથી પ્રણિધાન શબ્દ બન્યો છે. તેનો ટૂંકો ભાવાર્થ કર્તવ્યતાનો સંકલ્પ, એનું નામ પ્રણિધાન છે. દાખલા તરીકે, તમે ૫૦૦ રૂપિયાનું દાન આપ્યું. હવે આ પ્રવૃત્તિ શેની કરી ? દાનની ને ? **દાન એટલે ધનનો ત્યાગ.**

**તમે તમારી સંપત્તિનો હક્ક, માલિકીનો સ્વેચ્છાએ ત્યાગ કર્યો તેનું નામ દાન.** દાન કાંઈ બીજાના ખિસ્સામાંથી આપવાનું નથી. જો તેમ હોય તો પછી દુનિયામાં બધા જ દાનેશ્વરી થઈ જાય. બીજાની ભક્તિ-પરોપકાર કરવા કે તેના સંકટ નિવારવા કે કોઈપણ કારણસર ધન આપો, એટલે શું થયું ? ધનદાન થયું કહેવાશે. અત્યારે આપણે ધનદાનની વાત કરીએ છીએ. દાનના પણ ઘણા પ્રકારો છે. હવે તમને ધન ત્યાગ કરવા લાયક જ છે, સંગ્રહ કરવા લાયક નથી; આવો જો સંકલ્પ હોય તો ધનદાનમાં પ્રણિધાન છે તેમ કહી શકાય. આ ટૂંકો ને ટચ અર્થ છે. જેમ ઉપવાસ કરો, જેમાં તમે ૨૪ કલાક આહાર ન લો. ચોવિહાર ઉપવાસમાં તો પાણી પણ ન લો. હવે આહારપાણીના ત્યાગને કર્તવ્ય માનો અને ખાવું તે અકર્તવ્ય માનો, તો પ્રણિધાન કહેવાય. પ્રણિધાન એટલે તમે શું માનો છો? તમને કરવા લાયક, આદરવા લાયક, પ્રાપ્ત કરવા લાયક શું લાગે છે ? અને તેનો કર્તવ્ય તરીકે માનસિક સંકલ્પ થાય, તો તે વસ્તુનું પ્રણિધાન થયું કહેવાય. અત્યારે તમારા જીવનમાં ઘણાં પ્રણિધાન છે. જેમ પૈસા કમાવા યોગ્ય છે તે સંકલ્પ છે ને ? તમે આટલી મહેનત શું સંકલ્પ વગર કરી શકો ખરા ? કર્તવ્યતાનો નિર્ણય-સંકલ્પ છે. **માટે જે જે જગ્યાએ કર્તવ્યતાનો સંકલ્પ છે, ત્યાં ત્યાં પ્રણિધાન છે; જ્યાં જ્યાં કર્તવ્યતાનો સંકલ્પ નથી, ત્યાં ત્યાં પ્રણિધાન નથી.** સંસારનું પણ પ્રણિધાન હોય છે. પણ સંસારના ક્ષેત્રમાં જ્યાં સંકલ્પ ત્યાં ભાવધર્મ નથી, જ્યારે ધર્મના ક્ષેત્રમાં જ્યાં સંકલ્પ ત્યાં ભાવધર્મ છે. આને સ્પષ્ટતાથી સમજવા જુદાં જુદાં પાસાં લેવાનાં છે. આગળ તેનું વિસ્તૃત વિવેચન લઈશુ. દૃષ્ટાંત તરીકે, તમારા જીવનમાં તમે પાપનું પ્રણિધાન કર્યું છે કે પાપના ત્યાગનું પ્રણિધાન કર્યું છે ? તમારી જાતને ઢંઢોળીને તપાસજો. દા.ત. તમે કહો "અમારે પ્રસંગે ગુસ્સો કરવો જોઈએ, થોડી કઠોરતા લાવવી જોઈએ, આ બધું તો કોમન ગણાય. જો સરળ થઈએ તો બધે કામ ન થાય, માટે કઠોરતા લાવવી જ જોઈએ." જો આવો ભાવ હોય તો કઠોરતામાં તમારું પ્રણિધાન છે. "પ્રસંગે માયા, લુચ્ચાઈ, ગુસ્સો, રુઆબ, કઠોરતા કરવા લાયક છે;" તેમ માનો, એટલે તમને પાપમાં પ્રણિધાન છે. અનંતકાળથી જીવ સંસારમાં આવાં પ્રણિધાન કરતો આવ્યો છે, માટે જ આપણે બધા ભવોભવથી રખડીએ છીએ, અને તેમાંથી બહાર નીકળવું ઘણું જ કઠીન છે. પણ જ્યાં સુધી તમે પાપના પ્રણિધાનમાંથી નહીં નીકળો ત્યાં સુધી અધર્મમાંથી બહાર નીકળવું શક્ય નથી. જેને આંતરિક પવિત્રતા ન ગમે તે ધર્મ ન પામી શકે. જેને અંતરની સ્વચ્છતા ગમે તે જ

ધર્મમાં પ્રણિધાન પામી શકે. જેમ શરીરનો ગંદવાડ ન ગમે, તેમ આત્માની ગંદકીથી ત્રાસ્યા છો ?

**સભા :-** *સાહેબજી, અંતરની ગંદકી જ દેખાતી નથી.*

**સાહેબજી :-** ગંદકી નથી દેખાતી તેનાં ભારે કારણો છે.

**સભા :-** *સાહેબજી, અમને બતાવો.*

**સાહેબજી :-** હા, ભગવાને અમને બતાવવાનું કામ સોંપ્યું છે, માટે જ અમે કહી રહ્યા છીએ; પરંતુ જોનાર પાસે આંખ જોઈએ, નહીંતર બતાવવાનો પ્રયત્ન પણ નિષ્ફળ જાય; અને આમાં તો આંતરચક્ષુની આવશ્યકતા છે. જેમ મન ગંદું છે, તેનો વિચાર ન કર્યો; પણ જ્યારે કર્યો છતાં ગંદકી ન દેખાય તો તેનું તાત્પર્ય શું ? આંતરદૃષ્ટિ ખુલી નથી. ધર્મ એ આંતરિક વસ્તુ છે, માટે આંતરિક ભાવો પર જવું પડશે. ધર્મનું કામ મેલા આત્માને ચોક્ખો કરવાનું છે અને આત્માને સાફ કરવા જેવો માનતા હો, તો તમને ગંદવાડ નથી ગમતો, આત્માની સ્વચ્છતા ગમે છે. આ સંકલ્પથી પ્રણિધાન આવશે. તમે નવકાર એકાકાર થઈને, તલ્લીન થઈને ગણો, પણ આત્માની પવિત્રતા ન ગમે, સ્વચ્છતા ન ગમે, મનના ગંદવાડથી ન અકળાઓ તો પ્રણિધાન નથી. રસ્તામાં જતાં જો ગંદવાડનો છાંટો પડે તો પણ અકળાઈ જાઓ અને સાફ ન કરો ત્યાં સુધી બેચેની જાય નહીં. તમને બહારના ગંદવાડની સૂગ કેટલી છે ? એના ત્યાગ માટે મનમાં સંકલ્પ છે, પરંતુ અંદરની ગંદકી માટે ત્યાગનો સંકલ્પ નથી ને ? કે પછી ગંદકી જ ગંદકીરૂપે દેખાતી નથી ? પરંતુ જ્યાં સુધી મલિનતાનું ભાન નથી ત્યાં સુધી સાફ કરવાનો સંકલ્પ જ ન આવે. સમજ્યા પછી પણ ભાન લાવતા નથી તેનો અર્થ શું ? એક લાખ નવકાર ગણો. પંચ પરમેષ્ઠી પવિત્રમાં પવિત્ર છે. તેમનું નામસ્મરણ પવિત્ર થવા જ કરવાનું છે, કાંઈ અપવિત્રતા વધારવા નામ લેવાનું નથી. પરંતુ તમે અપવિત્રતા વધારવા જાપ કરો છો કે ઘટાડવા?

**સભા :-** *ગણીશું તો અપવિત્રતા ઘટશે જ ને ?*

**સાહેબજી :-** એવો નિયમ નથી. જો એમ ને એમ નવકાર ગણવાથી પવિત્રતા

એકાંતે વધે જ, તો પછી બધાને પકડાવી દઈએ. પરંતુ નવકાર ગણીએ તો એકાંતે મોક્ષ નક્કી, તેવું ક્યાંય લખ્યું છે ? અભવિના જીવોએ પણ અનંતા નવકાર ગણ્યા, પણ કલ્યાણ કરી શક્યા નહીં. તેમ આપણે પણ ભૂતકાળમાં અનંતા નવકાર ગણ્યા છે, પરંતુ આત્મામાં પવિત્રતા પ્રગટી નહીં. જો કે નવકાર પવિત્રતા પામવાનું સાધન નક્કી છે, એટલે આટલા ગણ્યા છતાં કલ્યાણ ન થયું માટે આનો ઊંધો અર્થ કરીને હવે નવકાર ગણવાનું બંધ કરી દઈએ તેવું વિચારવાનું નથી. તેનો મહિમા તો અપરંપાર છે, પરંતુ ગણનારમાં પવિત્રતા પામવાનો સંકલ્પ જોઈએ કે, જેવી તેઓ પવિત્રતા પામ્યા છે, તેવી મારે મેળવવી છે. પણ તમે આત્માની ગંદકીથી ત્રાસ્યા છો ? તે નથી ગમતી માટે બેચેન છો ? જ્યાં સુધી ગંદવાડ ન નીકળે ત્યાં સુધી ચેન ન પડે ને ? જો આવું હોય તો વિકારો-વાસના, આવેગો કે સંસારની ઈચ્છાની પૂર્તિ માટે નવકાર નહીં ગણો ને ? જાતે analysis કરજો કે અપવિત્રતા વધારવા ગણો છો કે અપવિત્રતા ઘટાડવા ગણો છો ?

**સભા :-** *સાહેબજી, અમારા ભાવોનું કાંઈ સમજાતું નથી.*

**સાહેબજી :-** ક્યાં ગૂંચ છે તે કહો, તો આપણે પદાર્થને વધારે ખોલીશું. તમે બહારની દુનિયામાં ખૂબ જાણકાર છો, જ્યારે અંદરની દુનિયાને સમજવાનું રાખ્યું જ નથી; પરંતુ ધર્મ તો અંદરની દુનિયા છે. તમને બહારની દુનિયામાં શું જોઈએ, તેના માટે તમે ચોક્કસ છો. બાહ્ય જગતમાં સુખ, સ્વચ્છતા, આરોગ્ય, શ્રીમંતાઈ, પવિત્રતા બધાનું તમારે પ્રણિધાન છે; પરંતુ આંતરિક દુનિયામાં શું મેળવવું છે તે હજી નક્કી કર્યું નથી. બહારની દુનિયાની ઈચ્છા, મહત્ત્વાકાંક્ષા, આકાંક્ષા બધાનો તમને ખ્યાલ છે, પણ અંદરના ક્ષેત્રમાં મહત્ત્વાકાંક્ષાથી શૂન્ય છો, ધ્યેયશૂન્ય છો. ધર્મના ક્ષેત્રમાં ધ્યેય શું ? સંકલ્પ શું ? પ્રણિધાન શું ? તેના પર વધુ વિશ્લેષણ આગળ જોઈશું. ભાવધર્મની સાંકળ આની સાથે જ જોડાયેલી છે. કાલે ઋષભદેવ ચરિત્ર આવશે અને રવિવારે મનોવિજ્ઞાન પર આવશે. માટે હવે આગળ સોમવારે વિચારીશું.

# ૪

અષાઢ સુદ બારસ, તા.૧૦-૭-૯૫, સોમવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના સમગ્ર જીવમાત્ર સુવિશુદ્ધ ભાવધર્મને પામે તેના માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## પ્રણિધાનયુક્ત ધર્મ જ શુદ્ધ ધર્મ :

જે આત્મા ધર્મતીર્થને પામે છે, તેણે ભૂતકાળમાં પુણ્યનો સંચય કર્યો, તેથી તેને વ્યવહારથી ધર્મતીર્થની પ્રાપ્તિ થઈ છે. ભૂતકાળમાં પણ આની ઘણીવાર પ્રાપ્તિ થઈ છે. આ કાંઈ પહેલીવાર પામ્યા નથી. અનંતીવાર મનુષ્યભવ પામ્યા, અનંતીવાર શાસન પામ્યા, જૈનકુળનો ધર્મ પણ આચર્યો હતો; કાંઈ ધર્મ સાથે લેવાદેવા જ નહીં એમ નહીં, પણ ધર્મનો ગાઢ પરિચય પણ કેળવ્યો હતો. અરે ! તીર્થંકરની વાણી સાંભળી, શ્રદ્ધા કરી, આચરણ પણ કર્યું, શ્રાવકપણું કે સાધુપણું પણ અણિશુદ્ધપણે પાળ્યું છે. એટલે આપણા આત્માએ ભૂતકાળમાં કાંઈ કર્યું નથી અને હવે આ શાસન મળ્યું છે, માટે આપણે એક step આગળ આવી ગયા તેવું નથી. આ જીવે અનંતીવાર સારાં કાર્યો કર્યાં છે, મન-વચન-કાયાથી આરાધના કરી છે, છતાં મોક્ષ ન થયો, સંસારમાંથી જીવ છૂટ્યો નહીં, આત્માનું ઉત્થાન ન થયું; કારણ શું ? કઈ કડી તેમાં ખૂટતી હતી કે જેનાથી આરાધના આધ્યાત્મિક દૃષ્ટિએ નિષ્ફળ ગઈ ? તેના માટે પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજી બતાવે છે કે, તે બધી જ આરાધના ભાવશૂન્ય કરી હતી, અર્થાત્ તેમાં પ્રણિધાનરૂપ વિશુદ્ધ ભાવધર્મ નહોતો. હા, તમે જે ભાવનો અર્થ કરો છો તે નહીં, કે મન રખડતું હતું અને કાયાએ ક્રિયા કરી તેમ નહીં; તમે એકાગ્રચિત્તે ક્રિયા કરી હોય, પણ પ્રણિધાનનો ભાવ ન હોય તો તે ક્રિયા ભાવશૂન્ય કહેવાય. **કોઈ પણ ઊંચો ધર્મ કે સામાન્ય ધર્મ, જો ભાવધર્મ યુક્ત ન હોય તો તે દ્રવ્યક્રિયા જ કહેવાય.** તેવા ધર્મનું ફળ પુણ્યબંધ કે ધર્મની સામગ્રી અપાવવી તે તેનું maximum(મહત્તમ) ફળ; પરંતુ પ્રણિધાન નામના ભાવધર્મથી જ ખરું ફળ મળે છે. આ ભાવ સાથેના ધર્મને

શુદ્ધ ધર્મ કહેવાય છે, બાકીનો અશુદ્ધ ધર્મ કહેવાય. શુદ્ધ ધર્મ જ યોગરૂપે મોક્ષનું અનુસંધાન કરી આપે છે. અશુદ્ધ ધર્મનું ફળ નથી જ તેવું અમે કહેતા નથી, પરંતુ અશુદ્ધ ધર્મનું ફળ મુક્તિ નથી. પ્રણિધાનવાળો ધર્મ જ મુક્તિનું કારણ બનશે.

ધ્યેયનો સંકલ્પ તે જ પ્રણિધાનનો અર્થ છે. સંસારમાં તમે બધે પ્રણિધાન કરીને આવો છો. પ્રણિધાન તમારા માટે નવી વસ્તુ નથી, અનુભૂતિની વસ્તુ છે. પરંતુ ધર્મના ક્ષેત્રમાં આ સમજાયું નથી. નાનપણમાં સ્કૂલમાં બેગ લઈને જવું ગમતું હોય કે ન ગમતું હોય તો પણ જાઓ છો. કારણ, મગજમાં બેસાડી દીધું છે કે સ્કૂલે જઈ ભણીને ઘરે આવી હોમવર્ક કરીશું, મહેનત કરીશું તો જ પાસ થઈશું. પૂછે કે પાસ કેમ થવું છે? તો કહેશે ડિગ્રી લેવી છે. ડિગ્રી પણ શાના માટે લેવી છે તેનો પણ અંદર સંકલ્પ છે. એટલે ધ્યેયપ્રાપ્તિનો સંકલ્પ છે, માટે બેગ લઈને સ્કૂલે જાય છે. માર્કેટમાં ધંધો કરવા જાઓ છો, ત્યાં પણ પૈસા કમાવાનું ધ્યેય છે. ધ્યેય તમે શા કારણે બાંધો છો? કારણ કે એ મેળવવા લાયક છે તેમ તમે માનો છો. માટે જ તેમાં તમારો સંકલ્પ આવે છે. તેમ ધર્મના ક્ષેત્રમાં જે આદરવા લાયક માનો, તેમાં કર્તવ્યતાની બુદ્ધિ થાય.

**સભા :-** *ખાલી શ્રદ્ધાપૂર્વક કરે તો ?*

**સાહેબજી :-** શેની શ્રદ્ધા ? ધર્મની શ્રદ્ધા એટલે કઈ વસ્તુની શ્રદ્ધા ? ધર્મશબ્દ પર શ્રદ્ધા ? કે ધર્મતત્ત્વ પર શ્રદ્ધા ? ધર્મતત્ત્વને માનો છો ? **શ્રદ્ધા માટે વિશાળ જ્ઞાનની જરૂર નથી, પણ minimum-ઓછામાં ઓછું જ્ઞાન તો હોવું જોઈએ કે, ભગવાને જે છોડવા લાયક કહ્યું છે તેનું, અને જે આદરવા લાયક બતાવ્યું છે તેનું ભાન તો અવશ્ય હોવું જોઈએ. આટલું પણ જ્ઞાન ન હોય તેવી શ્રદ્ધા સાચી શ્રદ્ધા ન કહેવાય.** શ્રદ્ધામાં પણ આદર્શ આવે જ. આદર્શવિહોણી શ્રદ્ધા હોય જ નહીં. આદર્શ એટલે તમને જે મેળવવા લાયક વસ્તુ લાગે તે તમારો આદર્શ થયો કહેવાય. જેમ કે પૈસા વગર કશું જ નથી, કોઈ પણ સુખ-સગવડતા મળશે તો તેનાથી જ મળશે, જીવનમાં ધનસંપત્તિ ન હોય તો ક્યાંય વેલ્યુ નથી, ધન હશે તો બધી સગવડતા મળશે, બધા ભાવ પૂછશે; એવું તમારા મનમાં બરાબર ઠસેલું છે ને ? માટે જ તમે ધનની શ્રદ્ધા કેળવી શક્યા અને તેથી જ તેનો સંકલ્પ કર્યો ને ? જ્યારે તમે સાવ નાના હતા, ત્યારે પૈસા શું ? કમાવું શું ? તેનું પણ ભાન હતું ? નાના બાળકને કોઈ સો રૂપિયાની નોટ

સામે પિપરમીટ આપે તો શું પકડે ? સો રૂપિયાની નોટ ન મળે તો વાંધો નહીં ને? પણ જે દિવસે ખબર પડી કે આ સો રૂપિયાની નોટથી ઘણી પિપરમીટ આવે, ત્યારે શું લેશે ? કારણ ? તેની વેલ્યુની ખબર પડી. માટે **શ્રદ્ધા એટલે રુચિપૂર્વકનો વિશ્વાસ. આવી શ્રદ્ધા જેમાં પ્રકટે તેનો સંકલ્પ કરવાની ઈચ્છા થાય.** જેમ તમે ડોક્ટર પાસે દવા લેવા જાઓ છો ત્યારે આરોગ્યનું પ્રણિધાન છે ને ? કાંઈ ડોક્ટરને ફી આપવાનો શોખ વધ્યો માટે જાઓ છો ? પરંતુ આરોગ્ય મેળવવા દવા જરૂરી છે તેવું જાણો છો, માટે જાઓ છો. જેટલા દર્દી આવે છે તે આરોગ્ય મેળવવાના ધ્યેયથી જ આવે છે, પણ જો માંદા પડવાના ધ્યેયથી આવે તો તે કેવા કહેવાય ? મૂર્ખા ને ? તેમ **ધર્મના ક્ષેત્રમાં પણ ચોક્કસ ધ્યેય જોઈએ જ; અને એ જો નહીં હોય તો પછી ભલે તમે ઉલ્લાસ સાથે, તલ્લીનતા સાથે, એકાકારતા સાથે, હૈયાની ઊર્મિઓ સાથે ધર્મ કરશો; છતાં પણ અમે જકાર સાથે કહીશું કે ભાવશૂન્ય ધર્મ છે.** જેમ બહારની દુનિયામાં શું મેળવવા લાયક છે તે નક્કી કરીને બેઠા છો, તેમ ધર્મના ક્ષેત્રમાં પણ શું મેળવવા લાયક છે, તે તમારે નક્કી કરવું જોઈએ. તમારી ધર્મ પાસેથી શું અપેક્ષા છે? શું demand છે ? શા માટે મેળવવું છે ? તે નક્કી હોવું જોઈએ.

## મોક્ષનું પ્રણિધાન ક્યારે આવે ? :

**સભા :-** *સાહેબ, મુક્તિ મેળવવી છે.*

**સાહેબજી :-** શબ્દો તો બોલી ગયા, પણ તેના ભાવને પકડજો. શબ્દ બોલવો તો સહેલો છે. **સર્વદોષથી રહિત અને સર્વગુણસંપન્ન એવી આત્માની અવસ્થા તેનું નામ મોક્ષ** છે. હવે મારા કે તમારા જીવનમાં કોઈપણ દોષ હશે ત્યાં સુધી મોક્ષ નહીં થાય. એટલે બધા દોષને તિલાંજલિ આપીશું ત્યારે જ મોક્ષ થશે, અને સાથે સાથે આત્મિક સર્વ ગુણોની પરાકાષ્ઠાની પ્રાપ્તિ કરીશું ત્યારે મોક્ષ થયો કહેવાશે. હવે આ ગુણો મેળવવા લાયક ન લાગે, ગમતા ન હોય, તેની ઈચ્છા કે અભિલાષા પણ ન હોય, તો મોક્ષ મેળવવાનું પ્રણિધાન છે તેમ કહેવાય ? કેવી વાત ? જેમ એક માણસ કહે, મારે અબજોપતિ બનવું છે. પણ અબજોપતિ ક્યારે બનાય ? કેટલાને કેટલા સાથે ગુણો ત્યારે થાય ? હવે જેને સો, લાખ, કરોડ, પાંચ કરોડ નથી જોઈતા પણ માત્ર અબજ જ જોઈએ છે; જો કે આવી કોઈ વ્યક્તિ મળે નહીં, પણ જો મળે તો

તે કેવી કહેવાય? ચક્રમ જ લાગે ને ? અબજોપતિ થતાં પહેલાં લાખ તો મેળવો. તેમ તમારે સીધું મોક્ષનું ટોપ લેવલ જોઈએ છે. હા, હું ધર્મ કરું છું, તેનાથી મોક્ષ થાય, બીજું મારે સંસારનું કશું જ જોઈતું નથી; જો આવો સંકલ્પ હોય તો સારું, પણ ગુણમાત્ર પામવા લાયક લાગે છે ? તમને ગુણમાત્રની અભિલાષા છે ખરી ? **એક ગુણની પણ અભિલાષા ઓછી હોય તો પણ મુક્તિનું પ્રણિધાન ન આવે.** અબજપતિ થનારને અબજમાં જેટલા રૂપિયા આવે તેની પ્રત્યેકની ઇચ્છા હોવી જોઈએ. જેમ તમને સ્વસ્થતા-નીરોગીપણું જોઈએ, તેમાં સંપૂર્ણ આરોગ્ય માગો છો ને ? કે પછી બે-ચાર રોગમાં નીરોગીપણું ન હોય તો ચાલે ? માટે રોગમાત્રની ત્યાં અનિચ્છા છે. કોઇ પણ રોગ ગમે, કે તેને રાખવાની ઈચ્છા હોય તો તે સંપૂર્ણ આરોગ્યની ઈચ્છા ન કહેવાય. તેમ એક પણ દોષ ગમે અને તેને પોષવાની વૃત્તિ હોય, તો સંપૂર્ણ દોષના નિરાકરણની ઈચ્છા કેમ કહેવાય ? તેવાની મુક્તિની ઈચ્છા છે, તે તો વાતના વડા બરાબર કહેવાય. માટે પ્રામાણિકતાથી અંતરાત્માને પૂછજો કે, તને દોષમાત્રની અનિચ્છા છે ? અરુચિ છે ? ગુણ જોઈને પામવાનો તલસાટ જાગે છે ? અંદરમાં દોષ જોઈને તેમાંથી છૂટવાની બેચેની થાય છે ? આ બેમાંથી એક પણ ન થતું હોય, ને મુક્તિનો દાવો લઈને બેસો તો શું કહેવાય? મુક્તિ માટે જ ધર્મ કરું છું તેમ બોલવાથી મુક્તિ થાય નહીં, પણ મોક્ષ શું ચીજ છે? મોક્ષની ઈચ્છા કરવાનો અધિકાર ક્યારે પ્રાપ્ત થાય? તે બધું વિચારવું પડે. તે માટે જાતનું બરાબર પૃથક્કરણ કરવું પડે. ક્રોધ તે દોષ છે, ક્ષમા તે ગુણ છે. તમને શું ગમે છે ? બહુ વિચારીને, સમજીને બોલજો. ક્ષમા ગમે છે એટલે શું ? બહુ જ પ્રામાણિકતાથી વિચારજો. તમને અત્યારે ભારોભાર અરુચિ ક્ષમા પર છે કે ક્રોધ પર છે? જેમ રોગ થાય ત્યારે બેચેન થાઓ ? અકળાઓ ? તમને તાવ ગયા પછી અકળામણ થાય કે તાવ હોય તો આખા શરીરે લાય બળે ? રોમેરોમમાં બળતરા થાય ? તેમ ક્રોધ એ મનનો તાવ છે. તાવથી શરીરમાં બેચેની થાય, તેવી ક્રોધથી મનમાં બેચેની થાય છે ?

**સભા :-** *આત્મબળ નથી માટે ક્રોધ થાય છે.*

**સાહેબજી :-** આત્મબળ ન હોય તો ક્રોધ થાય, પણ ક્રોધ કરતાં તાવ જેવી બેચેની થાય છે ? જો આત્મબળ ચાલે તો તે ક્રોધને પરાજિત કરતો જ હોય, તેને નિષ્ફળ જ કરે. જ્યારે તે સફળ થાય છે ત્યારે પુરુષાર્થ, આત્મબળ નબળું(ઓછું) પડે છે.

આત્મા જો વિવેક આવે તો આ બધા દુશ્મનને શાંતિથી બેસવા દે ? કે તેની સાથે સંઘર્ષ ચાલુ જ હોય ? **સમ્યગ્દષ્ટિને ક્રોધ સામે ૨૪ કલાક સંઘર્ષ ચાલુ જ હોય. દોષો સાથે સંઘર્ષ જેને ન હોય તેવો આત્મા સમ્યગ્દષ્ટિ ન કહેવાય.**

## પ્રશસ્ત કષાય અને તે અંગે બે દૃષ્ટાંતો :

**સભા :-** *નિમિત્ત મળે છે માટે ક્રોધ આવે છે.*

**સાહેબજી :-** ચાલો, તમારી દૃષ્ટિએ તમે સાચા, પરંતુ તમારા ક્રોધની ઉપયોગિતા તો સાબિત કરો. ક્રોધ કર્તવ્ય હોય અને તમે ન કરો તો તેને ભૂલ કરી કહીશું. આપણા શાસ્ત્રમાં practical(વ્યવહારુ) ઉપદેશ છે. જ્યાં પણ રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા કરવા લાયક હોય, તેને પ્રશસ્ત કષાય કહીશું, જે કર્તવ્ય છે. કષાયોમાં બે પ્રકારે વર્ગીકરણ છેઃ- (૧) પ્રશસ્ત કષાય અને (૨) અપ્રશસ્ત કષાય. **પ્રશસ્ત કષાય એટલે સ્વ અને પરની હિતબુદ્ધિથી કરવા લાયક કષાય.** પ્રશસ્ત કષાયનાં સેંકડો દૃષ્ટાંતો છે. **પ્રશસ્ત કષાય વગર શાસન પણ ન ચાલી શકે, તો સંસાર તો ક્યાંથી ચાલી શકે ? સંસારને યોગ્ય રીતે ચલાવવા પ્રશસ્ત કષાયની જરૂર તો પડશે. જે આત્મા કષાયથી મુક્ત થાય તે શાસનના સંચાલનની જવાબદારીથી પણ મુક્ત થાય.** સંઘનાયક, ગચ્છનાયક પણ વીતરાગ થાય, પછી આ જવાબદારી છદ્મસ્થ સ્થવિરોને માથે આવે છે. શાસન જેવી પવિત્ર સંસ્થા પણ કષાય વગર ચાલી શકતી નથી. ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ વગર અનુશાસન ન ચાલી શકે. માટે પ્રશસ્ત કષાયને અનિવાર્ય આવશ્યકતા માની છે. કષાયમાત્રથી પાપ લાગે તેવું નથી. પાપ બંધાય તેવા કષાય છે અને પુણ્ય બંધાય તેવા પણ કષાય છે. પુણ્ય બાંધવું હોય તો પણ કષાયનું જ શરણું લેવું પડે છે. સિદ્ધ ભગવંતોને કષાય નથી, માટે જ પુણ્ય કે પાપ બંધાતું નથી. કેવળીને પણ પુણ્ય-પાપનો બંધ નથી; કારણ તે કષાયમાત્રથી મુક્ત છે. કષાય હોય તેવી વ્યક્તિ જ બંધનો અધિકારી છે. તમે માની બેઠા છો કે કષાયમાત્રથી પાપ જ બંધાય, પણ તમે થાપ ખાઈ ગયા છો. રાગ-દ્વેષ વગર પુણ્ય ન જ બંધાય. શાસ્ત્રમાં ડગલે ને પગલે પ્રશસ્ત કષાય, અપ્રશસ્ત કષાયની વાતો આવે છે. **એકાંતે કહ્યું નથી કે રાગ-દ્વેષ ન જ કરવા. પરંતુ ગમે તે સંજોગોમાં, ગમે તે પરિસ્થિતિમાં, ગમે તેવા તબક્કામાં અપ્રશસ્ત કષાય તો ન જ કરવા, ન જ કરવા, ન જ કરવા તેમ કહ્યું છે. કરશો તો ચોક્કસ પાપ**

બંધાશે. તમે કહેશો, દીકરો આવું કરે તો ગુસ્સો આવે જ ને ? કોઈ મારવા કે લૂંટવા આવે તો ગુસ્સો આવે જ ને ? પણ આ દલીલથી તમે નિર્દોષ સાબિત નહીં થાઓ. અપ્રશસ્ત ગુસ્સો હશે તો પાપ લાગશે જ. **કષાય કરવાની પરવાનગી ખાલી પ્રશસ્તમાં જ આપી છે, જે જીવનમાં જરૂરી છે.**

પ્રશસ્ત કષાયો કઈ રીતના હોય તેનાં ઘણાં જ દષ્ટાંતો આવશે. શાસ્ત્રમાં દષ્ટાંત આવે છે કે આર્યરક્ષિતની માતાએ માયા કરીને દીકરાને ગુરુ પાસે ભણવા મોકલ્યો. ૧૨ વર્ષ કાશીમાં ભણીને આવેલા દીકરાનું સ્વાગત કરવા રાજા સાથે આખું ગામ ઊમટ્યું છે. છતાં તે વખતે મા સ્વાગત કરવા નથી ગઈ. કેમ ? તે ધર્માત્મા છે. તેને ખબર છે કે આવા પ્રસંગે હું નહીં જાઉં તો તેને ચોટ લાગશે. તેને દીકરાને ચોટ લગાડવાની ઈચ્છા છે. મહાવાત્સલ્યવાળી મા છે. ૧૨ વર્ષ કાશીમાં, દીકરાને એક દિવસ એવો નહીં ગયો હોય કે તેને મા યાદ ન આવી હોય. માનું સ્થાન તેના હૃદયમાં આગવું છે. માટે સ્વાગતના સમારંભમાં તેની નજર માને જ શોધે છે. આ મા સામાન્ય નથી. બાપ રાજપુરોહિત છે. મા શ્રાવિકા છે. તે આવા પ્રસંગને ટાંપીને જ બેઠી હતી. માને ન જોવાથી દીકરાને સમારંભમાં રસ રહ્યો નથી. ઘરે જઈને તરત જ માને શોધે છે. મા સામાયિકમાં બેઠી છે. પગમાં પડીને કહે છે કે "આખું ગામ આવ્યું પણ તું કેમ ન આવી ? ૧૨ વર્ષ ભણીને હું આવ્યો, છતાં તારા મોં પર આનંદ કે હર્ષની લાગણી નથી દેખાતી, તો શું કારણ છે ?" ત્યારે મા કહે છેઃ "ભલે તારા સ્વાગતમાં આખું ગામ ઊમટયું, પણ ગામ તારી મા નથી, પણ હું તારી મા છું." "પણ મા, હું શું કરું તો તું રાજી થાય ?" ત્યારે મા કહે છેઃ "તારા મામા, જે મારો મોટો ભાઈ આચાર્ય છે, તેમની પાસે જઈને દષ્ટિવાદ ભણ, તો હું ખુશ થઈશ." બાપ અજૈન, વૈદિક ધર્મના ચુસ્ત અનુયાયી છે. તેના કારણે જૈન ધર્મનો ઘરમાં પરિચય નથી, સંસ્કાર નથી. માટે તેને દષ્ટિવાદ એટલે શું તે ખબર નથી. દષ્ટિવાદ એટલે દર્શનનો વાદ. દીકરાને થાય છે, મા ગમે તેવી વાત ન કરે. તે ખૂબ વિચક્ષણ છે. માટે પૂછે છે, બોલ ક્યારે જાઉં? માને થાય છે, આ થોડો વધારે ટાઈમ રોકાઈ જશે તો ઘરમાં બધાને ખબર પડશે, તો નહીં જવા દે. તેથી તરત જ પિતાને કહ્યા વગર રાતોરાત જવાનું કહે છે. હવે આ માયા જ કરી કહેવાય ને ? બાપને અંધારામાં રાખીને દીકરાને આવી સલાહ કેમ આપે છે ? કારણ કે તે જાણે છે કે દીકરાનો એમાં જ ઉદ્ધાર છે. આમ કરવામાં તેમનો

કોઈ અંગત સ્વાર્થ નથી. **પોતાના સ્વાર્થ માટે માયા કરે તો તે અપ્રશસ્ત કષાય** કહેવાય. ૧૨મું અંગ એટલે દૃષ્ટિવાદ. સાધુ થયા વગર તે ભણી શકાય નહીં. માને ખબર છે કે હવે તે પાછો ઘેર નહીં આવે. તો પણ તેને નથી થતું કે "લાવ, હું એક દિવસ તેને વાત્સલ્યથી બરાબર જમાડીને મોકલું." તમારી દૃષ્ટિએ તો એમ ને એમ ધકેલી દીધો ને ? પરંતુ તે દીકરાનું હિત વિચારે છે. તેને દીકરા પર રાગ છે, પણ રાગમાં કંટ્રોલ છે. જ્યારે તમારા રાગ તો દીકરાના અહિતમાં પૂરક બને તેવા હોય છે.

બીજા દૃષ્ટાંતમાં, વજ્રસ્વામી પણ માને ઊંઠાં ભણાવે છે ને ? જન્મ્યા ત્યારથી માયા કરી છે. છ મહિના સુધી રડીને મા સામે ઢોંગ કર્યો છે, જેથી જન્મદાત્રી મા હાય પોકારી ગઈ છે. વિચારજો, માને કેવો ત્રાસ આપ્યો હશે ? હકીકતમાં પેટમાં દુખતું નહોતું, પણ બધું કૃત્રિમ હતું. મા થાબડતી છતાં પણ રડ્યા જ કરતા. આ તેમણે પ્રશસ્ત માયા જ કરેલી. તમારું વંદિત્તુ સૂત્ર તે પ્રતિક્રમણનું મુખ્ય સૂત્ર છે. તેમાં દિવસ દરમિયાન થયેલા અપ્રશસ્ત કષાયોનું મિચ્છા મિ દુક્કડં આવે છે. કેમ પ્રશસ્ત કષાયનું નહીં ? **પ્રાયશ્ચિત્ત ભૂલ (પાપ) માટે જ હોય. પ્રશસ્ત કષાય કરવા તે કાંઈ ભૂલ (પાપ) નથી, માટે તેનું પ્રાયશ્ચિત્ત ન હોય. જો પ્રશસ્ત કષાયનું મિચ્છા મિ દુક્કડં કરો તો ધર્મનું પ્રાયશ્ચિત્ત કર્યું કહેવાય.** તમે સંઘના કે કોઈના પણ હિત માટે, સ્વાર્થ વગર ગુસ્સો કરો તો મિચ્છા મિ દુક્કડં ન અપાય. ધર્મ કે ગુણનું મિચ્છા મિ દુક્કડં ન હોય. સામાયિક કે પૂજા કર્યાનું મિચ્છા મિ દુક્કડં અપાય ? અને આપો તો પાપ લાગે ને ? **ધર્મની આજ્ઞા મુજબ જે કર્યું તેનું પ્રાયશ્ચિત્ત ન હોય.** જેમ તમારા દીકરાને અહિતમાંથી હિતમાં લાવવા તમે કષાય કરો, તો તે કર્તવ્ય છે. ખોટા માર્ગે જતો રોક્યો, તે સારું કામ કર્યું કહેવાય, માટે તેનું પ્રાયશ્ચિત્ત ન હોય. સારું કામ કર્યાનો વસવસો ન જોઈએ અને ખરાબ કામ કરવામાં ધિટ્ઠાઈ ન જોઈએ. માટે કર્તવ્ય શું ? અકર્તવ્ય શું ? કયાં કેવી રીતે કષાય સેવવાના ? તે બધું જ ભગવાને બતાવ્યું છે. થોડી થોડી પણ સમજણ કેળવતા જશો તો દૃષ્ટિ બદલાઈ જશે. આગળ આગળ વધુ વિવેચન આવશે.

હવે મોક્ષના પ્રણિધાન માટે તમામ ગુણોનું પ્રણિધાન કરવું પડે. સર્વગુણોની પ્રાપ્તિનું અને સર્વદોષના ત્યાગનું પ્રણિધાન જોઈએ. જો આમાં જરા પણ કચાશ હોય તો મોક્ષના પ્રણિધાનમાં કચાશ છે. માટે હજુ પ્રણિધાનથી દૂર છો તેમ માનવું પડે. જેમ ભૌતિક

ક્ષેત્રમાં ધ્યેય નક્કી છે, તેમ ધર્મના ક્ષેત્રમાં પણ ધ્યેય, મનોરથ, મહત્ત્વાકાંક્ષા નક્કી જોઈએ.

**સભા :-** *સાહેબજી, આ ક્ષેત્રમાં wavering mind (અસ્થિર મન) છે. અહીંયાં આવીએ ત્યારે હૃદયમાં અસર થાય અને નીચે ઊતરીએ એટલે બાષ્પીભવન થઈ જાય છે.*

**સાહેબજી :-** આ બધી ઊઠાં ભણાવવાની વાતો છે. તમારા જીવનમાં ક્યારેય બન્યું છે કે બજારમાં જાઓ ત્યારે પૈસા કમાવાનું પ્રણિધાન હોય અને દુકાનની નીચે ઊતરો એટલે પૈસાનું પ્રણિધાન ગયું ? તમારા છોકરાને સ્કૂલમાં જાય ત્યારે ભણવાની ઈચ્છા થાય, અને ઘરે આવે ને કહે કે મારે સ્કૂલે જવું નથી, ભણવું નથી; આમ કરે તો, તેને ઘરમાં રાખી પહેલાં બરાબર નિર્ણય કરાવો ને ? એટલે સંસારમાં પ્રણિધાન નક્કી છે, જ્યારે અહીંયાં જ તમે ઢોચકીની જેમ ફર્યા કરો છો. વાસ્તવમાં ઘડીકમાં સંકલ્પ થાય અને ઘડીકમાં સંકલ્પ ઊડી જાય તેવું ન હોય.

**પ્રણિધાનનો પ્રારંભ પહેલી યોગદષ્ટિમાં થાય છે. પૂર્ણ પ્રણિધાન પાંચમી યોગદષ્ટિમાં આવે છે. સમ્યગ્દૃષ્ટિનું પ્રણિધાન સો ટચના સોના જેવું હોય છે. સમ્યગ્દૃષ્ટિઓમાં પરસ્પર શુદ્ધિની તરતમતા હોય, પણ હેય-ઉપાદેયનો વિવેક ૧૦૦ ટકા સરખો હોય. કદાચ છોડવા કે આચરવામાં તીવ્રતા, મંદતા કે બોધની સૂક્ષ્મતા ઓછીવત્તી હોય, પણ ૧૦૦ ટકા દોષ છોડવા જેવા છે, ગુણ તમામ ઉપાદેય છે, તેનો વિવેક નક્કી હોય. તેથી સમ્યગ્દૃષ્ટિના અને મિથ્યાદષ્ટિના પ્રણિધાનમાં ફેર પડવાનો જ. અપુનર્બંધક દશાથી આનો પાયો ચાલુ થાય છે. જો જીવમાં એકપણ દોષનો આગ્રહ હોય અને એકાદ ગુણ પણ ન ગમતો હોય, તો તે અપુનર્બંધક નથી, અને તેના વગર કોઈ ભૂમિકા નથી.** માટે આ બધી વાતો કોલેજની નથી પણ એકડિયાની જ છે. જેમ જેમ ધ્યાનથી સાંભળીને ચિંતન-મનન કરશો, તેમ તેમ નવી દૃષ્ટિ મળશે. આંતરિક જીવનમાં પ્રણિધાન શું ? તેના પર વિશેષ દૃષ્ટાંત સાથે આગળ વિચારીશું.

# ૫

અષાઢ સુદ ચૌદસ, તા.૧૧-૭-૯૫, મંગળવાર.

અનંત જ્ઞાની, અનંત ઉપકારી શ્રીતીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્ર સુવિશુદ્ધ યોગની પ્રાપ્તિ કરે તે માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## પ્રણિધાનનો અર્થ છે ધ્યેયપ્રાપ્તિનો સંકલ્પ :

જીવ અનંતીવાર શાસનને પામ્યો છે, પણ આજ સુધી તે યોગને પ્રાપ્ત કરી શક્યો નથી. યોગ પામેલો જીવ જ ધર્મનો સ્વાદ પામી શકે છે. **આત્માને મહાનંદ કે પરમાનંદ પમાડવાની ક્ષમતાયુક્ત ધર્મને યોગ કહેવાય છે. મોક્ષ પામવાનું સાધન માત્ર વિશુદ્ધ ધર્મ જ છે.** આપણે આ ૮૪ લાખ જીવાયોનિમાં રખડીએ છીએ, તે જ બતાવે છે કે ભૂતકાળમાં આપણે કરેલ ધર્મમાં કંઈક કડી ખૂટતી હતી. આપણે વિશુદ્ધ ધર્મ કરેલ નથી. વિશુદ્ધ ધર્મ પ્રણિધાનયુક્ત હોય છે અને અત્યાર સુધીના આપણા કરેલ ધર્મમાં આ પ્રણિધાન નામના ભાવની જ કડી ખૂટતી હતી. **પ્રણિધાનનો અર્થ છે ધ્યેયપ્રાપ્તિનો સંકલ્પ.** દરેક પ્રવૃત્તિના ધ્યેય કે ઉદ્દેશ મનમાં પહેલાં સ્થાપિત કરવાના છે. જે વિચારશૂન્ય પ્રવૃત્તિ છે, તેનાથી આત્મકલ્યાણ થતું નથી. તમે જીવનના દરેક ક્ષેત્રમાં ધ્યેયને સામે રાખો છો. જેમ કે બાથરૂમમાં નાહવા જતાં પણ શરીરની સફાઈ કરવી છે તેવું ધ્યેય હોય છે. જમવા બેસતાં પણ ભૂખને સંતોષવી છે, પેટને તૃપ્તિ આપવી છે, જીભના સ્વાદને પોષવો છે, એવું કંઈક ધ્યેય હોય છે. જીવનમાં નાની-મોટી બધી ક્રિયામાં ચોક્કસ ધ્યેય હોય છે, અને તે ધ્યેયને લક્ષમાં રાખીને પ્રારંભ કરો છો અને તે ક્રિયાને વહન પણ કરો છો. અહીંયાં ધર્મના ક્ષેત્રમાં તમારું ધ્યેય શું ? શું મેળવવું છે ? તમારી કઈ તમન્ના છે ? કઈ કામના છે ? તેની અંતરમાં સ્પષ્ટતા જોઈએ, પ્રણિધાન જોઈએ. વિચારશૂન્ય થઈને પ્રવૃત્તિ કરવાની ભગવાને ના પાડી છે. આપણી જૈનશાસનની કોઈ ક્રિયા એવી નથી કે જેમાં ધ્યેય ન હોય. જેમ કે ઈરિયાવહિયા લો, પ્રતિક્રમણ લો, પ્રતિક્રમણમાં પણ પહેલાં કરેમિ ભંતે, પછી જ વાંદણાં, પછી જ આલોવવાનું કેમ ? બધામાં હેતુ અપાયેલો છે. આ બધાની તમને સ્પષ્ટતા ન હોય તેમાં તમારી

અજ્ઞાનતા છે, બાકી બધે ક્રિયામાં ધ્યેય તો છે જ. ઘણો વર્ગ એવો છે કે બસ, ધર્મ કરી લઈએ, જેથી સારું થશે; પણ તેમાં સ્પષ્ટતા નથી. પરંતુ આત્મકલ્યાણની ભાવનાથી જ ધર્મ કરવો જોઈએ. મારે મારા આત્મામાં ગુણોનો વિકાસ કરવો છે, મારા આત્માનું કલ્યાણ-ઉત્થાન કરવું છે, અને તે જ ખરું ધ્યેય જોઈએ.

ધર્મ પાપના નિવારણ માટે છે. પાપને પુષ્ટ કરવા માટે ધર્મ નથી, પણ પાપથી મુક્ત થવા માટે જ ધર્મ કરવાનો છે. સંસારના સુખની પ્રવૃત્તિ તે પાપપ્રવૃત્તિ છે. સંસારના સુખના રક્ષણનો ભાવ પણ પાપ છે. આ બધી ભૌતિક કામના છે. ધર્મથી આપણને સંસારનાં સુખ મળશે, તે કામનાથી ધર્મ કરવાનો નથી; અને તેના રક્ષણનો ભાવ પણ પાપ જ બંધાવે છે. શાસન જીવમાત્રને પાપથી મુક્ત કરવા જ સ્થપાયું છે. ધર્મનો ઉદ્દેશ જીવને પાપથી મુક્ત કરવાનો છે. માટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે **બીજાના આત્માને દુઃખ આપવું તે પાપ છે, તેમ પોતાના આત્માને દુઃખ આપવું તે પણ પાપ છે. વળી ભૌતિક કામનાથી જેમ પાપ બંધાય છે, તેમ આત્મિક સુખની કામનાથી પુણ્ય બંધાય છે.** તેમ બીજાને સુખ આપો તો પુણ્ય બંધાય છે અને બીજાના આત્માને દુઃખ આપો તો પાપ બંધાય છે. તમારા આત્માને સુખ આપો તો તમારાં કર્મો ખપે છે અને દુઃખ આપો તો નવાં કર્મો બંધાય છે. આમ, સામ-સામે છે. માટે આત્મિક સુખને મેળવવાની જ ઈચ્છા કરવાની છે. આ બધી વાતો, જે અહીંયાં સાચા દિલથી ધર્મ કરવા આવે છે તેના માટે છે. જેને પોતાના આત્માની ઉન્નતિ કરવી છે, કંઈક પામવું છે; આત્માનું ઉત્થાન કરવું છે, એવું જેનું ધ્યેય છે, ભાવના છે; તેને માટે જ કહેવાનું છે. બાકી બીજાને માટે કાંઇ ઉપદેશ આપવાનો છે નહીં.

સંસારના ક્ષેત્રમાં પણ પસંદગી રહે છે, જેમ કે તમને આરોગ્ય ગમે કે રોગ ગમે ? તમને કોઈના અંડરમાં-તાબામાં રહેવું ગમે કે બીજા પર ઓર્ડર કરવા ગમે? તમને બીજા પર આધિપત્ય ને વર્ચસ્વ ગમે છે. તમને કોઈ દિવસ ગરીબ થવાની ઈચ્છા નથી, શ્રીમંતાઈ જ ગમે છે. ભૌતિક જગતમાં તમારા ધ્યેય fix(ચોક્કસ) જ હોય છે. ધ્યેયબદ્ધતા ભૌતિક દુનિયામાં છે, પણ ધર્મની દુનિયામાં નથી. સંસાર અને ધર્મમાં પરસ્પર વિરોધાભાસ ક્યાં છે તે સમજવાનું છે. તમારું કહેવાતું ભૌતિક જગત બાહ્ય છે, જ્યારે ધર્મ એ આત્માના ગુણો છે, જે આંતરિક વસ્તુ છે. **આત્માના તમામ ગુણ આંતરિક છે; જે ગુણો નજરે બતાવી શકાય નહિ, કોઈને આપી શકાય પણ નહીં; તેમ બીજાના ગુણ લઈ પણ શકાય નહીં. આપણા ગુણ આપણી માલિકીના જ છે.**

**બીજાના ગુણ ગમે તે રીતે લેવા નીકળીએ તો પણ મળે નહીં. માટે ગુણમય એવો ધર્મ આંતરિક ધર્મ છે.** બધા ધર્મનું અંતિમ ધ્યેય મોક્ષ છે. તેના પહેલાં અવાંતર ધ્યેયો લાખો છે, તેને સંક્ષિપ્તમાં સમજ્યા હોય તો ધર્મમાં ધ્યેય શું છે તે સમજાવવું ન પડે, આંતરિક જગતમય ધર્મની દુનિયા પવિત્રતામય છે. **પવિત્રતાના સંકલ્પ પર પ્રણિધાન નામનો ભાવધર્મ આધારિત છે.** તમને આંતરિક દૃષ્ટિએ પવિત્રતા ગમે કે મલિનતા ગમે ?

**સભા :-** *પવિત્રતા ગમે છે.*

**સાહેબજી :-** ચોક્કસ કરીને બોલજો, પછી ગુલાંટ નહીં ખાતા. જાતને બરાબર પૂછજો. તમારા શરીર ઉપર એક ગંદકીનો છાંટો પડે, કપડાં પર ડાઘ પડે તો શું થાય? ગંદકી દૂર કર્યા વગર રહો ખરા ? બાહ્ય જગતમાં કેટલી સ્વચ્છતા રાખો છો ? ઘરમાં પણ કચરાં-પોતાં કરવાં, કમ્પાઉન્ડ સાફ કરવું, રસ્તા પણ સાફ કરાય, તમને બાહ્ય જગતમાં કેટલી ચોક્ખાઇ ગમે છે, તે જ પસંદ છે. કદાચ તબિયતના કારણે તમારે તમારા જ ઝાડા-પેશાબમાં પડી રહેવું પડે, તો પણ કેટલી મજબૂરીથી નાછુટકે પડી રહો ? તમારી ગંદકી પણ નાછુટકે તમે સાફ કરો છો ને ? બીજાની ગંદકી તમે સાફ કરો ખરા ? તમારી ગંદકી સાફ કરો છો, છતાં તે ગમે છે ? કે તેના તરફ અણગમો છે ? માટે જ આજે આટલાં સફાઈનાં સાધનો બજારમાં વેચાય છે ને ? તેમ તમે આંતરિક પવિત્રતાને ઝંખો છો ? કદી મનની આંતરિક ચોક્ખાઇ કે ગંદકીનો વિચાર કર્યો છે ખરો ? ના, કારણ કે તમને આંતરિક ચોક્ખાઇનું આકર્ષણ જ નથી. ઝૂંપડપટ્ટીવાળા જેમ તમને જોઈને ટીકી ટીકીને જોઈ રહે, અને વિચારે કે આપણે કેટલા ગંદા છીએ ? આપણે ક્યારે આવા ચોક્ખા થઈશું ? તેમ કોઈ આત્માની પવિત્રતા જોઈને એમ મન થાય ખરું કે અમે ક્યારે આવા પવિત્ર થઈશું ? તે મેળવવા જ તમે દેવ-ગુરુ પાસે આવો છો ? **પૂર્ણ પવિત્ર વ્યક્તિત્વ પરમાત્માનું છે, જેમના આત્માનો મેલ સંપૂર્ણ નાબૂદ થયો છે.** આ પવિત્રતા આપણને કોઈ દિવસ આકર્ષિત કરતી નથી. તેમનાં દર્શન કરતાં થાય કે આ પવિત્રતાનો એક આંશિક અંશ મળી જાય, તો કેવું સારું? આવી ભાવના થાય ખરી ? તે વખતે તમારા અંતરમાં શું ભાવના હોય ? કે આ સંસારમાં જે બધી તકલીફો છે, તેનું નિવારણ થાય એવી ? એટલે તમે આત્માની ગંદકી વધારવા જ આવો છો ને? પરમાત્માની પવિત્રતા ઉપર મંથન થાય છે ખરું?

**સભા :-** *તે તરફ દુર્લક્ષ છે.*

**સાહેબજી :- ધર્મ એ આત્માના મેલને દૂર કરવાનું રસાયણ છે. જેમ રસાયણ વાપરો ને મેલ દૂર થાય, તેમ આત્માને પવિત્ર કરવો તે ધર્મનું ધ્યેય છે.** પરંતુ અત્યારે આપણને ગંદા થવામાં જ રસ છે. માખી, કાગડો, ભૂંડ ગંદકીમાં જ જશે; કારણ તેની રુચિ ત્યાં છે. તેમ આપણને પણ વિકાર-વાસનામાં જ રસ છે. માટે જ મનના વિકારો વકરે, કષાયો વકરે તેવા પ્રકારના જ વાતાવરણને ઈચ્છો છો ને ? આંતરિક જગતમાં ગંદકીના જ હિમાયતી છો. માટે જ આંતરિક જગતમાં પવિત્રતાનું પ્રણિધાન નથી આવ્યું. **જેને આંતરિક ચોક્ખાઈ નથી ગમતી, તેનું તો માનસ જ વિકૃત છે.** તમારા માનસને વિકારી ભાવોમાં છબછબિયાં કરવાં ગમે છે કે નિર્મોહી ભાવોમાં રમવું ગમે છે ? તમે અત્યારે શું કરી રહ્યા છો તેની વાત નથી, પણ તમને શું ગમે છે, તેની વાત છે. ઘણા છોકરાઓ એવા છે કે તેમને ગંદા પાણીમાં છબછબિયાં કરતાં મજા આવે છે, ત્યારે તમારા છોકરાઓને એમ થાય કે અમે રહી ગયા ? ઊલટાની સૂગ થાય, જુગુપ્સા થાય છે. કારણ તમને સ્વચ્છતા ગમે છે, ગંદકી નડે છે. પરંતુ આંતરિક દુનિયામાં ઊંધું છે. પ્રણિધાન છે કે નહીં તેની આ કસોટી છે. પરમાત્માને ખમાસમણું કેમ આપો છો ? તેમને વંદન કરો, ભક્તિ કરો, વિનય કરો; તે બધામાં તમારું લક્ષ્ય શું ? તમારે તેનાથી શું જોઈએ છે ? તેમણે જે મેળવ્યું છે તે મેળવવું છે ? કે તેમણે જે છોડ્યું છે તે જોઈએ છે ? તેમણે જેને કચરો સમજીને છોડ્યું છે, તે જ તમને તો ગમે છે ને ? ધર્મની નાની પ્રવૃત્તિમાં પણ આત્માની પવિત્રતાનું ધ્યેય જોઈએ. તમને બાહ્ય ગંદકી-મેલ જરાપણ ગમતાં નથી,છતાં મજબૂરીથી રહેવું પડે તે જુદી વાત છે. તમે શું મજબૂરીથી મનની ગંદકીને સહન કરો છો ? કે ન છૂટકે સહન કરો છો ? જાતને જરા ઢંઢોળીને પૂછજો. અંદરથી તમે બધા શૂનમૂન છો, વિચારકતા છે જ નહીં. તમારા ઘરની સ્વચ્છતા જાતે પણ કરો છો અને માણસ પાસે પણ કરાવો છો. બહારથી આવો ત્યારે કદાચ ઘરમાં ઉકરડો પડ્યો હોય તો તેનો ઊધડો કાઢી નાખો ને ? વળી તમારા ચોક્ખા કરેલા ઘરમાં પાડોશી જો કચરો નાખી જાય તો સહન કરો ખરા ? તેમ તમારા મનમાં બીજો ગમે તે કચરો નાખે તો તેને રીજેક્ટ કરો ખરા ? કે તમે તેને સહર્ષ સ્વીકારી લો છો/ તેનું મૂળ કારણ શું છે ? તે મેલરૂપે દેખાતું નથી. એક કમ્પાઉન્ડનો કચરો સહન થતો નથી, પણ આખા ગામની ગંદકી તમારા મનમાં ભરાય તો ચાલે ને ? વાસના, વિકારો તો પૈસા આપીને વકરાવો છો ને ? વળી પ્રસંગે જીવનમાં પ્રતિક્રમણ, સામાયિક કરો છો, તે ચોક્ખા થવા કરો છો કે મેલા થવા કરો છો ?

**સભા :-** *ચોક્ખા થવા માટે કરીએ છીએ.*

**સાહેબજી :-** ધ્યેયની સુબદ્ધતા નથી. જેમ નાનો છોકરો, તમે કપડાં ધોતાં હો તો તે પણ સાબુ લઈને કપડું ધોવા માંડે અને પાછું એ જ કપડું લઈને બીજા છોકરા રમતા હોય તો ધૂળમાં ગુલાંટિયું ખાઈ આવે, મેલું કરી આવે. કારણ તેને ભાન નથી. ગંદું થાય છે તેવું તેને ભાન નથી. ખાલી તે તો તમારું રમતરૂપે અનુકરણ કરે છે. આ અનુકરણની પ્રવૃત્તિ કેવી કહેવાય? તેથી જો તમને સમજણપૂર્વકનું ચોક્ખાઇનું ધ્યેય હોય તો તે ધ્યેય કાયમ જોઈએ. ધ્યેય એક વખત નક્કી થાય પછી ફેરબદલી થાય નહીં.

**સભા :-** *પણ ચોક્ખા થવાની જ ભાવના છે.*

**સાહેબજી :-** ચોક્ખા થવાની જો ભાવના હોય તો એક વખત સામાયિક, પ્રતિક્રમણ પૂર્ણ કર્યા પછી, શુદ્ધ થયા પછી, ઘરે જઈને ગંદકીમાં પડવું પડે છે, તે વખતે દુઃખ લાગે છે ? ડંખ રહે છે ? કે મજેથી ઘરની ગંદકીમાં ડૂબી જાઓ છો ? ઘરમાં પણ મન-આત્માની પવિત્રતા વિકસાવે તેવા જ ભાવો કરો છો ? જૂની અપવિત્રતા જામી હોય તેના નિરાકરણ માટે પ્રાયશ્ચિત્ત છે. **મન-આત્માનું શુદ્ધિકરણ કરવાની ક્રિયા તે પ્રાયશ્ચિત્ત છે.** કૂતરું ચોક્ખા પાણીમાં આળોટે, ચોક્ખું થઈ પાછું ગંદા પાણીમાં પણ આળોટે. તો તે ચોક્ખાઇની પ્રવૃત્તિનો મતલબ શું ? જીવનમાં જો ચોક્ખાઈનું ધ્યેય હોય તો તમને કાયમ ચોક્ખાઇ ગમવી જોઈએ. ધ્યેય જીવનમાં એક વખત નક્કી થયા પછી કારણ વગર બદલાય નહીં. મનને પવિત્ર કરવા માટે ધર્માનુષ્ઠાન-ક્રિયા કરીએ છીએ, પાપનું પ્રાયશ્ચિત્ત પણ કરીએ છીએ, પણ ગમે છે તો ગંદકી. બીજાનું **કે પોતાનું બૂરું ઈચ્છવું તેનું નામ ગંદકી છે. બીજાનું કે પોતાનું ભલું ઈચ્છવું તેનું નામ પવિત્રતા છે. જીવમાત્ર માટેની શુભ ભાવના એ પવિત્રતા છે. જીવમાત્ર માટેની અશુભ ભાવના એ ગંદકી છે.** તમને કોઈ રતીભાર પણ દુઃખ આપવાની ભાવના કરે તો કેવું લાગે? તમારા પર બીજો ગુસ્સો કરે તો ગમતું નથી. બીજો અહંકાર કરે તો પણ તમને ગમતો નથી. તેમ તમારો અહંકાર પણ બીજાને ગમતો નથી. વ્યવહારમાં પણ શું નિયમ છે કે, કોઈનો ઝાડો-પેશાબ તમારા માટે ગંદકી છે, તેમ તમારો ઝાડો-પેશાબ પણ બીજા માટે ગંદકીરૂપે છે. તેમ આ ક્ષેત્રમાં પણ આ જ વ્યવહાર છે. આની સામે કોઈ વાંધો ઉઠાવી શકે તેમ નથી.

**સભા :-** *એક વસ્તુ દેખાય છે, એક વસ્તુ દેખાતી નથી.*

**સાહેબજી :-** તમે તેને ચામડાની આંખથી જુઓ તો ન દેખાય, પણ જો આંતરિક ચક્ષુથી જુઓ તો ચોક્કસ દેખાય છે. મનના ભાવો બાહ્ય રીતે ન દેખાય તો શું માનવાના નથી? **ધર્મ એ આંતરિક વસ્તુ છે, આંતરિક ભાવ છે. જેની પાસે આંતરિક દૃષ્ટિ ન હોય તે સાચો ધર્મ પામી શકે નહીં.** આત્માની ત્રણ દશા છે. (૧) બહિરાત્મા, (૨) અંતરાત્મા અને (૩) પરમાત્મા. **જેનામાં આંતરદૃષ્ટિ ન હોય તે કદી ધર્માત્મા બની શકતો નથી. જેને અંદરની ગંદકી ગંદકીરૂપે દેખાતી નથી તેવા આત્માને ધર્મ પામવાની શક્યતા નથી.** સમ્યક્ત્વ પામતાં પહેલાં મિથ્યાત્વની ગંદકી કાઢવી જ પડે છે. આના માટે શ્રેણિકમહારાજાનું દૃષ્ટાંત છે તે આપણે વિચારીએ.

શ્રેણિકરાજા પ્રભુ મહાવીરથી સમકિત પામ્યા નથી, તેઓ અનાથી મુનિથી સમકિત પામ્યા છે, અને પછીથી ક્ષાયિક સમકિતને પામ્યા છે. આ પહેલાંનું તેમનું જીવન જુઓ તો તે કાંઈ ગુંડા-બદમાશ નથી, ન્યાયી-સદાચારી-ધર્મનિષ્ઠ માણસ છે, ધર્મને માનનારા છે. તેમના ધર્મમાં તેઓ ચુસ્ત શ્રદ્ધાળુ છે. પુણ્ય, પાપ, ધર્મ, કર્મ, મોક્ષ બધું જ માનનારા છે. આજના લોકો જેવા નાસ્તિક કે અનાડી નથી. છતાં ત્યારે શ્રેણિક મિથ્યાદૃષ્ટિ છે, મોક્ષમાર્ગ-અધ્યાત્મ પામ્યા નથી. ભગવાન મહાવીરની મામાની દીકરી ચેલણા તેમની રાણી છે. તે ચુસ્ત શ્રાવિકા છે, શાસ્ત્ર ભણેલી છે. શ્રેણિકરાજા સાથે તેને ઘણી ઘણી વખત ધર્મચર્ચા થાય છે, ત્યારે ક્રોસિંગમાં તર્ક કરતાં ચેલણા જ જીતે છે. ત્યારે શ્રેણિકને થાય છે કે આ મને જીતવા દેતી નથી. પરંતુ શ્રેણિકમાં લાયકાત-સજ્જનતા ઘણી છે. છતાં અત્યારે સાચું અધ્યાત્મ પામ્યા નથી. કારણ તેમનામાં બાહ્ય દૃષ્ટિ છે. આ બાહ્યદૃષ્ટિ તોડી કોણે ? એક વખત શ્રેણિકરાજા ઉપવનમાં ફરવા નીકળ્યા છે. ત્યાં ધોમધખતા તડકામાં અનાથી મુનિ ધ્યાનમાં ઊભા છે. આ મુનિ રૂપરૂપના અંબાર છે. તેમના શરીરની આકૃતિ ખાનદાન કુટુંબને શોભાવે તેવી છે. આવી ભરયુવાનીમાં આવો કઠોર ત્યાગ ! તમે અત્યારે ભરયુવાનીમાં દીક્ષા લેવાવાળાને જુઓ તો શું થાય ? ત્યાં તમારી માન્યતા શું ? નક્કી કાંઈ તકલીફમાં હશે. અમને પણ ઘણા પૂછે કે એવું તમને સંસારમાં શું થયું કે, તમને આવી ભરયુવાનીમાં દીક્ષા લેવાનું મન થયું ? હા, કાંઈક થયું હશે, દુઃખ-કષ્ટ આવ્યું હશે, માટે સંસારથી કંટાળીને

તેનો ત્યાગ કર્યો હશે. તમે તો આટલો વિચાર કરીને પાછા ચાલતા થાઓ. પરંતુ અહીંયાં તો શ્રેણિકરાજા વિચારે છે કે, આ મુનિએ કાંઈક તકલીફથી દીક્ષા લીધી હોય, તો લાવ તે તકલીફ હું દૂર કરું. એટલે પાસે આવીને વિનયથી પૂછે છે કે "તમને શું દુઃખ આવ્યું કે આવી ભરયુવાનીમાં સંયમ સ્વીકાર્યું ?" મહાત્મા પણ સંયોગો જોઈને, પાત્ર જોઈને જવાબ આપે છે કે, "હું અનાથ હતો." જેમ મા-બાપ વગરના ઘણા ફૂટપાથ ઉપર મોટા થનારા હોય છે, માટે શ્રેણિકને લાગે છે કે આમને પણ મા-બાપ કોઈ હશે નહીં. શ્રેણિકરાજા પરગજુ છે. તેથી કહે છેઃ "તમે અનાથ છો તો હું તમારો નાથ થવા તૈયાર છું. તમારા જેવા રાજકુમારો મારા મહેલમાં છે. તો તેમની સાથે રહેજો. હું વાત્સલ્યથી રાખીશ." તેમનામાં હૃદયની સરળતા, ઉદારતા, પરોપકારિતા, સૌજન્યતા કેટલી છે! છતાં શાસ્ત્રકાર કહે છે, તેઓ તાત્ત્વિક ધર્મ પામ્યા નથી. **ખાલી સદ્‌ગુણો કેળવવામાત્રથી સાચો ધર્મ પમાતો નથી.** અહીંયાં અનાથી મુનિ કહે છે, "જે સ્વયં અનાથ છે તે બીજાનો નાથ શું થવાનો ?" શ્રેણિકને આ વાત સાંભળીને ચોટ લાગે છે. પરંતુ હજી આ માર્મિક ભાષાને સમજ્યા નથી. કારણ આંતરિક ચક્ષુ ખૂલ્યાં નથી. શ્રેણિકરાજા અત્યારે શું બાહ્યદૃષ્ટિએ અનાથ છે ? ભરપૂર સાધન-સામગ્રી-સુરક્ષા છે, છતાં મુનિ કહે છે, "તું અનાથ છો." ત્યારે રાજા કહે છેઃ "હું મગધનો નાથ છું." મહાત્મા કહે છેઃ "ભલે મગધનો નાથ કહેવડાવે પણ તું તારી જાતનો નાથ નથી." આ વાક્ય બાહ્યદૃષ્ટિએ છે કે આંતરદૃષ્ટિએ છે ? શ્રેણિકને બાહ્યદૃષ્ટિએ સલામતીની જરૂર છે કે આંતરદૃષ્ટિએ સલામતીની જરૂર છે?

તમારા ઘરના દરવાજા ચોવીસે કલાક બંધ રાખો છો ને ? બેલ વાગે તો પણ જોઈને ઓળખો તો જ ખોલો ને ? આવી આવી સલામતીની વ્યવસ્થાની શ્રેણિકને કાંઈ જરૂર હતી ? તમારે આટલી સલામતી હોય છતાં પણ જોખમ કબાટમાં કે આગળ વધીને બેન્કમાં મૂકો ને ? રાત્રે પણ કેટલી તકેદારી રાખો ? આ બધી સલામતી મનની કે શરીરની ? તમે અડધી રાત્રે પણ તમારા ઘરમાં ચોર ઘૂસી ન જાય તેની તકેદારી કેટલી રાખો છો ? પરંતુ તમારા મનના દરવાજા ચોવીસે કલાક ખુલ્લા છે ને ? તમારા ઘરને ત્રાસ આપે, લૂંટી જાય, સંતાપ પેદા કરે તે ગુંડા; તેમ મનને ત્રાસ આપે, લૂંટી જાય તેવા કોઇ ગુંડા ખરા ? તે કષાયો છે, જે મનના ગુંડા છે. તે લૂંટવા ન આવે તેના માટે કોઈ lock(તાળું) ખરું ? તેની સલામતી માટે ક્યારેય પણ વિચાર કર્યો છે ?

**સભા :-** *માટે જ અહીંયાં આવીએ છીએ.*

**સાહેબજી :-** તો તો બહુ જ સારું.

અડધી રાતે રોગ આવીને ઉપાડી જઈ શકે, છતાં તમને ઘરમાં સલામતી લાગે છે; કારણ કે આંતરિક અનાથતા શું છે તેનો તમે કદી વિચાર કર્યો નથી. અનાથી મુનિને મા-બાપ, પત્ની બધું જ હતું, છતાં તેમને અનાથતા લાગી. રાજમહેલમાં બેઠા હતા ત્યારે ચારે બાજુ સૈનિકો, સુરક્ષા, સલામતી બધું જ હોવા છતાં તેમને અનાથતા લાગી છે; જ્યારે અત્યારે જંગલમાં એકલા અટૂલા છે, ચારે બાજુ જંગલી પ્રાણીઓ છે; છતાં તેમને ત્યાં સલામતી, સનાથતા લાગી છે.

**બાહ્ય જગતની સનાથતા જુદી વસ્તુ છે,**
**આંતરિક જગતની સનાથતા જુદી વસ્તુ છે.**

બાહ્ય જગત જુદું છે, આંતરિક જગત જુદું છે; આંતરિક સ્વચ્છતા અને બાહ્ય સ્વચ્છતા, આંતરિક ગંદકી અને બાહ્ય ગંદકી, આંતરિક આરોગ્ય અને બાહ્ય આરોગ્ય, આંતરિક રોગ અને બાહ્ય રોગ પરસ્પર જુદા છે. આ નહીં સમજો તો પ્રણિધાન માત્ર શબ્દરૂપે જ આવશે. અનંતકાળથી આત્મા આ જ નથી કરી શક્યો. અનાથી મુનિએ એવું તત્ત્વ વેધકતાથી સમજાવ્યું છે કે શ્રેણિકરાજા સમજી જાય છે. તેમને લાગે છે, "મારું મન કાબૂમાં નથી." એટલે બહારની સલામતી હોવા છતાં જીવનમાં આંતરિક સલામતી નથી, તેમ તેમને લાગે છે અને તેનાથી તેમનું આખું મન ફરી જાય છે.

**બાહ્ય દૃષ્ટિથી જુએ તે મિથ્યાદૃષ્ટિ, આંતરિક દૃષ્ટિથી જુએ તે સમકિતી.**

સમકિતી એટલે પૂર્ણ આંતરિક દૃષ્ટિવાળો જીવ. અમે તમને કહીએ કે તમારામાં સમકિત નથી આવ્યું, તો તમને ખોટું લાગી જાય. અમારે તમને મિથ્યાદૃષ્ટિ ચીતરવા નથી. પણ તમે તેની બધી સીમાઓ પસાર કરી ગયા છો? બરાબર વિચારજો, નહીંતર આત્મવંચના થશે. આગળ આ જ બધી વાતો, કે સામાયિક કરતાં કેવા પ્રણિધાનવાળું માનસ હોય, પૂજા કરતાં કેવા પ્રણિધાનવાળું માનસ હોય, તે આવશે.

# ૬

**અષાઢ વદ એકમ, તા.૧૩-૭-૯૫, ગુરુવાર.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્મા, જગતના જીવમાત્ર, અનંત દુઃખમય એવા સંસારથી મુક્ત થઈ અનંત સુખમય એવા મોક્ષને પામે, તે માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## પ્રણિધાન વગરના ધર્મથી મુક્તિ નથી :

જીવમાત્રને જો સાચા અર્થમાં થાળે પાડવા હોય, શાંત કરવા હોય, સુખી કરવા હોય તો મોક્ષે મોકલ્યા વગર છૂટકો નથી. આ **આખો સંસાર અતૃપ્તિની આગ છે.** આ સંસારમાં ૮૪ લાખ જીવાયોનિમાં એક જગ્યા એવી નથી કે જ્યાં અતૃપ્તિની આગ ન હોય. જીવને પૂર્ણ તૃપ્તિ જોઈતી હોય તો તેના માટે એકમાત્ર મોક્ષ જ આશ્વાસન છે. પરમાનંદ એવો મોક્ષ ખાલી વાતો કરવાથી મળવાનો નથી. સુખમય એવા મોક્ષને મેળવવા માટે જો કોઈ એક સાધન હોય તો તે વિશુદ્ધ ધર્મ જ છે. જે આત્માને આવું સુખ પામવું છે, તેણે વિશુદ્ધ ધર્મને અપનાવવો જ પડે. મોક્ષ એ તો લાંબી મજલની વાત છે, પણ જીવને જો થોડું આંતરિક સુખ કે આંતરિક શાંતિ પામવાં હોય, તો પણ તેણે વિશુદ્ધ ધર્મ જ અપનાવવો પડે; અને અહીંયાંથી જ મોક્ષના સુખની આંશિક પ્રાપ્તિનો પ્રારંભ થાય છે. વિશુદ્ધ ધર્મને આપણે યોગ કહીએ છીએ. યોગ એ જ ધર્મ બની શકે કે જેનું મોક્ષ સાથે કનેક્શન હોય. જેનામાં યોજન કરવાની તાકાત છે, તે જ યોગ બની શકે છે. જૈન શાસનમાં બતાવેલ તમામ ક્રિયાઓ યોગ બનવાની ક્ષમતા ધરાવે છે.

તમારા જીવનમાં તપ-ત્યાગ-સંયમ કે કોઈપણ આરાધનાની આપણે ફેરબદલ કરવાની વાત કરતા નથી, પણ આ બધી ક્રિયામાં પ્રણિધાનભાવને પૂરવાનો છે. જીવ અનંતીવાર ધર્મ કરવા છતાં ક્યારેય પણ આ ભાવને પામ્યો નથી, અને આ પ્રણિધાનભાવ

એ જ આપણી મોક્ષ સાથેની કડી છે. તેના વિના જ આપણી અત્યાર સુધી સાચી અને સારી કરેલ મહેનત પણ નિષ્ફળ ગઈ છે. જેમ ગણિતનો દાખલો કરતાં પદ્ધતિ ભલે સાચી હોય, પણ જો basic equation જ ખોટું હોય તો દાખલો ખોટો જ પડે; તેમ ભૂતકાળમાં જીવે સદ્ગુણો-સદાચારો કેળવ્યા છે, ધર્મ પાળ્યો છે, આરાધનાઓ કરી છે, શ્રાવકનાં બાર વ્રતો પણ પાળ્યાં છે, અણિશુદ્ધ એવું પંચમહાવ્રતયુક્ત સાધુપણું પણ પાળ્યું છે; અત્યારે જે પામ્યા છીએ એ બધાનું પાલન પણ કર્યું છે; પણ મોટી ભૂલ તેમાં એ થઈ ગઈ છે કે, દરેકમાં આપણે પ્રણિધાન વગરના રહી ગયા. તેથી આ ક્રિયારૂપ ધર્મમાં વિશુદ્ધતા ન આવી, પ્રણિધાનરૂપ ભાવધર્મ ન આવ્યો. **પ્રણિધાનનો મહિમા અપરંપાર છે. આત્મકલ્યાણ માટે ભાવ એ પ્રાણ છે. અભવિનો જીવ આ પ્રણિધાનને પામી શકતો નથી, માટે જ તે આત્મકલ્યાણ પણ કરી શકતો નથી.** અભવિના જીવમાં ગુણો ઘણા જ હોય છે. કંઈ બધા અભવિ જીવો દુષ્ટ, ગુંડા કે દુરાચારી નથી હોતા. અભવિ જીવો બે પ્રકારના હોય છે. (૧) ગુણિયલ અને (૨) નિર્ગુણી. કેટલાક અભવિ જીવો પણ મહા ઉદાર, ક્ષમાશીલ, દયાળુ, અનાસક્ત, નિર્વિકારી હોય છે; સદ્ગુણ અને સદાચારયુકત જીવનવાળા પણ હોય છે. કોઈ તેમને જાનથી મારી નાખે, તો પણ તેના તરફ તેમને દ્વેષ ન આવે; દેવલોકની અપ્સરાને સામે લાવીને મૂકો તો પણ નખમાં પણ વિકાર પેદા ન થાય, એવા મન-વચન-કાયાથી અણિશુદ્ધ બ્રહ્મચર્યના પરિણામવાળા હોય છે. આવા જીવો પણ અભવિ હોય. આમ તો તેમનામાં ગુણો કેટલા ? આવા ગુણો તો હજુ આપણે પણ પામ્યા નથી. હા, પણ એટલા માત્રથી તેઓ ઊંચા અને આપણે નીચા તેવું નથી.

**સભા :-** *આપણે ભવિ છીએ તે કેવી રીતે કહેવાય ?*

**સાહેબજી :-** શાસ્ત્રમાં આવે છે કે જે સિદ્ધગિરિની સ્પર્શના કરે તે ભવિ જીવ કહેવાય. જીવોમાં ભવિ, અભવિ, જાતિભવ્ય, દુર્ભવ્ય, આસન્નભવિ જુદા જુદા પ્રકાર છે. ભવ્ય અને અભવ્ય તે મુખ્ય વિભાજન છે, બાકી બીજા પેટા વિભાગો છે. **નિગોદમાંથી જે ભવ્ય જીવો બહાર નથી નીકળતા તે જાતિભવ્ય છે.** અભવિના જીવોને કદી પણ આત્માના સુખની ઝાંખી ન થાય. **આત્માના સુખના સ્વાદનો નમૂનારૂપે પણ અનુભવ ન થાય, તેવા પ્રકારનું આ અભવિનું જીવદળ હોય છે.** ભૌતિકતાને છોડીને તે સુખની

વ્યાખ્યા વિચારી શકતો જ નથી. ભૌતિકતા સાથે જ તેના સુખની વ્યાખ્યા બંધાયેલી હોય છે.

**સભા :-** *પણ સાહેબજી, શાસ્ત્રમાં વર્ણન આવે છે કે અભવિના જીવો પણ સભાને ડોલાવી શકે છે.*

**સાહેબજી :-** હા, શબ્દથી વર્ણન કરવું તે જુદી વસ્તુ છે, શ્રદ્ધાથી માનવું તે પણ જુદી વસ્તુ છે, અને અનુભૂતિની સ્પર્શના કરવી તે પણ જુદી વસ્તુ છે. **અભવિના જીવો તત્ત્વની શ્રદ્ધા કરી શકે, સમજી શકે, ઉપદેશ પણ આપી શકે; પણ તેઓ આત્માના સુખનો અંશથી પણ અનુભૂતિરૂપે સ્વાદ ન લઈ શકે. વિશ્વાસરૂપે તેની શ્રદ્ધા હોય, ઈચ્છારૂપે રુચિ પણ હોય, પણ તેઓ મોક્ષની ઈચ્છા ઓઘથી કરે. તેઓ મોક્ષ માટેની સાધના કરે, પણ તેમની શ્રદ્ધા અનુભૂતિપૂર્વકની નથી હોતી. આવા જીવો અભવ્ય ગણાય છે.**

**સભા :-** *સાહેબજી, અભવ્યનો જીવ ભવ્ય બની શકે ખરો ?*

**સાહેબજી :-** ના, કદી ત્રણ કાળમાં પણ આવું બની શકે નહીં. **અભવિ કદી ભવિ ન થાય અને ભવિ કદી પણ અભવિ ન બની શકે.**

**સભા :-** *અભવિએ એવું શું પાપ કર્યું હશે ?*

**સાહેબજી :-** આમાં પુણ્ય-પાપનો સવાલ જ નથી આવતો. ભવ્યત્વ અને અભવ્યત્વ એ સ્વભાવ છે, જે પ્રકૃતિગત છે. જીવદળ જ તેવા પ્રકારનું હોય છે. જેમ કે જંગલમાં ઘણા એવા પથરા હોય કે શિલ્પી તેની મસ્ત કલાકૃતિ બનાવે, જ્યારે ઘણા એવા પથરા પણ હોય કે શિલ્પી એક ટાંકણું મારવા જાય તો તૂટી જાય. અહીંયાં લાયકાતમાં જ તફાવત છે; જેમ ઘણાં લાકડાંમાંથી ફર્નિચર સરસ બને, અને ઘણાં લાકડાં પર રંધો ફેરવતાં જ બટકી જાય. આ બધી મૂળભૂત લાયકાત છે.

**સભા :-** *લાકડું, પથ્થર એ તો બધું પુદ્‌ગલ છે ને ?*

**સાહેબજી :-** જેમ જડના ગુણધર્મો જુદા હોય છે, તેમ ચેતનના પણ ગુણધર્મો

જુદા હોય છે. જીવમાત્રમાં સ્વભાવનો ફેર હોય છે. ભવ્યત્વ, અભવ્યત્વ પણ વ્યક્તિભેદે બદલાય છે. ભવિ જીવો પણ મોક્ષે એક સમયે કે એક રીતે જતા નથી. મૂળભૂત સ્વભાવથી જ (natureથી) ભવ્ય-અભવ્ય લેવાય છે. પુણ્ય-પાપ એ તો જડ કર્મો છે. તે સુખ-દુઃખ આપવાની તાકાત ધરાવે છે. પુણ્ય-પાપ તો ભૌતિક ક્ષેત્રે અસરકારક છે, જયારે જીવની પ્રકૃતિથી જ ભવ્ય-અભવ્ય જુદા પડે છે. જેમ ઘણા દૂધમાં દહીં નાખો તો તરત સરસ મળી જાય, અને ઘણા દૂધમાં દહીં નાખો તો મળે જ નહીં. કારણ ક્વોલીટીનો તફાવત છે. **અભવિના જીવ આત્માના સુખને સમજાવી શકે, પણ અનુભવી ન શકે.** પણ આપણે ચિંતા કરવાની જરૂર નથી. અભવિના જીવો ઘણા જ થોડા છે. સમગ્ર જીવસૃષ્ટિની અપેક્ષાએ અભવિના જીવો અનંતમા ભાગે છે. અનંતા ભવ્ય જીવે એક અભવ્ય જીવ મૂકીએ તો પણ average ખૂટે. તેથી આપણે તેની ભીતિ રાખવાની જરૂર નથી. હા, પણ જે જીવો ભવ્ય છે, તેણે સાધના કરીને મોક્ષે જવું હોય તો તે જઈ શકે છે; પણ તમે ભવિ છો તેટલા માત્રથી તમે ક્યારેય પણ મોક્ષે જશો જ તેવી ગેરંટી નથી.

**સભા :-** *નિયતિના નિયમ પ્રમાણે મનુષ્યના જીવો ક્યારેય પણ મોક્ષ પામશે તેવી અમારી સમજ છે.*

**સાહેબજી :-** આ તદ્દન ખોટી વાત, ખોટી સમજ છે. નિયતિના હાથમાં કાંઈ જીવને મોક્ષે લઈ જવાનું નથી. અભવિના જીવો પણ મનુષ્ય તો બને છે. ભવ્ય પણ બધા જ મોક્ષે જશે તેવું શાસ્ત્રકારો કહેતા નથી. બાકી ભવ્ય પણ જે જીવ પુરુષાર્થથી આત્મકલ્યાણની સાચી સાધના કરશે તે જ જીવ મોક્ષે જશે. સિદ્ધગિરિની સ્પર્શના કરે તે ભવ્ય જીવ ગણાય.

**સભા :-** *અભવ્ય જીવ બીજા તીર્થોની સ્પર્શના કરે ખરા ?*

**સાહેબજી :-** હા, અભવ્યના જીવો બીજા તીર્થોની સ્પર્શના કરે. આપણે ભવ્ય છીએ, માટે ધારીએ તો આત્મકલ્યાણ કરી શકીએ તેમ છીએ. ભવ્યત્વના કારણે આત્મકલ્યાણ કરવાની તક છે. બાકી જો બધા જ ભવ્ય જીવો મોક્ષે જવાના હોય, તો એક દિવસ સંસારમાં એવો આવે કે, ફક્ત અભવિના જીવો જ સંસારમાં રહી જાય. પણ તેવું બનવાનું નથી. વળી કાયમ ખાતે ભવ્ય જીવો પણ સંસારમાં રહેવાના

જ છે. ભવ્યમાં પણ અનંતમો ભાગ જ મોક્ષે જશે. નવ્વાણું પોઈન્ટ નવ્વાણું ટકા ભવ્ય જીવો પણ સંસારમાં રખડતા રહેશે. કદાચ પોઈન્ટ ઝીરો, ઝીરો, ઝીરો વન પણ બોલું તો પણ આંકડો ઓછો પડે. માટે જો મોક્ષે જવામાં તમારે નંબર લગાડવો હોય તો ઉપદેશ સાંભળી પુરુષાર્થ કરવાનો છે. બાકી ભવ્યત્વનો સિક્કો મળી જવાથી ખાલી મૂછે હાથ દઈને ફરો તો ચાલે નહીં. ઘણાની એવી માન્યતા છે કે અમે ભવિ છીએ, માટે, અમારો એક દિવસ મોક્ષ નક્કી છે. અને પાછા શાસ્ત્રમાં આવતાં ઈલાચીકુમાર, ભરત ચક્રવર્તી કે ચોરીમાં ફરતાં ફરતાં પણ કેવળજ્ઞાન થયેલાનાં દૃષ્ટાંતો સાંભળો, એટલે થાય કે બસ, ઓચિંતી ભાવના જાગશે અને અમને પણ કેવળજ્ઞાન થઈ જશે. પણ હકીકતમાં તેવું નથી. જીવ મોક્ષમાર્ગનાં ક્રમસર પગથિયાં ન ચઢે તો કદી પણ તેનો મોક્ષ થતો નથી. **જે જીવો નાચતાં નાચતાં કે ખાતાં ખાતાં કે અરીસાભવનમાં પણ કેવળજ્ઞાન પામ્યા છે, તે બધાએ પણ આ ચૌદ ગુણસ્થાનકરૂપ મોક્ષમાર્ગનાં પગથિયાં ક્રમસર પાસ કર્યાં જ છે. એક પણ દાખલો એવો નથી કે આને પાસ કર્યા વગર જીવનો મોક્ષ થયો હોય.** હા, કોઈને વધારે સમય લાગે તો કોઈ જીવ ઝડપથી પસાર કરે.

**સભા :-** *speed(ઝડપ)થી મોક્ષ થાય તેના માટેનું કારણ શું ?*

**સાહેબજી :-** speed માટે અંદરથી force(બળ) જોઈએ. તમારો તો માંદલો ધર્મ હોય છે. અંદરથી ધર્મ માટેનો power(શક્તિ) ક્યાં છે ? નવકાર ગણતાં ક્યારેય પણ ભાવોનો force આવે છે ખરો? પુરુષાર્થ કે વીર્યનો ધોધ વહે છે ખરો ? કે ફક્ત ખાલી સંસારમાં જ force આવે છે ? ઘણા ફરિયાદ કરતા હોય છે કે સાહેબ, નવકાર ગણીએ છીએ, પણ કાંઈ અનુભવમાં આવતું નથી. નવકારમાં તો તાકાત ઘણી જ છે, પણ તમારામાં પાણી કે power નથી. એક વખત અંદરથી પુરુષાર્થ જાગ્રત થાય, પછી આત્મા ખૂબ ઓછા સમયમાં ધ્યેયને પામી જાય છે.

**સભા :-** *મોક્ષે જતાં પહેલાં ૧૧મા ગુણસ્થાનકે જીવને આવવું જ પડે ?*

**સાહેબજી :-** તમે આમ આંકડાને વળગી ન રહો. ત્રણ ગુણસ્થાનક તો સાઈડ ટ્રેક છે. વિકાસના ક્રમ માટે તો અગિયાર ભૂમિકા જ છે. જીવ જો સ્ટ્રેઈટ લાઈનમાં જાય તો તેને ૧૧ સ્ટેપ(પગથિયાં) પસાર કરવાં પડે, તે આ પ્રમાણે : ૧,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૨,૧૩,૧૪. ૨જું, ૩જુ, અને ૧૧મું ગુણસ્થાનક તો side

track છે. ૨જું ગુણસ્થાનક તો ઉપરથી પડતાને આવે અને ૩જું ગુણસ્થાનક ઝોલા ખાનારને આવે. જ્યારે ૧૧મું ગુણસ્થાનક એવું છે કે જેમ દાદર ચઢતાં માણસ જો કઠેડામાં ભરાઈ જાય તો પાછા નીકળતાં પડવું પડે. આ side track છે, માટે નીચે જાય.

**સભા :-** *૧૧માં ગુણસ્થાનકેથી જીવ કેટલે સુધી નીચે જાય ?*

**સાહેબજી :-** ઉપરથી નીચે પડતાં જો ધ્યાન ન રહે તો ઠેઠ તળિયે પણ જાય, અને જો પાછું ચઢતાં આવડે તો જીવ પાછો ઠેઠ ઉપર પણ આવી જાય. ધ્યાન ન રહે તો ૧૧મેથી જીવ નિગોદમાં પણ પહોંચી જાય. બન્ને પ્રકારના જીવો મળે. મોક્ષમાર્ગના વિકાસક્રમમાં ૧૪ ભૂમિકામાંથી ૧૧ ભૂમિકા જ ચઢવાની છે. છતાં પણ ૧૪ ભૂમિકા કેમ ગણાવી ? આ ચૌદે ચૌદ ભૂમિકા અધ્યાત્મની ભૂમિકા છે. પછી તેમાં ૨જું ગુણસ્થાનક હોય કે ૩જું ગુણસ્થાનક હોય કે ૧૧મું ગુણસ્થાનક હોય. ૧૪ ગુણસ્થાનકમાં સર્વે ભૂમિકા અધ્યાત્મની હોવાના કારણે બધી ભૂમિકાને તે માર્ગમાં વર્ણવવી પડે. હવે જે લોકો સીધા ચડે છે તે ૧૧માને touch(સ્પર્શ) ન કરે, જેમ મરુદેવામાતાએ ૧૧મું touch ન કર્યું અને સડસડાટ આગળ ચાલ્યાં ગયાં. પણ અધ્યાત્મની આ બધી સાઈડની ભૂમિકામાં પણ કોઈ જીવો આવતા હોય છે, તેથી બતાવવી પડે.

## અધ્યાત્મની સાધના અનુકૂળ કાળ ચરમાવર્ત, તેનું લક્ષણ ગુણનો અદ્વેષ:

**સભા :-** *ગુણસ્થાનકમાં આવવા દીક્ષા લેવી પડે ?*

**સાહેબજી :-** ના, ભગવાનના શાસનમાં સાધુ-સાધ્વી સાથે સંઘ તરીકે શ્રાવક-શ્રાવિકાને પણ સ્થાન છે. તમારે અત્યારે ભલે આચાર-વિચાર ન હોય કે ભૂમિકા પણ ન પામ્યા હો; તો પણ તમે દ્રવ્યથી તો શ્રાવક કહેવાઓ. પણ ભગવાનના કાળના સંઘના શ્રાવકો તો ભાવશ્રાવક હતા, જે પાંચમા ગુણસ્થાનકમાં હોય છે. બધા શ્રાવકો ગુણસ્થાનક પામેલા, અધ્યાત્મ પામેલા હોય છે. માટે ગુણસ્થાનકમાં આવવા દીક્ષા લેવી પડે તેવું નથી. હા, ઉપરનાં ગુણસ્થાનકો સાધુ માટે reserve છે. તેમાં આવવા માટે દીક્ષા લેવી પડે. પરંતુ યોગમાર્ગ ફક્ત સાધુ માટે છે તેવું નથી, શ્રાવકને પણ યોગી કહ્યા છે. તમે ભૂમિકા પામ્યા છો કે નહીં તે બધાં લક્ષણો પરથી નક્કી કરવાનું

છે. અભવ્યનો જીવ તો મોક્ષે જવાનો નથી, પણ તમે ભવ્ય છો માટે સાધનાપૂર્વક સક્રિય રહેવાનું છે. જો મોક્ષે જવું હોય તો મોક્ષમાર્ગ ૧લા ગુણસ્થાનકથી છે. તેમાં શરૂઆતમાં જ પ્રણિધાન નામના ભાવને સ્પર્શ કરવાનો છે.

**મોક્ષમાર્ગની પ્રાપ્તિ પહેલાં બોર્ડર લાઈન ચરમાવર્ત છે. તેની બહારના જીવો મોક્ષમાર્ગ પામ્યા નથી, અને તેનામાં અત્યારે તેની લાયકાત પણ નથી. તે જીવો ગમે તેટલો ધર્મ કરે, સદાચાર-સદ્‌ગુણો પામે, કેળવે, પણ તે ધર્મ કદી પણ તેમને મોક્ષસાધક બને નહીં. શાસ્ત્રોમાં આ વાત ઠોકી ઠોકીને કહી છે. પથ્થરની લકીર જેવી વાત છે.** તેથી ચરમાવર્ત પહેલાંનો જે પુરુષાર્થ છે, તે નિષ્ફળ જ જવાનો છે. આત્માએ જો કલ્યાણ કરવું હોય તો સૌ પહેલાં ચરમાવર્ત પામવો જ પડે. અનંતીવાર જીવે ધર્મ કર્યો, સદાચાર કેળવ્યા પણ બધું નિષ્ફળ કેમ ગયું ? તો કહે છે કે જીવ ચરમાવર્ત જ પામ્યો નહોતો. **ચરમાવર્ત પામ્યા પછી મોક્ષમાર્ગ પામવાનો છે.**

**સભા :-** *ચરમાવર્ત પામવા જીવે શું કરવું જોઈએ ?*

**સાહેબજી :-** ગઈ કાલે આના ઉપર ચર્ચા થઈ છે. **ગુણનો અદ્વેષ પામ્યા વગર જીવ ચરમાવર્ત પામી શકતો નથી.** ગુણનો અદ્વેષ તે ગુણના દ્વેષનો વિરોધી છે. જેનામાં ગુણનો દ્વેષ હોય તેનામાં કદીપણ ગુણનો અદ્વેષ ન હોય. અદ્વેષ એ negative form(નકારાત્મકરૂપ) છે. અને આ statement(વિધાન) ક્યારે થાય ? કે જ્યારે positive compulsory nil(વિધેયાત્મક શૂન્ય) હોય ત્યારે જ થાય. દા.ત., જેમ આ મકાનમાં માણસ છે કે નહીં ? તે વખતે જ્યાં સુધી મકાનમાં એકપણ માણસ હોય ત્યાં સુધી એમ ન કહેવાય કે મકાનમાં માણસ નથી. હા, એમ કહી શકાય કે મફતભાઈ નથી, કિશોરભાઈ નથી, ફલાણા નથી; પણ માણસ નથી તેમ તો ન જ કહેવાય. એકપણ માણસની હાજરી મકાનમાં ન હોય તો જ એ વિધાન થાય. તેમ એકપણ ગુણ પ્રત્યેનો દ્વેષ જીવમાં હોય ત્યાં સુધી એમ ન કહી શકો કે તેનામાં ગુણનો અદ્વેષ છે. આત્માના ગુણો અનંતા છે. લાખો ને કરોડો તો ગણી શકાય તેમ છે. તેમાંથી જીવને બે ગુણ, પાંચ ગુણ, પચીસ ગુણ ગમતા હોય; ઉપરાંત અમુક ગુણો તમે પામી પણ શક્યા હો, ખીલવી પણ લીધા હોય, સ્થિર પણ કર્યા હોય; તે વખતે જીવમાં particular (અમુક ચોક્કસ) ગુણોનો રાગ પણ હોય; છતાં જો ઊંડે ઊંડે

એક પણ ગુણ પ્રત્યે અરુચિ, કંટાળો, દ્વેષ હોય તો તમે ગુણના અદ્વેષનો દાવો કરી શકો નહીં.

**સભા :-** *આ તો બહુ જ અઘરી વાત છે.*

**સાહેબજી :-** તમને અઘરી વાત લાગે છે, પણ આ તો એકડાનો પણ એકડો છે. તમે ધર્મ ન કરી શકો તે બની શકે, કદાચ ઓછોવત્તો પણ કરી શકો, કદાચ બહુમાન કે અનુરાગ પણ ન હોય, પણ ધર્મ પ્રત્યે દ્વેષ તો ન જ જોઈએ. ધર્મ એ ગુણમય છે. ગુણ અને ધર્મને અભેદ છે. આત્મામાં અનંતકાળથી ભારેમાં ભારે આ જ ઝેર છે કે આપણને જન્મોજન્મથી ધર્મ પ્રત્યે અણગમો, અરુચિ, દ્વેષ અવ્યક્તપણે છે. તમે કહેશો સાહેબ, અમે ધર્મ કે ધર્મીની નિંદા નથી કરતા, જે નિંદા કરે છે તેને વખોડીએ પણ છીએ, ઊલટું, કોઇ ધર્મ કરે તો રાજી પણ થઈએ છીએ, બીજાને ધર્મ કરવા પ્રેરણા પણ કરીએ છીએ. પણ ખરી મુશ્કેલી અહીંયાં જ છે. જીવનમાં વિસંવાદિતા ક્યાં છે ? બરાબર ધ્યાનથી સાંભળજો. તમે જે કરો છો, જેને તમે સારું માનો છો, તેના પ્રત્યે જ મનમાં તમને ઊંડે ઊંડે અણગમો પડ્યો હોય છે; પણ તે વ્યક્ત નથી, તેથી જ તમે છેતરાઓ છો. તમે ધર્મને કરવા લાયક માનો છો, ધર્મ જોઈને આનંદિત પણ થાઓ છો. ગુણિયલ તમને મળે તો તમે ખુશ થાઓ કે નાખુશ થાઓ ? હા, વ્યક્તિગત વાંધો નથી લેવાનો. તમને કદાચ રસ્તે જતાં ખબર પડે કે આ માણસ બહુ જ પરોપકારી છે, તપસ્વી છે, અપરિગ્રહી છે, પછી ભલે તે વ્યક્તિ xyz હોય; છતાં પણ તમને આ સાંભળી તેના પ્રત્યે ઘૃણા નથી થતી; સાહજિકતાથી તેનાં વખાણ કરો છો, આપમેળે રાજી થાઓ છો, માટે તમે ગુણિયલના પ્રશંસક છો. જે તમારી વ્હાઈટ સાઈડ છે, તે તો હું સ્વીકારું છું. ગુણિયલ જોઈને તમે રાજી થનારા છો, પણ તમને ગુણિયલ ગમે તેટલામાત્રથી ગુણ ગમે છે તેવું નથી. આપણે ગુણિયલ જોઈને રાજી થઈએ છીએ, માટે આપણને ગુણ ગમે છે, આ અવલોકન-પૃથક્કરણ એ આપણી અજ્ઞાનતા છે. ગુણિયલ ગમે તેટલામાત્રથી ગુણ ગમે તેવું ધોરણ નથી. દુર્ગુણી નથી ગમતા તેટલામાત્રથી ગુણ ગમે છે તેવું નથી. નવ્વાણું પોઈન્ટ નવ્વાણું ટકા જીવોને ગુણિયલ તો ગમવાના જ. બધા જીવોને બીજા પાસેથી સારા વ્યવહારની જ અપેક્ષા હોય છે. તમારા તરફ કોઈ સારો વ્યવહાર કરે તે ગમે કે ખરાબ વ્યવહાર કરે તે ગમે ? લુચ્ચા માણસને પણ સરળ મળે તો ગમે. જુઠ્ઠા માણસને પણ સાચો

માણસ પોતાનું કામ કરવા માટે મળે તો ગમે. અપ્રામાણિક માણસને પણ જો તેની સામે અપ્રામાણિક મળે તો ગમે કે પ્રામાણિક મળે તો ગમે ? પણ એટલા માત્રથી તેને પ્રામાણિકતા ગમે છે તેવું નથી.

**સભા :-** *સારા જીવોની અનુમોદના કરીએ તો ગુણો આવે ?*

**સાહેબજી :-** તમે કયા ભાવથી અનુમોદના કરો છો તેના પર આધાર રાખે છે. ઘણી વખત સારાની અનુમોદના કરવાથી આપણી છાપ સારી પડે, માટે પણ કરાતી હોય છે. ઘણી વખત સાંભળ્યું હોય છે કે સારાની અનુમોદના કરવાથી પુણ્ય બંધાય, માટે પણ કરાતી હોય છે. તમે અમને સારા માનો છો ને ? માટે જ અમને વંદન કરો છો, પગે લાગો છો, ખમાસમણાં આપો છો, અમારા તરફ અહોભાવ વ્યક્ત કરો છો, માટે તમે અમને સારા માનો છો; પણ અમારી પાસે જે સારાપણું છે, જેના કારણે તમે આ બધું કરો છો, તે તમને જોઈએ છે ? જેમ કોઈ કરોડનું દાન કરે તો તેના તમે વખાણ કરી લો, પણ દાન કરવાનું આવે તો ગમે ખરું ? **ગુણની અનુમોદના કરી પણ ગુણની અભિલાષા નથી. તમને ગુણિયલનો રાગ છે, પણ ગુણનો રાગ નથી. ગુણનો રાગ તે ગુણિયલના રાગ કરતાં સ્વતંત્ર છે. તમારી અનુમોદના ઔપચારિક છે, સાચી અનુમોદના નથી.** સંસારમાં લગભગ જીવોની આ જ પરિસ્થિતિ છે. જેમ અત્યારે ખેરનાર છે, જેને તમે પ્રામાણિક ઑફિસર તરીકે વધાવવા તૈયાર છો. પણ તમારા જીવનમાં પ્રામાણિકતા અપનાવવા ઈચ્છા છે ? જેમ ભ્રષ્ટાચાર સામે મોરચો કરવાનો હશે તો બધા તૈયાર, પણ તમારા જીવનમાંથી ભ્રષ્ટાચાર કાઢવાની ભાવના છે ?

**સભા :-** *રુચિ પ્રામાણિકતાની હોય તો જ પ્રામાણિક માણસને વધાવીએ ને ?*

**સાહેબજી :-** ના, તેવું નથી. પ્રામાણિક માણસ તમારી તરફ સારું વર્તન કરે છે માટે ગમે છે; જ્યારે અપ્રામાણિક માણસ તમને ઠગે છે માટે નથી ગમતો. તેથી પ્રામાણિકતા ગમે છે તેવો અર્થ નથી. કોઈ વ્યક્તિને પ્રામાણિકતા ગમતી હોય અને છતાં તે પ્રામાણિકતાને ન અપનાવી શકતો હોય તેવું બને, પણ તેને તેના જીવનમાં તેનો ડંખ કેટલો હોય ? પોતે નથી અપનાવી શકતો તેને પોતાની નબળાઈ ગણતો

હોય; તે કાંઈ અપ્રામાણિકતા કરીને મૂછે હાથ દઈને ફરતો હોય ? લોકોને પ્રામાણિકતા નથી જોઈતી, પણ પ્રામાણિક માણસ જોઈએ છે.

**સભા :-** *પ્રામાણિકતા ગમે તો પ્રામાણિક માણસ ગમે ને ?*

**સાહેબજી :-** ના, તેવું નથી. ગુંડાને પણ સજ્જન માણસ જ ગમતો હોય છે. જુઠ્ઠાને પણ સાચો મળે તો વધારે ફાવે કે સામે જુઠ્ઠો જ મળે તો ફાવે ? લુચ્ચાને ભોળો મળે તો ફાવે કે લુચ્ચો મળે તો ફાવે ?

**સભા :-** *લુચ્ચાને ભોળો મળે તો કદાચ તે સુધરી જાય.*

**સાહેબજી :-** હૃદય-પરિવર્તન થાય તો સુધરે, નહીંતર તો ભોળાને ડબલ લૂંટી લે. તમારા હૃદયમાં જ્યાં સુધી appeal(સંવેદન) નથી, ત્યાં સુધી જીવનો turning point આવતો નથી. તેના માટે તો હૃદય-પરિવર્તન અનિવાર્ય છે. સજ્જન ગમે, છતાં સજ્જનતા ગમે તેવું નથી. જરા આત્માને પૂછજો, સદાચારી ગમે છે કે સદાચાર ગમે છે ? ગુણ ગમવા જુદી વસ્તુ છે, ગુણિયલ ગમવા જુદી વસ્તુ છે. વિચારજો, જીવનમાં તમારી ડિમાન્ડ(માંગ) શું ? બીજા તરફથી અપેક્ષા શું ? ક્રોધીને પણ સામે ક્રોધ કરે તો ગમતું નથી. તે વખતે તો સામી વ્યક્તિ ક્ષમા રાખે તે જ ગમે છે. દુષ્ટને પણ દુષ્ટ ગમતા નથી. માટે અંદર તપાસજો, ગુણ સારા લાગે છે કે નહીં ?

**સભા :-** *ચોક્કસ ગુણ સારા લાગે છે.*

**સાહેબજી :-** વિચારી, તોલી તોલીને બોલજો, ફરી ના જતા. જે વ્યક્તિને જે વસ્તુ સારી લાગતી હોય તે મેળવવાની તેને ઇચ્છા થયા વગર રહે ખરી ? રસ્તે જતાં મોટર સારી લાગે, તો તે મળે તો રાજી ખરા કે નહીં ? હા, મળે તેવી ત્રેવડ ન હોય તો ચૂપચાપ બેસી રહો. તટસ્થતાથી વિચારજો કે ભૌતિક જગતમાં પણ એક નમૂનો એવો છે કે વસ્તુ ગમી હોય ને તે મેળવવાની ઇચ્છા ન થઈ હોય ? જો ગુણ સારા લાગતા હોય તો સતત ગુણની અભિલાષા હોય, તલપ હોય. જેવી પૈસા મેળવવાની તલપ છે, તેવી ગુણો મેળવવાની તલપ ખરી ? બધું બોલવું સહેલું છે, પણ અપનાવવું મુશ્કેલ છે. પ્રણિધાન, મનનું પાયામાંથી પરિવર્તન માગે છે. અનંતકાળથી મન જે

દિશામાં ગોઠવાયેલું છે, તેમાંથી કાઢીને આ પ્રણિધાનમાં ગોઠવવાનું છે. માટે પ્રણિધાનને અમે પાયો કહીએ છીએ. **જેમ પાયા વગરનું મકાન નકામું છે, તેમ પ્રણિધાન વગરનો ધર્મ પાયા વગરનો છે.** તેથી જ મહાપુરુષો કહે છે કે પ્રણિધાનને પામો. તમારી દરેક ક્રિયામાં પ્રણિધાન છે કે નહીં, તે જુઓ.

**સભા :-** *પ્રણિધાનને અપૂર્વ કહી શકાય ?*

**સાહેબજી :-** હા, ચોક્કસ કહી શકાય. અનંતકાળથી જીવ જે નથી પામી શક્યો, તેને પામે તો તે અપૂર્વ જ કહી શકાય. માટે તે તત્ત્વથી અપૂર્વ જ છે. મોક્ષમાર્ગ પામવાના બધા ભાવો અપૂર્વ જ કહી શકાય. તેમાંથી અમુક અપૂર્વકરણ બોલાય છે, તે વિશેષ છે. બાકી ક્રમસર ન પામેલા અપૂર્વ ભાવો જ છે. જેમ તેને પામતા જાઓ તેમ મોક્ષમાર્ગ પર ચઢાણ થતું જાય છે. ગુણનો અદ્વેષ જો જીવ સાવચેત હોય તો તેને પામવો સહેલામાં સહેલો છે. કોઈપણ ગુણ પ્રત્યે દ્વેષ ન જોઈએ. ગુણ પ્રત્યે રાગ ન હોય તો ચાલે, ઈચ્છા ન હોય તો ચાલે, આચરણ ન હોય તો ચાલે; પણ દ્વેષ તો ન જ જોઈએ. જો દ્વેષ રાખીને ધર્મ કરો તો તે ધર્મ ફળે કઈ રીતે ? પરમાત્માની ભક્તિ દ્વેષ રાખીને કરો તો તે ભક્તિ કઈ રીતે ફળે ? તે કેમ ન ફળે ? તો કહે છે કે તમારી અંદરમાં દ્વેષનું ઝેર પડેલું છે. માટે પરમાત્માની પ્રીતિ દ્વેષરહિત જોઈએ.

**સભા :-** *એક પણ ગુણ પ્રત્યે દ્વેષ હોય તો ચરમાવર્ત નથી ને ?*

**સાહેબજી :-** હા, બરાબર છે.

**સભા :-** *અમારામાં કેટલા રાગ-દ્વેષ ભરેલા છે ?*

**સાહેબજી :-** તેની પંચાત અત્યારે ક્યાં કરો છો ? તમારા મનના બધા રાગ-દ્વેષ તૂટે પછી જ ચરમાવર્ત આવે તેવું નથી. દુનિયામાં ગમે તે વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે રાગ-દ્વેષ હોય, પણ ગુણ પ્રત્યે તો દ્વેષ ન જ જોઈએ, તેટલી જ વાત છે. તમે બધા વીતરાગ છો ? તે તો ૧૨મા ગુણસ્થાનકે થવાશે. તે તો શિખર છે. આ તો આપણે તળેટીની વાત કરીએ છીએ. આ તો પ્રાથમિક ધર્મની વાત છે. બધા દ્વેષ ન કાઢી શકો તે બને, પણ ગુણનો દ્વેષ તો ન જ જોઈએ. જગતમાં જે પણ સારું છે તે બધું ગુણરૂપ જ છે. જો ગુણને જ તમે કાઢી નાખો તો આ સંસારમાં કાંઈ સારું રહે ખરું?

**સંસારમાં જે રહેવા જેવું લાગે છે, તેનું કારણ સદ્‌ગુણો જ છે.** જો બધા જ ગુંડા બની જાય તો તમે ઘરમાં પણ રહી શકો ખરા ? માટે દુનિયામાં જે સારું છે તે બધું ગુણને આભારી છે. આ **સંસારનું સાર તત્ત્વ છે, તે ગુણરૂપ જ છે; તેથી તેનો તો દ્વેષ ન જ જોઈએ. અનુબંધની દૃષ્ટિએ ગુણદ્વેષ જેવું કોઈ ભારે પાપ નથી. હિંસા જેટલી ભયંકર નથી તેટલો અહિંસા પ્રત્યેનો દ્વેષ ભયંકર છે. અસત્ય જેટલું ભયંકર નથી તેના કરતાં સત્ય પ્રત્યેનો દ્વેષ ભયંકર છે.** આ બધાને કાઢ્યા વગર જીવ ચરમાવર્તને પામી શકતો નથી.

**સભા :-** *ચરમાવર્ત કાળ એટલે એક પુદ્‌ગલપરાવર્તકાળ ?*

**સાહેબજી :-** હા, એક પુદ્‌ગલપરાવર્તકાળ. જીવ આજ સુધી જેટલું રખડ્યો છે તેની અપેક્ષાએ આ કાળ સમુદ્રના એક બિંદુ જેટલો છે.

**સભા :-** *જે જીવ ચરમાવર્તમાં આવી ગયો, તેનો મોક્ષ ક્યારે થાય ?*

**સાહેબજી :-** ચરમાવર્તમાં આવ્યા પછી જે જીવ પુરુષાર્થ શીઘ્ર કરે તો તેનો મોક્ષ ઘણો વહેલો થાય. જો પુરુષાર્થ વધારે ન કરે તો પણ એક પુદ્‌ગલપરાવર્તકાળમાં તો પુરુષાર્થ પ્રમાણે અવશ્ય મોક્ષ થાય. પુરુષાર્થ ઊંધો કરે તો પુદ્‌ગલપરાવર્તકાળ મર્યાદા અનુસારે વધારે ભટકે. ચરમાવર્તમાં જીવ આવે એટલે તેનો સંસાર જે અત્યાર સુધી અનલિમિટેડ હતો, તે લિમિટમાં આવી ગયો. મોક્ષ વહેલો-મોડો થાય, પણ ચરમાવર્તની રેન્જની બહાર તો નહીં જ થાય.

**સભા :-** *એક જીવ ચરમાવર્તમાં આવી ગયો છે અને બીજો જીવ જે ચરમાવર્તની બહાર છે, તો અચરમાવર્તીનો મોક્ષ પેલા કરતાં વહેલો થઈ શકે ?*

**સાહેબજી :-** હા, બની શકે. કોઈ સ્પીડ વધારે તો થાય ખરો. જેમ એક માણસ ગાડીમાં જતો હોય અને એક પાછળ ચાલતો હોય. પણ ગાડીવાળો જો અટકી જાય અને પેલાને કોઈ વાહન મળી જાય તો તે તેના કરતાં આગળ નીકળી જાય. આગળ નીકળેલ પાછળ રહી શકે છે. બધો આધાર ગતિ પર છે. મહાવીર ભગવાનને જનમજનમની સાધનાથી મોક્ષ થયો છે, જ્યારે દૃઢપ્રહારી છ મહિનામાં મોક્ષે ગયા

છે. દૃઢપ્રહારી પાપથી ભારે છે, તો પણ છ મહિનામાં મજલ કાપી દીધી; જ્યારે પ્રભુ મહાવીરે અંતિમ ભવમાં પણ સાડાબાર વર્ષની ઉગ્ર આરાધના કરી છે. speed ઉપર વહેલા-મોડાનો આધાર છે. આપણા જૈનશાસનમાં કોઈની monopoly નથી. છતાં **ચરમાવર્તમાં નહીં આવેલ જીવનું ભાવિ ભેંકાર છે, જ્યારે ચરમાવર્તમાં આવેલ જીવનું ભાવિ નિશ્ચિત થઈ ગયું છે.** અત્યાર સુધી જીવનું જે પરિભ્રમણ ચાલુ હતું અને ભવિષ્યમાં પણ ભ્રમણની સીમા નહોતી, તેમાં જો જીવ ચરમાવર્તમાં આવે એટલે તેના પરિભ્રમણની સીમા નિશ્ચિત થઈ જાય છે.

**સભા :-** *ચરમાવર્તમાં આવેલ જીવને ફરી પાછો ગુણનો દ્વેષ આવી શકે ?*

**સાહેબજી :-** હા, પણ જે તેના reserve benefit(કાયમી લાભ) છે, તે જવાના નથી. મોક્ષમાર્ગની ભૂમિકા પામો તેના તાત્કાલિક લાભ જુદા, દૂરવર્તી લાભ જુદા અને રિઝર્વ લાભ જુદા હોય છે. જેમ મિથ્યાત્વમાંથી સમકિતને પામો એટલે તાત્કાલિક આત્માનું સુખ મળે, આંતરિક ગુણો મળે, મનની શાંતિનો અનુભવ થાય. આ બધાં તાત્કાલિક ફળ છે. પહેલાં આ મળે છે, અને લાંબા ગાળાના ફળમાં સમ્યગ્દૃષ્ટિ આત્માને ચોવીસે કલાક નિર્જરા ચાલુ હોય, પુણ્યનો બંધ ચાલુ હોય; ગમે તેવાં પાપ કરે તો પણ પાપ બે પાંચ ટકા જ બંધાય, અને પુણ્ય જે બંધાય તે પુણ્યાબંધીપુણ્ય જ હોય. આ બધા લાંબા ગાળાના લાભો છે. અને સમકિતથી પતન પામી ગમે તેટલાં ઘોર પાપ કરે તો પણ સમકિતી અર્ધપુદ્ગલપરાવર્તમાં અવશ્ય મોક્ષે જાય. તે કાયમી અનામતરૂપ સમકિતનો લાભ છે.

**સભા :-** *૧૧મા ગુણસ્થાનકમાંથી પડીને જીવ નિગોદમાં પણ ગયા ને ?*

**સાહેબજી :-** ૧૧મેથી લાખ ચઢ્યા હોય પણ એક પડી ગયો હોય તેને તમે પકડી રાખો તેવા છો. મોટે ભાગે ૧૧મું પામ્યા પછી જીવ છેક નીચે પડતો નથી. જેમ સમકિતનો સ્વાદ જે જીવે ચાખ્યો હોય, તે જીવ તે સ્વાદને મૂકવા તૈયાર કેમ થાય? એક વાનગી તમને ભાવી ગઈ તો ખાવાની છોડો ખરા ? દરરોજ ખાવાની ત્રેવડ ન હોય તો યાદ તો કરો જ. **સમકિતને શાસ્ત્રમાં અપ્રતિપાતિ ગુણ કહ્યો છે. તે જવલ્લે જ પડે, અને પડે તો તેને નિકાચિત કર્મ જ પાડે. સમકિતીને પાડનાર એક જ નિકાચિત કર્મ છે. તે મિથ્યાત્વમોહનીય કર્મ છે.**

**સભા :-** શ્રેણિક મહારાજા સમકિત પામીને નરકમાં ગયા ?

**સાહેબજી :-** શ્રેણિક મહારાજા સમકિતથી પડ્યા નથી, પણ સમકિત પામતાં પહેલાં તેમણે નરકનું આયુષ્ય બાંધી લીધું છે, માટે નરકમાં ગયા છે. જેમ તમને કોઈ ધંધામાં gurantee (ખાતરી) સાથે કમાણી જ હોય, ક્યારે પણ down trend (પડવાનું) ન આવે તેવા ધંધાની line તમારા હાથમાં આવી ગઈ હોય, પણ એ પહેલાં તમે ૫૦ લાખનું નુકસાન કર્યું હોય, તે આ line મળ્યા પછી ચૂકવવું પડે, તો શું એમ કહેવાય કે આ lineમાં તમે નુકસાન કરો છો ? કે આ lineને કારણે તમે ગુમાવો છો ? તેમ સમકિતીની દુર્ગતિ થાય તો તેની ભૂતકાળની ભૂલથી જ થાય છે, અને પતન નિકાચિત કર્મથી જ થાય છે.

# ૭

અષાઢ વદ બીજ, તા. ૧૪-૭-૯૫, શુક્રવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ, જગતના જીવમાત્ર, સંસારના પ્રણિધાનનો ત્યાગ કરી મુક્તિના પ્રણિધાનને પ્રાપ્ત કરે, તેના માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## સંસારની મુખ્ય જડ :

**અનંતકાળથી આપણો આત્મા સંસારના પ્રણિધાનથી રખડ્યા કરે છે, અને આ જ સંસારનું પ્રણિધાન આત્માને મોક્ષના પ્રણિધાનમાં અવરોધક બને છે. ધર્મના ક્ષેત્રમાં પ્રણિધાનને પામવા માટે મનની દિશા બદલવી જ પડે. પરંતુ આપણે તે બદલી શકતા નથી, તો તેમાં નડતર ક્યાં છે ? તો મહાપુરુષો કહે છે કે અનંત અનંતકાળથી આત્માને સ્વદોષનો ગાઢ રાગ છે, અને સ્વગુણો પ્રત્યે દ્વેષ છે. આમ, આપણને બીજાના ગુણો ગમતા હોય છે, પરંતુ જાત માટે તે મેળવવાનું કેમ મન નથી થતું ? તેમ બીજાના દોષ આપણને ગમતા નથી, છતાં આપણા દોષો પ્રત્યે ગાઢ રાગ છે. આ દુનિયામાં દુર્ગુણી આપણને ગમતા નથી, છતાં દુર્ગુણો પ્રત્યે રાગ છે; સદ્‌ગુણી પર રાગ છે, છતાં ગુણો પરનો દ્વેષ જતો નથી. અનંત અનંતકાળથી આત્મા આ ઊંધી કડી પકડીને બેઠો છે અને આ જ આત્મા માટેનું ભારેમાં ભારે ઝેર છે. મિથ્યાત્વની મૂળ જડ આ જ છે. મિથ્યાત્વના આધારરૂપ સ્તંભ બે, (૧) સ્વદોષ પ્રત્યે ગાઢ રાગ અને (૨) સ્વગુણ પ્રત્યે ગાઢ દ્વેષ. અનંતકાળથી આ ઊભી થયેલી મજબૂત ગાંઠ છે.** આ ૮૪ લાખ જીવાયોનિરૂપ સંસારમાં જીવ ગમે તેટલો સારો બને, સદ્‌ગુણો કેળવે, પણ આ ગાંઠના કારણે જ જીવ સંસારની ચુંગાલમાંથી નીકળી શકતો નથી. તેનાથી જ સંસારનું ચક્ર ચાલે છે.

આપણું પરિભ્રમણ આત્મા પર લાગેલાં કર્મોના કારણે જ છે. આમ તો કોઈ એક કર્મ આત્મા પર સતત રહેતું નથી, પણ કર્મોનો પ્રવાહ આત્મા પર સતત ચાલુ

જ છે. જો કર્મનો બંધ પ્રવાહરૂપે અટકે તો જ આત્મા પરથી કર્મનો સ્ટોક ખાલી થાય. કર્મનો બંધ આત્મા પર ચોવીસે કલાક ચાલુ છે. પ્રતિક્ષણ સાત કર્મો બંધાયા જ કરે છે. એક આયુષ્યકર્મ જ જીવનમાં એકવાર બંધાય છે. મુખ્ય આઠ કર્મ છે, પણ તેના પેટા ભેદ અસંખ્ય છે. બધાં કર્મોની અસર જુદી જુદી હોય છે. જેમ કે જ્ઞાનાવરણીય કર્મ બુદ્ધુ બનાવે, મોહનીય કર્મ મોહના આવેગો ઉત્પન્ન કરે, અંતરાય કર્મ તમને અશક્ત બનાવે. કર્મોનો ઉદય જુદો છે, કર્મોની અસરો જુદી છે; પણ જેટલાં કર્મ છે, તેના બંધનું કારણ તો એક જ છે. આ આઠે કર્મોના બંધનું કારણ મોહ છે. જેના મનમાં મોહ છે, તેને આઠે કર્મ બંધાય છે. **બધાં કર્મો બંધાય છે તેમાં જવાબદાર તત્ત્વ મોહનો પરિણામ જ છે.** નિર્મોહીને નવાં કર્મોનો બંધ નથી, તેમને તો માત્ર જૂનાં કર્મો ખપાવવાનાં હોય છે. આપણને બંધ ચાલુ છે, કારણ કે આપણા મનમાં મોહ પડ્યો છે. હવે વિચારવાનું એ છે કે મોહનું મૂળ ક્યાં છે ? તેનું ઉત્પત્તિસ્થાન-ઉદ્‌ગમસ્થાન શું છે ? **જો મોહનું કોઈ પોષક તત્ત્વ કે તેની જડ દુનિયામાં હોય તો તે મિથ્યાત્વ છે.** આઠે કર્મોમાં મોહનીય કર્મ ભયંકર છે. મોહનું પણ ખરું બળ મિથ્યાત્વ છે, જેમ ઝાડને લીલુંછમ રાખવાની તાકાત તેના મૂળિયામાં હોય છે. જે ઝાડનાં મૂળિયાં તૂટી ગયાં હોય તે ઝાડ વહેલું-મોડું કરમાયા વગર રહે જ નહીં, તેમ મોહને લીલોછમ રાખવાનું ખરું બળ આ મિથ્યાત્વ છે. **જેના મનમાંથી મિથ્યાત્વ મર્યું છે, તેનો મોહ જીવતો છતાં મરેલો છે.** સમ્યગ્દષ્ટિમાં પણ મોહ રહેલો હોય છે, પણ તેનો મોહ મૃતપ્રાયઃ છે. તેના મનમાં મોહની અસરો છે, મોહના પરિણામો છે, આવેગોરૂપે મોહ જાગે છે; પણ આ બધો તેનો મોહ કેવો ? તો મહાપુરુષો કહે છે કે તે મોહ તેના આત્માને જોખમકારી કે નુકસાન કરનારો નથી. કારણ તેના મનમાંથી મોહનું જે બળ મિથ્યાત્વ છે, તે ટળી ગયું છે. **અઢારે પાપસ્થાનકમાં મિથ્યાત્વને ભારેમાં ભારે કહ્યું છે. તેમાં તેને છેલ્લે કેમ મૂક્યું છે ? કારણ તે બધા પાપોનો બાપ છે.**

**સભા :-** *અવિરતિ એ મિથ્યાત્વના કારણે હોય છે ?*

**સાહેબજી :-** ના, **અવિરતિ તો ચારિત્રમોહનીયનો વિપાક છે, જ્યારે મિથ્યાત્વ દર્શનમોહનીયનો વિપાક છે.** સમ્યગ્દષ્ટિને અવિરતિ ઘણી હોય છે. **પાપનો વિરામ એટલે વિરતિ, પાપનો અવિરામ એટલે અવિરતિ.** જેના જીવનમાં પાપ ચાલુ છે તે

અવિરતિ છે. **સર્વ પાપોનો વિરામ તે સર્વવિરતિ, અંશથી પાપોનો વિરામ તે દેશવિરતિ,** પાપનો અવિરામ તે અવિરતિ છે. અવિરતિ એ ચારિત્રમોહનીયનો વિપાક છે. મિથ્યાત્વ એ દર્શનમોહનીયનો વિપાક છે. હવે દર્શનમોહનીયનું કામ શું ? તો તે તમારી દૃષ્ટિને વિકૃત કરે, સમજણ બગાડે, બુદ્ધિ બગાડે, અનુભવ બગાડે. જેની બુદ્ધિ બગડી તેનું બધું જ બગડે, તેવું તમારા સંસારમાં પણ કહેવાતું હોય છે. ગીતામાં પણ કહ્યું છે કે **જેનો વિવેક નાશ પામ્યો તેનું પતન શતમુખ છે.** જ્યારે જેનામાં વિવેક હોય, તેનું કદાચ પતન પણ થાય, તો પણ તેનું ઉત્થાન નિશ્ચિત છે. સમકિતમાં વિવેકગુણનો જ મહિમા ઘણો છે. **અધ્યાત્મના ક્ષેત્રમાં અપેક્ષાએ વિવેકને જ સમકિત કહેવાય છે. જેનામાં તત્ત્વવિવેક ખામીવાળો હોય તે મિથ્યાદૃષ્ટિ કહેવાય છે.**

**હવે ફરી વિચારીએ. કર્મબંધનું મૂળ મોહ, અને મોહનું મૂળ મિથ્યાત્વ; અને આ જડની પણ જડ કોણ ? કે જેનાથી આ સંસારનું સર્જન આપણા આત્મા પર થયું છે? તો મહાપુરુષોએ નિદાન કર્યું છે કે, અનંતકાળથી જીવને સ્વદોષનો રાગ અને સ્વગુણનો દ્વેષ છે, તે જ આ જડની પણ જડ છે.** આત્મા અનંતકાળથી આ જ ધારણ કરીને ફરી રહ્યો છે. આ બધી વાત તમે જો ઊંડાણથી વિચારશો તો ચોક્કસ સાચી લાગશે. જેમ કે કોઈ દુષ્ટ, લંપટ, ગુંડો, નાલાયક આપણા સંપર્કમાં આવશે તો ગમશે ખરું ? એ વખતે તો એમ થશે કે આવા ક્યાં ભટકાયા ? **દુર્ગુણી જોઈને આપણે રાજી થઈએ તેવું આપણું માનસ નથી, છતાં આપણા દુર્ગુણો પ્રત્યે આપણને રાગ છે, પક્ષપાત છે. વળી સદ્ગુણી, સજ્જન, પરોપકારી, ઉદાર કોઈપણ જોઈએ તો આપણું હૈયું રાજી થાય, તેની પ્રશંસા પણ કરી લઈએ, તેના તરફ બહુમાન પણ થાય; પણ આ જ ગુણો અપનાવવાના આવે તો આપણને ગમતા નથી. આપણા દોષ પ્રત્યે રાગ છે, પણ તે જ દોષો જો બીજામાં જોઈએ તો તેના તરફ અભાવ થાય છે. આ બધાનું કારણ શું?**

**સભા :-** *સાહેબ, અમને અમારા દોષ દેખાતા જ નથી.*

**સાહેબજી :-** તે એક તમારી દૃષ્ટિનો અંધાપો છે. ચાલો, આપણે તે કબૂલ કરી લઈએ, પણ તમે કોઈ દિવસ તમારા દોષોને જોવા માટે પ્રયત્ન કર્યો છે ? પ્રામાણિકતાથી જો પ્રયત્ન કરો તો અમુક દોષો તો દેખાય જ. સાવ જ દોષોને ન જોઈ શકો તેવો અંધાપો તો નથી જ. પણ તમારો દોષ દેખાય, ત્યારે તમારા તે દોષ તરફ પક્ષપાત,

રાગ, રુચિ, બચાવ થાય ? કે દ્વેષ થાય ? કોઈ આપણો દોષ સૌજન્યતાથી બતાવે, ત્યારે પણ શું થાય ? બચાવ જ કરો ને ? **સ્વદોષનો પક્ષપાત હોય, બચાવ હોય, સમર્થન હોય, આગ્રહ હોય; તો તમારા માટે ગુણનો અદ્વેષ શક્ય જ નથી.** આના પર ગઈકાલે પણ આપણે વિચારી ગયા છીએ.

## પ્રણિધાન માટે જરૂરી હીનગુણઅદ્વેષ :

અહીં આપણે જે પ્રણિધાનનું વર્ણન કરી રહ્યા છીએ તેમાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ સાહેબે તેના લક્ષણમાં જે અદ્વેષની વાત કરી છે, તે હીનગુણનો અદ્વેષ. **જેના આત્મામાં હીનગુણનો અદ્વેષ પ્રગટે, તેને પ્રણિધાન ચાલુ થાય.** પણ તે ત્રીજું સ્ટેપ(પગથિયું) છે. અદ્વેષનાં પણ સ્ટેપો છે. યોગમાર્ગમાં ક્રમસર અદ્વેષ પામવાના છે. સૌથી પહેલાં (૧) ગુણનો અદ્વેષ, પછી (૨) મુક્તિનો અદ્વેષ, પછી (૩) હીનગુણીનો અદ્વેષ, પછી (૪) અધિક ગુણીનો અદ્વેષ, પછી (૫) નિર્ગુણી કે દુર્ગુણીનો અદ્વેષ, પછી (૬) અપરાધી પ્રત્યેનો અદ્વેષ, પછી (૭) દુઃખનો અદ્વેષ અને પછી (૮) દોષનો અદ્વેષ. **દુઃખનો અદ્વેષ આવે તે સ્થિતપ્રજ્ઞની ભૂમિકા પામે. ત્યારબાદ દોષનો અદ્વેષ આવે તે સમતાની ભૂમિકા પામે.** અદ્વેષની પણ એક પ્રક્રિયા હોય છે, ક્રમસર જ પામવાના હોય છે. આ બહુ જ વિવેચન માગે તેવું તત્ત્વ છે.

**સભા :-** *અમને તો આ બધા શબ્દોના અર્થ પણ ખબર નથી.*

**સાહેબજી :-** બધાના અર્થ વિસ્તાર માગે તેવા છે, પ્રસંગે લઈશું. આત્મકલ્યાણનો માર્ગ એ જનમજનમની જબરદસ્ત સાધના છે. તીર્થંકર જેવા આત્માઓ પણ એક ભવમાં જ પામી જતા નથી. તેમને પણ ભવોભવની સાધના છે, પણ ક્રમસર પામવાનું છે. આ એક ક્રમિક વિકાસ છે.

**સભા :-** *ગુણનો અદ્વેષ અને મુક્તિનો અદ્વેષ એક જ ?*

**સાહેબજી :-** ના, બન્નેમાં ઘણો જ ફેર આવશે. સામાન્ય ગુણ પ્રત્યે પણ જેને દ્વેષ હોય તે મુક્તિના અદ્વેષનો તો વિચાર પણ ન કરી શકે. મુક્તિના અદ્વેષમાં તો વૈરાગ્ય જોઈએ, ગુણના અદ્વેષમાં વૈરાગ્યની જરૂર નથી. મોક્ષમાર્ગની ભૂમિકામાં નીચે

ઉપરનું અનુસંધાન હોય છે. જેમ સીડીમાં ચોથે પગથિયે પહોંચવા માટે ત્રીજું સ્ટેપ(પગથિયું) પસાર કરવું પડે. તેને touch કર્યા વગર ઉપર જવાય નહીં.

સભા :- *કોઈક કૂદકો મારે તો ?*

**સાહેબજી :-** કૂદકો મારે તો પણ તેને hight તો સર કરવી જ પડે. જેમ કોઈ સીડી ચઢે, તેમાં કોઈ એક એક પગથિયું ચઢે, કોઈ એક સાથે બે, કોઈ ચાર પગથિયાં ચઢે; પણ ચારવાળાને પણ hight તો એક, બે, ત્રણ, ચારની સર કરવી જ પડે. પ્રથમ પગથિયાની ઊંચાઈ સર કર્યા વગર બીજા પગથિયે જવાય નહીં, તેમ કોઈ જીવો પહેલા ગુણસ્થાનકથી સીધા સાતમે જાય તો પણ વચ્ચેની અધ્યાત્મની ભૂમિકાના ગુણો તો તેણે પામવા જ પડે. જેમ ૧૦૦માં ૫૦ સમાઈ જાય છે, તેમ ઉપરની ભૂમિકામાં નીચેની ભૂમિકાના ગુણો સમાઈ જાય છે, તેથી નીચેના ગુણોનો વિકાસ ન કર્યો હોય તેવું ન બને. તેથી પહેલો અદ્વેષ પામ્યા વગર બીજો કે ત્રીજો અદ્વેષ પ્રાપ્ત થાય તેવું કદી બને નહીં, માત્ર ક્રમિક પ્રાપ્તિ કે યુગપદ્ પ્રાપ્તિનો તફાવત સંભવે. **જેને પણ મોક્ષે જવું હોય તેણે સર્વજ્ઞ બનવું પડે. સર્વજ્ઞ, વીતરાગ બન્યા વગર થવાય નહીં. વીતરાગ, સર્વ કષાયોથી મુક્ત થયા વગર થવાય નહીં.** વીતરાગ એટલે પરમાત્મા. વીતરાગતાએ પહોંચવા પણ કષાયોના ત્યાગનો ક્રમ છે. જો કોઈ નીચેના કષાયોનો ત્યાગ કર્યા વગર ઉપરના કષાયોનો ત્યાગ કરવાનો પુરુષાર્થ કરે, તો તે fail(નિષ્ફળ) થાય. સૌથી પહેલાં અપ્રશસ્ત કષાય છોડવાના છે, પછી જ પ્રશસ્ત કષાય છોડવાના છે. પ્રશસ્તમાં પણ પહેલાં સાવદ્ય પ્રશસ્ત કષાય છોડવાના, પછી નિરવદ્ય પ્રશસ્ત કષાય છોડવાના. નિરવદ્યમાં પણ પહેલાં વ્યક્ત કષાય, પછી અવ્યક્ત કષાય છોડવાના છે. આ ઘણું ઊંડું તત્ત્વ છે. ધર્મના ક્ષેત્રમાં અગડંબગડંની વાત નથી. બધી વાતો તર્કબદ્ધ, અનુભવસિદ્ધ વાતો છે, પ્રયોગસિદ્ધ વાતો છે. આવાં સચોટ શાસ્ત્રો દુનિયામાં જૈનશાસન સિવાય ક્યાંય મળશે નહીં.

## ગુણનો અદ્વેષ : મુક્તિનો અદ્વેષ :

હવે મારે ગુણના અદ્વેષ અને મુક્તિના અદ્વેષને જુદા પાડવા છે. ગઈ કાલે આપણે ગુણના અદ્વેષ માટે થોડું વિચારી ગયા છીએ. અદ્વેષ એટલે શું ? એક પણ ગુણ પ્રત્યે દ્વેષ હોય તો તે અદ્વેષ કહેવાતો નથી. તે તમામ ગુણો પ્રત્યેના દ્વેષનો પરિહાર માંગે

છે, તમામ ગુણો પ્રત્યેના દ્વેષનો અભાવ માંગે છે. એક પણ ગુણ પ્રત્યે દ્વેષ હોય તો તમે પહેલી કક્ષામાંથી cancel(રદ) થઈ જાઓ છો, ચરમાવર્તમાં આવી શકાય નહીં; પછી ભલે તમારામાં ગુણો ગમે તેટલા હોય. દા.ત. અમે સાધુ છીએ, પાંચ મહાવ્રત પાળીએ છીએ, ક્ષમાશીલ છીએ; તપ-ત્યાગ-સંયમ-મૈત્રી બધું જ જીવનમાં હોય, પરંતુ અમારામાં પણ એક પણ ગુણ પ્રત્યે જો દ્વેષ હોય તો અમારો નંબર પણ ચરમાવર્તમાં નથી. હા, એ અમારો ધર્મ ફક્ત પુણ્યબંધનું કારણ બને, પરંતુ આત્મકલ્યાણ ન કરે. પ્રણિધાન એ એકડો છે. પ્રણિધાન વગર બધું એકડા વગરના મીંડા બરાબર છે. એકડા સાથેના મીંડાની કિંમત ઘણી હોય છે. હા, પાછું તમે ઊંધું નહીં સમજતા કે, અત્યારે તમે જીવનમાં જે ધર્મ-સદાચાર પાળો છો તે ખરાબ છે; પણ પ્રણિધાન વગર તેની કિંમત એકડા વગરના મીંડા બરાબર છે. જો એકડો સાથે હોય તો આ જ મીંડાની (ધર્મની) કિંમત વધી જાય છે. તમે ધર્મમાં વધારે વિકાસ કરો તેમાં અમે રાજી છીએ. અમે તમારા ધર્મને cancel-રદ કરવાની વાત કરતા નથી. negative approach લેતા નહીં; પણ પ્રણિધાન એ base-પાયો છે. પ્રણિધાન વગર કરાતી આરાધના તુચ્છ દ્રવ્યક્રિયા છે. દ્રવ્યક્રિયા બે પ્રકારની હોય છે-

(૧) પરંપરાએ મોક્ષનું કારણ બનનારી અને (૨) જે via, via પણ મોક્ષનું સાધન ન બને તેવી દ્રવ્યક્રિયા, જે તુચ્છ છે. પ્રણિધાન વગરની ક્રિયા આવી હોય છે; જે ભાવક્રિયા નથી બનતી, તેમ જ ભાવક્રિયાનું સાધન પણ નથી બનતી. હા, **સમ્યગ્દષ્ટિ જીવો નિયમથી પ્રણિધાનયુક્ત હોય છે, છતાં તેમની ક્રિયા પણ ભાવક્રિયા નથી બનતી, પણ ભાવક્રિયાનું સાધન જરૂર બને છે; જેમ કૃષ્ણ મહારાજા તપ-ત્યાગ કરતા છતાં તેમની ક્રિયાને પણ દ્રવ્યક્રિયા કહી છે, શ્રેણિક મહારાજા ચોવિહાર આદિ કરે તો પણ તેમની ક્રિયા દ્રવ્યક્રિયા કહી છે.**

**સભા :-** *એવું સાંભળ્યું છે કે શ્રેણિક મહારાજા નવકારશી પણ નહોતા કરતા.*

**સાહેબજી :-** ના, આ બધી ખોટી વાતો છે. હા, તેઓ ભાવક્રિયા નહોતા કરી શકતા, બાકી ક્રિયાઓ તો કરતા હતા. આ શાસ્ત્રીય વાતોને લોકોએ ઊંધી રીતે લીધી છે. શ્રેણિકરાજા પ્રભુના પરમ ભક્ત છે. તેમને અભિગ્રહ છે કે સવારમાં મહાવીર પરમાત્માના સુખશાતાના સમાચારનો સંદેશો મળે પછી જ મોઢામાં પાણી નાંખવું.

તેઓ સવારે ઊઠે એટલે પહેલાં સેવકોને તપાસ કરવા મોકલે. પ્રભુ મહાવીરની સુખ-શાતા પૂછીને સેવકો આવે, તેમની સ્વસ્થતાનો સંદેશો મળે, પછી જે દિશામાં પ્રભુ વિચરતા હોય તે દિશામાં હૃદયથી નમસ્કાર કરે, સુવર્ણના સાથિયા પૂરે, ચૈત્યવંદન આદિ કરે, પછી જ મોંમાં પાણી નાખતા. શું આવા શ્રેણિક મહારાજા નવકારશી ન કરતા હોય ? ઘણી વખત તો પ્રભુ તેમનાથી ૫૦૦ માઈલ દૂર હોય.

**સભા :-** *અભિગ્રહ અને પચ્ચક્ખાણમાં તો ફેર ને ?*

**સાહેબજી :-** અભિગ્રહ વગર પચ્ચક્ખાણે થાય ખરો ? **પચ્ચક્ખાણ ન લે તો પણ, પાપત્યાગનો માનસિક સંકલ્પ હોય તો વિરતિ આવી જાય. પચ્ચક્ખાણ લો પણ વિરતિનો પરિણામ ન હોય, તો વિરતિનો લાભ નથી.** હાથ ન જોડવા માત્રથી લાભ ચાલ્યો જતો નથી. શું શ્રેણિકરાજાને પાળવા છતાં હાથ જોડવામાં દુખાવો થતો હતો કે જેથી પચ્ચક્ખાણ ન લે ? વળી પચ્ચક્ખાણ લે તો જ વિરતિ આવે તેવો એકાંત હોય તો મરુદેવીમાતા, ઈલાચીકુમાર, ભરત મહારાજા ક્યાં પચ્ચક્ખાણ લેવા ગયાં હતાં ? વગર પચ્ચક્ખાણે પણ પાપની વિરતિ આવી શકે છે.

**સભા :-** *તો છ આવશ્યકમાં પચ્ચક્ખાણ કેમ ?*

**સાહેબજી :-** તમે ઊંધું સમજ્યા છો. હું પચ્ચક્ખાણનો વિરોધી નથી, પણ હિમાયતી છું. અમે પણ પચ્ચક્ખાણ લઈએ છીએ. **ભાવને પામવા પચ્ચક્ખાણ એ અમોઘ સાધન છે. પાપના ત્યાગ માટે સંકલ્પબદ્ધ થવું હોય તો પચ્ચક્ખાણ જેવું બીજું આલંબન નથી. તે મહિમાવંત છે.** પરંતુ શાસ્ત્રમાં ક્યાંય એવું નથી કે પચ્ચક્ખાણ લો તો જ વિરતિ અને ન લો તો અવિરતિ જ. હકીકતમાં કૃષ્ણ મહારાજા તો પચ્ચક્ખાણ પણ લેતા હતા. જ્યારે દ્વારિકામાં નેમિનાથ પ્રભુ સમવસર્યા છે, ત્યારે ચાતુર્માસમાં ગમનાગમનથી કેટલી હિંસા થાય ? તેવો જયણા વિષયક ઉપદેશ સાંભળીને પ્રભુ પાસે પચ્ચક્ખાણ લે છે કે, મારે ચાર મહિના દ્વારિકાની બહાર જવું નહીં. વાસુદેવ હતા છતાં પણ કહે છે કે મારે ચાર મહિના રાજસભા ભરવી નહીં. કારણ કે ૧૬ હજાર રાજા રસાલા સાથે રાજસભામાં નમવા આવે, તો તેના નિમિત્તે કેટલી જીવહિંસા થાય ? તેથી મારે રાજસભા ભરવી નહીં આવું પચ્ચક્ખાણ લે છે અને પ્રાણ સાટે જીવનભર પાળે છે. છતાં ભાવથી વિરતિ નહોતા પામ્યા. ક્ષાયિક સમકિતના સ્વામી છે, તીર્થંકરનો આત્મા

છે. ભગવાનનો ઉપદેશ સમજેલા ગીતાર્થ શ્રાવક છે. તેઓ નેમિનાથ પ્રભુના પ્રાજ્ઞ ભક્ત હોવા છતાં પણ તેમની ક્રિયાઓ દ્રવ્યક્રિયાઓ જ રહી.

**સભા :-** *દ્રવ્યક્રિયા ભાવક્રિયા ક્યારે થાય ?*

**સાહેબજી :-** તે આગળ આવશે. **માત્ર પ્રણિધાનપૂર્વક કરાતી ક્રિયા પણ ભાવક્રિયા નથી. ભાવક્રિયા જુદી અને ભાવપૂર્વકની ક્રિયા જુદી. પ્રણિધાન વગરની ક્રિયા તો ભાવક્રિયા નથી કે ભાવક્રિયાનું સાધન પણ નથી. પ્રણિધાનયુક્ત ધર્મ ભાવક્રિયાનું સાધન બનશે. ભાવક્રિયા ક્યારે આવે? પ્રવૃત્તિ નામનો આશય આવે ત્યારે.** આ બધા શાસ્ત્રીય શબ્દો અઘરા લાગે છે ને ? પણ જેમ જેમ એકાગ્રતાથી આગળ સાંભળશો તેમ તેમ બધું સમજાશે.

પ્રણિધાનમાં જવા માટે ત્રીજા અદ્વેષે પહોંચવું પડે. તેની પહેલાં, પહેલો-બીજો અદ્વેષ પામવો પડે. પહેલો અદ્વેષ પામો એટલે ચરમાવર્તમાં આવો. જેમ ટ્રેઈન સ્ટેશનથી ઊપડે ત્યારે જ જો green signal ન હોય તો શું થાય ? જેને આત્મકલ્યાણ કરવું હોય તેને ચરમાવર્ત ગ્રીન સીગ્નલરૂપ છે. હવે જીવ જે પુરુષાર્થ કરશે તે આત્મકલ્યાણનું કારણ બની શકશે. ચરમાવર્ત પહેલાંનો ધર્મ જે આત્મકલ્યાણકારક નથી બનતો, તેમાં કારણ અંદર ઝેર પડ્યું છે. મગનું પાણી પણ પોષણ ક્યારે આપે ? જો હોજરી ચોખ્ખી હોય તો. તેમ **જેનામાં ગુણનો દ્વેષ અને દોષના રાગરૂપી ઝેર પડ્યું છે, તેને ગમે તેટલો ઊંચો ધર્મ પણ આત્મપોષક બની શકે નહીં.** આ ઝેર કાતિલ છે, જે કાઢવા જેવું જ છે. અનંતકાળથી આત્મા આ ઝેરને કાઢી નથી શક્યો.

**સભા :-** *ગુણ કયા લેવાના ?*

**સાહેબજી :-** સામાજિક ગુણો, ધાર્મિક સદ્ગુણો, આધ્યાત્મિક સદ્ગુણો આ બધાને ગુણોમાં સંગ્રહિત કરેલ છે. માટે બધા જ ગુણ લેવાના.

ગુણદ્વેષ નક્કી કરવાનું દૃષ્ટાંત : એક વ્યક્તિને ઉદારતા ગુણ પ્રત્યે દ્વેષ છે, તે કેમ નક્કી થાય ? ઉદારતા એ ગુણ છે. જેને તેનો વિરોધી દોષ-લોભ, કંજૂસાઈ ગમતી હોય, અહીં પોતાની કંજૂસાઈ લેવાની છે, જેને પોતાની કંજૂસાઇ ગમતી હોય તેને ઉદારતા ગુણ પ્રત્યે દ્વેષ છે એમ નક્કી થાય; કેમ કે બીજાની કંજૂસાઈ તો કોઈને ગમતી

હોતી નથી, બધાને ઉદાર માણસો જ ગમે છે. કંજૂસ તો તમને ઘસારો જ આપે ને? તે તમારો ઉપયોગ કરે કે તમને ઉપયોગી થાય ? હવે અહીંયાં મુશ્કેલી ક્યાં નડે છે કે પોતાની કંજૂસાઈ ગમે છે; કારણ કે મનમાં પડ્યું છે કે જો ઉદાર બનીશું તો લૂંટાઇ જઇશું, લોકો મારો કસ કાઢી લેશે. કેમ બરાબર ને ? ઉદારતા એ લૂંટાવાનું સાધન દેખાય છે ને ? કંજૂસાઈમાં તમને તમારી સલામતી દેખાય છે. તમારું બધું ટકી રહે કયારે? કંજૂસાઇપૂર્વક સાચવો તો ને ? ultimately-પરિણામે ઊંડે ઊંડે તમને કંજૂસાઈમાં લાભ દેખાય છે અને ઉદારતામાં નુકસાન દેખાય છે. કોઈ દાનેશ્વરી મળે તો તેને તમે હારતોરા પહેરાવો, વખાણ કરો; પણ અંદરમાં ત્યારે પણ શું હોય ? પોતાને ઉદાર બનવાની ઈચ્છા નથી. તમે કહેશો કે હું ઉદાર માણસની અનુમોદના તો કરું છું, તેની નિંદા નથી કરતો.

**સભા :-** *સાહેબજી, તે ગુણ જ કહેવાય ને ?*

**સાહેબજી :-** આ સમીક્ષા માગે તેવો વિષય છે. અનુમોદના, વખાણ કેમ કરો છો ? કોનાં કરો છો ? જે પ્રશંસાથી તમને અનુકૂળ થાય તેવો હોય તેનાં ને? psychology(મનોવૃત્તિ) શું છે તે વિચારજો. પોતાની કૃપણતાનો રાગ છે, તે જીવને ખટકતો નથી. **દોષ ઉપરનો રાગ જ તેના વિરોધી ગુણ ઉપર દ્વેષ પેદા કરે છે. ગુણ ઉપર દ્વેષ કરવો એટલે કાંઈ આખો દિવસ ગુણોને ભાંડવા, નિંદા કરવી તેવું નથી. ગુણના દ્વેષનું પોષક તત્ત્વ જો કોઇ હોય તો તે સ્વદોષ પ્રત્યેનો ગાઢ રાગ છે. જેને સ્વદોષનો ગાઢ રાગ છે, તેને તેના વિરોધી ગુણ પ્રત્યે અદ્વેષ આવે જ નહીં.** ક્રોધ એ દોષ છે. તેનો વિરોધી ગુણ ક્ષમા છે. હવે કોઈ આપણા પર ગુસ્સે થાય તો આપણને ગમતું નથી. ભલો માણસ કદાચ સારા માટે પણ ગુસ્સે થઇને વાત કરે તો ગમે ખરું? બીજાના ક્રોધમાત્ર પ્રત્યે અણગમો છે, બીજાનો ક્રોધ નથી ગમતો; પણ આપણો ક્રોધ આપણને ખટકે છે ખરો ? **કોઈ સજ્જન માણસ ભૂલ સમજાવે તો તે વખતે પણ તમારી ભૂલનો સ્વીકાર કરો કે તમારા દોષને સમર્થન આપો ? બચાવ કરો ? તમારા સ્વદોષને સારા તરીકે ખપાવવાના જ તમે આગ્રહી છો, તો તેના વિરોધી ગુણ પ્રત્યે દ્વેષ છે જ.** ભલભલા સાધક આત્મા ઊંચામાં ઊંચો પુરુષાર્થ કરતા હોય, પણ જો આ પહેલી કડી જ ચૂકી ગયા હોય, તો બધું નિષ્ફળ છે. ગુણ એ ધર્મ છે, દોષ એ અધર્મ છે; હવે ધર્મ જ દ્વેષ સાથે કરે તો તે ધર્મની વેલ્યુ કેટલી ? દા.ત. શ્રાવકો પ્રભુની ભક્તિ

મન મૂકીને કરતા હોય, પ્રભુને જોઈને હૈયું નાચતું હોય, જિનપ્રતિમાને જોઈને ગાંડા ગાંડા થઈ જતા હોય; છતાં એ જ વીતરાગ પ્રત્યે તેમનામાં અવ્યક્ત દ્વેષ પડેલો હોય તેવું પણ બને છે. જેમની ભક્તિ કરો તેમના ગુણો પ્રત્યે દ્વેષ હોય, તો તે ભક્તિ સફળ કેટલી થાય ? તમે અમારા પગ દાબો, અમને વંદન કરો, વૈયાવચ્ચ કરો; પણ જો સાધુતા પ્રત્યે જ અરુચિ હોય તો આ બધું સફળ કેમ થાય ? **ગુણ ઓછાવત્તા કેળવો તે ચાલે, તેનો રાગ-તમન્ના-અભિલાષા ન હોય તો પણ ચાલે, પણ ગુણોનો અણગમો તો ન જ જોઈએ; અને જો આ હોય તો તેનું જૈનશાસનમાં કોઈ સ્થાન નથી, આત્મિક દૃષ્ટિએ તે વ્યક્તિ ઝીરો(શૂન્ય) છે.**

**સભા :-** *ભક્તિ કરે છે એટલો ટાઈમ તો સારા વિચારમાં છે ને ?*

**સાહેબજી :-** હા, એટલો ટાઈમ સારા વિચાર કરે છે, સદ્ગુણો કેળવે છે; પણ તેનાથી તેને ફક્ત પુણ્ય બંધાય છે, પણ આત્મકલ્યાણ ન થાય. આ પુણ્યથી ભવાંતરમાં થોડી બાહ્ય સામગ્રી મળે, ભૌતિક સગવડ મળે, તે પછી ભોગવીને સંસારમાં ફરે. ફળ ન મળે તેવું નથી, પણ તેનાથી આત્મકલ્યાણ થશે જ તેવું નથી. જેમ નાસ્તિક માણસ આત્મા-પુણ્ય-પાપ-પરલોક નથી માનતો, જો આત્માની વાત આવે તો ઠેકડી ઉડાડે, પણ તે પ્રામાણિક માણસ છે; જીવનમાં કોઈ લાખ રૂપિયા આપે તો પણ જુઠ્ઠું ન બોલે, તો આ ગુણથી તેને પણ પુણ્ય બંધાય, પણ તેનાથી તેનું આત્મકલ્યાણ તો ન થાય.

**સભા :-** *પણ આનાથી ધીરે ધીરે ઉદ્ધાર તો થાય ને ?*

**સાહેબજી :-** આ રીતે પણ ઉદ્ધાર થાય તેવું મગજમાં ક્યાંથી બેસી ગયું છે ? શું તમારે દિલ્હી જવું હોય ને તમે ગમે તે રસ્તે ચાલો, તો પણ દિલ્હી પહોંચી જવાના ? ઊંધો રસ્તો ચાલે ખરો ?

**સભા :-** *દુનિયા ગોળ છે.*

**સાહેબજી :-** જૈનશાસ્ત્રો તેવું નથી માનતાં. કહેવાનું તાત્પર્ય એ છે કે સાધનામાં દિશા તો નક્કી કરવી જ પડે. તીર્થંકર પ્રભુ મહાવીરના આત્માએ નયસારના ભવ

પહેલાં ઘણી વખત સદ્‌ગુણો કેળવ્યા, ધર્મની આરાધના કરી, છતાં પણ તેનાથી તેમનું પણ આત્મકલ્યાણ ન થયું. આત્મકલ્યાણનું સાધન બને તેવા ગુણ કયા અને આત્મકલ્યાણનું સાધન ન બને તેવા ગુણ કયા ? **અધ્યાત્મના ક્ષેત્રમાં આત્મકલ્યાણનું સાધન ન બને તેવા ગુણોની ફૂટી કોડીની કિંમત નથી.**

**સભા :-** *તેનાથી સદ્‌ગતિ તો મળે ને ?*

**સાહેબજી :-** હા, સદ્‌ગતિબંધ પ્રાયોગ્ય તમારા જીવનમાં સદ્‌ગુણ-સદાચાર હોય તો સદ્‌ગતિ મળે, પણ તેનાથી ધર્મ પામવાની ફરી એક વધુ તક પ્રાપ્ત થાય; જેમ આ ભવમાં પણ એવો chance મળ્યો છે, એટલે શું તે ધર્મ પામી ગયો ? ભવાંતરમાં પણ સામગ્રી મળશે, પણ તેનાથી આત્મકલ્યાણ નક્કી નથી. અમે તો તમને વાસ્તવિકતા કહીએ છીએ. કોઈને અમારે ભ્રમમાં રાખવા નથી. તમે જે ધર્મ કરો છો તે આત્મકલ્યાણનું કારણ બને તેવી gurantee(ખાતરી) તો મેળવવી જ જોઈએ ને ? બજારમાં તમે કોઈ વસ્તુના પૂરા પૈસા ચૂકવો, તો પહેલાં ગેરંટી માંગો કે નહીં ? અમે તો સાફ શબ્દોમાં તમે જે ધર્મ કરો છો તેનું ઓછું ફળ પણ નથી બતાવતા અને વધારે ફળ પણ નથી બતાવતા. વાસ્તવિક ફળનો વિચાર કરો. દેરાસર આવે અને દર્શન કરે તેટલાથી નક્કી જ ઉદ્ધાર થાય, તો અભવિ-દુર્ભવિ-ભારે કર્મી પણ દર્શન કરવા આવે છે. આપણે પણ એવો ધર્મ કર્યો છે, છતાં ઉદ્ધાર નથી થયો; માટે એકાંતે તો એવું ન જ કહેવાય. હા, તે આવે છે તો તેને પામવાની ક્યારે પણ તક છે. સાધુ પાસે આવે છે, આરાધના કરે છે, તો તેને સ્કોપ છે. જ્યારે જે નથી જ આવતો, આરાધના નથી કરતો તેને તો પામવાનો સ્કોપ જ નથી. પણ આવે એટલે તરશે જ તેવું તો ન જ બોલાય, અને તેવું કહીએ તો ખોટું વિધાન કર્યું કહેવાય. સામાયિક,પ્રતિક્રમણ કરે છે તેટલા માત્રથી મોક્ષ નક્કી થશે તેવું ન કહેવાય. હા, હોટેલમાં રખડે છે એને ધર્મ પામવાનો સ્કોપ નથી, અહીંયાં તેને પામવાની તક છે. કારણ સારાં સારાં નિમિત્તો અહીંયાં છે. એનો અર્થ એમ નહીં કે નિમિત્તો મળવાથી પામી જ જશે. પરંતુ જે નિમિત્તો ઝીલે તે પામી જાય. અનંતીવાર આત્મા નિમિત્તો પામ્યો છે, પણ તે બધાં ફોગટ પણ ગયાં છે. આપણામાં કોઈ એવું નથી કે જેણે પ્રભુની દેશના સાક્ષાત્ ન સાંભળી હોય. આવાં ઉત્કૃષ્ટ નિમિત્ત પણ નિષ્ફળ ગયાં છે. તેથી પ્રણિધાન વગરના બધા ધર્મ માટે આપણે ચોકડી મૂકી શકીએ.

તમને ગુણનો અદ્વેષ સમજાઈ ગયો હશે. હવે મુક્તિનો અદ્વેષ આવશે, પછી હીનગુણનો અદ્વેષ આવશે. હીનગુણનો અદ્વેષ એટલે તમારા કરતાં જે નીચલી ભૂમિકામાં હોય તેમના પ્રત્યે અદ્વેષ. પ્રણિધાન પામવા માટે આ ત્રીજા પગથિયે પહોંચવાનું છે. ઘરે જઈને મંથન કરજો કે "કયા દોષ પ્રત્યે મને આગ્રહ છે ? હું કોનું સમર્થન કરું છું ? કયા દોષોનો મને પક્ષપાત છે ? અને આ દોષોના કદાગ્રહના કારણે જ હું તેના વિરોધી ગુણોનો અદ્વેષ ચૂકી જઈશ." દોષો અંગે પ્રામાણિકતાથી મંથન કરજો અને જાતને સમજાવજો કે "જો હું આ પહેલી કડીમાં ગોઠવાઈશ તો જ ચરમાવર્તમાં આવીશ."

# ૮

અષાઢ વદ પાંચમ, તા. ૧૭-૭-૯૫, સોમવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને આત્માના અનુપમ સુખની ઉપલબ્ધિ કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જગતના જીવો ભૌતિક સુખને જ સર્વસ્વ માને છે. ભૌતિક સુખમાં જ તેમની સુખની વ્યાખ્યા બંધાઈ છે, અને આ સુખ સિવાયની નવી દૃષ્ટિ આપવા માટે જ્ઞાની ભગવંતો અધ્યાત્મની વાત કરે છે. આધ્યાત્મિક સુખ એ જુદી quality(ગુણવત્તા)નું સુખ છે, અલૌકિક સુખ છે. મહાપુરુષોએ ભૌતિક સુખ અને આધ્યાત્મિક સુખની પરસ્પર તુલના કરી છે. ભૌતિક સુખમાં શું ખામી છે, અને આધ્યાત્મિક સુખમાં શું વિશેષતા છે; તેનું વેધકતાથી વર્ણન કર્યુ છે. બન્ને સુખનું વર્ણન કરીએ તેમાં, તમને જે સુખ ગમે તે તમે જાતે જ અપનાવો. જો આધ્યાત્મિક સુખને પામવું હોય તો યોગમાર્ગમાં જોડાવું જ પડે. આજ દિવસ સુધી જેટલા પણ આધ્યાત્મિક સુખને પામ્યા છે, તે યોગી બનીને જ પામ્યા છે. સંસાર આખો ભોગમાં સુખ માને છે, જ્યારે યોગી ભોગના ત્યાગપૂર્વક યોગમાં અનુપમ સુખને પામે છે.

હવે યોગમાં પ્રવેશ કરવાનું દ્વાર શું છે ? તો મહાપુરુષો કહે છે કે સૌ પ્રથમ જીવને અચરમાવર્તમાંથી ચરમાવર્તમાં આવવું પડે. **ચરમાવર્તમાં આવવા માટે કઈ વસ્તુ આત્મામાં ખીલવવી પડે ? ગુણનો અદ્વેષ ખીલવવો પડે. તેના વગર ભાવથી ચરમાવર્તમાં અવાતું નથી. જે આત્મા ગુણનો અદ્વેષ પામી શકે, તે આત્માને ચરમાવર્ત પામ્યાની ગેરંટી મહાપુરુષો આપે છે. તમે કઈ કક્ષા પામ્યા છો તેનો વિચાર કરજો. આધ્યાત્મિક સુખ માટે આત્મવિશ્વાસવાળો ધર્મ જ જરૂરી છે. ધર્મ કરતાં ખાતરી હોવી જોઈએ કે આનાથી આટલું મળ્યું છે, આટલું પામું છું અને આગળ આટલું પામીશ. આવા આત્મવિશ્વાસ સાથેના ધર્મને જ જ્ઞાનીઓ ધર્મ કહે છે. તમે ધર્મ કરો છો તેમાં તમને ખાતરી ખરી કે આપણે આટલું પામ્યા છીએ ? અને આટલું પામવાનું બાકી છે ?** ઘણાની સ્થિતિ તો કેવી છે કે શું મેળવ્યું તેની પણ ખબર નથી, અને શું બાકી છે તે પણ ખબર નથી. તેના માટે કસોટી કરી જાતને તપાસો.

જેને દોષ પ્રત્યે ગાઢ રાગ છે, તે દાવો ન કરી શકે કે તેને ગુણનો અદ્વેષ છે. જ્યાં પણ સ્વદોષ પ્રત્યે રાગ છે, ત્યાં તેના વિરોધી ગુણ પ્રત્યે દ્વેષ છે જ. રાગ-દ્વેષ એકબીજા સાથે સંકળાયેલા છે. જેના પર રાગ છે, તેની વિરોધી વસ્તુ પર દ્વેષ અવશ્ય છે. તમે ધૂંઆપૂંઆ થાઓ તો જ દ્વેષ આવ્યો તેવું નથી. જેમ દીકરા પર રાગ છે, તો તેના બધા દુશ્મન પર દ્વેષ થવાનો જ. સંપત્તિ પર જેને રાગ છે, તેને સંપત્તિ લૂંટનાર પ્રત્યે દ્વેષ રહેવાનો જ. રાગ-દ્વેષ એ સિક્કાની બે બાજુ છે. બન્ને સાઈડ સાથે જ રહેવાની. બન્ને સાઈડને નામ જે આપવું હોય તે આપો, પણ તેનું disconnection(સંપૂર્ણ જુદાપણું) શક્ય નથી. જાય તો સાથે જાય, નહીંતર રાગ-દ્વેષ પરસ્પર વિરોધી સાથે ગૂંથાયેલા રહેવાના.

ગુણ અને દોષ પરસ્પર વિરોધી તત્ત્વો છે. ગુણ અનંતા છે, તેમ દોષ પણ અનંતા છે. દુર્ગુણો આત્મામાં જ પ્રકટે છે. જડમાં દુર્ગુણને પ્રકટવાનો સવાલ જ નથી. ક્રોધ એ દુર્ગુણ છે. ક્રોધ ચેતનમાં જ પ્રકટવો સંભવિત છે. જડમાં ક્રોધ પેદા થવાની સંભાવના જ નથી. જેમ પથરાને કાંઈ ક્રોધ થવાનો નથી, ટેબલને કાંઈ ક્રોધ આવવાનો નથી. ક્રોધ એ આત્માનો વિકાર છે. હા, જડના નિમિત્તથી પેદા થયેલો છે. ક્રોધ વિકૃત ચેતના છે. વિકૃત ચેતના જેની ન હોય તેને રાગ-વિકારો શક્ય જ નથી. કામ, ક્રોધ, રાગ, આસક્તિ બધાને આત્માના વિકાર કહ્યા છે, જડના વિકાર કહ્યા નથી. જડમાં વિકારો થતા નથી અને થવાના પણ નથી.

આજે ઘણા એકાંતવાદી બોલતા હોય છે કે આ બધા પર-પર્યાય છે, ચેતના તો નિર્વિકારી છે, આ બધા પુદ્‌ગલના ભાવો છે. જો પુદ્‌ગલના ભાવો જ હોય તો ભીંતને પણ ક્રોધ આવવો જોઈએ ને ? એકાંતવાદીઓને આવો ભ્રમ થાય છે કે ક્રોધ પુદ્‌ગલનો ભાવ છે, મારા આત્માને તેની સાથે કાંઈ લેવાદેવા નથી; આત્મા શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર છે. આ ભૂત તમારામાં ન ભરાઈ જાય તે જોજો. શું ક્રોધ કોઈ દિવસ જડમાં પેદા થાય છે ? કપડાંને ફાડી નાંખો તો શું કપડાં ગુસ્સે થશે ? તેને ઈસ્ત્રી ટાઈટ કરીને મૂકો, તો શું રાજી થશે ? માટે એકલા જડના આ ભાવો માને તે અધૂરા છે. જ્યારે અશુદ્ધ ચેતના હોય ત્યારે આત્મામાં આવા વિકારો જન્મે છે. ક્રોધ એ આત્માનું મૂળભૂત સ્વરૂપ નથી, પરંતુ વિકૃત સ્વરૂપ છે. હકીકતમાં અશુભ ભાવો આત્મામાં થાય છે, શુભ ભાવો પણ આત્મામાં થાય છે, બધા ભાવ ચેતનમાં જ થાય છે. આત્માનો પ્રાકૃતિક સ્વભાવ ક્ષમા છે, પણ વિકૃત સ્વભાવ ક્રોધ છે. ક્રોધ ક્યાં પેદા થાય છે ? દેહમાં

કે આત્મામાં? હા, ક્રોધના કારણે શરીર લાલચોળ બને, પણ ક્રોધ ઉત્પન્ન તો આત્મામાં જ થાય છે. તેથી ચેતનના શુદ્ધ પર્યાય કે અશુદ્ધ પર્યાય એકલા જડમાં આરોપિત ન કરાય.

ગુણ અને દોષ બન્ને આત્માના ભાવ છે. ગુણ એ પ્રાકૃત ભાવ છે, જ્યારે દોષ એ વિકૃત ભાવ છે. **જેને દોષ ગમે છે તેને તેના વિરોધી તત્ત્વ ગુણ પ્રત્યે દ્વેષ આવે જ. માટે જીવનમાં સાવધાની ક્યાં રાખવાની? કે હજુ દોષ હોય તો ચાલે, પણ તે દોષ ગમવો તો ન જ જોઈએ. જેને દોષમાં જ મજા આવે, અને તેના કારણે સમર્થન-આગ્રહ-પક્ષપાતની માત્રા હોય તો તે ગુણનો દ્વેષ છે.**

## જૈનધર્મનું દેવતત્ત્વ :

**સભા :-** *વીતરાગતામાં દોષ હોય ?*

**સાહેબજી :-** જુઓ, વીતરાગતા ૧૨મા ગુણસ્થાનકે આવે છે. ત્યારે પણ આત્મામાં ઘણા દોષો પડ્યા હોય છે. સર્વ દોષોથી મુક્તિ તો સિદ્ધ ભગવંતોને જ છે. જે પણ મોક્ષે નથી ગયા તેમાં કોઈક ને કોઈક દોષ પડ્યો જ હોય છે.

**સભા :-** *સાહેબજી, એકાદ દાખલો આપો.*

**સાહેબજી :-** જુઓ, વીતરાગતા ૧૨મા ગુણસ્થાનકે આવી ત્યારે આત્મામાં અનંત અજ્ઞાન પડ્યું છે. તે વખતે આત્મા ચાર જ્ઞાનનો ધણી, ચૌદ પૂર્વધર હોય; છતાં કેવળજ્ઞાનની અપેક્ષાએ તે જ્ઞાન બિંદુ જેટલું છે, અને અજ્ઞાન સાગર જેટલું હોય છે. હા, આ અજ્ઞાન તેમને કાંઈ નડવાનું નથી. માટે કયા દોષ હળવા નુકસાનકારી અને કયા દોષ ભારે, તેનું વર્ગીકરણ કરવું પડે. વીતરાગ થયા પછી દોષ ઝડપથી ખરી પડવાના છે, માટે તેમનું અજ્ઞાન જોખમી નથી. વળી, અજ્ઞાનથી કાંઈ જ્ઞાનાવરણીય કર્મ બંધાતું નથી. જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનની વિકૃતિથી બંધાય છે. તમને આખી દુનિયામાં ઘણી વસ્તુનું અજ્ઞાન હોય છે, પણ તેનાથી કાંઈ આત્માને નુકસાન થાય છે? જેમ કે, આ કીડીનું દર છે. તેમાં કેટલી કીડી રહે છે? કેટલી જીવે છે? કેટલી કીડી મરે છે? આ ન જાણો તો આત્માને શું લેવા દેવા? આત્મકલ્યાણને ઉપયોગી જ્ઞાન વીતરાગને હોય છે. જ્ઞાનાવરણીયનો બંધ મોહ છે ત્યાં સુધી જ હોય છે. મોહ ગયો એટલે કર્મબંધ ગયો, અને જે જૂનાં બંધાયેલાં કર્મ છે, તે પણ થોડા સમયમાં તૂટી જવાનાં. પણ એમ

તો ન જ કહેવાય કે વીતરાગમાં દોષ નથી. ૧૩મા ગુણસ્થાનકે રહેલા કેવળીને પણ અધૂરા કહ્યા છે. તેમને પણ શારીરિક સંતાપ, આધિ-વ્યાધિ-ઉપાધિ છે. એમનામાં પણ પૂર્ણતા નથી. અરિહંતની દશા પણ પૂર્ણતામાં સ્વીકારી નથી. ફક્ત સિદ્ધદશા જ પૂર્ણતામાં સ્વીકારી છે. અરિહંતો સિદ્ધ કરતાં એક step નીચા છે. માટે બન્ને દશામાં પણ તફાવત છે. 'નમો અરિહંતાણં', 'નમો સિદ્ધાણં', આ બન્નેમાં શું તફાવત છે? અરિહંત ઉત્કૃષ્ટ સાધકની ભૂમિકામાં છે, સિદ્ધ સિદ્ધની ભૂમિકામાં છે; પરંતુ તેમના સ્વરૂપનો તમને બોધ નથી, માટે જ ગોટાળા કરો છે. બન્નેમાં બહુ જ તફાવત છે. નવકારનો અર્થ કર્યો ત્યારે શિષ્યે પ્રશ્ન કર્યો કે, "નવકારમાં પંચ પરમેષ્ઠી લખ્યા છે, તે કયા ક્રમથી લખ્યા છે ? ઉપરથી નીચેના ક્રમે લખ્યા છે કે નીચેથી ઉપરના ક્રમે લખ્યા છે કે વચ્ચેના ક્રમે લખ્યા છે ? જો તમે નીચેના ક્રમથી ઉપરના ક્રમે લખ્યા હોય, તો પહેલાં 'નમો લોએ સવ્વસાહૂણં' આવે, પછી 'નમો ઉવજ્ઝાયાણં' આવે, પછી 'નમો આયરિયાણં' આવે, એમ આગળ ક્રમ આવે; અને જો ઉપરથી નીચે ક્રમ લો, તો પહેલાં 'નમો સિદ્ધાણં' આવે, પછી 'નમો અરિહંતાણં' આવે, પછી 'નમો આયરિયાણં' આવે, એમ આગળ ક્રમ આવે; અને જો વચ્ચેથી ક્રમ લીધો હોય તો પહેલાં 'નમો આયરિયાણં' આવે, પછી આગળ ક્રમ આવે. પણ તમે તો કાંઈ 'ઈદં તૃતીયમ્' લીધું છે." ત્યારે જવાબ આપ્યો કે "તમારી વાત સાચી છે. પહેલાં ઉપરથી નીચે જવું જોઈએ. કારણ પૂજન પહેલાં સર્વશ્રેષ્ઠનું હોય છે. પરંતુ અહીંયાં ક્રમ ઊલટો છે. કારણ અરિહંતને ઉપકારી તરીકે વિશેષ મહત્ત્વ આપવા, તેમની પૂજ્યતા વિશેષ છે તે ઉપસાવવા માટે આ ક્રમ લીધો છે." અરિહંતની ભૂમિકા શ્રેષ્ઠ નથી, ભૂમિકા સિદ્ધની શ્રેષ્ઠ છે.

**સભા :-** *અરિહંતો મોક્ષે ન જાય ?*

**સાહેબજી :-** અરિહંતોને મોક્ષે જવાનું બાકી છે, પણ તે જાય જ. અહીંયાં ભાવઅરિહંત લઉં છું. જ્યારે તેઓ સદેહે વિચરતા હોય, સમવસરણમાં ૩૪ અતિશયોની લક્ષ્મી સાથે જગતને ઉપદેશ આપતા હોય, તે ભાવઅરિહંત છે. સીમંધરસ્વામી વગેરે ભાવઅરિહંત છે. અત્યારે મહાવીરસ્વામી ભાવઅરિહંત નથી, તે દ્રવ્યઅરિહંત છે.

**સભા :-** *ભગવાન અરિહંત થાય જ ને ?*

**સાહેબજી :-** જેટલા પણ કેવળજ્ઞાન પામે તેમને પહેલાં વીતરાગ તો થવું પડે. સર્વજ્ઞદશાની પ્રાપ્તિ વીતરાગતાને પામ્યા પછી જ આવે, પરંતુ સર્વજ્ઞ થયા એટલે

કાંઈ બધાં કર્મ ખપી ગયાં તેવું નથી. અરિહંતે ચાર ઘાતીકર્મ ખપાવ્યાં છે, પણ અઘાતી ચાર કર્મ ખપાવવાનાં હજી બાકી છે. સિદ્ધોએ સર્વ કર્મોનો ક્ષય કર્યો છે. અરિહંતોને દેહ-ઈન્દ્રિયોના બંધનથી હજી મુક્ત થવાનું છે.

**સભા :-** *અરિહંત ફરીવાર જન્મ લે ?*

**સાહેબજી :-** જરૂર નથી. તેઓ એ જ જન્મમાં સાધના પૂરી કરશે. જે વ્યક્તિ એ જ ભવમાં સાધના પૂર્ણ ન કરી શકે, તેને જ જન્મ લેવો પડે. બાકી જન્માન્તરપ્રાપ્તિનો સવાલ જ આવતો નથી. અરિહંતો એ જ ભવમાં સાધના પૂરી કરશે, પણ અરિહંત છે ત્યાં સુધી સાધના બાકી છે. જેમ પ્રભુ મહાવીર ચાર ઘાતીકર્મ ખપાવી સર્વજ્ઞ-સર્વદર્શી થઈ વિચરે છે, ત્યારે ગોશાળાએ તેજોલેશ્યા મૂકી છે. સામાન્ય કેવળીઓને કેવળજ્ઞાન પામે પછી ઉપસર્ગ આવી શકે, પણ તીર્થંકરોને પ્રાયઃ કરીને ઉપસર્ગ ન આવે. મહાવીરપ્રભુને અચ્છેરા તરીકે ઉપસર્ગ આવ્યો છે. તેજોલેશ્યાના ઉપદ્રવને ઉપસર્ગ જ ગણ્યો છે. તે તેજોલેશ્યા તેમના પુણ્યપસાયે શરીરમાં ન પ્રવેશી, પણ તેમને ત્રણ પ્રદક્ષિણા આપી ગોશાળાના શરીરમાં તે પાછી પ્રવેશી છે. ૧૮ દેશને બાળી નાંખે, કરોડો માણસોને બાળી નાંખે, તેવી તેમાં ઉષ્ણતા છે. આવી ભયંકર તેજોલેશ્યા પ્રભુની આજુબાજુમાંથી પસાર થઈ, તેથી તેમના દેહમાં પિત્તનો પ્રકોપ થયો. તેનાથી પ્રભુને રોમેરોમમાં દાહ પેદા થયો અને છ મહિના સુધી લોહીના ઝાડા થયા. અરિહંત, કે જેમને કેવળજ્ઞાન થયા પછી, તેમની તહેનાતમાં કરોડો દેવતા અને ૬૪ ઈન્દ્રો હોય, જેમનામાં અનંત શક્તિ-અનંત ગુણો હોય; છતાં તેમને દેહ છે માટે પીડા આવી. દેહાતીત અવસ્થાને નહોતા પામ્યા, માટે આ દશા આવી. સિદ્ધ ભગવંતોને કોઈ ઉપસર્ગ આવે ખરો? અરિહંતને ઉપસર્ગ થઈ શક્યો, એ જ રીતે સામાન્ય કેવળીને પણ તેમના કર્મ પ્રમાણે ઉપસર્ગ થઈ શકે. અરિહંતને હજી અવ્યાબાધ સુખ પામવાનું બાકી છે. માટે બોલાય નહીં કે તે બધાં બંધન-દોષથી મુક્ત છે, કે તેમની સાધના પરિપૂર્ણ છે. 'નમો અરિહંતાણં'ના અર્થમાં શું કહ્યું ? જેમણે પોતાના બધા શત્રુઓ કે વિરોધી પરિબળોને જીતી લીધાં છે. હા, એમ ન કહ્યું કે બધી સિદ્ધિને પામ્યા છે. આપણે ત્યાં અરિહંત, સિદ્ધ કોઈ વ્યક્તિ નથી. આ નવકારમંત્ર અદ્‌ભુત મંત્ર છે. આપણા આરાધ્ય તત્ત્વને તેમાં રજૂ કર્યું છે. દુનિયાના કોઈ ધર્મે આવી રીતે આરાધ્ય તત્ત્વ રજૂ કર્યું નથી. દુનિયામાં બીજા ધર્મો પણ દેવતત્ત્વ-ગુરુતત્ત્વની વાત કરે છે, પણ જૈનધર્મમાં તો આવા આવા દોષોથી રહિત, આવા આવા ગુણોથી યુક્ત ગમે તે વ્યક્તિ હોય, તે આરાધ્ય છે.

આપણે નામ, વેશ કે વ્યક્તિ સાથે સંબંધ નથી, આવા ગુણ હોય તે ભગવાન.

**સભા :-** *અરિહંતો સર્વગુણમાં થોડા બાકી છે ?*

**સાહેબજી :-** ઘણા જ ગુણો પામી ગયા છે, શિખર પર છે; જ્ઞાન-દર્શન અનંતું છે. કેવળી ગુણોનો ભંડાર છે. પણ સિદ્ધ અને અરિહંતમાં તરતમતા છે. દુનિયામાં આવા શબ્દોથી રજૂઆત ક્યાંય નહીં મળે. સિદ્ધ, સિદ્ધ છે માટે તેને નમસ્કાર. જે સર્વસિદ્ધિને પામ્યા છે, જેણે બધી સારી વસ્તુ મેળવી લીધી છે, કશું મેળવવાનું કે છોડવાનું બાકી નથી. તેઓ પામવા લાયક પામી ગયા છે, ભોગવવાલાયક ભોગવી રહ્યા છે, માણવાલાયક માણી રહ્યા છે, દુનિયાની બધી સારી વસ્તુમાં ટોપ લેવલ પામી ગયા છે. જ્ઞાન પણ પરાકાષ્ઠાનું, શક્તિ પણ પરાકાષ્ઠાની, ગુણ પણ પરાકાષ્ઠાના, સુખ પણ પરાકાષ્ઠાનું.

**સભા :-** *અરિહંત અને સિદ્ધ ભગવંતના કેવળજ્ઞાનમાં તફાવત હોય ?*

**સાહેબજી :-** હા, હોય. અરિહંતને જ્ઞાન છે પણ અનુભૂતિ નથી. દા.ત. જે આત્માનું અનંતું સુખ છે તે સિદ્ધોને છે; જ્યારે કેવલીને તેની જાણકારી છે, પણ અનુભવ નથી.

**સભા :-** *તેમને શરીર છે માટે ?*

**સાહેબજી :-** કેવળી ભગવંત જુએ છે, જાણે છે, પણ અનુભવી શકતા નથી. ૧૩મા ગુણસ્થાનકે કેવળજ્ઞાન જુદું ૧૪મા ગુણસ્થાનકે કેવળજ્ઞાન જુદું અને મોક્ષમાં કેવળજ્ઞાન જુદું છે. કેવળજ્ઞાનનું સ્વરૂપ સ્પષ્ટ હોવું જોઈએ.

**સભા :-** *કેવળજ્ઞાનમાં પણ ભેદ હોય ?*

**સાહેબજી :-** હા, **કેવળજ્ઞાનમાં કોઈ ભેદ ન હોય તે શાસ્ત્રવચન અપેક્ષાએ છે. તેનો અર્થ એ છે કે જેમાં અંશથી પણ અજ્ઞાન ન હોય એવું પૂર્ણ જ્ઞાન એટલે કેવલજ્ઞાન.** તેથી તેમાં અજ્ઞાનજન્ય તફાવત ન હોય. કેવળજ્ઞાનને સમજો. આખી દુનિયાનું જ્ઞાન છે. દુનિયા જુએ છે, સમજે છે, પણ અનુભવતા નથી. આના ઉપરની ચર્ચા volumeના volume ભરાય તેટલી છે. કેવળજ્ઞાનને ન માનનારા કહે છે, તમારા કેવળીને તો ગટરનું પાણી કેવું ? તેની દુર્ગંધ કેવી ? બધું જ્ઞાન છે; માટે આખી દુનિયાની ગંદકીનું જ્ઞાન છે. જેટલું પણ દુનિયામાં દુઃખ છે, તે બધું કેવળી જાણે છે; માટે તેમના આત્મામાં

આખી દુનિયાનું દુઃખ આવીને ભરાયું છે. જો તેવું હોય તો તેમની હાલત તો કેવી કફોડી થાય? શું બધું જ્ઞાન છે માટે આખો દિવસ ગટરની ગંદકી સૂંઘ્યાં કરે ? કેવળી બધી વસ્તુ જાણે છે તેમ દુઃખ જાણે છે; પણ કેવળી ભગવંત બધું જુએ છે, જાણે છે, પણ અનુભવતા નથી. સંસારની સામગ્રીને અનુભવતા નથી. તેઓ દુનિયાને તટસ્થતાથી જુએ છે, જાણે છે, પણ વેદન તો સ્વનું જ કરે છે. મોક્ષનો અર્થ સ્વનું પૂર્ણમાત્રામાં સંવેદન છે. ૧૪મા ગુણસ્થાનકે રહેલા કેવળજ્ઞાનીને પણ જડનું સંવેદન ચાલુ છે, તે જ અધૂરપ છે. સંપૂર્ણ ચેતનનું વેદન નથી કરી શકતા. ૧૪મા ગુણસ્થાનકે જડનું વેદન છે, પણ તેમાં પ્રવૃત્તિ નથી. ૧૨મા ગુણસ્થાનકે જડનું અજ્ઞાન હોય, ૧૩મા ગુણસ્થાનકે જડમાં પ્રવૃત્તિ હોય છે, ૧૪મા ગુણસ્થાનકે જડમાં પ્રવૃત્તિ નથી હોતી, પણ જડનો અનુભવ તો છે.

**સભા :-** *શૈલેશી વખતે જડનો અનુભવ છે ?*

**સાહેબજી :-** હા, નિર્વાણ પામે પછી જ આત્મા જડના સંવેદનથી વિખૂટો પડે. ૧૪મા ગુણસ્થાનકે પણ ટાંચણી ખોસો તો વેદના થાય. હા, શરીરની પ્રવૃત્તિ બધી બંધ છે. દેહની પ્રવૃત્તિ નથી. શ્વાસોચ્છ્વાસ બંધ, circulation(લોહીનું ભ્રમણ) બંધ, heart functioning(હૃદયનું કાર્ય) બંધ છે. શૈલેશી અવસ્થાનો અર્થ બરાબર સમજો. તીર્થંકરે કહેલો મોક્ષમાર્ગનો સંક્ષેપમાં પણ અભ્યાસ જોઈએ. તેમણે મોક્ષનો માર્ગ આખો બતાવ્યો છે, જે રાજમાર્ગ છે. તે બધાં ગુણસ્થાનકને પદ્ધતિસર સમજી સાધના દ્વારા પામવાનાં છે. તેને સમજ્યા વગર સાચી અધ્યાત્મની દિશા નહીં પકડી શકો. આ કરવાથી આની અવશ્ય પ્રાપ્તિ થાય, તેવો વિશ્વાસ જોઈએ. જેમ tourist departmentમાં તમને અહીંયાં બેઠાં અમેરિકા અંગે બધું જ ગાઈડ કરે છે, તેમ મોક્ષમાર્ગનો આખો નકશો ૧૪ ગુણસ્થાનકમાં ભગવાને બતાવ્યો છે.

**સભા :-** *૧૪મા ગુણસ્થાનકનો ટાઈમ ?*

**સાહેબજી :-** "અ ઇ ઉ ઋ લૃ" બોલો એટલો ટાઈમ. એટલા ટાઈમમાં પણ કેવી અનુભૂતિ, કેવો કર્મનો વિપાક, કેવા ગુણોનો વિકાસ, તે બધાની સ્પષ્ટતા શાસ્ત્રોમાં છે. અનુભૂતિ તો ક્ષણોની જ હોય છે, છતાં તેનું મૂલ્ય ઘણું જ છે. તેના વગર મોક્ષ નથી. તે નિર્વાણપદનું પ્રવેશદ્વાર છે. **સંસારમાં પરાકાષ્ઠાની શ્રેષ્ઠ અવસ્થા શૈલેશીકરણ છે.**

**સભા :-** *અહીં અશુદ્ધ પર્યાય છોડી શુદ્ધ પર્યાય જોડે ?*

**સાહેબજી :-** અશુદ્ધ પર્યાય ૧લા ગુણસ્થાનકથી છોડવાના છે. મફતમાં કાંઈ ૧લું ગુણસ્થાનક મળવાનું નથી. પુરુષાર્થ કરો તો જ મળે.

હવે આગળ વધીએ. અનંતકાળથી ગુણનો દ્વેષ આપણે છોડી શક્યા નથી; અને તેના કારણે આપણો સંસાર સુકાયો નથી અને તેની રફતાર ચાલી રહી છે. આ બધાનું બીજ ક્યાં છે ? કે આપણે મૂળિયામાં પાણી સિંચ્યા કરીએ છીએ, ગુણ પ્રત્યે દ્વેષ લઈને ફરીએ છીએ, પછી આપણે ગમે તેટલા ગુણિયલ બનીએ તો તેની value(કિંમત) નથી. મોક્ષે જતાં પહેલાં દ્વેષ બધા step wise(ક્રમબદ્ધ) કાઢવાના છે. નીચેનું step જે નથી પામ્યો તે ઉપરનું step નહીં પામી શકે. **જેને ગુણનો અદ્વેષ નથી આવ્યો તે ચરમાવર્તની બહાર છે. જેને મુક્તિનો અદ્વેષ નથી આવ્યો તે ગુણસ્થાનકની બહાર છે.**

**સભા :-** *બધાં ગુણસ્થાનક સમજવા સરળ ભાષામાં પુસ્તક છે ?*

**સાહેબજી :-** કોઇ લખે તો સારું. આ કામ કાંઇ સહેલું નથી. આમાં સેંકડો ગ્રંથોનું દોહન હોય છે. અધ્યાત્મનો માર્ગ કાંઈ બે કલાકમાં સમજાવી દેવાય તેવો નથી. કેટલું મંથન કરીને આપવું પડે છે. સેંકડો ગ્રંથોમાં જુદાં જુદાં પાસાંથી વર્ણન હોય છે. જેમ કે સમકિત નામની ભૂમિકાનું જુદા જુદા ઍંગલથી વર્ણન કર્યું હોય છે. જેને આ બધી જાણકારી હોય તે લખી શકે. પરિશીલન કરી, અર્થ કાઢીને સરળ ભાષામાં મૂકવું પડે. આ બધી ગંભીર તત્ત્વની વાતો છે. લખનારા માર્ગદ્રષ્ટા પુરુષો હતા. તેમને મોક્ષમાર્ગ ઝાંખો દેખાતો હતો, અનુભૂતિ પણ અમુક ટકા હતી, માટે જ વર્ણનમાં સચોટતા છે, સ્પષ્ટતા છે. ખાલી બુદ્ધિથી સ્ફુરે તેવું નથી. અતીન્દ્રિય છે. હા, તર્કથી તેને સમજાવી શકાય. મોક્ષમાર્ગ સમજવા માટે એકલી શ્રદ્ધા રાખવાની જરૂર નથી, પણ શ્રદ્ધા અનુસારી તર્કથી સમજાવી શકાય. **નવતત્ત્વ, મોક્ષમાર્ગ, મોક્ષ, અધ્યાત્મની વાતો અનુભવગમ્ય, બુદ્ધિગમ્ય છે. ધર્મ સ્વયં અનુભવગમ્ય, બુદ્ધિગમ્ય છે. અંધશ્રદ્ધાની કોરી વાતો નથી. તમારા આત્મકલ્યાણ સાથે જેને સંબંધ છે, તેવી વાતોમાં કોરી શ્રદ્ધા રાખવાની જરૂર નથી. બુદ્ધિથી જે સમજવા માગે તેને સમજાવી શકાય તેમ છે.** નવકારમાં પણ જે રજૂઆત છે તે અદ્ભુત છે. માટે જ મહિમા ગાવાનું મન થયું. જબરદસ્ત તત્ત્વ છે. આફરીન-ફિદા થઈ જવાય તેવું છે.

હવે આપણે પ્રણિધાનનું વર્ણન કરીએ. જે ગુણનો અદ્વેષ પામ્યો તેણે આગળ શું પામવા પુરુષાર્થ કરવાનો ? તેણે મુક્તિનો અદ્વેષ પામવાનો પુરુષાર્થ કરવાનો છે. મુક્તિનો અદ્વેષ કોણ પામી શકે ? જેમ ગુણનો અદ્વેષ પામવામાં વિરોધી તત્ત્વ ગુણોનો દ્વેષ છે, જે પેદા થવાનું કારણ સ્વદોષનો ગાઢ રાગ છે; તેમ મોક્ષનું વિરોધી તત્ત્વ સંસાર છે, સંસારનું વિરોધી તત્ત્વ મોક્ષ છે. સંસાર-મોક્ષ પરસ્પર વિરોધી છે. **આત્માની અશુદ્ધ અવસ્થા તે સંસાર, આત્માની શુદ્ધ અવસ્થા તે મોક્ષ. પુદ્‌ગલનું સામ્રાજ્ય છે ત્યાં સંસાર છે, આત્માનું સામ્રાજ્ય છે ત્યાં મોક્ષ છે.** જેમ ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ કદી ભેગા ન થાય, સામસામે જ રહેવાના, પૂર્વ-પશ્ચિમ સામસામે જ રહેવાના, પછી ગમે ત્યાંથી જુઓઃ તેમ સંસાર અને મોક્ષ પરસ્પર વિરોધી અવસ્થા છે. તેથી **જેને સંસાર પર ગાઢ રાગ છે, તેને મોક્ષ પર દ્વેષ છે. જેમ જેને દોષ પ્રત્યે ગાઢ રાગ છે, તેને ગુણ પ્રત્યે દ્વેષ છે; તેમ જેને સંસાર પ્રત્યે ગાઢ રાગ છે, તેને મુક્તિ પ્રત્યે દ્વેષ છે;** પછી તે ગમે તેટલાં ભગવાનનાં દર્શન-પૂજા કરતા હોય, છતાં તે મુક્તિનો દ્વેષી છે. તેને કદાચ તમે પૂછો કે તારે ક્યાં જવું છે ? તો કહેશે મોક્ષે જવું છે. પણ તત્ત્વથી તેને મુક્તિનો દ્વેષ છે, કારણ તેને તેના વિરોધી તત્ત્વ પર ગાઢ રાગ છે. જેને અંધારું ગમતું હોય તેને અજવાળા તરફ દ્વેષ રહેવાનો. જેને આરોગ્ય ગમતું હોય તેને રોગ પર દ્વેષ રહેવાનો. શ્રીમંતાઈ ગમે તો ગરીબાઈ તરફ દ્વેષ હોય જ. એક પર ગાઢ રાગ બીજા વિરોધી તત્ત્વ પર દ્વેષમાં પરિણમન પામે છે. બન્નેને સાથે રાખી શકાય નહીં. કાં તો સંસારનો ગાઢ રાગ, કાં તો મુક્તિનો અદ્વેષ.

**સભા :-** *ગાઢ રાગ એટલે શું ?*

**સાહેબજી :-** અતિશય રાગ તે ગાઢ રાગ. મુક્તિનો અદ્વેષ અપુનર્બંધક દશામાં આવે. ગુણનો અદ્વેષ ચરમાવર્તમાં આવે. આ અપુનર્બંધક દશાનું એક લક્ષણ **ભવ-અબહુમાન** છે. ભવ એટલે સંસાર. **જેને સંસાર ઉપર બહુમાન નથી એનું નામ અપુનર્બંધક જીવ.** બહુમાન શબ્દ તમે કેટલી વખત વાપરો છો ? જેમ કે, ફલાણા પ્રત્યે મને બહુમાન છે. આ બહુમાન શબ્દનો અર્થ સમજો છો ? આ વ્યક્તિ પ્રત્યે માન છે, સદ્‌ભાવ છે, આદર છે. જ્યારે બહુમાન છે, એટલે દુનિયામાં બીજી વ્યક્તિ છે, બીજી વસ્તુ છે, તેના ઉપર માન છે, તેના કરતાં આના પર ચઢિયાતું માન છે. તમે બોલો છો કે ભગવાન પર બહુમાન છે. હા, પણ તે તપાસવા જેવું છે કે બહુમાન

છે કે નહીં ? સાચું બહુમાન ક્યારે કહેવાય, કે આ સંસારમાં કોઈ વસ્તુ કે કોઈ વ્યક્તિ પર જેટલું માન નથી, તેટલું માન પરમાત્મા પર હોય ત્યારે.

**સભા :-** *દેવ-ગુરુ-ધર્મ ત્રણે પર બહુમાન જોઈએ ?*

**સાહેબજી :-** પહેલાં એક પર તો લાવો, પછી આપણે ત્રણ પર જઈશું. દેવ-ગુરુ-ધર્મ તો પરસ્પર જોડાયેલા જ છે. તમે પ્રામાણિકતાથી કહી શકશો કે સંસારમાં ઘણી વસ્તુ પર રાગ છે, કુટુંબ-સંપત્તિ-દેહ પર મમતા છે, તેનું હૃદયમાં સ્થાન છે, તેના પર માન છે; પણ પરમાત્મા પર જે રાગ છે તેવો બીજા પર ક્યાંય નથી ? પરમાત્મા પરનો તમારો રાગ બધા કરતાં ચઢિયાતો છે ? તો કસોટીમાંથી પાસ થઈ શકશો. વિચારવા જેવું છે. બહુમાન શબ્દ ગુજરાતી છે. ઘણું માન. **અપુનર્બંધક જીવને સંસાર પર રાગ છે, સંસાર ગમે છે, તેમાં રસ પડે છે, સંસારના સુખનું આકર્ષણ પણ છે, માન છે; પણ તેને બહુમાન નથી. સમકિતીને રતીભાર પણ સંસાર તરફ માન નથી. સોએ સો ટકા તેને તેમાં દુઃખનો અનુભવ છે. મોક્ષ સિવાય જેને કશે માન નથી, તે સમકિતી.** આ તો ઘણી ઊંચી સરસાઈની વાત છે. **અપુનર્બંધક દશા સમકિતની ભૂમિકા પામવાનું બીજ છે.** અપુનર્બંધક દશાથી જીવની મોક્ષમાર્ગ તરફ ગતિ થાય છે. જ્યાં બહુમાન છે, ત્યાં ગાઢ રાગ છે. આ તો શબ્દાર્થ થયો છે. આનો વિસ્તાર જરૂરી છે. ગુણનો દ્વેષ જાય પછી મુક્તિનો દ્વેષ જાય. ગુણનો અદ્વેષ આવે પછી મુક્તિનો અદ્વેષ આવે. મુક્તિના અદ્વેષ વગર મુક્તિનો રાગ નથી આવતો. પ્રણિધાન માટે ત્રણ અદ્વેષ આવશે. આઠ અદ્વેષ બતાવ્યા છે. આઠે અદ્વેષ પામે તેને કેવળજ્ઞાન આવી જાય. પણ એ તો મોક્ષમાર્ગના mile stone(માઇલનો પથ્થર) છે, મોટા સોપાન છે. પ્રણિધાન પામવા ત્રીજા સ્ટેપે જવાનું છે. પ્રણિધાનને ભાવધર્મ તરીકે વખાણ્યો છે. ભાવધર્મનું ઉત્પત્તિસ્થાન અંતરમાં છે. ક્રિયા તમે શરીરથી કરી શકશો, પરંતુ ભાવધર્મ માટે તો અંદરમાં ઊતરવું પડશે.

# ૯

અષાઢ વદ સાતમ, તા. ૧૮-૭-૯૫, મંગળવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને અતિ સુગમ અને સરળ રીતે મોક્ષમાર્ગનો પ્રબોધ કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આપણા આત્માએ અનંતકાળમાં આત્મકલ્યાણ માટે પ્રાયઃ કરીને જિજ્ઞાસા જ કરી નથી. જિજ્ઞાસા કરીને જો જાણ્યું છે તો પુરુષાર્થ કર્યો નથી. જો પુરુષાર્થ કર્યો છે તો તે યોગ્ય દિશામાં કર્યો નથી. એટલે આત્મકલ્યાણ કરવા માટે પ્રયત્ન કર્યો, તો પણ આત્મા નિષ્ફળ ગયો છે. નિષ્ફળ ગયા માટે જ સંસારમાં રખડીએ છીએ. જો પ્રયત્ન કરવામાં સફળ થયા હોત તો આપણે ક્યારના મોક્ષે પહોંચી ગયા હોત. હજી પણ તરવું હોય તો આપણે યોગ્ય દિશામાં પુરુષાર્થ કરવો જોઈએ. સાધકો માટે આત્મકલ્યાણના માર્ગના પ્રકારો પાડ્યા છે. જેમ કે, ઘણા સાધકો અલ્પ પુરુષાર્થથી સિદ્ધિને પામ્યા છે, ઘણા સાધકો પ્રબળ પુરુષાર્થથી સિદ્ધિને પામ્યા છે. દરિયાના પેલે કાંઠે જવું છે, પણ સીધો અને ટૂંકો રસ્તો જો ખબર ન હોય તો ફરી ફરીને જાય તો ક્યારે પહોંચે ? અને જો ઊલટી દિશામાં જાય તો પ્રયત્ન કરવા છતાં પણ પહોંચે નહીં. એટલે સાધક સવળી દિશામાં પ્રયત્ન કરે તો જ અલ્પ પ્રયત્ને સિદ્ધિને પામી શકે છે. તેથી જો અલ્પ પ્રયત્ને પહોંચવું હોય તો તીર્થંકરે કહેલ મોક્ષમાર્ગ જાણવો જોઈએ. સાધનામાં અમુક ગુણ કેળવશો તો પ્રથમ ભૂમિકાને પામશો, અમુક ગુણ કેળવશો પછી બીજી ભૂમિકાને પામશો. હા, તે વખતે બીજા વધારે ગુણો કેળવશો તો સારું, પણ દરેક ભૂમિકાને અનુરૂપ અનિવાર્ય ગુણ તો અવશ્ય પામવો જ પડશે.

## સમકિતના કારણભૂત પરિણામ અપુનર્બંધકદશાથી ચાલુ થાય :

અહીં ક્રમસર વિચારીએ. **ચરમાવર્તકાળ :-** આ મોક્ષમાર્ગની સીધી કોઈ ભૂમિકા નથી, પરંતુ ચરમાવર્તકાળ એટલે અનુકૂળ કાળ. આગળ વધવા ગ્રીન સિગ્નલ જેવું

આનું સ્થાન છે. તેમાં પ્રવેશ કરવા માટે ગુણનો અદ્વેષ પામવો પડે. ત્યારે આત્મામાં બીજા ગુણો ઓછાવત્તા હોય તો ચાલે. જો વધારે ગુણો હોય તો લાભ જ છે. એટલે આનો અર્થ શું થયો કે ખરી સાધના કરવા બીજા ગુણોનો પુરુષાર્થ ગૌણ કરી પહેલાં ગુણનો અદ્વેષ પામવાનો પુરુષાર્થ કરવા જેવો છે. જેમ તમારે ધંધાની લાઈનમાં અમુક ચોક્કસ કામ, સોદા કરો તો આટલો નફો તો મળે જ, પછી બીજી આવડત- સગવડ ઓછીવત્તી હોય તો ચાલે. પરંતુ તમે દુકાન અપટુડેટ રાખી હોય, માણસો સારા હોય, પણ અમુક ચોક્કસ કામ ન આવડતું હોય તો નફો હાથમાં આવતો નથી; માટે મહત્ત્વના કામમાં પહેલું ધ્યાન આપવું જોઈએ. તેમ ગુણના અદ્વેષ ઉપર પ્રથમ ધ્યાન આપવું જોઈએ. હવે ગુણનો અદ્વેષ આવે પછી જ મુક્તિનો અદ્વેષ આવે. આગળના ગુણ વગર આ ગુણ મેળવી શકાતો નથી. પ્રયત્ન કરો તો પણ તે નિષ્ફળ જાય છે. **અત્યારે તમે જીવનમાં જે આરાધના કરો છો, દા.ત. દર્શન, પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, તપ, ત્યાગ; આ બધામાં તાકાત છે કે તમને ગુણનો અદ્વેષ પમાડે, મુક્તિનો અદ્વેષ પણ પમાડે, અરે ! સમકિત પમાડવાની પણ તાકાત છે. બસ, અનુસંધાન જોડતા થઈ જાઓ.** તેના માટે અંદરમાં નજર નાખવાની જરૂર છે. પણ તમને અવલોકન નથી, આંતરિક અંધાપો છે. ગુણનો અદ્વેષ પામવા દોષનો ગાઢ રાગ છોડવો જરૂરી છે. ગુણનો અદ્વેષ પામવામાં વિરોધી તત્ત્વ આ દોષનો ગાઢ રાગ છે. તે બંને એકબીજા સાથે ગૂંથાયેલા છે. એક વસ્તુ પર રાગ બાંધો એટલે તેની વિરોધી વસ્તુ પર દ્વેષ થઈ જ જાય, પછી તેના દ્વેષનો વિચાર કરો કે ન કરો. જેમ સુગંધ પ્રત્યે ગાઢ રાગ છે, તો વિરોધી તત્ત્વ દુર્ગંધ પ્રત્યે દ્વેષ છે જ. જેમ જેમ દોષના ગાઢ રાગને જીવનમાં છોડતા જાઓ, તેમ તેમ સફળતા મળતી જાય. હા, સંપૂર્ણ રાગ અત્યારે ન જાય, પણ ગાઢ રાગ તો જવો જ જોઈએ. **ગાઢ રાગ એટલે શું ? દોષને સમર્થન આપવું, તેમાં સારાપણું માને, તેનો પક્ષપાત-આગ્રહ હોય. દોષનો ગાઢ રાગ ગુણના દ્વેષને અવશ્ય ખેંચી લાવે છે. જે આ મહાપાપમાંથી નીકળી જાય, તેને દોષ પ્રત્યે અંતરમાં આગ્રહ નથી.** હા, તે વખતે દોષ છોડી શકે તેમ નથી, દોષ ગમે પણ છે, સેવે પણ છે, પણ તેમાં પક્ષપાતનો ભાવ નથી. હવે જેમ કપડું કધોણું હોય તો એક વખતના સાબુથી ધોવાય છે? તેના માટે શુદ્ધિની પ્રક્રિયા વારંવાર કરવી પડે છે. પહેલી વાર સાબુવાળા ગરમ પાણીમાં બોળો એટલે સ્થૂલ મેલ નીકળી જાય. તેમ આપણા આત્મા ઉપર ઘણા જ મેલ છે. તેમાં સૌથી વધારે જાડો(સ્થૂલ) મેલ આ જ છે. **ગુણની અરુચિ, ધર્મની અરુચિ ભારે સ્થૂલ મેલ છે. આ નીકળી જાય તો ગુણનો અદ્વેષ આવી જાય. આ પછી ગુણના અદ્વેષને**

**પામેલા જીવમાં સાચો ધર્મ પામવાની લાયકાત આવે છે.** અહીંયાં અધ્યાત્મ પામવા માટેની યોગ્યતા જીવમાં વિકસી છે, પણ હજી તેને અધ્યાત્મ પામવાનું બાકી છે. જેમ નયસારને કે ધનાસાર્થવાહને મહાત્મા મળ્યા તે પહેલાં તેમનામાં ધર્મ પામવાની લાયકાત છે, કારણ તેઓ ચરમાવર્તમાં છે. જો આ લાયકાત ન હોય તો ગમે તેવા મહાત્મા મળે, વિશુદ્ધતત્ત્વ-સૂક્ષ્મતત્ત્વ પારદર્શક ભાષામાં સમજાવે, તોપણ તે જીવને ગળે ઊતરે નહીં. આપણે ભૂતકાળમાં તીર્થંકરના સમવસરણમાં ગયા છીએ, વંદન કર્યાં છે, દેશના સાંભળી છે, પણ બધું નિષ્ફળ ગયું; કારણ ચરમાવર્ત પામ્યા નહોતા. જિજ્ઞાસાપૂર્વક, એકાગ્રચિત્તે દેશના સાંભળી હતી, પણ હૃદયમાં અનુભૂતિરૂપે ઊતરી નહીં; જેવું તત્ત્વ કહે છે તે સ્વરૂપે આપણને પ્રતીતિ થઈ નહીં; શ્રદ્ધાપૂર્વક ઘણો ધર્મ કર્યો, આચરણ કર્યું, પણ તત્ત્વ અનુભવમાં ન આવ્યું. **ચરમાવર્ત પામેલા જીવને નિમિત્તથી કે વગર નિમિત્તે સ્વયંસ્ફુરણાથી સંસારના સ્વરૂપનું ચિંતન કરતાં સાચો બોધ થાય છે. જગત જેને સુખનું સાધન માને છે, તે ઈન્દ્રિયોની મોજમજામાંથી મળતાં સુખ, વાસ્તવિક સુખ નથી; પણ આ સુખ એક દુઃખની પ્રક્રિયા છે; માટે આ સુખમાં પણ તેને થોડો દુઃખાનુભવ પ્રકટે, સંપૂર્ણ નહીં. સંપૂર્ણ દુઃખ લાગે, અનુભવ થાય, તે તો સમ્યગ્દષ્ટિ જીવ છે.** સમ્યગ્દષ્ટિને તો ત્રણ લોકનાં સામ્રાજ્ય, દેવતાઈ સુખો, ચક્રવર્તીના વૈભવ કેવા દેખાય ? અસાર અને દુઃખમય જ દેખાય. સમકિતને પામવા આપણે ઘણાં ચઢાણ પસાર કરવાનાં છે.

આપણે હમણાં જે દશા વિચારી તે અપુનર્બંધક દશા છે. સમકિત પામવા માટેના પરિણામ અહીંયાંથી ચાલુ થાય છે. જેમ ઝાડ ગમે તેટલું વિશાળ હોય, પણ તેનું બી નાનું હોય છે. નાના બીમાં પણ વિશાળ ઝાડ પેદા કરવાની ક્ષમતા છે, તેમ સમકિત પામવાના બીજરૂપ પરિણામ આ અપુનર્બંધક દશાથી ચાલુ થાય છે. તે પામવા માટે minimum qualification(લઘુતમ લાયકાત)રૂપ criteria(ધોરણ) સંસારના સુખ પર આંશિક વિરાગ પેદા થવો તે છે. અહીંયાં સંપૂર્ણ વિરાગની અપેક્ષા નથી રાખી.

## પૌદ્ગલિક સુખમાં જેને સર્વસ્વનું ભાન છે તે મોક્ષનો દ્વેષી છે :

જેને સંસારના સુખ પ્રત્યે અંશમાત્ર વિરાગ નથી, જેને સંસારના સુખમાં પૂર્ણ સુખનું જ ભાન થાય છે, જેની સુખની વ્યાખ્યા ભૌતિક સુખ સાથે જ બંધાયેલી છે, આવું માનસ જે જીવોનું છે; તે બધા મુક્તિના (મોક્ષના) દ્વેષી છે. દ્વેષનો અર્થ અણગમો

છે. મોક્ષમાં જે સુખ છે અને સંસારમાં જે સુખ છે તે પરસ્પર વિરોધી છે. સંસારનું સુખ પૌદ્ગલિક છે, મોક્ષનું સુખ આત્મિક છે. સંસારનું સુખ વિકાર-વાસના દ્વારા પ્રાપ્ત થાય છે, માટે તે સુખ વિકારી છે; જ્યારે મોક્ષનું સુખ વિકાર-વાસનાના ત્યાગથી પ્રાપ્ત થાય છે, તેથી તે નિર્વિકારી છે. બન્ને સુખનાં પાસાં એકબીજાનાં વિરોધી છે. જેને સંસારના સુખ પર ગાઢ રાગ, તેને મોક્ષના સુખ પર રાગ તો નહીં પણ અદ્વેષ પણ ન હોય. ઘણાને કાંઈ મોક્ષ પ્રત્યે એલર્જી નથી હોતી. તેમને પૂછીએ, સાધના દ્વારા શું મેળવવું છે ? તો કહેશે, મોક્ષે જવું છે. કારણ મોક્ષમાં કોઈ દુઃખ નથી, અનંતું સુખ છે. માટે ત્યાં જવામાં શું વાંધો ? તમારે સુખ-સગવડતા સાથે થોડો વિરોધ છે? તમને તો પ્રતિકૂળતા ન ફાવે ને ? માટે ત્યાં જવું છે તેમ બોલો ખરા, પણ મુશ્કેલી ક્યાં નડે છે ? તમે જેને સુખ માનો છો તેવું કોઈ સુખ મોક્ષમાં નથી, તમે જેને દુઃખ માનો છો તેવું ઘણું મોક્ષમાં છે. વાસ્તવમાં કહે કે મારે મોક્ષે જવું છે, પણ સાચી મોક્ષની તમન્ના નથી. દેહ-ઈન્દ્રિય અને મનના ભોગોમાં જ જેને આનંદનું ભાન થાય છે, ભોગમય જીવનમાં જ જેને સાચી તૃપ્તિ દેખાય છે, તેમાં સર્વસ્વનું ભાન થાય છે, તેને મુક્તિ એ દ્વેષનો વિષય છે. તેને તેનો અણગમો છે, પછી ભલે વાણીથી મોક્ષનો તિરસ્કાર ન હોય. ઘણાને તો મોક્ષ શું ચીજ છે ? ત્યાં જવાથી શું મળે છે ? ત્યાં જવાની જરૂર શી છે ? તેની ખબર જ નથી. જો મોક્ષના સ્વરૂપનું ખરેખર ભાન થાય તો એક ઝાટકે ના પાડી દેશે કે મારે મોક્ષે જવું નથી. કારણ શું છે કે તેની સમજણ બહારનું મોક્ષનું સ્વરૂપ છે.

## મુક્તિની તમન્ના અને ભવિ-અભવિનો નિર્ણય :

જેમ અભવિનો જીવ આત્મા-પરલોક-પુણ્ય-પાપ-કર્મ આદિના સિદ્ધાંતો માને છે; આત્મા અને દેહ જુદા છે, તેનો ભેદ પણ માને છે; અત્યારે ઘણા કહે છે ને કે દેહ-આત્માનો ભેદ સમજાઈ જાય તો સમકિત આવી જાય; તો પછી અભવિના જીવને પણ સમકિત આવી જાય ને ? કારણ તે પણ દેહનું સ્વરૂપ આત્માથી જુદું માને છે, પરલોકમાં પણ તેને આસ્થા છે, પરલોકમાં પોતાના કર્મ પ્રમાણે જ ફળ મળશે, માટે દેહની ચિંતા કર્યા વગર તે સાધના કરે છે. તેથી આત્માનું જેને ભાન નથી તેનું નામ અભવિ તેવું નથી, અભવિને ખરેખર આત્માનું ભાન હોય છે. ચેતન તત્ત્વ સ્વતંત્ર છે, આ દેખાય છે તે જડ છે, જેનાથી પોતે જુદો છે, પોતે તે સ્વરૂપે બની શકતો નથી; આ બધું અભવિ માનતો જ હોય છે.

**સભા :-** *તો પછી અભવિને શું જોઈએ છે ?*

**સાહેબજી :-** અભવિ બે રીતે સાધના કરે છે, સંસારની (૧) આલોકની કામનાથી અને (૨)પરલોકની ભૌતિક કામનાથી. તેઓ રાજા, મહારાજા, ચક્રવર્તી, કેવળજ્ઞાની, તીર્થંકર પાસે ૬૪ ઈન્દ્રો, કરોડો દેવતા આવે, આ બધી ઋદ્ધિ-સિદ્ધિ જુએ ત્યારે થાય કે આ બધું ધર્મનું જ ફળ છે. ધર્મ કરવાથી આલોક-પરલોકમાં ચોક્કસ સુખ મળશે, તેવી તેને ૧૦૦ ટકા ખાતરી હોય છે.

**સભા :-** *અભવિના જીવને ખબર હોય કે પોતે અભવિ છે ?*

**સાહેબજી :-** હોય પણ, અને ન પણ હોય. જો કોઈ કેવળજ્ઞાનીએ કહ્યું હોય તો ખબર પડે. પણ પોતાની જાતે-આપમેળે ખબર ના પડે.

**સભા :-** *અભવિ ભવિ થઈ શકે ?*

**સાહેબજી :-** ના, ન થઈ શકે.

**સભા :-** *સાહેબજી, શાસ્ત્રમાં કહ્યું છે કે જેને એવી શંકા થાય છે 'હું ભવિ છું કે અભવિ છું' ? તેવો આત્મા ભવિ છે.*

**સાહેબજી :-** આનો મિનિંગ તમે બરાબર સમજ્યા નથી, માટે જ છબરડા વાળો છો. આના માટે રામાયણમાં એક સરસ દૃષ્ટાંત છે. તેમાં રામચંદ્રજીનો પ્રસંગ આવે છે. રામચંદ્રજી અત્યારે મોક્ષે ગયેલા છે, સિદ્ધ ભગવાન તરીકે સિદ્ધશિલા પર બિરાજમાન છે. તમે અને હું, આપણે બધા તેમને 'નમો સિદ્ધાણં'માં પગે લાગીએ છીએ. તેઓ જીવનની ઉત્તરાર્ધ અવસ્થામાં સંયમ લઈ સાધના કરી મોક્ષે ગયા છે. જૈનશાસનમાં ઈશ્વરતત્ત્વ અનાદિસિદ્ધ નથી. મહાવીરપ્રભુ પણ એક વાર પામર જીવ હતા. રામચંદ્રજી આ ભવમાં મુક્તિગામી છે, પોતે બળદેવ છે. લક્ષ્મણ વાસુદેવ છે. પુણ્ય અદ્‌ભુત છે. તેઓ ચરમશરીરી છે, છતાં તેમનામાં સંસારની ભાવના, મિથ્યાત્વ દેખાય તેવો પ્રસંગ બન્યો છે. તેઓ રાવણને પરાજિત કરી ત્રણ ખંડ જીત્યા પછી એક વખત રાજસભામાં બેઠા છે. તે વખતે સંદેશો આવે છે કે, વાનરવંશના અપાર વૈભવ-સમૃદ્ધિવાળા વિદ્યાધરરાજા, જેઓ પહેલાં રાવણના આજ્ઞાંકિત હતા, પરંતુ પછીથી રામના પક્ષે આવ્યા છે, એવા હનુમાનજીને મહાત્માનો યોગ થયો અને તેમની દેશના સાંભળી વૈરાગ્ય થવાથી તેમણે ભોગયોગ્ય વયમાં દીક્ષા લીધી. દેહમાં અતૂટ બળ

છે, સંસારનાં ભોગ-સુખ ભોગવી શકે તેવું શરીર છે; છતાં સર્વ ઋદ્ધિ-સિદ્ધિનો ત્યાગ કરી પરિવાર સાથે તેઓ તપ-ત્યાગના માર્ગે ગયા છે. આમ તો ધર્મી માણસને આવા સમાચાર સાંભળતાં રાજીપો થાય, પણ રામચંદ્રજી વિચારે છે કે ભરયુવાનીમાં આટલા વૈભવમાં મહાલવાને બદલે, તેને ત્યાગીને હનુમાને અકાળે સંયમ લીધું. કોઈ કરોડપતિનો દીકરો ભરયુવાનીમાં બધી રીતે ભોગની લાયકાતથી પરિપૂર્ણ હોય છતાં, ત્યાગ કરીને દીક્ષા લે, તો તમને શું થાય ?

**સભા :-** *અહોભાવ થાય.*

**સાહેબજી :-** પણ ઘણાને ઊંડે ઊંડે મનમાં શું થાય ? ખીલતી કળી જેવો છે, જીવનમાં કાંઈ ભોગવ્યું નહીં, માણ્યું નહીં, લહાવો ન લીધો. એટલે જીવનમાં મજા ને લહાવો આ ભોગમાં, વિકારોમાં જ દેખાય છે ને ? હવે જ્યારે રામચંદ્રજીને આવા વિચાર આવ્યા, તે વખતે યોગાનુયોગ સૌધર્મેન્દ્ર બેઠા બેઠા ભરતક્ષેત્રનું અવલોકન કરી રહ્યા છે. તેમનો ઉપયોગ અહીંયાં ગયો છે. જોયું કે ભરસભામાં રામ આવું વિચારે છે, ત્યારે તેઓ બોલે છે કે "અહો ! મોહરાજાનું કેવું જોર છે ? ચરમશરીરી એવા રામને પણ ભોગમાં સારાપણાનું ભાન થાય તેવા વિચાર આવે છે. મિથ્યાત્વની કેવી અસર છે !" તે વખતે રામચંદ્રજીને મનમાં દીક્ષા પ્રત્યે દ્વેષ નથી. પણ ભાવ શું છે કે સંસારની બધી મોજમજા માણી, ભોગવી, પછી છેલ્લે ત્યાગ કરે તે વાજબી, ક્યારે ? છેલ્લે.

**સભા :-** *હા, સાહેબજી, "ઘડપણમાં ગોવિંદ ગુણ ગાશું."*

**સાહેબજી :-** હા, તમારા જીવનમાં ધર્મનો નંબર છેલ્લો કે પહેલો ? તમે પ્રાયોરિટી કોને આપો છો ? સંસારથી પરવારો ત્યારે ધર્મ કરવાનો ને ? આ મિથ્યાત્વનું માનસ છે. અત્યારે સંયમ પ્રત્યે રામને અરુચિ છે. આમ, દીક્ષા પ્રત્યે કાંઈ ગાળ નથી આપી, પણ ઊંડે ઊંડે અરુચિ છે અને આનું નામ જ દ્વેષ છે. હવે આપણે આ જ રામનો બીજો પ્રસંગ લઈએ, જેથી આપણને બધાં પાસાંનો ખ્યાલ આવે.

**સભા :-** *રામચંદ્રજીને ગુણનો દ્વેષ છે ?*

**સાહેબજી :-** ના, ગુણનો દ્વેષ નથી. પરંતુ અત્યારે મુક્તિનો રાગ હોય તેવું તેમનું માનસ નથી, સંસારરસિક છે.

**સભા :-** *અવધિજ્ઞાનથી મનના ભાવ જાણી શકાય ?*

**સાહેબજી :-** હા, અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકે તો જાણી શકાય. ઊંચા અવધિજ્ઞાનીને, મનોવર્ગણા રૂપીદ્રવ્ય હોવાથી, મનોવર્ગણાના પુદ્‌ગલમાંથી નિર્મિત દ્રવ્યમનનો આકાર પણ દેખાય છે; તેથી મનોભાવોનું અનુમાન થઈ શકે. ઈન્દ્ર મહારાજાને ઉત્કૃષ્ટ માત્રામાં અવધિજ્ઞાન હોય છે, તેથી મનનો આકાર દેખાય. વળી, ઈન્દ્ર મહારાજા તો દસ પૂર્વધર શ્રુતકેવળી છે. તે પૂર્વભવમાં કાર્તિક શેઠનો જીવ છે. ત્યાંથી મરીને ઈન્દ્ર થયા છે. કાર્તિક શેઠના ભવમાં તેઓ દીક્ષા લીધા પછી ૧૪ પૂર્વ ભણ્યા છે. મર્યા પછી ચૌદ પૂર્વનું જ્ઞાન ન રહે, પણ દસ પૂર્વનું જ્ઞાન દેવલોકમાં પણ રહે છે. માટે આવો વિચાર જાણી શકે છે.

હવે બીજા પ્રસંગ પરથી રામચંદ્રજીની બેઉ દશા સમજાવવા માગું છું. એક વખત કેવળજ્ઞાની ભગવાન ઉપદેશ આપતા હોય છે. તે વખતે રામચંદ્રજી સદ્‌ભાવથી દેશના સાંભળવા બેસે છે. કેવળજ્ઞાનીની દેશનામાં કદી કચાશ હોય ? ધોધમાર અસ્ખલિત દેશના વહે છે. તેમણે દેશનામાં મુક્તિના સ્વરૂપનું એવું અદ્‌ભુત વર્ણન કર્યું છે. આમ, તેઓ સંસારના સુખને ઝંખે છે, પણ મુક્તિના રમણીય, પરમાનંદમય એવા અદ્‌ભુત સ્વરૂપનું વર્ણન તેમને હૈયે બેસી ગયું છે. હવે જેને ઊંચા સુખનું વર્ણન ગમે, તેને તેની ઈચ્છા થયા વગર રહે ?

અત્યારે તમે માલપાણી ચાખ્યાં ન હોય, પણ તમને ભાવે તેવી વાનગીનું વર્ણન કરીએ તો મોંમાં પાણી આવ્યા વગર રહે ખરું ? કારણ, ઊંચું સુખ દેખાય તો આત્માનો સ્વભાવ છે કે આકર્ષણ થાય. તમને મોક્ષનું વર્ણન સાંભળતાં પાણી કેમ નથી આવતું? કારણ ત્યાં અનંતું સુખ છે તે સમજાયું નથી માટે.

**સભા :-** *સાહેબજી, એવું વર્ણન કરો કે અમને મોક્ષ ગમી જાય.*

**સાહેબજી :-** હા, પ્રસંગે કરીશું. તમે બધો ભાર અમારા પર મૂકી દીધો. સૌથી વધારે સુખમય તત્ત્વ મોક્ષ છે. તેની રોચકતા જો હૃદયમાં અપીલ કરી જાય તો સંસારમાં મન ન લાગે, પછી ભલે સંસારમાં રહો. સમ્યગ્દૃષ્ટિની ઓળખાણ શું છે, ખબર છે? **'मोक्षे चित्तं भवे तनु ।।'** તેનું શરીર સંસારમાં હોય પણ તે મનથી મોક્ષમાં છે. આવી અવસ્થા અનુભવી છે ?

**સભા :-** *હા, સાહેબજી, અનુભવવી છે.*

**સાહેબજી :-** હા, સારું છે. તમારા આદર્શ ઊંચા છે, પણ હજુ તમને મોક્ષ ગમી જાય તેવા ઉત્કૃષ્ટ ભાવ નથી. આમને તો મોક્ષનું સુખ સમજાતાં, આવું અનુપમ સુખ, આવી પરમાનંદ અવસ્થા હું પામી શકીશ કે નહીં ? આ પામવાનો અધિકારી કોણ? ભવ્ય જીવ. અભવિ જીવ સાધના કરે તો પણ પામે નહીં. જો ખરેખર ભવ્ય પામે, તો હું પામી શકીશ કે નહીં ? માટે પોતે ભવિ છે કે અભવિ છે ? તેવી શંકા થતાં નક્કી કરવા કેવળજ્ઞાની ભગવંતને પૂછે છે, "હે ભગવન્ ! હું ભવિ કે અભવિ ?" ત્યારે ભગવાન જવાબ આપે છે, "તમે ભવિ, આસન્નભવિ, ચરમશરીરી છો. આ જ ભવમાં સાધના કરી અંતમાં મોક્ષે જશો." આ સાંભળતાં તેઓ ભાવવિભોર થઈ ગયા, ખુશખુશાલ થઈ ગયા, રોમેરોમ આનંદથી વિકસિત થઈ ગયાં. અહીં જેને આવી શંકા થાય તે નક્કી ભવિ. **જેને મોક્ષનું સુખ સાંભળી-સમજીને તેનું આકર્ષણ કે લાલસા થાય, મોક્ષ મેળવવા મન તલપાપડ થતું હોય, આવી તમન્નાવાળા જીવને શંકા થાય કે "હું ભવિ કે અભવિ ?" તે જીવ નક્કી ભવિ છે.** જેમ ઘણાં નાનાં બાળક સાંભળે કે અમેરિકામાં ખૂબ મોજમજા છે, ત્યાંની degree(ડીગ્રી)ની ઘણી value(કિંમત) છે, આવાં આવાં ત્યાં મોજમજાનાં સાધનો છે; આ બધું સાંભળતાં તેને અરમાન થાય કે, હું મોટો થઈને અમેરિકા જઈશ. માત્ર વાતો સાંભળવાથી, પ્રત્યક્ષ જોયા વગર જેમ અમેરિકાનું આકર્ષણ તેના મનમાં પેદા થયું, તેમ મોક્ષનું રોચક વર્ણન સાંભળતાં ભવ્ય જીવને આકર્ષણ-જિજ્ઞાસા થઈ શકે છે. **મુક્તિના આકર્ષણ વગરની ભવ્યત્વની જિજ્ઞાસા તો અભવ્યને પણ થઈ શકે, પરંતુ મુક્તિની તમન્નામાંથી જાગતી જિજ્ઞાસા અભવિને ન થાય.** અત્યારે તમે ભવિ છો, પણ ખરું ભવ્યત્વ તો મુક્તિમાં ગમન માટે બરાબર સાધના કરે તેવા જીવોનું છે. તેમનું ફળદાયી ભવ્યત્વ છે.

અમે મોક્ષના સુખનું વર્ણન કરીએ, પણ જ્યાં સુધી મગજમાં કચરો હોય ત્યાં સુધી બધું અધ્ધર જાય. જ્યાં સુધી સંસારના સુખમાં સુખનું ભાન છે, ત્યાં સુધી આત્માના સુખની વાત બમ્પર જાય. પુદ્ગલમાં સુખ માને તે આત્મિક સુખને ન જાણે. તેથી સંસારનું સુખ દુઃખમય છે તે પહેલાં સમજો, પછી મુક્તિના સુખની રમણીયતા દેખાશે. માટે પહેલાં સંસારનો વિરાગ મૂક્યો, પછી મુક્તિની કામના મૂકી છે. પહેલાં નિર્વેદ પછી સંવેગ. જો અહીંયાં જ મજા દેખાતી હોય તો મુક્તિમાં મજા ક્યાંથી લાગે ?

**સભા :-** *ત્યાંની મજા દેખાતી હોય તો મન થાય.*

**સાહેબજી :-** ફ્લેટમાં જેને મૂંઝવણ થાય તેને બંગલામાં જવાની ઈચ્છા થાય.

**સભા :-** *બંગલો બતાવે તો મન થાય.*

**સાહેબજી :-** અરે, બંગલાનું વર્ણન સાંભળવાથી પણ મન થાય. ગામડાના એવા ઘણા માણસો છે, જેમને તેમની ઝૂંપડી સ્વર્ગ જેવી લાગતી હોય છે. ઝૂંપડી પરથી મન ઊઠવું જોઈએ, પછી જ બંગલાની વાત બેસે. નહીંતર કહેશે, ભાઈ ! તમારો બંગલો તમને મુબારક, અમારી ઝૂંપડી જ સ્વર્ગ છે. જેનું હલકામાં મન ચોંટ્યું છે, તેને ઊંચામાં આકર્ષણ થતું નથી. હલકામાં મન બંધાયેલું ન જોઈએ, મોકળું રહેવું જોઈએ. ભલે તમે સંસારનાં સુખ મેળવો, ભોગવો; પણ તેમાં જ બંધિયાર દૃષ્ટિ ન જોઈએ. જેમ કૂવાના દેડકાને બહારની દુનિયા જ ન દેખાય, તેમાં જ કૂદાકૂદ કરે; તેમ જેને સંપત્તિ-સત્તા-માન-મરતબો-વૈભવમાં જ સુખ લાગે, તેને આત્મિક સુખ ન દેખાય. **અપુનર્બંધક દશામાં આંશિક વૈરાગ્યની વાત છે. આંશિક વૈરાગ્ય આવે તેને સંસાર પર ગાઢ રાગ નથી.**

## જીવમાત્રને સુખ પર જ સહજરાગ :

જીવમાત્રના મનમાં રાગ-દ્વેષ ગમે તેટલા હોય, પણ કોઈ વસ્તુ પર તેને સહજરાગ નથી. બરાબર સાંભળજો, ગંભીર મુદ્દો છે. સહજ શબ્દ particular(ખાસ) બોલું છું. **જે પણ રાગ છે તે કૃત્રિમ છે. તમારા પર બીજાને રાગ છે તે પણ કૃત્રિમ, અને તમને બીજા પર રાગ છે તે પણ કૃત્રિમ.** આકરી લાગે તેવી વાત છે. જેમ તમે અત્યારે એક નવું કપડું લાવ્યા, તેની ક્વોલિટી, ડિઝાઈન, રંગ, મનને ગમે તેવું આકર્ષક કપડું લાવ્યા. તે પહેરતાં આનંદ આનંદ થાય છે. આ ડ્રેસ પહેરીને રુઆબથી ચાલો. કારણ રાગ છે. પણ એના પર જો ડાઘ પડે કે ભરાઈને ફાટી જાય, તો કદાચ થોડો અફસોસ થશે, પણ પછી કપડું કાઢી નાખશો; જૂનું થાય તો ફેંકી દેશો. કેમ ? હવે રાગ ઊતરી ગયો. રાગ કાંઈ કાયમ નથી, કામચલાઉ છે.

**સભા :-** *પૈસા પર કાયમ રાગ હોય છે.*

**સાહેબજી :-** આ ગપ્પું છે. તમે લાખ રૂપિયા લઈને જંગલમાંથી પસાર થતા

હો અને તે વખતે લૂંટારો સામે પિસ્તોલ લઈને ઊભો રહે, તો શું કરો ? પૈસાનો ઘા કરો ને ? પૈસા સાથે ન લાવ્યા હોત તો સારું તેમ લાગે.

**સભા :-** *ત્યારે મોતનો ભય છે.*

**સાહેબજી :-** પૈસા પણ ક્યાં સુધી ગમે ? સુખનું સાધન લાગે ત્યાં સુધી. જેમ પહેલાંના વખતમાં પૈસા કાગળમાં નહોતા, નગદ નાણું હતું; માટે જ્યારે કમાઈને સ્ટીમર કે વહાણમાં લાવે ત્યારે સોનાના સિક્કાનું વજન હોય. હવે કદાચ મુસાફરીમાં વહાણ તૂટ્યું, કે કાંઈ આફત આવી, તો તે વખતે આ નાણું બાંધીને તરો; પણ લાગે કે આના ભારથી આપણે ડૂબી જઈશું, તો ભાર મૂકી દો ને ? માટે કોઈ વસ્તુ પર સહજ રાગ નથી.

**સભા :-** *ચમડી છૂટે પણ દમડી ન છૂટે.*

**સાહેબજી :-** એવા માણસને પણ સુરક્ષા-સુખ છે ત્યાં સુધી. કદાચ જીવન કરતાં પૈસો વહાલો બની શકે, પણ પૈસા કરતાં વધારે વહાલું તો સુખ જ રહેશે. જે દિવસે પૈસો સુખનું સાધન નહીં રહે, તે દિવસે પૈસાને છોડી દેશે. આ સંસારમાં જીવને સુખને છોડીને સ્વતંત્ર રાગ બીજે ક્યાંય નથી.

**સભા :-** *પણ સાહેબજી, ધર્મ પર તો રાગ જોઈએ ને ?*

**સાહેબજી :-** હા, અમે રાગને કાંઈ એકાંતે ખરાબ નથી કહેતા. અમારા ભગવાનનો ઉપદેશ છે કે બધા રાગ હમણાં છોડવાના નથી. હાલની ભૂમિકામાં તમારે અમુક રાગ કરવા લાયક છે, અમુક રાગ છોડવા લાયક છે. **રાગ-દ્વેષનું મારણ પણ રાગ-દ્વેષ છે. કષાયનું મારણ કષાય છે. અત્યાર સુધી જેટલા સાધક થયા છે, તેમણે મોહને મોહ દ્વારા જ માર્યો છે. કષાય પર વિજય મેળવવા કષાય જ સાધન છે.**

**સભા :-** *દાખલો આપો.*

**સાહેબજી :-** જેમ કોઈને સાપ કે વીંછી કરડ્યો હોય ત્યારે ડોક્ટર દવા આપે, પણ જો તાત્કાલિક દવા ન મળે તો રામ રમી જાય તેમ હોય, અને તે વખતે દવા મળવાથી બચી જાય, તો આ પ્રસંગ જોઈને તમે એવું માનો કે આ દવા તો જીવન આપનાર છે; માટે શું તમે દવા લઈ લો ખરા ? લો તો રામ રમી જાય ને ? સાપના ઝેરને

મારવાની દવા તે દર્દી માટે અમૃત છે, પણ સાજાને તો ઝેર છે. સારાંશ એ છે કે ઝેરનું મારણ ઝેર છે. ઝેર ચઢ્યું હોય તેને જીવન આપે તેવી વસ્તુ, બીજાને ખવડાવો તો મરી જ જાય ને ? મેલનું મારણ મેલ છે. કાંટો કાઢવાનું મારણ કાંટો છે. કાંટો અંદર ઊંડો ખૂંપી ગયો હોય તો તેને કાઢવા તીણી સોય જ લેવી પડે. તે વખતે તેને રૂથી પંપાળો તો નીકળે ? માટે રાગ-દ્વેષ કષાયને કાઢવાનું સાધન કષાય જ છે.

**સભા :-** *લુચ્ચાઈને કેમ મારવી ? શું લુચ્ચાઈનો ઉપયોગ કરવો ?*

**સાહેબજી :-** હા, પહેલાં કહો લુચ્ચાઈ કોની સાથે કરવી છે ? કોઈ વ્યક્તિ સાથે લુચ્ચાઈ કરવી છે. તમને લુચ્ચાઈ ક્યાં કરવી ગમે ? દુશ્મન સાથે ને ? હવે તમે બહારના દુશ્મન સાથે લુચ્ચાઈ કરો છો; પણ અંદરના દુશ્મન સાથે લુચ્ચાઈ કરી છે ? બહારના દુશ્મનને દરરોજ ડબ્બામાં પૂરવા બેઠા છો; પણ અંદરના દુશ્મન છે તેની સાથે લુચ્ચાઈ કરો. બસ, લુચ્ચાઇનું આપમેળે મારણ થઇ જશે. દુશ્મન કોનું નામ ? દુઃખ-સંતાપ આપે તે. તમને હેરાન કરે તે દુશ્મન. આ જ વ્યક્તિ દુશ્મન છે તેવું ફિક્સ છે ? ના, ફિક્સ વ્યાખ્યા તો જે તમને હેરાન-પરેશાન કરી દુઃખ આપે તે દુશ્મન. તમને અંદરમાં રોજ કોણ સંતાપ આપે છે ?

**સભા :-** *મોહ.*

**સાહેબજી :-** ગામનો મોહ કે તમારો મોહ ? તમારા મોહથી હેરાન થાઓ છો તેવું લાગે છે ? તમને કોઈ આવીને થપ્પડ મારે, ચૂંટિયો ખણે, વાળ ખેંચે તો કેવું લાગે? ગુસ્સો આવે. પરંતુ ક્રોધ, માન, અહંકાર, લોભ બધા હેરાન કરી જાય તો તેના પર ગુસ્સો ન આવે ને ? કબજામાં લેવાનું મન ન થાય ને ? અંદરનાં દુઃખ આપનારા બધા દુશ્મન ગમે છે, બહારના જ દુશ્મન આકરા લાગે છે. અંદરના એક એક કષાયને ઠગવાનું કામ કરવાનું છે. ભગવાને તેની સામે સરસ લુચ્ચાઈ કરવાની બતાવી છે. પ્રશસ્ત કષાયના વિષયમાં આગળ છણાવટ આવશે. ભગવાન ઋષભદેવના ચરિત્રમાં આપણે કેવી કળાથી જીવવું જોઈએ તે વર્ણન આવશે, પ્રશસ્ત કષાય ડગલે ને પગલે કેમ કરાય તે આવશે. જેમ તમે પત્ની ઉપર પ્રશસ્ત કષાય કરો તો અમે ખરાબ નથી કહેતા, તમારા બાળક ઉપર પણ પ્રશસ્ત રાગ કરો તો તે કર્તવ્ય છે. માટે રાગમાં પણ વર્ગીકરણ આવશે. પ્રશસ્ત રાગ કરવા જેવા છે, અપ્રશસ્ત છોડવા જેવા છે.

જેમ નવકારનો અર્થ તમે બરાબર નથી ભણ્યા, પણ તેમાં શું કહે છે ? એક બાજુ ભગવાને રાગ-દ્વેષ જીત્યા, આંતરશત્રુને જીત્યા, તે અરિહંત; તો પાછા બીજી બાજુ અમે તમને કહીએ છીએ કે ભગવાન પર રાગ કરો. જેને છોડવાના છે તેને જ કરવાનું કહીએ છીએ. આ તો કેવું વિરોધી વર્તન કરવાનું કહીએ છીએ ? તેનો જવાબ એ છે કે **વીતરાગની આજ્ઞા પ્રમાણે રાગ-દ્વેષ કરો તો ધર્મ છે અને વીતરાગની આજ્ઞાવિરુદ્ધ રાગ-દ્વેષ કરો તો અધર્મ છે. વળી, વીતરાગની આજ્ઞા પ્રમાણે રાગ-દ્વેષનો ત્યાગ કરો તો ધર્મ છે અને વીતરાગની આજ્ઞાવિરુદ્ધ રાગ-દ્વેષનો ત્યાગ કરવો તે પણ અધર્મ છે.** માટે શાસ્ત્રમાં સૂત્ર આપ્યું "**आणाए धम्मो**". **જે સમયે જે પરિસ્થિતિ, જે ભૂમિકા હોય તે અનુસારે જે પ્રભુની આજ્ઞા, તે ધર્મ છે. ભગવાનની આજ્ઞા પ્રમાણે હિંસા પણ ધર્મ છે, ભગવાનની આજ્ઞાવિરુદ્ધ અહિંસા પણ અધર્મ છે.**

ટાઈમ થઈ ગયો છે. આગળ આવશે.

# ૧૦

અષાઢ વદ નોમ, તા. ૨૦-૭-૯૫, ગુરુવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્મા જગતના જીવમાત્રને વિશુદ્ધ ધર્મની પ્રાપ્તિ કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ જગતના જીવો પ્રાયઃ કરીને અધર્મમાં જ રાચે છે. ક્યારેક તેમને ધર્મની પ્રાપ્તિ થાય છે અને પ્રાપ્ત થયા પછી આદરે પણ છે, પરંતુ હજી સુધી જીવને વિશુદ્ધ ધર્મ પ્રાપ્ત થયો નથી. તો એવો ધર્મ પ્રાપ્ત કરવાનો ઉપાય શું? તો મહાપુરુષો કહે છે કે કોઈપણ ધર્મમાં જો પ્રણિધાન ભળી જાય તો તે વિશુદ્ધ ધર્મ બને છે. એટલે **ધર્મના ક્ષેત્રમાં પ્રણિધાન અતિ આવશ્યક છે, પછી ભલે તે જૈન ધર્મની કે જૈનેતર ધર્મની ક્રિયા કરતો હોય; પણ પ્રણિધાન ન હોય તો તેને અમે વિશુદ્ધ ધર્મ કહેવા તૈયાર નથી.** વળી પ્રણિધાનપૂર્વકની કોઈપણ ધર્મની ક્રિયાને વિશુદ્ધ ધર્મરૂપે આત્મકલ્યાણનું સાધન કહેવા તૈયાર છીએ.

## પ્રણિધાનનાં બે વિશેષણો :

આ પ્રણિધાનને પામવા માટે પૂ. ઉપાધ્યાયજી યશોવિજયજીએ ટીકામાં તેનું લક્ષણ કર્યું કે **ધર્મક્ષેત્રમાં કર્તવ્યતાનો સંકલ્પ એટલે પ્રણિધાન**; જેની આગળ બે વિશેષણ મૂક્યાં. (૧) હીનગુણદ્વેષાભાવ અને (૨) પરોપકારવાસનાયુક્ત. હીનગુણદ્વેષાભાવ એ ત્રીજી ભૂમિકાની વાત છે.

## રાગ-દ્વેષ છોડવાની ક્રમિક સાધના :

આત્મકલ્યાણનો માર્ગ અદ્વેષ દ્વારા સમજવો હોય તો તેનાં આઠ પગથિયાં છે. મોક્ષમાર્ગમાં રાગ-દ્વેષના નિરાકરણની સાધના જ ખરી સાધના છે. તે વીતરાગ બનવા સુધીની સાધના છે. તે પછીની સાધના સરળ છે, તેમાં struggling નથી. સંઘર્ષમય

પુરુષાર્થની આવશ્યકતા વીતરાગ બનવા સુધીની છે. હવે તેનો વિચાર કરીએ કે આપણે રાગ-દ્વેષને કઇ રીતે જીતવા ? આપણા રાગ-દ્વેષ લાખો, કરોડો વસ્તુ-વ્યક્તિઓ પર ફેલાયેલા છે. અત્યારે આપણે અપેક્ષા રાખીએ કે રાગ-દ્વેષને સંપૂર્ણ તિલાંજલિ આપીએ, પણ તે એક દીવાસ્વપ્ન જેવી વાત છે. તેને તોડવાની પણ ક્રમબદ્ધ પદ્ધતિ છે. રાગત્યાગનો પણ ક્રમ બતાવ્યો છે તેમ દ્વેષત્યાગનો પણ ક્રમ બતાવ્યો છે. દા.ત. જેને સુખનો રાગ છે તેને દુઃખનો દ્વેષ અવશ્ય છે. તેણે અત્યારે દુઃખનો દ્વેષ છોડવાનો નથી, પણ ગુણનો દ્વેષ છોડવાનો છે. **જ્યાં સુધી જીવમાં દુઃખનો દ્વેષ છે, ત્યાં સુધી જીવે દોષનો દ્વેષ જાળવી રાખવાનો છે, ન હોય તો પેદા કરવાનો છે.**

અત્યારે તમને અનુકૂળતા ગમે છે, પ્રતિકૂળતા નથી ગમતી. પ્રતિકૂળતાની જેવી વાત આવે એટલે જીવને ગભરામણ થાય છે. જેમ ડોક્ટર પાસે તમે જાઓ અને તેના મોં ઉપરથી મોટા રોગનું નિદાન થાય તેવું લાગે, તો પરસેવો થઇ જાય છે. રોગનો ભારે ભય છે. કારણ તે તમને સંતાપ આપે છે અને તમને દુઃખ પ્રત્યે તો અણગમો છે, દ્વેષ છે જ. જ્યાં સુધી સુખ પ્રત્યે રાગ થાય અને દુઃખ પ્રત્યે દ્વેષ થાય ત્યાં સુધી, ગુણ પ્રત્યે રાગ અને દોષ પ્રત્યે દ્વેષ કેળવવો જ પડે, નહીંતર સાધના કરવામાં મોટી થાપ ખાઇ જશો. અત્યારે કોઇ વ્યક્તિ તમને હેરાન કરે તો અસર થાય છે, માટે ત્યાં સુધી જે તમારા દુર્ગુણો છે તે હેરાન કરનારા છે, તો તેના ઉપર પણ અણગમો-દ્વેષ રહેવો જોઇએ. ઉપરની ભૂમિકામાં દોષ પ્રત્યેનો અણગમો કાઢવાનો છે, પરંતુ અત્યારે તો ગુણનો રાગ અને દોષનો દ્વેષ રાખવાનો છે. અત્યારે ઘણા કહે છે રાગ-દ્વેષ કરવા નહીં, તેને શાંતભાવે, સમતાભાવે જોવા. પરંતુ જ્યાં સુધી તમને મચ્છર કરડે તો તેના ઉપર ક્રોધ આવે છે, કારણ કે તે પીડા આપે છે, એટલે તેના પર અણગમો-દ્વેષ થાય છે; તો ત્યાં સુધી તમે તમારા દોષ પ્રત્યે તટસ્થ બનો તો ન ચાલે; તમારે તમારા દોષ પ્રત્યે અવશ્ય ઘૃણા, અણગમો, તિરસ્કારભાવ, અરુચિભાવ કેળવવો જોઇએ. તેમ ગુણ ઉપર રાગનો ભાવ પણ કેળવવો જોઇએ.

**ગુણ ઉપરનો રાગ અને દોષ ઉપરનો દ્વેષ સાધનામાં આગળ જતાં છોડવાના છે, પરંતુ જો અત્યારે ત્યાગ કરો તો સાધનામાંથી ભ્રષ્ટ થશો.** અત્યારે ભગવાનને જુઓ તો રાગ કરવાનો છે. વીતરાગનો રાગ તમારા સંસારનો રાગ તોડવાનું સાધન બનશે. ભગવાન પરિપૂર્ણ ગુણિયલ વ્યક્તિ છે, માટે રાગ-અહોભાવ તેમના તરફ

કેળવવાનો છે. આત્માનો વિકાસ કરવા તે આવશ્યક સાધન છે. જીવનમાં જે પણ ખામીઓ છે, તેના માટે સમભાવ કેળવીએ તે વાજબી નથી. જેમ કે સ્વાર્થવૃત્તિ, આસક્તિ, કંજૂસાઇ, કઠોરતા, ઉગ્રતા જેટલા પણ દોષો છે; તેના તરફ અણગમો, અરુચિનો ભાવ લાવવાનો છે. તે દોષો કાંઇ એમ ને એમ ખસવાના નથી. તટસ્થતાથી જો અવલોકન કરશો તો તે જામીને અડીખમ થઇને બેસી રહેશે. માટે અત્યારે તટસ્થતાથી-સમભાવથી તેનું અવલોકન કરવાનું નથી.

અત્યારે તમારામાં દુઃખનો દ્વેષ ભલે હો; પહેલાં ગુણનો દ્વેષ છોડો, દોષનો દ્વેષ ઊભો કરો, જાળવી રાખો. સાક્ષીભાવ પોતાના ગુણ-દોષ પર રાખવાનો નથી, બીજાના ગુણ-દોષ પર પણ સાક્ષીભાવ રાખવાનો નથી. તમને પવિત્ર મહાત્મા કે પવિત્ર શ્રાવક મળે તો તેને જોવાથી સદ્ભાવ, બહુમાન, પ્રીતિ જાગવી જોઇએ. તેને અર્થ એ થયો કે તેમના પર રાગ કેળવવો પડે, પરંતુ તટસ્થપણે જોવાનું નથી. કોઇ ગુણિયલ વ્યક્તિ આવે અને કોઇ બદમાશ વ્યક્તિ આવે, તો બન્નેને એક ત્રાજવે તોળવાના છે ? કે પછી ગુણિયલ પ્રત્યે બહુમાન રાખવાનું છે અને બદમાશ પ્રત્યે કરુણાભાવ રાખવાનો છે ? અત્યારે અમુક રાગ-દ્વેષ કરવાના છે અને અમુક રાગ-દ્વેષ છોડવાના છે. મહત્ત્વનું એ છે કે કયા છોડવાના છે ? પહેલાં ગુણ પ્રત્યેનો દ્વેષ છોડવાનો છે, પછી મુક્તિનો દ્વેષ છોડવાનો, પછી હીનગુણીનો દ્વેષ છોડવાનો.

**આત્મામાં અનાદિથી દોષ ઉપરનો રાગ અને ગુણ ઉપરનો દ્વેષ છે, તે ઊંધી સાઇકલ છે; જેને પલટવી પડે. માટે પહેલાં ગુણના દ્વેષમાંથી અદ્વેષમાં અને પછી જ રાગમાં આવી શકાય. તેથી કોઇ પણ ગુણ ઉપર ઊંડે ઊંડે અભાવ કે અરુચિનો ભાવ મનમાં ન આવે તેવી કાળજી લો, અને તે જ વ્યક્તિ ચરમાવર્તમાં સ્થિર થાય છે; આ કક્ષાવાળા જીવ જ ધર્મ પામવા લાયક બને છે.** હા, હજી તેનો મોક્ષમાર્ગમાં પ્રવેશ થયો નથી, પરંતુ ચરમાવર્ત ન પામેલો જીવ ધર્મ કરે તો પણ તે ગેરલાયક છે. હા, ભવિષ્યમાં પરિવર્તન થાય, પરંતુ અત્યારે તેને લાયકનું બિરુદ આપી શકાય નહીં. આ ધોરણમાંથી કોઇ જીવની બાદબાકી થાય નહીં, પછી ભલે તીર્થંકરનો જીવ હોય. તીર્થંકરો પણ આ જ માર્ગથી ચઢ્યા છે. દરેકે આ જ માર્ગ પામ્યા વગર ઉપાય નથી. જેમ અમુક જગાએ જવા અમુક પોઇન્ટ પર આવવું પડે, તેમ ધર્મના ક્ષેત્રમાં જીવ પુરુષાર્થ કરે, ગુણો કેળવે, પણ આ પોઇન્ટ પર આવવું જ પડે; ગુણનો અદ્વેષ

પામવો જ પડે અને આ ગુણનો અદ્વેષ પામ્યા પછી આગળ શું ? તો મોક્ષનો અદ્વેષ પામવો પડે.

## સંસારના રાગદ્વેષના અંતિમ બિંદુ : ભૌતિક સુખ-દુઃખ :

પણ તેનો વિરોધી સંસાર પરનો ગાઢ રાગ છે. તમને કયા કયા ગાઢ રાગ છે તેનું વિશ્લેષણ કરી જાતને તપાસો. તમારા મનમાં સંસારનો રાગ અકૃત્રિમ(સાહજિક) નથી, પરંતુ સંસારની તમામે તમામ વ્યક્તિ કે વસ્તુ પરનો રાગ કૃત્રિમ જ છે. કેમ કે તમારો નિયમ છે કે જયાં સુધી એ વ્યક્તિ કે વસ્તુ તમને સુખનું સાધન બને ત્યાં સુધી જ તમારો તેના પર રાગ રહે છે; પરંતુ જેવી તે વસ્તુ કે વ્યક્તિ તમને દુઃખનું સાધન બને, એટલે તેના ઉપર દ્વેષ થયા વગર રહે નહીં. જેમ કે દીકરો નાનપણમાં મા વગર એક મિનિટ રહેતો નહોતો. મા બહાર જાય તો આખો દિવસ રડ્યા કરે, કારણ મા વગર ચાલતું નહોતું. પરંતુ યુવાન થયા પછી બીજાથી કામ સરે, પછી તે જ મા સુખનું સાધન નથી લાગતી; એટલે તેનો રાગ ઓસરવા માંડે. નાના હતા ત્યારે એક દિવસ પણ મા વગર ન ચાલે, તે દીકરા મોટા થાય પછી કહી દે કે તમારે કચ કચ કરવી નહીં, કશામાં માથું મારવું નહીં. અહીંયાં વ્યક્તિ તો એની એ જ છે, કાંઇ બદલાઇ નથી; પરંતુ સુખનું સાધન જયાં સુધી લાગતી હતી ત્યાં સુધી રાગ હતો. બધે આ જ ક્રમ છે. બધી વસ્તુ પરનો રાગ કામચલાઉ જ છે. જેમ ઘડિયાળ પર રાગ છે, પણ કાલે ઘડિયાળ જૂની થાય એટલે રાગ ઓસરવા માંડે. જેમ સુંદર ચશ્માંની ફ્રેમ પર રાગ છે, પણ તેનાથી વધારે સારી બીજી મળે એટલે આના પરનો રાગ ઓસરી જાય. જેમ તમે અત્યારે તમારા ઘર સાથે ઓતપ્રોત છો, તમને આ ઘર પર સખત રાગ છે, પણ જો એનાથી ચઢિયાતું ઘર મળે તો આ ઘરને વેચવા તૈયાર થઇ જાઓ. તેથી રાગ ટકવાનો ક્યાં સુધી ? જયાં સુધી સુખનુ સાધન છે ત્યાં સુધી. માટે અલ્ટીમેટ રાગ સુખ પર છે અને અલ્ટીમેટ દ્વેષ દુઃખ પર છે. આમ, આ સંસારમાં રાગદ્વેષના અંતિમ બિંદુ સુખ-દુઃખ છે. તેથી જે વ્યક્તિને મોક્ષમાં દુઃખ દેખાય તેને મોક્ષ પર દ્વેષ રહેવાનો, પછી ભલે તેણે વિચાર્યું હોય કે ન વિચાર્યું હોય. તમે મોક્ષ કેવો છે તે સાંભળ્યું નથી, સમજયા નથી, ચિંતન-મનન કર્યું નથી; પણ જેવો મોક્ષ છે તેવો જો તમારી સામે રજૂ થાય, ત્યારે તો ઘણાને દ્વેષ થવાનો. જેમ અત્યારે શરીરમાં હજી રોગ થયો નથી, બધા રોગનાં નામ તમે સાંભળ્યાં નથી, છતાં પણ

. એ રોગની વાત આવે, અને વર્ણન કરીએ, તો દ્વેષ અને ભય પેદા થવાનો; કારણ દુઃખદાયક હોવાથી તેના પ્રત્યે અણગમો છે.

મોક્ષ કેવો છે ? સર્વથા પુદ્ગલથી રહિત છે, ત્યાં કોઇ પ્રકારનો ભૌતિક આનંદ છે જ નહીં. જેને ભૌતિક આનંદમાં જ સુખ લાગતું હોય તેવી વ્યક્તિને મોક્ષ માટે અણગમો-અરુચિ નક્કી થાય. અમારા જેવા સાધુ બોલે કે મોક્ષે જવા જેવું છે, ત્યાં અનંતું સુખ છે, આ જ પામવા જેવું છે, તો હા, હા કરે; પણ તેને પૂછે કે મોક્ષમાં શું મળે ? ત્યાં જઇને શું કરવાનું છે ? તો તેને કાંઇ ખબર ન પડે. ઊલટું તેને ઊંડે ઊંડે તો એમ લાગે છે કે ત્યાં ભેંકાર જગા છે, ખાલી પડ્યા રહેવાનું, બોલવાનું-ચાલવાનું-ખાવાનું-પીવાનું-મોજમજા કરવાનું કાંઇ નથી, કાયમ એકલા રહેવાનું; આવી પરિસ્થિતિ દેખાય, પણ મોંથી બોલે નહીં; કારણ સાંભળ્યું હોય કે આવું બોલીએ તો ભયંકર પાપ લાગે, મોક્ષમાં શંકા-કુશંકા કરીએ તો મિથ્યાત્વ લાગે, માટે ભયથી બધી વાત સ્વીકારી લે, પણ તેને ગળે ઊતરે નહીં. તમને મોક્ષનું સુખ બરાબર મનમાં બેસી ગયું છે ? કે બાકી છે ?

**સભા :-** *સાહેબજી, મોક્ષના સુખનું વર્ણન કરો.*

**સાહેબજી :-** તેના માટે પીઠિકા બાંધવી પડે.

## સંસારના સુખની એકાંતે દુઃખમયતા :

હજી તમે સુખની વ્યાખ્યા કરવામાં જ ગડમથલમાં છો. સુખ કોને કહેવાય તે વિચાર્યું છે કે નહીં તે જ પ્રશ્ન છે. ફક્ત સુખના નામથી બાવરા થઇને ફરો છો. કોઇ વસ્તુ મેળવવાની લગની લાગે પછી મેળવવા ઊંધું ઘાલીને ફર્યા કરે, તેવી આખી દુનિયાની સ્થિતિ છે. મૂઢ બની દુનિયા દોડી રહી છે.

તમને ભૌતિક આનંદમાં જ સુખ દેખાતું હોય, તેમાં જ તમારા સુખની વ્યાખ્યા સમાતી હોય તો આત્માનું સુખ તમને સમજાય નહીં; પણ જ્યારે સંસારના સુખમાં દુઃખમયતાનું ભાન થાય ત્યારે જીવ આત્માના સુખને સમજવા લાયક બન્યો કહેવાય. આની ઘણી સમીક્ષા, ચર્ચા કરવી પડે.

ઉપદેશમાલા, કે જેના રચયિતા પૂ. ધર્મદાસ ગણી છે, જેઓ પ્રભુ મહાવીરના શિષ્ય અને ૧૪ પૂર્વધર હતા, તેમણે કહ્યું છે કે અમારી દષ્ટિએ જગતનું મહાન આશ્ચર્ય હોય તો તે આ જ કે, **"દુનિયા આખી દુઃખ ઊભું કરી પછી દુઃખમાં રાહત કરવી તેને સુખ માને છે."**

તમને તાવ આવ્યો હોય ત્યારે માથા પર પોતાં મૂકો તો રાહત થાય. ત્યારે તમને કોઈ કહે, "કેવી સુંદર મજા છે ? તમને પોતાં મૂકવાથી કેટલી સરસ ઠંડક થાય છે?" તો તમે શું કહેશો ? "તું અનુભવ કરી જો. શું કામ મારી હાંસી ઉડાડે છે ? તને થશે ત્યારે ખબર પડશે." તાવથી શરીરમાં જે સંતાપ-પીડા થાય છે તેમાં પોતાં દ્વારા રાહત થાય છે. જો તે રાહતને તમે સુખ માનો, તો તે સુખ મેળવવા દરરોજ તાવ લાવવો જોઈએ. અથવા ગૂમડું થયું હોય, તેમાં પસ ભરાય ત્યારે અંદર ચેન ન પડે. સખત પીડા, તકલીફ થાય. પછી તમે ચેકો મુકાવી પસ કાઢો એટલે રાહત થાય. જો આવી રાહતનું સુખ જોઈતું હોય તો દરરોજ ગૂમડું ઊભું કરવું પડે. તમારા ત્રાસમાં રાહત થાય તે કાંઈ સુખ કહેવાય ? દુઃખ પેદા કરી રાહત થાય, તેને સુખ માનવા દુનિયા તૈયાર નથી અને જો તમે તે માનવા તૈયાર હો તો હું તેવા રાહતના ઘણા જ કીમિયા બતાવું, પણ તમને ફાવે તેમ નથી. દા.ત. પાલિતાણાની જાત્રા ઉતાવળ-ધડાધડથી કરી, ત્યારે પગે ગોટલા ચઢી જાય. પછી તેને ચંપી કરાવો તો કેવી રાહત થાય ! પરંતુ જો એમ ને એમ ચંપી કરાવો તો પગ દુખવા આવે, માટે ચંપીની મજા મેળવવા ગોટલા ચઢાવવા પડે.

અહીંયાં જ્ઞાની કહે છે કે સંસારનાં તમામ સુખો આવાં છે. પહેલાં દુઃખ ઊભું કરી પછી તેમાં રાહત કરે તેનું નામ જ સુખ છે. જેમ તમે થાક્યા હો અને ઊંઘો તો મજા આવે કે વગર થાકે પથારીમાં આળોટો તો મજા આવે ? બાર કલાકની ઊંઘ કરીને ઊઠો ત્યારે કોઈ પૂછે તો કહેશો, ઊંઘવાની મજા આવી ગઈ. તો પેલો કહે બાર કલાક ફરી ઊંઘી જાઓ, તો તમે શું કહેશો ?

**સભા :-** *ના, હવે નહીં.*

**સાહેબજી :-** કેમ ? હવે મજા ના આવે ? ઊંઘવામાં સુખ ક્યાં સુધી ? થાક છે ત્યાં સુધી. પછી ઊંઘમાં મજા ખરી ? ના. માટે ઊંઘનું સુખ કામચલાઉ છે. બસ,

થાકમાં થોડી રાહત થઈ. માટે nutshell(સંક્ષેપ)માં કહીએ તો પહેલાં દુઃખ ઊભું કરી તેમાં જે રાહત કરી તેનું નામ સુખ, અને સંસારનાં બધાં જ સુખ આવાં છે. કોઈ ડાહ્યો માણસ આને સુખ માને ખરો ? તેથી જ જ્ઞાની ભગવંતો આપણે ગાંડા છીએ તેવું કહે છે. આપણે ગાંડામાંથી ડાહ્યા બનવાનું છે. જીવનમાં જેટલો સાચો ધર્મ અપનાવીએ તેટલા ગાંડામાંથી ડાહ્યા બનતા જઈએ. પરંતુ અનંતકાળથી આત્મામાં મૂઢતા ગૂંથાયેલી છે. તમે એવું એક સંસારનું સુખ બતાવો કે જે દુઃખમાં માત્ર રાહતરૂપ ન હોય. એક સુખ બતાવો, જેમાં પહેલાં દુઃખ ન હોય, અને તેનું નિરાકરણ તે જ સુખ ન હોય. છતાં દુઃખના આ માત્ર કામચલાઉ નિરાકરણને જ વાસ્તવિક સુખ માનો તે બુદ્ધિની જડતા છે.

જેમ મચ્છર કરડ્યો એટલે બળતરા થાય, પછી ખણવાનું ચાલુ કરો એટલે બળતરામાં શાંતિ થાય. મચ્છર કરડે પછી ખણો છો, અને ન કરડ્યો હોય અને ખણો તો શું થાય ? નવી બળતરા ઊભી થાય. માટે ખણવાનું સુખ જોઈતું હોય તો મચ્છર કરડાવો. દુનિયાને પૂછો કે સુખ જોઈએ છે ? તો હા કહે. એટલે કહો કે મચ્છર કરડે તેવી રીતે બેસો અને પછી ખણો તો સુખ મળશે, મજા આવશે; તો લાફો જ મારે ને ? તમારી સવારથી સાંજ સુધીની બધી પ્રવૃત્તિ આવી જ છે. તેમાં આના સિવાયનું નવું સુખ હોય તો બતાવો. અમે આ વાત સચોટતા સાથે કહીએ છીએ. આ વિષયમાં તમારી તાકાત હોય તેટલા તર્ક-વિતર્ક કરો, બધાના જવાબ છે. આનાથી જુદી પ્રક્રિયાવાળું એક પણ ઇન્દ્રિયનું સુખ બતાવો. બધામાં પહેલાં દુઃખ પછી કામચલાઉ રાહતનો નિયત ક્રમ છે. આના સિવાયનું નવું સ્વતંત્ર સુખ ભૌતિક જગતમાં દીવો લઈને શોધવા જશો તો પણ નહીં મળે.

**સંસારનાં તમામ સુખ દુઃખસાપેક્ષ છે, દુઃખનો પડછાયો છે, દુઃખનો પર્યાય છે.** બધાં જ સુખ આવાં છે. તમે જ્યાં જાઓ ત્યાં પડછાયો સાથે જ આવે છે. તમારા વગર પડછાયો હોઈ શકે ? કારણ તે મૂળ આકૃતિની જ પ્રતિકૃતિ છે. તેમ, સંસારનું સુખ, દુઃખનો પડછાયો છે. એટલે પહેલાં કિંમતરૂપે દુઃખ ચૂકવો, પછી જ દુઃખમાં રાહતરૂપ સુખની પ્રાપ્તિ થાય. ૮૪ લાખ જીવાયોનિમાં દેવલોકનાં સુખ, મૃત્યુલોકનાં સુખ, ઇન્દ્રોનાં સુખ, કોઈપણ સુખ લો, બધા જ સુખમાં આ એક જ પ્રક્રિયા છે.

જેમ કોઈ દાઝે, પછી તેને દવા લગાડે એટલે ઠંડક થાય, દાહને શમાવે, ત્યારે સુખ લાગે. પણ દવા વગર દાઝ્યે લગાવો તો શું થાય? માટે જો દવાની મજા માણવી હોય તો પહેલાં અવશ્ય દાઝવું પડે. બસ, સંસારનાં બધાં સુખ આવાં છે. પહેલાં દાઝો પછી રાહત કરવા દવા લગાવવી. તે પણ કાયમની રાહત નથી. જેવો દવાનો પાવર જશે એટલે ફરી બળતરા થશે. ફરી દવા લગાડવી પડે. બસ, સંસારનાં બધાં સુખ આવાં છે. તમામ સુખમાં આ જ પ્રક્રિયા ઘટશે. તમારા ખાવાના, પહેરવાના, ઓઢવાના, ઈન્દ્રિયના તમામ ભોગોમાં આ જ ખાસિયત. પહેલાં દુઃખ, પછી તેનો અતિશય થાય, પછી તેમાં રાહત કરો એટલે સુખ. છતાં આવાં સુખ તમને ગમે છે, ફાવી ગયાં છે; કારણ તમારું અવલોકન નથી. આ પ્રત્યક્ષ બેસી જાય તેવી વાત છે, પણ મિથ્યાત્વ પડ્યું છે માટે સત્ય દેખાતું નથી.

દા.ત. જેટલી તરસ વધારે લાગે પછી પાણી પીઓ એટલી વધારે મજા આવે. પાણી પીવાના સુખની મજા તરસના દુઃખની સાપેક્ષ છે. જેમ ત્રાજવાની બંને દાંડીની ગતિ પરસ્પર સાપેક્ષ છે. એક પલ્લું નીચું કરવું હોય તો બીજા પલ્લાને ઊંચું કરવું પડે. બેલેન્સ રાખવું હોય તો સમાન સ્તર પર રાખવું પડે. તેમ જેટલું દુઃખ પેદા કરો એટલું વળતરરૂપે સુખ પ્રાપ્ત થાય. ઓછું દુઃખ પેદા કરો તો વળતરરૂપે ભોગથી ઓછું સુખ મળે, અને વધારે દુઃખ સ્ટોકમાં ભેગું કરો તો ભોગ દ્વારા દુઃખમાં વધારે રાહત થવાથી વધારે સુખ મળશે. માટે દુઃખનું વળતર એનું નામ જ સંસારનું સુખ. તમારે જેટલું વળતર જોઈતું હોય એટલી કિંમત દુઃખરૂપે ચૂકવવી પડે. આ જ સનાતન ક્રમ છે. કકડીને ભૂખ લાગી હોય ત્યારે રોટલો-મરચું પણ મીઠું લાગે અને એમ ને એમ ખાવા બેસો તો ૫૦ આઈટમમાં પણ મજા ન આવે. કારણ તમને ભૂખ નથી, સુખ ભોગવવાની પૂર્વશરત તમે પૂરી કરી નથી. pre-condition(પૂર્વશરત) શું કે પહેલાં દુઃખ વેઠો પછી ભોગ ભોગવો, તો કામચલાઉ રાહતરૂપે સુખ મળશે.

**સભા :-** *સુખ પછી દુઃખ આવે છે.*

**સાહેબજી :-** અત્યારે આપણે આ મુદ્દો નથી, પણ સુખ જન્મે છે ક્યાંથી, તેની વાત છે. **દુઃખના પેટમાંથી જ સુખનો જન્મ છે.** પછી તો જે થવું હોય તે થાય. તે અત્યારે આપણે વિચારતા નથી.

સુખ પછી દુઃખ આવે એવું સુખ પણ તમને પસંદ પડે છે ? હા, તો નક્કી કરો કે સુખ ભોગવ્યા પછી દુઃખ આવે તો રડવું નહીં. પરાણે માથે દુઃખ પડે તો સહન કરો, પણ સહન કેમ કરો છો ? મજબૂરી છે, બાકી દુનિયામાં જીવમાત્રને રતીભાર દુઃખ જોઈતું નથી.

અત્યારે ઘણા લેખકો લખે છે : "સુખ-દુઃખ એ નિયત ક્રમ છે. જીવનમાં તડકો-છાંયડો આવે તે જ ખરું જીવન છે. જીવનમાં એકલું સુખ હોય તો કંટાળી જવાય, માટે થોડું દુઃખ તો જોઈએ, તો જ સુખની ખરી મજા આવે. માટે દુઃખ જીવનમાં જરૂરી છે." તેના જવાબમાં અમે કહીએ કે તમને સ્વાદિષ્ટ લાડુ આપીએ, પણ તેમાં થોડું સુદર્શન ચૂર્ણ નાખીને આપીએ, તો શું કહેશો ? તમારા સુખની વ્યાખ્યા છે કે એકલું સુખ નહીં, થોડું દુઃખ જોઈએ; તો પછી બધી ખાવાની વાનગી તમને કેવી આપવી ? બધામાં થોડો લીમડાનો રસ નાખીએ, ફાવશે ? નહીં ફાવે, કેમ કે તમારી demand શું છે ? અપેક્ષા શું છે ? દુઃખ જરાપણ નહીં જોઈએ. તેનો અર્થ શું? **કે કોઈપણ જીવ આવું દુઃખમિશ્રિત સુખ ઈચ્છતો નથી, પરંતુ એકલું સુખ જ ઈચ્છે છે. સુખથી કદી કોઈ કંટાળતું નથી. એકલા સુખથી જીવ કંટાળી જાય છે તે તમારી ભ્રમણા છે.** મહાપુરુષોના ચરિત્રમાં વર્ણન આવે કે તેઓ રાજકુળમાં જન્મેલા, વૈભવો-ભોગો તણખલાની જેમ છોડીને ચાલ્યા ગયા. આવું વર્ણન કરીએ ત્યારે ઘણા કહે, "સાહેબ, આટલું બધું સુખ મળેલું માટે તેનાથી કંટાળી ગયા, એટલે છોડીને ચાલ્યા ગયા. અમને આટલું મળે પછી અમે પણ છોડીને ચાલ્યા જઈએ." કેમ, તમને આ ગમતી દલીલ છે ને ? પરંતુ વજૂદ વગરની વાત છે. ધન્ના કે શાલિભદ્રજીએ ત્યાગનો માર્ગ પકડ્યો, તો તે સુખથી કંટાળીને દીક્ષા લીધી ? અમે ઘરબાર, પૈસા, પરિવાર છોડ્યાં, તે શું અમારે સુખ નહોતું જોઈતું માટે ? દુઃખી થવા સંસાર છોડ્યો ? કે સુખી થવા સંસાર છોડ્યો ?

ધર્મના ક્ષેત્રમાં એવી વાત જ નથી કે સુખની કામના છોડી દો. જીવને સુખની કામના કાયમ રહેવાની જ. જેને સુખ ન જોઈતું હોય તેણે ધર્મનું મોં જોવાની જરૂર નથી. **સુખની શોધમાંથી જ ધર્મની શોધ થઈ છે. સુખ પામવા માટે ધર્મ સિવાય કોઈ સાધન નથી. મોક્ષ પણ સુખ પામવા માટે છે. સંસારનો ત્યાગ પણ સુખ મેળવવા માટે છે. ધર્મસાધના પણ સુખ માટે છે.** તેથી સુખથી કંટાળવાની વાત ચેતનના સ્વભાવ

વિરુદ્ધની છે. ચેતનનો સ્વભાવ જ સુખ છે. અનંતકાળથી જીવને સુખની તો અદમ્ય ઇચ્છા છે. માટે સુખથી કંટાળીને દીક્ષા લીધી તેવું ન બોલાય, પરંતુ તેમને સંસારના ભૌતિક સુખમાં સુખ દેખાયું નહીં, માટે છોડીને ચાલ્યા. તમે જેને સુખ માનો છો તેમાં તેમને પીડા દેખાઇ, પીડાનો અનુભવ થયો, માટે તેમણે તે છોડ્યું. સુખની તીવ્ર તાલાવેલીથી ત્યાગમાર્ગ સ્વીકાર્યો. આ વાત સમજાશે તો દૃષ્ટિ બદલાઇ જશે.

ઘણા માને છે કે ધર્મ સ્વીકારીશું તો સુખ છોડવું પડશે, કષ્ટ વેઠવું પડશે, અને કષ્ટ વેઠવાની આપણી તાકાત નથી. માટે જ તમે લિમિટમાં ધર્મ કરવાનું રાખ્યું છે ને ? અંતરથી શું માનો છો ? ધર્મ લિમિટમાં જ કરાય ને ?

**સભા :-** *સગવડ પ્રમાણે ધર્મ કરવાનો.*

**સાહેબજી :-** હા, એ સરસ. ધર્મમાં સગવડ લઇ આવ્યા. સગવડનો અર્થ શું કરો છો ?

**સભા :-** *ધર્મ વધારે કરીએ તો સંસારમાં મન રહે નહીં.*

**સાહેબજી :-** તેમાં ખોટું શું છે ? સંસારમાં લાડવો હોય તો રહો ને, અમારી ના નથી. પણ લાડવો બતાવો. અમે તમને દુઃખી કરવા માગતા નથી.

ભગવાને કહ્યું છે કે **જીવમાત્રને દુઃખ આપવું એ અધર્મ છે, જીવમાત્રને સુખ આપવું એ ધર્મ છે. આ વ્યવહારનયની વ્યાખ્યા છે.** કોઇ જીવને સુખથી વિખૂટો પાડો અને દુઃખનો સંયોગ કરાવો, તો પાપ લાગ્યા વગર રહે નહીં. માટે સંસારમાં ખરેખર સુખ હોય અને અમે તેનો તમારી પાસે ત્યાગ કરાવીએ તો અમને પાપ લાગ્યા વગર રહે નહીં. **નિશ્ચયનય કહે છે, જેમ બીજાના આત્માને દુઃખ આપવું તે અધર્મ છે, તેમ પોતાના આત્માને દુઃખ આપવું તે પણ અધર્મ છે.** આત્માને દુઃખ આપો એટલે પાપ બાંધો.

**તત્ત્વથી આઠે કર્મનો બંધ આત્મપીડનથી થાય છે.** જે આત્માને દુઃખ આપે તેને આઠે કર્મ બંધાય. જે આત્માને સુખ આપે તેનાં તમામ કર્મો તૂટવા માંડે. તમે ૨૪ કલાક તમારા આત્માને હેરાન કરો છો, માટે કર્મો બંધાય છે. આત્માને શાંત કરો

એટલે કર્મો તૂટવા માંડે. આ ધ્યાન રાખવા જેવો મુદ્દો છે. અત્યારે તમારા આત્માને સુખ આપો છો કે દુઃખ આપો છો ? શરીરનાં સુખ-દુઃખની વાત નથી કરતો. દેહ અને ઇન્દ્રિયને તકલીફ ન થાય, તેને સુખ થાય, તે માટે તમે સતત સક્રિય-પ્રયત્નશીલ છો; પણ આત્માને સુખ આપવા સક્રિય ખરા ? શરીર-મન-ઇન્દ્રિયનાં સુખ-દુઃખ જુદાં છે.

**સભા :-** *આત્માના સુખ માટે ધર્મ કરીએ છીએ.*

**સાહેબજી :-** આત્માના સુખ માટે ધર્મ કરો છો, પણ આત્માને સુખ આપો એનું જ નામ ધર્મ છે. જેટલું આત્માને સુખ આપ્યું એટલો ધર્મ આરાધ્યો.

**સભા :-** *દાખલો આપો.*

**સાહેબજી :-** તમે તમારા શરીરને ટાંચણી ખોસો તો વેદના થાય છે, પણ તમારા મનમાં ઈર્ષ્યા પેદા થાય તો સોય ભોંકાય તેવી વેદના થાય છે ? મન-આત્માને પીડા થાય છે ? ભીંત ઉપર હાથ ઘસાય તો બળતરા થાય ?

**સભા :-** *મનને ઉઝરડો નથી પડતો.*

**સાહેબજી :-** મનને પણ ઉઝરડો પડે છે. જેમ તમારો સગો હોય અને તમને હાડોહાડ લાગે તેવાં વેણ કહે, તો મન ઘવાય છે. સગી પત્ની પણ કાંઇ અજુગતું કહે તો મન ઘવાય છે. તમારા વ્યવહારમાં પણ કહેવત છે કે **"શરીરના ઘા દવાથી રુઝાય, પણ મનના ઘા રુઝાવવા મુશ્કેલ છે."** તમે આવા કેટલા ઘા સાથે લઇને ફરો છો ? તમને અત્યારે સગાં-વહાલાં, સર્કલ, સંબંધી બધા તરફથી તમારી અપેક્ષા મુજબ સંતોષ છે કે અજંપો છે ? ઘણાથી ઘવાયેલા છો ? ઉઝરડા પડ્યા છે ? અને પાછા તે બધા લગભગ યાદ પણ હોય છે. આમ તમને કોઇએ સારું કહ્યું હોય તે ભૂલી જાઓ, પણ કાંઇ ખરાબ કહેલું હોય તો યાદ રાખો ને ? કહેશો, આણે મને નીચો પાડવા આવું કહેલું. આને દુઃખ જ કહેશો ને ? મનના ઘા નથી પડતા કે ઉઝરડા નથી પડતા તેવું હોય, તો અખતરા માટે એવા વાતાવરણમાં તમને મૂકીએ, બધાને કહીએ કે તેમને સળી કરજો. પછી શું થાય ? ઘા, ઉઝરડા પડે છે ? તેની વેદના થાય છે? દુઃખ થાય છે ? તેમ આત્માને સતત પીડા કોણ આપે છે ? વિષય-કષાયો સતત

પીડા આપે છે. મચ્છર કરડે તો બળતરા થાય છે, તેમ કષાયો બટકાં ભરે તો વેદના થાય છે. ક્રોધ-ઈર્ષ્યા અંદરથી બાળી નાખે છે. તેનાથી આત્માને દુઃખ થયું અને તમે જ તે દુઃખ ઊભું કર્યું. કર્મનો બંધ કષાયથી છે. એટલે સારાંશ એ છે કે **આત્માને પીડા આપવાથી કર્મબંધ છે. જે દિવસે તમે આત્માને પીડા આપવાનું બંધ કરશો તે દિવસે તમને કર્મબંધ અટકી જશે.**

ધર્મ વધારે કરવામાં ગભરામણ કેમ છે ? વાસ્તવમાં ધર્મ કરવો એટલે જાતને સુખ આપવું. એટલે તમે સુખથી ગભરાઓ છો તેવું નક્કી થયું. હજી મુક્તિનો અદ્વેષ ઘણી સમજણ માગશે.આ જગતમાં મોક્ષ સિવાય પ્રણિધાન કરવા લાયક કોઈ ચીજ નથી.

# ૧૧

**અષાઢ વદ દશમ, તા. ૨૧-૭-૯૫, શુક્રવાર.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ આત્માની અનાદિ કાળની ભ્રાંતિનું નિરાકરણ કરવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## પ્રણિધાનભાવધર્મ પામવામાં આડખીલીરૂપ મિથ્યાત્વમોહનીયકર્મ :

અનંતકાળથી આપણા આત્માની આ સંસારના વિષયમાં ભ્રાંતિ છે. આપણો આત્મા ઊંધા પુરુષાર્થને રવાડે ચઢ્યો છે. તેનું નિરાકરણ કરવા માટે ધર્મ એ પ્રબળ સાધન છે. **તત્ત્વના વિષયમાં જે ભ્રાંતિ પેદા થઈ છે, તેનું મૂળ કારણ મિથ્યાત્વમોહનીય કર્મ છે.** મિથ્યાત્વમોહનીયના કારણે આપણો આત્મા અનાદિથી ભ્રાંતિ લઈને ફરે છે. આત્મામાં સમકિત આવે એટલે ભ્રાંતિનું મૂળમાંથી નિરાકરણ થાય છે.

**સમકિત એટલે અભ્રાંત તત્ત્વનું દર્શન.** તત્ત્વના વિષયમાં સમકિતીને ભ્રમ નથી. તેને દુનિયાના વિષયમાં ભ્રમ હોઈ શકે. સમકિતી દુનિયાની બધી જ વસ્તુના સાચા અર્થ ન પણ જાણી શકે. તેને દુનિયાનું અજ્ઞાન કે અણસમજ ન જ હોય તેવું નથી. જેમ સમકિતીની આંખ નબળી હોય તો તેને ઝાંખું દેખાય તેમ કમળો થયો હોય તો બધું પીળું પણ દેખાય.

આત્માને ભૌતિક દુનિયાની વસ્તુમાં ભ્રમ, ગેરસમજ, અજ્ઞાન હોવું તે જુદી વસ્તુ છે અને તત્ત્વમાં ભ્રમ, ગેરસમજ, અજ્ઞાન હોવું તે જુદી વસ્તુ છે. સમકિતીને તત્ત્વના વિષયમાં ભ્રમ નથી હોતો. **આત્માને આખી દુનિયાનું જ્ઞાન થાય તો જ સમકિત આવે તેવું નથી. આખી દુનિયાનું જ્ઞાન તો કેવલજ્ઞાનીને જ હોય છે. માટે સમકિતીને જગતના વિષયમાં ભ્રમ ન હોય તેવું અમે કહેતા નથી, પણ તત્ત્વના વિષયમાં તેને ભ્રમ ન જ હોય; અને જો ભ્રમ હોય તો મિથ્યાત્વ નક્કી છે. જેને તત્ત્વના વિષયમાં ભ્રમ તૂટે તેને સમકિત આવ્યું માનવું. જેને આ તત્ત્વ ઊંધું, વિપરીત દેખાય તેનું તત્ત્વદર્શન ભ્રાંત છે.**

જેમ ઘણા કાચ એવા હોય છે કે તમે જાડા હો તો દુબળા દેખાઓ, દુબળા હો તો જાડા દેખાઓ; તમે જેવા હો તેવા તેમાં ન દેખાઓ, પણ વિકૃત દેખાઓ. કાચ પણ પુદ્ગલની રચના છે, તેનામાં વિપરીત દર્શન કરાવવાની તાકાત છે. જ્યારે ઘણા અપારદર્શી કાંચો એવા છે કે જેમાં જેવો ચહેરો છે તેવો જ દેખાય, તમે જેવા છો તેવા જ દેખાઓ. તેમ આત્મા પર મિથ્યાત્વમોહનીયનો ઉદય છે, તે એક પ્રકારના કર્મનાં રજકણો જ છે. તે જડ ભૌતિક પદાર્થ છે. જેમ કાચમાં વિકૃત દર્શન કરાવવાની તાકાત છે-જો કે કાચમાં બાહ્યદૃષ્ટિની જ વિકૃતિ લાવવાની તાકાત છે-તેમ આ કર્મનાં રજકણો આંતરદૃષ્ટિમાં વિકૃતિ લાવે છે; એટલે મિથ્યાત્વમોહનીય કર્મ ઊંધું જ તત્ત્વદર્શન કરાવે છે. આ મિથ્યાત્વમોહનીયની શક્તિ જે માની છે, તે અશક્ય-અસંભવિત શક્તિ નથી માની. વળી, સામે જેના આત્મા પર સમકિતમોહનીયનો ઉદય થાય, તેને તત્ત્વ જેવું છે તેવું જ દેખાય.

સમકિતમોહનીયનો ઉદય નિર્મળ દર્પણ જેવું કામ કરે છે, જયારે મિથ્યાત્વમોહનીયનો ઉદય વિકૃત કાચ જેવું કામ કરે છે. જેમ વિકૃત કાચમાં, તમે ઊંધા ઊભા હો તો સીધા દેખાઓ, સીધા હો તો ઊંધા દેખાઓ; કાળા હો તો ધોળા, ગોરા હો તો કાળા; જાડા હો તો પાતળા, પાતળા હો તો જાડા દેખાઓ; તેમ જેના આત્મા પર મિથ્યાત્વમોહનીયનો ઉદય છે, તેને તત્ત્વદૃષ્ટિએ આખી દુનિયા ઊલટી દેખાય. જગતનું ભ્રાંત દર્શન કરાવવાનું કામ મિથ્યાત્વમોહનીયનું છે, અને આના કારણે વ્યક્તિ જે પણ પુરુષાર્થ કરે તે તેનો ઊંધી દિશામાં જ થાય. આત્માને આ મિથ્યાત્વ જ પ્રણિધાન પામવામાં આડખીલીરૂપ છે. આગળના ભાવધર્મો પામવામાં અવરોધક બીજાં કર્મો છે, પરંતુ પ્રણિધાનભાવધર્મ પામવામાં તો આડખીલીરૂપ આ મિથ્યાત્વમોહનીય કર્મ જ છે.

**સભા :-** *સાહેબજી, મિશ્રમોહનીય હોય ને ?*

**સાહેબજી :-** હા, તેની તમે ચિંતા કરો નહીં. મિશ્ર મોહનીય ક્યારે હોય ? સમકિતમાં ચડતાં કે સમકિતથી પડતાં હોય ત્યારે મિશ્ર મોહનીય ઉદયમાં હોય, અને કદાચ હોય તો પણ તેનો ઉદય લાંબો ટાઇમ રહેતો નથી. ત્રીજા ગુણસ્થાનકે મિશ્ર મોહનીયનો ઉદય હોય છે. ઉપરથી નીચે પડતાને કે નીચેથી ઉપર ચડતાને ત્રીજું ગુણસ્થાનક આવે.

કાં ચડતાને આવે કાં પડતાને આવે, પણ ત્રીજું ગુણસ્થાનક બહુ સમય રહેતું નથી. આત્માના વિકાસક્રમમાં બીજા-ત્રીજા ગુણસ્થાનકની ગણતરી કરી નથી. આત્મકલ્યાણ માટે ૧૪ ગુણસ્થાનક બતાવ્યાં, પણ તેમાં ૧૧ જ સીધાં step છે; જ્યારે ૨-૩-૧૧મું તો side track છે. માટે તેની ચિંતા કરવી નહીં. અને તેનો કાળ અંતર્મુહૂર્ત જ રહે છે. ત્યાં આવીને કાં તો ઉપર ચઢો, કાં તો નીચે પડો. અહીં લાંબી સ્થિર ભૂમિકાઓ નથી, માટે તેવી ભૂમિકાની બહુ ચિંતા કરવાની નથી. ખરું મહત્ત્વ તો મિથ્યાત્વમોહનીય અને સમકિતમોહનીયનું છે.

મિથ્યાત્વમોહનીયનો ઉદય થાય તો સમકિતથી પડવું પડે. મિથ્યાત્વમોહનીય સમકિતનું વિરોધી છે. જેને ક્ષયોપશમસમકિત પામવું હોય તેણે સમ્યક્ત્વમોહનીયનું શરણું લેવું જ પડે. જે આત્મા મિથ્યાત્વનો સામનો કરે છે, તેવો આત્મા નક્કી થોડો લાભ પણ પામી શકે. **પ્રણિધાન પામવા માટે દર્શનમોહનીય સાથે ઝઘડવું પડે.** જે તેની સાથે દોસ્તી કરીને બેઠો હોય તેને પ્રણિધાન સાથે કાંઇ લેવા દેવા છે નહીં. મિથ્યાત્વમોહનીય સામે fight(લડાઇ) આપવી જ પડે.

## મિથ્યાત્વમોહનીય તોડવાનું સાધન : આંતરિક સંઘર્ષ :

હવે મિથ્યાત્વમોહનીય સામે લડવું એટલે શું ? કાંઇ બાવડાથી કુસ્તી કરવાની નથી. આ તો આંતરિક લડાઇ છે. આત્માના અંદરના વિકૃત ભાવો સામે સંઘર્ષ કરવાનો છે. મિથ્યાત્વનું કામ સંસારમાં નવા નવા ભ્રમ પેદા કરવાનું છે. ચોવીસે કલાક તે તમારી સંસારની કોઇપણ પ્રવૃત્તિ કે વિષયોમાં ભ્રાંત અસરો પેદા કરે, અને એના કારણે જીવ તેની ચુંગાળમાંથી બહાર નીકળી ન શકે. આ ભ્રમને તોડવા જેટલો પુરુષાર્થ કરો તેટલા તમે બહાર નીકળો. જેઓ આ ભ્રમથી પીડાઇ રહ્યા છે, તેમની દૃષ્ટિ-બુદ્ધિ વિકૃત બની છે. તેઓ વાસ્તવિક દર્શન નથી કરી શકતા.

સૌથી પહેલો ભ્રમ પોતાના અસ્તિત્વ માટે છે. જેમ કે હું એટલે દેહ છું. દેહને આત્મા માનીને જીવ જીવે છે. દેહથી પોતાનું જુદું અસ્તિત્વ માનતો નથી. માટે આત્માએ હું દેહથી ભિન્ન છું, તેવું સતત અવધારણ કરવાનું છે. "હું દેહ નથી, દેહથી ભિન્ન છું" તેવું કદાચ આત્માને બેસી જાય, જેમ કે અભવ્ય પણ આ માનતો હોય છે. વળી, હું અને આ ભૌતિક પદાર્થો જુદા છે તે વાત પણ તેને સમજાય છે. પણ મુશ્કેલી ક્યાં

છે કે, આ સંસારનું સુખ છે તે જડ ભૌતિક પદાર્થોમાં જ છે તેવું તે માનતો હોય છે અને આત્મામાં અનુપમ સુખ છે તે તેને પ્રતીતિમાં નથી આવતું, તેને feel(સંવેદન) નથી થતું. તેને ખાવામાં, પીવામાં હરવા-ફરવામાં, મોજ-મજામાં જ સુખ-મજા દેખાય; તેની બુદ્ધિ તેમાં જ બદ્ધ હોય.

ઘણા અભવિને લાગે કે મનુષ્યલોકના ભોગો કચરા જેવા છે. જેમ તમને ઝૂંપડપટ્ટીમાં મજા દેખાય ખરી ? એટલે આ સારા area (વિસ્તાર)માં રહેનારને ૧૫ દિવસ ઝૂંપડપટ્ટીમાં રહેવાનું આવે તો શું કહે ? અહીં રહેવાય નહીં. આવામાં જીવાય કઇ રીતે ? તેવું લાગે ને ?

હવે તમને જે જીવનમાં આકરું કષ્ટ દેખાય છે, તેવા જીવનમાં લાખો લોકો ઝૂંપડામાં મજેથી રહે છે. તેમને મળેલી કાળી-કૂબડી સ્ત્રીમાં પણ તેમને રાગ થાય છે. કાલુંઘેલું બોલનાર તેના કદરૂપા અને ગંદા છોકરા પર પણ તેને રાગ થાય છે. તમને જે જીવનમાં કસ નથી દેખાતો તેમાં પણ તેમને મજા આવે છે. હા, તેમને બંગલો મળે તો વધારે રાજી છે, પણ ન મળે તો કંટાળી જાય તેવું નથી. હવે મનુષ્યલોકનાં સુખ દેવતાનાં સુખ પાસે ઝૂંપડપટ્ટીના સુખ જેવાં છે. કદાચ તેનાથી નીચલી ક્વોલિટીનાં કહી શકાય. તમારા કહેવાતા સુંદરમાં સુંદર બંગલા પણ ઇંટ-ચૂના-પથ્થરના છે. સુંદરમાં સુંદર દેખાતા દેહમાં પણ હાડ-માંસ-લોહી છે. ગંદકી ભરપૂર છે. માટે દેવલોકનાં સુખ પાસે મર્ત્યલોકનાં સુખ શું વિસાતમાં ?

અભવિનો જીવ પુણ્ય-પાપ માનતો હોય છે, તેને ભગવાનના વચન પર શ્રદ્ધા હોય છે, વિશ્વાસ હોય છે. અભવિ દેવલોકને માને છે અને ત્યાંના ભોગમાં જ ખરી મજા છે એવું તે માને છે. મર્ત્યલોકના ભોગમાં મજા નથી, પણ સુખ પુદ્‌ગલના ભોગમાં જ છે તેવી તેની માન્યતા હોય છે. **અભવિના જીવને વૈરાગ્ય થાય તો દુઃખગર્ભિત કે મોહગર્ભિત જ વૈરાગ્ય થાય.**

**સભા :-** *તેમનું મિથ્યાત્વમોહનીય મંદ થાય ?*

**સાહેબજી :-** હા, મંદ થાય, પણ તેમાં કાણું ન પડે-ક્ષયોપશમ ન થાય. કર્મમાં કાણું પડવું જુદી વસ્તુ છે, કર્મ પાતળું પડવું જુદી વસ્તુ છે.

દા.ત. આ હોલમાં વચમાં પડદો કરી દઈએ અને રાતના અંધારામાં દીવો કરીએ તો પડદાની બીજી સાઈડે દીવાનો મૂળ પ્રકાશ આવે ? વળી, પડદો માદરપાટનો જાડો અને ડાર્ક કલરનો હોય તો પ્રભા પણ આવે ખરી ? હા, પડદો જેમ પાતળો કરો, અને light colour(આછા રંગ)નો કરો તો દીવાનો પ્રકાશ આભારૂપે આવે, પણ original(મૂળ) પ્રકાશ તો ન જ આવે. તો દીવાનો original(મૂળ) પ્રકાશ સામી બાજુએ ક્યારે આવે ? જો પડદામાં કાણું પડે તો તેમાંથી original(મૂળ) પ્રકાશ આવે. તેમ, આત્મા પર કર્મનાં આવરણ છે, તેને તમે પાતળાં કરો એટલે કર્મો પાતળાં પડવાથી આત્માના ગુણોરૂપ પ્રકાશ જે બહાર આવે, તે તેની આભારૂપ જ આવે; મૂળ પ્રકાશ ન આવે. અભવિનાં પણ કર્મો પાતળાં પડે ત્યારે તેનામાં ઘણા લાખો ગુણો ખીલે, પણ આ આત્માના original(મૂળ) ગુણો ન હોય; કારણ તે જીવો કર્મમાં કાણું પાડી શકતા નથી. કાણું પાડવું એટલે કર્મનો ક્ષયોપશમ કરવો. પરંતુ તેમને કર્મનો ક્ષયોપશમ થતો નથી. તેથી તેમના ગુણો ઔદયિકભાવના હોય પણ ક્ષયોપશમભાવના ન હોય.

બીજો દાખલો જોઇએ.

જેમ ઘણી વખત ચોમાસામાં દિવસે સૂર્ય આકાશમાં ન દેખાય. અત્યારે ઘનઘોર વાદળાં છે, છતાં રાત જેવું અંધારું છે ? કે દિવસ જ છે ? દિવસ જ છે, કારણ કે દિવસનું અજવાળું દેખાય છે. આ અજવાળું જે દેખાય છે તે સૂર્યના પ્રકાશની પ્રભા છે, સીધો original(મૂળ) સૂર્યનો પ્રકાશ નથી. વાદળાં જેટલાં ઘનઘોર જામે તેટલું અંધારું થાય. હવે ઘનઘોર વાદળાં દિવસે થાય તો પણ રાત જેવું અંધારું ન થાય. રાત-દિવસનો ભેદ રહે છે. અત્યારે આકાશમાં સૂર્ય છે, પણ ઘણાં વાદળાં હોવાના કારણે મૂળ પ્રકાશ નથી આવતો, પણ જો વાદળામાં એક કાણું પડે તો original પ્રકાશ દેખાય, જેની કિંમત ઘણી છે.

**તેમ તમારા આત્મા પર પણ કર્મનાં આવરણરૂપ અખંડ પડ છે, ત્યાં સુધી તમે ગમે તેટલા ગુણો ખીલવો, પણ તે આત્માના મૂળ ગુણોરૂપ પ્રકાશ નથી; પણ જો કર્મમાં કાણું પાડો ત્યાર પછી એક ગુણ પણ ખીલે, તેનું મૂલ્ય ઘણું છે. કર્મો પાતળાં થતાં જે ગુણો ખીલવો તે આત્માની આભારૂપ ગુણો છે, પણ મૂળભૂત પ્રકાશરૂપ ગુણો નથી.** અત્યારે તમારા ગુણો કેવા છે તે વિચારજો.

**સભા :-** *સાહેબજી, અમે તો આવો કાંઈ વિચાર જ કર્યો નથી.*

**સાહેબજી :-** તમે આગેવાન થઈને અને વર્ષોથી ધર્મ કરનારા આવું બોલો તે અફસોસની વાત છે. તમારે નક્કી કરી લેવું જોઈએ કે આપણે સાધનામાં કયા સ્ટેજે આવ્યા છીએ અને કયા સ્ટેજ હવે પામવાના બાકી છે.

આત્માના મૂળભૂત પ્રકાશરૂપ ગુણોને પ્રગટાવવા કર્મોના આવરણમાં આરપાર કાણું પાડવું અનિવાર્ય છે, જેને શાસ્ત્રીય પરિભાષામાં કર્મનો ક્ષયોપશમ કહેવામાં આવે છે. આ ક્ષયોપશમની સાધના કરનાર સાધકને જૈનશાસ્ત્રો એક અતિ ગંભીર અને માર્મિક સૂચન એ કરે છે કે, કર્મનાં આવરણો તોડવાનો પણ એક નિયત ક્રમ છે, જેને ઓવરટેક કરીને સાધના કરવા મથનાર સાધક સફળતાને પામતો નથી. એટલે જ જૈનશાસ્ત્રોમાં ઠેર ઠેર બ્યાન મળે કે, **મિથ્યાત્વમોહનીય કર્મને તોડ્યા વિના આત્મા કઠોર તપ-ત્યાગ-સંયમની ધૂણી ધખાવે, ચારિત્રના ગુણોથી ભરપૂર છવાઈ જાય, તો પણ તે દ્રવ્યચારિત્ર જ છે; તેવી જ રીતે બહોળા શાસ્ત્રજ્ઞાનનું પાન કરીને જબરદસ્ત જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરનાર પણ દ્રવ્યશ્રુતજ્ઞાનનો જ સ્વામી બનશે. કારણ કે સાધનામાં ક્રમ પ્રમાણે પ્રથમ દર્શનમોહનીયનો ક્ષયોપશમ જ સાચો પ્રારંભ છે.**

આ વાતને સરળતાથી સમજવી હોય તો દૃષ્ટાંત દ્વારા વિચારીએ કે, ધારો કે એક વિશાળ મહાલય જેવો સમૃદ્ધ બંગલો છે, જેના અનેક ખંડોમાં વિધવિધ પ્રકારની રાચરચીલાથી માંડી ઝવેરાત સુધીની સંપત્તિ ભરેલી છે અને તેના અંતિમ ખંડમાં તિજોરીમાં ભરપૂર હીરા, માણેક, રત્નો છે; પરંતુ તિજોરીથી આરંભીને પ્રત્યેક ખંડો પર એક એકથી ચડિયાતાં તાળાં લગાડેલાં છે અને મહાલયના પ્રવેશદ્વારરૂપ મુખ્ય દરવાજા પર સિલબંધ મોટું તાળું લગાડેલ છે. હવે કોઈ વ્યક્તિ પાસે અંદરના ખંડો કે તિજોરીને ખોલવાની ચાવીઓ હોય, પણ મુખ્ય દરવાજાની જ ચાવી ન હોય તો તે મહાલયની સાચી સંપત્તિ ભોગવી ન શકે; અને તેનાથી ઊલટું જો મુખ્ય દરવાજાની જ માત્ર ચાવી હોય તો તે વ્યક્તિ પરસાળ કે પ્રથમ ખંડની સમૃદ્ધિને તો અવશ્ય પામી શકે. પરંતુ તિજોરી સુધીની તમામ સંપત્તિ પામવા માટે તો તેની પાસે ક્રમિક તાળાં ખોલી આપનાર ચાવીઓ અને ક્રમથી જ તાળાં ખોલવાનો પ્રયત્ન જોઈશે; તેમાં વ્યુત્ક્રમથી સાધનો કે પુરુષાર્થને અપનાવનાર વ્યક્તિ કદી સફળતા નહીં પામે. બસ, આ જ નિયમ આત્માના

અપાર ઐશ્વર્યને પામવા માટે પણ ચોક્કસ લાગુ પડે છે. તેથી અધ્યાત્મના માર્ગમાં પણ વિવિધ કર્મના આવરણોરૂપ તાળાંને ક્રમિક ખોલવા માટે પહેલી ચાવીને જ ન અજમાવી શકનાર મહાસાધકો પણ નિષ્ફળ ગયા છે. આ ખૂબ ગંભીરતાથી ધ્યાનમાં લેવા જેવો મુદ્દો છે.

**સભા :-** *સાહેબ, પહેલી ચાવી આપો ને ?*

**સાહેબજી :-** હા કહીશ, માટે જ બેઠો છું.

મિથ્યાત્વ તોડવાની પહેલી જરૂરિયાત છે. બીજાં કર્મોને પછી તોડશો તો ચાલશે. પણ પહેલી fight(લડાઇ) તો મિથ્યાત્વ સાથે જ કરવાની છે. તમને મિથ્યાત્વ તરફ દ્વેષ કેટલો છે ? તેનું નામ પાડે તો લોહી ઊકળે ? દુશ્મનનું નામ આવે તો ગુસ્સો આવે ને ? મિથ્યાત્વ તમને તમારા વિકાસમાં દુશ્મન લાગે છે ? મિથ્યાત્વ એ તત્ત્વની ભ્રાંતિ છે. મિથ્યાત્વે તમારામાં ઊંધી બુદ્ધિ-ઊંધી સમજણ પેદા કરી છે. તેણે ઊંધા પાટા ચઢાવ્યા છે. માટે જ ભૂતકાળમાં આટલું રખડ્યા અને અત્યારે પણ રખડીએ છીએ. સંસારનું પરિભ્રમણ અનંતકાળથી આના કારણે જ છે.

**સભા :-** *મિથ્યાત્વ બુદ્ધિ ઉપર પ્રહાર કરે છે ?*

**સાહેબજી :-** હા, બીજાં કર્મો સીધાં બુદ્ધિ પર પ્રહાર કરતાં નથી. **મિથ્યાત્વ વિવેકશક્તિ પર પ્રહાર કરે છે, સદ્બુદ્ધિ પર તે ઘા કરે છે. માટે જ અનંતકાળથી આપણામાં દુર્બુદ્ધિ છે, તત્ત્વની ઘણી જ ભ્રાંતિઓ છે. અનંતકાળથી આપણો આત્મા માને છે કે સુખ સંસારના ભોગોમાં છે, આત્મામાં અનંતું સુખ છે તે માનવા તે તૈયાર નથી.** કદાચ તીર્થંકરો, સદ્ગુરુ ગપ્પાં ન મારે, માટે દેવ-ગુરુ પરના ભરોસાને કારણે તમે કદાચ આ વાત માની લો ખરા, કે આત્મામાં અનંતું સુખ છે, જડમાં સુખ નથી, તે તમે વિશ્વાસથી સાચું માની લો; પણ અનુભવમાં શું ? તમારો અનુભવ સીધો કે ઊંધો ? અત્યારની તમારી આત્માના સુખની જે માન્યતા છે, તે અનુભવના સ્તર પર છે કે વિશ્વાસના સ્તર પર છે ? હા, કાંઇ બધાને વિશ્વાસના સ્તર પર પણ આવી માન્યતા નથી હોતી. સાચી વસ્તુની વિશ્વાસરૂપ શ્રદ્ધા પણ સારી છે. શ્રદ્ધાના પણ ત્રણ પ્રકાર છે : (૧) વિશ્વાસરૂપ શ્રદ્ધા, (૨) સમજણરૂપ શ્રદ્ધા અને (૩) અનુભવરૂપ

શ્રદ્ધા. **સજ્જન માણસ પર કરેલી આંધળી શ્રદ્ધામાં પણ લાભ છે. વગર સમજે પણ સારા માણસ પર કરેલી શ્રદ્ધામાં જોખમ નથી.** માટે સાચા દેવ-ગુરુ પર વિશ્વાસ રાખો તે અહિતકારી નથી, પણ તેટલાથી કાંઇ ભ્રાંતિ તૂટતી નથી. આત્મામાં સુખ છે તેનો જેને અનુભવ ન થાય, તેને મોક્ષમાં સુખ છે તેની પ્રતીતિ ન થાય.

## આત્મસુખ અનુભવવાની પ્રક્રિયા :

**સભા :-** અનુભવ કરવો કેવી રીતે ?

**સાહેબજી :- તે પામવાની જે પ્રક્રિયા છે તેમાં પહેલું પગથિયું "સંસારનાં સુખો દુઃખરૂપ છે" તે નિર્ણય છે.** તમને મૂળભૂત વસ્તુમાં ભ્રમ છે. તમે ધોળી વસ્તુને પીળી માનો છો. ધોળીને ધોળી ન માનો તો ચાલે, પણ તેને પીળી માનો તે તો ન જ ચાલે. એની જેમ અહીંયાં **"સંસારનાં પૌદ્ગલિક સુખો સુખ નથી પણ દુઃખ જ છે." આ વાત અનુભૂતિમાં આવવી જોઇએ, નહીંતર અધ્યાત્મના વિકાસનો એકડો પણ શરૂ ન થાય.** આપણે ગઈકાલે તેના પર થોડું વિચારી ગયા હતા. આ સંસારમાં એક પણ સુખ નથી, જેને સ્વતંત્ર સુખ માની શકાય.

**સભા :-** *સંગીતનું સુખ માનીએ છીએ તેમાં દુઃખ છે તે કઈ રીતે ?*

**સાહેબજી :-** જે જે સંસારનાં સુખ છે, તે સર્વે ઊભાં કરેલાં દુઃખોમાં રાહત બરાબર છે. હવે તમે કહો કે સંગીત સાંભળતાં અમને તેમાં દુઃખનો અનુભવ નથી થતો. પણ ધારો કે તમને પસંદ પડે તેવા સંગીતની ટેપ આપીએ અને તમે એ જ ટેપ ૨૪ કલાક સાંભળો તો શું થાય ? બે વાર, પાંચ વાર, પચ્ચીસ વાર સાંભળો; પછી એમ થાય કે હવે આ ન જોઇએ. પછી સાંભળતાં કંટાળો આવે છે. પછી કહેશો કે હવે બીજી સંભળાવો. તેનો અર્થ શું ? જો પસંદ કરેલા સંગીતમાંથી જ સુખ મળતું હોય તો કેસેટ તો એની એ જ છે, તો કાયમ સુખ મળવું જોઇએ. અરે કાયમ સુખ નહીં પણ સાંભળતાં સાંભળતાં સુખનો ગુણાકાર થવો જોઇએ.

દા.ત. દૂધપાકની એક વાડકી પીઓ અને જે સુખ મળે, તેનાથી બીજી વાડકી દૂધપાક પીઓ તો ડબલ સુખ મળવું જોઈએ, ત્રીજી વાડકીએ તેનાથી વધારે, એમ સુખનો વધારો થવો જોઇએ. પણ તમે હકીકત વિચારજો, બીજી વાડકીએ શું થાય

છે ? ત્રીજી વાડકીએ શું થાય છે ? જો દૂધપાકમાં જ સુખ હોત તો દૂધપાક વધારે પીતાં સુખ પણ વધવું જોઇએ.

**સભા :-** *અતિશયોક્તિ થઈ જાય.*

**સાહેબજી :-** શેમાં અતિશયોક્તિ થાય છે ? સુખમાં કે વસ્તુમાં ? સુખમાં કદી અતિશયોક્તિ થઈ છે ? પાકું વિચારીને બોલજો. દૂધપાક પીતાં સુખ વધ્યું ? સુખથી તમે ધરાઇ ગયા કે દૂધપાકથી ધરાઇ ગયા ? સુખથી નથી ધરાઇ ગયા, દૂધપાકથી ધરાઇ ગયા-કંટાળી ગયા. જો તમારું સુખ વધ્યું હોય તો તમારો કાન આંબળીએ. **આ સંસારમાં કોઇ આત્મા એવો નથી કે સુખથી ધરાઇ ગયો હોય.** સુખથી કંટાળ્યો હોય તેવો એક માણસ લાવી આપો.

**સભા :-** *જેને વૈરાગ્ય આવે તે સુખથી કંટાળેલા હોય ?*

**સાહેબજી :- સુખથી કંટાળેલાને વૈરાગ્ય ન થાય, પણ જેને સાચા સુખની તલપ થાય, તેને વૈરાગ્ય થાય. વૈરાગ્ય એટલે સાચા સુખની સમજ. જેને સંસારની વાસ્તવિક સમજણ પ્રકટે તેનું નામ વિરાગી જીવ છે. વીતરાગતા એ આત્માનું મૂળભૂત સ્વરૂપ છે. વીતરાગના સુખને સમજવા માટે વૈરાગ્ય એ પાયો છે. વિરાગી જીવ વીતરાગના સુખના અંશને સમજી શકે.** માટે સુખથી કંટાળવાથી વૈરાગ્ય આવતો નથી. હા, અત્યારે સુખના નામથી તમે ભળતું જ કાંઇ પકડીને બેઠા છો. તીર્થંકરો સુખથી કંટાળ્યા માટે મોક્ષે ગયા તેવું નથી. જે સુખથી કંટાળે તેણે તો પછી નરકે જવું જોઇએ. મોક્ષ કોણ પસંદ કરે કે જેને દુઃખ જરાપણ નથી જોઇતું અને ઉત્કૃષ્ટ સુખ જોઇએ છે. તીર્થંકરો મોક્ષે ગયા, કારણ તેમને સુખ વગર ચાલે તેમ નહોતું અને સુખની વ્યાખ્યામાં પણ તેઓ બાંધછોડ કરવા તૈયાર નહોતા. તમે તો સુખ અંગે બાંધછોડ કરી લીધી છે ને? એકલું સુખ નથી મળતું તો કાંઇ નહીં, માટે જેવું મળે છે તેવું સ્વીકારી લીધું છે. પણ જેને પૂર્ણ સુખની ઇચ્છા હોય, તે સંસારમાં એક મિનિટ પણ ન રહી શકે. તમારી કઇ ક્વોલિટીની demand છે ?

**સંસારના દુઃખના કારણે વૈરાગ્ય આવે તે સાચો વૈરાગ્ય નથી, પણ સંસારના સુખમાં દુઃખના અનુભવથી સંસારના સુખ પર વૈરાગ્ય થાય, તે સાચો વૈરાગ્ય**

**કહેવાય. સંસારનાં સુખ એ દુઃખના પર્યાય છે. તેમાં રતીભાર સુખ નથી તેવું જેને બેસે, તેનો વૈરાગ્ય સાચો વૈરાગ્ય છે. દુઃખ ઉપરથી વિરાગ થાય તે વાસ્તવમાં વૈરાગ્ય જ નથી.**

તમે કોઈપણ ભોગ ભોગવો ત્યારે તે ભૌતિક વસ્તુમાંથી સુખ મેળવવા પ્રયત્ન કરો છો, જેમ ગુલાબજાંબુ, બરફી, સંગીત, ઘરેણાં, કપડાં, વગેરે. હવે જો વસ્તુમાં જ સુખ હોય તો જેમ વસ્તુનો ભોગવટો વધે તેમ સુખનો ગુણાકાર થવો જોઈએ, પરંતુ આ તો ભાગાકાર થાય છે. થોડી વસ્તુ એની એ જ છે. એક પેંડો ખાધા પછી બીજા પેંડે મજા ઘટી, ત્રીજા પેંડે વધારે ઘટી, તેમ કરતાં છેલ્લો પેંડો ખાતાં મજા શૂન્ય પર ગઈ. પેંડો અને જીભ એની એ જ છે, તમે પણ એના એ જ છો, તો શું બદલાયું?

**સભા :-** *ભૂખ બદલાઈ.*

**સાહેબજી :-** એટલે ભૂખ ઘટે તેમ સુખ ઘટે છે. જેટલી ભૂખ હોય તેટલું જ સુખ મળે. ઓછી ભૂખે ઓછું સુખ, વધારે ભૂખે વધારે સુખ, અને જરાય ભૂખ ન હોય તો ? જરાય સુખ નહીં. તેથી વગર ભૂખે ખાઓ તો શું થાય ? વસ્તુ, ઇન્દ્રિયના ભોગની ક્રિયા, વ્યક્તિ કાંઈ બદલાયું નથી. પ્રક્રિયા એની એ જ છે, તો બદલાયું શું ? પહેલાં ભૂખજન્ય તલપ વધારે હતી, હવે ભૂખજન્ય તલપ zero(શૂન્ય) છે. અને ભૂખ એ સુખ છે કે દુઃખ છે ? માટે બધું સુખ એ દુઃખસાપેક્ષ છે. જે પુણ્ય-પાપ નથી માનતો તેવા નાસ્તિકને પણ આ વાતમાં સ્વીકારરૂપે કાન પકડવો પડે. બધાં જ ભૌતિક સુખની પ્રોસેસ આ જ છે. સ્ટોકમાં જો દુઃખ વધારે તો સુખ વધારે લાગે, પેંડા ખાવાની તલપરૂપ દુઃખ વધારે તો પેંડા ખાતાં સુખ વધારે મળે.

મારો બનેલો કિસ્સો કહું. અમે એક વખત તીર્થસ્થાનમાં રોકાયેલા હતા. ત્યાં એક ભાઈ જે બ્રિટિશ વખતમાં ડબલ એન્જિનિયર થયેલા તે આવેલા. તે જીવનમાં થોડો દાન-ધર્મ કરે, પણ તેમને મોક્ષના સુખની વાત ગળે ઊતરે નહીં. કહે, "હું મોક્ષની બાબતમાં માનતો નથી. સારાં કામ કરવાં અને આનંદથી જીવવું.

જીવનમાં બને તેટલો આનંદ લૂંટી લેવો. મોજમસ્તીથી રહેવું. વ્રત-તપ-ત્યાગ કરવામાં હું માનતો નથી. મને કષ્ટ ન ગમે." ત્યારે મેં કહ્યું, "તમારી દૃષ્ટિએ તમારી વાત બરાબર. તમને દુઃખ નથી જોઈતું અને સુખ વધારે જોઈએ છે, તો તમારા સિદ્ધાંત પ્રમાણે તમને ભૌતિક સુખ ભોગવવાની વધારે ઈચ્છા છે. તો તમે maximum (મહત્તમ) સુખને માણો તેવો કીમિયો બતાવું." મેં આવી વાત કરી એટલે તે ચમક્યા! કારણ સાધુઓ પાસે ભોગસુખની નિંદા હોય એવું તેમના મનમાં ઠસેલું અને મેં તો ઊંધું કહ્યું. એટલે મારી વાત ધ્યાનથી સાંભળવા લાગ્યા. પછી મેં કહ્યું, "તમે ઉનાળામાં બે કલાક બહાર રખડી આવો. બરાબર પરસેવે રેબઝેબ થઈ લાલચોળ થઈ જાઓ અને જ્યારે રોમેરોમમાં ગરમી લાગતી હોય, અંદરથી ઠંડકની તીવ્ર urge(તલપ) થાય, પછી તમે airconditionમાં બેસો, તો જિંદગીમાં ન મળી હોય તેવી મજા મળે. વગર ગરમી સહન કરે આવી મજા ન આવે. તેમ શરબતની મજા લેવા માટે ગરમીમાં ખૂબ રખડી આવો, અથવા કસરત કરી કંઠે પ્રાણ આવે એવી તરસ લગાડો, પછી શરબત પીઓ; એટલે તેના એક ટીપામાં પણ ઉત્કટ મજા આવે. પરંતુ જો એમ ને એમ સોફામાં બેઠા બેઠા પીઓ તો એવી મજા નહીં આવે." આ બધું સાંભળીને કહે, "સાહેબ, આમાં તો હેરાન હેરાન થઈ જઈએ." ત્યારે મેં કહ્યું કે તમારે વધારે સુખ જોઈતું હોય તો પહેલાં વધારે દુઃખ ભોગવવું પડે, અને તે ભોગવો એટલે વળતરરૂપે વધારે સુખ મળે છે.

બજારમાં તમે ઘરાક તરીકે માલ માગો તો જેટલા પૈસા ચૂકવો તેટલો જ માલ મળે. કચરા જેવો માલ પણ પૈસા વગર ન મળે. માટે કોલસાના પણ ભાવ બોલાય છે. તેમ ભૌતિક જગતમાં દુઃખરૂપી મૂલ્ય ચૂકવ્યા વગર રતીભાર પણ ભૌતિક સુખ મળતું નથી. સંગીતમાં પણ જે સંગીતની તલપ જેટલી વધારે ભેગી થઈ હોય તે સંગીતથી તેટલું સુખ વધારે મળે, નહીંતર અકળામણ થશે. તમને દુઃખ શું છે તે સ્પષ્ટ ખબર નથી, સુખ શું છે તે પણ સ્પષ્ટ ખબર નથી. અનંતકાળથી જીવની આ જ ભ્રમણા છે, અને મિથ્યાત્વનું આ જ કામ છે, તે સાચા સુખને સમજવા જ ન દે. તમને આ ભ્રાંતિ તોડવાના સાધનરૂપ ચિંતન nutshellમાં-ટૂંકમાં બતાવું છું, ચિંતન કરજો.

એક માણસમાં મિથ્યાત્વ હોય અને પછીથી તે સમકિત પામે, એટલે તેને નવી દુનિયાનું જ દર્શન થાય, અપૂર્વ દર્શન થાય. તેના ભૂતકાળના વિચારો પર તેને હસવું આવે. તેને લાગે કે હું તે વખતે મૂર્ખો હતો, અને આ સત્ય દર્શનથી તેને અપૂર્વ આનંદ થાય. તેને લાગે આ દેવ-ગુરુ-શાસન ન મળ્યું હોત તો હું બોઘો જ રહ્યો હોત. નવી દૃષ્ટિ આના દ્વારા જ મળી છે, માટે આનંદ થાય, અપૂર્વ આલોચન થાય અને અપૂર્વ દર્શનનો હર્ષ થાય. આ બધાં પ્રણિધાનનાં લક્ષણો છે, જે આગળ આવશે.

# ૧૨

અષાઢ વદ બારસ, તા.૨૪-૭-૯૫, સોમવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને નિર્મળ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

**ઉપદેશ દ્વારા પ્રથમ પમાડવા લાયક જો કોઇ ગુણ હોય તો તે સમ્યગ્દર્શન ગુણ છે.** એ ગુણને પામ્યા પછી જીવને ધર્મ કરવા માટે ઉપદેશ કે પ્રેરણારૂપે આગ્રહ કરવો પડતો નથી. જ્યાં સુધી જીવ આ ગુણને નથી પામ્યો, ત્યાં સુધી તેને વારંવાર ધર્મનો ઉપદેશ, પ્રેરણા, સમજણ આપવી પડે છે. સમ્યગ્દર્શન પામ્યા પછી તેને નવા નવા તત્ત્વોનો બોધ થાય તેના માટે તે ઉપદેશ સાંભળે છે, જ્યારે મિથ્યાદષ્ટિને ધર્મમાં રુચિ-આકર્ષણ પેદા થાય, તેના માટે ઉપદેશ આપવાની જરૂર છે, કારણ હજી તેની રુચિ જ નક્કર નથી બની. તેને ધર્મ કરાવવા માટે વારંવાર ધર્મ પ્રત્યે આકર્ષણ ઊભું કરવું પડે છે, જ્યારે સમ્યગ્દષ્ટિને હવે આકર્ષણ ઊભું કરવું પડે તેમ નથી. તે તો સ્વયં ધર્મને શોધતો ફરે. કારણ તેનું વલણ દેવ-ગુરુ-ધર્મ તરફ છે. આના સિવાય શરણ-આધાર કોઇ નથી તેમ તે માનતો હોય. **સમ્યગ્દષ્ટિ આત્મા ધર્મનો ગરજી હોય છે, જ્યારે મિથ્યાદષ્ટિને ધર્મની ગરજ પેદા કરાવવાની બાકી છે.** તમારા આત્મામાં એવી રુચિ આવી જાય પછી ધર્મની આવશ્યકતા તમને આપમેળે લાગે. પછી તમને ધર્મ કરવા માટે કહેવું પડે નહીં.

## ધર્મનું વચગાળાનું ફળ : ઉત્તર ધર્મ, અંતિમ ફળ : પૂર્ણ ધર્મ :

**સભા :-** *અભવિનો જીવ પણ આવી રુચિ સાથે જ ધર્મ કરે છે. માટે જ નિરતિચાર ચારિત્ર પાળે છે ને ?*

**સાહેબજી :-** તેને જે ધર્મનો રસ છે તે ધર્મના ફળના કારણે છે. તેને ધર્મનો સ્વાભાવિક રાગ શક્ય જ નથી. તમે ધર્મથી આકર્ષાયા છો, તે શા માટે ? ધર્મનો મહિમા સાંભળીને

જ આકર્ષાયા છો ને ? પૈસાને જોઈને આંખ ચમકી ઊઠે છે, તે શાના કારણે ? તેનાથી મળતાં ભોગસુખોને જોઈને જ લલચાયા છો ને ? માટે જ ધનનું આકર્ષણ છે ને? જો કદાચ આ છાપેલી નોટોમાં ફેરફાર થયા પછી, invalid નોટોની થપ્પી સામે મૂકે તો આ નોટો પર તમારું મન લલચાય ખરું ? કાંઈ તમે તેના રૂપરંગથી હરખાયા નથી. મોટી થપ્પી પણ નકલી હોય તો ફેંકી દો ને ? તેની જેમ ધર્મ કરવાથી આ લોકમાં સારું થાય, વિઘ્નો ટળે, અનુકૂળતા પ્રાપ્ત થાય, પરભવમાં પણ સારું સારું મળે અને એમ કરતાં અંતે મોક્ષસુખ મળે; તમને ધર્મનાં આવાં મહાન ફળ સાંભળીને જ ધર્મ માટે મન લલચાયું છે; અને જો આ કારણે જ ધર્મ પ્રત્યે આકર્ષણ થયું હોય, તો તમને ધર્મ નહીં પણ ધર્મનું ફળ ગમે છે. લાલચ ફળની છે, ધર્મમાં આનંદ કે સ્વાદ નથી આવતો, આનંદ તો સંસારમાં જ આવે છે. છતાં તમે સંસારની પ્રવૃત્તિનો ત્યાગ કરીને ધર્મમાં સ્થિર થયા છો; કારણ ધર્મનો મહિમા અપાર છે, તેથી તેના ફળની લાલચ છે, માટે જ આકર્ષણ ઊભું થયું છે. એટલે આ રુચિ-આકર્ષણ સમ્યગ્દૃષ્ટિ જેવાં ન કહેવાય.

**સભા :-** *તો શું ધર્મના ફળના રસથી ધર્મ ન કરાય ?*

**સાહેબજી :-** પહેલાં ધર્મનું સાચું ફળ શું તે સમજવું પડે. **ધર્મનું ખરું ફળ ધર્મ જ છે.** તમારા માટે આ નવી વાત છે ને ? **જેમ બોધિબીજરૂપ ધર્મ કરો એટલે આગળ આગળનો સમકિત આદિ ધર્મ પ્રગટતો જાય અને અંતે તે પૂર્ણ ધર્મમાં રૂપાંતર થાય. આ પૂર્ણ ધર્મ પામે, એનું નામ જ મોક્ષ. પૂર્ણ ધર્મની પ્રાપ્તિ થાય એ જ ધર્મનું અંતિમ શ્રેષ્ઠ ફળ છે**; બીજાં બધાં ભૌતિક ફળ તો byproduct (આનુષંગિક ફળ) છે, સત્તા-સંપત્તિ-ભોગસુખો byproduct(આનુષંગિક ફળ) છે.

**જે ધર્મમાંથી અધર્મ પેદા થાય તે ધર્મ યોગ્ય નથી.** જેમ જેમ સાચો ધર્મ કરતા જાઓ તેમ તેમ આત્મામાં ધર્મની અભિવૃદ્ધિ થાય. બુદ્ધિશાળી વાણિયાના ઘરમાં પૈસા હોય તો તેનું ફળ શું ? તે પૈસા એમ ને એમ રાખે ખરો ? કે પૈસામાંથી પૈસા પેદા કરે ? અંતે વ્યાજ છૂટે તેટલા પૈસા પણ પેદા ન થાય તો તેટલી નુકસાની માને.

**સભા :-** *ધર્મ દ્વારા આત્મકલ્યાણની ઈચ્છા તો રાખી શકાય ને ?*

**સાહેબજી :-** કોણ ના પાડે છે ? માટે જ અત્યારે ધર્મ પર રાગ કરવાનો છે,

ને ઈચ્છાનો નાશ ઈચ્છાથી જ થવાનો છે. ક્રોધનો નાશ ક્રોધથી જ થવાનો છે. કષાયોનો નાશ કષાયોથી જ શક્ય છે. સંસારની ઈચ્છાઓ તોડવા જ મોક્ષની ઈચ્છા કરવાની છે.

**વીતરાગતાની ઈચ્છા સંસારના સર્વ રાગ તોડવાનું ઔષધ છે.** અહીં મારી વાત તો એ હતી કે, જેમ પૈસા પૈસાને ખેંચી લાવે તેમ ધર્મ ધર્મને ખેંચી લાવે. **જેને ધર્મના ફળરૂપે ધર્મ નથી ગમતો, તેને બીજું કાંઈક ગમે છે; તેથી તે સાચા ધર્મનો રાગી નથી.** ભલે તે કહેતો હોય કે મારે મોક્ષે જવું છે, પણ મોક્ષમાં તો પરાકાષ્ઠાનો ધર્મ છે. મોક્ષમાં ૨૪ કલાક ધર્મ છે. ત્યાં હિંસા છે કે સતત અહિંસાનું પાલન છે ? ત્યાં અસત્યનો પડછાયો પણ નથી. ત્યાં તો પૂર્ણ સત્યમાં જ મગ્ન રહેવાનું છે. અપરિગ્રહ પણ પરાકાષ્ઠાનો છે. કોઈપણ ધર્મ લો, બધા જ ધર્મ મોક્ષમાં પરાકાષ્ઠાના છે. હવે જેને ધર્મ નથી ગમતો, તેને ધર્મની પરાકાષ્ઠાવાળો મોક્ષ કેમ ગમશે ?

**સભા :-** *સાહેબજી, સ્વભાવ એ જ ધર્મ છે ?*

**સાહેબજી :-** હા, **આત્માનો મૂળભૂત સ્વભાવ એ જ ધર્મ છે, આત્માનો વિકૃત સ્વભાવ તે જ અધર્મ છે.** માટે મોક્ષમાં પરાકાષ્ઠાનો ધર્મ છે. હવે જેને ધર્મ જ ન ગમતો હોય, તેને મોક્ષ ક્યાં ગમવાનો છે ? તમારી સામે વારંવાર ધર્મનાં ભૌતિક ફળ ગાઈએ તો જ તમને ધર્મ કરવાનો પાવર ચઢે ને ? જેમ હું કહું કે અઠ્ઠમ કરો તો તમારાં ઘણાં કર્મો ખપે, થોકબંધ પુણ્ય બંધાય, પરભવમાં પણ બધું સારું પ્રાપ્ત થાય; તેમ અઠ્ઠાઈ, માસખમણ બધાનાં ફળોનો મહિમા ગાઉં, વિસ્તારથી વર્ણન કરું તો તમારો પારો ચઢે ને ? કેવી રિદ્ધિસિદ્ધિ મળે, કેવા પુણ્યકર્મના વિપાકો, કેવાં દેવતાઈ સુખો મળે, આ બધું સાંભળી મોંમાં પાણી આવી જાય અને કરવા માટે ઉત્સાહ જાગે ને ?

**સભા :-** *આવી રીતનો ધર્મ કરાવનાર ઉપદેશકનું શું થાય ?*

**સાહેબજી :-** આવી રીતનો ધર્મ કરાવનાર ઉપદેશક માટે શાસ્ત્રોમાં બહુ કડક લખ્યું છે. જો કે તમને બુદ્ધિમાં બેસે તેવી વાત નથી. તમે તો કહેશો કે આ રીતે ઉપદેશ આપીને પણ ધર્મ જ કરાવે છે ને ? સારું જ કામ કરાવે છે ને ? હું હમણાં મહિમા ગાઈને દાન અપાવું તો તમને પણ પાવર ચઢે, ફળની વાતોથી મોં ભરાઈ જાય ને ?

**સભા :-** *પ્રાથમિક કક્ષાવાળા જીવોને આ રીતે ધર્મ કરાવાય ?*

**સાહેબજી :-** કોથળામાં પાંચશેરી રાખીને ના બોલો. સ્પષ્ટ બોલો. પ્રાથમિક કક્ષાનો અર્થ શું ? નાનો છે ? બાળક છે ? ૨૫ વર્ષથી ધર્મના ક્ષેત્રમાં આવતો હોય તે પ્રાથમિક કક્ષાનો કહેવાય ? હા, જેને મરતાં સુધી એકડિયા કલાસમાં રહેવું છે, તેને અમારે કાંઇ કહેવાનું રહેતું નથી. હા, કોઇ જીવ ધર્મના ક્ષેત્રમાં નવો આવ્યો હોય, અથવા બુદ્ધિ અપરિપક્વ હોય, કદાચ જરા દાધારંગો, કે ભલો-ભોળો હોય; તેવાની વાત જુદી છે. તમે તો સંસારમાં ઉસ્તાદ વેપારી છો. પ્રસંગે સાધુને પણ સમજાવી જાઓ તેવા છો. એટલે આ બધી તમારી છટકબારી છે.

તમારે વર્ષોથી પ્રાથમિક કક્ષામાં જ રહેવું છે ? અમે ગામે ગામના સંઘમાં જઇએ છીએ. ત્યાં જોઇએ છીએ કે જો કોઇ સંઘના વહીવટની વાત આવે ત્યારે અમે શાસ્ત્રદૃષ્ટિએ કહીએ કે આ પ્રમાણે કરવું જોઇએ, તો શું કહે ? ના, સંઘ નક્કી કરે તે પ્રમાણે કરવું જોઇએ. અમારા સંઘની વ્યવસ્થા સંઘ કહે તે પ્રમાણે ચાલે. તો સંઘ એટલે શું ? આ ચાર ધોતિયાવાળા ભેગા થયા તે સંઘ ? ભગવાને સંઘ કોને કહ્યો છે ? અમે સંઘની બહાર ને ? આ બધી વાતો ખૂબ વિચારણીય છે; અને જયારે ધર્મ કરવા માટેની વાત આવે ત્યારે કહે કે અમે તો મુગ્ધ જીવો છીએ, અમે ભગવાનની આજ્ઞા સમજતા નથી, પ્રાથમિક કક્ષાના જ જીવો છીએ, બાળ છીએ; તો આ બરાબર છે ? પાછા સાધુ સાચી વાતનું બહુ દબાણ કરે તો એમ પણ કહે કે, એક મહારાજ સાહેબ આમ કહે, બીજા મહારાજ સાહેબ તેમ કહે, અમારે શું કરવું ? શું અમારે બધાનું માનવાનું ? એટલે જે ફાવે તે કરવાનું એમ ને ?

**સભા :-** *તો અમારે શું કરવું ?*

**સાહેબજી :-** મોટા ચાર ડોક્ટર કે ચાર બેરિસ્ટરોના વિચારોમાં પણ ભેદ પડે છે ને ? એટલા માત્રથી તમે દવા લેવાનું મૂકી દીધું ? ચારમાંથી વધારે યોગ્ય લાગે તેના અભિપ્રાય પ્રમાણે કરો છો ને ? અહીંયાં બધાં બહાનાં છે. હાલના શ્રાવકો બે બાજુ ઢોલકી વગાડે છે. જયારે પાલનનો પ્રસંગ આવે ત્યારે બાળજીવો છીએ, પ્રાથમિક કક્ષાના છીએ, કશી સમજણ ન પડે, કહી છટકી જવાનું; અને જયારે શાસનની આજ્ઞા

મુજબની વાત આવે ત્યારે કહે સંઘના નિર્ણય પ્રમાણે કરવાનું. મહારાજ તો રદબાતલ ને ? આ બધા બાળજીવોનાં લક્ષણ છે કે વક્તાનાં લક્ષણ છે ?

## માત્ર કુળાચારથી ધર્મ કરાવનાર ઉપદેશકો મોક્ષમાર્ગના લૂંટારા છે :

**સભા :-** *આનાથી કર્મ બંધાય ? કેવાં બંધાય ?*

**સાહેબજી :-** હા, ચોક્કસ, ભારે કર્મ બંધાય. તમે જે આવા વર્તનથી શાસનની ઉપેક્ષા કરો છો, સાધુ ભગવંતની અવગણના કરો છો, શાસ્ત્રની ઉપેક્ષા કરો છો, તમારો ધર્મવિરુદ્ધનો જે આગ્રહ છે તેનાથી, આ ભવમાં પુણ્ય પસાયે આ જે શાસન મળ્યું છે તે ભવાંતરમાં અનંતકાળ સુધી પામી ન શકો. બોધિબીજ તેનાથી દુર્લભ થાય.

ભગવાનની આજ્ઞા પ્રધાન છે. અમે પણ જો ભગવાનની આજ્ઞાવિરુદ્ધ વર્તીએ તો શું થાય ? તેનું વર્ણન વાંચતાં હૈયું ફફડી જાય એવું છે. **ઉપદેશમાં જે સાધુ માત્ર ફળનો મહિમા બતાવે છે, તેનાથી લોકો પાસે તપ-ત્યાગ-સંયમ પળાવે છે, તે કાંઈ દુષ્ટતા આચરતો નથી, ઊલટું વિનય-વૈયાવચ્ચ-ભક્તિ કરાવે, જિનમહોત્સવ-આયોજનો કરાવે; છતાં તે ઉપેદશક મોક્ષમાર્ગના લૂંટારા છે, તેવું ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજા કહે છે.** કારણ કે આ બધો કુળાચારનો ધર્મ છે, તમને ઉપમા બેસશે ? વાત ગળે ઊતરશે ? કદાચ મોઢાથી ના નહીં પાડી શકો, પણ વાત ઊતરશે ખરી? આવા ઉપદેશકો મોક્ષમાર્ગ કે મોક્ષમાર્ગના સાધનરૂપ સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રની જો દેશના ન આપે તો તેમને પણ લૂંટારાની ઉપમા આપી છે.

**સભા :-** *અર્થ-કામની દેશના આપે તો ?*

**સાહેબજી :-** તેમાં તો સીધો સંસારનો રસ પૂરે છે. તેની વાત જુદી છે. **અર્થ-કામની દેશના આપે તે તો મોક્ષના જ ચોરટા છે.** તેઓ મોક્ષમાર્ગના ચોરટાથી વધારે ખરાબ છે. પરંતુ આમાં તો સાધુ સારું જ કામ કરાવે છે. તપ-ત્યાગ-દાન કરાવે છે. public(પબ્લીક)ની દૃષ્ટિએ શું લાગે ? જોરદાર સારી પ્રવૃત્તિ કરાવે છે, અને મારા જેવો આવી ટીકા કરે તો કહે કે તેમને સહન નથી થતું. પરંતુ સારી પ્રવૃત્તિ કરે એમાં અમે રાજી છીએ. અમને કાંઈ પેટમાં નથી દુખતું. પણ શાસ્ત્રમાં આ અંગે શું લખ્યું છે, તે દર્શાવવાની અમારી જવાબદારી છે.

જૈનશાસનના ઉપદેશકની જવાબદારી શું ? ખાલી વ્યસનોનો ત્યાગ કરાવી થોડા દુરાચાર દૂર કરાવે, જરા મા-બાપની સેવા કરાવે, માંસાહારનો ત્યાગ કરાવે; પરંતુ જો સાથે મોક્ષમાર્ગ ન પમાડે તો તે ઉપદેશકને લૂંટારા ઉપદેશક કહ્યા છે. આ બધું કરાવતાં પહેલાં મોક્ષમાર્ગ બતાવવાનો છે અને સાથે તેને પૂરક બને તેવા સદાચાર બતાવવાના છે. અમે પણ મોક્ષસાધક તપ-ત્યાગ કરાવવા માગીએ છીએ. બાકી તમે ગમે તેટલી જીવનમાં નીતિ પાળો, પણ આત્મકલ્યાણની ઇચ્છા ન હોય તો તેનાથી પાપાનુબંધીપુણ્ય બંધાશે, જેના ફળ સ્વરૂપે પછી સંસારમાં રખડશો. અમે જાણતા હોઈએ કે તમારું હિત આમાં છે, તો અમારી ઉપદેશક તરીકે શું જવાબદારી આવે? **તમારું હિત જેમાં છે, તેમાં પહેલું ધ્યાન દોરવું જોઈએ, બાકી બધાને ગૌણ કરવું જોઈએ. અમે મોક્ષમાર્ગનો જ ઉપદેશ આપીએ તો ભલે કદાચ પાંચ પચ્ચીશ શ્રોતા ઓછા આવે, તેનો અમને વાંધો નથી; પણ એકને પણ આત્મકલ્યાણના માર્ગ પર ચઢાવીએ તો તેમાં તમને અને અમને બંનેને ઘણો લાભ છે.**

**લાખ માણસને કુળાચારનો ધર્મ કરતા કરીએ તેના કરતાં એકને પણ સમ્યગ્દર્શનની ભૂમિકામાં ગોઠવીએ તો મહાન ફળ છે**. આ વાત સમજવા માટે તમારી પાસે શાસ્ત્રદષ્ટિ જોઈએ, નહીંતર તમે લેવાઈ જાઓ. દા.ત. આ સંઘમાં મારા ઉપદેશથી ૧૦૦૦ પૂજા કરતા થઈ જાય તો અધધ થાય, પણ એકને મોક્ષમાર્ગ પર ચઢાવું તો અધધ થાય? કારણ તમારી પાસે શાસ્ત્રદષ્ટિ નથી. આત્મિક દષ્ટિએ જેનું ખરું મૂલ્ય છે, તે ન પામો તો મૂળતત્ત્વથી વંચિત રહી જાઓ. માટે જ મૂળતત્ત્વનો આગ્રહ છે. તમે દુરાચાર કરો કે અનીતિ કરો તે સારું નથી, પણ સૌથી પહેલું શું છોડવાનું ? ધર્મનો દ્વેષ.

કારણ કે સૌથી પહેલાં ગુણોનો અદ્વેષ લાવવાનો છે. આના વગર બીજું બધું નકામું થાય. માટે તેને priority (પ્રાથમિકતા) આપવી જ પડે. આટલી જ અમારી વાત છે. બાકી બધા જ જીવો કાંઈ તરત સમ્યગ્દર્શન પામી જતા નથી. સમ્યગ્દર્શન ન પામી શકે તેવો જીવ હોય તે તેની પૂર્વભૂમિકા પામી શકે; તે પણ ન પામી શકે તેવો જીવ હોય તો તેની પૂર્વભૂમિકા; તેમ કરતાં ક્યાં સુધી, છેક છેલ્લી પૂર્વભૂમિકા સુધી જવાનું. પણ જે મોક્ષમાર્ગની પૂર્વભૂમિકા જ નથી, ત્યાં સુધી તો ઉપદેશમાં નહીં જ જવાનું. આ બહુ ગંભીર વાત છે. જિનવચનનો યથાર્થ ઉપદેશ આપવો

હોય તો પરિપક્વ બનવું જોઈએ. આ **પાટ પર બેસનારમાં નિઃસ્પૃહતા ન હોય તો તે સાચો ઉપદેશ ન આપી શકે.** મારે તમે ખુશ થાઓ, તમને રસ પડે, મનોરંજન થાય તેવું પીરસવાનું નથી. શ્રોતા પાસેથી અપેક્ષારહિત બની તેમના સાચા હિતનો ઉપદેશ આપવો જોઈએ. અમે નિઃસ્પૃહતા આવે પછી જ નક્કર ઉપદેશ આપી શકીએ. નહીંતર મને એમ થાય કે લોકોને રસ નહીં પડે, ગમશે નહીં, એટલે ભગવાનની આજ્ઞા મુજબ ન હોય તેવી પણ વાતો પીરસવાનું મન થાય. શુદ્ધ ઉપદેશ આપવો એ તલવારની ધાર ઉપર ચાલવા જેવું છે. નિઃસ્પૃહતા ગુણ ગુરુ માટે આવશ્યક કહ્યો છે, નહીંતર પોતાની સ્પૃહાના કારણે શ્રોતાનું આત્મકલ્યાણ ગૌણ કરી દેશે.

સૌ પ્રથમ ઉપદેશ આપીને તમારામાં ધર્મનો સહજ રાગ, આકર્ષણ પેદા થાય; ધર્મ જ મૂળભૂત તત્ત્વ તરીકે ગમે, એટલે ધર્મ સ્વયં ગમે, આનુષંગિક ફળ નહીં; તે કરવાનું છે. જે દિવસે અમે આવો ધર્મ તમારા હૃદયમાં વસાવી શકીએ, ત્યારે સાચો ધર્મ પમાડ્યો કહેવાય.

**સભા :-** *નહીંતર artificial (કૃત્રિમ) ધર્મ કહેવાય ?*

**સાહેબજી :-** હા, ચોક્કસ. જે માત્ર ધર્મના ફળ ઉપર લલચાયેલા હોય, તેમનો ધર્મ કૃત્રિમ છે, અસલી નથી. જેમ પૈસા પર રાગ છે, પણ સરકાર જાહેર કરે કે બીજી છાપવાળી નોટો વેલિડ ગણાશે, તો આ નોટોને તિલાંજલિ આપો ને ? તમને કાંઈ નોટો પર રાગ છે ? નાણાંની આ નોટોથી કાંઈ ફળ ન હોય, મનગમતાં ભૌતિક સુખ આપવાની તાકાત ન હોય, તો સંગ્રહો ખરા? કે પસ્તીમાં વેચો તેવા છો ? તેમ જેને ફક્ત ધર્મનું ફળ ગમે છે, તેને તે ફળ મળતાં ધર્મને પસ્તીના ભાવમાં કાઢી નાંખશે.

**સભા :-** *૯૯% ફળ માટે જ ધર્મ કરે છે.*

**સાહેબજી :-** માટે જ સાચો ધર્મ પામવો કઠણ છે. સાચો ધર્મ પામનારા જૂજ છે. મોક્ષે જનારા કેટલા ? માઈક્રોસ્કોપિક માઈનોરિટીથી પણ ઓછા. માટે અનંતકાળથી આત્મા સંસારમાં રખડે છે.

## ધર્મ કરવામાં પણ જેટલો શુભભાવ હોય તેટલું પુણ્ય બંધાય, અશુભભાવ હોય તેટલું પાપ બંધાય :

**સભા :-** *આવી રીતે ધર્મ કરવાથી પુણ્ય તો મળે ને ?*

**સાહેબજી :-** તેમાં પણ શરત રાખવાની કે જેટલો શુભ ભાવ હોય તેટલું જ પુણ્ય મળે. જેમ વ્યક્તિ દયા કરે છે, પણ જો તે સ્વાર્થથી જ દયા કરે તો શું બંધાય ? પુણ્ય કે પાપ ? પાપ જ બંધાય.

**સભા :-** *નામના માટે દયા કરે તેને પાપ બંધાય ?*

**સાહેબજી :-** હા, પાપ બંધાય. **સ્વાર્થ માટે નીતિ પાળે તો પણ પાપ બંધાય.** પશ્ચિમના લોકો પોલિસી તરીકે નીતિ પાળે છે. એટલે નીતિ પાળે છતાં પણ પાપ બંધાય. તેમ **પરોપકાર કરે, પણ તે નર્યા સ્વાર્થથી કરે તો પાપ બંધાય.**

**સભા :-** *કપટ હોય ?*

**સાહેબજી :-** ના, એવું ન હોય. તમે સોદાની જેમ પરોપકાર કરતા હો છો. તમને વળતર ન મળે તેવો પરોપકાર ફાવે ખરો ? લગભગ તમે અપેક્ષા સાથે જ પરોપકાર કરો છો. પત્ની માંદી પડી હોય ત્યારે તમે ખડે પગે તેને સાચવી હોય, અને તમે માંદા પડો ત્યારે જો તમારું ન સાચવે તો શું થાય ? જીવનમાં વગર સ્વાર્થે કાંઈ કરો ખરા ?

**સભા :-** *ધર્મ કરતાં, ધર્મ મોક્ષમાર્ગનું સાધન બનશે તેવી અપેક્ષા રખાય ?*

**સાહેબજી :-** હા, ચઢવાનો માર્ગ આ જ છે. ધર્મનું સાચું ફળ ધર્મ છે. ખરો ધર્મ કરનારને એ જ અપેક્ષા હોય કે મને આગળનો ધર્મ મળો. સાચા અને સારા ફળની અપેક્ષા રાખવાની છે. તેથી ધર્મ દ્વારા ધર્મ જ મળે તેવી અપેક્ષા રાખવી જ યોગ્ય છે.

**સભા :-** *અનુકંપામાં ફળ મળે ?*

**સાહેબજી :-** બધા માટે નિયમ એક જ છે. જો અશુભ ભાવથી કરે તો પાપ બંધાય. સ્વાર્થથી નીતિ પાળે, પરોપકાર કરે, અનુકંપા કરે તો પણ પાપ જ બંધાય.

**સભા :-** *પુણ્ય થોડું બંધાય ?*

**સાહેબજી :-** સ્વાર્થ હોય-મમતા હોય ત્યાં તમને ઉદાર, પરોપકારી, સહિષ્ણુ બનતાં વાર નથી લાગતી. સંતાનો માટે જીવનમાં કેટલો ત્યાગ કરો છો ? એ ત્યાગથી પુણ્ય બંધાય કે પાપ બંધાય ? કોઈ વેપારીને ઘરાક કસદાર લાગે તો પાંચ પચ્ચીસ રૂપિયાનો નાસ્તો કરાવે ને ? તે વખતે ઉદારતા બતાવી, તેથી પુણ્ય બંધાય કે પાપ બંધાય ? જ્યાં સ્વાર્થ હોય ત્યાં પાપ જ બંધાય, તેમાં શંકા નથી. હું તમને કહું કે આયંબિલ કરો, તો કરો? પણ નેચરોપેથીવાળા કહે, ડાયાબિટીસ-પ્રેશરના કારણે તમે બાફેલું ખાઓ, અને તે કારણે તમે જીભના ચટકા છોડી દો અને બાફેલું ખાઓ, તો શું પુણ્ય બંધાય ? પાપ જ બંધાય. તમે પગપાળા તીર્થયાત્રાએ ન જાઓ; પણ ડોક્ટર કહે કે હવે તમારે જોખમ છે, માટે તબિયત સાચવવા સવારે વોકિંગ કરો, તો પાંચ વાગ્યે ઊઠીને જાઓ ને ? ધર્મના નામથી સાત વાગ્યે પણ ઊઠો ખરા ? પણ આરોગ્યના નામે પાંચ વાગ્યે ઊઠો ને ?

**સભા :-** *પણ સાહેબજી, સવારે walk લેતાં(ચાલતાં) એમ થાય કે સાથે દર્શન પણ કરી લઈએ તો પુણ્ય બંધાય ?*

**સાહેબજી :-** હા, ચોક્કસ. walk કરતી વખતે આશય માત્ર આરોગ્યનો ન હોય, મનમાં એમ થાય કે આ શરીરરૂપી ભૂત વળગ્યું છે, માટે ચાલવું પડે છે; પણ સાથે પાંચ દેરાસરનાં દર્શન થતાં હોય તો મને ભક્તિનો લાભ છે; આવા ભાવથી દર્શન કરો તો પુણ્ય બંધાય. **ધર્મની પ્રવૃત્તિ કરો તેમાં જો શુભ ભાવ હોય તો પુણ્ય બંધાય.** એમાં અમને વાંધો નથી. અમારો અવરોધ નથી. ઊલટા અમે રાજી છીએ. પણ જે સિદ્ધાંત અનુસારે પુણ્ય બંધાતું હોય તે તમારા મનમાં સ્પષ્ટ જોઇએ.

સારાંશ એ છે કે ધર્મ કરનાર બધાને પુણ્ય બંધાય, તેવું નથી; પણ જેને જેટલો શુભ ભાવ હોય તેટલું પુણ્ય બંધાય. વિચારજો, તમે જે પ્રવૃત્તિ કરો છે તેમાં કેટલો સ્વાર્થ છે ? કેટલો શુભ ભાવ છે ? જેટલો શુભ ભાવ છે તેટલું જ પુણ્ય મળે. માટે સાવધાન થઇ જાઓ.

ડોક્ટર કહે, આરોગ્ય માટે ઉકાળેલું પાણી પીવો, તો ચાલુ કરી દો; પણ અમે અહિંસા માટે ઉકાળેલું પાણી પીવા કહીએ, તો બહાનાં ચાલુ થઇ જાય. આ રીતે ઉકાળેલું પાણી પીનારને શું પુણ્ય બંધાય? અમેરિકામાં ઘણા રાત્રિભોજન ન કરનારા કે માંસ નહીં ખાનારા છે, આરોગ્ય માટે ઇંડાં નહીં ખાનારા લાખો લોકો છે, તે બધાને શું પુણ્ય બંધાય ? કે પાપ બંધાય છે ?

**સભા :-** *પણ સાહેબજી, ન ખાય એટલે પાપથી તો બચ્યા ને ?*

**સાહેબજી :-** કોઇ માણસને તેના વિરોધીનું ખૂન કરવાની ભાવના હોય, પણ ૪ વર્ષ સુધી તક ના મળી હોય, તો તે ચાર વર્ષ સળંગ એને પાપ બંધાય કે નહીં? શ્રેણિકે કાલસૌરિક કસાઇને કૂવામાં ઉતાર્યો, કારણ તે ૫૦૦ પાડા મારે નહીં. હવે એક પણ પાડાની હિંસા ન કરવા છતાં શું તે પાપથી બચી ગયો ? ના, કેમ કે તેના પાપના ભાવ ચાલુ છે. પાડા માર્યા નહીં એટલે પાપથી બચી જાય, તો બધા કસાઇને ઊંધા માથે પૂરી દેવા જોઇએ. પરંતુ **તમામ પાપની જવાબદારી મનની છે. જો તમારા મનમાંથી પાપના ભાવ ન ગયા હોય, તો મોટો ચમરબંધી પણ તમને પાપબંધથી અટકાવી ન શકે.**

વળી, આરોગ્ય શું કામ જોઇએ છે ? નીરોગી થઇ સંસારમાં મોજમજારૂપ પાપ કરવું છે. આ અશુભ ભાવ છે, માટે ત્યાગ કરવા છતાં પાપ લાગે; મનમાં અશુભ ભાવ પડ્યો છે, તેથી જ પાપ બંધાય છે. હજી ભાવ કોને કહેવાય તે સમજ્યા નથી.

તમારા ઘરમાં બાજુમાંથી સારી વાનગી આવી, જે પ્રમાણમાં ઓછી છે માટે તમે ના ખાધી, અને તમને તમારા વહાલસોયા દીકરાને ખવડાવાનું મન થયું, તેથી તમે તેને બધું ખવડાવી દીધું; આ જે તમે ત્યાગ કર્યો, તે મોહના કારણે કર્યો છે કે તમારો શુભ ભાવ છે માટે ત્યાગ કર્યો છે ? પુત્રની મમતા એ શુભ ભાવ કે અશુભ ભાવ ? એ જ રીતે તમારા મનમાં દેહની મમતા છે, તે શુભ ભાવ કે અશુભ ભાવ? તેનાથી શું પુણ્ય બંધાય ? ત્યાગ પાછળ પ્રેરક બળ શું ? મમતાથી, મોહથી ત્યાગ કર્યો છે કે શુભ ભાવથી ત્યાગ કર્યો છે ?

**સભા :-** *મુસાફરીએ જતાં કે ક્યાંય બહાર જતાં અમે નવકાર ગણીએ તો પુણ્ય બંધાય કે પાપ ?*

**સાહેબજી :-** શું કામ ગણો છો ? જાપ કરતાં તમારો શું આશય છે ? તે પ્રમાણે પુણ્ય-પાપ બંધાય. ભાવની બાબતમાં પોણીસોળ આની ચાલે તેમ નથી. **તીર્થંકર જેવા આત્માને પણ જેવો ભાવ તેવા કર્મબંધ થાય.** તો આપણા માટે શું નવું ?

દા.ત. વિનયરત્ને દીક્ષા લીધી. દીક્ષા એ મોટો ધર્મ છે. પોતે રાજકુમાર છે. આખો સંસાર છોડીને દીક્ષા લીધી. સાડા બાર વર્ષ સુધી ચારિત્ર પાળ્યું. જોનાર મોંમાં આંગળાં નાંખી જાય તેવાં તપ-ત્યાગ-સંયમ પાળ્યાં છે. આચાર અણિશુદ્ધ પાળે છે. પણ મનમાં ભાવ એ છે કે ક્યારે તક મળે ને હું દુશ્મનને સાફ કરું. ઉદાયી રાજાને મારવાના ભાવથી ચારિત્ર લીધું છે. આ ચારિત્ર પાળ્યું તેનાથી તેમને પુણ્ય બંધાય કે પાપ બંધાય ? એનો ત્યાગ કેટલો છે ? હજારો ત્યાગના નિયમો છે. એટલે એ પાપથી બચી ગયો ? માંસાહારત્યાગ તો તેની આગળ નાનો ત્યાગ છે. છતાં શાસ્ત્રમાં લખ્યું કે આવું સાડા બાર વર્ષ ચારિત્ર પાળ્યું, તેનાથી તેણે ઘોર પાપનું ઉપાર્જન કર્યું. શાસ્ત્રમાં આવા બીજા દાખલાઓ પણ છે.

**સભા :-** *કાલસૌરિકને કૂવામાં ઉતાર્યો, તે વખતે શ્રેણિકરાજાને પુણ્ય બંધાય કે પાપ બંધાય ?*

**સાહેબજી :-** હિંસા અટકાવવાનો ભાવ છે, તેથી જે કક્ષાનો તેમને શુભ ભાવ છે તે પ્રમાણે પુણ્ય મળે.

**સભા :-** *પણ તે વખતે તેમની નરક તૂટે તેવા પણ ભાવ છે ?*

**સાહેબજી :-** હા, પણ તેમને નરકે જવાનો વાંધો કેમ છે ? શું કામ નરકે નથી જવું ? તમને નરક નથી ગમતી, કેમ કે ત્યાં દુઃખ છે માટે, કે ત્યાં ધર્મ આરાધના નથી માટે ? ધર્મનો વિયોગ સાલે છે ? શ્રેણિકને નરકે ન જવા પાછળ ભાવ શું છે ? ત્યાં ત્રાસ છે માટે તેમને દેવલોકે જવું છે ? ના, પણ ત્યાં આત્મકલ્યાણ માટે દેવ-ગુરુ-ધર્મની સામગ્રી નહીં મળે, તેથી મારું શું થશે ? તેનો શોક છે. એટલે તેમને આરાધનાનો આશય છે. એકલા સ્વાર્થમાં આ ભાવ ખતવી શકો તેમ નથી. માટે કોઈપણ પ્રવૃત્તિમાં ભાવ, આશય શું છે ? તે જોવાનું. બધામાં સૌથી મહત્ત્વનું પાસું આ જ છે. ભાવ-આશય સુધારવા જ પ્રણિધાન છે.

**સભા :-** *તેમને નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું, માટે નરકે તો જવાનું જ હતું ને ?*

**સાહેબજી :-** હા, અત્યારે બોલવું સહેલું છે, જાત પર આવે ત્યારે ખબર પડે. આપણે બોલી દઈએ કે તેમનું નરકનું આયુષ્ય બંધાઈ ગયું હતું, તો જવાનું જ છે ને ? પણ તમને પરલોકનો વિશ્વાસ જાગ્યો નથી. જે દિવસે પરલોક પર વિશ્વાસ થઈ જાય, ત્યારે તો તમારી અત્યારની પાપની પ્રવૃત્તિથી 'હું મરીને કૂતરો બનીશ' એવી ખબર પડે તોય તાવ આવી જાય. અત્યારે તમને ચિંતા કેમ નથી ? પરલોક દેખાતો નથી માટે.

તેમને ભગવાનના વચન પર આસ્થા છે. તેમને બેબાકળા થવાનું કારણ એ છે કે, ધર્મ જેવી વહાલી વસ્તુ ત્યાં નરકમાં નથી. તેમને ધર્મ જ સર્વસ્વ લાગે છે. **સમકિતીને મનગમતી વસ્તુઓ પર જે રાગ છે, તે ધર્મના રાગ કરતાં અનંતમા ભાગે આવે; જ્યારે ધર્મનો તેમનો રાગ અનંત ગણો છે.** તમારે પત્ની, દેહ, સંપત્તિ પર રાગ-આસક્તિ છે, મમતા પડી છે; પણ આ બધી મમતા ધર્મના રાગની અપેક્ષાએ ૧% જ છે, આવું તમે છાતી ઠોકીને કહી શકો ખરા ? કે પછી ઊલટું બોલવું પડે ? ધર્મની મમતા છે, તેના કરતાં કંઈ ગણી મમતા સંસાર પર છે. કેમ બરાબર ને ?

સમ્યગ્દષ્ટિ કાંઈ વીતરાગ નથી. વળી, બધા સમકિતી સ્થિતપ્રજ્ઞ પણ હોતા નથી. તેથી સંસારનાં દુઃખ આવે ત્યારે તે વિહ્વળ પણ થઈ જાય, અને સંસારનાં સુખ મળે ત્યારે આસક્તિ-મમતા પણ આવે; પરંતુ ધર્મના રાગની અપેક્ષાએ તેની ટકાવારી અનંતા ભાગે આવે છે. શ્રેણિકને નરકના દુઃખની ગભરામણ છે, પણ તે અત્યંત ગૌણ છે.

**સભા :-** *ચારિત્રમોહનીય કર્મનો ઉદય કારણ છે ?*

**સાહેબજી :-** હા, ચારિત્રમોહનીય કર્મ છે ત્યાં સુધી રાગ-દ્વેષ-ક્રોધ-માન-માયા-લોભ થાય, મોહ-મમતા આવે.

સ્થિતપ્રજ્ઞની ભૂમિકાનું સમકિત જુદું અને નીચલી ભૂમિકાનું સમકિત જુદું છે. શ્રેણિકરાજા સ્થિતપ્રજ્ઞ નહોતા. તે યોગની પાંચમી દૃષ્ટિમાં હતા, જ્યારે સ્થિતપ્રજ્ઞ

છઠ્ઠી દૃષ્ટિમાં આવે છે. સ્થિતપ્રજ્ઞ સમકિતીના જીવનનાં પાસાં કેવાં હોય, તેનો સંસાર કેવો હોય તે બધું આપણે ઋષભદેવ ચરિત્રમાં જોઈશું. સ્થિતપ્રજ્ઞની સંસારમાં જીવવાની કળા અદ્‌ભુત છે. તે સંસારમાં રહીને પણ પાપથી ખરડાય નહીં. શ્રેણિકની હજુ આ દશા નથી. પણ તેમને જીવનમાં ધર્મની ચિંતા પ્રધાન હતી.

**સભા :-** *પોતાના મોક્ષનો આશય તે તો સ્વાર્થ છે ને ?*

**સાહેબજી :-** તમારા આત્માના મોક્ષના આશયમાં આખા જગતનું હિત સમાયેલું છે. તમે મોક્ષે જશો એટલે ૮૪ લાખ જીવાયોનિના જીવોને તમારા અનંતા ભવો દ્વારા તમારા તરફથી થતો સંતાપ-ત્રાસ અટકી જશે. તે બધાને કાયમનું અભયદાન મળશે. તમે આત્મકલ્યાણ કરી મોક્ષમાર્ગમાં આગળ વધશો તેથી તમારી પ્રેરણા પામીને કેટલાય જીવો મોક્ષે જશે.

શાસ્ત્રમાં લખ્યું છે :-

**સ્વના સાચા કલ્યાણમાં આખા જગતનું કલ્યાણ સમાયેલું છે. જ્યાં સ્વનું સાચું કલ્યાણ નથી, ત્યાં પરનું કલ્યાણ આભાસિક છે. તેથી જાતનું કલ્યાણ મૂકી જગતનું કલ્યાણ કરવા નીકળવાનું નથી. પહેલાં આપણું પછી દુનિયાનું.**

**સભા :-** *સિદ્ધ ભગવંતો મોક્ષે જાય, એટલે એક જીવને નિગોદમાંથી બહાર કાઢે છે; તે ઉપકાર કરે છે ને ?*

**સાહેબજી :-** તે ઉપકાર તો ગૌણ છે, વાસ્તવમાં તેઓ સિદ્ધશિલા ઉપર બેઠા બેઠા આખા જગત પર ઉપકાર કરે છે. પણ કઈ રીતે કલ્યાણ થાય અને કઈ રીતે અનર્થ થાય, તેની તમને ખબર હોવી જોઈએ. **દુનિયામાં ધર્મ જેટલો સાચો સ્વાર્થ શીખવે છે, તેટલો કોઈ શીખવતું નથી. અસલી સ્વાર્થ એ જ પરમાર્થ છે, નકલી સ્વાર્થ ભૌતિક સ્વાર્થ છે. અસલી સ્વાર્થ સ્વપરનું કલ્યાણ કરશે, નકલી સ્વાર્થ સૌને નુકસાન કરશે.** માટે આત્માને સાચા સ્વાર્થથી ગભરાવાની જરૂર નથી.

**સભા :-** *મોક્ષમાર્ગ મળી ગયા પછી તેની ઉપેક્ષા કરીએ એટલે ત્યાં સુધી એક જીવને નિગોદમાં રાખીએ તેનું પાપ બંધાય ને ?*

**સાહેબજી :-** પાપનો સવાલ નથી, પણ તમે ઉપેક્ષા કેમ કરો છો ? મોક્ષમાર્ગ નથી ગમતો માટે ? જો આ હકીકત હોય તો અનંતકાળ સુધી તમને મોક્ષમાર્ગ નથી મળવાનો. જે પોતાના કલ્યાણના રસિયા નથી, તેને આખી દુનિયાના અકલ્યાણની ગર્ભિત ભાવના પડી છે, માટે પાપ બંધાય છે.

કેટલાકને વિશ્વશાંતિ, વિશ્વમૈત્રીની વાતો કરવી છે, પણ ઘરમાં સગાભાઇ સાથે રહેવા તૈયાર નથી. તમારું કલ્યાણ કરવું નથી, અને આખી દુનિયાનું કલ્યાણ થઇ જાય તેવી કોરી ભાવના કરવી છે.

# ૧૩

**અષાઢ વદ તેરસ, તા.૨૫-૭-૯૫, મંગળવાર.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રનો સંસાર-સાગરમાંથી ઉદ્ધાર કરવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આપણે બધા ૮૪ લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરતા રહીએ તે જ્ઞાનીઓને ગમતું નથી. સંસારમાં જીવ ગમે તેટલી મથામણ કરે, છતાં પણ તે તેની ઇચ્છા મુજબ સુખ મેળવી શકે તેમ નથી. તેથી જીવને પરિતૃપ્ત કરવો હોય તો મોક્ષે મોકલવો જ પડે. મોક્ષે કાંઇ જીવને હાથ પકડીને લઇ જવાય નહીં. જો બળજબરાઇથી જીવને મોક્ષે લઇ જવાતું હોત, તો જ્ઞાની ભગવંતો એકપણ જીવને બાકી રાખત નહીં. અનંતા જીવો મોક્ષ પામ્યા છે, તે બધા તેમના સ્વયં પુરુષાર્થથી જ પામ્યા છે. હા, દેવ-ગુરુ-ધર્મનું આલંબન સહાયરૂપ બને છે, પણ આ બધાની સહાયથી પહોંચવું હોય તો પણ જીવે સ્વયં પુરુષાર્થ તો કરવો જ પડે છે. તે માટે ક્રમસર મોક્ષમાર્ગની ભૂમિકાઓ છે.

## બોધિબીજની પ્રાપ્તિનો ક્રમ :

સૌથી પહેલો ચરમાવર્ત, ગુણના અદ્વેષથી આવે છે. પછી બીજી અપુનર્બંધક દશા છે, જે મુક્તિના અદ્વેષથી આવે છે. પછી ચરમયથાપ્રવૃત્તિકરણ આવે, પછી યોગાવંચકપણું આવે અને પછી જ બોધિબીજની પ્રાપ્તિ થાય છે.

પહેલાં ગુણનો અદ્વેષ પ્રકટે, પછી જ તેને મુક્તિનો અદ્વેષ પ્રકટે, અને પછી જ તેને મુક્તિની સાચી જિજ્ઞાસા પ્રકટવાની છે. જેને મુક્તિનો અદ્વેષ નથી, તેને કદી મોક્ષની સાચી જિજ્ઞાસા પ્રકટે નહીં અને જેને મુક્તિની સાચી જિજ્ઞાસા પ્રકટે તેને જ ચરમયથાપ્રવૃત્તિકરણ આવે. પછી મુક્તિની ઓળખ થાય એટલે મુક્તિનો રાગ પ્રગટે. બસ, આ સમ્યક્ત્વનું બીજ પડી ગયું. બોધિબીજનાં આ પગથિયાં બરાબર જોઇ લો : (૧) ગુણનો અદ્વેષ (૨) મુક્તિનો અદ્વેષ (૩) મુક્તિની જિજ્ઞાસા (૪) મુક્તિની ઓળખ (૫) મુક્તિનો રાગ.

જેને આગળનું step ન આવ્યું હોય અને પાછળનું step આવેલું દેખાય, તો તે આભાસિક છે. જેને મુક્તિનો અદ્વેષ નથી આવ્યો અને કહે મુક્તિની જિજ્ઞાસા છે, તે વાસ્તવિક શક્ય નથી. પરંતુ આગળનું step આવે પછી જ પાછળનું step આવે છે, અને આ જ ક્રમથી જીવો યોગમાર્ગે ચઢ્યા છે અને પ્રણિધાન સુધી પહોંચ્યા છે.

આ આંતરિક પ્રક્રિયા છે. જેમ જેમ કર્મનાં આવરણ તોડતા જઈએ અને ગુણ પેદા કરતા જઈએ તેમ તેમ ભૂમિકા પ્રાપ્ત થતી જાય. (૧) પહેલાં ગુણ ઉપરનો દ્વેષ છોડો, પછી (૨) ધર્મનું પરમ ફળ મુક્તિ છે, તેના પરનો અણગમો કાઢી નાંખો. (૩) આને કાઢવામાં આડખીલીરૂપ આ સંસારનો ગાઢ રાગ છે. અનંતકાળથી આ ગાઢ રાગ ટક્યો છે. તેની આધારશિલા શું? તમારા બીજાબધા રાગ કૃત્રિમ છે. ભૌતિક સુખ પરનો રાગ અકૃત્રિમ છે. બીજા બધા રાગ તેની સાપેક્ષ છે. જેમ દુઃખ ઉપરનો દ્વેષ અનાદિનો છે, તેમ તમને સુખ ઉપરનો રાગ અનાદિનો છે, અને તેમાંથી જ બીજા બધા રાગ-દ્વેષ પેદા થાય છે; પછી દીકરા, સંપત્તિ કે ઘરેણાંનો રાગ હોય. જે ભૌતિક સુખ ઉપર તમને ગાઢ રાગ છે તે વાસ્તવમાં સાચું સુખ હોય અને તમે રાગ કરો તો અમે નિંદા ન કરીએ, પણ તે અસલી સુખ નથી, નકલી સુખ છે. જીવને જેમ તત્ત્વનો બોધ થાય, તેમ સંસારનું કહેવાતું વાસ્તવિક સુખ આભાસિક લાગે. તેના તરફ અણગમો થાય. વૈરાગ્યનું મૂળ સંસારના સુખ ઉપરનો અણગમો કે દ્વેષ છે. તેથી જેને સંસારના સુખ ઉપર અણગમો, અરુચિ કે દ્વેષ નથી, તે કદી વિરાગ ન પામી શકે. વૈરાગ્યની યોનિ દ્વેષ છે. જેમ મૈત્રીનો પ્રાદુર્ભાવ બીજાના હિતના રાગમાંથી થાય છે, અથવા પરના દુઃખના દ્વેષમાંથી દયા પેદા થાય, તેમ વૈરાગ્યનું મૂળ સાંસારિક સુખનો દ્વેષ છે.

**જેનામાં કષાય નથી હોતા તેનામાં દયા-મૈત્રી આદિ પરિણામો નથી હોતા. કારણ કે, બધાનું ઉત્પાદક બીજ કષાય જ છે. પ્રાથમિક વૈરાગ્યની યોનિ દ્વેષ છે.**

**સભા :-** *વીતરાગને કેવો વિરાગ હોય ?*

**સાહેબજી :-** તેમનામાં પ્રશસ્ત કષાય ન હોય, તેથી સંસારના ઉદ્વેગરૂપ વૈરાગ્ય ન હોય. જેમ સિદ્ધ ભગવંતોને સંસાર વિષયક નિર્લેપતારૂપ ઉદાસીનતા છે, તેમને

સંસાર પ્રત્યે કંટાળો- ઉદ્વેગનો ભાવ નથી. કેમ કે આ ભાવ પણ કષાય છે. વીતરાગને આવો વિરાગ ન હોય. નીચલી ભૂમિકામાં જે વિરાગ હોય, તે ઉપલી ભૂમિકામાં નથી હોતો. ઉપલી ભૂમિકાના પ્રત્યેક ગુણ અને નીચલી ભૂમિકાના ગુણ જુદા પાડ્યા છે. અત્યારે મારી કે તમારી ક્ષમામાં પણ પ્રેરક બીજરૂપે કષાય પડ્યા હશે, પરંતુ ઉપલી ભૂમિકામાં બીજરૂપે પણ કષાય નથી હોતા.

તમને કોઇ ગાળ આપી જાય તો શાંત રહો, ગુસ્સો ન કરો, તેવું બને ? હા, તમે હંમેશાં ક્ષમાશીલ હો તેવું નથી. પણ તમે આ ક્ષમા કેળવો ત્યારે પણ ગર્ભિત પ્રશસ્ત કષાયનો ભાવ હોય છે. જેમ ક્રોધ કરીશ તો અશુભ કર્મબંધ થશે, તેવો પાપકર્મનો ડર હોય છે. અથવા ક્રોધ ભયંકર છે, તેનાથી આત્માને સંતાપ પેદા થાય છે, તો આત્માને દુ:ખી શું કામ કરવો ? તેવો દુ:ખનો દ્વેષ હોય છે, અથવા ક્ષમા રાખવાથી જૂનાં કર્મો ખપે, તેથી નિર્જરાની કામના હોય છે. આ રીતે કોઇને કોઇ કષાય હશે જ.

જ્યારે ઉચ્ચ કક્ષાના મહાપુરુષોની ક્ષમાનું સ્તર જુદું હોય છે. જેમ ચંદનને ઘસો, કાપો તો સુગંધ જ નીકળવાની. કારણ તેનો સ્વભાવ જ સુગંધી છે. તેમ સમતામાં રહેલાનો સ્વભાવ જ ક્ષમાશીલ છે. તેમાંથી ક્રોધ પેદા થાય જ નહીં. તેઓ કર્મ ખપાવવાની કામનાથી ક્ષમા રાખતા નથી કે કર્મબંધના ભયથી પણ ક્ષમા રાખતા નથી. ઊંચી ભૂમિકાની ક્ષમા કેવી હોય તેનું શાસ્ત્રમાં વિસ્તૃત વર્ણન છે. પરંતુ અત્યારે વગર કષાયે આપણે ગુણ કેળવી શકીએ તેવું આપણું લેવલ નથી.

અત્યારે ઘણા વાતો કરે છે સાક્ષીભાવની, ત્યારે અમને હસવું આવે. કહે જીવનમાં સાક્ષીભાવ કેળવવો જોઇએ, સમતા કેળવવી જોઇએ; પણ અમને લાગે કે સાક્ષીભાવ કોને કહેવાય? સાક્ષીભાવ કયા લેવલમાં હોય ? સમતા એટલે શું ? ક્યારે આવે ? આ બધી ખબર તેમને હોતી નથી. જો આ બધી કક્ષાની તેમને ખબર હોય તો તેઓ આવું બોલે નહીં. હાલની આપણી ભૂમિકામાં દરેક સદ્‌ગુણના પરિણામ કષાયપૂર્વક જ કરવાના છે.

મુક્તિનો અદ્વેષ લાવવા માટે, સંસારનો વૈરાગ્ય લાવવો પડે; મુક્તિનો દ્વેષ તોડવા, સંસારના સુખ પર દ્વેષ લાવવો પડે. રાગ-દ્વેષ પરસ્પર વિરોધી હોઇ; તેને જોડી દો તો રાગ-દ્વેષથી જ રાગ-દ્વેષ કપાય. મુક્તિનો અદ્વેષ પામવા સંસારના ભૌતિક સુખ

પ્રત્યે દ્વેષ લાવવો પડે, પણ જો સંસારમાં સુખ દેખાય તો રાગ થવાનો જ છે; પણ જ્યારે તે ઇન્દ્રજાળ અને દુઃખરૂપ લાગે ત્યારે જ તેના તરફ અણગમો-દ્વેષ થાય. જેનું સંસાર પરથી મન ઊઠે પછી જ તેને મુક્તિનું આકર્ષણ થાય. જેને સંસારથી નથી છૂટવું તેને મોક્ષની જરૂરિયાત છે જ નહીં. જેમ કોઇ જગ્યાનું વાતાવરણ ન ફાવે, તો લાગે કે અહીંથી જલદી છૂટીએ; પણ જો અનુકૂળ વાતાવરણ હોય તો ત્યાં જ ચોંટી જવાનું મન થાય.

જેને સંસારમાં જ રસ લાગે છે, તેને મોક્ષની જિજ્ઞાસા તો નથી, પણ મોક્ષનો અદ્વેષ પણ આવ્યો નથી. મોક્ષનો અદ્વેષ આવે, પછી જ જીવ મોક્ષની જિજ્ઞાસા કરી શકે. તમને મનગમતી વસ્તુને જાણવાનું મન થાય છે. જેમ ટટ્ટી-પેશાબ પર દ્વેષ છે, તો તેને જાણવાનું મન થાય ? જેના પર દ્વેષ હોય તેને જાણવાની ઇંતેજારી રહેતી નથી. જો તમને મોક્ષને જાણવાની તાલાવેલી થઇ હોય તો, આ મોક્ષ શું કામ મેળવવો? મોક્ષ શું ચીજ છે ? ત્યાંનું સુખ કેવું છે ? આ બધું ન જાણો ત્યાં સુધી ચેન ન પડે. પણ અત્યારે તમને નિરાંત છે ? કે અંદરમાં આવો કોઇ અજંપો છે ? સાચી જિજ્ઞાસા હોય તો જ્યાં સુધી મોક્ષનું સ્વરૂપ ન સમજાય ત્યાં સુધી ધરપત ન થાય. સાચી જિજ્ઞાસા જંપીને બેસવા દે નહીં, જેમ વૈજ્ઞાનિકોને research(સંશોધન) કરતાં શોધખોળમાં મન લાગી ગયું તો પ્રયોગ દ્વારા અમુક વિગત જાણે નહીં ત્યાં સુધી ખાવાપીવાનું ભૂલી જાય છે. લોકો તેમને ધૂની અને બાવરા કહે છે. ઘણા તો તેઓને ગાંડા જ ગણતા હોય છે. કારણ લગન છે. તેમ તમને બધાને મોક્ષ જાણવાની લગન-ધૂન લાગી છે?

**સભા :-** *એટલે જ આવીએ છીએ.*

**સાહેબજી :-** બસ, આ સરસ જવાબ આપી દીધો. અહીંયાં આવવા માત્રથી જો ઉદ્ધાર થઇ જતો હોય તો બહુ જ સરસ. તીર્થંકરના સમવસરણમાં પણ જેટલા આવે એ બધાનો ઉદ્ધાર નથી થતો, તો હું કેમ ગેરંટી આપું ? તમારી જિજ્ઞાસા પ્રબળ છે કે માંદલી છે, તે તમારે સંશોધન કરવાની જરૂર છે. પ્રબળ જિજ્ઞાસાનું લક્ષણ શું? તમને કદાચ અધૂરું તત્ત્વ સાંભળવા મળ્યું હોય તો એમ થાય કે આગળનું ક્યારે મળશે? કેવી રીતે મળશે ? જાણવાની તલપના કારણે ઊંઘ ન આવે તેવું બન્યું છે ? તમારી તરસ તમારા વ્યવહાર પરથી નક્કી થઇ જાય. માર્મિક વાત કહું છું.

આ ક્ષેત્રમાં ધર્મના ઉપદેશક સાથે તમે જેવો વ્યવહાર કરો છો, તેવો સંસારના ક્ષેત્રમાં કોઈની સાથે વ્યવહાર કરો, તો તમને કોઇ ઊભા રહેવા દે ખરા ? જેમ ડોક્ટર પાસે ટાઈમ લઈને અડધા કલાક મોડા જાઓ, તો તમને તે જુએ ખરા ? કે ટાઈમ પહેલાં પહોંચી જવું પડે ? પણ અહીંયાં બધું ચાલે ને ? ટહેલતા ટહેલતા આવો તો વાંધો નથી ને ? આ ક્ષેત્રમાં લગન કેટલી છે ? લગનવાળાનું માનસ તેના બાહ્ય વ્યવહારથી જ જુદું પડે. તમે અમને કહો કે અમારે મોક્ષ જાણવો છે, પણ ટહેલતાં ટહેલતાં આવી અને કાનને રસ પડે તો થોડું સાંભળી લો છો, પણ અધૂરું મળે તો ચેન ન પડે તેવી તલપ છે ?

અપુનર્બંધક થાય પછી જીવની જિજ્ઞાસા કેવી હોય ? તેને મોક્ષ જાણવા મન આતુર હોય છે, વિહ્વળ હોય છે. મનમાં અજંપો રહ્યા કરે. એમની આગળ મોક્ષના સ્વરૂપનું વર્ણન કરીએ તો એકાગ્ર ચિત્તે ચાર કાને ભાવવિભોર થઈને સાંભળે. સાંભળતાં જ મોં ઉપર આનંદ દેખાય.

મુક્તિની જિજ્ઞાસા ઉત્પાદક ચરમયથાપ્રવૃત્તિકરણમાં આવ્યા પછી જીવ સંસારચક્રમાં કદી પણ ૧ કોડાકોડી સાગરોપમ જેટલું કર્મ પણ બાંધવાનો નથી. આ તેને કાયમ માટેની ગેરંટી છે. કદાચ તે ઘોર પાપાત્મા બને, પણ આનાથી વધારે તે કર્મનો બંધ નહીં કરે. તેને આ અનામત લાભ છે.

અપુનર્બંધક જીવ કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ નહીં બાંધે. તે ધર્મથી ભ્રષ્ટ થયા પછી પણ ૭૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ નહીં બાંધે; પણ ૬૯, ૬૮, ૬૭ બાંધી શકે. જ્યારે ચરમયથાપ્રવૃત્તિકરણવાળો જીવ તો ૭૦ નહીં, ૬૯, ૬૮, ૬૭, ૬૬ ... ૧ કોડાકોડી સાગરોપમ પણ નહીં બાંધે. એ તો એક કોડાકોડી સાગરોપમથી ઓછી સ્થિતિ જ બાંધશે. આ ભૂમિકાને પામવા મુક્તિની જિજ્ઞાસા જોઈએ. જેનામાં તે આવે તે જ ખરો આ ભૂમિકા પામવાનો અધિકારી છે.

**સભા :-** *જિજ્ઞાસા આવે ને ચાલી જાય, આવે ને ચાલી જાય, તેવું બને ?*

**સાહેબજી :-** આવી રમતની વાત ન ચાલે. ધંધામાં આવું બને છે ? જિંદગી સુધી જિજ્ઞાસા રહે છે ને ? આટલા ઉંમરલાયક થયા તો પણ કોઈ કહે કે આ લાઈનમાં કમાવાનું જોરદાર છે, તો સાંભળવા બેસી જાઓ; અને કહે કે, આમાં ઘણી સમજણ

જોઇએ, તો શું કહો ? બધી સમજણ લઇશ, વાંધો નથી. કારણ સંસારની જિજ્ઞાસા નક્કર છે, ત્યાં ઇચ્છાઓ નક્કર છે; અહીંયાં જ પોલંપોલ ચાલે છે. પાછા કહેશો સાહેબ, અહીંયાં આવીએ એટલે જિજ્ઞાસા થાય, પણ દાદરો ઊતરીએ એટલે બધી અસર નીકળી જાય છે. પણ હું પૂછું છું કે તમે વાસ્તવમાં અહીંયાં પણ ભીંજાઓ છો ખરા ? હૃદયમાં કાંઇ અપીલ કરે છે ? મન કંઇ રમકડું નથી. તેને તો જે સારું અને સાચું લાગે તે પકડી રાખે.

**મુક્તિની જિજ્ઞાસા, મુક્તિની ઓળખ, મુક્તિનો રાગ કેળવવા શ્રેષ્ઠ ઉપાય શું ? મોક્ષના સ્વરૂપનું ચિંતન. જે પરમાનંદરૂપ મોક્ષ બતાવ્યો છે, તેવા મોક્ષના સ્વરૂપનું ચિંતન કરવું. અનંતા તીર્થંકરોએ આ પસંદ કર્યું છે. સર્વસ્વનો ત્યાગ કરીને એ મેળવવા સાધના કરી. તેથી કંઇક રમણીયતા હશે ને ? તેમની બુદ્ધિ આપણી બુદ્ધિ કરતાં વધારે, માટે તેમણે પસંદ કરેલી અવસ્થા ઊંચામાં ઊંચી જ હોય, તેવો વિશ્વાસ છે ?**

## મોક્ષમાં પરિશ્રમરહિત સતત ભોગાનંદ :

ઘણા પૂછે, મોક્ષ ક્યાં આવ્યો ? મોક્ષે જઇને કરવાનું શું ? મોક્ષ કેવો હોય ? આ પ્રશ્નો બાળકબુદ્ધિ સૂચવે છે. આવા પ્રશ્ન પૂછનારને પ્રતિપ્રશ્ન પૂછીએ કે, આ તમારા સંસારમાં પણ મનુષ્યભવ કે વર્તમાન જીવનમાં કરવા જેવું શું ? જે પુણ્ય-પાપ-કર્મ નથી માનતો, તેવા નાસ્તિકને પણ પૂછીએ કે જીવનમાં કરવાનું શું ? તમને પ્રશ્ન સમજાય છે ?

તમે કહેશો કે નાનપણમાં ભણવું, મોટા થઇને ધંધો-ધાપો કરવા બજારમાં કમાવા જવું એવું બધું બોલો છો ને ? આ બજારમાં જવું-આવવું, ધંધા માટે હાડમારી કરવી તેમાં તમને મજા આવે છે ? તમને કોઇ પૂછે, સવારથી સાંજ સુધીમાં મહેનત કરીને તમે કમાઓ છો કેટલા ? પાંચ હજાર. તો કહીએ તમને દસ હજાર આપી દઇએ તો તમે બજારમાં જાઓ ખરા ? જેટલા અરમાન, ઇચ્છા છે તેટલું જો ઘરબેઠાં મળે, તો બજારમાં મહેનત કરવા જવાની જરૂર ખરી ? જેમ છોકરાઓને કહીએ કે તમને ભણવાના પરિશ્રમ વગર આ બધી ડીગ્રી આપી દઇશું, તો ભણવા માટે મજૂરી કરે ખરા ?

તમને જીવનમાં મજૂરી, હાડમારી સતત કર્યા કરવામાં રસ નથી. તમારા જીવનમાં તમારી ઇચ્છા મુજબ વૈભવ-ભોગો-અનુકૂળતા તમને આપવામાં આવે, સાથે લાંબું સ્વાસ્થ્યયુક્ત જીવન આપવામાં આવે, તો તમે શું કરો ? મળેલું ભોગવો ને ?

**સભા :-** *તૃપ્તિ-ધરપત નથી.*

**સાહેબજી :-** તૃપ્તિની પછી વાત. અત્યારે નાસ્તિકની વાત ચાલે છે. તૃપ્તિ આવી, નથી આવી, તેની વાત નથી. પણ ભૌતિક જીવનમાં તમારું ધ્યેય શું ? મળેલું ભોગવવું, બને તેટલી મોજમજા કરવી.

**સભા :-** *પછી મરી જવાનું ?*

**સાહેબજી :-** મરી જવાની પછી વાત. આત્મા-પરલોક નથી માનતો, તેને કહીએ કે એક વખત અવશ્ય મરવાનું છે, તો શું કહેશે ? "તેના નામથી શું અત્યારથી મસાણમાં જઇને બેસીએ ?" અત્યારે તો ભોગવાય તેટલું ભોગવી લઇએ. માટે બુદ્ધિજીવી નાસ્તિક પણ સંસારમાં જીવનનો આનંદ ભોગવવામાં માને છે કે મજૂરીમાં ? પછી જડભરતની વાત નથી, મજૂરીપ્રિય મૂઢબુદ્ધિવાળાને તો ધંધોધાપો સારો ચાલે તેમ છે, છોકરાઓ બરાબર સાચવે તેમ છે, છતાં ઘરમાં ચેન ન હોય તો ધક્કા ખાય.

**સભા :-** *પછી ઊંધું કરી બેસે.*

**સાહેબજી :-** દીકરાને સલાહની જરૂર નથી, સારી રીતે કરી શકે તેમ છે, પણ તેમના આત્માને સુખ નથી. તેમને આટલી ઉંમરે પૂછીએ, કેમ બજારમાં દોડધામ કરો છો ? તો કહેશે, સાહેબ, નવરા બેઠા ટાઇમ ન જાય.

આનો અર્થ તેને મજૂરી જોઇએ છે. જેને મજૂરીમાં મજા-આનંદ આવે છે, તેને ભોગવવામાં રસ નથી. ભોગવી શકે તેવી જેની બુદ્ધિ નથી તેની અહીં વાત નથી, પણ ભોગવી શકે તેવી બુદ્ધિવાળાને શું ? તેને મળેલા ભોગ ભોગવવામાં જ રસ છે. તેને ભોગવવામાં ગમે તેટલું જીવન પસાર થાય પણ જીવનમાં કંટાળો નથી આવતો, તેમ મોક્ષમાં પણ સિદ્ધ ભગવંતોને મળેલું ભોગવવામાં જ અનંતકાળ આનંદથી પસાર થાય છે, છતાં કંટાળો નથી આવતો. ત્યાં પરિશ્રમરહિત ભોગની જ પ્રવૃત્તિ છે, તે સિવાય ત્યાં કશું કરવાનું છે જ નહીં.

પણ અત્યારે તમારા સમાજમાં શ્રીમંતોને મજૂરી કર્યા વગર શ્રીમંતાઈ મળે કે ટકે તેમ નથી. ભૂતકાળમાં ઘણા શ્રીમંતો હતા, એવાં ભોગકુળો હતાં, કે જેમને જીવનમાં ભોગ માટે ગદ્ધામજૂરી ન હોય. દાખલા તરીકે શાલિભદ્રને.

**સભા :-** *હા, નવ્વાણું પેટી આવતી.*

**સાહેબજી :-** બસ, તમને નવ્વાણું પેટી યાદ રહી ગઈ; પણ તેઓ કદી બજારમાં ગયા છે? તેમના મહેલમાંથી પણ બહાર નીકળ્યા છે? મહેલ પણ વિશાળ છે. બગીચા, ક્રીડાગૃહ, સ્વિમિંગપુલ બધું જ અંદર છે. જન્મ્યા પછી તેઓ મહેલમાંથી કદી બહાર નીકળ્યા નથી. તેમના આશ્ચર્યકારી ભોગો માટે શ્રેણિકને ક્યારે ખબર પડી ?

નેપાલના વેપારી પાસેથી એક પણ રત્નકંબલ ખરીદવા શ્રેણિક રાજા તૈયાર નહોતા. કારણ તેઓ નીતિમાન રાજવી હતા, રાષ્ટ્રને વફાદાર હતા. માનતા કે મોજશોખ માટે આટલી કીમતી વસ્તુ લેવાથી રાજ્યને નુકસાન થાય. પણ મગધના ગૌરવની રક્ષા ખાતર ભદ્રા શેઠાણીએ તે ખરીદી લીધી. પાછળથી ચેલ્લણાને થયું કે આવી એક કંબલ ઉત્તમ વસ્તુ તરીકે રાજખજાનામાં વસાવવી જોઈએ. રાજાને વાત સાચી લાગી. એટલે સેવકો દ્વારા વેપારીની તપાસ કરાવી. તો ખબર પડી કે બધી જ કંબલ વેચાઈ ગઈ છે. સાથે જાણ્યું કે ભદ્રા શેઠાણીએ ખરીદી છે. તેથી નાણું લઈને સેવકોને મોકલ્યા કે એક રત્નકંબલ તેમની પાસેથી લઈ આવો. ત્યારે ભદ્રા શેઠાણી કહે છે, “મોડું થઈ ગયું. ક્ષમા ઈચ્છીએ છીએ. આજ્ઞા પહોંચવામાં વિલંબ થઈ ગયો. હવે આ રત્નકંબલ આપી શકાય તેમ નથી, કારણ વાપરેલી કંબલ સ્વામીને અપાય નહીં. મારે ૩૨ પુત્રવધૂઓના હિસાબે ૧૬ કંબલ ઓછી પડે, માટે અડધા ટૂકડા કરી આપી દીધી અને એમણે તેનાથી પગ લૂછી ખાળમાં નાંખી દીધી. આમ તો રત્નકંબલ હોવાના કારણે અગ્નિથી શુદ્ધ કરી શકાય, પણ વાપરેલી કંબલ અપાય નહીં.”

શ્રેણિકે જ્યારે આ જાણ્યું ત્યારે તેઓ અચંબો પામ્યા. મારા નગરમાં આવા ભોગી રહે છે ! હું એક રત્નકંબલ લઈ ખજાનામાં રાખવામાં વિચાર કરતો હતો, જ્યારે આમણે તો વાપરીને ખાળમાં નાંખી દીધી. તેથી વિચારે છે કે આ માણસો કેવા હશે !

પછી શ્રેણિકે સંદેશો મોકલ્યો કે મારે શાલિભદ્રને જોવા છે, માટે આદર-સન્માન

સાથે રાજસભામાં પધારે. માતા ભદ્રા શેઠાણી જાજરમાન શેઠાણી છે. આર્યદેશમાં શેઠાણીઓ કેવી હતી તેનું આ દૃષ્ટાંત છે. તેઓ રાજા પાસે રત્ન-ઝવેરાતનાં ભેટણાં લઈને જાય છે. રાજા પાસે ભેટણું મૂકી વિનંતી કરી કહે છે કે, "આપે મારા શાલિને નિમંત્રણ આપ્યું, પણ શાલિભદ્રને રાજસભામાં આવવું ફાવશે નહીં. આ વાતાવરણ તેમને unsettleable છે(ફાવે તેવું નથી). જે વાતાવરણમાં તે રહ્યો છે, તે કારણસર તે અહીંયાં આવશે તો તેને ગૂંગળામણ થશે. તેથી આપને શાલિભદ્રને જોવાની ઇચ્છા હોય તો આપ મારા આંગણે પધારો, જેથી મારું આંગણું પણ પાવન થશે, અને આપની ઇચ્છા પણ પૂરી થશે." શ્રેણિકરાજાને તેમનો આખો વૈભવ જોવાની ઇચ્છા હતી જ. માટે હા પાડે છે. સામે ગયા છે.

રાજસભામાં આવતાં જેને તકલીફ થાય તે કેવા વાતાવરણમાં જીવતા હશે ? વિચારજો, તેઓ કદી પોતાનો મહાલય છોડી બહાર નીકળ્યા નથી. તો શું તેઓ આખો દિવસ એદીની જેમ પડ્યા રહેતા હતા ?

આ બધી વાતો તમને મોક્ષનું સ્વરૂપ સમજાવવા માટે કહું છું. ઊંચા વૈભવ મળે પછી શું કરવાનું ? ખાલી ભોગવવાનું જ છે. કાંઇ હાડમારી કરવાની જરૂર છે ? જે ભોગરસિક જીવ હોય, જેને ભોગસુખનું આકર્ષણ હોય, તેને મનગમતી ભોગસામગ્રી મળી જાય તો તે તેનો આસ્વાદ લેવામાં તન્મય થશે. તેમ મોક્ષમાં જે મેળવ્યું છે તે ટોપ લેવલનું મેળવ્યું છે. સિદ્ધ ભગવંતોએ દુનિયામાં કોઇએ ન મેળવ્યું હોય તેવું મેળવ્યું છે ! માટે સ્વાદ લીધા કરશે. મજા લીધા કરશે.

શાલિભદ્ર મર્ત્યલોકનું દૃષ્ટાંત છે, તેવું બીજું દૃષ્ટાંત સ્થૂલભદ્ર. તેઓ ભરયુવાનીમાં છે. સોળે કળાએ રૂપ-યૌવન ખીલ્યું છે. તેમની પુણ્યપ્રકૃતિ જોઇને મોહિત થઇ જવાય તેવું છે. કોશ્યા એ ખીલતી કળી જેવી છે. રાજનર્તકી છે. તે સ્થૂલભદ્રને જોઇને મોહિત થઇ છે. તેમને જોઇને મન આસક્ત થયું છે.

એક દિવસ નંદરાજા સામે તેણે નૃત્યુ કર્યું અને રાજાએ ખુશ થઇને વરદાન માગવા કહ્યું, ત્યારે તે કહે છે, "મને શકડાલ મંત્રીના દીકરા સ્થૂલભદ્ર આપો." રાજાએ આજ્ઞા કરી. રાજાની આજ્ઞાથી સ્થૂલભદ્ર ગયા. કોશ્યામાં વશ કરવાની, મોહિત કરવાની શક્તિ જબરદસ્ત છે. રૂપ, યૌવન, વૈભવ, કળા, નૃત્ય બધું જ છે. એણે સ્થૂલભદ્રના

મનને જીત્યું છે. તેઓ પણ બાર વર્ષ સુધી મહાલય બહાર નીકળ્યા નથી. તેમને મન પણ થયું નથી. કોશ્યાએ સામે ચાલીને તેમને મેળવ્યા છે. ફૂલની જેમ સાચવ્યા છે. તે તેમના માટે પ્રાણ પાથરે તેમ છે. માટે ઘડીકમાં ક્રીડાગૃહ, ઘડીકમાં વાવડી, ઘડીકમાં બગીચામાં ફરે, ઘડીકમાં નૃત્ય કરે; આમ આખો દિવસ તેઓનો ભોગમાં જાય. તેમને બીજી કોઇ મહેનત ખરી ? બાર વર્ષ સુધી મહેલમાં રહ્યા છતાં કંટાળે ખરા ? મનગમતા ભોગ મળે પછી કંટાળો આવે ખરો ? તેથી મોક્ષમાં ગયા પછી ભોગવતાં આત્મા કંટાળે ખરો ?

સિદ્ધ ભગવંતોએ મનગમતું મેળવી લીધું છે. હવે ભોગવવા સિવાય કાંઇ કરવાનું નથી. ભોગવવાના આનંદમાં જ મસ્ત છે. ભોગવવાના આનંદમાં કંટાળાનો સવાલ જ ન આવે. સ્થૂલભદ્રનાં બાર વર્ષ આંખના પલકારામાં ગયાં છે. જ્યારે તેમના પિતાશ્રીનું મૃત્યુ થયું ત્યારે સમાચાર મળ્યા કે રાજા યાદ કરે છે, મંત્રીમુદ્રા આપવી છે, ત્યારે ખબર પડી કે બાર વર્ષ વીતી ગયાં. પૂ.હેમચંદ્રસૂરીશ્વરજીએ લખ્યું છે, કોશ્યાએ લાખો રૂપિયાનો ખર્ચો તેમની પાછળ કર્યો છે. તેને પૈસા લેવાનો તો સવાલ જ નહોતો આવતો, છતાં પણ શકડાલ મંત્રીએ દીકરાને ખિસ્સાખર્ચ તરીકે બાર વર્ષમાં સાડા સાત કરોડ સુવર્ણમુદ્રા મોકલી છે. આજના રૂપિયામાં ગણી લેજો. એટલે કેટલા અબજ રૂપિયા ખિસ્સાખર્ચ થયો ? માટે વિચારજો, તે કઇ રીતે રહેતા હશે ! તેમને માટે કહ્યું કે મર્ત્યલોકમાં દેવતાઈ સુખને ભોગવનાર વ્યક્તિ છે. આખો દિવસ બીજું કાંઇ કરવાનું ન હોય. કોઈ ને કોઇ ઇન્દ્રિયના આનંદ-પ્રમોદ મેળવે.

## મોક્ષમાં ચેતનના ગુણધર્મોનો આસ્વાદ :

સંસારના ભોગોનો આનંદ સતત મળતો હોય તો વ્યક્તિ કંટાળતો નથી, પણ તે મેળવવાની પદ્ધતિ શું ? જડ પુદ્ગલના ગુણનો આસ્વાદ લીધા કરવાનો, જેથી આનંદ મળે. જેમ શાલિભદ્રે મનગમતું જ્યુસ પીધું, તેમાં જે મીઠાશ કે ખટાશનો સ્વાદ છે, તે તેને આવ્યો. સ્વાદ એ જડ પદાર્થનો ગુણધર્મ છે. આ સંસારમાં જેટલા ભૌતિક આસ્વાદ ભોગવે છે, તેમાં સારા રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ આવે; જે બધા જડના ગુણધર્મ છે. આ જડના ગુણસંવેદનથી સતત એકધારું સુખ મળતું હોય તો વર્ષોનાં વર્ષો સુધી કંટાળો નથી આવતો, તેમાં નવરા બેસી રહ્યા તેવું કોઇ માનતું નથી.

મોક્ષમાં જડના ગુણનો આસ્વાદ નથી, પણ મોક્ષમાં ચેતનના ગુણોનો આસ્વાદ છે. શાલિભદ્ર કે સ્થૂલભદ્રના વૈભવ કરતાં દેવનાં સુખો ઘણાં ઉત્કટ છે, પરંતુ તેમાં પણ ભોગસુખનો ક્રમ શું ? સવારથી સાંજ સુધી ભૌતિક જડ પદાર્થના ગુણધર્મનો આસ્વાદ. તેમ મોક્ષમાં જડ પદાર્થોનો આસ્વાદ નહીં પણ ચેતનના ગુણધર્મોનો આસ્વાદ છે. જડના ગુણધર્મથી આસ્વાદ આવે અને ચેતનના ગુણધર્મમાંથી આસ્વાદ ન આવે, તેવું તમે પુરપાર કરી શકો ખરા ? જો કરો તો મોક્ષમાર્ગ ખોટો નક્કી થાય. દૂધપાકની મીઠાશમાં સ્વાદ છે, તો શું અંદરના આત્માના ગુણોમાં સ્વાદ નથી ? જો તે પુરવાર કરો તો મોક્ષનો આનંદ કાલ્પનિક બને. પરંતુ મોક્ષનું સુખ નક્કર છે. ઇન્કાર ન કરી શકો તેવું છે. સંસારમાં કારેલામાં બેસ્વાદપણું છે અને ક્રોધમાં બેસ્વાદપણું નથી ? કારેલાની કડવાશ પીડા આપે પણ ક્રોધથી આત્માને સંતાપ ન થાય, આ તમે પુરવાર કરી શકો ખરા ? આ બધા તર્કો ધ્યાન દઇને વિચારવા જેવા છે. અમે તમને પૂછીએ કે મોક્ષમાં શું મજા છે, તો બાઘાની જેમ જોયા કરો ને ?

ભગવાન વીતરાગ પરમાત્માની ભક્તિ કરો છો, પણ તેમની પાસે કેવો આનંદ છે તે જાણો, તો ભક્તિ કરતાં ઉમંગ આવશે; તેમને જોઇને તે આનંદ મેળવવાની તરસ પેદા થશે. આનંદઘનજીએ ગાયું છે તેમાં તેમને પ્રભુના વિરહની વેદના કેટલી છે ? તમે પરમાત્માના મિલન માટે તડપો છો ? પરમાત્માના વિરહની વેદના થઇ છે કદી ? સંસારમાં જ તમને વિરહ નડે છે. મનગમતી વસ્તુ વિખૂટી પડે ત્યારે ઝૂરો ને ? પણ ભગવાનની યાદમાં કદી ઝૂર્યા છો ખરા ? આનંદઘનજી કહે છે, "પ્રભુ તમે કહેતા હો તો પહાડોમાં ફરું, વેરાન રણોમાં ફરું, નદીઓ ઓળંગું; પણ તમારા દર્શન માટે તરસ્યો છું." તમને આવી તરસ જાગી છે ? મૂર્તિને જુઓ ત્યારે વિચાર આવે છે કે ભગવાન કેવા પરમાનંદમાં મસ્ત છે ? મને આવી ક્યારે મજા મળશે ?

મોક્ષની મજાની ખબર ન હોય, તેને પરમાત્માની ઓળખ ક્યાંથી થાય ? જેને આ મજાની ખબર ન હોય, તેને પરમાત્મભક્તિ કેવી થાય ? જેમ તિજોરીમાં દલ્લો જુઓ, હીરા-મોતી બધું જ મળે તેમ લાગે, તો મોંમાં કેવું પાણી છૂટે ? તેવી રીતે ભગવાન પાસે અખૂટ ખજાનો દેખાયો છે ? જેને જોઇને એમ થાય કે આ માલપાણી મને ક્યારે મળશે ? ના, તો કેમ ? કારણ મોક્ષના સુખની ઓળખ નથી.

**જેને મોક્ષના સુખની ઓળખ નથી, તેનામાં યોગાવંચકપણું ન હોય.**
**જેને મુક્તિની જિજ્ઞાસા ન હોય તેને મુક્તિની ઓળખ ન હોય.**
**જેને મુક્તિની ઓળખ ન હોય તેને મુક્તિનો રાગ ક્યાંથી હોય ?**
**મુક્તિનો રાગ એ જ બોધિબીજ છે.**

આટલાં વર્ષોમાં બોધિબીજ નથી પામ્યા ! આ તો કણિયા જેટલો ધર્મ છે, જેમાંથી આગળ અંકુર ફૂટે છે. કદી થાય છે કે ક્યારે વૃક્ષ ઊગશે ? ક્યારે ફળ આવશે ? પણ આ બધું નથી, તેનો અફસોસ કરવાની જરૂર છે. મોક્ષના સુખની રમણીયતાનો વિચાર કરજો.

દેવલોકમાં ઊંચામાં ઊંચું સુખ કેવું છે ? તમને ત્યાં મોકલીએ તો કંટાળીને પાછા આવો. જ્યાં જન્મ પછી મરતાં સુધી ઊભા પણ નહીં થવાનું. ફાવે તમને ? અબજોનાં અબજો વર્ષ હાથ-પગ પણ નહીં હલાવવાના. ઊંચા દેવલોકમાં ખાવા-પીવાનું નથી, હરવા-ફરવાનું નથી, ઊંચા ભૌતિક સુખમાં હાથ-પગ પણ નથી હલાવવાના; અને ચેતનાનું સુખ તો તેનાથી ઘણું ઊંચું છે. તેથી જેને ઊંચાં ભૌતિક સુખ સમજાશે તેને પુદ્દ્ગલાનંદ વેધકતાથી સમજાશે, જેને પુદ્દ્ગલાનંદ આરપાર સમજાશે, તેને જ આત્માનંદ સમજાશે.

# ૧૪

અષાઢ વદ અમાસ, તા.૨૭-૭-૯૫ ગુરુવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને વિશુદ્ધ આત્મતત્ત્વને ઉપલબ્ધ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ જગતમાં આરાધના કરી મેળવવા લાયક કે પામવા લાયક જો કોઈ તત્ત્વ હોય તો તે આત્માનું મૂળભૂત સ્વરૂપ છે. તે પામીએ એટલે તેમાં જ સાધનાની પૂર્ણાહુતિ છે, જીવના અંતિમ ધ્યેયની પ્રાપ્તિ છે. આવું શુદ્ધ સ્વરૂપ મેળવવાનું પ્રયોજન શું? મેળવીને કરવાનું શું? તમે સવારથી સાંજ સુધી સંસારની પ્રવૃત્તિ કરો છો, તેમાં શું મેળવો છો ? અને તેના માટે જ પ્રયાસ કેમ કરો છો ? ધર્મને ન માનનારા પણ આખો દિવસ દોડધામ તો કરે છે. કોઈ જ નવરું બેસતું નથી. જીવનો પરિશ્રમ સતત ચાલુ છે. શા માટે આવો પ્રયાસ ચાલુ છે ?

## મનુષ્ય અને દેવના તુચ્છ અને ઊંચાં સુખોનું વર્ણન :

૯૯% લોકોને મનગમતાં ભોગ-સુખો પામવા માટે પહેલાં તેની સામગ્રી મેળવવા જ પુરુષાર્થ કરવો પડે છે. મનગમતાં સુખોની ક્ષણો તો જીવનમાં અલપઝલપ જેટલી જ હોય છે, બાકી તો તેની સામગ્રી મેળવવામાં જ જીવન પૂરું થાય છે. જેમ ધંધામાં, કમાવવામાં, બાળક ઉછેરમાં, રસોઈ બનાવવામાં, ઊંઘવામાં, થોડી કુદરતી હાજતોમાં જીવનનો મોટા ભાગનો ટાઈમ પૂરો થઈ જાય છે. જેને સંસારમાં અલ્પ પુણ્ય છે, ભાગ્ય નબળું છે, મંદ છે, તેને તો મનગમતું મેળવવા માટે જ મથામણ છે, ભોગવવાનું તો સાવ ગૌણ છે.

નરક-તિર્યંચમાં તો પુણ્યનો સવાલ જ નથી આવતો. કર્મનો માર ખાવા જ ત્યાં જવાનું છે. ત્યાં તો દુઃખ-દુઃખ-દુઃખ જ છે. માટે જ તેને દુર્ગતિ-પાપગતિ કહી છે. પાપનો ભોગવટો કરવા માટેની જ તે ગતિ છે. પુણ્ય ભોગવવાનો ચાન્સ તો મનુષ્ય

અને દેવભવમાં છે. મનુષ્યમાં પણ મોટાભાગના મનુષ્યો તો હાડમારીમાં જ જીવન પસાર કરે છે, જ્યારે હલકા દેવોને પણ તુચ્છ સુખો છે, પરંતુ મનુષ્ય કરતાં ઊંચાં છે.

ઊંચા દેવલોકમાં સંખ્યા ઓછી છે, નીચેના દેવલોકમાં સંખ્યા વધારે છે. વળી, તેમાં સેવકવર્ગ વધારે છે, સ્વામીવર્ગ ત્યાં ઓછો છે. તેમને તો આખી જિંદગી સેવા જ હોય છે. જન્મે ત્યારથી મરે ત્યાં સુધી તેઓને સેવક તરીકે જ રહેવાનું હોય છે. અહીંયાં તો કદાચ પુણ્ય હોય તો સેવક પણ સ્વામી બની શકે છે, પણ દેવલોકમાં આ શક્ય નથી. ત્યાં દેવલોકમાં પણ ઊંચા ભોગ અને ઊંચા પુણ્યના સ્વામી ઓછા હોય છે. મર્ત્યલોકમાં પણ ઊંચા ભોગને ભોગવનારા ઓછા છે, બાકી બધા ઘણી જ મહેનત કરીને ભોગસામગ્રી મેળવે છે. ક્ષણની મજા કે ટેસ્ટ મેળવવા માટે, દુઃખ-પરિશ્રમનો તેમના જીવનમાં પાર નથી; અને એમાં લગભગ જીવન પસાર કરવાનું. તેથી ભોગવવાની ક્ષણો થોડી, બાકી તલસાટમાં જીવન પૂરું કરવાનું. હું અત્યારે આવા અલ્પ પુણ્યવાળા જીવોની વાત નથી કરતો.

પણ મર્ત્યલોકમાં રાજા, મહારાજા, શેઠિયા, શ્રીમંતો કે જેમને પુણ્યની કમીના નથી, આમ તો બધી જ રીતનું પુણ્ય બહુ જ ઓછા જીવોને હોય છે. કોઈને સંપત્તિ મળી છે, પણ શરીર માંદું છે. બન્ને વસ્તુ મળી છે, તો ઘરમાં દીકરા-પત્નીનું સુખ નથી. પરંતુ શાલિભદ્રને કોઈ જાતની પુણ્યમાં કમી કહી શકીએ ખરા ? પુણ્યની ત્રુટિ ક્યાંય ન દેખાય તેવું તેમનું મર્ત્યલોકનું જીવન છે. દેવલોકમાં પણ ઊંચા દેવલોકના દેવોનું પુણ્ય ઉત્કટ હોય છે, આવા જીવોને જીવનમાં ભોગસામગ્રી મેળવવા માટે કોઈ મહેનત કે હાડમારી હોતી નથી. કેવળ તેમને પુણ્યથી મળેલું જીવનભર ભોગવવાનું જ હોય છે. પરંતુ ઘણાને ઘરેડમાં બેસી ગયું છે કે નવરા બેસાય નહીં, કંઈક તો કરવું જોઈએ; કંઈક કરીએ તો જ ટાઈમ પસાર થાય. તેમને સવાલ છે કે, મોક્ષમાં જવાનું એટલે શુદ્ધ આત્મતત્ત્વ પામવાનું છે પરંતુ કર્મથી મુક્ત એવા આત્મતત્ત્વને મેળવી લીધું, પછી શું કરવાનું ? બસ, મોક્ષમાં નવરા બેસી રહેવાનું ? અને તે પણ પાંચ, પચ્ચીસ વર્ષ નહીં, પણ આ તો કાયમની વાત છે. અહીંયાં એક દિવસ પણ વગર કામે કંટાળો આવે છે, કારણ પ્રકૃતિરૂપે મજૂરીનો સ્વભાવ ઘડાયેલો છે, તેથી તેમને મન આ ભારેખમ પ્રશ્ન છે.

જેમ ગવર્નમેન્ટમાં ઓફિસર કલાસના માણસને ઉંમર થવાથી retire(निवृत्त) કરે છે. અત્યારે તો જો કે બેકારી ઘણી છે, માટે નાની ઉંમરે પણ retire(निवृत्त) કરે છે. તેમાં ઘણાનું મન-શરીર સક્રિય હોય, કામ કરવાની તાકાત હોય, છતાં થયા હોય retire(निवृत्त). હવે તેમને ઘરે બેસવાનું આવે, એટલે ખાઈપીને નવરા બેસી રહેવાનું. કારણ જીવનમાં મજા લેવા માટે તેમની પાસે કોઈ વિશેષ પ્રવૃત્તિ-કળા-વિનોદ નથી. તેથી તેમને કામ ન હોય તો ત્રાસી જાય છે, ગાંડા થઈ જાય છે. ભૂતકાળની વાતો નવરાશના સમયે માથામાં ઊભરાય. એક ઓફિસરને તેના જીવનમાં આવું બનવાથી, તેણે થોડા દિવસમાં ઓફિસે જઈને વાત કરી કે "મને ભલે ૫૮ વર્ષે retire(निवृत्त) કર્યો, હવે મને પગાર નહીં આપતા, પણ ઓફિસમાં એક જગા આપો. હું મારી અનુકૂળતા મુજબ કામ કરીશ." તેને પૂછ્યું કેમ ? તો કહે, "મારે સ્વસ્થ અને સાજા રહેવું હોય તો આના સિવાય ઉપાય નથી. માટે મને મફતમાં પણ કામ આપજો. ઘરમાં કામ વગર હું ત્રાસી જાઉં છું." આવા લોકો દુનિયામાં અને અહીંયાં પણ ઘણા જ હશે !

**સભા :-** *શક્યતા છે.*

**સાહેબજી :-** શક્યતા નહીં, હકીકત છે. કંઈક કામ કરીએ તો ગાડું ચાલે, નહીંતર નિષ્ક્રિય બેસીએ તો કંટાળી જવાય. તમને મફતમાં મજૂરી ગમે છે ને ? કારણ જીવનમાં શું પામવું છે તેની દૃષ્ટિ જ નથી. આ એક પ્રકારનો પ્રવૃત્તિનો રોગ છે, અથવા જેના વગર ન ચાલે તેવું એક જાતનું વ્યસન છે. આમ તો મહેનતમાં દુઃખ છે, છતાં મહેનત કરવાની પણ ટેવ પડી ગઈ છે. આવા જીવોને મોક્ષની વાત ગળે ઊતરે જ નહીં. મોક્ષ શું ચીજ છે ? આ અવસ્થા શું કામ મેળવવાની છે ? ત્યાં કેવા ભોગ છે ? કેવું સુખ છે ? આ બધા વિકટ અને વિકરાળ પ્રશ્નો તેમને દેખાય છે. માટે જ વાત ગળે ઊતરે નહીં અને તેથી જ એમ કહે કે જેને મોક્ષે જવું હોય તે જાય, અમારે હમણાં નથી જવું. આવી સ્થિતિ ઘણાની છે. આ તત્ત્વ જેને સમજાયું નથી તેવા જીવોને સંસારમાં પણ મૂઢ બુદ્ધિવાળા કહ્યા છે. ધાર્મિક ક્ષેત્રની તો પછી વાત.

વળી, જીવનમાં કંઈક કરવાનું કોને હોય ? જેના જીવનમાં ઊણપ કે અધૂરપ હોય તેને. તમને જો ઇચ્છા મુજબ મળી જાય, પછી મેળવવા મહેનત રહે છે ? જેના

જીવનમાં ખામી-ત્રુટિ છે, પુણ્યે ઓછું આપ્યું છે, તેને સરભર કરવા વારંવાર પુરુષાર્થ કરવો પડે છે; તેને જ પ્રવૃત્તિ કરવી પડે છે. જેને સીધું પુણ્યથી મળી જાય તેને કશું કરવાનું ના રહે. ઊંચા પુણ્યવાળા જીવોને જીવનમાં ભૌતિક દૃષ્ટિએ પણ પ્રવૃત્તિ કરવાની રહેતી નથી. ત્યાં પ્રવૃત્તિનો અંત આવે છે, અને એકલા ભોગ જ રહે છે; અને ત્યાં જ ભૌતિક સુખનો ઊંચી કક્ષાનો આનંદ માન્યો છે અને આ જ સંસારના સુખની વ્યાખ્યા છે. આત્માના સુખની વ્યાખ્યા પછીથી લઈશું.

જેટલા મોટા ઉદ્યોગપતિ થઈને ફરે છે, તેમને ત્યાં સર્વીસ કરનાર કલાર્કો, પટ્ટાવાળા વધારે કામ નહીં કરતા હોય, પણ તેના માલિકને કેટલા કલાક કામ કરવાનું ? તેમની ઓફિસમાં ફાઈલોના ઢગલા પડ્યા હોય, વળી અગત્યના કામ આગળ ન વધવાથી તપાસવા ફાઈલો ઘરે પણ લઈ જવી પડે ? તેમના વર્કીંગ અવર્સ(કામના કલાક) દશ કલાકથી પણ વધી જતા હોય છે. એટલે આ કાળમાં ઊંચા ભોગનું પુણ્ય હોય તેવા જીવો દેખાતા નથી. ભોગી પુરુષોને સંપત્તિ-સત્તા પુણ્યપ્રભાવે મળતાં હોય છે; મજૂરીથી નહીં, ભૂતકાળમાં મોટા શેઠિયાઓને ત્યાં વેપાર તો મુનીમો કરે. મુનીમો પણ વફાદાર હોય. જ્યારે આ કાળમાં સ્થિતિ આખી ઊંધી છે.

વળી, મનુષ્યલોકના શાલિભદ્રતુલ્ય ભોગમાં પણ ભોગવતી વખતે ઉશ્કેરાટ-દુઃખ-પીડા હશે, જ્યારે ઊંચા દેવલોકના ભોગમાં કોઈ આવેગ-ઉશ્કેરાટ પણ નથી. ઉપરના દેવલોકમાં દેવતા જન્મે ત્યારથી મૃત્યુ થાય ત્યાં સુધી કશું જ કરતા નથી, છતાં ઊંચા ભોગોનો સતત આનંદ માણે છે. આ બધી વાતો ભૌતિક દૃષ્ટિએ છે. નવ ગ્રૈવેયકમાં અભવિનો જીવ પણ હોય છે. હા, પાંચ અનુત્તરમાં આસન્નભવિ જીવો જ હોય છે. આ બધાનાં આયુષ્ય કેટલાં ?

**સભા :-** *૩૩ સાગરોપમ.*

**સાહેબજી :-** એ તો વધારેમાં વધારે. બાકી કોઈનાં ૨૧ સાગરોપમ, કોઈનાં ૨૩, કોઈનાં ૨૭ એમ હોય. એટલે કેટલો દીર્ઘ કાળ થયો ? તમે કલ્પના ન કરી શકો. અબજો પલ્યોપમ મળીને એક સાગરોપમ થાય, અને એક પલ્યોપમનાં અસંખ્ય વર્ષ થાય. કાળના પ્રવાહની દૃષ્ટિએ અતિશય લાંબું જીવન છે. તમારે અત્યારે આવું આયુષ્ય હોય તો ત્રાસી જાઓ ને ? છતાં એમને દુઃખ કે ત્રાસનો સવાલ નથી, સતત

ભોગસુખમાં મગ્ન રહે છે. તેમનાં શ્રેષ્ઠ સુખો અંગે રમણીય વિધાનો છે. ત્યાં હીરા-મોતી-માણેકની આકર્ષક નયનરમ્ય રચનાઓનો પાર નથી. ભીંતોમાંથી સંગીતની સુરાવલી નીકળતી હોય, વાતાવરણમાં સુગંધ પણ કસ્તૂરી કરતાં અધિક હોય. તેમનું શરીર તમારા કરતાં સાઇઝમાં નાનું, પણ રૂપથી અતિશય સુંદર. વળી, તેમનું બળ કેવું ? ઇન્દ્રોને પણ ચપટીમાં ચોળી શકે, સેકન્ડમાં આખી સૃષ્ટિને હલાવી શકે. તેમની પાસે બળ છે, જ્ઞાન છે, કળા છે, શક્તિ છે, રૂપ છે, પુણ્ય-પ્રભાવ-ઐશ્વર્ય ઉત્કટ છે; છતાં પથારીમાં જન્મ્યા ત્યારથી પડ્યા રહેવાનું. અબજો વર્ષોમાં હાથ-પગ પણ ન હલાવે.

**સભા :-** *તો કરે શું ?*

**સાહેબજી :-** હા, બસ, તમને એમ કે આ તો જેલખાનામાં ગોંધી દીધા. પરંતુ મજૂર હોય તેને મજૂરી કરવાની હોય. મહેનત કોણ કરે ? જેના નસીબમાં કાંઇક ખૂટતું હોય તે મજૂરી કરે. બાકી જેને ઊંચામાં ઊંચાં ભોગસુખો મળી ગયાં છે, તે તો માત્ર સારાં રૂપ, સારા રસ, સારા ગંધ, શબ્દ, સ્પર્શ માણે છે.

જીવનમાં ભૌતિક આનંદની ઉત્કૃષ્ટતા કોને કહેવાય, ખબર છે ? તમારી વ્યાખ્યા પ્રમાણે તો ધાંધલ-ધમાલ કરીએ, હોહા મચાવીએ, મજૂરી કરીને ભોગસુખો મેળવીએ, પછી ઉશ્કેરાટ સાથે તેને ભોગવી તેમાંથી મળતો આનંદ માણીએ, બસ, એ જ ને ? જેનું આવું માથું હોય તેને મોક્ષનો આનંદ બેસી શકે ખરો ?

દેવલોકમાં એક વિમાનમાં હજારો દેવો હોય. જો કે, ત્યાં કાંઇ ભીડ ન હોય. એક એકને મહાલય જેટલી સ્વતંત્ર જગ્યા હોય, છતાં તેઓ અસંખ્ય વર્ષોમાં એકબીજાને પણ મળે નહીં, વાતચીત પણ ન કરે. તમારી દૃષ્ટિએ તો મૂંજી અને રિસાયેલા હશે, એમ જ ને ? તમારા ઘરમાં અણબનાવ થાય તો પરસ્પર બોલે નહીં, તેમ અહીંયાં ચૂપ બેઠા છે ? ના, પણ તેમને બોલવામાં રસ નથી. તમને ૨૪ કલાકમાં કોઇ માણસ ન મળે, વાતચીત કરવા ન મળે તો ગમે ?

**સભા :-** *અરે ગાંડા થઈ જઈએ.*

**સાહેબજી :-** એટલે બકવાસ કરવાની ટેવ જ પડી ગઇ છે.

વળી, તેમને ભૌતિક સુખથી દેહ-ઇન્દ્રિયનાં સુખ પણ ઘણાં છે. પણ શેનાં ? તેઓ કશું કરતા નથી. તમને દેખાય તેવી એક પણ પ્રવૃત્તિ તેઓ કરતા નથી, છતાં જડ-પુદ્‌ગલ પદાર્થોનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અનુભવ કરે છે. ઉત્કૃષ્ટ રૂપને આંખથી માણે, ઉત્કૃષ્ટ સંગીતને કાનથી સાંભળે, તેમ એકધારો અનુભવ કર્યા કરે. જડ પુદ્‌ગલના જે સુંદર ગુણધર્મો છે, તેનો સતત આસ્વાદ- માધુર્ય લીધા કરવું, તે તેમની ઊંચી મજા છે. મર્ત્યલોકનાં ચક્રવર્તીનાં ભોગસુખ પણ આ દેવતાઇ સુખ આગળ કચરા જેવાં છે.

**સભા :-** *મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિને સરખું સુખ હોય ?*

**સાહેબજી :-** કયું સુખ લો છો ? આત્મિક કે ભૌતિક ? કાનને, આંખને, નાકને ઇન્દ્રિયોના વિષયજન્ય જે ભૌતિક આનંદ થાય છે, તે આનંદ સમકિતીને અને મિથ્યાદૃષ્ટિને સરખો હોય છે; પણ તેમાં સમકિતીને તૃપ્તિ વિશેષ થાય છે, જ્યારે મિથ્યાદૃષ્ટિને ઓછી તૃપ્તિ મળે છે. તેમાં કારણ આગવું છે.

જેને તૃષ્ણા જ ઓછી હોય, તેને થોડા ભોગમાં પણ તૃપ્તિ થાય; પરંતુ જેને તૃષ્ણા વધારે હોય, તેને વધારે ભોગમાં પણ તૃપ્તિ ન થાય. જેમ આગ વધારે હોય ત્યાં થોડું પાણી નાંખીએ તો છમકારો થઇને ઊડી જાય, ભારે આગને ઠારવા તો ડોલો-બંબાઓ ભરીને પાણી જોઇએ. તેમ તૃષ્ણા એક આગ જ છે. આ ભૌતિક સુખ એટલે ? આગને પ્રજ્વલિત કરો, તેનાથી દાઝો અને પછી ઠંડક માટે દવા લગાડો; એનું નામ જ ભૌતિક ભોગસુખ છે. હવે વધારે દાઝેલાને દવા લગાડો, તો પણ ઠંડક ઓછી થશે. તેમ મિથ્યાદૃષ્ટિને દાહ વધારે છે, સમકિતીને દાહ ઓછો છે. તેથી મિથ્યાદૃષ્ટિને દાહ ઠરતાં વાર પણ લાગે, અને ન પણ ઠરે.

ગ્રૈવેયકમાં રહેલા સમકિતી અને મિથ્યાદૃષ્ટિની તૃપ્તિથી સુખનો ભેદ પડે છે. ત્યાં રહેલા સમકિતીને શરીર-ઇન્દ્રિય અને મનનાં સુખ તરબતર છે, તે તેમાં મસ્ત છે; પણ આત્મા વિરતિની તીવ્ર ઝંખનાના કારણે સતત દુઃખમાં છે; જ્યારે મિથ્યાદૃષ્ટિનો આત્મા તીવ્ર, ન પૂરી શકાય તેવી તૃષ્ણાના કારણે દુઃખમાં છે. શરીર-ઇન્દ્રિય-મન અને આત્માનાં સુખ-દુઃખ જુદાં છે.

## શરીર-ઈન્દ્રિયો સુખી એટલે મન- આત્મા પણ સુખી એવું નથી ચારેના સુખોમાં તફાવત :

**સભા :-** *મન અને આત્માના સુખનો તફાવત શું ?*

**સાહેબજી :-** તમારું મન જો સ્વસ્થ-શાંત હોય, આવેગ-ઉશ્કેરાટ વગરનું હોય, તો મનના સુખનો અનુભવ થાય. શુભ ભાવ-શુભલેશ્યા હોય તો મનનું સુખ મળે, પણ અધ્યાત્મ ન પામ્યો હોય તેને આત્માનું સુખ ન મળે. **જેનામાં અધ્યાત્મ નથી, તે ૨૪ કલાક આત્માના દુઃખમાં સબડે છે.** હાલમાં ઘણા બન્ને સુખને એક જ માને છે. જેમ કોઈ ધ્યાન કરે ત્યારે ટેન્શન ઓછું થાય, મનમાં હળવાશ થાય; એટલે માને કે મને આત્માનું સુખ મળી ગયું છે. જીવો અનંતકાળથી મનના સુખને આત્માનું સુખ માની બેઠા છે.

ઘણા જીવો શરીર-ઈન્દ્રિય-મનની અપેક્ષાએ દુઃખી હોય, છતાં પણ ભરપૂર આત્માના સુખમાં મહાલતા હોય. જ્યારે ઘણા જીવો શરીર-ઈન્દ્રિય-મનના સુખમાં મસ્ત હોય, પણ આત્મિક દૃષ્ટિએ મહાદુઃખી હોય. ઘણા જીવો બંને રીતે દુઃખી હોય, વળી, ઘણાને દેહનું સુખ હોય પણ ઈન્દ્રિયનું સુખ ન હોય, તેમ ઘણા ઈન્દ્રિયના દુઃખમાં હોય પણ મનના સુખમાં હોય. આમાં ઘણા વિકલ્પો છે.

દા.ત. શ્રેણિકરાજા, કૃષ્ણ મહારાજા આદિ હાલમાં નરકમાં છે. તેઓ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ તીર્થંકરના જીવો છે. તેઓ પ્રતિક્ષણ શુદ્ધ સમકિતની અનુભૂતિમાં રમી રહ્યા છે. શ્રેણિકરાજાએ તીર્થંકરનામકર્મ નિકાચિત કર્યું છે. આવતી ચોવીશીમાં તેઓ પદ્મનાભસ્વામી ભગવાન થશે. વળી, અત્યારે પણ તેમને તીર્થંકરનામકર્મ જેવી ઉત્કૃષ્ટ પુણ્યપ્રકૃતિનો બંધ ચાલુ છે, છતાં નારકીનાં દુઃખ ભોગવે છે. સતત ૨૪ કલાક નરકમાં શારીરિક ત્રાસ ચાલુ છે. જેમ કે પરમાધામીનો ત્રાસ, કે બાજુમાં રહેલા નારકીના બીજા જીવો તરફથી ત્રાસ પણ ચાલુ છે. ત્યાંના વાતાવરણમાંથી ભયંકર દુર્ગંધ આવતી હોય, ત્યાં એટલી ઠંડી હોય કે આપણે તો બેભાન થઈ જઈએ, અને નારકીના જીવને અહીંની બરફની લાદી પર સુવાડે તો તે જીવને હૂંફ લાગે, અને ગરમી એટલી હોય કે અહીંના બોઈલરમાં સુવાડે તો ઠંડક લાગે.

**સભા :-** *જઈ આવ્યા હશું ?*

**સાહેબજી :-** હા, ચોક્કસ.

**સભા :-** *યાદ નથી આવતું, ભૂલી ગયા છીએ.*

**સાહેબજી :-** આ ભવમાં જનમતાં પહેલાં તમે માના પેટમાં હતા તે યાદ છે? ત્યાં ઘણું દુઃખ વેઠ્યું હતું, છતાં તે યાદ છે ? આ ભવમાં પણ નવ મહિના ઊંધે માથે રહીને પછી જ જન્મ્યા છો, પરંતુ બધું જ ભૂલી ગયા. અરે, તમે બે વર્ષના હતા ત્યારે તમારા જીવનમાં શું શું થયું હતું તે યાદ છે ? તમારો સ્વભાવ શું ? જ્યારે સુખ આવે ત્યારે ગેલ કરવી, દુઃખ આવે ત્યારે રડી લેવું, પછી બધું ભૂલી જવું. આ વિસરી જવાનો જીવનો સ્વભાવ છે. જો આ ભવનું પણ વિસરી ગયા, તો તેના આગળના ભવોની તો શું વાત કરવાની ?

**સભા :-** *સાહેબ, યાદ કરાવી દો ને ?*

**સાહેબજી :-** વગર યાદ કરાવે પણ ભલે અત્યારે નરક પ્રત્યક્ષ નથી દેખાતી, પણ તિર્યંચગતિનાં દુઃખો તો દેખાય છે, કતલખાનાં દેખાય છે, ઊભા ને ઊભા જીવો ચીરાય છે, તેમની ચિચિયારી જોઇ શકો છો. અરે, તમે હોસ્પિટલમાં જઇને જનરલ વોર્ડ જુઓ, તો કોઇને મોટી ગાંઠ નીકળી હોય, કોઇનો ટાંટિયો કપાઇ ગયો હોય, કોઇને કેવા કેવા ઓપરેશનો થયેલા હોય, કેવા કેવા એક્સિડન્ટવાળા કેસો હોય, કેવા કણસતા હોય. આવા લોકોને જુઓ ત્યારે તેમના દુઃખની અસર થાય ? બે દિવસ ખાવાનું પણ ન ભાવે. અત્યારે આ કાળમાં કર્મના વિપાક ઓછા દેખાય છે ? છતાં તમારી શું હાલત છે ? આવી પરિસ્થિતિ આપણી પણ થઇ શકે છે, તેવું માનો છો? કોઇએ તમને સલામતીની ગેરંટી આપી નથી, છતાં તમે મસ્ત થઇને ફરો છો ને? આ શું સૂચવે છે ? એક પ્રકારની મોહદશા છે.

તમે તિર્યંચનાં દુઃખો જોઇને ટેવાઇ ગયા છો. મનુષ્યોમાં ગરીબો, ઝૂંપડપટ્ટી, હોસ્પિટલો વગેરે સંબંધી ઘણાં ઘણાં દુઃખો જોઇને ટેવાઇ ગયા છો, રીઢા થઇ ગયા છો. તેમ તમને અત્યારે નરક પણ પ્રત્યક્ષ દેખાય તો લાંબે ગાળે તેનાં દુઃખો જોઇને પણ રીઢા જ થઇ જાઓ ને ? બાકી તમારે સમજવું હોય તો અત્યારે પણ સમજવા ઘણી જ દૃષ્ટિઓ છે.

ભૂતકાળનું નરકનું દુઃખ આપણો આત્મા ભલે ભૂલી ગયો છે, પણ વર્તમાનમાં જો પ્રબળ કર્મનો વિપાક ચાલુ થાય, તો મનુષ્ય ભવમાં નરક યાદ આવી જાય, તેવો એક બનેલો બનાવ કહું.

અમે વિહાર કરતા લીંબડી ગામે ગયેલા. ત્યાં અમે ગોચરી માટે એક ઘરે ગયા. ધર્મલાભ આપીને ઊભા રહ્યા તે પહેલાં અમને વહોરાવવાને બદલે બાઈએ તેના છોકરાને બોલાવ્યો અને કહે, મહારાજના પગ પકડ. તેને અમારી સામે ઊભો રાખીને તેની માએ બોલવાનું ચાલુ કર્યું, "સાહેબ ! શાસ્ત્રમાં નરક લખી છે પણ અમે જોઈ નથી, પણ આ છોકરાએ તો જીવતાં નરક જોઈ છે. આ છોકરો ભલો-ભોળો ૧૪-૧૫ વર્ષનો હતો ત્યારે એક વખત ઓચિંતા રસ્તે જતાં તેને પોલીસ પકડી ગઈ. આ છોકરા માટે પોલીસને વહેમ પડ્યો કે આ ત્રાસવાદીનો સાગરિત છે, માટે ઉપાડી ગયા. અને પછી તેના પર જે વિતાવ્યું છે, તેનું હું વર્ણન કરી શકું તેમ નથી. આજે આ વાતને બાર-બાર મહિના થયા, છતાં પણ આ છોકરો રાતના ઊંઘમાં ચિચિયારીઓ પાડી ઊઠે છે. પહેલાં તેને શરીર પર સખત માર માર્યો, સોળ ઊઠી ગયા, લોહીલુહાણ થઈ ગયો. બસ, કહે માહિતી આપ. થર્ડ ડિગ્રીની ટ્રીટમેન્ટરૂપે જે વિતાવાય તે વિતાવ્યું. એટલું ઓછું હોય તેમ પછી ચાર પોલીસે ભેગા થઈને તેને મજબૂતાઈથી પકડી રાખ્યો અને જેટલા માથાના વાળ હતા, તે એકી સાથે ખેંચી લીધા. અમે સાધુ થઈને પણ પંચમુષ્ટિ લોચ નથી કરતા, જ્યારે એકી સાથે આવી રીતે જંગલીની જેમ વાળ ખેંચે, ત્યારે શું થાય ? પોલીસને તો એટલું જ જોવાનું કે આ ત્રાસ ગુજારતાં મરવો ન જોઈએ. physical(શારીરિક) અને mentally(માનસિક) જેટલું torture(ત્રાસ) થાય તેટલું કરવામાં બાકી ન રાખ્યું. આ વાત તેની માતા કરતી હતી ત્યારે પણ એ છોકરો ધ્રૂજતો હતો. આ મનુષ્ય ભવમાં નરકને યાદ કરાવે તેવું હતું.

અમે તેને સમજાવાય તેટલું સમાધિ માટે સમજાવ્યું. અહીં સારરૂપે મારે કહેવું છે કે, **કર્મ જેવું ઉદયમાં આવે તેટલી વાર છે. સિંહ જેવાને પણ ઉંદર બનાવી દે.** શ્રેણિકરાજા ક્ષાયિક સમકિતી છે, તેમની પાસે ભૂતકાળની આરાધના છે, પણ હાલ નરકમાં છે. ત્યાં ભૂતકાળનું કર્મ ઉદયમાં છે, માટે સતત શરીર-ઇન્દ્રિયની વેદના છે. તરસ લાગે પણ દુર્ગંધવાળું ગરમ ખદબદતું પાણી હોય, પીવા જાય તો ઊલટી થઈ જાય. ત્યાં ત્રાસનો પાર ન હોય. ગરમી-ઠંડી પણ એવી હોય, જેથી ત્રાસનો પાર

ન હોય. નરકમાં મન પણ ત્રાસમાં હોય. નારકીના જીવોને અશુભ લેશ્યા હોય, તેના કારણે આવેશ-અકળામણ બધું જ હોય, પરમાધામી પર પણ દ્વેષ થાય. સ્વાર્થવૃત્તિ-આસક્તિ આદિ અશુભ ભાવો હોય, એટલે મન સંતાપમાં જ રહે. આવા સમકિતી આત્માને પણ શરીર-મન-ઇન્દ્રિયનું સતત દુઃખ છે; છતાં આત્માનું સુખ અનુભવી રહ્યા છે. શ્રેણિક મહારાજા અત્યારે નરકમાં જેવું આત્માનું સુખ અનુભવી રહ્યા છે, એવું આત્માનું સુખ તો નવ ગ્રૈવેયકના મિથ્યાદૃષ્ટિ દેવો પાસે પણ નથી; હા, ઉપરના સમકિતી દેવતા પાસે હોય છે. આ બધા વિકલ્પો, દૃષ્ટાંતો સમજાય તો દેહ-ઇન્દ્રિય-મન-આત્માનાં સુખ જુદાં છે તે તમને સમજાય.

જેમ ભૂખ લાગી છે એટલે શરીરને ખોરાકની demand(માંગ) છે. જો તમે આયંબિલનું પણ ખાવા આપો, તો ભૂખ ભાંગી જશે, શરીરની ભૂખનું નિવારણ થશે; પણ ત્યારે જીભને તકલીફ થશે. કારણ કે તેની સ્વાદની ભૂખ સંતોષાઇ નથી. માટે શરીરના સુખ કરતાં ઇન્દ્રિયનું સુખ જુદું છે. શરીરની demand(માંગ) ખોરાક છે, જીભની demand(માંગ) સ્વાદ છે.

શરીરને ઠંડીમાં ધાબળો-સ્વેટર જોઇએ, કારણ તેનાથી દેહને હૂંફ મળે. પરંતુ ત્યારે આ કલરનું, આવા ઊનનું, આ ડ્રેસ સાથે મેચિંગ થાય તેવું જોઇએ, આ બધાં નખરાં આંખનાં છે. અને મનનું તોફાન તો હજી આનાથી જુદું જ છે. તમને વગર designનો, વગર colourનો ધાબળો ઓઢાડીએ તો ઠંડી દૂર થઇ જાય ને ? પરંતુ આંખ તેવા ધાબળાની ના પાડે. માટે આંખની અને શરીરની demand જુદી છે. આંખ, કાન, નાક બધાની માંગમાં તફાવત પડશે.

જેમ શરીરને આરામ માટે ૬ ફૂટની જગ્યા જોઇએ છે, પણ આરામ માટે લિસ્સી-પોચી-ડનલોપીલો જોઇએ, ચાદર સરસ જોઇએ. આ બધું તોફાન કોનું ? ઇન્દ્રિયનાં જ તોફાન છે. ઘણા ફૂટપાથ પર પણ મજેથી સૂઇ જાય છે. શરીરની demand ઓછી છે. ઇન્દ્રિયનાં તોફાન ઘણાં છે અને તેનાથી કંઇ ગણાં તોફાન તો મનનાં છે.

શરીરને પોષણ મળે તેવો ખોરાક હશે, પણ સ્વાદ નહીં હોય તો જીભ ના પાડશે. કહેશે બરાબર નથી. પરંતુ ખાવાથી પેટ ભરાઇ ગયું, છતાં પણ જીભને સ્વાદિષ્ટ વસ્તુ મળી ગઇ, તો તે વખતે જીભ demand કરશે. દા.ત. ગુલાબજાંબુ સ્વાદિષ્ટ

છે, જીભને ગમે છે, માટે જીભ કહેશે કે પેટ ભરાઈ ગયું છે, છતાં પણ બે-ચાર વધારે ચાલશે; કારણ જીભની આ ભૂખ છે. ૨, ૫, ૧૦, ૧૫ ખાઈ લીધા પછી જીભ ધરાઈને કહેશે, હવે બસ. ત્યારે મન શું કહેશે? ના, ના, થોડાં તેમાંથી કાલ માટે રાખી લે, સંગ્રહ કરવા જેવાં છે. આ મનની demand છે.

**સભા :-** *દીર્ઘદૃષ્ટિ વાપરી.*

**સાહેબજી :-** મનનાં ગણિત જ જુદાં છે. જીવનમાં તમામ ભૌતિક સંગ્રહ-સંચય મન જ કરાવે છે. આ કાંઈ ગુણ નથી. ૧૫ ડઝન ડ્રેસ હશે તો પણ કહેશે, હજુ નવા જોઈએ છે. આ સંગ્રહની પ્રેરણા મન જ આપે છે. ભૌતિક જીવનમાં આ એક આશ્ચર્યકારી અસમતુલા છે કે, ક્રમસર ભોગ ભોગવતા જઈએ તો જીવનમાં ક્યારેક શરીર ધરાય છે, ક્યારેક ઇન્દ્રિય ધરાય છે; પણ મન તો કોઈ દિવસ ધરાતું નથી. કારણ કે મનની demand અપાર છે. મનની ઇચ્છાઓ સ્વતંત્ર છે. માટે મનનાં સુખ-દુઃખ જુદાં છે. જેટલું મન ધરાય તેટલું મનનું સુખ મળે. તમારા જીવનમાં સૌથી મોટો ત્રાસ મનનો છે. જેનું મન ધરાય તેને અનહદ શાંતિ મળે. ઊંચા દેવલોકમાં મન એવું હોય કે લગભગ તૃપ્તિમાં જ હોય.

**સભા :-** *લોભ ન હોય ?*

**સાહેબજી :-** તમારી અપેક્ષાઓ તેમને લોભ નહીંવત્ હોય છે. કારણ કે સવારથી સાંજ સુધી દુનિયાભરની રિદ્ધિસિદ્ધિ જુએ છે, બળમાં ઇન્દ્ર પણ તેમની પાસે મગતરો છે, છતાં બીજાનો વૈભવ મેળવી લેવાની કોઈ વૃત્તિ નથી અને મળેલી રિદ્ધિસિદ્ધિનો સંગ્રહ કરવાની પણ ઇચ્છા નથી. ગ્રૈવેયકમાં રહેલા મિથ્યાદૃષ્ટિ દેવતા પણ શુક્લલેશ્યામાં હોય છે. શુક્લલેશ્યા શું ખબર છે ?

**સભા :-** *મહારાજ જાણે.*

**સાહેબજી :-** બસ, બધું અમને જ ભળાવ્યું છે ને ?

એમના કષાય શાંત છે, પ્રકૃતિ ઉદાત્ત છે. ઊંચા દેવલોકમાં અભવિના જીવનું પણ મન શાંત-સંતોષી-સ્થિર હોય છે અને તેથી જ તેમને આવેગ-ઉદ્વેગ વગરનું ઉત્તમ

મનનું સુખ મળે છે; પણ તેમને આત્માનું રતીભાર સુખ નથી મળતું. તમને જીવનમાં સુખ કયું મેળવવા જેવું છે તે જ ખબર નથી.

તમે શરીરના પાંચ રૂપિયાના સુખ ખાતર પાંચ લાખના મનના સુખને ગુમાવો છો. બહારના થોડા તાપને દૂર કરવા અંદરમાં ભઠ્ઠો સળગાવો છો. થોડી ઠંડક માટે મોટી ગરમી પેદા કરો છો. આ સંસારમાં મૂર્ખ જીવોને ભૌતિક સુખ કેમ ભોગવવું તે પણ ખબર નથી, અને જેને આ ખબર નથી, તેને આત્માનું સુખ શું તે ક્યાંથી ખબર હોય ? હવે જેને આત્માનું સુખ ખબર ન હોય તેને મોક્ષનું સુખ કેમ સમજાવવું અને આ ન સમજાય તેને પ્રણિધાન કેમ આવે ? એક જીવને પણ જો આત્માના સુખની ઝાંખી થઇ જાય, તો અમને અમારી મહેનત સફળ થઇ લાગે.

અનાદિ કાળથી જીવે હાડકાં ભાંગી જાય તેવું દુઃખ ભોગવ્યું છે. જો અનાદિના દુઃખથી જીવ ત્રાસ્યો હોય, તો જીવ જયારે ભગવાન પાસે જાય ત્યારે તેને એમ જ થાય કે, હે પ્રભુ ! મને આ ૮૪ લાખ જીવાયોનિમાંથી છોડાવ, મારે બીજું કાંઇ જોઇતું નથી. એવું તમને થાય છે ખરું ?

આ આખો મોક્ષમાર્ગ એમ ને એમ ઠોકી બેસાડવાનો નથી. અમે પણ મોક્ષ જોયો નથી, પણ ખાતરી છે અને વગર જોયે પણ તેના શાસ્ત્રમાં નક્કર પુરાવા છે, અને જો એ ગળે ઊતરી જશે તો જ પ્રણિધાન આવશે. જેને પ્રણિધાન આવે તેને આગળના ભાવ બરાબર અને જલદી આવશે.

# ૧૫

શ્રાવણ સુદ એકમ, તા.૨૮-૭-૯૫, શુક્રવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને આત્માના અનુપમ સુખની પ્રાપ્તિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

સુખના બે પ્રકાર છે : (૧) ભૌતિક સુખ અને (૨) આત્મિક સુખ. ભૌતિક સુખ છે તે મેળવવા લાયક નથી, અને આત્મિક સુખ જ આદરવા લાયક છે. શાસ્ત્રમાં આત્મિક સુખની જ ઉપાદેયતા બતાવવામાં આવી છે. આ સમજાય તેને આત્મિક સુખ તરફ દૃષ્ટિ કેળવવી જ પડે.

## દેહ-ઈન્દ્રિય-મન અને આત્માનાં સુખોમાં તફાવત અને આત્મિક સુખની શ્રેષ્ઠતા :

જે જીવો માત્ર બાહ્ય સુખ-દુઃખને જ સમજે છે, તેવા જીવો આત્મિક સુખને સમજવા માટે ગેરલાયક છે. દેહ-ઈન્દ્રિયનાં સુખ-દુઃખોને જીવનમાં બાહ્ય સુખ-દુઃખ કહીએ છીએ. જડના સંયોગથી જ તેનો અનુભવ થાય છે. પછી તેમાં સારા રૂપ હોય, સારા રસ હોય કે સારી ગંધ હોય; પરંતુ આ બધાથી ફક્ત બાહ્ય સુખનો જ અનુભવ થાય છે, જ્યારે આંતરિક સુખ તો આંતરિક ગુણોથી જ અનુભવાય છે. મનનું સુખ પણ આંતરિક સુખ છે. જીવ મનનું સુખ બાહ્ય પુદ્‌ગલોમાંથી મેળવવા પ્રયત્ન કરે છે, પણ જ્યારે તેને તે પ્રાપ્ત થાય છે, ત્યારે તે આંતરિક ભાવો દ્વારા જ પ્રાપ્ત થાય છે. વળી આત્માનું સુખ તો આંતરિક ગુણો દ્વારા જ પ્રાપ્ત થાય છે.

પરંતુ આ આત્માનું સુખ શું છે તે સમજવું તમને મુશ્કેલ છે. કારણ કે તમને બુદ્ધિમાં એવું બેસી ગયું છે કે કોઈને કોઈ વસ્તુ ભોગવવાથી જ આનંદ મળે. આ અનાદિની ભ્રાંતિ છે. એટલે જ મોક્ષમાં કોઈ બાહ્ય ચીજ જ નથી, વિષયો નથી, તો પછી ત્યાં પ્રવૃત્તિ શું કરવી ? આવો પ્રશ્ન થઈ જતો હોય છે. તમારી માન્યતા છે કે કંઈક કરીએ, કંઈક ભોગવીએ, તો જ મજા આવે; કંઈ કર્યા વગર આનંદ મેળવી

શકીએ તે તમારી બુદ્ધિની બહાર છે. પરંતુ આ બધું હલકાં સુખો મેળવવા તો જોઇએ. પણ તમને ખબર નથી કે પુદ્ગલોનો પણ પરાકાષ્ઠાનો આનંદ ક્યારે પ્રાપ્ત થાય. જ્યારે તમે પ્રવૃત્તિ બંધ કરી, સક્રિયતામાંથી નીકળી નિષ્ક્રિય બનો, સ્થિર બનો, ઇન્દ્રિય-મનને શાંત-ધીર-ગંભીર બનાવીને ઊંચા ભૌતિક પુદ્ગલોના ગુણોનો આસ્વાદ લ્યો, તો જ પરાકાષ્ઠાનો આનંદ થાય. સંસારમાં જેટલા ઊંચા પુણ્યશાળી છે તે પ્રવૃત્તિ કરતા નથી, ખાલી ભોગવટો કરે છે, પરંતુ હલકાં સુખોમાં ભોગપ્રવૃત્તિ પણ પરિશ્રમયુક્ત છે. જેમ શાલિભદ્રને ખાવામાં મહેનત છે પણ તે મેળવવા માટેનો પરિશ્રમ નથી. ખાવા માટે હાથ હલાવી કોળિયો મોંમાં મૂકવો પડે, ચાવવા-પચાવવા આદિનો પરિશ્રમ કરવો પડે. કામભોગ માટે પણ શારીરિક સંભોગનો પરિશ્રમ ખરો ? કારણ, આ બધા હલકા ભોગો છે. પણ દેવલોકમાં ઉપર જાઓ તો ત્યાં ઊંચા જ ભોગો છે. ત્યાં ભોગોને ભોગવવા માટે પુરુષાર્થ કે પરિશ્રમ નથી. સંભોગરૂપ કામની પ્રવૃત્તિ નીચેના દેવલોકમાં છે તેવી ઉપરના દેવલોકમાં નથી. તેઓ તો શય્યામાં જન્મે ત્યારથી માત્ર સૂતા હોય, ખાલી પાંચે ઇન્દ્રિયનાં ઉત્કટ સુખોનો આસ્વાદ માણતા હોય. તેમને કોઇ પ્રવૃત્તિ-આવેગ-ઉશ્કેરાટ ન હોય. શરીર પ્રવૃત્તિ રહિત, ઇન્દ્રિયો પણ શાંત, મન પણ શાંત હોય; છતાં તેમને સતત સાતત્યરૂપે આનંદ મળતો રહે. ઊંચો પુણ્યનો વિપાક ત્યાં જ માન્યો છે.

બીજા ધર્મો પણ સ્વર્ગ-નરક માને છે. દેવલોકનું વર્ણન તેમને ત્યાં છે, પણ જૈનશાસ્ત્રોમાં દેવલોકનું વર્ણન વિશાળ છે. આ વાત હું બોલું છું તેમ નહીં, પણ જૈનેતર સંત સાથે મારે face to face(મોઢામોઢ) વાત થઇ છે. તે સંતે બીજા દર્શનનો અભ્યાસ કરેલો હતો. તેમણે કહ્યું કે, તમારે ત્યાં જેવું દેવલોકનું વર્ણન છે, તેવું અમારી પાસે નથી. એક એક દેવલોકની વિસ્તૃત માહિતી શાસ્ત્રમાં આપી છે. ઊંચાં પુદ્ગલનાં સુખ કેવાં હોય તેની અવસ્થાઓ એવી સુસંગત બતાવી છે કે કદી દુનિયામાં કોઇએ કલ્પી નહીં હોય.

ઘણાની માન્યતા એ છે કે જેના જીવનમાં ભોગની પ્રવૃત્તિ છવાયેલી હોય, એ વ્યક્તિ સુખમાં તરબતર હોય. દા.ત. ભારત બહારના ધર્મો જેવા કે ઇસ્લામ, ક્રિશ્ચિયન તેઓ જન્નત અને હેવન માને છે. ઇસ્લામ ધર્મમાં કુરાનમાં જન્નત દર્શાવી છે અને ક્રિશ્ચિયન ધર્મના બાઇબલમાં હેવન બતાવ્યું છે. તેઓ માને છે કે, આખી જિંદગી

ધર્મનિષ્ઠાપૂર્વક સારી રીતે જીવો તો તેના ફળમાં જન્નત-હેવન મળે. એમને ત્યાં ધર્મનું અંતિમ લક્ષ્ય જન્નત અને હેવન છે, જ્યારે આપણે ત્યાં ધર્મનું અંતિમ ફળ મોક્ષ છે. બધા ભારતીય ધર્મોએ અંતિમ ધ્યેય તરીકે મોક્ષ બતાવ્યો છે, જ્યારે પેલા લોકોએ હેવન અને જન્નત બતાવ્યું છે.

આપણે ત્યાં ઘણા કહે છે કે મોક્ષે જવા જેવું છે, કારણ ત્યાં આધિ-વ્યાધિ-ઉપાધિનો અંત આવી જશે; નથી જન્મવાનું, નથી મરવાનું; રોગ નથી, શોક નથી. એ લોકોએ હેવન અને જન્નતમાં પણ આ બધાની ગેરહાજરી માની છે. આપણે કહીએ મોક્ષે ગયા પછી ત્યાં આત્માને આધિ-વ્યાધિ-ઉપાધિ નથી, તેમ તેમને ત્યાં પણ નથી. એ લોકો કહે છે ત્યાં સતત આનંદ-પ્રમોદ છે, શોક-સંતાપ નથી, મજા જ કરવાની. પણ મજા શેની? તો કહે એક વ્યક્તિ પાછળ ૭૨-૭૨ અપ્સરા સેવામાં હાજર હોય. એક અપ્સરા પંખો નાંખે, એક અપ્સરા ચામર વીંઝે, શરબતના જામ હોય, મેવા-મીઠાઇ, રૂપ-રંગ-ડિઝાઇન, હરવા-ફરવાનાં સાધનો, વસ્ત્ર- અલંકારો બધું જ ટોપમાં ટોપ હોય. બસ, ભોગ ભોગવ્યા કરવાના. રૂપ-રંગ-સંગીતથી તન્મય બનો. ઘડીકમાં આ ભોગ તો ઘડીકમાં આ ભોગ! તે પણ કાયમ ખાતે. તમને જો કાયમ ખાતે આવા ભોગમાં રહેવાનું મળે તો પછી મોક્ષની જરૂર ખરી ?

આપણે ત્યાં મોક્ષમાં કોઇ જ જડ ભોગ્યવસ્તુ નથી. આર્યધર્મોએ મોક્ષમાં પલંગ, બગીચા, અપ્સરા, સુગંધ, માલપાણી, કોઇ વસ્તુ દર્શાવી ખરી ? ના, બધી જ વસ્તુની ગેરહાજરી માની છે. તમને આ બેમાંથી કયું સ્થાન પસંદ પડે ? આપણો મોક્ષ કે તેમની જન્નત ?

**સભા :-** *મોક્ષ જ પસંદ પડે.*

**સાહેબજી :-** સાચું બોલજો. પસંદ પડે તો શું કામ પસંદ પડે ? દેવલોકમાં તો મરવાનું આવે, પણ મોક્ષમાં મરવાનું નથી, તેમ જન્નતમાં પણ મરવાનું નથી અને કાયમ માટે મોજમજા છે; તો તે જ ગમે ને ?

**સભા :-** *ખાવા-પીવાનું, હરવા-ફરવાનું એ બધાં દુઃખો તો છે જ.*

**સાહેબજી :-** બસ, એ જ મનમાં બેસવું જોઇએ. **આપણે દેવલોકમાં આનંદ માન્યો,**

**પણ કયો ? ભૌતિક આનંદ. ત્યાં કામાનંદ છે, આત્માનંદ નહીં. આત્માનંદનું ઊંચું સુખ તો ચારિત્રમાં છે.**

ઊંચા દેવલોકમાં એકે અપ્સરા નથી. અપ્સરા પ્રત્યે આવેગ આવે તેમાં ઊંચું ભૌતિક સુખ ન સંભવે. હલકી કક્ષાના કામના સુખને આવેશજન્ય સુખ કહ્યું છે. ઊંચું સુખ મેળવવા પ્રકૃતિગત ધાંધલ-ધમાલ ઓછી કરવી પડે. થોડા શાંત-સ્થિર બનો તો જ ઊંચાં ભૌતિક સુખ મળે. અત્યારે હજી આત્માના સુખની વાત નથી. ગ્રૈવેયકમાં દેવતાઓનાં મન શાંત છે. તેમનો અહંકાર પણ શાંત થઇ ગયેલો છે. તેમનામાં બળ એટલું છે કે નીચેના દેવલોકના તમામ દેવોને પોતાના સેવક બનાવી શકે, મનુષ્યલોકને એક મિનિટમાં નમાવી શકે; પણ બીજા પર મારો પ્રભાવ પાડું, મારી શક્તિ બતાવું, આવું કંઇપણ તેમને થાય નહીં. આપણામાં વિશેષ શક્તિ હોય તો શાંત બેસી રહીએ ખરા ? અત્યારના સાધુ પણ ન બેસી શકે. મારામાં આકાશમાં ઊડવાની શક્તિ કે અદૃશ્ય થવાની શક્તિ હોય તો હું શાંત રહી શકું ખરો ?

**સભા :-** *સ્થૂલભદ્રને થયેલું ને?*

**સાહેબજી :-** સ્થૂલભદ્રને આખી જિંદગીમાં એક જ વાર શક્તિ બતાવવાનું મન થયેલું, અને તે પણ ઘણું જ મેળવ્યા પછી. જ્યારે આપણે તો એના પહેલાં જ કૂદકા મારીએ. માટે આપણી સરખામણી તેમની સાથે પણ ન થાય. નહીંતર તેમની આશાતના કરીશું. તેમને જ્યારે ભદ્રબાહુસ્વામીજીએ કહ્યું કે "તમારી વાચના બંધ છે", તો પગમાં પડીને કહે છે કે "મારો દોષ હોય તો બતાવો. મને ક્ષમા કરો." તેમને થયું કે કારણ વગર તો જ્ઞાની ભગવંતો આવું કરે નહીં. માટે તેમણે ઉપયોગ મૂક્યો, તો ખ્યાલ આવ્યો કે "મને જ્ઞાનશક્તિ પ્રદર્શિત કરવાની ઇચ્છા થઇ, માટે મારી વાચના બંધ કરી છે." પછી તેમના પગમાં પડી ક્ષમા માંગી, ત્યારે પૂ. ભદ્રબાહુસ્વામી કહે છે "તમારા જેવા ઉચ્ચ પુરુષને પણ આવું મન થયું, તેમાં તમારી નબળાઇ નથી; તે કલિકાળનો દોષ છે. આ પડતા કાળની નિશાની છે." આવાને પણ આવું થયું તે આશ્ચર્ય છે. કારણ કે તેમનો મનોવિજય આશ્ચર્યકારી છે. કોશ્યાને ત્યાં ચાતુર્માસવાસમાં અદ્વિતીય મનોવિજયના સ્વામી સિદ્ધ થયા છે ! ઉત્કૃષ્ટ કામવિજેતા તરીકે તેમનું નામ ૮૪ ચોવીસી સુધી અમર રહેવાનું છે. તેમને એકવાર આવી ઇચ્છા થઇ તે કલિકાળનો પ્રભાવ છે.

માન-અહંકારને જીતો તો જ શક્તિઓ પચાવવાની તાકાત આવે છે. ગ્રૈવેયકના અભવિના જીવે પણ કેટલા માનકષાયો જીત્યા હોય છે ! તેમની પાસે ઇન્દ્ર કરતાં પણ વધારે બળ છે, છતાં પ્રદર્શિત કરવાનું મન થતું નથી. વિચારજો, કઇ કક્ષાનાં ઉપશાંત મન હશે ! દુનિયાની ટોપ અપ્સરા દેખાય તો પણ તેમને નખમાં વિકાર થાય નહીં. માટે કામને કેવો શમાવ્યો હશે ! તેમને કોઇ આવા ઉશ્કેરાટ કે આવેગો થાય નહીં. સતત શાંત પડ્યા હોય. તેથી જ તેઓ ઉચ્ચ ભૌતિક સુખને ભોગવતા હોય છે. જેના જીવનમાં મનની વ્યાકુળતા છે, તેને બહારનાં સુખો ધૂળધાણી બરાબર છે. ઊંચું સુખ પ્રાપ્ત કરવા શાંત-સ્થિર મન જોઇએ. ઊંચા દેવલોકનાં સુખ ઊંચી શુભલેશ્યાથી અનુભવી શકાય છે.

પુદ્ગલની દુનિયામાં પણ પ્રવૃત્તિશૂન્ય બનવાથી જ ઊંચાં સુખ મળતાં હોય, તો આત્માનું સુખ તો તેનાથી પણ ઊંચું છે, તેથી તે મેળવવા તો પ્રવૃત્તિશૂન્ય અવશ્ય બનવાનું જ હોય; માટે મોક્ષમાં કશું કરવાનું નથી. હંમેશાં મેળવવાનું કોને હોય ? જેના જીવનમાં અધૂરપ હોય તેને. સિદ્ધ અવસ્થામાં તેમને બધી સિદ્ધિ પ્રાપ્ત થઇ ગઇ છે. ત્યાં અધૂરપ નથી, પૂર્ણતા છે. **અપૂર્ણતા-અધૂરપ છે ત્યાં જ દુઃખ છે, જ્યારે પૂર્ણતામાં એકાંતે સુખ જ હોઇ શકે. સિદ્ધદશા પૂર્ણતાનું પ્રતીક છે.** ત્યાં શાશ્વતકાળ માટે કશું કરવાનું નથી. સતત ગુણોનો આસ્વાદ માણવાનો છે. ઊંચા દેવલોકમાં દેવો ૩૩ સાગરોપમ સુખ માણે છે, જ્યારે મોક્ષમાં સિદ્ધ ભગવંતો કાયમ ખાતે સુખ માણવાના છે. મોક્ષમાં આત્માના ગુણોનો સ્વાદ છે, જ્યારે સંસારમાં જડ પુદ્ગલના ગુણોનો સ્વાદ છે. હવે કોઇ કહે કે જડના ગુણોમાં મજા હોઇ શકે, પણ આત્માના ગુણોમાં મજા કેવી રીતે હોઇ શકે ? પરંતુ આવું જે માને છે તેની હજી દષ્ટિ ખૂલી નથી. બાકી, દુનિયામાં કોઇ સાબિત કરી શકશે નહીં કે જડ પુદ્ગલમાં સ્વાદ-બેસ્વાદપણું છે, પણ આત્માના ગુણોમાં સ્વાદ નથી.

કોઇ વ્યક્તિને અહંકારનો ભાવ-આવેગ પેદા થયો, તે સતત માન-સન્માનનો ભૂખ્યો છે. અહંકાર એક પ્રકારની ભૂખ છે. અહંકારીનું કોઇ બહુમાન કરે, સન્માન કરે, પ્રશંસા કરે તો રાજી થાય. આ ભૂખ મનની છે. તે ભૂખ કાંઇ શરીર કે ઇન્દ્રિયની નથી. કારણ કે તમારાં વખાણ કરવાથી તમારા પેટને કાંઇ શાંતિ થતી નથી. ભૂખ્યા હો તો પ્રશંસાથી કાંઇ પેટ ભરાતું નથી. માન-સન્માન-વખાણ કરે ત્યારે કાંઇ તમારી

ચામડીને સુંવાળપની અનુભૂતિ થતી નથી. માટે તેનાથી દેહ અને ઇન્દ્રિયને કોઇ સુખ નથી મળતું. કાન-આંખ-નાકને પણ તેનાથી કાંઇ સુખનો અનુભવ થતો નથી.

**સભા :-** *વખાણથી કાનને તો સંતોષ થાય છે ને ?*

**સાહેબજી :-** ના, ખોટી વાત. તે વખતે કાનને સંતોષ નથી થતો. દા.ત. તમારાં વખાણ કરવા કોઇ ઊભું થયું. હવે તેનો અવાજ ઘોઘરો હોય, તો તે વખતે કાનને ન ગમે, પણ મન તો સાંભળીને ડોલે ને ? માટે પ્રશંસા તે ઇન્દ્રિયની નહીં પણ મનની ભૂખ છે. કાનને તો સંગીત, સારો-મધુરો કે પ્રિય હોય તેવો અવાજ ગમે છે. પછી ભલે બીજાનાં વખાણ પણ પ્રિય અવાજે હોય, તો તે કાનને ગમે. જેમ ભગવાનનું સ્તવન સુંદર અવાજે કોઇ ગાતો હોય તો કાનને ગમે ને ? આમ તો તેમાં બીજાનાં વખાણ છે.

**સભા :-** *કાનને ગમતું હોય તે મનને ગમે જ તેવું ખરું ?*

**સાહેબજી :-** ના, તેવું નથી. કાન અને મનની demand જુદી છે. જેમ તમારા વિરોધીનાં વખાણ સુમધુર કંઠે કરે ત્યારે સારા અવાજના કારણે કાનને ગમશે, પણ તે વખાણ તમારા મનને ગમે ખરાં ?

**સભા :-** *ઇન્દ્રિય અને મનનો તફાવત શું ?*

**સાહેબજી :-** ઇન્દ્રિય એ પુદ્‌ગલની રચના છે. તેને સતત અનુકૂળ વિષયો જોઇએ, પ્રતિકૂળ વિષયો નથી ગમતા. અનુકૂળ વિષયથી અનુગ્રહ થાય છે, પ્રતિકૂળ વિષયથી ઇન્દ્રિયને ઉપઘાત થાય છે. જેમ તીખો પદાર્થ જીભ પર મૂકો તો જીભ ચચરી જાય, જ્યારે મન સંક્લિષ્ટ વિચાર કરો તો જ ચચરે. શાંત વિચારોથી ઠરે.

**સભા :-** *પાંચે ઇન્દ્રિયના વિષય ભોગવતાં આત્માને ભાન હોય ને ?*

**સાહેબજી :-** હા, છેલ્લે તો આત્માએ જ અનુભવ કરવાનો છે. જ્ઞાન કાંઇ ઇન્દ્રિય પાસે હોય ? તે તો જડ છે. શરીર-ઇન્દ્રિય કે મનનાં સુખ-દુઃખનો અનુભવ તો આત્મા જ કરશે, અને આત્માના સુખનો અનુભવ પણ આત્મા જ કરશે. પરંતુ આ ચારેનાં સુખ-દુઃખ જુદાં છે. તેમાં ભેળસેળ ન કરાય. તમારે આ જ ગરબડ છે. તેથી તમે

ધર્મ દ્વારા મળતા આંતરિક સુખને સમજી શકતા નથી. ઉપવાસ કરવાથી આંતરિક સુખ મળે તેવું માનો છો ? તપ-ત્યાગમાં તો તમને કષ્ટ જ દેખાય છે ને ? માટે જ તમારે કહેવું પડ્યું કે સાહેબ, અઠ્ઠમ કરાવવાના છે, તો થોડી પ્રેરણા કરશો ? પણ આ પ્રેરણા કેમ કરવી પડે છે ? અરે, કર્યા પછી પણ pumping થશે કે કેમ ? હા, શરીર અને ઇન્દ્રિયને અનુકૂળ વિષયની વાત હોય, તો તમે તરત જ ઉત્સાહિત થાઓ, પરંતુ મનનાં સુખ અને આત્માનાં સુખને હજી તમે પિછાની શક્યા નથી.

શરીરનાં સુખનાં કારણો જુદાં છે, તેમ ઇન્દ્રિયનાં સુખનાં કારણો પણ જુદાં જ છે. પ્રશંસા-માન-સન્માનથી થતું સુખ મનનું સુખ છે. અહંકાર એ મનની ભૂખ છે. ભૂખ વધારે હોય તો કોઇ જરા વખાણ કરે તો ફુલાઇ જાઓ, પણ જેમ ભૂખ ઘટતી જાય તેમ મન શાંત થતું જાય.

ભૌતિક જગતમાં અનુત્તર અને સર્વાર્થસિદ્ધના દેવોને જેવું માનસિક સુખ છે તેવું કોઇને નથી. મન આટલું શાંત હોય છે, માટે જ દેવલોકમાં મજા છે. આ દેવતાઓને જે માનસિક સુખ લખ્યું, તેના કરતાં વધારે સુખ આધ્યાત્મિક જગતમાં જે નિરતિચાર ચારિત્ર વટાવી ગયા હોય, અને સમતાના સ્ટેજે પહોંચી ગયા હોય, તેવા મહાત્માઓને હોય. સમતામાં જે માનસિક સુખ છે, તે નિરતિચાર ચારિત્રમાં માન્યું નથી; કારણ કે એ ભૂમિકામાં પણ પ્રશસ્ત કષાયના આવેગ હોય છે. બાર મહિના ચારિત્ર પાળવાથી આવી મનના સુખની પરાકાષ્ઠાની પ્રાપ્તિ સમતામાં રહેલા જીવોને થાય છે. ભગવાન મહાવીરે દીક્ષા લીધા પછી બાર મહિનામાં મનના સુખની પરાકાષ્ઠા પ્રાપ્ત કરી છે. પાછું આત્માનું સુખ તેનાથી પણ જુદું છે.

**સભા :-** *સમતા ક્યારે આવે ?*

**સાહેબજી :-** છઠ્ઠા સાતમા ગુણસ્થાનકની ઉપલી કક્ષામાં સમતા આવે. સમતાથી મનનો આનંદ વધતાં વધતાં બાર મહિને અપ્રતિમ સુખનો અનુભવ ચાલુ થઇ જાય છે. પાછું આ સુખ પણ બાયપ્રોડક્ટ કહેવાય છે. તેને આનુષંગિક સુખ કહ્યું છે. સાધનામાં ખરી આનંદની અનુભૂતિ તો આત્માનું સુખ છે, જેની પાસે પેલું સુખ પણ કાંઇ વિસાતમાં નથી; જેમ ખેતીમાં ઘાસ અનિવાર્યપણે ઊગે, પણ તેની કિંમત કાંઇ નહીં; ખરી કિંમત તો અનાજની છે. જો આનુષંગિક સુખ આવું હોય તો મૂળ આત્માનું સુખ કેવું હશે?

કદી વિચાર્યું છે ખરું ? પરંતુ તમે હજી આને સમજવા mentality(મનોવૃત્તિ) જ તૈયાર કરી નથી. તમને તો હજી એમ છે કે પ્રભુ તો જંગલમાં રખડતા હતા, ચારે બાજુ કષ્ટની ઝડીઓ વરસતી હતી. પ્રભુ મહાવીરે સાધનાકાળમાં અપાર દુઃખ વેઠ્યાં, તેથી તે વખતે આવા સુખની અનુભૂતિ હોય, તે તમારી બુદ્ધિ બહારની વાત છે; કારણ કે તમારી પાસે આંતરિક દૃષ્ટિ જ નથી. જેની પાસે આ દૃષ્ટિ હોય તે જ સમજી શકે. ભગવતીસૂત્ર, ઠાણાંગસૂત્ર આદિ આગમો અને અન્ય અનેક ગ્રંથોમાં લખાણ છે કે, જે મુનિ સમતા પામે, તેને શુભલેશ્યાજન્ય આવું આવું સુખ મળે.

તમને શરીરનું સુખ કઇ રીતે મળે તે બધી ખબર છે, તેમાં તો એક્સપર્ટ છો. અરે, ઇન્દ્રિયનાં સુખ પણ કઇ રીતે મળે તે ખબર છે, પરંતુ મનના કે આત્માના સુખના ઉપાયોની જ ખબર નથી.

જેમ ઇન્દ્રિય અને શરીરને અનુકૂળ-પ્રતિકૂળ વિષયો છે, તેમ મનના પણ અનુકૂળ-પ્રતિકૂળ વિષયો છે. તેમાંથી મળતા માનસિક સુખને વધારે મેળવવા શું કરવાનું ? જેટલું તમે મન ઉપશાંત કરો, અજંપા બહાર કાઢી દો, તેટલું માનસિક સુખ વધારે મળે. તપ-ત્યાગ-સંયમ પાળો, સામાયિક-પ્રતિક્રમણ કરો, ત્યારે શાતં બનો તેટલું માનસિક સુખ વધારે મળે. ધર્મથી મનનું સુખ મળે, પણ જો અધ્યાત્મના સુખની અનુભૂતિ ન મળતી હોય, તો તે ધર્મ મોક્ષમાર્ગની બહારનો છે.

ધ્યાન કરે ત્યારે ઘણા શાંતિ-પ્રસન્નતાનો અનુભવ કરે છે. તે વખતે જાણે ઘણા ઝંઝાવાતમાંથી મુક્ત થઇ ગયા હોય તેવું તેમને લાગે છે. તેમને મજાનો અનુભવ થાય છે. જોકે આવું પણ કોક સાધકને થાય છે, પણ આ આત્મિક સુખનો અનુભવ નથી.

ધર્મના ક્ષેત્રમાં પણ ચિત્તની પ્રસન્નતા પામનાર લોકો બહુ ઓછા છે. તેમને અનુભવ થતો નથી, ખાલી શ્રદ્ધાથી ધર્મ કરતા હોય છે. તેમને મનમાં એમ છે કે તેનાથી પુણ્ય મળશે, કર્મો ખપશે, કંઇક સારું થશે, આવી માન્યતા ઘણાની છે. પણ ધર્મ કરવાથી પ્રસન્નતા કે મનની શાંતિનો અનુભવ થાય તેવા પણ ઓછા છે. પરંતુ અમારે તો કહેવું છે કે આવો અનુભવ થતો હોય, તો પણ આત્મિક પ્રસન્નતા ન મળે.

**સભા :-** *માનસિક પ્રસન્નતા પામેલાને આત્મિક પ્રસન્નતા ન આવે ?*

**સાહેબજી :-** આવે પણ ખરી અને ન પણ આવે. જેમ અભવિના જીવો મનની

પ્રસન્નતા ઘણી પામે છે, નિરતિચાર ચારિત્ર પાળે ત્યારે તેમને મનનું સુખ કેવું હોય? તેમની પ્રકૃતિમાં જરા પણ ગુસ્સો-વિકાર ન હોય, પ્રતિકૂળ વિષયો આવે તો પણ ગુસ્સો ન કરે. ખાવામાં કદાચ લીમડાનો રસ નાખીને ભોજન આપે તો પણ ખાતાં લેશમાત્ર અરતિ ન થાય. છતાં આ જીવને આત્માની પ્રસન્નતા ન મળે, તેથી મોક્ષમાર્ગની ભૂમિકાની બહાર જ રહે છે.

**સભા :-** *"ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું".*

**સાહેબજી :-** તેના બે અર્થ કહ્યા છે. (૧) એક તો જેમાં સાથે આત્માનું સુખ ભળેલું જ હોય, અથવા (૨) આ ફળ આનુષંગિક હોય. મનની પ્રસન્નતા કઇ લેવાની? તે, કે જે આત્માના સુખ સાથે જડાયેલી હોય, અથવા તેના અનુષંગિક ફળરૂપે હોય. આપણાં શાસ્ત્રો નયવાદથી લખાયાં છે.

ઉપમિતિમાં પૂ. સિદ્ધર્ષિગણિએ લખ્યું છે કે, આ સંસારમાં પુણ્યના વિપાકવાળાને ભૌતિક સુખ મળે છે, પુણ્યરહિત જીવોને તે મળતું નથી; છતાં સાથે કહ્યું કે આ પુણ્યથી મળતાં સુખોનો આનંદ કોણ લઇ શકે ? તો કહ્યું કે, સમ્યગ્દષ્ટિ જીવ જ લઇ શકે. **પુણ્યાનુબંધીપુણ્યનો જેને ઉદય નથી, તેવા જીવોને સાચા અર્થમાં ભૌતિક સુખની અનુભૂતિ પણ ન થાય. સાચા સુખની અનુભૂતિ માટે લાયક તો સમ્યગ્દષ્ટિ જ છે, જ્યારે મિથ્યાદષ્ટિ જીવો લાયક નથી.**

એક બાજુ એમ કહો છો કે સમ્યગ્દષ્ટિ સંસારના સુખને દુઃખ માને છે, અને બીજી બાજુ એમ કહો છો કે સંસારનું ભૌતિક સુખ સાચા અર્થમાં સમ્યગ્દષ્ટિ જ મેળવી શકે, આમ કેમ ?

**સભા :-** *તાળો જ ક્યાં બેસે ?*

**સાહેબજી :-** તત્ત્વ બુદ્ધિમાં બેસાડવું પડે.

'ઉપદેશરહસ્ય'માં એક આખું ચેપ્ટર છે. તેમાં મિથ્યાદષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિના સુખની તુલના કરી છે. એવાં વેધક દૃષ્ટાંતો આપ્યાં છે કે બરાબર સમજી શકો તો આ વાત બુદ્ધિમાં બેસી જાય.

જેમ કોઇ માણસને ઝેર જાણતાં-અજાણતાં ખવડાવવામાં આવે, પછી તેના શરીરમાં તેની અસર થાય એટલે બેચેની લાગે, ગભરામણ થાય, પસીનો થાય, અંદરમાં વિહ્વળતા લાગે, નસો ખેંચાય, ઊલટીઓ થશે તેવું લાગે. હવે આવા વખતે તેની સામે સુંદર અપ્સરા મૂકો, સારાં માલપાણી ખવડાવો કે ચંદનના લેપ કરો, એરકન્ડિશનમાં બેસાડો, મખમલના ગાલીચા પાથરો, પાંચે ઇન્દ્રિયના ભોગથી તેને લાદી દો, એ જે માગે તે આપો; એ વખતે એને મજા આવે ખરી ?

**સભા :-** *કારણ મરણનો ભય છે.*

**સાહેબજી :-** તમને ચિંતા થઇ ગઇ. પણ આપણે ખાતરી આપીએ કે ભાઇ, આ ઝેરનો પ્રકાર એવો છે કે તેનાથી તું મરવાનો નથી. સારા ડોક્ટર-વૈદ્યોને સામે બેસાડી દઇએ, પછી કોઇ ચિંતા ખરી ? જાણે મોત સામે છે જ નહીં, આ ઝેરનું મારણ પણ છે એવો તેને વિશ્વાસ કરાવી દઇએ, પછી વિચારો કે તેને ભોગનો આનંદ કેમ ન થાય ?

**સભા :-** *કારણ અંદરથી બેચેન છે.*

**સાહેબજી :-** આવી ગયા ઠેકાણે. જે અંદરથી બેચેન છે તેને બહારનાં ગમે તેટલાં સુખ આપો, તે સુખ કેવાં ? તે superficial(ઉપર-ઉપરનાં) છે.

બીજા દૃષ્ટાંતમાં જેમ કોઇ ચાર ડિગ્રી તાવમાં કણસતો હોય ત્યારે કોઇ ટોપ લેવલનું મ્યુઝિક સંભળાવે, એરકન્ડિશનમાં તેને બેસાડે, ચંદનના લેપ કરે, ગુલાબજાંબુ કે રસગુલ્લાં તેની સામે મૂકે, બહારથી ગમતું બધું તેને આપીએ; પણ સાથે કહીએ કે તારે તાવ નહીં મટાડવાનો, તો શું થશે ? જેને અંદરથી ત્રાસ છે, તેને બાહ્ય સુખ કેવું ? તે સુખ superficial જ છે. તેને કદાચ બહારથી સુખ થાય તો પણ અંદર તો દુઃખી, દુઃખી ને દુઃખી જ રહેવાનો.

જેમ ધોમધખતો તાપ હોય, સૂર્ય જાણે આંખો ફાડીને તપતો હોય, તેની સખત ગરમીથી સરોવર-તળાવમાં સપાટીનું પાણી ગરમ થઇ ગયું હોય, વરાળ નીકળતી હોય, પણ તેમાં દસ ફૂટ નીચે જુઓ તો નીચેનું પાણી ઠંડું-શીતળ લાગે; તેમ સમ્યગ્દષ્ટિને શરીર-ઇન્દ્રિયની જે વેદના આવે, તે દુઃખ બહારનું છે; પણ તેને તે વખતે પણ અંદરમાં

ઠંડક હોય છે. જ્યારે મિથ્યાદૃષ્ટિને બહારના ભોગો આપો તો બહારથી સુખી થાય, પણ અંદરથી તો દુઃખી, દુઃખી ને દુઃખી જ રહેવાના.

તમારા જીવનમાં આ મુદ્દાને બરાબર સમજશો તો સુખી થઇ જશો. ધારો કે તમને ઈન્દ્રિય અને શરીરનાં સુખોથી દાટી દઇએ, પણ સાથે શરત એ કરવાની કે તમારું મન બેચેન રાખવાનું, તો મજા આવશે ?

જૈનેતરમાં એક દૃષ્ટાંત આવે છે કે, ઈશ્વર સાધનાથી પ્રસન્ન થઇ સાધકને વરદાન આપે છે; શરત એક જ છે કે, એક જ વસ્તુ જોઈતી માગી શકે, પણ બધું સાથે માગી શકે નહીં. એને થયું, પૈસાનું સુખ માગું. તમે હો તો અબજો જ માગો ને ? એણે સંપત્તિ માગી. હવે સંપત્તિ આવે પછી ઘરમાં ભાઈઓ હળીમળીને રહેતા હોય તે રહી શકે ખરા ? એટલે ઉત્પાત ચાલુ થયો. માટે તેને થયું, આ તો મોકાણ ચાલુ થઇ. ગમે તેટલી સંપત્તિ હોય, પણ જો કુટુંબમાં શાંતિ ન હોય તો ? જો કુટુંબમાં શાંતિ હોય પણ શરીર રોગનું ઘર થયેલું હોય તો શું થાય ? ન ખાઇ શકે, ન પી શકે. માટે શરીરનું સુખ પહેલું ગણાય છે. તમારા વ્યવહારમાં પણ કહે છે ને "પહેલું સુખ તે જાતે નર્યા." ત્યારે અમે આગળ વધીને કહીશું કે શરીર-કુટુંબ-સંપત્તિ-સત્તા બધું જ હોય, પણ જો મન બેચેન હોય તો બધું જ ધૂળધાણી થાય. માટે "પહેલું સુખ તે મનથી નર્યા" એમ હોવું જોઇએ. સારાંશ એ છે કે ભોગસુખમાં પણ આંતરિક સુખનું જ મહત્ત્વ વધારે છે. આ વાત તમને મનમાં બેસશે કે નહીં તે મને ખબર નથી, પણ જો બેસી જાય તો જીવનમાં માનસિક સુખ મેળવવા પહેલો પ્રયત્ન કરશો. આ ભૌતિક દૃષ્ટિએ વાત થઇ.

**જેને મનની સ્વસ્થતા હોય તેને ભૌતિક સુખ હોય, જ્યારે તત્ત્વદૃષ્ટિએ આત્માનું સુખ હોય તેને જ ખરું સુખ છે. આત્માનું સુખ નથી તેને બધું જ કચરા બરાબર છે અને આ મનાય તો જ આત્માના સુખનું મૂલ્ય દેખાય.**

**સભા :-** *મનનું સુખ પણ સમજાતું નથી.*

**સાહેબજી :-** તમારા જીવનને ચકાસવાનું ચાલુ કરો. તમારા અનુભવનું પૃથક્કરણ કરો. તમારા જીવનમાં ઘણા સારા-માઠા પ્રસંગો બન્યા હશે. જેમ શરીર તંદુરસ્ત હોય, મનગમતાં સુખ ભોગવી શકાતાં હોય, ત્યારે એક શોકજનક સમાચાર આવે કે સોદામાં

લાખ રૂપિયા ગુમાવ્યા, અથવા દીકરાને હોસ્પિટલમાં દાખલ કર્યો છે; તો આ સમાચાર મળતાં તમારી હાલત શું થાય ? સંસારનાં બધાં બાહ્ય સુખ કચરાના ટોપલામાં જાય ને ? હવે તેનું પ્રતિસ્પર્ધી વિચારો કે શરીર-ઈન્દ્રિય દુઃખમાં હોય, પણ મન પ્રસન્ન હોય તો- જેમ કે તમે તાવમાં કણસતા હો, ત્યારે સમાચાર મળે કે સોદામાં લાખ રૂપિયા કમાયા તો- ખુશ થઈ જાઓ ને ?

**સભા :-** *સાહેબજી, આત્માનું સુખ કેવી રીતે મેળવવું ?*

**સાહેબજી :-** તે મેળવવાની પણ આખી પ્રોસેસ છે. ટૂંકમાં સુખ મેળવવાની ભૌતિક પ્રક્રિયા છે, તેવી parallel આત્મિક પ્રક્રિયા છે. અહીંયાં પુદ્ગલના ભોગ છે, ત્યાં ચેતનના ભોગ છે. અહીંયાં પુદ્ગલના ગુણો છે, ત્યાં આત્માના ગુણો છે. અહીંયાં સાધન દેહ-ઈન્દ્રિય છે, આત્માના સુખમાં સાધન મન છે. સમાન પ્રક્રિયાથી જ આત્માના સુખમાં જવાય છે. પણ પહેલાં આ સુખ કચરા જેવાં લાગવાં જોઈએ.

**સભા :-** *આત્માનું સુખ મેળવવા નિરતિચાર ચારિત્ર કારણ ખરું ?*

**સાહેબજી :-** હા ખરું, તે મેળવવામાં તમામ મોક્ષમાર્ગની ભૂમિકા કારણ છે. જેમ સંસારનાં સુખ માણવા પહેરવું-ઓઢવું-ખાવું-પીવું બધી પ્રવૃત્તિ છે; તેમ આત્માનું સુખ મેળવવા સામાયિક-પ્રતિક્રમણ-તપ-ત્યાગ-સંયમ વગેરે પ્રવૃત્તિ છે. આ બધાં અનુષ્ઠાન આત્માનાં સુખ ને મનનાં સુખને માણવા માટેના ઉપાય છે. તમને અત્યારે આ બધામાં કષ્ટ દેખાય છે તે ભ્રમ છે, પરંતુ બાહ્ય કષ્ટ સાથે આંતરિક ગુણોનો આસ્વાદ છે. હકીકતમાં વિચાર કરો, જો તમને ઉપવાસ કરતાં આવડે તો ત્યારે આવેગો શાંત થવાના જ. જકાર સાથે બોલું છું. ખાઈ-પીને કોઈના વિકાર શાંત થાય તે સંભવિત નથી. હવે જેટલા મનના આવેગ શમ્યા તેટલી મનની શાંતિ મળે છે. તેમ માનસિક સુખ સાથે ધર્મઅનુષ્ઠાનમાં આત્મિક સુખ આવે છે. કારણ કે આ આત્માની ભોગક્રિયા છે. સામાયિક-પ્રતિક્રમણ એ પૂર્ણ આત્માના ભોગની આંશિક ઝાંખી કરાવનારી ક્રિયા છે.

# ૧૬

શ્રાવણ સુદ ચોથ, તા.૩૧-૭-૯૫ સોમવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતનો પ્રત્યેક જીવ મુક્તિના પ્રણિધાનને પ્રાપ્ત કરે તે માટે ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જીવ જ્યારે પરિપૂર્ણ સાધના કરશે, ત્યારે મોક્ષપદને પ્રાપ્ત કરશે. પણ તેને પ્રાપ્ત કરવા માટે તેમાં સ્ટેજ તરીકે, કક્ષા તરીકે જુદા જુદા તબક્કા છે, પણ પહેલાં અંતિમ ધ્યેય બાંધવાનું છે.

## ધર્મનો પાયો મોક્ષનું પ્રણિધાન :

ધર્મ શા માટે છે ? ધર્મ કરી શું મેળવવા જેવું છે ? શું છોડવા જેવું છે ? ધર્મ શું ચીજ છે ? એનો પાયામાંથી ઊહાપોહ કરો, પરામર્શ કરો, ચિંતન કરો તો બુદ્ધિમાં બેસી જાય કે મુક્તિ જ મેળવવા જેવી છે. આત્માની શાશ્વત ઝંખનાને પરિપૂર્ણ કરવી તેનું નામ મોક્ષ છે. **મોક્ષનું પ્રણિધાન કરવું તે ધર્મના ક્ષેત્રમાં પાયાની વસ્તુ છે. પુરુષાર્થ દ્વારા મોક્ષ જ મેળવવા લાયક છે તેવો સંકલ્પ ઊભો થાય તે જ પ્રણિધાન છે. જેમ સંસારમાં શ્રીમંતાઈનો સંકલ્પ છે, તેમ ધર્મના ક્ષેત્રમાં મુક્તિનું પ્રણિધાન છે.**

મોક્ષનું પ્રણિધાન કર્યું હોય એટલે શું મોક્ષ મોક્ષ એમ રટણ કરવાનું ? ઘણા લોકો કહે છે કે સાધુ પાસે જઈએ એટલે ખાલી મોક્ષની વાતો કરે, જે હાથમાં આવે તેમ નથી; અથવા મર્યા પછીના પરલોકની વાતો કરે, પણ અત્યારે આ લોકમાં સુખી કેમ બનવું તેની સમજણ સાધુઓ આપતા નથી. પરંતુ અમે એવું કહેતા નથી કે હમણાં જ મોક્ષ પામી લો, કે પરલોકની તૈયારી કરી લો. પરંતુ અમારું તો એટલું જ કહેવું છે કે સાધના દ્વારા અંતિમ ધ્યેય પામવાનો નિર્ણય કરવાનો છે, બાકી તાત્કાલિક તો અંતિમ ધ્યેય પામવા માટે જે ક્રમસરનાં ધ્યેય છે, તેને પ્રારંભથી પ્રાપ્ત કરવાનાં છે. દા.ત. જેમ હાઈસ્કૂલના છોકરાને M.D.(ડૉક્ટર) બનવું છે, તો શું સીધો M.D.

ના ક્લાસમાં બેસી જાય ? કે અત્યારે હાઈસ્કૂલમાં જાય, પછી કોલેજમાં જાય અને છેલ્લે M.D.માં પહોંચે ? પણ અત્યારે મહેનત શેની ? તો M.D.ના સંકલ્પપૂર્વક હાઈસ્કૂલની. તેવી જ રીતે પહેલાં મોક્ષનું ધ્યેય બાંધવાનું કહીએ છીએ. ડાહ્યો માણસ એને કહેવાય કે એના પુરુષાર્થ દ્વારા એને શું મેળવવું છે તેનું ધ્યેય નક્કી હોય. **અત્યારે મોક્ષને લાયક ઉપલી કક્ષાના ગુણ કેળવવાના નથી, પરંતુ નીચલી કક્ષાના ગુણો જ પહેલાં કેળવવાના છે; કેમ કે ગુણપ્રાપ્તિ ક્રમબદ્ધ છે, અક્રમબદ્ધ નથી.**

અમે કહીએ કે વર્તમાન મનુષ્ય જીવનમાં અંતિમ ધ્યેય સાધુપણું છે, પરંતુ શક્તિ ન હોય તો અત્યારે શ્રાવકાચાર બતાવીએ છીએ. એટલે વર્તમાનમાં પુરુષાર્થ તો શ્રાવકપણાનો કરવાનો છે કે, જેમાં આ લોકમાં સુખી જીવન કઇ રીતે જીવવું તેનો ઉપદેશ ગર્ભિત રીતે સમાયેલો જ છે. માત્ર મોક્ષનું પ્રણિધાન કરવાનું પહેલાં કહીએ છીએ, પણ તેને મેળવવાના પુરુષાર્થની વાત તો ક્રમબદ્ધ છે. જેમ છોકરાઓને હાઈસ્કૂલમાં લાઇનો divide થતી(બદલાતી) હોય ત્યારે આપણે કઇ લાઇનમાં જવું છે તે પહેલાં નક્કી કરવું પડે, તેવી જ રીતે ધર્મના ક્ષેત્રમાં અંતે શું મેળવવું છે, તે અંતિમ ધ્યેય તરીકે પહેલાં નક્કી કરવાનું આવશે.

## મોક્ષનો પરિચય :

હવે જેને મોક્ષ મેળવવો છે તેણે મોક્ષની સમજ મેળવવી પડે, તેનું સ્વરૂપ જાણવું પડે. મોક્ષમાં શું છે ? તો મોક્ષમાં આત્મગુણોનો આસ્વાદ છે. જેમ સંસારમાં જીવ જડના ગુણોમાં રાચે છે, તેમ મોક્ષમાં આત્માના ગુણોમાં રમવાનું છે. અત્યારે પણ તમારી રમણતા ચાલુ છે. તમારી ચેતના કોઇ ને કોઇ વસ્તુમાં રમવા મથતી હોય છે અને એના સ્વાદનો અનુભવ મેળવવા પ્રયત્ન કરતી હોય છે. ભૌતિક જગતમાં જડના સારા સ્વાદ, સારી સુગંધ, સારા સ્પર્શ અનુભવવા ચેતના પ્રયત્ન કરે છે; તેમ મોક્ષમાં ચેતનાએ આત્મગુણોમાં આસ્વાદરૂપ રમણતા કરવાની છે. અત્યારે મોક્ષમાં જે સુખ છે, તે સુખનો આત્મામાં કણ પણ પ્રકટાવો તો ખ્યાલ આવી જાય કે ત્યાંની મજા કેવી હશે ! તેને તો સમજાવવાનું પણ ન રહે કે મોક્ષનું સુખ કેવું હશે ! દા.ત. સાકરના એક કણની મીઠાશના અનુભવથી આખી સાકરની મીઠાશ કેવી હશે તે જાણી શકાય; તેમ તમે થોડો ઉપશમરસ-શાંતરસનો સ્વાદ ચાખો, ત્યારે આપમેળે થાય કે

અહીંયાં જો આટલો સ્વાદ છે, તો મોક્ષમાં કેટલો સ્વાદ હશે ! પરંતુ તે જાણવા માટે પહેલાં કણિયાનો સ્વાદ ચાખવો પડે. તમે કણિયા જેટલો સ્વાદ ચાખ્યો નથી, માટે લૂખા ફરો છો. તેથી જ અંદરમાં અજ્ઞાનતામૂલક ભયંકર-ભેંકારપણું લાગે છે. પણ આ ભવમાં સાધના દ્વારા થોડી અનુભૂતિ ચાલુ કરો, આગળ સહુથી પરાકાષ્ઠાની અનુભૂતિ છે.

પ્રયોગ તરીકે તમે એક વખત એક કલાક અશુભ ભાવ કરો અને એક વખત એક કલાક શુભ ભાવ કરો. બેઉની અનુભૂતિથી શું તફાવત પડે છે, તે જોઇ જુઓ. તમને જેના પ્રત્યે મનમાં પ્રતિસ્પર્ધી-હરીફ જેવો ભાવ હોય, તેના માટે એક કલાક ઈર્ષ્યા કરો, અને પછી તેના પ્રત્યે જ મૈત્રીનો ભાવ કરો; અને ત્યારબાદ તમારી અનુભૂતિનું પૃથક્કરણ કરો. જ્યારે ઈર્ષ્યા હતી ત્યારે શું અનુભૂતિ હતી ? અને જ્યારે મૈત્રી કરી ત્યારે કેવી શાંતિ મળી ? આ પ્રયોગ તમારે જાતે કરવાનો છે. આવા તો ઘણા ભાવો છે. જેમ, એક વાર લોભની વૃત્તિ કેળવો અને એક વાર ઉદારતાના ભાવ કેળવો. પછી વિચારો, શાંતિ શેમાં છે ? અને અશાંતિ શેમાં હતી ? સંતાપ શેમાં હતો ? સ્વસ્થતા શેમાં છે ? આ બધું સ્વાનુભૂતિથી જ નિર્ણય કરવાની વાત છે. દોષમાત્ર દુઃખરૂપ છે, ગુણમાત્ર સુખમય છે. આ વાત ગળે ઉતારવા અખતરા ચાલુ કરો, અને પછી જે પરિણામ આવે તે વિચારી નિર્ણય કરો.

પૂજ્ય હરિભદ્રસૂરિએ વિષયવાર વીસ વીસ શ્લોકનો વિંશતિવિંશિકા ગ્રંથ લખ્યો છે. આપણે જે યોગવિંશિકા વાંચીએ છીએ, તે સત્તરમી વીસી છે. એની જે વીસમી વીસી છે, તેમાં મુક્તિના સુખનું તેમણે વર્ણન કર્યું છે કે સિદ્ધ ભગવંતનું અવ્યાબાધ-અનુપમ સુખ કેવું છે !

શિષ્યે પ્રશ્ન કર્યો કે મોક્ષ-મોક્ષ કરો છો, પણ તેની વ્યાખ્યા તો બતાવો, મોક્ષ ચીજ શું છે ? **મોક્ષ કોઇ જગ્યા નથી. તે આત્માની કર્મરહિત અવસ્થા છે. જીવ ઉપર જાય તેનું નામ મોક્ષ નથી, મોક્ષ તો અહીંયાં મર્ત્યલોકમાં થાય છે. સર્વ બંધનથી મુક્તિ, તેનું નામ મોક્ષ.** મહાવીર પ્રભુને સર્વ કર્મનો ક્ષય થયો એટલે પાવાપુરીમાં જ મોક્ષ પામ્યા. તે જગ્યાએ મુક્તિની પ્રાપ્તિ થઇ. કર્મના ભારથી હલકા થવાના કારણે સહજ ઊર્ધ્વગતિશીલ સ્વભાવથી જીવ સિદ્ધશિલાની પણ ઉપર જાય છે; પણ તે સિદ્ધશિલા

એટલે મોક્ષ નથી. આપણે અનંતીવાર સિદ્ધશિલા પર જન્મ્યા છીએ, મર્યા છીએ; છતાં પણ એમ ને એમ રખડી રહ્યા છીએ.

**સભા :-** *નિગોદના જીવ તરીકે સિદ્ધશિલા ઉપર જઈ આવ્યા છીએ ?*

**સાહેબજી :-** હા, અનંતા નિગોદના જીવો સિદ્ધશિલા પર છે. આપણે એકેંદ્રિય પૃથ્વીકાય, અપકાય બધામાં ઉત્પન્ન થઈ આવ્યા છીએ. સિદ્ધ ભગવંતો સિદ્ધશિલાથી થોડા ઉપર છે. લોકાગ્ર ભાગમાં છે. ત્યાં આપણે અનંતીવાર જન્મ લીધા છે. જગ્યા સાથે મોક્ષ ન મનાય, પણ **કર્મરહિત આત્માની અવસ્થા, તેનું નામ મોક્ષ.** વળી, સ્પષ્ટ વ્યાખ્યા કરતાં લખ્યું કે **બધા સુખોનો સરવાળો તેનું નામ મોક્ષ, બધા દુઃખોની ગેરહાજરી તેનું નામ મોક્ષ.**

**સભા :-** *સિદ્ધશિલા પર તિર્યંચના જીવો હોઈ શકે ?*

**સાહેબજી :-** ઝાડ, પાન, વનસ્પતિ, એકેંદ્રિય તે બધા તિર્યંચ પણ કહેવાય.

મૂળ કહેવાનું તાત્પર્ય એ છે કે **તમામ સુખોનું એકીભૂત પીંડ, તેનું નામ મોક્ષ.** જ્યાં લેશમાત્ર દુઃખની હાજરી નથી. તમામ પ્રકારનાં દુઃખોનો સરવાળો તેનું નામ સંસાર. તમામ પ્રકારનાં સુખોનો સરવાળો તેનું નામ મોક્ષ. માટે બુદ્ધિથી વિચારજો, દુઃખ શું છે ? સુખ શું છે ? **પરાધીનતા તે દુઃખનું કારણ છે, સ્વાધીનતા તે સુખનું કારણ છે. મોક્ષમાં પરાધીનતાનું નામ નથી, પૂર્ણ સ્વાધીનતા છે.** ભયમાં સુખ કે નિર્ભયતામાં સુખ ? મોક્ષમાં કોઈ જાતનો ભય નથી, નિર્ભયતાની પરાકાષ્ઠા છે. નાસ્તિકને પૂછશો તો પણ આ પ્રશ્નનો આ જ જવાબ આપશે. સંપૂર્ણ નિર્ભયતા મોક્ષમાં છે, માટે ત્યાં સુખ છે. અનેક પ્રકારના ભય સંસારમાં છે, માટે અહીંયાં દુઃખ છે. એ જ રીતે વિચારશો કે સ્થિરતામાં સુખ કે અસ્થિરતામાં સુખ ? જો કે તમને તો અસ્થિરતામાં સુખ લાગશે. કારણ તમને દોડધામમાં જ મજા આવતી હોય છે, મહેનત કરવાની ટેવ પડી ગઈ છે. કારણ બેઠાં બેઠાં તમને મનગમતું સુખ મળતું નથી. પરંતુ સોફા પર બેઠા જ બધું હાજર થઈ જતું હોય તો તમે ઊભા પણ ન થાઓ. તેથી અસ્થિરતામાં દુઃખ છે, સ્થિરતામાં સુખ છે. સંસારમાં પ્રતિક્ષણ અસ્થિરતા છે, મોક્ષમાં પ્રતિક્ષણ શાશ્વત સ્થિરતા છે. તેમ એક-એક પાસા ગોઠવશો તો ખ્યાલ આવશે કઈ અવસ્થામાં

દુઃખ છે, કઈ અવસ્થામાં સુખ છે. જેમ ધીરતામાં સુખ કે અધીરાઈમાં સુખ ? તમને શેમાં સુખ લાગે છે? વાસ્તવમાં ધીરતામાં સુખ છે, અધીરાઈમાં દુઃખ છે. મોક્ષમાં પરમ ધૈર્ય છે. માટે જે વ્યક્તિ મોક્ષમાં જાય તેને પરાકાષ્ઠાના સુખનો સ્વાદ મળે છે.

અત્યારે અહીંયાં તે કક્ષાના ગુણોનો સ્વાદ ન મળે, પણ નમૂના તરીકે પ્રાથમિક કક્ષાના ગુણોનો અનુભવ કરી જુઓ તો અંદાજ આવે કે આટલામાં આટલી મજા તો પરાકાષ્ઠામાં કેટલી મજા ? પછી તો ગુણાકાર જ કરવાનો રહેશે. સુખનું કારણ આ ભાવો છે. તે ભાવો જેમ જેમ વધતા જાય તેમ તેમ મોક્ષની નજીક પહોંચશો અને પરાકાષ્ઠાનું સુખ પ્રાપ્ત થાય ત્યારે મોક્ષે પહોંચશો. તમને મોક્ષ સમજવામાં ક્યાં ગૂંચ નડે છે તે સમજાતું નથી. આ તો સીધું તત્ત્વ છે.

અજ્ઞાનમાં સુખ કે જ્ઞાનમાં સુખ ? સંસારમાં જે ક્ષેત્રમાં અજ્ઞાન છે, ત્યાં તમને મુશ્કેલી નડે છે. દરેક ક્ષેત્રની જાણકારી હોય તો તમે રાજી. ગમે છે શું ? દરેક વ્યક્તિને જ્ઞાન જ ગમે છે. તે પણ મહેનત વગર મળતું હોય તો.

**સભા :-** *અજ્ઞાનને આશીર્વાદરૂપ કેમ કહ્યું ?*

**સાહેબજી :-** શાસ્ત્રમાં કહે છે કે જેનામાં વિકારો વકરેલા હોય, તેને જ્ઞાન પેદા થાય તો મહાત્રાસરૂપ થાય. જે માણસને મનની શાંતિ નથી, આવેગો ખદબદી રહ્યા છે, તેવા માણસને જ્ઞાન વધશે તો સંતાપ વધશે. જેમ, તમારે ત્યાં ટી.વી. છાપાં વગેરે આવ્યાં, એટલે સવારથી સંતાપ ચાલુ થાય. જેમ છાપામાં વાંચો કે અમેરિકામાં આમ થયું, તો બેઠાં બેઠાં સંતાપ વધવા માંડે. ન લેવા ન દેવા, છતાં પણ આખી દુનિયાના સમાચારોથી તમારા મનના સંતાપો વધારશો. ભૂતકાળમાં આ બધાનું અજ્ઞાન હતું માટે સુખેથી રહેતા હતા. અત્યારે તમારું જ્ઞાન વધ્યું પણ કેવું અજંપાવાળું !

**સભા :-** *પણ સાહેબ, આને તો જ્ઞાન ન જ કહેવાય ને ?*

**સાહેબજી :-** બરાબર, પણ વ્યવહાર ભાષામાં જ્ઞાન જ કહેવાય, સમ્યગ્જ્ઞાનના અર્થમાં ભલે જ્ઞાન ન કહેવાય.

તાત્પર્ય એ છે કે ઘણી વસ્તુનું અજ્ઞાન છે, માટે તમને શાંતિ છે. જ્ઞાન પચાવવાની શક્તિ-ગંભીરતા ન આવે અને જ્ઞાન વધે તો હાય-તોબા પોકારી જાઓ. તમને જાતિસ્મરણ

નથી થતું તે સારું છે, પણ જો થાય તો હાય બાપ, હાય મા કરો. અત્યારે કોઈનો હીરાનો નેકલેસ-વીંટી જુઓ તો મનમાં ગલીપચી થાય; પણ ખરેખર ખબર પડે કે ગયા ભવમાં દેવલોકમાં આવી સુખ-સમૃદ્ધિ, અપ્સરાના ભોગો મારી માલિકીના હતા; તો પોક મૂકીને રડવા લાગો. તેથી જાતિસ્મરણ ન થાય તે સારું છે. જ્ઞાન પ્રાપ્ત થયા પછી, વિવેક કે પચાવવાની તાકાત ન હોય તો સ્વપરને ત્રાસરૂપ થાય. માટે આવા જીવોને અજ્ઞાન આશીર્વાદરૂપ થાય. અને બીજો અર્થ એ કર્યો છે કે જો અજ્ઞાન જ હોય તો કોઈ જાતની પંચાત નહીં, માનસિક પરિશ્રમ નહીં, માટે મૂર્ખા રહેવામાં મજા.

પરંતુ તમને કોઈ હોશિયાર કે ડાહ્યાનું બિરુદ આપે તે ગમે, કે બોઘાનું બિરુદ આપે તે ગમે ? સંસારમાં તમે અજ્ઞાની દેખાઓ તો ભોંઠપનો અનુભવ થાય છે, માટે તમને જ્ઞાન ગમે છે. વળી સમ્યગ્જ્ઞાન પીડાનું કારણ નથી. ઊલટું આનંદદાયક છે. અહીંયાં જે જ્ઞાન છે, તેના કરતાં મોક્ષમાં જ્ઞાનનું અનંતું સુખ છે. તે મળે તો ગમે કે નહીં ? હકીકતમાં નિર્મળ જ્ઞાન સુખની અનુભૂતિ જ કરાવે છે. તમારામાં અત્યારે બળ છે, તેનાથી બળ વધે તો રાજી કે નબળા બનવામાં રાજી ? મોક્ષમાં અનંતવીર્ય છે, માટે અનંતસુખ છે. કોઈપણ પાસાથી સુખની પરાકાષ્ઠા વિચારશો તો મોક્ષમાં જ આવશે, અને તેનાથી વિરુદ્ધ પાસું સંસારમાં હશે.

મોક્ષમાં બધા સુખની સામગ્રી હાજર છે, મોક્ષમાં બધા દુઃખની સામગ્રી ગેરહાજર છે. છતાં આવો મોક્ષ ન ગમે તેને મૂર્ખો કહેવો, બુદ્ધુ કહેવો કે બિચારો કહેવો ? જેને મોક્ષના સુખનું સ્વરૂપ ન સમજાય તેની બુદ્ધિ તીક્ષ્ણ થઈ નથી. વળી અત્યારે જેણે સંસારનું સુખ કંઈક માણ્યું છે, તેને દુનિયાનું બધું સાંસારિક સુખ મળવાનું નથી, છતાં તમામ સાંસારિક સુખનું તેને પ્રણિધાન છે કે નહીં ? તેમ મોક્ષના સુખની આંશિક અનુભૂતિરૂપે ખાતરી થાય, તો પ્રણિધાન અવશ્ય આવે. ગુણનો અદ્વેષ આવ્યા પછી મોક્ષની જિજ્ઞાસા, એટલે મોક્ષ માટે ઊહાપોહ ચાલુ થાય.

તમને કોઈ કહે કે હાઈસ્કૂલમાં જવાથી ડોક્ટર નથી બનાતું, કોલેજમાં જવાથી બનાય છે; તો હાઈસ્કૂલમાં શું કામ ભણો છો ? પણ હાઈસ્કૂલમાં પાસ થશો તો જ કોલેજમાં જવાશે અને પછી જ ઊંચી કક્ષામાં પ્રવેશ મળશે. તેમ તમામ ભૂમિકાની ક્રમિક સાધના દ્વારા જ મોક્ષની સિદ્ધિ મળવાની છે. તેથી પ્રત્યેક ભૂમિકાની સાધના

આવશ્યક છે. મોક્ષ એ તો અંતિમ લક્ષ છે. અત્યારે તો અમે તમને વીતરાગ બનવાનું પણ નથી કહેતા કે કેવલજ્ઞાની બનવાનું પણ નથી કહેતા અને મોક્ષે પહોંચવાનું પણ નથી કહેતા. વીતરાગતા વગર કેવળજ્ઞાન ન આવે, કેવળજ્ઞાન વગર મોક્ષે ન જવાય; છતાં જ્યારે વીતરાગ બનવાનું પણ નથી કહેતા, તો અમે ઉપદેશ શેનો આપીએ છીએ ? શક્યનો જ ઉપદેશ અપાય, અશક્યનો ન જ અપાય. અત્યારે તમારા માટે જે શક્ય ધર્મ છે, તેની જ અમે પ્રેરણા કરીએ છીએ. એટલે અમે એવું પણ કહેતા નથી કે તમે હમણાં ને હમણાં સાધુ થઇ જાઓ. અરે ! તમારે ખરેખર દીક્ષા લેવી હોય તો પણ, પહેલાં અમે તમને તપાસીએ, પછી જ દીક્ષા આપીએ. તેથી અત્યારે અમારા ઉપદેશમાં તાત્કાલિક મોક્ષ પામવાની વાત નથી, પણ મોક્ષના ધ્યેયની વાત છે. માટે જ વારંવાર કહીએ છીએ કે પહેલાં મોક્ષનું ધ્યેય બાંધો, મોક્ષનો રાગ કેળવો. હકીકતમાં વીતરાગ બનવા માટે તો રાગ તોડવો જોઇએ. છતાં અમે ઉપદેશમાં કહીએ છીએ કે વીતરાગનો રાગ કેળવો. રાગ છોડવાની વાત નથી, ઊલટું કરવાની વાત છે. કારણ કે આપણો ધર્મ practical છે. ઉપદેશમાં વિચાર કર્યા વગર ઠોકે રાખીએ તેવું નથી.

જીવનમાં સાધુતાને આદર્શ તરીકે બતાવીએ છીએ, પણ શક્તિનો વિચાર કર્યા વિના દીક્ષા જ લઇ લો, તેમ નથી કહેતા; પરંતુ આદર્શ તરીકે મનમાં રાખવાનું કહીએ છીએ કે આ જ સારું છે, આ જ મેળવવા જેવું છે. આપણે ત્યાં બે પ્રકારના ઉપદેશ છે : (૧) સારી વસ્તુ ગમાડવા માટેનો ઉપદેશ છે, (૨) સારી વસ્તુના આચરણ માટેનો ઉપદેશ છે. મોક્ષ ગમાડવા માટે અમે સ્પષ્ટતાપૂર્વક તમામ પાસાંથી સુંદર રીતે તેનું વર્ણન કરીએ છીએ, અને તેને આદર્શ તરીકે-ધ્યેય તરીકે બતાવીએ છીએ. પરંતુ તેને પ્રાપ્ત કરવાના ઉપાય તરીકે પહેલાં બતાવીએ સાધુતા, પછી વીતરાગતા, પછી કેવળજ્ઞાન, પછી મોક્ષ. પણ આચરણની વાત આવે ત્યારે પહેલાં બોધિબીજ પામો, આ જ પ્રાથમિક વાત છે. કારણ કે તેના વિના ઉપરની કક્ષા માટેનો સીધો પુરુષાર્થ નિરર્થક ગણાશે. વળી, બોધિબીજ અને મુક્તિની અભિલાષાને પરસ્પર interconnection(જોડાણ) છે.

**જેનામાં મુક્તિનો રાગ છે, તેનામાં પરમાત્માનો રાગ છે; જેનામાં પરમાત્માનો સાચો રાગ છે, તેની પરમાત્માની ભક્તિ સાચી છે; જેનામાં પરમાત્માની સાચી ભક્તિ**

**છે, તે જ બોધિબીજ પામે છે. જો તમને પરમાત્માનો સાચો રાગ છે તેવો તમે દાવો કરતા હો, તો તમે બોધિબીજ પામી ગયા છો.** પરંતુ પરમાત્માનો સાચો રાગ છે એટલે શું ? ભગવાનનું મોં ગમે છે ? તેમનો પ્રભાવ ગમે છે ? શું ગમે છે ?

**સભા :-** *સાહેબ, ગુણો ગમે છે.*

**સાહેબજી :-** પાકું વિચારીને બોલજો. જો ગુણો ગમે છે તો એનો મતલબ તેના વિરોધી દોષ નથી ગમતા ને ? જે ગુણ ગમે છે તેના વિરોધી દોષ પ્રત્યે ભારોભાર અણગમો છે ?

આપણા શાસનમાં પરમાત્મા એટલે વીતરાગ. આંતરિક કષાયો જેણે જીત્યા છે, તે વીતરાગ. માટે વીતરાગતા ગમે છે એટલે તમને રાગ-દ્વેષ નથી ગમતા. તમારે હૃદયથી કહેવું પડે કે જ્યારે રાગ થાય છે, ત્યારે પીડાનો અનુભવ થાય છે ? બેચેન થાઓ છો ? રાગદશા સાલે છે ? આ રાગદશાથી ક્યારે મુક્ત થાઉં તેવી ઝંખના રહે છે ? તમે પ્રામાણિકતાથી બોલજો કે આવા ભાવ થાય છે ? ક્યારેય પણ તમારા મોંમાંથી આવા બોલ નીકળ્યા છે ખરા ?

તમારા મનમાં સેંકડો પ્રકારના રાગ છે. જેમ કે રૂપાળો દીકરો આવે, તમારી પાસે વિનયપૂર્વક બેસે, તો તમને વહાલ થાય, અનુરાગ થાય, ત્યારે એમ થાય કે આના પ્રત્યેના મોહથી રિબાઇ રહ્યો છું ? કે પછી ટેસ્ટ આવે છે ? માટે હજુ રાગ પ્રત્યે અણગમો નથી. તો પછી દાવા સાથે કેમ કહી શકો કે વીતરાગ માટે રાગ છે ?

વીતરાગની ભક્તિ કરવી સહેલી છે, પરંતુ વીતરાગને હૃદયમાં વસાવવા સહેલા નથી. મંદિરમાં પધરાવવા સહેલા છે, પરંતુ હૃદયમાં પધરાવવા સહેલા નથી. મંદિરમાં વીતરાગને પધરાવો પણ હૃદયમાં ન પધરાવો તો તેનું મૂલ્ય ઓછું થઇ જાય. અમે તેને સાવ નકામું નથી કહેતા, પણ મૂલ્ય ઓછું થઇ જવાનું.

તમને કોઇ અંતરની પ્રીતિથી જમાડે અને કોઇ ઔપચારિક પ્રીતિથી જમાડે, તો તમને સંતોષ શેમાં થાય ? રસ વગર પરાણે જમાડે, ભલે પછી માલપાણી ખવડાવે, તો પણ સંતોષ ખરો ? જ્યારે બીજો તમને જોઇને રાજી રાજી થઇ જાય અને અંતરની પ્રીતિથી સાદું જ ભોજન કરાવે, તો પણ આનંદ થાય ને ? તેવી રીતે અહીં અંતરની પ્રીતિ અને ઔપચારિક પ્રીતિમાં તફાવત પડી જશે.

## મોક્ષના પ્રણિધાનમાં તમામ ગુણોનું પ્રણિધાન :

માટે કહીએ છીએ કે પ્રણિધાન લાવો. પરમાત્માના ભક્ત બનવા માટે મોક્ષનું પ્રણિધાન અવશ્ય કરવું જોઇએ. **જેને મોક્ષનું પ્રણિધાન હોય તેને તમામ ગુણોનું પ્રણિધાન અવશ્ય હોય. જેને ગુણ સાથે વિરોધ છે, તેને મોક્ષ સાથે વિરોધ જ હોય. જો ગુણ ગમતા હોય, ગુણ સાથે સુમેળ હોય, તેને મેળવવાનો તલસાટ-અભિલાષા હોય, તો તે વ્યક્તિ જ મુક્તિનું પ્રણિધાન કરવાને લાયક છે.**

મોક્ષના પ્રણિધાનમાં તમામ ગુણોનું પ્રણિધાન આવી જાય છે. જેને મોક્ષે જવું છે તેણે કહેવું પડે કે મને હિંસા નહીં પણ અહિંસા ગમે છે. જેને હિંસા જ ગમે છે, તેને સંસાર ગમે છે; જેને અહિંસા ગમે છે તેને મોક્ષ ગમે છે. તમને હિંસા સાથે અણબનાવ છે ? અહિંસા સાથે મેળ છે ? ના, કારણ કે જીવનમાં હિંસા પણ ગમે છે, તમે પૂર્ણ અહિંસાના રાગી નથી.

જેને સત્ય ન ગમે, તેને પૂર્ણ સત્યસ્વરૂપ મોક્ષ ન ગમે. જ્યાં અસત્યનો પડછાયો પણ હોય, ત્યાં મોક્ષ કહી શકાય નહીં. એક પણ ગુણ ગમવામાં કચાશ આવે, તેને મોક્ષ સાથે અનુસંધાન નથી.

મોક્ષનું પ્રણિધાન આવ્યું તેને તમામ ગુણોનું પ્રણિધાન આવ્યું કહેવાય. તમને નીતિ, ન્યાય, પ્રામાણિકતા ગમે છે ? તો સંપૂર્ણ ન્યાયમય-નીતિમય જીવન મોક્ષમાં છે.

તમે અનીતિ કોને માનો છો ? તમારી દૃષ્ટિએ વ્યાપારમાં ઘરાક સાથે લુચ્ચાઇ કરવી તે અનીતિ; પરંતુ મોટર લઇને જતાં તમારાથી ટાયર નીચે એક કીડી ચગદાઇ ગઇ, તો તેને તમે અનીતિ માનો ખરા ? તે તમને કાંઇ કરડવા આવી હતી ? છતાં તમે તેનું જીવન લૂંટી લીધું. કોઇના ૫૦ રૂપિયા લૂંટી લેવા તે મોટી અનીતિ નથી, પણ કોઇનું જીવન લૂંટી લેવું તે તો મહાઅનીતિ છે. જેને સાચા અર્થમાં નીતિ ગમતી હોય તેને મોક્ષ ગમ્યા વગર રહે નહીં.

**સભા :-** *સાધુથી પણ કીડી તો મરે જ છે ને ?*

**સાહેબજી :-** સાચો સાધુ સ્વાર્થથી કોઇ જીવને હાનિ પહોંચાડતો નથી. તેનાથી થતી હિંસા દ્રવ્યહિંસા છે. નિરતિચાર ચારિત્ર પાળનારા સાધુ પણ વિહાર કરે-બોલે ત્યારે પૃથ્વીકાય-વાયુકાય વગેરેની હિંસા થાય. ઉપરાંત જયણાપૂર્વક ચાલે તો પણ તેનાથી આકસ્મિક કોઇ ત્રસ જીવો મરે. પરંતુ તે દ્રવ્યહિંસા છે, અને માત્ર દ્રવ્યહિંસાથી કોઇ પાપ બંધાતું નથી. સાધુપણામાં કોઇપણ જીવ સાથે વર્તન અન્યાયપ્રેરિત નથી અને સ્વાર્થપ્રેરિત પણ નથી. બની શકે તેટલું ન્યાયી વર્તન જ છે. જો અન્યાયી વર્તન હોય તો સાધુનું જીવન નિષ્પાપ જીવન કહેવાય જ નહીં. ચૌદમા ગુણસ્થાનક સુધી દ્રવ્યહિંસા માની છે. કેવળીને પણ દ્રવ્યહિંસા માની છે. સર્વ પ્રકારે અહિંસાની પ્રાપ્તિ તો મોક્ષમાં જ છે.

**સભા :-** *ચૌદમા ગુણસ્થાનકે દ્રવ્યહિંસા કઈ રીતે ?*

**સાહેબજી :-** શૈલેશીકરણમાં હોય તે વખતે પવનથી મચ્છર આવીને જોરથી પીઠ સાથે અથડાય અને મરી જાય, તો તેમના દેહ દ્વારા તે હિંસા થઇ. તે દ્રવ્યહિંસા થઇ કહેવાય. જૈનદર્શનમાં હિંસા-અહિંસાનું વર્ણન જેવું છે તેવું બીજે ક્યાંય વર્ણન નથી.

**મોક્ષની અવસ્થા જ ખરી શુદ્ધ અવસ્થા છે, એવું બરાબર મનમાં બેસી જાય તો તમામ ગુણોનું પ્રણિધાન આવી જાય. અનંતા ભવમાં બોધિબીજ નથી પામ્યા, કારણ કે સાચું મોક્ષનું પ્રણિધાન નથી આવ્યું. કેમ નથી આવ્યું ? કારણ અનંતકાળથી ગુણ અણગમતા રહ્યા છે. દોષ ગમતા રહે અને ગુણ અણગમતા રહે તો પ્રણિધાન ક્યાંથી આવી શકે ? આ જ અનંતકાળની રૂઢ થયેલી વિપરીત માન્યતાને બદલવાની છે. ભલે આચરણ નથી પણ ધ્યેય તો બંધાઇ જ જવું જોઇએ. ટૂંકમાં આપણે પ્રણિધાનનું મૂળ સ્વરૂપ જોયું.**

હવે આગળ પ્રણિધાનના વિશેષ સ્વરૂપમાં કહ્યું કે, ત્રીજો અદ્વેષ - હીનગુણદ્વેષાભાવ આવશ્યક છે. પહેલો (૧) ગુણનો અદ્વેષ, બીજો (૨) મુક્તિનો અદ્વેષ અને ત્રીજો (૩) હીનગુણઅદ્વેષ. એક એક અદ્વેષ સાથે ભૂમિકાઓ બંધાયેલી છે. આ યોગમાર્ગનાં રહસ્યો છે. અહીંયાં ગુણીનો દ્વેષાભાવ નથી કહેતા, નિર્ગુણીના દ્વેષનો અભાવ નથી કહેતા, ગુણના દ્વેષનો અભાવ નથી કહેતા, પણ હીનગુણદ્વેષાભાવ કહ્યો છે.

## હીનગુણદ્વેષાભાવ :

ધર્મ કરનાર જીવમાં પ્રાથમિક કક્ષાનો ધર્મભાવ જન્મે, ત્યાં તો આડખીલી શું ઊભી થાય ? કે પોતાનામાં જે ગુણ પ્રગટ્યો હોય તે જો બીજામાં ન દેખાય, તો તેની ખામી પ્રત્યે તુચ્છકાર-હીનતાનો ભાવ થાય. જેમ તમે દાન કરતા હો અને કોઇ લોભિયાની વાત નીકળે, પછી ભલે તે બીજો ધર્મ વધારે કરતો હોય, પરંતુ તે ધર્મની પણ તમને કિંમત નહીં. જે ગુણ પોતે વિકસાવેલો હોય તે ગુણની ખામી બીજે જુઓ તો તે તમે સહન ન કરી શકો, તેથી તેના માટે હલકો અભિપ્રાય બંધાય; જેથી તેના સદ્‌ગુણની કદર કરવા કે મૂલ્ય કરવા જેટલી પણ ઉદારતા રહેતી નથી.

જો તમારામાં તમારાથી નીચેની કક્ષાવાળાના દોષની અસહિષ્ણુતા છે, તે કારણસર તેના ગુણોની કદર કરવાની પણ લાયકાત નથી, તો તમે પ્રણિધાન પામી શકો નહીં; અને પહેલાં પામ્યા હો તો પણ પાછા નીચે પડો. અસહિષ્ણુતા હોય તો ચોક્કસ બીજાના ગુણ પ્રત્યે અભાવ થશે. તેથી નીચેની ભૂમિકાવાળા જીવો પ્રત્યે અભાવ થશે જ.

તમે વિચારજો, તમારી પાસે તમારી જાતને મૂલવવાના માપદંડ શું છે ? અને બીજાની જાતને મૂલવવાના માપદંડ શું છે ? જુદાં ત્રાજવાં જ રાખો છો ને ? આ અંદરની અપ્રામાણિકતા છે. જો તમારામાં પ્રામાણિકતા હોય તો થાય કે જેમ મારામાં ગુણ છે, પણ સાથે ઘણા બીજા દોષો પણ છે; તેમ બીજામાં પણ ગુણો સાથે આવા બીજા દોષો હોઇ શકે, તો હું તેના પ્રત્યે કેમ હીનતાનો ભાવ કરું ? હું કાંઇ પરિપૂર્ણ નથી, પરિપૂર્ણતા તો અંતિમ કક્ષામાં આવશે, તો તે પણ ક્યાંથી પરિપૂર્ણ હોય ? આમ વિચારે. પ્રણિધાનમાં આ જે વિશેષણ મૂક્યું ‘હીનગુણ પ્રત્યે અદ્વેષ’, તે બોધિબીજ સાથે સંકળાયેલું છે.

અત્યારે સમાજમાં મોટે ભાગે જીવો ધર્મ કરતા નથી અને પાછા શેખાઇ મારે કે ધર્મ કરનારા કરતાં અમે ઘણા સારા છીએ. ભલે અમે ધર્મ નથી કરતા, પણ પૂજા-દર્શન કરનારા કેવા હોય છે ? કેવાં વર્તન કરે છે ? ધર્મ કરીને આવું કરવું એના કરતાં તો ધર્મ ન કરવો સારો. આમ બોલનાર ઘણો જ વર્ગ છે. પણ હું તમને પૂછું છું કે શું પૂજા કરનાર બધા લુચ્ચા અને ન પૂજા કરનાર બધા પ્રામાણિક છે ? majority(મોટો ભાગ) શેમાં આવશે ? દેરાસર જનારા બધા દુષ્ટ છે અને દેરાસર

નહીં જનારા બધા સજ્જન છે ? પુણ્ય-પાપ માનનારામાં પણ અમુક ક્લાસ ખામીવાળો રહેવાનો, પણ એનો મતલબ એમ તો નહીં ને કે બધો જ વર્ગ ખરાબ ? અને એના કરતાં ધર્મ ન કરવો સારો ? ધર્મ કરનારા બધા સારા છે, તેમનામાં કોઇ ખામી નથી, એવું અમે કહેતા નથી; પરંતુ જે ધર્મ કરતા નથી અને ધર્મ કરનારની અને ધર્મની નિંદા કરે છે, તે તો એટલા દયાપાત્ર છે કે, તેમને જે જીભ મળી છે તે અનંતાભવ સુધી ન મળવા માટે છે. આ માર્ગ તો પવિત્રમાં પવિત્ર છે. તેની અવહેલના કરનારને દુર્બુદ્ધિના કારણે ઘોર પાપ બંધાય છે. આપણે ત્યાં જૈનોમાં પણ આવું બોલવાવાળો વર્ગ ઘણો મોટો છે.

**સભા :-** *નિકાચિત કર્મ કહેવાય ?*

**સાહેબજી :-** ના, દુર્બુદ્ધિ કહી શકાય. બીજા કરતાં હું સારો છું, તેવું સ્થાપિત કરવામાં તેને રસ છે, પોતાનો કક્કો સાચો કરવા માટે બોલે. આમાં મેળવવાનું કાંઇ ન હોય, બસ, વટ પાડે. meaningless(નિરર્થક) ભાવો કરીને ચીકણાં કર્મ બાંધે.

પવિત્રતાનો માર્ગ એ શ્રેષ્ઠ સાચો માર્ગ છે. તેની જે આવી રીતે આશાતના કરે છે તે નિર્ગુણી-દુર્ગુણીમાં આવે, જ્યારે અત્યારે આપણે હીનગુણીની વાત ચાલે છે. તેમનામાં ગુણ છે પણ તમારાથી ઊતરતા છે. હા, તમારો ટાઇમ થઇ ગયો છે, આગળ કાલે જોઇશું, રાખીએ.

# ૧૭

**શ્રાવણ સુદ પાંચમ, તા.૧-૮-૯૫ મંગળવાર.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રી તીર્થંકર પરમાત્માઓ, જગતનો પ્રત્યેક જીવ ઉચિત વ્યવહારનો સમ્યગ્બોધ પામે, તે માટે આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જીવ જ્યાં સુધી અધર્મમાં તન્મય હોય છે, ત્યાં સુધી બીજા જીવો પ્રત્યે કેવો વ્યવહાર કરવો, કેવો ન કરવો, તેનો તેને વિવેક હોતો નથી; પરંતુ જે ધર્મના ક્ષેત્રમાં આવે તેને સાચા ધર્મી બનવા માટે, બીજા પ્રત્યેનો અભિગમ-વ્યવહાર કેવો હોવો જોઇએ; એટલે કે બીજા પ્રત્યે તેના અંતરના ભાવ કેવા હોવા જોઇએ અને બાહ્ય વ્યવહાર પણ કેવો હોવો જોઇએ, તેનો વિવેક જોઇએ.

પ્રણિધાન પામનાર જીવને તમામ ગુણો પામવાની અભિલાષા છે. પોતાનામાં વિકસેલા ગુણો અંગે તેને હર્ષ હોય અને પોતાનામાં જે ગુણો હજુ વિકસ્યા નથી તેની ઝંખના હોય. તેનામાં જે દોષ હોય તેનું દુઃખ હોય અને દોષ કાઢવાની ઇચ્છા હોય, પ્રયત્ન હોય. આ બધી પોતાની વાત કરી. પણ બીજા જીવો પ્રત્યે તેનો કેવો ભાવ હોય? તે માટે બતાવ્યું કે હીનગુણદ્વેષાભાવ હોય. આમાં પ્રણિધાન પામેલા જીવોની બીજા પોતાનાથી નીચેની કક્ષાના જીવો પ્રત્યે મનોદશા કેવી હોય તે બતાવ્યું છે, ધર્મ કરનારે કેવો ભાવ રાખવો તે સ્પષ્ટ જોઇએ.

આ સંસારમાં બધા જીવો કાંઇ સરખા નથી. બધાની વૃત્તિ-પ્રવૃત્તિ પણ સરખી નથી. જે ધર્મના વિરોધી-નિંદક છે તેને આ પ્રણિધાન સાથે લેવાદેવા નથી. વળી જે ગતાનુગતિક ધર્મ કરે છે અથવા જૈનશાસનના નામથી ધર્મ પકડીને કરે છે, તે પણ બધા કાંઇ ગુણસંપન્ન નથી હોતા. પરંતુ મારે ગુણ પામવા છે, મારી ખામીઓ દૂર કરવી છે, દોષ ખટકે છે, તેને કાઢવા છે; આ નિર્ણય જેનો ચોક્કસ થઇ ગયો છે, એના માટે જ પ્રણિધાનની વાત છે. પરંતુ જે બાવરા થઇને રખડે છે તેને તો પ્રણિધાન આવે નહીં.

આ પ્રણિધાન એ મામૂલી ભાવધર્મ નથી. અનંતકાળમાં જીવ ન પામ્યો હોય તેવો ભાવધર્મ છે. આ ધર્મ પામે તે વ્યક્તિ વિશિષ્ટ હોય જ. તેણે જાત માટે નક્કી કરી લીધું કે શું કર્તવ્ય છે, પણ તેની બીજા પ્રત્યે કેવી મનોદશા જોઇએ ? પછી તે બીજો જીવ ધર્મી હોય, ગુણી હોય, સુખી હોય, દુઃખી હોય, પાપી હોય, પુણ્યશાળી હોય કે અધર્મી હોય. અત્યારે બધા જીવો પ્રત્યે સમાનભાવ રાખવાનો છે ? ઘણા માને છે કે જીવમાત્ર પ્રત્યે એક સરખો ભાવ રાખવાનો. પરંતુ તેવું નથી. તેવો ભાવ તો સમતામાં ગયા પછી રાખવાનો છે. અત્યારે તો સામા જીવની જેવી કક્ષા હોય તે પ્રમાણે ભાવ કરવાના છે.

**જે શાસનવિરોધી છે, સન્માર્ગવિરોધી છે, ધર્મના નિંદક છે તેના પ્રત્યે દ્વેષ પેદા થવો જોઇએ; અને જો આવા પ્રત્યે દ્વેષ પેદા ન થાય તો તેનું પ્રણિધાન કાચું છે. જેને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે રાગ હોય તો તેના વિરોધી પ્રત્યે દ્વેષ થાય જ. શાસનનો રાગ હોય તો શાસનના વિરોધી પ્રત્યે દ્વેષ થવો જ જોઇએ, અને ન થાય તો તેનો શાસનનો રાગ કાચો છે. માટે દ્વેષ ક્યાંય ન કરવો તેવી વાત નથી.**

ક્યાંય પણ રાગ નહીં અને ક્યાંય પણ દ્વેષ નહીં, તે મનોભાવ સમતામાં છે. સમતામાં જઇશું ત્યારે ભગવાનનો રાગ પણ છોડવો પડશે. ગૌતમસ્વામીને ક્ષપકશ્રેણી માંડવામાં, કેવળજ્ઞાન પામવામાં આડખીલીરૂપ પ્રભુ પ્રત્યેનો રાગ જ હતો ને ? કારણ કે સમતાની નીચેની ભૂમિકા તેઓ પરિપૂર્ણ પામેલા હતા.

**સભા :-** *મધ્યસ્થભાવ રાખવાનો છે ?*

**સાહેબજી :-** મધ્યસ્થભાવ પહેલાં લખ્યો છે ? કે પહેલાં મૈત્રી, પ્રમોદ, કરુણા; પછી મધ્યસ્થભાવ છે ?

**સભા :-** *પરની પરિણતિ છોડીને સમતામાં જ રહેવાનું છે ને ?*

**સાહેબજી :-** ખાલી વાયડી વાતો કરવી છે કે જીવનમાં આચરણરૂપે કાંઇ કરવું છે ? આવું કોણ બોલી શકે ? જેને ઊભા ને ઊભા ચીરી નાંખે તો પણ ઊંહકારો ન કરે, કે મનમાં અસર પણ ન થાય, તે આવું બોલવા માટે અધિકારી છે. તમારું આ લેવલ છે ? અત્યારે મચ્છર કરડે તો પણ ઠેકડા મારો છો, આખો દિવસ પરને માથે લઇને ફરો છો અને ખાલી વાતો કરવી છે.

નિરપેક્ષ મુનિ સમતામાં રહેલા કેવા હોય, ખબર છે ? તેમને છેદી નાંખે, ભેદી નાંખે, હણી નાંખે છતાં જરાપણ અસર ન થાય. આ જ માણસ બોલી શકે કે પરને અને મારે કાંઇ લેવાદેવા નથી.

## સમતાની ભૂમિકા માટે નમિરાજર્ષિનું દૃષ્ટાંત :

ઉત્તરાધ્યયન સૂત્રમાં નવમા અધ્યયનમાં નમિરાજર્ષિનો અદ્ભુત સંવાદ છે. નમિરાજર્ષિ ભૂતકાળમાં મહાન સમ્રાટ છે. પ્રત્યેકબુદ્ધ જીવ છે. પોતાની મેળે વૈરાગ્ય પામે, પોતાની મેળે મોક્ષમાર્ગ પામે, સમ્યગ્જ્ઞાન પામે અને સંયમ લઇને સિદ્ધિ પામે તેમને ગુરુની આવશ્યકતા ન હોય. તેવા જીવો પ્રત્યેકબુદ્ધ કહેવાય. તેમને નિમિત્ત મળવાથી વૈરાગ્ય થયો છે. તેમાં ઘટના એ બની છે કે, એક વખત તેમને મસ્તકનું ભારે શૂળ થયું છે. અત્યારે પણ ઘણાને આવાં શિરદર્દ થતાં હોય છે. થાય ત્યારે ભીંતો સાથે માથાં પછાડે છે. આવું તીવ્ર શૂળ તેમને થયું છે, સાથે પિત્તનો દાહ છે, સારા વૈદોને બોલાવી ઉપચાર કરે છે. વૈદ કહે છે, "તત્કાળ રોગ મટે તેવો નથી, પણ રાહત કરવા માટે જેટલા બને તેટલા ઠંડકના ઉપચાર કરો. શીતળ ગૃહમાં રાખો. શીતળ પદાર્થો ભોજનમાં આપો, ચંદનનો લેપ કરો." લેપ પણ થોડી વારમાં ગરમ થઇ જાય, માટે ફરી લેપ કરવો પડે. એટલે આખો દિવસ લેપપ્રયોગ ચાલે. પરંતુ એમનું પુણ્ય એટલું છે કે રાણીઓ ખડે પગે રહે છે. મહારાજાને મજા નથી, તેથી રાણીઓનું મન હર્ષ પામતું નથી, તેઓ શોકાતુર છે, તેથી દાસીઓ હોવા છતાં રાણીઓ પોતે ચંદન ઘસવા બેસી જાય છે. માટે વિચારજો, કેવું પુણ્ય હશે !

હવે શું થયું કે રાણીઓએ અલંકાર પહેર્યા હોવાથી જ્યારે ચંદન ઘસે ત્યારે બંગડીઓ એકબીજા સાથે અથડાય, એટલે કંકણનો અવાજ આવ્યા કરે. આમ તો આવા અવાજ ગમતા હોય, પણ અત્યારે રાજા બેચેન હોવાના કારણે તેમને જરા પણ અવાજ ગમતો નથી. માટે પૂછે છે, "આટલો અવાજ શાનો થાય છે ?" મંત્રી કહે છે, "મહારાણીઓ ચંદન ઘસે છે, તેના કારણે કંકણનો મધુર ધ્વનિરૂપ નાદ છે." તો પણ સહન ન થતો હોવાથી તેમણે રાણીઓને અવાજ બંધ કરવા કહ્યું. રાણીઓ પતિભક્ત છે, મનમાં વિચારે છે કે અવાજ ન થાય તે રીતે કરીએ. કંકણ સૌભાગ્યનું ચિહ્ન છે, માટે બધાં કંકણ ઉતારી પણ ન દેવાય. તેઓ બુદ્ધિશાળી છે, તેથી વિચારે છે કે બીજાં કંકણ

ઉતારી દઈએ, ફક્ત એક એક કંકણ સૌભાગ્યના ચિહ્નરૂપે હાથમાં રાખીએ. તેથી એક એક કંકણ રાખી બીજા બધાં ઉતારી દીધાં. પછી ચંદન ઘસવાથી હવે અવાજ થતો નથી. અવાજ બંધ થયો છતાં પણ ચંદન તો ઘસી ઘસીને આવતું હોવાથી રાજા પૂછે છે, ત્યારે કહે છે, "આપને સાંત્વન મળે માટે એક એક કંકણ રાખીને બીજાં બધાં કંકણ ઉતારી દીધાં છે." હવે આ વાત તમારી દૃષ્ટિએ આમ તો normal(સામાન્ય) છે, પણ પાત્ર જીવને ક્યારે કયા નિમિત્તની અસર થાય તે ખબર નથી. અહીંયાં રાજાએ તો ચિંતન ચાલુ કર્યું : "અનેક હતા તો અવાજ હતો, પણ એક છે તો સંઘર્ષ-અવાજ નથી." આ ઉપરથી ચિંતનમાં આગળ ચઢ્યા : "આ સંસારમાં બધું બે ભેગા થવાથી બગડે છે. એક હોય તો બગડવાનો સવાલ નથી." આમ ઊહાપોહ દ્વારા આગળ આગળ ચિંતન પર ચઢ્યા. છેલ્લે ક્યાં સુધી ? "આ જગતમાં જેટલા સંઘર્ષ થાય છે તે બીજાના નિમિત્ત-સંયોગથી છે. કર્મ નામનું તત્ત્વ આત્માને વળગ્યું છે, માટે જ આત્માને ત્રાસ છે. ઉપાધિનું કારણ બેનો સંયોગ જ છે. આત્મા જો પોતાના મૂળભૂત સ્વભાવમાં હોય તો ઉપાધિ ન રહે. એકમાં સુખ-શાંતિ છે. તત્ત્વથી હું એકલો છું, એકાકી જ બનવા જેવું છે. મારે બીજાનો સંયોગ છે તો ઉપાધિ છે." આમ ચિંતનમાં શુદ્ધિ વધતાં જાતિસ્મરણ થયું. આગલા ભવનું જ્ઞાન યાદ આવ્યું. દીક્ષા લેવાની ભાવના થઈ છે. સંસાર પ્રત્યે દ્વેષ થયો છે. વિચારે છે કે રોગ શાંત થાય તો દીક્ષા લઉં. પુણ્યશાળીના સંકલ્પો ફળે છે. રોગ શાંત થતાં તેમણે પછી દીક્ષા લીધી.

આ મિથિલા નગરીના રાજા હતા. સત્તા, સંપત્તિ, પ્રજા, પરિજનોને છોડીને નીકળે છે. આનાથી આખી મિથિલામાં હો હા મચી ગઈ છે. તેમણે બધાના હૃદયસિંહાસન ઉપર રાજ કર્યું છે. તેથી આવો ત્યાગ સાંભળીને આખી મિથિલાને દુઃખ થયું છે. આખી મિથિલા રડે છે, પરંતુ આ તો અલિપ્ત થઈને નીકળ્યા છે. પોતે સ્વયં દીક્ષા લઈને સાધનામાં ઊભા રહ્યા છે. આમને ગુરુની જરૂર નથી. હવે આ વખતે તેમના ભાવોની ધારા જોઈને ઇન્દ્ર મહારાજાને ખૂબ જ અહોભાવ-બહુમાન થયું છે. છતાં એ ધારા કેટલી સ્થિર રહે છે તેની કસોટી કરવા બ્રાહ્મણનું રૂપ લઈને આવે છે. વિનયથી વંદન કરી પૂછે છે, "સમ્રાટ ! આવું પગલું કેમ ભર્યું ? જેનાથી આખી મિથિલા નગરી રડી રહી છે ? આપ કેમ ચાલી નીકળ્યા ? પરંતુ આપની નાયક તરીકેની, બધાને શાંત કરવાની, સાંત્વન આપવાની, બધાનું રક્ષણ કરવાની જવાબદારી છે." ત્યારે

તેઓ કહે છે, "મિથિલા રડે છે તેમાં નવું નથી. જેમ ઘટાદાર ઝાડ ઉપર પંખીઓ રોજ આવીને વિશ્રામ કરતા હોય છે, હવે ઓચિંતું વાવાઝોડું આવે અને ઝાડ પડી જાય ત્યારે પંખીઓ જેમ કાગારોળ કરે, તેમ મિથિલા કાગારોળ કરે છે. તેઓ પોતાના સ્વાર્થ માટે રડે છે, કારણ તેમના સુખનું સાધન ગયું છે."

સંસારમાં કોઇ કોઇને માટે રડે છે તેમાં સ્વાર્થ જ કારણ છે. બીજા કોઇને માટે વ્યાકુળ થાય છે, તે પણ સ્વાર્થ માટે જ થાય છે. જેવો સ્વાર્થ પૂરો થાય એટલે સંબંધ પૂરા થયા. રડે પણ ક્યાં સુધી ? પછી ભૂલી જાય, અને પોતપોતાનામાં પડી જાય. તમારો શોક પણ કેટલો ટાઇમ ? એક દિવસ તમારા વગર ન રહી શકું તેવું બોલનાર પણ મજેથી તમારા વિના વર્ષો સુધી રહે છે અને વાસ્તવમાં આ હકીકત છે. બધા, બધા વગર રહે છે અને મજેથી રહે છે.

"ઝાડ પડી જાય અને પંખીઓ કાગારોળ કરે, પણ ક્યાં સુધી ? બીજું ઝાડ મળશે એટલે શાંત થઇ જશે." હવે ઇન્દ્રમહારાજાએ છેલ્લે કસોટી માટે શું કર્યું ? કહે છે કે, "મિથિલા નગરી ભડકે બળી રહી છે. અગ્નિની જ્વાળાઓ કણકણમાંથી નીકળી રહી છે. આખી નગરી ચીસો પાડી રહી છે. બચાવો, બચાવો, સ્વામી તરીકે અમારું રક્ષણ કરો." આ દૃશ્ય તેઓ પ્રત્યક્ષ બતાવે છે. આવા સંયોગોમાં સામાન્ય રીતે શું થાય ? જે પ્રજાને પોતાના પુત્રની જેમ સાચવી છે, વર્ષો સુધી પાલન કર્યું છે, તેને માટે જો જરાપણ મનમાં અનુરાગ હોય તો અસર થયા વગર રહે ખરી ? વળી સંસારત્યાગીને મમતાના કારણે કદાચ અસર ન થાય, તો પણ આટલા જીવો મરતા હોય તો દયારૂપે પણ બચાવવાનો પરિણામ થાય ને ? અમે કૂતરું બળતું જોઇએ તો પણ થાય કે અરર ! મરી રહ્યું છે. દયારૂપે રક્ષણનો પરિણામ થાય ને ? માટે દયાના પરિણામથી પણ તેઓ બચાવવા દોડે ને ?

ઇન્દ્ર મહારાજા આગળ કહે છે : "તમારી મિથિલા બળી રહી છે. રક્ષણ માટે પોકારી રહી છે, ક્ષત્રિયે પોતાના પરિવારનું-પ્રજાનું રક્ષણ કરવું જ જોઇએ. માટે તમે ઉદ્યમી કેમ નિષ્ક્રિય થઇને ઊભા રહ્યા છો ?" આવો ઇન્દ્ર આક્ષેપ કરે છે, ત્યારે નમિરાજા કહે છે : "મિથિલામાં જે બળે છે તે મારું નથી અને મારું જે છે તે બળતું નથી." આવું બોલવાનો અધિકાર કોને ? તેમને તો ખબર નથી કે આ દેવમાયા છે.

નજરોનજર રક્ષણ માટે દોડાદોડ કરી રહેલા લોકોને જુએ છે, ચીસો પણ પાડે છે, છતાં કહે છે: "જે બળે છે તે મારું નથી, મારું છે તે બળતું નથી."

હું આવું બોલું તો પાપ લાગે, કારણ મારા કપડાને ભડકો લાગે તો હું ભાગું અને બીજો બળતો હોય ત્યારે કહું કે મારું કાંઇ બળતું નથી તો તે વાજબી છે ? અમે મહાત્માની જેમ કાઉસ્સગ્ગમાં ઊભા હોઇએ પણ કોઇ ચીરી નાંખવા આવે તો નાસી જઇએ. પોતે દાઝે ત્યારે બચવા માટે પ્રયત્ન કરે અને બીજા બળે ત્યારે "મારું નથી" આવું બોલે તો લુચ્ચાઇ જ કહેવાય ને ?

પરદ્રવ્યની અસર નથી, પણ આ બોલવાનો અધિકાર કોને ? અધિકાર આવ્યા વગર બોલે તો વાયડાઇ કહેવાય. ત્યારે "જેવાં જેનાં કર્મ" તેવું બોલો તો પણ પાપ બંધાય. તમારી અત્યારે આવું બોલવાની ભૂમિકા નથી. કયા લેવલમાં કઇ વાત છે તે જોડતાં આવડવી જોઇએ. કોઇ બળતું હોય ત્યારે બચાવવાની જવાબદારી આવે ત્યારે જો મજેથી બોલીએ કે તેના કર્મથી બળે છે, તો મહાપાપ લાગે. નમિરાજર્ષિ માટે આ વિધાન બરાબર છે, કારણ કે તે વખતે તેમના શરીરને બાળે તો પણ કહે "બળે છે તે મારું નથી, મારું છે તે બળતું નથી." તમને બાળે તો ઠેકડા જ મારશો ને ? માટે આવી વાતો ચાલે નહીં. નમિરાજર્ષિ જેવા ભાવ અત્યારે કરે છે તેવા અમારાથી પણ કરાય નહીં. કારણ અત્યારે અમારું એ લેવલ નથી.

**સભા :-** *અત્યારે આ સમતાની ભૂમિકાનો અહીંયાં વિચ્છેદ છે ને ?*

**સાહેબજી :-** હા, આવી સમતાની કક્ષાનો વિચ્છેદ છે. માટે જે આવી વાતો કરે છે, તે બધા વેવલા ભેગા થયા છે. ખાલી બોલ્યા કરે ગોખણપટ્ટીની જેમ, કે "પુદ્ગલ પુદ્ગલને ખાય છે, પર પુદ્ગલની આત્માને અસર નથી. હું શુદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર છું."; પરંતુ શરીર પર એક ટાંકણી ખોસે તો ઊંચા થાય ને ? ડોક્ટર ઇંજેક્શન આપે છે ત્યારે પણ અસર થાય છે જ ને ? શરીર પરદ્રવ્ય જ છે. માટે આવું બોલવાનો કાંઇ મતલબ છે ? આ તો એક પ્રકારની આત્મવંચના છે. માટે તમારી શું ભૂમિકા છે તે વિચારો.

## જીવોની કક્ષા અનુસાર ઉચિત વ્યવહાર :

જીવમાત્ર પ્રત્યે સમાન ભાવ નથી કરવાનો, અને અત્યારે કરો તો દોષ લાગે. જેવો જીવ તેવો ભાવ કરવાનો આવશે. **જેટલા જીવો ધર્મથી શૂન્ય છે, ધર્મ નથી આચરતા, નાસ્તિક જેવા છે, ધર્મનો સ્વીકાર પણ નથી કરતા, તેવા જીવો હીનગુણીની ભૂમિકામાં નથી આવતા. તેવા જીવોના ગુણની પણ પ્રશંસા કરાય નહીં.** અહીંયાં તો હીનગુણીની વાત છે.

હીનનો અર્થ ખોલ્યો છે કે, પોતાનાથી ઊતરતા ગુણ લેવાના નહીં, પરંતુ પોતાનાથી ઊતરતી ગુણમય કક્ષા લેવી. તમારાથી ચઢિયાતી ગુણમય કક્ષાવાળા અધિક ગુણી કહેવાય, તમારાથી ઊતરતી ગુણમય કક્ષાવાળા હીનગુણી કહેવાય. જ્યારે જેને પોતાના ધર્મનો આચાર કે શ્રદ્ધા નથી એટલે કે જે નાસ્તિક છે, તેને તો ગુણહીન નહીં, ગુણઅધિક નહીં પણ તે તો નિર્ગુણી કહેવાય; પછી ભલે ગમે તેટલા બીજા ગુણ હોય. નાસ્તિક જીવોના ગુણોનું બહુમાન-પ્રશંસા શાસ્ત્રમાં કહી નથી. તમે ધર્મરહિતના ગુણો જોઇને પ્રભાવિત થાઓ, પ્રશંસા કરો તો ખરા અર્થમાં તમે ધર્મ પામ્યા નથી.

તમારા બધાનો સ્વભાવ છે કે સંસારમાં સજ્જન હોય, પ્રામાણિક હોય, બીજા ગુણો હોય, અને ધર્મ ન હોય તો પણ તમે તેનાં વખાણ કરવાનાં ચાલુ કરો ને? પ્રસંગે મહત્ત્વ આપો ને ? અનુમોદના પણ કરો. દા.ત. નહેરુ છે, જેણે દેશની સ્વતંત્રતાની ચળવળ વખતે ઘણું બલિદાન આપ્યું છે. તેમનામાં રાજભક્તિ-દેશદાઝ પણ છે, બધી સંપત્તિ દેશને ધરી છે, જેલમાં પણ રહ્યા છે. માટે શું તેમના ગુણોની પ્રશંસા થાય? નીતિ-પ્રામાણિકતા હોય તો એ ગુણોની પણ પ્રશંસા થાય ? જેમ ખેરનાર છે, તેનામાં પ્રામાણિકતા છે, તો તેના વખાણ થાય ? તમે તો કરો ને ?

**સભા :-** *કહીએ, તે સાચો છે.*

**સાહેબજી :-** ખાલી, સાચો છે-પ્રામાણિક છે તેમ જ કહો, કે તેનાથી વધારે પણ બોલો ? ખરો સજ્જન-પ્રામાણિક આ જ છે. ટીલાંટપકાં કરવાવાળા તો ઠીક કેવા હોય તે ખબર છે. આમ, ગમે તેના ગુણની પ્રશંસા કરો ને ? **સારા વર્તનથી તમે અંજાઓ છો, પણ તેમાં વિવેકની ખામી છે. અધર્મીના ગુણની પ્રશંસા હોય જ નહીં,**

**પછી તેનામાં ભલે ગુણો લાખો હોય કે કરોડ હોય. અમે એવું નથી કહેતા કે અધર્મીમાં ગુણ ન હોય, પણ એ બધા ગુણ તેના આત્માને રખડાવનારા છે, પાપાનુબંધીપુણ્ય ઊભું કરે છે. માટે ધર્મીના ગુણની જ પ્રશંસા કરવાની છે, અધર્મીના ગુણની પ્રશંસા કરવાની નથી.**

**સભા :-** *ગુણ ગમે ત્યાં હોય, પણ ગુણની પ્રશંસા તો કરાય જ ને ?*

**સાહેબજી :-** વેશ્યા પ્રામાણિક હોય તો વખાણ કરાય? દારૂડિયો પ્રામાણિક હોય તો વખાણ કરાય ? ગુંડામાં ગમે તેટલા ગુણ હોય તો પણ જાહેરમાં વખાણ થાય? અને વખાણ કરો તો ગુંડાગીરીને પ્રોત્સાહન મળે. સામાજિક દૃષ્ટિએ પણ મર્યાદા છે. આમાં કાંઈ દુર્ગુણનાં વખાણ કરવાની વાત નથી, વાત તો સદ્‌ગુણનાં વખાણ કરવાની જ છે; પણ કોના સદ્‌ગુણનાં વખાણ થાય ? તેમાં પણ મર્યાદા છે. સંસારમાં પણ મર્યાદા ખરી ને ?

મોટાભાગે દાણચોરોમાં પરસ્પર કેટલો વિશ્વાસ હોય છે, તેટલો વિશ્વાસ તો કદાચ તમારે વેપારીમાં પણ નથી હોતો. એ લોકોનું બધું કામ વિશ્વાસ પર થાય. પુરાવા કે દસ્તાવેજથી કાંઈ કામ ન ચાલે. વિશ્વાસ પર તેમનો ધંધો ચાલતો હોય છે. પ્રાણ આપી દે પણ વિશ્વાસઘાત ન કરે. smuggling(દાણચોરી)ના ધંધામાં જે વફાદાર હોય તેને જ પ્રવેશ મળે. તમારા કરતાં વિશ્વસનીયતા ગુણ તેમનામાં વધારે છે, છતાં વખાણ-પ્રશંસા થાય ?

એક ડોક્ટર નાસ્તિક છે, ભલે પછી પરોપકારી-દયાળુ હોય; પણ તેનાં વખાણ ન થાય. તો તમે કહેશો શું તેના ગુણ નહીં જોવા ? પરંતુ અમે તેમ નથી કહેતા. સમાજમાં પણ સારા માણસ વખાણ એવી રીતે કરે કે દુષ્ટતાને પ્રોત્સાહન ન મળે, તેમ ધર્મના ક્ષેત્રમાં પણ અધર્મીના ગુણની પ્રશંસા કરો એટલે અધર્મને પ્રોત્સાહન મળે, માટે ધર્મીનાં જ વખાણ થાય. આને જે નહીં માને તેને પ્રણિધાન આવવાની વાત જ નથી.

સમ્યગ્દૃષ્ટિ ગમે તેનાં વખાણ ન કરે. સમ્યગ્દૃષ્ટિ ગમે તેનાં વખાણ કરે તો સમકિત ટકે ખરું ? માટે પ્રશંસામાં વિવેક માગે છે. **સમ્યગ્દૃષ્ટિ જો ગમે તેનાં વખાણ કરે તો તેના થકી મિથ્યાત્વને પ્રોત્સાહન મળે.**

આપણે આગળના દૃષ્ટાંતમાં વિચારી ગયા હતા. શકડાલ મંત્રીને થાય છે કે જાહેરમાં જો હું તેનાં વખાણ કરીશ તો મિથ્યાત્વને પ્રોત્સાહન મળશે. વરરુચિ વિદ્વાન છે, છતાં તેનાં વખાણ કરવા તૈયાર નથી. તમે ગમે તેનાં વખાણ કરી આવો ને? શું વાંધો છે? ગુણ ગાવામાં વાંધો ખરો ? માટે હજી તમે પ્રણિધાન પામી શકો તેમ નથી.

## હીનગુણદ્વેષાભાવ :

અહીંયાં નિર્ગુણીનો દ્વેષાભાવ કેમ ન લખ્યું ? કારણ કે અત્યારે નિર્ગુણીના અદ્વેષની વાત નથી, પરંતુ જે ધાર્મિક છે, આરાધના કરે છે, આલોક-પરલોક-પુણ્ય-પાપ-આશ્રવ માને છે, ધર્મના ક્ષેત્રમાં થોડો વિકાસ કર્યો છે, પણ તમારા કરતાં તેની ભૂમિકા નીચી છે; હવે જો તમારામાં પ્રણિધાનભાવ આવ્યો હોય તો તેની કોઇ ખામી જોઇ તેના પ્રત્યે તમને દ્વેષનો ભાવ ન આવવો જોઇએ, પણ તેના ગુણની કદર કરી શકો તેવો અદ્વેષ જોઇએ.

**સભા :-** *સાહેબ, કોઈ ધર્મક્રિયા ઓછી કરતું હોય તો ?*

**સાહેબજી :-** શું ધર્મક્રિયા ઓછી કરે એટલે હલકો માની બેસવાનું ? અને ધર્મક્રિયા વધારે કરે તો ઊંચો માની બેસવાનું ? તમે બધાને મૂલવવાના સાચા માપદંડ પકડ્યા છે ખરા ? બીજાને મૂલવવા માટે તમારી પાસે પરફેક્ટ બેરોમીટર ક્યાં છે ? જેમ હું તપસ્યા કરી શકતો હોઉં, બીજો કોઇ ન કરી શકતો હોય; પણ બીજો સાધુભક્તિ આદિ ધર્મ કરતો હોય ત્યારે તેના માટે કહું કે "દીવસમાં છ છ ટાઇમ ખાય છે, આખો દિવસ ખાવામાં જ જીવ છે, તે ધર્મ શું કરશે ?" તેમ કહેવાય ?

તેમ ઘણાનો સ્વભાવ શું કે પોતે કોઇ બાબતમાં વિધિ પાળતો હોય, જેમ કે કેશર સારું બરાબર લાવતો હોય, દેરાસરમાં વચમાં ઊભો ન રહેતો હોય, વિધિ પ્રમાણે કરતો હોય; ત્યારે જો કોઇ વચમાં આવીને ઊભું રહે તો તરત જ બોલશે કે, "શું આવા ને આવા ચાલ્યા આવે છે ? જરાપણ વિવેક નથી." બસ, પોતાનામાં એક ગુણ આવ્યો એટલે બીજા પર તેની ખામી જોઇ તૂટી પડવાનું ? આવી પ્રકૃતિવાળાએ સુધરવાની જરૂર છે, નહીંતર તેને પ્રણિધાન આવે નહીં.

જેમ પોતે પ્રતિક્રમણ કરતો હોય, અને બીજો ભક્તિ આદિ ધર્મ કરતો હોય પણ પ્રતિક્રમણ ન કરતો હોય, તો કહેશે, "આનો ધર્મ શું કામનો ? પ્રતિક્રમણ પણ કરતો નથી." એટલે પોતે જે કરે તે જો બીજો ન કરતો હોય તો તે નકામો, આ હલકો ભાવ છે. બીજાની નાની ખામીથી ઊંચા થઈ જાઓ, અસહિષ્ણુ થઈ જાઓ તો તમે ધર્મને હજી સમજ્યા નથી, પચાવ્યો નથી. પરંતુ ત્યારે વિચારવાનું કે આપણામાં પણ હજી ઘણી ખામીઓ છે.

**સભા :-** *સાહેબ, પણ પેલાને સુધારવાનો ને ?*

**સાહેબજી :-** બીજાને સુધારવાનો તમને હક આપ્યો છે ? તમે આખા ગામના ગુરુ છો ? તમને કોઈએ ગુરુપદ આપ્યું છે ? તમે વડીલ છો ? બીજાને સુધારવાનો હક કોને ? વડીલને, સંઘના મોવડીને અને ધર્મગુરુને આ હક આપ્યો છે. સંઘમાં કોઈ પણ આવીને ગમે તેમ સલાહ આપી જાય તે ચાલે ? પરંતુ તમે વિનયથી-સૌજન્યથી કહો, અને જો કરે તો ઠીક અને ન માને તો તેનું તે જાણે. પરંતુ તમારું માનસ એવું છે કે તમારી કહેલી વાત જો કોઈ ન માને એટલે નકામો-અવગુણી થઈ જાય.

ધર્મના ક્ષેત્રમાં આવનારમાં રાગ-દ્વેષ કેવા પ્રકારના હોય તે નક્કી કરવું જોઈએ. રાગના અને દ્વેષના બે પ્રકાર છે : (૧) ગાઢ રાગ-ગાઢ દ્વેષ (૨) સામાન્ય રાગ-સામાન્ય દ્વેષ. જેમ કે જેના પ્રત્યે અણગમાનો ભાવ થાય, પછી તેની એક પણ સારી વાત ન ગમે; અને જેના પ્રત્યે રાગ થાય તેની ખરાબ વસ્તુ પણ સારી લાગે. ગાઢ રાગનું લક્ષણ શું ? જેના પર રાગ થાય તેના અવગુણ ન દેખાય. ગાઢ દ્વેષનું લક્ષણ શું ? જેના પ્રત્યે દ્વેષ થાય તેનો એક પણ ગુણ ન દેખાય.

તમને જે અનુકૂળ હોય, તમારા માન્યા મુજબનું કરતો હોય, તે માણસ સોનાનો; અને તમને જે પ્રતિકૂળ હોય, જેની સાથે મેળ ના બેસે, તે સોના જેવો માણસ હોય તો પણ તમારે મન લોઢાનો. કોઈ શ્રાવકના સ્વભાવ સાથે તમારે મેળ ન ખાય એટલે તે ખરાબ; પણ તેનામાં જેટલી લાયકાતો છે, તેટલી તો કદર કરવી જ જોઈએ. માટે નાના દોષથી કોઈ હલકું નથી અને નાના ગુણથી કોઈ મહાન નથી, શાસ્ત્રના માપદંડ ચોક્કસ છે.

**કક્ષાની સમજ :**

તમે જે કક્ષામાં છો તેનાથી ઊતરતી કક્ષામાં હોય તે હીનગુણી કહેવાય, અને તમે જે કક્ષામાં છો તેનાથી ઉપરની કક્ષામાં હોય તે અધિકગુણી કહેવાય. અહીં કક્ષાની સમજ જોઇએ.

દા.ત. એક સંયમી, સારા સાધુ છે. તેની સામે એક શ્રાવક છે. જરૂર પડે તે ખૂબ દાન કરતો હોય, ખૂબ તપ કરતો હોય, અથવા વિશાળ શાસ્ત્રો ભણતો હોય. તેની સામે સંયમી સાધુમાં કઠોર તપ કે દાનની પ્રવૃત્તિ ન હોય, વળી જ્ઞાનની પ્રવૃત્તિ પણ ન હોય, એટલા માત્રથી શું શ્રાવક ચઢિયાતી કક્ષામાં કહેવાય? અધિકગુણી કહેવાય? ના, પછી ભલે તે શ્રાવક ગમે તેટલો ગુણિયલ હોય. ઊંચી કક્ષા તો સાધુની જ કહેવાશે. માટે વ્યક્તિની ભૂમિકા પ્રમાણે હીનગુણી-અધિકગુણી કહેવાશે. બીજા દૃષ્ટાંતમાં જેમ એક સમ્યગ્દૃષ્ટિ છે, જે ઓછો તપ-ત્યાગ-ભક્તિ-દાન કરે છે. જ્યારે બીજો એક મિથ્યાદૃષ્ટિ છે, તે ઘણો તપ-ત્યાગ-ભક્તિ-દાન કરે છે. તો પણ હીનગુણી કોણ કહેવાશે? મિથ્યાદૃષ્ટિ જ હીનગુણી કહેવાશે, અને સમ્યગ્દૃષ્ટિની કક્ષા ઊંચી જ ગણાશે, તે જ અધિકગુણી ગણાશે. જેમ મિથ્યાદૃષ્ટિ વિધિપૂર્વક પૂજા કરતો હોય અને સમ્યગ્દૃષ્ટિ અવિધિથી પૂજા કરતો હોય, તો શું મિથ્યાદૃષ્ટિ અધિકગુણી થઇ ગયો કહેવાશે? તમે જે કક્ષામાં છો,તેનાથી ઉપરની કક્ષામાં કરુણાભાવ લાવો તો પણ પાપ લાગે, ત્યાં પ્રમોદભાવ જોઇશે.

શ્રાવક તપ કરી શકતો હોય અને સાધુ તપ નથી કરતો, તો સાધુ શ્રાવકને ભાવથી હાથ જોડે તો પાપ લાગે કે પુણ્ય બંધાય ? પાપ બંધાય. કેમ ? નીચી કક્ષાવાળાનું બહુમાન કર્યું, માટે પાપ લાગે. ઉપલી કક્ષાવાળા નીચલી કક્ષાવાળાની ભક્તિ ના કરે. જેમ એક શ્રાવક તપ કરી શકતો હોય અને કોઇ સાધુ ઓછો તપ કરતો હોય, ત્યારે એને એમ લાગે કે આ તો એમ ને એમ ખાઇપીને પડ્યા રહે છે; તો તેને આશાતનાનો દોષ લાગે. કારણ તેમની કક્ષા તે તપસ્વી શ્રાવક કરતાં ચઢિયાતી છે. કોઇ વખત એવું બને કે ગુણ કદાચ ઓછા હોય પણ કક્ષા તો ચઢિયાતી જ રહેશે.

જેમ શ્રાવક પ્રસંગે ગુસ્સે ન થાય અને ક્ષમા રાખે, અને કદાચ સાધુ ગુસ્સે થાય, તો ઉપલક દૃષ્ટિએ વિચારો તો ક્ષમા કોનામાં વધારે ગણાય? શ્રાવકમાં. પણ એટલામાત્રથી તે ઊંચો ગણાય નહીં. તેનામાં ભલે ક્ષમા ગુણ છે, પણ શ્રાવકની કક્ષા નીચી છે,

જ્યારે સાધુ ભગવંતોની કક્ષા ઊંચી છે; માટે ઉપલી કક્ષાવાળો ઊંચો જ રહે, નીચલી કક્ષાવાળો નીચો જ રહે. જકાર સાથે બોલું છું. માટે મૂલ્યાંકન કક્ષા પ્રમાણે કરાય.

**સભા :-** *તો પછી સાધર્મિકભક્તિથી આશાતના ન થાય ?*

**સાહેબજી :-** સાધર્મિક શું છે ? તમારા સમાન ધર્મવાળા છે. એક જ stage(કક્ષા)માં minimum standard(લઘુતમ ધોરણ)વાળા હોય તો પણ સમાન ગણાય, જેમ પહેલે માળે કોઇ ટેબલ પર બેઠું છે, કોઇ નીચે બેઠું છે, કોઇ ખુરશી પર બેઠું છે; પણ બધા પહેલે માળે જ ગણાય ને ?

અમારા માટે સાધુ સાધર્મિક છે, પણ તમારા માટે સાધુ સાધર્મિક નથી, પણ ગુરુપદે છે. તમારા સમાન ધર્મવાળા તમારે માટે સાધર્મિક છે અને તેમની સાથે વાત્સલ્યનું વર્તન વ્યવહારનયથી કરાય, અને ભાવ આંતરિક પરિણામોને લક્ષ્યમાં લઇને કરાય. તમારાથી ઊતરતી કક્ષા હોય ત્યાં અદ્વેષ લાવવાનો છે. આ ધારાધોરણ ચોક્કસ છે. જેવી વ્યક્તિ તેવો ભાવ કરવાનો છે. અનુચિત ભાવ કરો તો પાપ લાગે, ઉચિત ભાવ કરો તો પુણ્ય બંધાય અને કર્મનો ક્ષય થાય.

**સભા :-** *તો આમાં ગુણાનુરાગ ક્યાં રહ્યો ?*

**સાહેબજી :-** ગુણાનુરાગ છે માટે જ ગુણની કદર કરે છે ? નીચલી કક્ષાના જીવોના ગુણોની અનુમોદના હોય, એટલે હીનગુણી પ્રત્યે વાત્સલ્યભાવ-કરુણાભાવ હોય પણ ભક્તિ ન હોય. ભક્તિ મા-બાપ પ્રત્યે આવે કે દીકરા પ્રત્યે હોય ? ત્યાં તો વાત્સલ્ય જ આવે. જો દીકરાને પગે લાગવાનું ચાલુ કરે તો લોકો શું કહે ? મોહમાં ઘેલો થઇ ગયો છે. હીનગુણી પ્રત્યે અદ્વેષમાં ગર્ભિત રીતે ગુણની કદર છે. તેના ગુણ પ્રત્યે તિરસ્કાર ન થવો જોઇએ, માટે જ અદ્વેષ લખ્યો. તમે મનમાં હીનગુણઅદ્વેષ જાળવી રાખ્યો હોય તો પ્રણિધાન આવે છે.

તમારા માટે in general(સામાન્ય રીતે) હીનગુણી તરીકે કોણ આવે ? તમને મોક્ષમાર્ગ મળ્યો છે. આ સાચા માર્ગની તમને ઓળખ જોઇએ. આ ધર્મમાં કે અન્ય ધર્મમાં જે આ માર્ગને પામ્યા નથી, તે તમારા કરતાં નીચી કક્ષાવાળા કહેવાય. માર્ગ પામેલો જીવ માર્ગ ન પામેલા જીવ કરતાં ઊંચો છે. જે માર્ગ નથી પામ્યો, તેનામાં કદાચ માર્ગ પામેલા કરતાં પણ ગુણ વધારે છે, છતાં તે નીચો જ કહેવાય. માટે આનો

ઐદંપર્ય શું થયો ? ઘણા પૂછે છે કે બીજા ધર્મના મંદિરમાં જવાય કે નહીં ? અન્ય ધર્મના સાધુ-સંતોને પગે લગાય કે નહીં ? આ પ્રશ્નનો આડકતરી રીતે બધો જવાબ આમાં આવી જાય છે. જનારા દલીલમાં કહે છે કે ગમે તેમ પણ એમના સંતો અમારા કરતાં તો સારા ને ? અમે એમના જેવો તપ-ત્યાગ-બ્રહ્મચર્ય કશું કરતા નથી, માટે અમારા કરતાં તો તે સારા ને ? પરંતુ તમને ભૂમિકાનું જ્ઞાન નથી. માટે જ, ભૂમિકાનું મહત્ત્વ ખબર ન હોવાના કારણે જ, આવા બધા ગોટાળા કરો છો.

નાસ્તિકમાં ગમે તેટલા ગુણ હોય, પણ તે આસ્તિક કરતાં નીચો જ છે. તેમ અધર્મી કરતાં ધર્મી ઊંચો જ છે. તેમ જે માર્ગ પામેલો છે, તે માર્ગ ન પામેલા કરતાં ઊંચો છે. તેથી અન્ય ધર્મમાં ઘણા પવિત્ર હોય, તેઓ ગુણિયલ ગમે તેટલા હોય, પણ સાચો માર્ગ નથી પામ્યા માટે કક્ષા નીચી છે.

તમને જૈનશાસન મળ્યા પછી જો દેવ-ગુરુની ઓળખ હોય, તો આ માર્ગ અનુપમ છે; આવો માર્ગ ક્યાંય નથી, પછી ભલે તમે ઓછુંવત્તું કરતા હો. તમારો સ્વભાવ ખામીવાળો હોય અને અન્ય ધર્મના સંત દયાળુ-પરોપકારી હોય, છતાં પણ તે નીચા છે. આ તમારી બુદ્ધિમાં બેસતું નથી ને ? ઘણાને શું છે ? તમને માને તે ઊંચા અને ન માને તે નીચા, પણ તેવું નથી. અહીંયાં પણ જો માર્ગ ન પામ્યો હોય તો તે નીચો છે.

શાસન પામેલાએ તો કોઈના પણ હિતકારી ગુણની પ્રશંસા કરવાની વાત છે. ગુણોની પ્રશંસા ન કરવાની વાત નથી, પરંતુ અહીં કક્ષાનો પ્રશ્ન છે. કોઈપણ ધર્મમાં રહેલો જીવ હોય, પણ તેનામાં અધ્યાત્મનો ગુણ હોય તો તેના ગુણની પ્રશંસા કરવાની છે. જો તે ગુણ અધ્યાત્મના હોય, છતાં તેની પ્રશંસા ન કરીએ તો અમારામાં પણ ગુણાનુરાગ ન ટકે.

ઉપલી કક્ષાવાળા નીચલી કક્ષાવાળા જીવના ગુણની પ્રશંસા કરે. અમે સાધુ છીએ પણ તમે શ્રાવક સારી આરાધના કરતા હો તો પ્રશંસા કરવાની આવે. અમારા માટે પણ ધર્મની ઉપબૃંહણા છે જ. માટે પ્રશંસા થાય. પરંતુ જે અધર્મી છે, નાસ્તિક છે, જેને ધર્મ સાથે કાંઈ લેવાદેવા નથી; તેવાના ગુણથી પણ કાંઈ લેવાદેવા નથી, તેથી તેની પ્રશંસા ન હોય.

**સભા :-** *અન્ય દર્શનમાં સમ્યગ્દષ્ટિ હોય ? ખબર કેવી રીતે પડે ?*

**સાહેબજી :-** અન્ય દર્શનમાં બધા સમ્યગ્દષ્ટિ નથી. જેમ અહીંયાં નથી તેમ ત્યાં પણ બધા સમ્યગ્દષ્ટિ નથી, પરંતુ સમ્યગ્દષ્ટિ હોઈ શકે. અન્ય દર્શનમાં જે સમ્યગ્દષ્ટિ હોય તે તેના દર્શનના તત્ત્વમાં જે ખોટું લખ્યું હોય તેને ખોટું માનતો હોય, પરંતુ તેના દર્શનને સો ટકા follow(અનુસરણ) ન કરતો હોય; અને તેને સોએ સો ટકા ફોલો કરનાર વ્યક્તિ સમ્યગ્દષ્ટિ ન હોય. ત્યાં શાસ્ત્રોમાં જ મિથ્યાત્વપોષક વાતો છે, પરંતુ તેવી વાતો સમ્યગ્દષ્ટિને ગમતી ન હોય. અને જો આવો સમ્યગ્દષ્ટિ અન્ય ધર્મમાં છે, તેમ અમને ખબર પડે તો અમે પણ તેની પ્રશંસા કરીએ, અરે ! ત્યાં રહેલા મોક્ષમાર્ગાનુસારી મિથ્યાદષ્ટિના ગુણોની પણ યોગ્ય રીતે અવશ્ય પ્રશંસા-અનુમોદના કરવાની ભગવાને કહી છે.

**સભા :-** *અન્ય ધર્મમાં દેવ-ગુરુની શ્રદ્ધા હોય ?*

**સાહેબજી :-** હા, શ્રદ્ધા હોય. શ્રદ્ધા વગરનાની તો અમે વાત જ કરતા નથી. પરંતુ સમ્યગ્દૃષ્ટિને તત્ત્વમાં ગોટાળો દેખાય તો as it is follow(જેમ છે તેમ અનુસરણ) ન કરે, નહીંતર દૃષ્ટિરાગ આવી જાય. અહીં પણ જો સાધુથી ઉપદેશમાં ગોટાળો થાય તો તમારે શું કરવાનું આવે ?

તેમણે ધર્મના નામથી પશુહિંસાની વાત કરી છે. પણ આ ગેરવાજબી છે, તો ત્યાં વિવેક કરવાનો આવે. અમે કાંઈ તેમની નિંદા કરવા બેઠા નથી, પરંતુ સાચા-ખોટાની સમીક્ષા તો કરવી જ પડે. જેમ વૈદિક ધર્મમાં "પવિત્રતાને મહત્ત્વ આપો" તેમ ખૂબ કહે છે. પવિત્રતાને મહત્ત્વ આપે તેની સામે આપણે વિરોધ નથી. ધર્મ પવિત્ર થવા માટે જ છે. પરંતુ એ લોકો શું કહે ? શરીર-કપડાં-ઘર બધું સાફ-ચોક્ખું રાખવું, તો ભગવાનનો આપણામાં વાસ થાય. એટલે એક ડાઘ પડે કે નાહવા જાય. જો સ્નાન કર્યા પછી કોઈ અડી જાય તો ફરી નાહવા જાય. આ બાહ્ય ચોક્ખાઈને તેમણે મહત્ત્વ આપ્યું છે. પણ હિંસામય સ્નાનની બાહ્ય પવિત્રતા કરતાં સંપૂર્ણ અહિંસામય જીવનની આંતરિક પવિત્રતા ઘણી ઊંચી છે. તેથી આપણો શ્રેષ્ઠ ધર્મ અસ્નાનમાં છે. માટે જ સાધુને અસ્નાની રહેવાનું છે. માટે વિચારજો, આવું તો ઘણું આવશે.

# ૧૮

**શ્રાવણ સુદ સાતમ, તા.૩-૮-૯૫, ગુરુવાર.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્ર પ્રત્યે ઉચિત વ્યવહારનો સમ્યગ્બોધ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## ઉચિત વ્યવહાર એ જ ધર્મ :

ધર્મની વ્યાખ્યા એક રીતે વિચારીએ તો ઉચિત વ્યવહાર એ જ ધર્મ છે. પ્રત્યેક જીવે પોતાની ભૂમિકા પ્રમાણે ઉચિત વ્યવહાર કરવો તેનું નામ ધર્મ છે, અનુચિત વ્યવહાર કરવો તેનું નામ અધર્મ છે. ટૂંકમાં, શરૂઆતથી માંડીને ટોપ લેવલ સુધીનાએ ભૂમિકા પ્રમાણે ઉચિત વ્યવહાર કરવાનો છે.

જેમ કેવળજ્ઞાનીને તેમની કક્ષા પ્રમાણે, સાધુને તેમની ભૂમિકા પ્રમાણે, તેમ શ્રાવક માટે, સમ્યગ્દૃષ્ટિ માટે, સામાન્ય માર્ગાનુસારી જીવે તેના પ્રમાણે ઉચિત વ્યવહાર કરવાનો છે. માટે **અનુચિત વ્યવહાર કરવો તેનું નામ અધર્મ છે.** આ વ્યાખ્યા સુસંગત છે. તાત્પર્ય એ છે કે પોતાની કક્ષા પ્રમાણે ઉચિત વ્યવહાર આવે છે. વળી સામેના જીવની જેવી કક્ષા છે તે પ્રમાણે તે જીવ સાથે ઉચિત વ્યવહાર આવે, પરંતુ અત્યારે સૌની સાથે સમાન વ્યવહાર કરવાનો નથી. જેવો વ્યવહાર કરવાનો છે તેને અનુરૂપ ભાવ પણ કરવાના છે. **વ્યવહાર જુદો કરો અને ભાવ જુદા કરો તો તે દંભ થશે.** ધર્મમાં દંભ કરવાની વાત નથી, નિર્દંભતા રાખવાની વાત છે. શુદ્ધ સમતાની ભૂમિકા આવે, પછી જીવમાત્ર પ્રત્યે સમાન વ્યવહાર-સમાન ભાવ છે.

દા.ત. એક મચ્છર બેઠો છે. તેમાં પણ આત્મા છે. તમારો આત્મા અને તેનો આત્મા મૂળભૂત રીતે સમાન છે, તત્ત્વની દૃષ્ટિએ સિદ્ધ ભગવંત જેવો જ આત્મા છે. "આત્મા સો પરમાત્મા"; છતાં મચ્છરને હાથ જોડો તો વાજબી કે ગેરવાજબી ? હાથ જોડો તો ધર્મ કહેવાય ? કે અધર્મ કહેવાય ? માખી, મચ્છર, કીડી બધામાં જે આત્મા છે તે શુદ્ધનયે પરમાત્મા છે, છતાં હાથ જોડો તો પાપ લાગે કે પુણ્ય બંધાય ?

કીડી કાંઈ પગે લાગવાની કક્ષામાં છે ? તેની ભક્તિ-બહુમાન થઈ શકે ખરું ? તેના ગુણનું બહુમાન થઈ શકે ખરું ? વિનય-ભક્તિ-બહુમાન-પ્રશંસા-અનુમોદના ક્યાં કરવી તેનાં ચોક્કસ ધોરણો છે. માટે જૈનશાસન કહે છે કે કોઈપણ જીવ સાથે વ્યવહાર કરતાં પહેલાં જોવું પડે કે તેની કક્ષા-અવસ્થા કઈ છે, અને તે પ્રમાણે જ વ્યવહાર કરાય.

**સભા :-** *સાહેબજી, કીડીને નવકાર સંભળાવાય ?*

**સાહેબજી :-** કીડીને નવકાર સાંભળવા કાન છે ? જેને કાન હોય અને સાથે વિચાર યોગ્ય મન હોય તેને સંભળાવવાનું આવે કે જેથી ધર્મ પામી શકે. હવે ધર્મ પામી શકે તેવા ભૌતિક દૃષ્ટિએ વિકસિત જીવો કોણ ?

**ચારે ગતિમાં સંજ્ઞીપંચેંદ્રિય જીવો જ ધર્મ પામવા માટેની લાયકાત ધરાવે છે. અસંજ્ઞીપંચેંદ્રિય જીવોમાં અત્યારે ધર્મ પામવાની લાયકાત જ નથી.** તીર્થંકરના સમોવસરણમાં તેમની દેશનામાં પશુઓ પણ આવતાં. દેશના પામી, કલ્યાણ સાધી જતાં, પણ તેમાં સંજ્ઞીપંચેંદ્રિય પશુઓ જ ગણવાનાં. તીર્થંકરોએ ઘોડાને, સાપને કે સમડીને ધર્મ પમાડ્યાના દાખલા છે, પણ કીડીને ધર્મ પમાડ્યાના દાખલા ક્યાંય નહીં આવે. એ ભવોમાં જ્ઞાન પામી શકે, ધર્મ પામી શકે તેવી તેમની અવસ્થા જ નથી.

**સભા :-** *નવકાર ગણવાથી તેના પરમાણુની અસર ન થાય ?*

**સાહેબજી :-** પરંતુ તે ઝીલવા જેટલી શક્તિ કે લાયકાત તો જોઈએ ને ? તેમને સાંભળવા કાન નથી, વિચારવા મન નથી. નવકારના ભાવની અસર થઈ શકે તેવું સ્ટેજ નથી.

**સભા :-** *તેનામાં આત્મા તો ખરો ને ?*

**સાહેબજી :-** તેમ તો નિગોદમાં પણ આત્મા છે, ઝાડપાનમાં પણ આત્મા છે, પરંતુ તે પાંગળો છે. શાસ્ત્રમાં લખ્યું છે કે અસંજ્ઞી જીવોમાં શુભ લેશ્યા, શુદ્ધ ધર્મ, શાસન કે મોક્ષમાર્ગ પામવાની લાયકાત હોતી નથી. નવકાર સંભળાવીને તમારે કંઈ પમાડવું છે ને ? હા, ગણો તો તમને લાભ થાય, પણ તેને લાભ થતો નથી. વ્યવહારથી એ જીવોનો ભવ જ ધર્મ માટે અયોગ્ય છે. કંઈ રીઝલ્ટ આવે તેવું હોય તો નવકાર સંભળાવો તો બરાબર.

**સભા :-** *તો પછી આવા જીવો, તેમાંથી કઇ રીતે બહાર નીકળીને ઉચ્ચ ગતિ બાંધશે ?*

**સાહેબજી :-** અકામનિર્જરાથી તેઓ ઉચ્ચ ગતિ બાંધશે. આ ગતિઓને દુનિયાનો અખાડો કહ્યો છે. જીવને તેમાં એક વખત ગયા પછી બહાર નીકળતાં દમ નીકળી જાય. અકામનિર્જરા એક જ તેમના માટે સાધન છે. તેમાં કોઇ જ બીજો વિકલ્પ નથી. ત્યાં શુભ લેશ્યા, શુભ ધ્યાન, ધર્મની આરાધના, વિરતિ, મોક્ષમાર્ગ કશું જ નથી. ફક્ત અકામનિર્જરા જ બહાર નીકળવાનો ઉપાય છે. દુનિયામાં ૯૯.૯૯% જીવો અસંજ્ઞીપણામાં છે. સંજ્ઞીમાં તો મુઠ્ઠીભર જીવો પણ નથી. **તુલનારૂપે આખા સમુદ્રમાં એક ટીપાથી પણ ઓછા જીવો સંજ્ઞીમાં છે.** આપણે પણ ત્યાં ઘણો કાળ સબડ્યા છીએ. જ્યારે ત્યાંથી નીકળ્યા ત્યારે અકામનિર્જરાથી જ નીકળ્યા છીએ. તે જ એક અવલંબન છે. અકામનિર્જરા કરવી બહુ જ કઠણ છે. અત્યારે અનુકૂળ સંયોગોમાં પણ તમે અકામનિર્જરા કરી શકતા નથી.

**સભા :-** *સહન કરી લેવાનું એટલે અકામનિર્જરા થાય ?*

**સાહેબજી :-** એવું નથી. કર્મનો ઉદય થાય તો સહન તો કરવું પડે. ત્યારે ઓય મા, ઓય બાપ, કરીને સહન કરો. પરંતુ અકામનિર્જરા માટે તો સહન કઇ રીતે કરવાનું છે ? ધોકા પડતા જાય અને શાંતિથી સહન કરવાનું આવે. હાયવોય થાય તો દુર્ગતિમાંથી છુટકારો અપાવે તેવી અકામનિર્જરા ન થાય.

**સભા :-** *મરુદેવામાતાએ અકામનિર્જરા કેવી રીતે કરી ?*

**સાહેબજી :-** તેમણે કેટલું શાંતિથી સહન કર્યું છે ! એ તેમની વિશેષતા હતી, માટે જ નીકળી શક્યાં. દા.ત. તમારો પડોશી કચકચ કરતો હોય તો માથાનો દુખાવો લાગે, થાય કે આપણું લોહી પી ગયો છે; જ્યારે આ તો બાજુનું ઝાડ પોતાને વીંધી નાંખે છે, તો પણ તેના માટે દ્વેષ નથી થતો. આના માટે મન કેટલું શાંત જોઇએ ! દુઃખ વેઠતાં શાંતિ, સહિષ્ણુતા, મૈત્રી આદિ ન પ્રકટે તો અકામનિર્જરા ન થાય.

**સભા :-** *તેમાં લાગણી હોય ?*

**સાહેબજી :-** હા, હોય. તેમનામાં પણ રાગ-દ્વેષ માન્યા છે. વનસ્પતિમાં ક્રોધ, માન, માયા, લોભ બધું જ છે. વિજ્ઞાન પ્રયોગોથી પુરવાર કરે છે. તેમનામાં પણ અનુરાગ-પ્રીતિ-ભય-રાગ-દ્વેષ બધું જ વિજ્ઞાન સાધનોથી પુરવાર કરી બતાવે છે. જો

કે આપણે ત્યાં હજારો વર્ષ પહેલાં આ બધું લખાયેલું છે. માટે વનસ્પતિમાં પણ જેવા ભાવ તેવો કર્મબંધ ચાલુ છે. એટલે અકામનિર્જરા કરવી સહેલી નથી. ખાલી દુઃખ વેઠવાથી અકામનિર્જરા થતી હોય તો નારકીના જીવો કેટલું દુઃખ વેઠે છે ? તો પછી તેને પણ સદ્‌ગતિ પ્રાયોગ્ય અકામનિર્જરા થાય ? પરંતુ ત્યાંથી તેઓ બધા સદ્‌ગતિમાં જતા નથી. દુઃખ આવે ત્યારે તેના નિમિત્ત પર દ્વેષ થતો હોય છે. અસંજ્ઞીમાં ગયા પછી તો પ્રાયઃ કરીને અનંતા ભવે એક જીવ બહાર નીકળી શકે. સંસારનું આ વાસ્તવિક સ્વરૂપ છે. તે તર્કબદ્ધ છે. **અસંજ્ઞી જીવોનો ભવ મહાજોખમી છે. જેમ પગ લપસ્યો એટલે ઊંડે ને ઊંડે ખૂંપતો જ જાય, તેમ અસંજ્ઞીપણામાં એક વખત પ્રવેશ્યા પછી જીવ નીચે ને નીચે ઊતરતો છેક તળિયે નિગોદમાં જઇને અનંત કાળ સુધી પડ્યો રહે છે.** વળી, સંજ્ઞીપણામાં પણ ધર્મ કરી લઇએ તો વાત જુદી છે, નહીંતર અસંજ્ઞીના ભવરૂપ અજગર મોં ફાડીને બેઠા છે.

માટે જ એમ કહીએ છીએ કે રોજ સવારે ચોર્યાશી લાખ જીવાયોનિના સ્વરૂપનું ચિંતન કરો. આ સંસારમાં દુર્ગતિ મોં ફાડીને બેઠી છે. એક વખત ગયા પછી પતી ગયું. ઊભા ચઢાવવાળા પહાડની ટોચ પરથી પગ લપસ્યો, તેને કોણ બચાવી શકે? તમને આ બધાં ભયસ્થાનો દેખાવાં જોઇએ. તમે તો આ સંસારમાં એકદમ નિશ્ચિત થઇને બેઠા છો ને ! બહાદુર છો માટે ? કે નિર્વિચારક છો માટે ? અહીંયાં પચાસ જણા તમારો ભાવ પૂછતા હોય, પરંતુ ત્યાં તો મરો છો કે જીવો છો, તેની નોંધ લેનાર પણ કોઇ નથી. મોટે ભાગે કમોતે જીવો મરે છે. ત્યાં વેદનાનો પાર નથી. આ બધું દેખાય તો તમને એમ થાય કે, ધર્મ પામી, સાધના કરી, જલદી જલદી આ સંસારમાંથી ઠેકાણે પડી જઇએ. મહારાજ અમને ડરાવે છે તેવું નથી લાગતું ને ? પણ અમે જે કહીએ છીએ તે હકીકત છે, આ જ સંસારનું સ્વરૂપ છે.

**સભા :-** *ડર જરૂરી છે ?*

**સાહેબજી :-** હા, સાચો ડર જરૂરી છે. સુસંભવિત આપત્તિનો ડર કોણ ન રાખે? મૂર્ખો હોય તે ડર ન રાખે. પરંતુ જે ડાહ્યો માણસ છે, જે સમજે છે કે સામે જોખમ છે, તેને ડર ન હોય ? ચારે બાજુ આગ લાગી હોય અને તમને ઉઠાડીને કહે કે ઝટ ભાગ, તો શું કહેશો ? મને ડરાવે છે ? તો અમે પણ કંઇ કાલ્પનિક ભય નથી બતાવતા, વાસ્તવિક ભય બતાવીએ છીએ. માટે સાવધાન થઇને જીવનમાં ધર્મના ઇચ્છુક બનો.

જૈનશાસને મોક્ષમાર્ગમાં ચડવા માટે ભૂમિકાઓ બતાવી છે. પોતાને ચડવા માટે અને બીજાનું મૂલ્યાંકન કરવા માટે આ ભૂમિકાઓનું મહત્ત્વ છે. તેથી જ આત્મા છે તેટલામાત્રથી તે પ્રશંસા-ભક્તિ કરવા લાયક બનતો નથી. અધર્મી કદાચ સદ્‌ગુણોવાળો હોય તો પણ તે વખાણ કરવા લાયક નથી. તમને આ બધું મગજમાં બેસે છે ? તમે કહેશો, ગુણ ગમે ત્યાં હોય તેની પ્રશંસા કરવામાં વાંધો નથી; કોઈની ખરાબ વાતને મહત્ત્વ નથી આપવું, પણ સારાની પ્રશંસા કરવામાં શું વાંધો ? પણ શાસ્ત્ર આવું કહેતું નથી. **જૈનશાસનમાં સારું પણ બધું ભૂમિકાનિરપેક્ષ વખાણવા લાયક નથી.** તમે ચૌદશના પ્રતિક્રમણમાં અતિચાર બોલો છો, તેમાં આવે છે કે " મિથ્યાદૃષ્ટિ તણી પ્રશંસા કીધી....." આ વાત શ્રાવકના અતિચારમાં જ આવે છે.

**સભા :-** *બસ, સાહેબ, અમે તો ખાલી બોલી જઈએ છીએ.*

**સાહેબજી :-** હા, તમારે અર્થ સાથે લેવાદેવા નહીં ને ? પછી માનવાનો તો કોઈ જ સવાલ નથી. ત્યાં શ્રાવક માટે મોક્ષમાર્ગની બહાર રહેલા મિથ્યાદૃષ્ટિના ગુણની પ્રશંસા કરવાની ના પાડી છે. એનો અર્થ શું થયો ? આ જગતમાં ગુણ પણ બધા સારા નથી. ગુણ પણ અધ્યાત્મની ભૂમિકાના હોય તે પ્રશંસાપાત્ર છે. માટે નાસ્તિક કે અધર્મીના ગુણોની પ્રશંસા-બહુમાન-અનુમોદના ન થાય; અને કરો તો મિથ્યાત્વ આદિ ભારે કર્મો બંધાય.

**સભા :-** *અધર્મીની વ્યાખ્યા શું ?*

**સાહેબજી :- દુનિયામાં જેટલા ધર્મો છે, તેમાંના કોઈપણ ધર્મના આચાર-વિચારને જે અપનાવતો નથી તે અધર્મી. તમામ ધર્મો જે સિદ્ધાંતને માને છે, તેને શ્રદ્ધારૂપે માનતો નથી તે નાસ્તિક; અને કોઈપણ ધર્મના આત્મા આદિ તત્ત્વને માને છે તે આસ્તિક.** (૧)ન માનનારા નાસ્તિક, (૨)ન આચરનાર અધર્મી અને (૩)આચરનાર ધર્મી.

**સભા :-** *આસ્તિક છે તે કેમ ખબર પડે ?*

**સાહેબજી :-** માણસના વિચારો ડગલે ને પગલે વ્યવહારમાં અભિવ્યક્ત થતા હોય છે. ચાર માણસ ધર્મની વાત કરતા હોય ત્યારે નાસ્તિકને તે વેદિયાઓની વાતો લાગે. અત્યારે ઘણા એવા છે કે જે પોતાના ધર્મનાં શાસ્ત્રોને પણ ન માને. તેમ કેટલાક ડોક્ટરો, વકીલો, ઓફિસરો છે કે જે કોઈને ધર્મની વાત કરતા જુએ તો હાંસી ઉડાવે.

અત્યારે તમારા ઘરોમાં પણ આવો વર્ગ છે. તમે કદાચ ધર્મની વાત કરો, તો તમને મોઢે કહે કે તમારો ધર્મ તમારી પાસે રાખો, અમને તેમાં રસ નથી. આત્માની વાત કરો તો કહેશે કે આત્મા કોણે જોયો છે ? હવે આ બધાને શું કહેવું ? ધર્મ માનતા નથી અને પછી સજ્જન થઈને ફરતા હોય તો પણ નિર્ગુણી કહ્યા છે. નાસ્તિકના ગુણને ગુણ તરીકે સ્વીકારવાના નથી.

**સભા :-** *ગુણનો અર્થ શું ?*

**સાહેબજી :-** જે એમના આત્માનો ઉદ્ધાર કરે તે સાચો ગુણ કહેવાય.

**સભા :-** *ગુણાનુરાગ મર્યાદામાં રાખવાનો ?*

**સાહેબજી :-** ગુણાનુરાગ મર્યાદામાં રાખવાનો એમ નહીં, પણ સાચા ગુણોનો અનુરાગ કરવાનો છે; આત્માને નુકસાન કરે તેવા ગુણોનો અનુરાગ કરવાનો નથી. જેમ ગુંડામાં સારી વાત હોય તો પણ તેની પ્રશંસા સામાજિક દૃષ્ટિએ કરાતી નથી, નહીંતર સમાજમાં ગુંડાગીરીને પ્રોત્સાહન મળે; તેમ ધર્મમાં પણ આત્મિક દૃષ્ટિએ હલકી કક્ષાના ગુણોની પ્રશંસા ન કરાય, કોઈ કરે તો દોષ લાગે. ગુણાનુરાગમાં ઘેલછા નથી લાવવાની, પણ સાચા ગુણોનો રાગ કરવાનો છે.

હવે જેનામાં ધર્મ છે, પછી ગમે તે ધર્મને તે માનતો હોય, પાછો સાચી શ્રદ્ધાથી માનતો હોય, આચરતો હોય, થોડો પણ આચરે છે; જે આવો ધર્મીવર્ગ છે, તેમાં ભેદ પાડ્યા કે (૧) શુદ્ધ માર્ગ પામેલા અને (૨) શુદ્ધ માર્ગ ન પામેલા. માર્ગ પામેલાની કક્ષા ઊંચી છે અને માર્ગ નહીં પામેલાની કક્ષા ઊતરતી છે, પછી ભલેને તેમાં ગુણ વધારે હોય.

## ગુણોના આધારે કક્ષાનું વિભાજન :

અમે કહીએ કે **નાસ્તિકના લાખ ગુણો કરતાં આસ્તિકનો એક ગુણ વધારે સારો.** તેવી રીતે **અધર્મીના લાખ ગુણ કરતાં ધર્મીનો એક ગુણ સારો.** તેમાં પણ ગમે તેટલો **ધર્મ કરતો હોય તો પણ માર્ગ ન પામેલો હોય તે નીચો છે અને માર્ગ પામેલો હોય તે ઊંચો છે.**

આ બધી કક્ષા પાડું છું. આમાં ઊંચી કક્ષાવાળો અધિકગુણી કહેવાશે, નીચી કક્ષાવાળો

હીનગુણી કહેવાશે, particular (અમુક ચોક્કસ) ગુણને લઇને હીનગુણી કહ્યા નથી. આ વ્યવહાર ભૂમિકા પ્રમાણે બાહ્ય અને અભ્યંતર બન્ને રીતે આવશે. ઘણા મુંઝાય છે કે કક્ષા કઇ રીતે નક્કી કરવી ? પણ વ્યક્તિ પરિચયમાં આવે એટલે તરત જ ખબર પડે કે નાસ્તિક છે કે આસ્તિક છે, ધર્મી છે કે અધર્મી છે, સાચો માર્ગ પામ્યો છે કે નથી પામ્યો; અને ખબર પડે તે રીતે ગુણની પ્રશંસા અને અનુમોદનાની પાત્રતા નક્કી થાય.

## હીનગુણી પ્રત્યે ઔચિત્ય :

જેને ભગવાનનું શાસન મળ્યું, દેવ-ગુરુ-ધર્મની ઓળખ થઇ, સાચી શ્રદ્ધા થઇ, તો સાચો માર્ગ તેને પ્રાપ્ત થયો છે; તે પછી જૈનેતર પણ હોય. જે સમજે તે પામે. જૈનકુળમાં જન્મેલાને સાચો માર્ગ પામવાની સંભાવના છે, બાકી અહીં પણ બધા જ પામી ગયા તેવું નથી. પણ જે પામ્યા છે તે અધિકગુણી કહેવાય. તેમની અપેક્ષાએ જે ગુણી હોય, પવિત્ર હોય, સદાચારવાળું જીવન પાળતા હોય, છતાં જો માર્ગ નથી પામ્યા તો હીનગુણી કહી શકાય. હવે તેમના પ્રતિ પણ દ્વેષ નહીં કરવાનો, પરંતુ અદ્વેષ અને કરુણાનો ભાવ લાવવાનો છે. ઇતર ધર્મના સંન્યાસીમાં આચાર-વિચાર-સારી વસ્તુ જુઓ તો કરુણાનો ભાવ આવવો જોઇએ; ભક્તિ-પૂજ્યતા કે બહુમાનનો ભાવ ન જોઇએ. તમને અમારી વાત સંકુચિત લાગશે, પરંતુ આમાં કાંઇ પરાયા કે પોતાનાની વાત નથી. જે આટલો ધર્મ કરવા છતાં માર્ગ નથી પામ્યા, તે જોઇને કરુણાનો ભાવ થાય છે; અને જો અહીંયાં બહુમાનનો ભાવ થાય તો અવિવેક ગણાય છે.

**સભા :-** *ધર્મસ્થાનકોમાં સત્તાધીશોનું જાહેરમાં બહુમાન કરે તો ?*

**સાહેબજી :-** વર્તમાનના તમારા આ રાજસત્તાધીશો પરલોક-પુણ્ય-પાપ કશું જ માનતા નથી. આ એક નવી જાત જ પાકી છે. ભૂતકાળમાં રાજા-મહારાજાઓનું ધર્મક્ષેત્રમાં આગવું સ્થાન રહેતું. મહાત્માઓ રાજસભામાં જતા, રાજાઓ પણ મહાત્માઓને સાંભળવા આવતા ત્યારે આગળની હરોળમાં બેસાડતા; કારણ તેઓ આસ્તિક, નીતિમાન, આર્યપરંપરાને માનનાર હતા, ધર્મમાં શ્રદ્ધાવાળા હતા. અરે ! ઘણા સમ્રાટો તો મહાન ધર્માત્માઓ હતા. જ્યારે આજના સત્તાધીશો તો પુણ્ય-પાપમાં જ માનતા નથી, તેમને ધર્મશ્રદ્ધાનો સવાલ જ નથી; વળી સામાજિક દૃષ્ટિએ પણ એટલા બદનામ થયેલા છે, કે આવાને આગળ લાવશો તો ધર્મ બદનામ થશે.

**સભા :-** *અત્યારે ઘણા સાધુ ભગવંતો તેઓને બોલાવે છે.*

**સાહેબજી :-** તે ખોટું જ છે. સામેથી આવે તો અમારા ઉપાશ્રયના દરવાજા બંધ નથી. ઉપાશ્રયના દરવાજા રાત્રે પણ ખુલ્લા હોય છે. સામેથી આવે તો ના નથી, પણ મારે બોલાવવાની શું જરૂર ? હું તો તમને પણ બોલાવતો નથી. અમારા સાધુના આચાર સમજો. જેને ધર્મ મેળવવાની ગરજ હોય, તે સાંભળવા આવે. આ કોઈની વ્યક્તિગત વાત નથી. પણ અમારા આચાર શું ? અમારા માટે ભગવાને કહ્યું છે કે નિઃસ્પૃહી બની રહેવાનું છે. તમે આવો તો જ અમારો ધર્મ થાય, આરાધના થાય; તમે ન આવો તો હું ડૂબી જવાનો, આવો તો તરી જવાનો; આવું કાંઈ જ નથી. અમારે અમારી આરાધનાથી તરવાનું છે. અમને તો ભગવાને ચોવીસ કલાક પંચમહાવ્રત-સ્વાધ્યાય આદિ કર્તવ્યો બતાવ્યાં છે. તેમાંથી માથું પણ ઊંચું કરવાનો અમારી પાસે સમય નથી. આ તો ઉપદેશ આપવાની જવાબદારી અમારા પર મૂકી છે. ભગવાને કહ્યું છે કે **જો પામે તેવો લાયક જીવ હોય અને તમારી છતી શક્તિએ તેમને ઉપદેશ ન આપો, તો દોષ લાગે. કારણ, જગતમાં સાચા ધર્મનો પ્રવાહ અટકી જાય, શાસનના માર્ગનો લોપ થાય.**

તમારા જેવા શ્રોતા ન મળે તો અમારું કલ્યાણ અટકી જવાનું નથી. માટે સામેથી બોલાવવાની વાત નથી. પરંતુ સત્તાધીશ, નાસ્તિક કે અધર્મી પણ જો સામેથી જિજ્ઞાસાપૂર્વક આવે, તો તેને પણ ધર્મ સંભળાવવા તૈયાર છીએ. અમે તેની ભૂમિકા પ્રમાણે તારવા માટે, અમારી બુદ્ધિ અનુસાર ઉપદેશ આપવા તૈયાર છીએ, પણ સામેથી બોલાવવામાં માનતા નથી. જો સાધુને મન થાય તો ખોટું છે. આ લોકોને જરાપણ મહત્ત્વ આપવા જેવું નથી. કદાચ જૈનેતરને મહત્ત્વ આપો તો ખોટું નથી. આ સત્તાધીશો માટે તો પ્રજામાં સખત ઉકળાટ ભરેલો છે, માટે તેઓ security(સુરક્ષા) સાથે નીકળે છે, નહીંતર તો જનતા જ તેમને ઢીબી નાંખે. જનતાને જેના માટે આટલો અભાવ, તેને તમે હારતોરા પહેરાવો અને પ્રશંસા કરો, પછી શું બાકી રહે ?

આ તમારા મુંબઈમાં એક જગ્યાએ મને કહ્યું નહોતું અને આવું ગોઠવી દીધેલું. તે વખતે મને એમ કે સામેથી આવ્યા હશે, પરંતુ પછીથી મને ખબર પડી. તે વખતે મને બોલવા માટે કહ્યું. મેં કહ્યું, "તમને જોઈને સંઘ ઘેલો હોય તેવું લાગે છે. કોનાં વખાણ થાય અને કોનાં ન થાય તેવો વિવેક નથી." આવું મેં face to face(મોઢામોઢ)

કહેલું. પણ આવું બધાને ગમતું નથી. વગર કારણે ડખો ઊભો કરીએ છીએ તેવું લાગે. આ તમારા શબ્દ બોલું છું. તમને સાચું કહેનાર ફાવે તેમ નથી. જૈનશાસન ગુણપૂજામાં માને છે, તે પણ ભૂમિકાના ગુણો લેવાના છે. ગમે તેવાને જૈનશાસનમાં મહત્ત્વ ન અપાય. ગમે તેવાને મહત્ત્વ આપવું તે મહાનુકસાન છે. તમે કહેશો કે સાહેબ, પ્રસંગે તેઓનું કામ પડે છે, સંઘનાં કામો માટે તેઓ પાસે જવું પડે છે. હા, કબૂલ. તેના માટે તમારે સંબંધ રાખવા પડતા હોય તો અંગત રીતે સંબંધ રાખો, ગુપ્ત સંબંધ રાખવા. અત્યારે સત્તા તેમના હાથમાં છે, માટે પ્રસંગે જરૂર પડે, પણ કરાય શું ? તમે જાહેરમાં માન આપશો તેના કરતાં અંગત રીતે માન આપશો તો કામ જલદી થશે. નહીંતર આ રીતે કરશો તો શાસનની પ્રણાલિકાને તોડો છો, અધર્મને પોષો છો. આ તમને જૈનસંઘની પરંપરા બતાવી.

**અન્ય ધર્મના સાધુ-સંતો પ્રત્યે, ગુણી જીવો પ્રત્યે કરુણાનો ભાવ હોય, પરંતુ પૂજ્યભાવ ન હોય. જો ભક્તિથી ઝૂકી પડો, વખાણ-પ્રશંસા કે બહુમાન કરો તો આ અવિવેક ગણાશે.** ઘણા કહે છે કે અમારા કરતાં તો ઊંચા ને ? ના, જરાય નહીં. ગમે તેટલા આચાર-વિચાર પાળતા હોય, તો પણ માર્ગ ન પામેલા હોય તો સાત વાર નીચા કહેવાશે.

## માર્ગ પામેલા અને નહિ પામેલાની ઓળખ :

**સભા :-** *માર્ગ પામેલા છે કે નહીં તે નક્કી કઈ રીતે કરવું ?*

**સાહેબજી :-** ભગવાનના શાસનમાં અહીંયાં પણ માર્ગ પામેલા હોય અને ન પામેલા પણ હોય, તેમ અન્ય ધર્મમાં પણ માર્ગ પામેલા હોઈ શકે. **(૧) જે માર્ગ પામ્યા છે તેની આંતરિક દૃષ્ટિ ખુલેલી હોય, જે સાચા અર્થમાં સંસારથી વિરક્ત છે, જેમને કોઈપણ મતનો કદાગ્રહ નથી; તેવા જીવો ગમે ત્યાં રહેલા હોય તો માર્ગ પામેલા છે. (૨) જ્યારે જેનામાં અસત્યનો આગ્રહ છે, પોતાની વાતનો કદાગ્રહ છે, અને વૈરાગ્ય નથી; તેવા જૈનશાસનમાં હોવા છતાં પણ તે માર્ગ પામેલા નથી.**

પૂ. ઉપાધ્યાયજી મહારાજ સાહેબે કહ્યું કે જેનામાં આવા આવા ભાવ છે, તે ભાવથી જૈન કહી શકાય. જેનામાં આવા આવા ભાવ નથી, તે જૈનમાં જન્મેલા હોવા છતાં પણ ભાવજૈન નહીં પણ કુળથી જૈન કહેવાય.

આપણે ત્યાં અપુનર્બંધક અવસ્થા બતાવી. તેમાં મુક્તિનો અદ્વેષ અને સંસારનો વૈરાગ્ય પેદા થાય અને કોઈવાતનો કદાગ્રહ ન હોય, આવી દશાવાળા જીવને અપુનર્બંધક દશાવાળો કહીએ છીએ; પછી તે ગમે ત્યાં રહેલો હોય, તે માર્ગ પામેલો છે, ભાવજૈન છે.

**સભા :-** *સાધર્મિકભક્તિ આવે ત્યારે શું કરવું ?*

**સાહેબજી :-** સાધર્મિકભક્તિ બે પ્રકારે છે : એક વ્યક્તિ ગત અને બીજી જાહેરમાં સંઘજમણ કરીને ભક્તિ કરો છો તે જાહેરમાં થઈ. વ્યક્તિગત રીતે ઘરે બોલાવીને તથા વ્યક્તિગત રીતે બીજા કોઈ પ્રકારે ભક્તિ કરો તે વ્યક્તિગત થઈ. જાહેર ભક્તિમાં તો જે જૈનશાસન વ્યવહારથી પામેલા છે, તે બધાને નિમંત્રણ અપાય, સરભરા થાય, તેમની ભક્તિ થાય; પણ વ્યક્તિગત કરવાની આવે ત્યારે ધર્મ અને ગુણ જોઈને ભક્તિ કરાય. ખાલી નામથી જૈન કે કુળથી જૈન હોય તો તેમની વ્યક્તિગત ભક્તિ કરવાની નથી.

તમારો તો સિદ્ધાંત છે કે પહેલાં જરૂરિયાતવાળાની ભક્તિ કરવાની, જરૂરિયાત નથી તેમનું કાંઈ કરવાનું નહિ, તેથી તમે પહેલાં ઝૂંપડપટ્ટીમાં ભક્તિ કરો. તમારાં ધોરણો આ જ છે ને ? અને પાછા બોલો ગરીબ છે, બિચારા છે. સાધર્મિકને બિચારા કહેવાય ? આર્થિક દૃષ્ટિએ નબળા છે માટે તેમને જરૂર છે.

**સભા :-** *તો શું એ વાત ખોટી ?*

**સાહેબજી :-** જરૂરિયાતવાળાની ભક્તિ હોય ? એમને જરૂરિયાત છે માટે ભક્તિ કરો છો કે તમારે જરૂરિયાત છે માટે ભક્તિ કરો છો ? દેવ-ગુરુને તમારી ભક્તિની જરૂર છે માટે ભક્તિ કરો છો ? તમે એમની ભક્તિ નહીં કરો તો એ એમ ને એમ લટકતા રહી જશે ? **ભક્તિ માટે પાત્રતા જોવાય, જરૂરિયાત જોવાય નહીં; અને તેવો વિચાર કરે તો સાચી ભક્તિ કહેવાય નહીં.** તમને આ બધું ઊલટું લાગે છે ને ? ભક્તિમાં પાત્રતાના ધોરણે લાભ વધારે કે જરૂરિયાતના ધોરણે લાભ વધારે ? પાત્રની ભક્તિમાં પરિણામની ધારા ઉત્તમ થાય છે, માટે તેનાથી જ લાભ વધારે થાય.

સૌથી પહેલાં ભક્તિ ભગવાનની છે. તેમને શું જરૂરિયાત છે ? તમે દેરાસર ન બનાવ્યું હોત તો તે શું બહાર રહી જાત ? પરંતુ તેમના ગુણોની પૂજા અને બહુમાન તમારા કલ્યાણ માટે કરવાનાં છે.

**સભા :-** *નવું મંદિર પછી કરવું અને પહેલાં જીર્ણોદ્ધાર કરવાનું કેમ કહ્યું ?*

**સાહેબજી :-** આમાં પરિસ્થિતિ એ છે કે બંનેમાં ભક્તિ જેની કરવાની છે તે દેવ તરીકે સમાન સ્તર છે, પરંતુ જીર્ણોદ્ધાર કરવાની પહેલાં જરૂર છે, કારણ આશાતના આદિ મોટા દોષો ઊભા ન થાય, તે માટે પહેલાં કરવાનું છે. તેનો દાખલો લઈ સાધર્મિકમાં ખાલી જરૂરિયાતને સ્થાન ન અપાય, નહીંતર આખો angle(દૃષ્ટિકોણ) ખોટો રહેશે. હા, ગુણનો પ્રધાનતાથી વિચાર કર્યા પછી જરૂરીયાતને બીજા નંબરે સ્થાન આપી શકાય છે. વળી, એક ગુણિયલ સાધર્મિકની ભક્તિ કરો અને ગુણ ન હોય તેવા સાધર્મિકની ભક્તિ કરો, તો ગુણિયલ સાધર્મિકની ભક્તિ જ સાચું ફળ આપશે અને ગુણહીનની ભક્તિ દોષપોષણનું કારણ બનશે.માટે ગુણિયલને શોધતા જવું પડે. સાધુમાં પણ ગુણિયલની ભક્તિ જ કરવાની છે, નિર્ગુણી સાધુની ભક્તિ કરવાની નથી. તો ગમે તે સાધર્મિકની ભક્તિ કેમ થાય ?

## કાયમી દુ:ખનિવારણ માટે ધર્મ એ જ ઔષધ :

**સભા :-** *પણ મદદ તો કરવી જોઈએ ને ?*

**સાહેબજી :-** જો તમે તેને સાધર્મિક માનતા હો તો મદદ શબ્દ ન કહેવાય, પરંતુ તેની તો સેવા અને ભક્તિ જ હોય. કોઈની પણ દયા કે અનુકંપા કરવા માગતા હો, ત્યારે તેના અને તમારા આત્માને લાભ થાય તે માટે અનુકંપા કરવાની છે. કોઈ જીવના ખાલી ભૌતિક દૃષ્ટિએ દુઃખ દૂર કરવા એવો ધર્મ ભગવાને આપણને બતાવ્યો નથી. આ સંસારમાં ભૌતિક દુઃખ ઠેર ઠેર છે. જો તેને સાચા અર્થમાં દૂર કરવાં છે, તો તેને દૂર કરવા ધર્મ જ પમાડવાનો આવશે, તે જ સમ્યગ્ ઉપાય છે.

મેં દીક્ષા લીધી. આખા સંસારનો ત્યાગ કર્યો. જો અમે ઊંચો ધર્મ પામ્યા હોઈએ તો અમારે પંચ મહાવ્રત પાળવાનાં; પણ જો લોકોનાં ભૌતિક દુઃખ દૂર કરવાં તે જ ખરો ધર્મ છે, તો મારે શું કરવાનું આવે ? માનવસેવા. તો પછી આ દીક્ષા લીધી તે મેં ભૂલ કરી ને ? નહીંતર ભૂખ્યાને ભોજન, તરસ્યાને પાણી, માંદાને દવા આ

જ બધી સેવા કરવી જોઇએ ને ? પણ ભગવાને આવું કરવાનું ક્યાંય બતાવ્યું ? ઊલટાની ના પાડી ને ? જાણો છો, તમારા ગુરુના આચાર-વિચાર શું છે ? તીર્થંકરોનાં જીવન વાંચો તો પોતે પણ સાધના કરીને "સવિ જીવ કરું શાસનરસી" આ જ ભાવના કરી છે. એના બદલે "સવિ જીવ કરું ભોગરસી" એવી ભાવના કેમ ન કરી ? સ્નાત્રમાં દરરોજ બોલી જાઓ છો, પણ અર્થ શું તે સમજો છો ? કે વિચારવાનું જ બંધ રાખ્યું છે ? જ્યારે ભગવાન જન્મ્યા ત્યારે શું કોઇ ભૂખ્યા, તરસ્યા, માંદા, ગરીબ દુનિયામાં નહોતા ? વળી જન્મ્યા પછી તેમની પાસે શક્તિ-વૈભવ કેટલો હોય ? છતાં તેમને એમ ન થયું કે બધાનાં ભૌતિક દુઃખ દૂર કરી ગરીબોને શ્રીમંત બનાવી દઉં, માંદાંને સાજા કરી દઉં. ઇન્દ્રો પણ તેમની સેવામાં હાજર હતા. તેઓ પણ બધું જ કરી શકે. છતાં છતી શક્તિએ તેવું કાંઇ ન કર્યું.

**સભા :-** *તો પ્રભુ વર્ષીદાન કેમ આપે છે ?*

**સાહેબજી :-** દીક્ષા લેતાં જ કેમ આપ્યું ? જન્મ્યા ત્યારથી કેમ ન આપ્યું ? દીક્ષાના અવસરે વર્ષીદાન કેમ આપે છે ? તો કહે છે કે પોતે ચારિત્રરૂપ મહાધર્મ કરવા નીકળે છે ત્યારે આ સત્તા- સંપત્તિ-વૈભવ કચરા જેવા છે, છોડવા જેવા છે, તેનું આચરણ જાહેરમાં અભિવ્યક્ત કરવા વર્ષીદાન આપે છે. જો માત્ર ગરીબોનું દુઃખ દૂર કરવા આપ્યું હોય, તો શું છેલ્લે દહાડે જ ગરીબો નીકળ્યા ? માટે જૈનશાસનનું તત્ત્વ સમજો, બહુ જ ગંભીર છે.

તમે પુણ્ય-પાપના સિદ્ધાંતને હૈયામાં ઉતાર્યો નથી. દુઃખ ક્યારે આવે ? ભૂતકાળમાં જીવે કાંઇ પાપ કર્યું હોય ત્યારે આવે ને ? તમે કોઇનું દુઃખ દૂર કરો, પણ જ્યાં સુધી તે પાપ કરવાનું બંધ ન કરે તો સાચા અર્થમાં તેના દુઃખનું નિવારણ થાય ? તમે તેને શ્રીમંત બનાવો, પણ ધર્મ વિના તે શ્રીમંતાઇના કારણે પાપ વધારે કરશે. તેથી સાચી દયા શું ? આ જગતમાં કોઇ જીવ પાપ ન કરે તેને માટે પૂરક બનવું તે. જેનાથી પાપને પોષણ મળે તે દયા, દયા નથી. જે પાપને જીવનમાંથી ઓછું કરે તેવી દયા કરવાની છે. સંસારમાં જીવોને દુઃખ છે ત્યાં સુધી હાયવોય કરશે. જેવું દુઃખ દૂર થશે એટલે ગેલમાં આવી જશે. પછી જીવનમાં શું કરશે ? પાપ. માટે પાપનું પોષણ થયું કહેવાય. પરંતુ તેના જીવનમાંથી પાપ ઓછું થાય તે જોવાનું. તેથી ધર્મ પામશે તો જ પાપથી છૂટશે.

**ભગવાને વર્ષીદાન ધર્મ પમાડવા આપ્યું છે, માત્ર ભૌતિક દુઃખ દૂર કરવા નથી આપ્યું. માટે દયા-દાન કરો ત્યારે ધર્મ પમાડવા કરવાનું છે.** એક જીવને તમે માંદો જુઓ તો અરેરાટી થઇ જાય, પરંતુ તમારી જો બાહ્ય દુઃખ દૂર કરવા પૂરતી જ દૃષ્ટિ હોય, તો તમારા હૈયામાં જૈનશાસનની દયા વસી નથી.

**સભા :-** *જૈનો અનુકંપા કઇ રીતે કરે ?*

**સાહેબજી :-** જૈનો અનુકંપા ચોક્કસ કરી શકે, પણ તે કઇ રીતે કરે તે સમજવું ખૂબ જ જરૂરી છે. અનુકંપા દ્વારા તમારે જૈનધર્મની પ્રશંસા કરાવવી છે કે તમારી પ્રશંસા કરાવવી છે? આપણી અનુકંપામાં જૈનધર્મની જ પ્રશંસા કરાવવાની વાત છે.

તમે એવી રીતે દયા-દાન કરો કે જેનાથી આખા જગતમાં જૈનશાસનનો ફેલાવો થાય. લોકોને માર્ગ પમાડવા, પાપથી મુક્ત કરવા માટે અનુકંપા કરવાની છે. હવે જે જીવો મૂળથી અધર્મી જ છે, તેમનાં ફક્ત ભૌતિક દુઃખ દૂર કરો, અને ધર્મ ન પમાડો તો તેનાથી તેમનાં પાપોની દુષ્ટતાને જ પોષણ મળશે; કારણ માત્ર દુઃખ દૂર થવાથી અને ધર્મ ન મળવાથી પાછા પાપો કરવામાં જ તેઓ મચી પડશે.

**સભા :-** *તો પછી અમે જે રીતે અનુકંપા કરીએ છીએ, તેનાથી તો પાપ જ લાગે ને ?*

**સાહેબજી :-** તમારા સંઘમાં કરાતી અનુકંપામાં અમુક વસ્તુઓ જોઇને હું રાજી થયો છું, પણ કઇ અનુકંપાથી રાજી અને કઇ અનુકંપાથી રાજી નહીં તે જાણવું પડે.

અનુકંપા કરતી વખતે મંદિર કે ધર્મસ્થાનકો સંકળાયેલાં હોવાં જરૂરી છે, જેથી આપણા ધર્મના ક્ષેત્રમાં દુઃખી જીવો આવે ત્યારે તેમને થાય કે, આ જૈનો ધર્મ કરવા આવે છે, પણ સાથે આપણા જેવાની પણ કેવી માવજત કરે છે, સારસંભાળ રાખે છે, ખાવા પીવાનું આપે છે ! એમનો ધર્મ કેવો ઊંચો હશે ! કે આપણા કોઇ જાતના સંબંધ વગર આપણી આટલી ચિંતા કરે છે ! માટે ધર્મના કનેકશનવાળી જ અનુકંપા આપણને માન્ય છે.

ઘણા લોકો શું કરે છે ? સવારે ખાવા-પીવાનું, દવા વગેરે લઇને આશ્રમો વગેરેમાં જાય. ત્યાં જઇને માંદાની સારવાર કરે, ખાવા પીવાનું આપે, લાગણી બતાવે, તેઓને

ખુશ કરી સંતોષ આપે. પરંતુ આમાં તેમનાં ભૌતિક દુઃખ દૂર કરવા સિવાય બીજું કાંઇ ધર્મનું કનેકશન ન હોય. માટે આ અનુકંપા જૈનશાસનને માન્ય નથી.

વર્ષીદાન પણ પ્રભુએ અવસરે જ આપ્યું છે. મોટા ધર્મના અવસર વખતે કે જેનાથી ધર્મ ઉપર લોકોને સદ્દ્ભાવ થાય, લેનારને પણ થાય અને જોનારને પણ અધિક સદ્દ્ભાવ થાય. **જેમાં ધર્મસ્થાનક કે ધર્મપ્રવૃત્તિનું કનેકશન હોય તેવી જ અનુકંપા માન્ય છે.** કારણ કે ધર્મના અંગ તરીકે અનુકંપા કરવાની છે, સ્વતંત્ર તરીકે અનુકંપા નથી બતાવી. ધર્મના અવસરે, ધર્મસ્થાનકોમાં તથા ધર્મ કરતાં, હંમેશાં બધાનાં સુખ-દુઃખની ચિંતા કરવાની છે. જ્યારે પણ વ્યક્તિ ધર્મ કરવા નીકળે ત્યારે જગતના જીવોને શાંતિ મળે તે જ ભાવના હોય. અમારિપ્રવર્તન પણ આ રીતે જ છે. જૈનોનો ધાર્મિક ઉત્સવ આવે ત્યારે જીવમાત્રને શાંતિ મળે તેવી પ્રવૃત્તિ જોઇએ. ધર્મની પ્રશંસા થાય લોકમાં ધર્મને યશ મળે તે જ રીતે અનુકંપા કરવાની છે.

આજે એવા જૈનો છે કે, ગુપ્ત રીતે ગુપચુપ જઇને અનાજ, દવા, કપડાં-લત્તાં આપી આવે; કારણ જૈન હોવાના કારણે, જૈનત્વના સંસ્કાર હોવાના કારણે, કોમળતા તેમના હૃદયમાં વણાયેલી છે. મોટા મોટા શ્રીમંતો પણ ગામડામાં જાતે જઇને આ રીતે કરી આવતા હોય છે. આ રીતે જૈનોના અબજો રૂપિયા આ માર્ગે જાય છે; પરંતુ આ બધું ગુપ્ત રીતે, સ્વતંત્ર તરીકે, જ્યાં ધર્મનું-શાસનનું કોઇ કનેકશન નથી, તે રીતે કરાય છે; માટે વિચારણીય છે, જે શાસનને માન્ય નથી. આવી રીતે કરવા કરતાં ધર્મસ્થાનકોમાં જવું જોઇએ અને ધર્મના અવસરે કરવું જોઇએ. તીર્થંકરોએ પણ ધર્મના અવસરે જ વર્ષીદાન કર્યું છે. ધર્મને પૂરક કે ધર્મના સાધન તરીકે જ કર્યું છે. પરંતુ તમે તો અત્યારે શીર્ષાસન કરી દીધું છે અને માત્ર ભૌતિક દુઃખ દૂર કરનારાં માનવતાનાં કાર્યોને તમે મહાધર્મ બનાવી દીધો છે.

તમે જે મંદિર અને ઉપાશ્રયના સ્થાનોમાં અનુકંપા કરો છો તે બરાબર છે. દેરાસર, ઉપાશ્રય સાથે જે અનુકંપા સંકળાયેલી છે તે ધર્મપ્રભાવનાનું કારણ છે. હજી પણ ધારો તો વિશેષ રીતે ધર્મની પ્રભાવના થઇ શકે. માટે અમારો અનુકંપા કરવાનો વિરોધ નથી, પણ વિવેકનો આગ્રહ છે.

# ૧૯

શ્રાવણ સુદ આઠમ, તા. ૪-૮-૯૫, શુક્રવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને સાચી હિતચિંતાની પ્રેરણા કરનારા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

**પરમાત્માનું શાસન કોઇને ટૂંકમાં ઓળખાવવું હોય તો તેને કહી શકાય કે જગતની સાચી હિતચિંતા કેવી રીતે કરવી તેને બતાવનાર માર્ગ, એ પરમાત્માનું શાસન છે.** તમારા આત્માનું અને જગતનું ભલું કરો, તે જ પરમાત્માની આજ્ઞા-ઉપદેશ છે. જો કોઈનું પણ ખરાબ ઇચ્છો તો તે તમારી ખામી છે. તે તો જીવમાત્રનું શુભ કરવાની આજ્ઞા આપે છે અને સાથે કઇ શુભ કામના કરવા લાયક છે અને કઇ શુભ કામના કરવા લાયક નથી, તેનો ઊંડો વિવેક જૈનશાસનમાં મૂક્યો છે. કોઇના પ્રત્યે અભાવ કે અણગમાના કારણે તેનું બૂરું કરવાની તમને ભાવના થતી હોય તો તે તમારી નબળાઇ છે.

**સભા :-** *બધા શુભ ભાવ પણ ન કરાય ?*

**સાહેબજી :-** હા, ન કરાય. ગઇ કાલે આપણે વાત નીકળવાથી જે પ્રશ્નની ચર્ચા થઇ, તેમાં સમજણ ન હોવાના કારણે ઘણી ગેરસમજ અને ગોટાળો થયો છે. અમે શાસ્ત્રદષ્ટિએ સ્પષ્ટ અને સચોટ લાગે તે જ વાત કરી છે, પરંતુ તમારો સ્વભાવ છે કે વર્ષોથી તમારું માનસ જે રીતે ઘડાયેલું હોય તેમાં સારી પણ વિરોધી વાત આવે એટલે સમજ્યા વગર ગોટાળા વાળો. હા, અમારી પણ ગેરસમજ કે ભૂલ થતી હોય તો કહી શકો છો, પરંતુ આ પાટ ઉપર બેસીને ભગવાનની આજ્ઞા મુજબ જ બોલવાની ઇચ્છા છે, તેમાં પોણીસોળ આની વાત કરવાની ભાવના નથી. શાસ્ત્રની રીતે તર્કબદ્ધ વાત કહીએ, તમને ગળે ન ઊતરે ને તે તમે reject(અસ્વીકાર) કરો તે ખોટી વાત છે. આ તો એવું થયું કે જૈનધર્મ કરનારને જૈનધર્મના પાયાના તત્ત્વની ખબર નથી.

આપણું શાસન લોકોત્તર છે. દુનિયાના અન્ય ધર્મો તે લૌકિક ધર્મો છે. દુનિયા જેને ધર્મ માને છે, તેને આપણે ધર્મ માનતા નથી. પણ લોકોને ખબર નથી તેવી ધર્મની વ્યાખ્યા જિનેશ્વરદેવોએ દુનિયાને બતાવી છે. માટે આ શાસનમાં દયા-દાન-પરોપકાર બધામાં લોકોત્તરતા આવશે. આ શાસનની નાની સરખી પ્રવૃત્તિમાં પણ લોકોત્તરતા વણાયેલી છે અને તે શાસ્ત્રના બોધવાળા સમજાવી શકે છે. આ અદ્‌ભુત શાસ્ત્રોને ઓળખી શકશો તો તેની કદર કરી શકશો. ગઈ કાલે આ આપણો મૂળ વિષય નહોતો, પણ જાહેરમાં પૂછ્યું માટે શાસ્ત્ર પ્રમાણે કહેવું પડે. તમને ન ગમે તો પૂછી શકો છો, પણ મનમાં ગોટાળા વાળવાની જરૂર નથી.

હું ગઈ કાલે શું બોલ્યો હતો તે ફરીથી રીપીટ કરું છું, માટે ધ્યાનમાં રાખજો. આપણા જૈનશાસનમાં જગતનાં કેવળ ભૌતિક દુઃખો દૂર કરવાની ભાવનાથી દયા-દાનની પ્રવૃત્તિ બતાવી નથી, આવું હું સ્પષ્ટ બોલ્યો હતો. પરંતુ જો એવું બતાવવું હોય કે જગતનાં કેવળ ભૌતિક દુઃખ દૂર કરવાની ભાવના કરવી તે સત્કાર્ય જ કહેવાય, અને સત્કાર્ય કરો એટલે ધર્મ કર્યો કહેવાય, તો તમામ સામાજિક કાર્યો ધર્મકાર્યો બની જશે; પણ જૈનશાસનમાં આવું નથી. આ સંસારમાં વિષય-કષાયથી જીવો એટલા દુઃખી છે કે તે બધાનાં ભૌતિક દુઃખો દૂર થાય તેવી તમન્ના કે કામના જૈનશાસનના શ્રાવકના મનમાં ન હોય. તમને અહીંયાં જ વાંધો પડે છે. કેવી કામના શ્રાવકના મનમાં હોય, કયાં દુઃખ કઈ રીતે દૂર કરાય, તે વિષયમાં કેવી કામના કરાય કેવી ન કરાય, તેનો સંપૂર્ણ વિવેક જૈનશાસનમાં બતાવ્યો છે.

એક પણ જીવ દુઃખી થાય તેવી અમારી ઇચ્છા નથી. અમે પણ જીવમાત્રના દુઃખનું નિરાકરણ ઇચ્છીએ છીએ. જીવ દુઃખમુક્ત થાય અને સુખી થાય તેમાં અમને કંઈ વાંધો-વિરોધ નથી. છતાં પણ કેવાં દુઃખ દૂર કરવાની ભાવના કરાય તેનો જિનશાસનમાં વિવેક છે. આ બધી તમારા માટે નવી વાત છે, આપણે તેને દૃષ્ટાંત દ્વારા જોઈએ.

આ યુગમાં આર્થિક હાડમારી અને સામાજિક સંયોગો એવા ઊભા કર્યા છે કે ઘણા યુવાનો સમાજમાં પરણવાની ઇચ્છા હોવા છતાં પરણ્યા વગરના છે. તો તમારાથી કે મારાથી ઇચ્છા કરાય કે આ બધા પરણી જાય તો સારું ? નથી પરણેલા તે દુઃખી

છે કે સુખી છે ? દુઃખ કેટલાય પ્રકારનું છે. બોલો આવી કામના આપણાથી કરાય ખરી ?

આ કાળમાં ઘણા જીવો એવા છે કે સંસાર માંડ્યા પછી સંતાન થયાં નથી; તો શું એમ વિચારાય કે એવા બધાને સંતાન થઈ જાય તો સારું ? તેમને ખાવા-પીવાનું, પહેરવા-ઓઢવાનું બધું સુખ છે, પણ ખોળાનો ખૂંદનાર નથી; કોઈકના દીકરા જોતાં રડી પડે, રમાડવા માટે તરત ઊંચકી લે; એમને વાંઝિયાપણાનું એટલું દુઃખ હોય છે કે ખાવાનું પણ ભાવતું ન હોય. આવાં ભૌતિક દુઃખ દૂર થાય તે કામનાની વાત સાધુ માટે છોડી દો, પરંતુ શ્રાવક તરીકે તમારે પણ ઇચ્છા કરાય ખરી ? માટે સંસારમાં જેટલાં દુઃખો છે તે બધાં દૂર થાય, એટલે વાંઢાઓ પરણી જાય, નિઃસંતાનને સંતાન થાય, ભોગ ન હોય તેને મોજમજા મળે, પ્રેમીઓ જે વિરહમાં તડપે છે તેઓનું મિલન થાય, આવી તો કેટલીય કામનાઓ આવશે; તો શું આવી બધી શુભ પણ કામનાઓ કરાય ખરી ?

**સભા :-** *સાહેબ, ખાલી રોટી-કપડાં અને મકાન રાખીએ તો ?*

**સાહેબજી :-** તમે તો રાજકારણીઓએ આપેલું સૂત્ર અહીં ઘુસાડી દીધું. વળી, તમે આનો અર્થ એવો કર્યો કે ખાલી આ જ દુઃખએ દુઃખ છે, બીજાં દુઃખો દુઃખ નથી. પરંતુ તેના કરતાં ઘણાં બીજાં મોટાં દુઃખો છે. માટે પહેલાં સિદ્ધાંત બાંધો કે કેવલ પાપપોષક એવી ભૌતિક દુઃખ નિવારણની કામના કર્તવ્ય કે અકર્તવ્ય ? કારણ કે જેમ અધર્મી જીવોને પરણાવવાથી તેમના દુઃખનું નિવારણ થતું હોવા છતાં પણ અબ્રહ્મ આદિ પાપની પરંપરા ચાલે, તેમ મકાન આપવાથી પણ અબ્રહ્મ આદિ અનેક પાપોની પરંપરા સર્જાવાની જ. માટે આપણે નિશ્ચિત principle(સિદ્ધાંત) અનુસાર જ ચલાય. સારી વસ્તુ પણ બધી કરવા લાયક છે કે નહીં તેનો વિચાર કરવો પડે, અને પછી તેનો સિદ્ધાંત બાંધવો પડે. હું તમને જૈનશાસનનો principle(સિદ્ધાંત) બતાવવા માંગું છે.

આપણા તીર્થંકરો સાધના કરતી વખતે આવી ભાવના કે પ્રવૃત્તિ કેમ ના કરે ? તેમની આગળના ભવોથી સાધના ચાલુ થાય છે, અને છેલ્લા ભવે તો તે સાધના પરાકાષ્ઠાની હોય છે. છેલ્લા ભવના જન્મ વખતે તો શુદ્ધ સમકિતી હોય છે, ત્રણ

જ્ઞાનના ધણી હોય છે. આગલા ભવોમાં જ અવલોકન દ્વારા સંસારની દુઃખમય દશાનું તેમને દર્શન થાય છે, અને top levelની (ઉત્કૃષ્ટ) કરુણા તેમના હૃદયમાં પ્રગટે છે. અરિહંતોનાં હૃદય વિશ્વવાત્સલ્યમય હોય છે, જગતના જીવમાત્ર પ્રત્યે અપાર કરુણા-વાત્સલ્ય તેમને પ્રત્યેક જીવ પ્રત્યે હોય છે, માને દીકરા પ્રત્યે હોય તેના કરતાં પણ કંઇ ગણું અધિક વાત્સલ્ય-કરુણા હોય છે. માટે આ દુઃખો જોઇને કરુણાની ઊર્મિથી તેમણે એવી ભાવના ભાવી કે "સવિ જીવ કરું શાસનરસી", પરંતુ બીજી કોઇ ભાવના કેમ ન ભાવી ? તમે જેને પૂજો છો તેને ઓળખો છો ખરા ? તેમની સાધના પર કદી વિચાર કર્યો છે ખરો ? તીર્થંકરોએ શું કામ આટલી શક્તિ હોવા છતાં પણ આવી પ્રવૃત્તિ નથી કરી ? અંતિમ ભવમાં ધારે તો બધાને બંગલા આપી શકે તેમ છે, જેથી પૃથ્વી પર એકપણ મનુષ્યને દુઃખી રહેવાનું ન આવે, ચોસઠ ઇન્દ્રો તેમની સેવામાં હાજર છે, બધાને શ્રીમંત અને સુખી કરી શકે તેમ છે, આ બધું કરવાની તેમની પૂરેપૂરી તાકાત હતી, છતાં પણ તેમણે આવી એકપણ પ્રવૃત્તિ કરી નહિ; તો રહસ્ય શું ? કરવા યોગ્ય હતું પણ ન કર્યું એટલે શું ભૂલ કરી ? અને તેને ભૂલ માનો તો આખો સિદ્ધાંત ખોટો થઇ જાય.

**સભા :-** *વર્ષીદાન વખતે તો આવી પ્રવૃત્તિ કરેલી.*

**સાહેબજી :-** આ પ્રશ્નની ચર્ચા ગઇ કાલે ઘણી થઇ ગઇ છે. દીક્ષા વખતે જ ભગવાને આવી પ્રવૃત્તિ કરી અને પહેલાં કેમ ન કરી ? જન્મ્યા ત્યારથી જ આવી પ્રવૃત્તિ કરી શકે તેમ હતા, છતાં નથી કરી, પરંતુ વર્ષીદાન વખતે ધર્મની પ્રભાવનાના સાધન તરીકે આપ્યું છે; માત્ર જગતનાં ભૌતિક દુઃખ દૂર કરવાની ભાવનાથી નથી આપ્યું, ધર્મના અંગ તરીકે આપ્યું છે. ભગવાન દીક્ષા પણ એવી રીતે લે કે કેટલાય લોકો ધર્મ પામી જાય. આ સંસારમાં સત્તા-વૈભવ-રિદ્ધિસિદ્ધિ બધું જ કચરા બરાબર છે, તપ-ત્યાગ-સંયમનું મૂલ્ય છે, તે જ આદર્શ તરીકે મેળવવા લાયક છે; આ તત્ત્વનું ભગવાન આખી દુનિયાને ભાન કરાવવા માગે છે. આ બધું ફેંકી દેવા જેવો કચરો છે, તેથી પ્રભુ વરસીદાન લોકોને ધર્મ પમાડવા આપે છે અને તેને જોવામાત્રથી ઘણા જીવો બોધિબીજ-સમકિત આદિ પામે છે. પ્રભુના હાથના દાનનો પ્રભાવ અપૂર્વ બતાવ્યો છે. શાસ્ત્રમાં આનું વિસ્તારથી વર્ણન છે.

સંસારી જીવોનું દુઃખ દૂર કરવાની અમારી ના નથી, પરંતુ તેના આત્મિક હિતને લક્ષમાં રાખીને ભૌતિક દયા કરવાની છે. અમે અનુકંપા કરવાની ના નથી પાડતા, પણ શાસ્ત્રમાં જે રીતે બતાવી છે તે વિધિ બતાવવા માગીએ છીએ; જેમાં ધર્મનું અનુસંધાન જોઇએ, જોઇએ ને જોઇએ જ.

અત્યારે કરોડો રૂપિયા જૈનો દ્વારા અનુકંપા પાછળ ખર્ચાય છે. ધાર્મિક ક્ષેત્ર કરતાં સામાજિક ક્ષેત્રમાં દાન ઘણું વધી ગયું છે. જૈનો પણ માનતા થઇ ગયા છે કે સામાજિક કાર્યો એ જ ખરો ધર્મ છે, માનવસેવા જ ખરો ધર્મ છે, મંદિરો તો બિનજરૂરી છે.

**સભા :-** *તીર્થંકરોને શાસ્ત્રોમાં અનુપકૃતપરહિતરત કહ્યા છે ને ?*

**સાહેબજી :-** આ પ્રશ્ન પૂછનારને બરાબર ભાન હોવું જોઇએ કે આ વિશેષણથી શું કહેવા માગે છે. વગર ઉપકારે પણ જીવોનું હિત કરવામાં જેનું ચિત્ત રક્ત છે, આ જ ગુણ તીર્થંકરોને અરિહંત બનાવવામાં મુખ્ય સાધન છે. અહીંયાં 'હિતરતપણું' લખ્યું છે, પણ 'સુખરતપણું' નથી લખ્યું. તમે શાસ્ત્રીય શબ્દોનું તાત્પર્ય બરાબર સમજો. જો ખાલી સુખી કરવાથી હિત થતું હોય તો વાંઢાને પરણાવી દો તો સુખી થઇ જાય, પણ તેથી શું તેનું કલ્યાણ થઇ જાય ? વાસ્તવમાં અમે તો જગતના જીવમાત્રનું હિત ઇચ્છીએ છીએ. પરંતુ હિત શેમાં ? હિત બોલો એટલે આત્મા આવે જ. અહીં આત્માના હિતને લક્ષમાં રાખવાનું છે.

જગતના જીવમાત્રના આત્મકલ્યાણને સામે રાખીને દયા-દાનની પ્રવૃત્તિ કરવાની છે, પરંતુ માત્ર ભૌતિક દુઃખોને સામે રાખીને જૈનશાસનમાં દયા-દાનની પ્રવૃત્તિ નથી બતાવી.

વ્યવહારમાં પણ નિયમ શું છે ? જેમ નાનું બાળક છે, તેને સમજણ નથી કે તેનું હિત શેમાં છે, અહિત શેમાં છે; પણ સમજુ માબાપો તેની બધી ઇચ્છા પૂરી ન કરે. જેમ ચાર વર્ષના બાળકને શરદી-ખાંસી સખત થઇ હોય ત્યારે મા પાસે આઇસક્રીમ માગે, તો સારી મા શું તેને આપી દે ? ન આપે તો બાળક રડે, માથાં પછાડે, તો પણ સારી મા આપે ખરી ? ના, રડ્યા કરે તો વાંધો નહીં. આંખો લાલચોળ થઇ જાય, ભલે વાંધો નહિ. છતાં પણ મા આપે નહીં. તો શું

મા ક્રૂર છે ? કઠોર હૃદયવાળી છે ? રડતો જોઇ જે મા પીગળી જાય, તે મા દયાળુ છે ? તમારી દૃષ્ટિએ દયાળુ કોણ?

**સભા :-** *ન આપે તે.*

**સાહેબજી :-** પાકું ને ? કારણ શું ? તે હિતને સામે રાખીને બાળકનું તાત્કાલિક દુઃખ દૂર કરતી નથી. જો હમણાં જ તેનું દુઃખ તાત્કાલિક દૂર કરવા આઇસક્રીમ આપી દે, તો બાળક ખુશ થઇ જશે, નાચવા માંડશે; પણ તે સમજે છે કે લાંબે ગાળે ડબલ ન્યુમોનિયા થશે અને બન્નેને રડવાનો વારો આવશે.

અધર્મી જીવોનાં ભૌતિક દુઃખો દૂર કરવાથી તેમનાં દુઃખો કાયમ ખાતે દૂર થતાં નથી. માટે જ તીર્થંકરોએ આવી વિવેકયુક્ત ભાવના ભાવી હતી. તીર્થંકરો જગતના જીવોનું સાચું હિત શેમાં છે તે જાણે છે. ભલે જીવો ઇચ્છે કે અમારાં ભૌતિક દુઃખ દૂર થાય અને ગેલ કરીએ, પણ તેમાંથી બહાર કાઢવાની તીર્થંકરોએ કામના કરી નથી, પણ કામના શું કરી છે ? કે જો શક્તિ આવે તો "સવિ જીવ કરું શાસનરસી". પરંતુ "સવિ જીવ કરું ભોગરસી" તેવી ભાવના તેમણે ભાવી નથી.

**સભા :-** *સાહેબ, વસ્તુપાળ-તેજપાળે ઘણો પરોપકાર કર્યો છે, તે કઇ રીતે ?*

**સાહેબજી :-** તેમણે જે પરોપકાર કર્યો છે, તેમાં ભગવાનની આજ્ઞાવિરુદ્ધ એકપણ પ્રવૃત્તિ  કરી નથી.

**સભા :-** *તેમણે તો મસ્જિદો પણ બંધાવી છે.*

**સાહેબજી :-** હા, ચોક્કસ. કૂવા, તળાવ, અન્નક્ષેત્રો, ધર્મશાળા, પથિકાશ્રમો, મસ્જિદો સેંકડો અને હજારો સંખ્યામાં બંધાવ્યાં છે. વૈદિક ધર્મનાં મંદિરો પણ બંધાવી આપ્યાં છે. પણ તે તમારે સમજવું પડે કે વસ્તુપાળ કયા લેવલની વ્યક્તિ છે. જાહેરક્ષેત્રમાં રહેલી વ્યક્તિનાં સામાજિક કર્તવ્યો જુદાં છે અને સામાન્ય વ્યક્તિનાં કર્તવ્યો જુદાં છે. જેમ રાજા-મહારાજા, મંત્રી, નગરશેઠોનાં સામાજિક કર્તવ્યો જુદાં છે, તે કાંઇ સામાન્ય વ્યક્તિને લાગુ ન પડે.

અમે તમને કહીએ કે અન્ય ધર્મના સાધુને વંદન-ભક્તિ કરો તો દોષ લાગે, પરંતુ અહીંયાં પણ વિવેક છે, રાજા આદિ માટે નિયમ જુદો છે. જેમ કે, રાજાએ રાજસભામાં કોઇ પણ ધર્મના પવિત્ર સંત આવે ત્યારે તેમનો આદરસત્કાર કરવો જોઇએ, હાથ જોડી નમસ્કાર કરવા જોઇએ, કારણ કે તે આખી પ્રજાનો નાયક છે. પરંતુ અહીંયાં લેભાગુ સંતની વાત નથી. જે તેમના ધર્મશાસ્ત્રને વફાદાર હોય, તેમના શાસ્ત્ર પ્રમાણે આચાર-વિચાર પાળતા હોય તેવા સંતનો આદરસત્કાર કરવાનો છે. માટે રાજાને જાહેર નેતૃત્વ તરીકે તમામ ધર્મોની સત્પ્રવૃત્તિને રાજ્યમાં support (સમર્થન) કરવાનું આવે, પણ તમને આ નિયમ લાગુ ન પડે. વસ્તુપાળ- તેજપાળ પણ મંત્રી તરીકે જાહેર વ્યક્તિ છે. તેમનું પુણ્ય તો વિચારો. તે પોતે મંત્રી હોવા છતાં રાજા કરતાં પણ વધારે સત્તા ભોગવે છે. રાજા વીરધવલના પરમ કૃપાપાત્ર છે. તેમની સેવામાં ચૌદશો અંગરક્ષકો છે. તેમના રસોડે દરરોજ પચાસ હજાર માણસ જમતા હોય છે. આ ઉપરથી કલ્પના કરી શકો છો કે તે કેવી વ્યક્તિ હશે ! અનુપમાદેવીને એવો નિયમ છે કે પાંચસો સાધુ-સાધ્વીને ગોચરી વહોરાવીને પછી જ ભોજન કરવું, તેવો અભિગ્રહ છે. તે પણ નિર્દોષ ગોચરી વહોરાવવાની. માટે વિચારજો કે કેટલી રસોઇ થતી હશે કે જેનાથી પાંચસોને નિર્દોષ ગોચરી વહોરાવી શકે ! તમારે બે ચાર પણ દરરોજ આવે તો આવા ભાવ ટકે ખરા ?

**સભા :-** *પાંચસોને વહોરાવવામાં કેટલો ટાઇમ જતો હશે ?*

**સાહેબજી :-** હા, સવારથી સાંજ સુધી પોતે બેઠાં હોય. શું તેઓ એમ ને એમ કેવળી થઇ ગયાં છે ? વિચારજો; કેવી શ્રાવિકા હશે ! કેવું તેમનું દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે સમર્પણ હશે ! જૈનશાસન કેવું રગરગમાં વસ્યું હશે કે દેવ-ગુરુની આટલી ભક્તિ કરી શકે ! આમ તો તેમને કેટલાય દાસ-દાસીઓ છે, છતાં પણ તેઓ જાતે વહોરાવે. તમારે ત્યાં સાધુમહાત્મા આવે તો રસોઇયાને ઓર્ડર કરો ને ? બૂમ પાડીને કહી દો "મહારાજ, મહારાજને વહોરાવજો," કેમ બરાબર ને ?

**સભા :-** *સાહેબ, કનકબહેનના રસોડે ત્રણ હજારનો લાભ લેવાય છે.*

**સાહેબજી :-** હા, બરાબર છે, ના નથી. પરંતુ આમનું તો કઇ ગણું વિશેષ છે.

આ કાળમાં સમૂળગું જ નથી તેમ અમારું કહેવું નથી, પરંતુ આ બધા તો ઘણા ઉત્તમ ધર્માત્મા છે.

## પ્રશસ્તમાયામાં વસ્તુપાળ મંત્રીનું દૃષ્ટાંત :

વસ્તુપાળ મંત્રી તરીકે જાહેર વ્યક્તિ છે, માટે જાહેર વ્યક્તિ તરીકે તેમનાં કર્તવ્ય જુદાં છે. વસ્તુપાળ ગુજરાતના મહામંત્રી હતા ત્યારે, ગુજરાત પર મુસલમાનોનો સતત ભય તોળાતો હતો, કારણ કે દિલ્હીમાં તે વખતે મુસલમાન બાદશાહોનું રાજ્ય હતું. ગુજરાતનો રાજ્યવૈભવ, જાહોજલાલી જોઇને આક્રમણ કરીને લૂંટવાનું તેમને મન થાય. માટે મંત્રીશ્વર વિચારે છે કે આમાંથી ગુજરાતને બચાવવા શું કરવું? તેઓ શાસનની રક્ષા કરતા તેટલું જ નહીં, પણ સમાજનું, સંસ્કૃતિનું, પ્રજાનું, રાષ્ટ્રનું રક્ષણ કરવું એવાં ઘણાં કામો તેમણે કર્યાં છે. માટે જ બાદશાહોને ખુશ રાખવા પ્રસંગે મસ્જિદો બંધાવી આપી છે. આ દાખલો લઇને તમારાથી આવું કામ થાય ખરું? અરે, મસ્જિદો બંધાવી તે તો કંઇ જ નથી, પરંતુ તેમણે કેવા પ્રશસ્ત કષાય કર્યા છે, તેનો દાખલો જોઇએ.

એ વખતે દિલ્હી સલ્તનત પાવરફુલ છે. વીરધવલની તાકાત નથી કે તે તેની સામે બાથ ભીડી શકે. જો તેનું આક્રમણ આવે તો પીંખાઇ જાય, બધી વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઇ જાય, સદાચારી સ્ત્રીઓ પર આફત આવે. મહામંત્રી વસ્તુપાળ તો દીર્ઘદૃષ્ટિવાળા છે. માટે આ બધું વિચારી શકે છે. હા, અત્યારે જો આવા બાહોશ અને દીર્ઘદૃષ્ટિવાળા શ્રાવકો હોય તો તેમને રાજકારણમાં મોકલાય. પણ તમે તો શેકેલો પાપડ તોડી શકો તેમ નથી. વસ્તુપાળે વિચાર કર્યો કે દિલ્હી સલ્તનત સાથે કઇ રીતે મૈત્રી બાંધવી, જેથી સમૃદ્ધ ગુજરાત ઉપર આફત ન આવે. વળી, હિંદુને તેઓ કાફર માનતા હોય છે. માટે આ કામ કઇ રીતે કરવું તે વસ્તુપાળ વિચારે છે. તે માટે ગુપ્તચરો દ્વારા દિલ્હીની રજેરજ માહિતી મેળવે છે. તેમાં ખબર પડી કે આ બાદશાહને માતા પર અતિશય પ્રેમ છે. માતાની છેલ્લી ઉંમર હોવાના કારણે માતા હજ કરવા નીકળી છે અને બાદશાહે ઘણી સંપત્તિ-વૈભવ ખેરાત કરવા આપી છે. વળી, મંત્રીશ્વરને સાથે ખબર પડી કે ખંભાતના બંદર નજીકથી સુલતાનની માનો કાફલો નીકળશે. આ અવસરે મંત્રીશ્વર બાદશાહની સાથે મૈત્રી બાંધવા પોતાની સદ્‌બુદ્ધિનો ઉપયોગ કરે છે.

પોતાના જ ખાસ વફાદાર સેવકોને બોલાવી કાનમાં સલાહ આપી, કે જ્યારે તેમનાં માતુશ્રી આ બાજુથી નીકળે, ત્યારે છાપો મારીને તેમને લૂંટી લેવાં. વફાદાર સેવકો તો મંત્રી કહે તેમ જ કરે. માટે તેમના કહ્યા પ્રમાણે તેમને લૂંટી લીધાં અને એવી હાલત કરી કે જેનાથી તેઓ આગળ જઇ ન શકે. માટે તેમને ખંભાત બંદરે ઊતરવું પડ્યું. હવે તેઓએ તપાસ કરી કે વીરધવલનું રાજ્ય છે, પણ તે ધોળકા રહે છે; અહીંયાં તો તેમના મંત્રી વસ્તુપાળ છે. તેથી ન્યાય માટે વસ્તુપાળ પાસે ગયાં. તેમને કહે છે કે "તારા રાજ્યમાં કેવી અનીતિ-ગુંડાગીરી ચાલે છે ?" વસ્તુપાળ કહે છે કે, "મારા રાજ્યમાં અનીતિ હોઇ શકે ખરી ?" ત્યારે કહે છે કે, "તારી જ પ્રજાના માણસોએ મને લૂંટી લીધી છે." વસ્તુપાળ તરત જ હાથ જોડીને કહે છે કે, "તમારી સંપત્તિ અને ગુનેગારને હાજર કરું છું, પણ આપ અહીંયાં રહો તેવી મારી નમ્ર વિનંતી છે. મને તમારો દીકરો માનીને આપ અહીંયાં રહો." વસ્તુપાળે સગા દીકરા કરતાં પણ એમની અધિક સરભરા કરી. લૂંટેલો બધો જ માલ સુપરત કરે છે, પોતે એવાં પગલાં લે છે કે બાદશાહની મા ઉપર મહાનીતિમાન અને સદાચારી મંત્રી તરીકેની ભારે છાપ પડી.

આ તેમણે લુચ્ચાઇ કરી, પરંતુ તે પ્રશસ્ત પાપ છે. દેશના-પ્રજાના-ધર્મના હિત માટે આ લુચ્ચાઇ કરી છે.

માને હજ કરવા જવું છે. તેમને ફરીથી તકલીફ ન આવે માટે કહે છે કે "હું તમારી સાથે આવું." સરભરાથી માને એવી ખુશ કરી છે કે મા કહે છે કે, "તારે બેટા, રાજકારણનાં ઘણાં કામ હોય." એટલે મા તેને આવવાની ના પાડે છે. આનાકાની કરતાં છેલ્લે પોતાનું લશ્કર સાથે મોકલે છે અને કહે છે કે, "પાછા ફરતાં મારા આંગણે ચોક્કસ રોકાવાનું છે."

હજ કરીને પાછાં આવ્યાં ત્યારે થોડો વખત રોકાઇને દિલ્હી જવાની રજા માગે છે. વસ્તુપાળ રોકાઇ જવા માટે ખૂબ જ આગ્રહ કરે છે, પણ મા કહે છે કે, "દીકરા, મારે હવે દિલ્હી જવું જ પડશે." વળી કહે છે કે, "બેટા, તારે સાથે દિલ્હી આવવું જ પડશે." મંત્રીશ્વર ના પાડે છે, પણ અતિશય આગ્રહના કારણે છેલ્લે કહે છે કે "હું દિલ્હીની સરહદ સુધી આવું, પણ અંદર ન આવું. કારણ

કે અમે કાફર ગણાઇએ. બાદશાહનો વિશ્વાસ શું ? કમોતે મરી જઇએ તો ? માટે અંદર હું નહીં આવું."

મા કહે છે કે "પહેલાં મારો જાન આપી દઇશ પણ તને કંઇ નહીં થાય તેની મારી ખાતરી, ઊલટું મારો દીકરો તને સામે લેવા આવશે." વસ્તુપાળ બહાર રહ્યા છે. બાદશાહને ખબર પડી કે મા આવ્યાં છે, ત્યારે સામે જઇને વિનયથી પૂછે છે "કેમ મા ! બરાબર જાત્રા કરી આવ્યાં ને ?" ત્યારે મા કહે છે કે, "શું કપાળ ? આ વસ્તુપાળ દીકરો મળ્યો એટલે હેમખેમ પાછી આવી છું. તું તો મારો પેટનો દીકરો છે, પણ એણે મારા માટે શું શું કર્યું છે, તે સાંભળીશ તો નવાઇ પામીશ." બાદશાહ બધી વાત સાંભળીને વસ્તુપાળ પર ઓવારી ગયા છે. બાદશાહ કહે છે કે "દીકરો માન્યો તો સાથે કેમ ન લાવ્યાં ?" એટલે કહે છે, "આવ્યો છે, પણ ભયના કારણે બહાર રહ્યો છે."

બાદશાહ સામે જઇને માનભેર લઇ આવે છે, પછી કહે છે કે, "મારી મા માટે આટલું કર્યું છે, તે માટે હું તમારા પર આફરીન છું. તમે મારી પાસે બે મોટાં કામ માંગો, જે હું તમને ચોક્કસ કરી આપીશ." વસ્તુપાળ ના પાડે છે. પણ બાદશાહ બહુ જ આગ્રહ કરે છે, તો કહે છે કે, "એક તો ગુજરાતના રાજાની દિલ્હી બાદશાહ સાથે કાયમી મૈત્રીનો કરાર થાય અને બીજું કામ, તમારા કબજામાં આરસની ખાણ છે, તેમાંથી સારામાં સારા આરસના પથ્થરો જોઇને મને જિનમૂર્તિ માટે કાઢી આપો." વિચારજો, માયા કેવી કરી ? પણ શા માટે કરી ? સ્વાર્થ માટે કરી કે હિત માટે કરી? **આ માણસે મસ્જિદ બંધાવીને હજારો મંદિરોને સુરક્ષિત કર્યાં.** આ જાહેર વ્યક્તિ છે. તેમણે કરેલાં કામોનો ખોટો સંદર્ભ ન પકડો, નહિ તો ગોટાળો કરશો.

## દયા, પરોપકાર, અનુકંપાના ત્રણ ઉદ્દેશ :

તમે દયાનાં-પરોપકારનાં કામ કરો, પણ કઇ રીતે કરવાનાં તે બરાબર રીતે સમજવાનું છે. એક તો (૧) જૈનશાસનની-ધર્મની પ્રભાવના માટે આ કામો કરવાનાં છે, બીજું (૨) જૈનશાસનની અપભ્રાજના અટકાવવા માટે આ પ્રવૃત્તિ કરવાની

છે, અને ત્રીજું (૩) વ્યક્તિગત પોતાની કોમળતા ટકાવવા માટે આ કામો કરવાનાં છે; પરંતુ સામાનાં ફક્ત દુઃખ દૂર કરવા આ કામો કરવાનાં નથી. આ ત્રણમાંથી એક આશય તેની સાથે સંલગ્ન હોવો જરૂરી છે.

**સભા :-** *ભૂખ્યો આવે તો શું અમારે નહીં આપવાનું ?*

**સાહેબજી :-** અમે એવું બોલ્યા પણ નથી કે નહીં આપવાનું. અહીં ત્રીજા ઉદ્દેશથી આપવાનું આવશે. દા.ત., હું અહીંયાં બેઠો હોઉં, કૂતરો મરતો હોય કે માણસ મરતો હોય, તો મારી જવાબદારી શું આવે ? તેને બચાવવાની જવાબદારી આવે. પરંતુ અમે વિચારીએ કે તેના કર્મથી મરે છે, તો એવો વિચાર મારાથી કરાય ખરો ? ઊલટું, મારી શક્તિ હોય તો બચાવવાનો વિચાર જ કરવો જોઇએ. હા, બચાવવા માટે હું સાવદ્ય પ્રયત્ન કરું તો પાપ લાગે, કારણ અમારા આચાર પ્રમાણે પ્રયત્ન કરવાનો છે. પણ મરતું હોય અને છતી શક્તિએ અમે દયા ન કરીએ તો પાપ લાગે. તો પછી શ્રાવકને કેમ જવાબદારી ન આવે ? અવશ્ય આવે. હા, મારી સામે મરતું હોય તો તેને બચાવવાની જવાબદારી ખરી, પણ ખૂણે-ખાંચરે આખી દુનિયામાં જે બધા મરતા હોય તેને ન બચાવું અને તે મરે તો શું મને પાપ લાગે ? અને જો એ બધાંને બચાવવાની જવાબદારી મારી આવે, તો પછી મારે આખો દહાડો શું કરવાનું ? જ્યાં ખબર પડે ત્યાં દોડવાનું ને ?

**સભા :-** *કોઈ મારે નહીં તેવો ઉપદેશ આપી શકો ને ?*

**સાહેબજી :-** એતો જગતના જીવમાત્રની અહિંસાનો ઉપદેશ આપીએ છીએ, સમજાવીએ છીએ. પણ આ તો દયાની પ્રવૃત્તિની વાત છે.

હવે તમારી પણ જવાબદારી ક્યાં સુધી આવે છે ? કે તમારી સામે ભૂખ્યો-તરસ્યો આવે ત્યારે, છતી શક્તિએ તેને ન આપો તો પાપ લાગે. તમે ખાઇ-પીને ફાંદ પર હાથ ફેરવતા બેઠા હો અને પેલાને એક ટૂકડો પણ ન આપો, તો તમારા હૃદયના ભાવ કઠોર થઇ જશે. શ્રાવકના આંગણેથી કોઇ ખાલી હાથે પાછો જાય નહીં. માટે જ શાસ્ત્રમાં શ્રાવકનાં અભંગ દ્વાર કહ્યાં છે. આવા સમયે અનુકંપા નહીં કરો, તો કઠોર બની જવાથી ધર્મ કરવાને ગેરલાયક બની જશો. ધર્મ કરવા

આવનાર વ્યક્તિનું હૃદય કોમળ જોઈએ. કોમળ હૃદયમાં ધર્મનો વાસ થાય છે. તમારી સામે આવી વ્યક્તિઓ આવે ત્યારે, તમારા આત્માની ભાવદયા ખાતર, દ્રવ્યદયા કરવાની છે. જો તમે છતી શક્તિએ આવી દ્રવ્યદયા નહીં કરો તો ધીઠ્ઠા અને કઠોર થઈ જશો. પરંતુ સામે આવે તેની જ દયા કરવાની છે, નહીં કે સામે ચાલીને જવાની વાત છે. સામે ચાલીને ક્યારેય પણ આવી પ્રવૃત્તિ કરવાની વાત નથી. સામે ચાલીને તો ત્યારે કરવાની છે, કે જ્યારે શાસનપ્રભાવનાનું કામ આવે, કે પછી શાસનની અપભ્રાજના અટકાવવાનું કામ આવે.

ધર્મના અવસરે ધર્મની લિંક જોડીને ધર્મના અંગ તરીકે આ પ્રવૃત્તિ કરવાની છે અને તમે તેમ નહીં કરો તો ધર્મ નિંદાશે અને સાથે તમારી કક્ષા પણ ઘટશે. વળી તેઓ દુઃખી જીવો છે, ભૂખ્યા-તરસ્યા-માંદા છે, તે જોઈને તેમનાં ખાલી ભૌતિક દુઃખો દૂર કરશો, તો તે દુઃખો દૂર થવાથી અધર્મી જીવો પાછા સંસારમાં રાચીમાચીને વધારે પાપો કરશે, એટલે તેમના આત્માનું અહિત થશે. માટે તેવી પ્રવૃત્તિ બરાબર નથી. કારણ કે એમાં તમારું અને તેમના આત્માનું અહિત છે. તમારા અને તેમના પાપનું પોષણ થશે, સાથે તમારા શુભ ભાવ હોવાથી પુણ્ય બંધાશે, પણ તે હલકી કક્ષાનું બંધાશે અને પાછું પાપાનુબંધીપુણ્ય હશે. નિઃસ્વાર્થભાવે આવા શુભ ભાવ કરો તો પણ પાપાનુબંધીપુણ્ય બંધાય, ઉપરાંત પાપપોષક શુભ ભાવ હોય તો પાપ વધારે બંધાય અને પુણ્ય ઓછું બંધાય.

**સભા :-** *પણ સાહેબ, અમે એવી રીતે ઉપર રહેતા હોઈએ છીએ કે, સામેથી કોઈ આવા ભૂખ્યા-તરસ્યા આવે નહીં, અને આવે તો પણ ગુરખો ઉપર ન આવવા દે, તો અમારે શું કરવું ?*

**સાહેબજી :-** આ ગૃહવ્યવસ્થા તમારા માટે એક લાંછનરૂપ છે. તમારા ઘરે તો સાધુ-સંતો પણ ન આવી શકે. હવે અમને પણ ગુરખાઓ રોકતા હોય છે. જીવનવ્યવસ્થા આર્યમાંથી અનાર્ય થઈ ગઈ છે.

તમારા ઘરેથી રસ્તે જતાં સામે જે દીનદુઃખી મળે, તેની યથાશક્તિ દયા-સહાય કરવાની તમારે ફરજ આવે. ઘણાને મનમાં એવું થયું છે કે મહારાજ સાહેબ

અનુકંપા કરવાની ના પાડે છે, પણ તેવું નથી. માત્ર કઇ રીતે કરવી તે સમજવું જોઇએ. જેમ કે શ્રાવક દેરાસરે જાય ત્યારે, ઘરેથી નીકળે તો દાન આપતો આપતો જાય. પહેલાંના વખતમાં રાજાઓ, શેઠિયાઓ રથોમાં અને પાલખીમાં બેસીને દેરાસરે જતા, ત્યારે બધાને આવી રીતે દાન આપતા જતા હતા. તે વખતે લેનાર પણ વિચારે કે આ લોકો ધર્મ કરવા જતા હોય ત્યારે આપણને આપીને આપણી માવજત કરે છે. આવા ભાવથી એ લોકોને આપણા ધર્મ માટે, ધર્મી માટે અહોભાવ થાય છે.

વસ્તુપાળ માટે આવે છે કે આબુના દેલવાડાનાં દેરાસરો બંધાવ્યાં ત્યારે અઢાર કરોડ સુવર્ણમુદ્રા ખરચી છે. અત્યારના તેની કિંમત અબજોના અબજો થાય. જે દિવસે પ્રતિષ્ઠા કરી તે એક દિવસમાં તેમણે યાચકોને બાવીસ લાખ સુવર્ણમુદ્રા અનુકંપાદાનમાં આપી છે. એ જમાનામાં એક સોનૈયાની કિંમત કેટલી ? તેનાથી બાર મહિના સુધી માણસ માલપાણી ખાય તો પણ પૈસા વધે, તેટલી થાય. માટે વિચારજો, તેમણે અનુકંપા કેવી કરી ? આપણા શાસનમાં અનુકંપા કરવાની ના નથી, પણ અનુકંપા સ્વ-પર આત્મકલ્યાણ સાથે જોડાય તેમ કરવાની છે.

**સભા :-** *સાહેબ, સાધર્મિકો સામેથી આવતા નથી.*

**સાહેબજી :-** દીનદુઃખીની અનુકંપા જાહેરમાં કરવાની છે, પરંતુ વ્યક્તિગત સાધર્મિકભક્તિ ગુપ્ત રીતે કરવાની છે. આ એક ભક્તિનો સુંદર પ્રકાર છે, તેથી ભક્તિ અંગે વ્યવહાર જુદો હોય, ભાવ પણ જુદો હોય. અનુકંપામાં ભક્તિની વાત નથી. સાધર્મિકને તમારી પાસે સામે ચાલીને આવવું પડે તે તમારા માટે કલંક છે. અત્યારે સ્થિતિ ઘણી કફોડી છે. તમે પદ્ધતિ-વ્યવસ્થા ખોટી કરી છે. **ભગવાનના શાસનને પામેલો જૈન આર્થિક દૃષ્ટિએ ગરીબ હોય પરંતુ દીન તો ન જ હોય.** દીન કોણ હોય ? જે માંગણ હોય તે. તમે સાધર્મિકને માંગણ બનાવ્યા, તે તમારી ખામી છે. હજુ પણ સંઘ વ્યવસ્થા બદલે તો આ કાળમાં પણ સુંદર સાધર્મિકભક્તિ થઇ શકે. જેમ અનુકંપામાં રીત બદલવાની જરૂર છે, તેમ આમાં પણ તમારે રીત બદલવી જરૂરી છે.

**સભા :-** *લાણી કરવી એ ભક્તિનો પ્રકાર છે ?*

**સાહેબજી :-** હા, લાણી કરવી એ ભક્તિનો પ્રકાર છે. ભક્તિના અનેક પ્રકાર છે. જાહેરમાં વ્યક્તિ આવે તેની ભક્તિનો પ્રકાર જુદો હોય છે.

## અનુકંપા અંગે વિશેષ માર્ગદર્શન :

પણ અત્યારે અનુકંપા માટે તમારા સમાજમાં મનાય છે કે તે એક મહાન ધર્મ છે, દેવ-ગુરુની ભક્તિ કરતાં પણ આ ધર્મ ચડી જાય છે. મારે કહેવું છે કે આવું માનનારા એક નંબરના બેવકૂફ છે. દેવ-ગુરુની ભક્તિ અને અનુકંપા વચ્ચે કોઈ તુલના નથી. એક સાધુની ભક્તિ કરો અને તેની સામે લાખ શ્રાવકની ભક્તિ કરો, તો પણ તે સાધુભક્તિની તોલે ન આવે. તેમ દેવની ભક્તિ કરો અને તેની સામે લાખ સાધુની ભક્તિ કરો, તો તે દેવભક્તિની તોલે ન આવે. તો પછી દેવ-ગુરુની ભક્તિ કરો અને તેની સામે ગમે તેટલી અનુકંપા કરો, તો પણ ક્યાંથી તેની તોલે આવે ? માટે આવું સમજનારા અને બોલનારા મહાબેવકૂફ છે.

વસ્તુપાળે અનુકંપામાં વધારે ખર્ચેલા કે દેવ-ગુરુની ભક્તિમાં વધારે ખર્ચેલા ? દેલવાડાનાં દેરાસર બનાવવામાં અઢાર કરોડ સુવર્ણમુદ્રા ખર્ચી હતી અને તે દિવસે યાચકોને દાન આપ્યું ત્યારે બાવીસ લાખ સુવર્ણમુદ્રા આપી હતી. પરંતુ અત્યારે અનુકંપાને મહાન ધર્મ મનાય છે. કોઈને તમે ભૌતિક દૃષ્ટિએ દુઃખી જુઓ છો ત્યારે તમારી કોમળતાના કારણે અરેરાટીનો ભાવ જાગે છે, તમને તેના દેહનું દુઃખ દેખાય છે, પણ તેના આત્માનું દુઃખ દેખાતું નથી.

તીર્થંકર ભગવંતોએ ત્રણ લોકનાં દુઃખ જોયાં, તેમાં તેમણે આત્માનું દુઃખ જોયું કે માત્ર દેહનું દુઃખ જોયું ? તમે શરીરનાં દુઃખ દૂર કરશો, પણ જો તે પાપમાં સબડતો હશે તો શરીરનાં દુઃખ પણ કદી સંપૂર્ણ દૂર નહીં થઈ શકે. શ્રાવક માટે લખ્યું છે કે સાચો મૈત્રીભાવ શ્રાવક કઈ રીતે કરે ?

"જગતમાં કોઈ જીવ પાપ ન કરો" તે જ સાચો મૈત્રીભાવ છે. જીવ પાપ ન કરે તો દુઃખ ન આવે. તમને વિરોધ પાપ સાથે છે કે પાપના ફળ સાથે છે?

તમને પુણ્યનું ફળ ગમે છે, પણ પુણ્ય જેનાથી મળે તે ગમતું નથી. માટે તમારા બધાની મુશ્કેલી ક્યાં છે ? તે વિચારજો. જીવો સંસારરસિક-પાપરસિક છે; પરંતુ જો તેમનામાં પાપનો રસ તૂટી જાય, શાસનનો રસ અને ધર્મનો રસ ભરાઈ જાય, તો કલ્યાણ થઈ જાય. માટે ભૌતિક દુઃખ દૂર કરતી વખતે પણ આત્માના હિતની ચિંતા જોઈએ. તમે અબજોની દયા કરો એના કરતાં એક જીવને મોક્ષમાર્ગે ચઢાવી દો તો ઘણું ફળ છે. માર્ગ પર ચડી જાય એટલે તેનું ફળ સમકિત આવે, પછી ભલે માર્ગે ચડાવવામાં ગમે તેટલી હિંસા કે ધનવ્યય થાય.

**સભા :-** અનુકંપા કરતાં પાછળ જોવાનું કે તે પૈસાથી શું કરે છે ?

**સાહેબજી :-** વસ્તુપાળે યાચકોને બાવીસ લાખ મુદ્રા આપી, તે શું પાછળ જોવા ગયેલા ? જો જાય તો તેમની હાલત ખરાબ થઈ જાય. અનુકંપા કરતાં પાછળ જોવાનું નથી રહેતું, પણ અનુકંપા કરતાં ધર્મની પ્રભાવના થાય તે જોવાનું છે.

**સભા :-** *હોસ્પિટલોમાં દરદીઓની અનુકંપા થાય છે, તે કયું સ્થાન ગણાશે ?*

**સાહેબજી :-** તે સામાજિક સ્થાન છે, ધર્મસ્થાન નથી. સામાજિક સ્થાનોમાં શું કરાય અને કઈ રીતે કરાય તેનો વિવેક જુદો છે. ધર્મને વિખૂટો પાડીને અનુકંપા કરો તો શાસ્ત્રને મંજૂર નથી. જૈનશાસ્ત્રોને ભૌતિક દયા પણ એવી મંજૂર છે કે જે જગતમાં ધર્મપ્રભાવનાનું સાધન બને.

**સભા :-** *સાહેબજી, હોસ્પિટલોમાં કહેવાય છે કે જૈનો જ આવું દરદીઓની અનુકંપાનું કામ કરે છે.*

**સાહેબજી :-** તમે જૈનધર્મના નામે તમારી ઓળખાણ આપો તો યશ જૈનધર્મને જાય; પણ તમે કહેશો કે અમે બધા ભેગા મળીને આ કામ કરીએ છીએ, અમારું મોટું સર્કલ છે, જુદા જુદા ઠેકાણે અમે આવી ગોઠવણ કરી છે; તો આમ કહેવાથી તમને પોતાને યશ મળે છે. પરંતુ તમારે એમ કહેવું જોઈએ કે અમારા ધર્મમાં જીવમાત્રને સુખશાંતિ આપવાનો ઉપદેશ છે, માટે અમે આ સત્પ્રવૃત્તિ કરીએ છીએ; આમ કહેવાથી યશ ધર્મને, ધર્મનાં શાસ્ત્રોને અને ધર્મના પ્રણેતાને જાય છે. આ રીતે જ્યારે પણ ધર્મનો અવસર આવે ત્યારે કરવાનું છે.

જેમ ભગવાને પણ ક્યારે વર્ષીદાન કર્યું ? જ્યારે તેઓ દીક્ષાના અવસરે દીક્ષા લેવા નીકળ્યા ત્યારે વર્ષીદાન કર્યું છે. અમારે આ બધી પ્રવૃત્તિ બંધ કરાવવી નથી, પણ તેમાં વિવેક કરવો પડશે. બાકી તો કબીર પણ લખે છે કે "દયા ધર્મકા મૂલ હૈ" પણ જૈનશાસન આવી દયાને માનતું નથી. લોકમાં તો કહેવાય છે કે "દુખિયાનાં દુઃખ દૂર કરવાં તે દયા", માટે અન્ય ધર્મના સાધુસંતો પણ કન્યાદાન, સંતાનપ્રાપ્તિના આશીર્વાદ આપે છે. ખ્રિસ્તી ધર્મમાં લગ્ન પાદરી કરાવે અને તે પણ ધર્મસ્થાનોમાં, સાથે આશીર્વાદ પણ આપે. આપણાં દેરાસરો કે ઉપાશ્રયોમાં લગ્ન સંબંધી મનમાં વિચાર પણ થાય ? અરે ! તમે શ્રાવક થઈને જો બિનજરૂરી લગ્નમાં હાજરી આપો તો તમારા વ્રતોમાં અતિચાર લાગે છે. માટે બધે વિવેક આવશે. ખરા જૈન બનવું હોય તેમણે જૈનશાસનને સમજવું પડે.

## ૨૦

**શ્રાવણ સુદ અગિયારશ, તા. ૭-૮-૯૫ સોમવાર.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને સમ્યગ્ વિવેક પ્રાપ્ત થાય એટલા માટે આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

ધર્મનો પ્રારંભ વિવેકથી થાય છે. જે વ્યક્તિ વિવેકને ધારણ કરે, એટલે તે વ્યક્તિ મિથ્યાત્વમાંથી નીકળી સમકિત તરફ ગતિ કરે છે; અને પૂર્ણ રીતે વિવેકને ધારણ કરે, એટલે સમકિતને પ્રાપ્ત કરે છે.

### ગુણિયલ, હીનગુણી અને નિર્ગુણી જીવો પ્રત્યે ઉચિત વ્યવહાર :

વિવેકનો અર્થ શું ? પોતાના આત્માના ગુણોનો અને દોષોનો વિવેક કરવાનો છે, તેમ બીજાઓના પણ ગુણોનો અને દોષોનો વિવેક કરવાનો આવે છે. ગુણિયલ પ્રત્યે કેવો વ્યવહાર કરવાનો ? હીનગુણી પ્રત્યે કેવો વ્યવહાર કરવાનો ? તદ્દન નિર્ગુણી પ્રત્યે કેવો વ્યવહાર કરવાનો ? આ બધામાં ઉચિત વિવેક આવશે.

પોતાના ગુણદોષને સમજીને પોતાની ભૂમિકા નક્કી કરવાની છે, તેમ બીજાના ગુણદોષથી તેની ભૂમિકા નક્કી કરી ઉચિત વ્યવહાર કરવાનો છે. નિશ્ચયનયની અપેક્ષાએ દરેક આત્મા સિદ્ધ સ્વરૂપ છે. "આત્મા સો પરમાત્મા." સિદ્ધ પરમાત્માનું જેવું સ્વરૂપ છે, તેવું જ મારા, તમારા, કીડીના કે અભવિના આત્માનું સ્વરૂપ છે. આ નયથી તો જીવમાત્ર પરમાત્મા છે. પરંતુ બધા પરમાત્મસ્વરૂપ છે એમ માનીને શાસ્ત્રમાં સૌ જીવોની ભક્તિ બતાવી નથી, અને તેનો પુરાવો નવકાર મહામંત્ર છે. ચૌદપૂર્વનો સાર એવો નવકાર મહામંત્ર છે, તેમાં તમે પંચપરમેષ્ઠીને નમસ્કાર કરો છો. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ક્રમસર લીધા છે, પરંતુ નમસ્કાર માટે સાધુપદે મર્યાદા પૂરી કરી. આગળ કાંઈ "નમો લોએ સવ્વજિવાણં" ન લખ્યું, કારણ શું ? આમ તો જીવમાત્ર પરમાત્મા છે, છતાં પણ જીવમાત્રને પગે લાગવાનું ન લખ્યું.

**ઊલટું, જે જીવ અધર્મી છે, નિર્ગુણી છે તેના તરફ પૂજ્યભાવ રાખો, ભક્તિ કરો તો તે મિથ્યાત્વ છે.**

વળી, નિશ્ચયનયથી તો કોઇ પૂજ્ય નથી, કોઇની પૂજા નથી; કારણ કે બધા જ પરમાત્મસ્વરૂપ છે, તો કોણ કોને પગે લાગે ? તમે દેરાસર જાઓ, એમાં કોઇને મન થાય ને મોટા ભગવાનના પગમાં નાના ભગવાનને નમાવે તો આશાતના કહેવાય ને ? નિશ્ચયનયની દૃષ્ટિથી જીવમાત્ર શિવ છે, તો પછી પગે લાગવાનું જ ક્યાં આવે ? ઉપરાંત નમસ્કાર કરવો તે જ વ્યવહાર છે. આપણો નવકારમંત્ર પણ વ્યવહારનયથી સ્થાપિત છે, નિશ્ચયનયથી નથી. નિશ્ચય તો કહે છે કે પંચ પરમેષ્ઠી તમારામાં જ છે. જેમ વ્યવહારનય કહે છે કે અપૂજ્ય પ્રત્યે પૂજ્યભાવ પ્રકટે કે પૂજ્ય પ્રત્યે અપૂજ્યભાવ પ્રગટે તો દોષ લાગે; તેમ નિશ્ચયનય પણ કહે છે કે અપૂજ્યને ન પૂજાય. શાસ્ત્રમાં પૂજા-ભક્તિ પૂજનીયની બતાવી છે. પૂજ્યની વ્યાખ્યા શું છે ? કે જે ગુણમાં શ્રેષ્ઠ હોય તે પૂજ્ય. તમારાથી વધારે ઊંચી ભૂમિકા, ઊંચા ગુણો હોય, તેની પૂજા; તમારાથી નીચા ગુણો હોય તે પૂજ્ય નથી. અપૂજ્યની પૂજા કરવી તે મિથ્યાત્વ છે. માટે ગમે તે વ્યક્તિ પ્રત્યે ભક્તિ-બહુમાનનો વ્યવહાર કરવાનો નથી. વૈદિકધર્મમાં વાયુદેવતાને માને, અગ્નિદેવતાને માને, પાણીદેવતાને માને, સૂર્ય-ઝાડ બધાને પગે લાગે, અરે ! તેમના સંતો પણ પગે લાગે છે. ત્યાં અમે કહીએ છીએ કે આ બરાબર નથી. જેમ કે શ્રાવણ મહિનામાં પૂજા કોની કરે ? ઝાડની, પ્રાણીની, નાગની અને વડલાની જ પૂજા કરે ને ? આનું તાત્પર્ય શું ? કોઇ પૂછે કે ઝાડમાં કે પ્રાણીમાં એવું શું તત્ત્વ છે કે તે ભક્તિપાત્ર બને ? એ તો ચોર્યાશી લાખ જીવાયોનિમાં રખડતો એક પામર એકેન્દ્રિય જીવ છે, જે કર્મના ફંદામાં ફસાયેલો છે, અત્યંત અશક્ત અને પાંગળો જીવ છે, તે બીજાઓનું શું ભલું કરી શકશે ?

## જૈનશાસનમાં ઉપાસ્ય તત્ત્વની શુદ્ધિનો આગ્રહ :

ભલે તેમનો આત્મા પણ મૂળથી સિદ્ધ છે, પણ એટલા માત્રથી પગે લગાય ? તીર્થંકરનો આત્મા પણ હલકી અવસ્થામાં હોય, ખબર હોય કે આ જીવ તીર્થંકરનો છે, છતાં પણ તેની ભક્તિ કરાતી નથી. કારણ નિર્ગુણી કે હીનગુણીની અવસ્થા હોય તો તેની ઉપાસના થતી નથી. આરાધ્ય તત્ત્વ, ઉપાસ્ય તત્ત્વની શુદ્ધતા જૈનશાસનમાં

ખૂબ જાળવી છે. તેવું બીજે ક્યાંય નથી. પરંતુ જૈનોમાં જ અત્યારે ઉપાસ્ય તત્ત્વની ઓળખાણ નથી.

તમે દેરાસર બંધાવો છો, તેમાં સ્થપાતી ભગવાનની મૂર્તિમાં પણ ખૂબ શુદ્ધતા રાખી છે. શાસનમાં કોઈપણ મૂર્તિ અરિહંતસ્વરૂપે પ્રતિષ્ઠિત કરતા નથી, સિદ્ધસ્વરૂપે સ્થાપિત કરીએ છીએ. ચોવીસે તીર્થંકરોની મૂર્તિ હજારો જિનમંદિરોમાં છે, પણ બધી સિદ્ધ અવસ્થાની છે.

**સભા :-** *અષ્ટ પ્રાતિહાર્ય હોય છે.*

**સાહેબજી :-** તે તો અરિહંતની ભાવના માટે બાજુમાં મૂક્યા છે. અરિહંત કોને કહેવાય ? જેઓ ધર્મશાસનની સ્થાપના કરે છે, બાર પર્ષદા સન્મુખ સમવસરણમાં બેસીને ભવિ જીવોને લાયકાત પ્રમાણે અમોઘ દેશના આપે છે. તે વખતે તેમની મુદ્રા કઈ હોય ? તેઓ જ્ઞાનમુદ્રામાં દેશના આપે છે. અર્ધપદ્માસનમાં બેઠેલા હોય છે. જ્ઞાનમુદ્રામાં હોય છે. ચતુર્મુખ થઈને દેશના આપતા હોય છે. તે વખતની મુદ્રાવાળી મૂર્તિ કોઈ દેરાસરમાં જોઈ છે ? કેમ નહીં ?

**સભા :-** *સિદ્ધ થયા નથી.*

**સાહેબજી :-** એવું નથી. અરિહંત ભગવાન સિદ્ધ નથી થયા, તો પણ તેમની મૂર્તિ સ્થાપિત કરી શકાય છે, જેમ કે પદ્મનાભ પ્રભુની મૂર્તિ છે. શ્રેણિકના આત્મા જ પદ્મનાભ તીર્થંકર થવાના છે. હજુ તેઓ સિદ્ધ થયા નથી, છતાં તેમની મૂર્તિ સ્થાપિત કરી ઉપાસના-ભક્તિ થાય છે. આપણે 'નમુત્થુણં'માં બોલીએ છીએ કે "જે અ અઈયા સિદ્ધા જે અ ભવિસ્સંતિ..." એનો અર્થ શું ? જેઓ ભૂતકાળમાં તીર્થંકર થયા છે, જે ભવિષ્યમાં થવાના છે, જે વર્તમાનમાં વિચરી રહ્યા છે, એ ત્રણેને નમસ્કાર કરું છું. ભાવિ તીર્થંકરની મૂર્તિની પૂજા-ઉપાસના કરીએ છીએ. માટે તેમના મોક્ષે ગયા પહેલાં પૂજા થાય. "નમો અરિહંતાણં"માં પણ કોઈ વ્યક્તિગત વાત નથી, તેમાં ત્રણે કાળના અરિહંતને નમસ્કાર છે, તેમ "નમો સિદ્ધાણં"માં ત્રણે કાળના સિદ્ધોને નમસ્કાર છે.

ભાવિ અરિહંત ભગવંતો અત્યારે ઝાડ-પાનમાં, કૂતરા-બિલાડાના ભવમાં પણ હોય, ચોર્યાશી લાખ જીવાયોનિમાં તેમનું પરિભ્રમણ શક્ય હોવાના કારણે; પણ તે સ્વરૂપે તે પૂજનીય નથી.

શંખેશ્વર પાર્શ્વનાથની પ્રતિમા મહાપ્રભાવશાળી તરીકે પૂજાય છે. આ પ્રતિમાજી ભરાવી કોણે ? અષાઢી શ્રાવકે. ગઈ ચોવીશીમાં અષાઢી શ્રાવકે દામોદર તીર્થંકર ભગવંતને પૂછ્યું કે "મારું કલ્યાણ કોનાથી થશે ?" પ્રભુએ કહ્યું કે "આવતી ચોવીશીમાં ત્રેવીશમા તીર્થંકર તરીકે પ્રભુ પાર્શ્વનાથ થશે. તેમના ગણધર થઈને તમે મોક્ષે જશો." આવું પ્રભુ પાસે વર્ણન સાંભળી, અષાઢી શ્રાવકે વિધિપૂર્વક ભાવથી તેમની પ્રતિમા બનાવી અને જિંદગી સુધી ત્રિકાળ પૂજા કરી અને મર્યા પછી પણ દેવલોકમાં સાથે લઈ ગયા અને ત્યાં પણ પૂજા કરી. અસંખ્ય દેવો દ્વારા આ મૂર્તિ પૂજાઈ છે. ત્રણે લોકમાં પૂજાઈ છે. આવી પ્રભાવશાળી પ્રતિમા ભારતભરમાં બીજી કોઈ જૈન સંઘ પાસે નથી. હવે આ પ્રતિમા સ્થાપિત થઈ, ત્યારે પાર્શ્વનાથ ભગવાનનો જ જીવ ક્યાં હોય ? હજુ તીર્થંકર થવામાં દસ કોટાકોટી સાગરોપમનો કાળ બાકી છે. કર્મની વ્યવસ્થા એવી છે કે કોઈપણ જીવ એક હજાર સાગરોપમથી વધારે કાળ પંચેંદ્રિયપણામાં ન રહી શકે, બે હજાર સાગરમોપમથી વધારે ત્રસપણામાં ન રહી શકે; જ્યારે આ તો અબજોથી વધારે સાગરોપમનો કાળ છે; માટે ઝાડ-પાન, પાણી-એકેંદ્રિયમાં તેમનો જીવ ભટકતો હશે. છતાં તે વખતે તેમની મૂર્તિ બનાવી પૂજા ચાલુ છે. ત્યારે હજુ પાર્શ્વનાથ પ્રભુ આત્મકલ્યાણની દૃષ્ટિએ એક પગથિયું પણ ચડ્યા નથી, સમકિત પણ પામ્યા નથી, હજુ વિકાસ જ થયો નથી; ત્યારે પણ તેમની પ્રતિમા ત્રણ લોકમાં પૂજાય છે. પણ વિચારજો, કયા સ્વરૂપે ? સિદ્ધ સ્વરૂપે પૂજાય છે; પરંતુ તે વખતે જે સ્વરૂપમાં રખડતા હોય, તે સ્વરૂપની પૂજા નથી. આમ, આત્મા તો તે જ છે, પણ આરાધ્ય તરીકે જે પૂજ્ય અવસ્થા હોય, તેને સામે રાખીને જ પૂજા થાય. આ તો તીર્થંકરનો આત્મા છે, છતાં પણ તે અપૂજ્ય છે; કારણ અપૂજ્ય અવસ્થા છે, માટે ભક્તિ-ઉપાસના ન થાય. તેથી આપણા શાસનમાં પૂર્ણ અવસ્થાની જ મૂર્તિ ભરાય છે.

અરિહંતો પણ અપૂર્ણ છે, માટે તે અવસ્થાની મૂર્તિ પણ ભરાતી નથી. અન્ય ધર્મોમાં ઈશ્વરતત્ત્વ છે, પણ બધા અધૂરા છે. જે સ્વયં ખામીવાળા હોય તે ઈશ્વરતત્ત્વ માટે લાયક થાય ખરા ? ગુણી હોય પણ ભગવાન તો ન જ કહેવાય, પૂર્ણ હોય તેને

જ ભગવાન કહેવાય. માટે અરિહંતની અરિહંત સ્વરૂપે મૂર્તિ નથી બનાવતા, પણ સિદ્ધ સ્વરૂપે બનાવી છે. આ શાસનમાં અપૂર્ણને પરમાત્મા તરીકે મનાતા નથી, પૂજાતા નથી. જેનામાં થોડી પણ અધૂરપ છે, તે ઈશ્વર સ્વરૂપે પૂજનીય નથી.

તીર્થંકર ભગવાન તો જ્ઞાનમુદ્રામાં ઉપદેશ આપે છે. ઉપદેશ કોણ આપે ? જે હજુ કૃતકૃત્ય થયા નથી તે. કલ્યાણની શુભ પ્રવૃત્તિ પણ કેમ કરવી પડે છે ? કારણ કે હજુ તેમને કર્મ ખપાવવાનાં બાકી છે. માટે એ જ્ઞાનમુદ્રામાં પરમેશ્વર તરીકે પ્રતિષ્ઠિત કરો તો પણ દોષ લાગે.

**સભા :-** *મુદ્રા સાથે સંબંધ હોય ?*

**સાહેબજી :-** ગુરુમૂર્તિ પણ ગુરુમુદ્રામાં હોય તો જ ગુરુ કહેવાય અને સિદ્ધ અવસ્થાની તે જ ગુરુની મૂર્તિ હોય તો તેમની સિદ્ધ અવસ્થા થઇ કહેવાય, કારણ મુદ્રા બદલાઇ ગઇ. મુદ્રા અવસ્થાસૂચક છે, માટે એનો ચોક્કસ સંબંધ છે.

જેમ શંકરના હાથમાં ડમરુ છે, નાચી રહ્યા છે, ગળામાં સાપ છે, હાથમાં માળા છે. આવી ભગવાનની મૂર્તિ હોય ? પરમાત્માનું આવું સ્વરૂપ હોય ? માટે એને ભગવાન કહેવાય ? નાચવાની પ્રવૃત્તિ જ કેવી કહેવાય ? આરંભ-સમારંભવાળી જ કહેવાય. ભગવાનની ભક્તિ માટે પણ તમે સામાયિકમાં નાચી શકતા નથી, તો શું ભગવાન નાચે ? નૃત્ય-હાવભાવ એ તો બધા દોષો છે, અધૂરાપણાના પ્રતીકો છે. શ્રીકૃષ્ણના હાથમાં વાંસળી છે. તે પ્રતીક કોનું ? સંગીતનું. તમે સામાયિકમાં પાવો વગાડી શકો ? અને વગાડો તો પાપ લાગે ને ?

**સભા :-** *સાહેબ, સામાયિકમાં ગુરુવંદન થાય ?*

**સાહેબજી :-** હા, ચોક્કસ. કારણ ગુરુવંદનની ક્રિયા અહિંસક છે અને તે વખતે પણ સાધુ ભગવંતો તમારાથી ઊંચા છે, માટે ગુરુવંદન થાય. જે આરંભ-સમારંભની ક્રિયા છે, તે સામાયિકમાં ન થાય. તમે સામાયિકમાં માળા ગણો છો, કારણ તમે અધૂરા છો, સાધક છો. જે ભગવાન હોય તે અધૂરા હોય ?

એ જ શ્રીકૃષ્ણને અમે "નમો અરિહંતાણં"માં પગે લાગીએ છીએ, શ્રીરામને "નમો સિદ્ધાણં"માં પગે લાગીએ છીએ. કારણ, શ્રીકૃષ્ણ **અમમનાથ** તરીકે ભાવિ

તીર્થંકર થવાના છે. અમમનાથ તરીકે તેમની મૂર્તિની પ્રતિષ્ઠા પણ કરાવીએ છીએ અને તેમને પગે પણ લાગીએ છીએ. કૃષ્ણના નામ સાથે ઝઘડો નથી, ભાવિ તીર્થંકર તરીકે સિદ્ધ સ્વરૂપે નમસ્કાર કરીએ છીએ, પણ શ્રીકૃષ્ણ સામે મળે તો પગે લાગીએ? માટે ભાવિ તીર્થંકરનો આત્મા પણ અપૂજ્ય અવસ્થામાં હોય ત્યાં સુધી પગે લગાય નહીં, તેમની પૂજ્ય અવસ્થાને જ પગે લગાય.

**સભા :-** *દ્રવ્યઅરિહંત કોને કહેવાય ?*

**સાહેબજી :-** જે ભૂતકાળમાં અરિહંત હતા, અથવા ભવિષ્યમાં અરિહંત થવાના છે તે દ્રવ્યઅરિહંત કહેવાય. દ્રવ્યઅરિહંતની પૂજ્ય અવસ્થા હોય તો જ પૂજ્ય. દા.ત. પ્રભુ મહાવીરનો જન્મ ત્રિશલામાતાની કૂખે થયો. સિદ્ધાર્થરાજા અને ત્રિશલામાતા પાર્શ્વનાથ પ્રભુના શ્રાવક-શ્રાવિકા છે. તેમને ખબર છે કે આ દીકરો તીર્થંકર છે. પાર્શ્વનાથ ભગવાનના જે ગણધર છે, તે કેશીગણધર તેમને ત્યાં આવેલા છે અને કહે છે કે તમારે ત્યાં આ ભાવિ તીર્થંકરનો જન્મ થયો છે. તે વખતે ઘણાં સાધુ-સાધ્વી ત્યાં આવતાં, પણ વર્ધમાનકુમાર તરીકે તેમને પગે લાગે ? ખમાસમણું આપે ખરાં ? એમ તો તે દ્રવ્યતીર્થંકર છે ને ?

**સભા :-** *સાહેબ, સંસારી અવસ્થા છે.*

**સાહેબજી :-** એટલે સાધુ માટે ગૃહસ્થ અપૂજ્ય છે. અત્યારે ઇન્દ્રો આવીને પ્રભુની ભક્તિ કરે છે, શ્રાવકો પણ ભક્તિ કરે છે, છતાં સાધુ કેમ નથી પૂજતા ? દ્રવ્યઅરિહંત હોવા છતાં પણ ભક્તિ કરતા નથી. તમારી દૃષ્ટિએ આ વાજબી કે ગેરવાજબી ? જૈનશાસનમાં બધો વિવેક છે.

એક ભાઇ આવીને મને કહે કે ભાવિ તીર્થંકર તરીકે ત્રણે કાળમાં તે જીવ પૂજ્ય છે. દા.ત., મરીચિના ભવમાં ત્રિદંડીના વેશમાં ભરતચક્રવર્તીએ નમસ્કાર કર્યા, તો પછી કોઇપણ અવસ્થામાં નમસ્કાર કરવામાં વાંધો નહીં ને ? તમારી દૃષ્ટિએ તીર્થંકરની આ અવસ્થાઓ નમસ્કાર કરવા યોગ્ય હોય, તો તો પછી કીડી-મકોડા પણ ભાવિસિદ્ધ હોય તો તેમને પણ નમસ્કાર કરવાનો આવશે ને ?

**સભા :-** *ખમાસમણું અપાય ?*

**સાહેબજી :-** ના, શાસ્ત્રમાં આને જ મિથ્યાત્વ કહ્યું છે. પ્રાણામી દીક્ષા નામનો મત છે. જેમ કબીરપંથની દીક્ષાને અમુક નામ આપે, તેવી રીતે પ્રાણામી દીક્ષા છે. તેમાં તામલી તાપસ નામના મોટા સંત છે. તેમણે પ્રાણામી દીક્ષા લીધી છે. આ જીવ ગુણિયલ, વિરક્ત, લાયકાતવાળો છે. સાઠ હજાર વર્ષ સુધી છઠ્ઠને પારણે છઠ્ઠ કર્યા છે. પારણામાં પણ આયંબિલ કરે. ભિક્ષામાં ભાત લાવી એકવીસ વખત ધોઈને આયંબિલ કરે. ઓવારી જઈએ તેવી તેમની સાધના છે. આટલા ગુણ હોવા છતાં પણ તેઓ સમકિત પામી શક્યા નથી. કારણ શું ? પ્રાણામી દીક્ષામાં માને છે કે, બધા જીવો "આત્મા સો પરમાત્મા" છે. મૂળ સ્વરૂપથી ભગવાન છે. કહે છે કે ઘટઘટમાં રામ વસે છે. આ વાત ઠસાવી દીધેલ હોવાના કારણે, બધા જીવોનું મૂળભૂત સ્વરૂપ પરમાત્મસ્વરૂપ છે, માટે બધા જીવમાં તેઓ ભગવાનનો વાસ જુએ છે. માટે ભિક્ષા લેવા જતાં રસ્તામાં જેટલા જીવ મળે તેટલાને પગે લાગે. કૂતરું મળે તો કૂતરાને, ગરોળી મળે કે કીડી મળે, સારો માણસ મળે કે બદમાશ ગુંડો મળે, બધાને હાથ જોડે. કારણ બધામાં પરમાત્મા વસે છે. પરંતુ આને આપણે મિથ્યાત્વ કહ્યું છે.

આવું આચરણ કરવું ઘણું મુશ્કેલ છે. કારણ કે તમને બધાને પગે લાગવું ગમે કે પગે લગાડવું ગમે ? જેનામાં નમ્રતા-વિનય ન હોય તે આ વર્તન કરી શકે નહીં. તે જીવમાં ભારે નમ્રતા-વિનય-સરળતા હશે ત્યારે જ આવો આચાર પાળી શકતા હશે. પરંતુ જૈનશાસ્ત્રોએ આવા ગુણોને મિથ્યાત્વ કહ્યું છે.

**સભા :-** *તામલી તાપસ ચોથી દૃષ્ટિમાં હતા ?*

**સાહેબજી :-** તેઓ ત્રીજી દૃષ્ટિમાં હતા. તેઓ આધ્યાત્મિક વ્યક્તિ છે, મોક્ષમાર્ગે ચઢેલા છે. તેમનામાં લાખ ગુણ છે, છતાં આવા અવિવેકના કારણે સમકિત પામવાથી અટક્યા છે. તેમને પૂજ્ય કોણ ? અપૂજ્ય કોણ ? તેનો વિવેક નથી, માટે આટલું બધું પવિત્ર જીવન હોવા છતાં પણ, મરતાં સુધી મિથ્યાત્વી રહ્યા. માટે બધા સિદ્ધ-બુદ્ધ-નિરંજન-નિરાકાર છે તેમ સમજીને પૂજો તો શું થાય ?

**સભા :-** *સિદ્ધ ભગવંતનો ઉપકાર છે ?*

**સાહેબજી :-** હા, ઉપકાર છે. "નમો સિદ્ધાણં"માં જે નમસ્કાર કરો છો તેમાં તે સિદ્ધઅવસ્થા વિષયક નમસ્કાર છે, અત્યારની ભવસ્થ અવસ્થાનો નહીં, દા.ત. ભરતચક્રવર્તી મરીચિને પગે લાગ્યા, પણ સમવસરણમાં હજારો સાધુ-સાધ્વીની વચ્ચે ઋષભદેવ પ્રભુએ કહ્યું હતું કે "ભાવિ તીર્થંકર છે," છતાં પણ કોઇ સાધુ-સાધ્વી ઊભાં થઇને પગે લાગવા ગયાં નહીં. તમારી દૃષ્ટિએ ભૂલ કરી કે વાજબી કર્યું ? વાજબી કર્યું. વળી, એ જ સાધુ-સાધ્વી વિહાર કરતાં અષ્ટાપદ જાય અને મહાવીરસ્વામી ભગવાનની મૂર્તિ આવે, તો ત્રણ નહીં પણ ત્રેવીસ ખમાસમણાં આપે એવું બને. ઉપરાંત એ જ પ્રભુ મહાવીરનો આત્મા મરીચિ, પ્રભુના નિર્વાણ પામ્યા પછી બીજા સાધુ-સાધ્વી સાથે ત્રિદંડી અવસ્થામાં વિચરે છે, તેમાં એક વખત માંદા પડ્યા; ત્યારે તેમની ખબરઅંતર આદિનાથ પ્રભુના સાધુ પૂછતા નથી, ભક્તિ પણ કરતા નથી; કારણ શું ?

કોઇપણ જીવ સાથે વ્યવહાર કરતાં અત્યારે તે કઇ કક્ષામાં છે તે પ્રમાણે તેની સાથે વ્યવહાર થાય. સિદ્ધ થવાના છે માટે અત્યારે ગમે તે અવસ્થા હોય તો પણ પૂજાય તે બરાબર નથી. પૂજા-ભક્તિનો વ્યવહાર કરવાનો હોય ત્યારે કક્ષાનો વિવેક હોવો જોઇએ. આ જીવ ભક્તિપાત્રની કક્ષામાં છે કે નહીં ? અધિકગુણી છે કે નહીં? જો અધર્મી છે, હીનગુણી છે, તો ભક્તિ ન થાય, પૂજા ન થાય. જેમ ભગવાન મહાવીરના સાધુ પદ્મનાભ પ્રભુને ખમાસમણું આપે, પણ રસ્તામાં શ્રેણિક મળે તો પગે લાગે ખરા ? આ જ પદ્મનાથ પ્રભુનો સાક્ષાત્ જીવ છે, આત્મા તે જ છે; છતાં સાધુથી પગે ન લગાય. રામ મોક્ષે ગયા છે તો તેમના મંદિરમાં જઇને પગે લાગીએ તે ચાલે ? રામના નામ સાથે અમારે વાંધો નથી, વાંધો અવસ્થા સાથે છે. જે અવસ્થામાં રામને મંદિરમાં રજૂ કર્યા છે, તે અવસ્થા પૂજ્ય નથી.

**સભા :-** *નિર્વાણ અવસ્થાની જ મૂર્તિ ભરાય ને ?*

**સાહેબજી :-**હા, નિર્વાણ અવસ્થાને છોડીને તેમની કોઇ અવસ્થાની મૂર્તિ ભરાતી નથી. કરોડો દેવતા તેમનો જન્મ મહોત્સવ કરે છે, છતાં પણ તેમના જન્મથી માંડી કોઇ અવસ્થાની મૂર્તિ ખરી ? દીક્ષા અવસ્થામાં કેવી ઉચ્ચ સાધના કરી છે ! છતાં પણ તે અવસ્થાની મૂર્તિ નથી. તે વખતે તેઓ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકમાં છે, અનેકને પૂજ્ય છે, છતાં તે અવસ્થાની પણ મૂર્તિ નથી.

**સભા :-** *સાહેબજી, જીવિતસ્વામી તરીકે મૂર્તિ છે.*

**સાહેબજી :-** તેનો અર્થ જીવતા હતા ત્યારની મૂર્તિ છે, પણ તે મૂર્તિ સિદ્ધ અવસ્થાની જ છે; મૂર્તિની બાજુમાં તમને યશોદા નહીં મળે; કારણ તે બધી અપૂર્ણ અવસ્થા છે.

**સભા :-** *ઈન્દ્ર મહારાજ ભગવાનની ગૃહસ્થાવસ્થામાં સ્તવના કરી શકે ?*

**સાહેબજી :-** સાધર્મિક સાધર્મિકને પગે લાગી શકે છે. ઈન્દ્ર મહારાજા સમકિતી છે, ભગવાન પણ તે વખતે સમકિતી છે; તેથી તેઓ સ્તવના કરી શકે. ભાવિનો વર્તમાનમાં ઉપચાર કરી ભક્તિ કરે તો પણ ચાલે. તે અવસ્થા ઈન્દ્ર માટે પૂજ્ય છે. જૈનશાસનમાં કક્ષાનું મહત્ત્વ કેટલું છે, તે બરાબર સમજો.

**સભા :-** *અરિહંત બે જ મુદ્રામાં નિર્વાણ પામે ?*

**સાહેબજી :-** હા, ચોક્કસ. બે જ મુદ્રામાં નિર્વાણ પામે છે. અનંતકાળમાં જેટલા તીર્થંકરો થઇ ગયા, થાય છે અને થશે; તે બધાની અંતિમ અવસ્થા શું ? કાં તો પદ્માસન, કાં તો કાયોત્સર્ગ. તે બેને છોડીને બીજી કોઇ મુદ્રામાં તેઓ નિર્વાણ પામતા નથી. હા, સિદ્ધ ગમે તે અવસ્થામાં થાય, એટલે અરિહંતો સિવાય બીજા કોઇપણ જીવો સિદ્ધ અવસ્થા પામે, ત્યારે કોઇપણ અવસ્થામાં હોઇ શકે. ઘણા ઘાણીમાં પિલાતા ગયા છે, ઘણા સળગતા ગયા છે, પરંતુ તીર્થંકર માટે તો આ એક જ નિયમ છે. તેમની અંતિમ અવસ્થા આ બેમાંથી કોઇ એક મુદ્રામાં જ હોય, માટે તે બે મુદ્રામાં જ મૂર્તિ ભરાય છે.

**સભા :-** *સાધર્મિક સાધર્મિકને પગે લાગી શકે, તો પછી આચાર્ય સાધુને વંદન કરે ?*

**સાહેબજી :-** હા, આચાર્ય પણ સાધુને અનુવંદન કરે છે.

**સભા :-** *સાહેબજી, હાથ જોડે ખરા ?*

**સાહેબજી :-** હા, અનુવંદનના અવસરે ફિટ્ટાવંદમના ઉચ્ચારણ સાથે હાથ પણ જોડે.

ભગવાન મહાવીરસ્વામીનો જીવ મરીચિ સાધર્મિક છે, તે વખતે ભરતચક્રવર્તી ત્રણ પ્રદક્ષિણા દઈ હાથ જોડે છે. મરીચિની અવસ્થા તેમને માટે સાધર્મિક તરીકે અપૂજ્ય નથી, પરંતુ સાધુ માટે તે અવસ્થા પૂજ્ય નથી. શ્રાવક શ્રાવકને સાધર્મિક નાતે પૂજ્ય છે, માટે જે ગુણની તેનામાં સંભાવના હોય, તે ગુણની વિશેષ વૃદ્ધિ કરવા કે પ્રાપ્તિ કરવા ભક્તિ કરી શકો છો.

**સભા :-** *અર્ધપદ્માસનમાં પ્રતિમાજી છે ?*

**સાહેબજી :-** હા, અર્ધ પદ્માસન એ પદ્માસનનો જ એક પ્રકાર છે, તેથી તેમાં કોઈ નિર્વાણ અવસ્થાને બાધ નથી.

**સભા :-** *તો દિગંબરની પ્રતિમા પૂજાય ?*

**સાહેબજી :-** આંખ મીંચેલી અવસ્થાએ ધ્યાન અવસ્થા છે. ધ્યાન એ સાધકદશાનું લક્ષણ છે. સાધક છે, માંટે અપૂર્ણ છે. તેથી જ તેને આપણે પૂજ્ય ગણતા નથી. ક્યાંય મારા તારાની વાત નથી, પરંતુ આ અવસ્થા જ અધૂરી છે. તે આકાર પૂર્ણતાનો દ્યોતક નથી, માટે પરમેશ્વર કહીને અપૂર્ણને પૂજો તો દોષ લાગે.

**સભા :-** *બીજાના ધર્મના કબજામાં પ્રતિમાજી જાય, તો પછી પૂજાય ?*

**સાહેબજી :-** અધિકાર-કબજો ચાલ્યો જાય પછી પૂજા ન કરી શકાય. તે વખતે પૂર્ણ પ્રતિમાની પણ પૂજા કરો તો મિથ્યાત્વમતને પોષણ મળે છે. આપણે ત્યાં હોય ત્યાં સુધી પૂજી શકાય. તમારા જીવનમાં ધર્મ કરવા માટે પણ વિવેક જોઈશે. જેમ પૂજ્ય અવસ્થા છે તેમ અપૂજ્ય અવસ્થા પણ છે.

**સભા :-** *ભગવાનની કાયોત્સર્ગ પ્રતિમા સાધકદશાને સૂચવતી નથી ?*

**સાહેબજી :-** ના, નિર્વાણ વખતે સાધના તરીકે કાયોત્સર્ગ નથી. જો સાધના તરીકે કાઉસ્સગ્ગ મુદ્રા હોય તો અપૂર્ણ કહેવાય, પરંતુ મુક્તિ પામવાની ક્ષણે વિદ્યમાન તેમના દેહના આકારને સૂચવતી તે સમયની મુદ્રા છે.

દુનિયામાં જૈનશાસન પાસે જેવી પ્રતિમા છે, તેવી કોઇની પાસે નથી. ભગવાનની પ્રતિમા ગુણના ભંડાર સ્વરૂપ છે. ગુણોનો જાણે પિંડ છે. સાક્ષાત્ ગુણોને અભિવ્યક્ત કરે છે.

**સભા :-** *આદીશ્વર ભગવાન પારણું કરે છે, તેની મૂર્તિ નથી ?*

**સાહેબજી :-** તે દર્શનીય તરીકે છે, પણ કાંઇ પ્રતિષ્ઠિત નથી. આપણે દીક્ષા-જન્મકલ્યાણક બધાનાં ચિત્રો બનાવીએ છીએ. પાંચે કલ્યાણકની ઉજવણી કરીએ છીએ, પણ તે અવસ્થાની પ્રતિમાને પ્રતિષ્ઠિત કરતા નથી.

**સભા :-** *તો પછી અરિહંત કેવા કહેવાશે ?*

**સાહેબજી :-** અરિહંત અપૂજ્ય નથી, ઊલટું, નવકારમા "નમો અરિહંતાણં" પહેલાં મૂક્યું, પછી જ "નમો સિદ્ધાણં" મૂક્યું છે. પરંતુ પરમેશ્વરરૂપે સ્થાપિત કરવા હોય તો સિદ્ધ અવસ્થા જ જોઇએ. તેઓ અપૂજ્ય નથી, માટે જ પ્રશ્ન કરેલો છે કે સમવસરણમાં બેઠેલા પ્રભુનું ધ્યાન કઇ રીતે કરવું ? તેને સમજાવતાં કહ્યું કે ચતુર્મુખ દેશના આપનાર, જ્ઞાનમુદ્રામાં સમવસરણમાં સિંહાસન પર બિરાજમાન હોય, તે રીતના સ્વરૂપનું ધ્યાન કરવાનું. આપણે અરિહંતની બધી અવસ્થાનું ધ્યાન કરીએ છીએ. જેમ કે રાજ્યઅવસ્થા, દીક્ષાઅવસ્થા, પરંતુ આ બધી અવસ્થાઓને પ્રતિમામાં પ્રતિષ્ઠિત કરાતી નથી.

એક બનેલો કિસ્સો કહું. એક મોટા ધર્માચાર્ય પાસે એક ભાઇએ આવીને કહ્યું કે, "પ્રભુ મહાવીરે દીક્ષા લીધી ત્યારથી, જેમ કે ચંડકૌશિક ડસ્યો, ચંદનબાળાએ બાકુળા વહોરાવ્યા, સંગમે ઉપસર્ગો કર્યા, તેવા તેવા તમામ પ્રસંગોની મારે આબેહૂબ પ્રતિમાઓ ભરાવવી છે; જેથી પ્રભુના જીવનનો સ્પષ્ટ ચિતાર ખડો થાય. આ બધી મૂર્તિઓની મંદિરમાં પ્રતિષ્ઠા કરાવવી છે, તો મને માર્ગદર્શન આપો. ત્યારે ધર્માચાર્યએ કહ્યું, "આપણા શાસનમાં પરમાત્મતત્ત્વમાં મોક્ષ અવસ્થાની જ પ્રતિમા પ્રતિષ્ઠિત થાય છે." આ મેં મારા મોઢેમોઢ સાંભળ્યું છે.

**સભા :-** *સાહેબજી, ઘણા ઠેકાણે દાગીનાઓ કોતરેલા હોય છે.*

**સાહેબજી :-** દાગીનામાં શું વાંધો છે ? પ્રભુને મુકુટ-અલંકાર ચઢાવો છો ને ?

ભક્તિની રીતે સિદ્ધ અવસ્થામાં દાગીના કોતર્યા હોય તો વાંધો નથી, પણ અવસ્થા તો નિર્વાણની લીધી છે. જો તમે સિદ્ધ અવસ્થા સિવાય બીજી અવસ્થાને માનો તો કેટલાય પ્રશ્નો થાય. પછી તો અપૂર્ણને પૂજવાનું આવે. તો દિગંબરની મૂર્તિને પૂજવાનો સવાલ પણ આવે. બીજી અવસ્થા પરમાત્માની પૂજાય તો ધ્યાન અવસ્થા પૂજવામાં શું વાંધો ? તેથી તો ઘણા જ પ્રશ્નો ઊભા થશે.

અન્ય ધર્મવાળા ગાય-નાગને પૂજે છે. આપણે ત્યાં પાર્શ્વનાથની ફણાના આકારે નાગ હોય છે. તો આપણે પણ નાગને પૂજીએ છીએ એમ ઘણા કહે છે. પરંતુ નાગ તરીકે પૂજા કરીએ છીએ ? નાગ તરીકે પૂજો તો મિથ્યાત્વનો દોષ લાગે. નાગ તો પામર પ્રાણી છે. ઘણા કહે છે કે પ્રભુના લાંછન તરીકે હરણ, સર્પ, કમળની પૂજા કરીએ છીએ. પરંતુ તેમાં પ્રભુનું પાદચિહ્ન હોવાથી પ્રભુભક્તિ તરીકે પૂજા છે, પરંતુ તે પ્રાણીઓની પૂજા નથી.

**સભા :-** *દેવતત્ત્વમાં શું આવે ?*

**સાહેબજી :-** અરિહંત અને સિદ્ધ બન્ને આવે, તેથી અરિહંત અપૂજ્ય છે તેવું નથી. તેમની પૂજ્યતા માટે કોઇ મતભેદ નથી. અરિહંતને અપૂજ્ય માનો તો નવકાર જ નહીં ગણી શકાય. છતાં જૈનશાસનની ખૂબી એ છે કે પરમાત્મતત્ત્વની બાબતમાં અરિહંતને પણ પૂર્ણ અવસ્થામાં-સિદ્ધ અવસ્થામાં ઉપસ્થિત કરીને પૂજવાનો આગ્રહ રાખ્યો. તીર્થંકર તરીકે વિચરે છે ત્યારે તેઓ કૃતકૃત્ય નથી. તેમને હજી ચાર કર્મ ખપાવવાનાં બાકી છે, સદેહે છે. જ્યારે દેહાતીત છે, તેનું નામ સિદ્ધ છે. દેહ બંધન છે, પ્રવૃત્તિ બંધન છે. તેમની ઉપદેશની પ્રવૃત્તિ આખા જગતના કલ્યાણનું કારણ બને છે, પણ પોતાને માટે તો તીર્થંકરનામકર્મ ખપાવવા માટે છે.

અરિહંત એ કર્મકાય અવસ્થા છે, સિદ્ધ એ તત્ત્વકાય અવસ્થા છે, માટે ભેદ પાડ્યો છે. તેમાં સચોટતા ઘણી છે, સૂક્ષ્મ વિવેક ઘણો છે. **અરિહંત એ અપૂર્ણ અવસ્થા છે, પણ અપૂજ્ય નથી. અપૂજ્ય હોય તો પૂજા જ ન થાય.**

**સભા :-** *દિગંબરની મૂર્તિ કેમ ન પૂજાય ?*

**સાહેબજી :-** કારણ, તે અધૂરી છે. તે ધ્યાન અવસ્થામાં છે, તે સાધકદશા સૂચવે છે. આંખ મીંચી તે ધ્યાન અવસ્થાનું સૂચક છે. આંખો મીંચીને કરાતું ધ્યાન તે માનસિક

ધ્યાન છે. તેમને ધ્યાન દ્વારા હજુ કંઇ મેળવવાનું બાકી છે. જેને હજુ કંઇ મેળવવાનું બાકી છે, જાણવાનું બાકી છે, તેમને કેવળજ્ઞાન નથી. આપણે પ્રભુને નજરોનજર નથી જોઇ શકતા, કારણ આપણને કેવળજ્ઞાન નથી. માટે તેમનું ધ્યાન કરવાનું રહે છે. જો નજરોનજર પરમાત્માને જોઇ શકતા હોઇએ તો તેમનું ધ્યાન કરવાનું રહે? પછી તો ખાલી દર્શન કરવાનું રહે. જે વ્યક્તિ માનસિક ધ્યાન અવસ્થામાં છે, તેને જોવાનું-જાણવાનું નક્કી બાકી છે. તેથી છદ્મસ્થ અવસ્થા આવી, માટે તે પરમેશ્વર તરીકે પૂજ્ય ન બને. ઘણી વખત પૂજા અને ભક્તિ માટેનો વિવેક નથી કરતા ત્યાં મિથ્યાત્વના જબરદસ્ત દોષ લાગે છે. જેમ કે અધિકગુણીને હીનગુણી માનો તો મિથ્યાત્વ લાગે, હીનગુણીને અધિકગુણી માનો તો પણ મિથ્યાત્વ લાગે.

**સભા :-** *નિર્ગુણીની સાધર્મિકભક્તિ થાય ?*

**સાહેબજી :-** નિર્ગુણી સાધુની ભક્તિ ન થાય, તો નિર્ગુણી સાધર્મિકની ભક્તિ કેમ થાય ? જૈનશાસનમાં ગુણનું ધોરણ ચોક્કસ રહેવાનું. ગુણનો વિચાર ન કરો તો ન ચાલે. અન્ય ધર્મના બધા સાધુ-સંતો માર્ગ નહીં પામેલા હોવાના કારણે હીનગુણી છે, માટે તેમના માટે પૂજ્યભાવ કે ભક્તિભાવ ન થવો જોઇએ, પણ કરુણાભાવ થવો જોઇએ. અમે ઘણાને ભક્તિની ના પાડીએ તો કહેશે કે મહારાજ પોતાના પારકાનો ભેદ રાખે છે. અન્ય ધર્મમાંથી પણ સિદ્ધ થાય છે. પંદર પ્રકારે સિદ્ધનું વર્ણન છે. તેને બતાવતાં ભક્તિ કરનારા દલીલો કરે છે. પરંતુ એને સામે રાખીને કાંઇ અન્ય લિંગવાળાની તે અવસ્થાની દેરાસરમાં મૂર્તિ ભરાશે ? સિદ્ધ તરીકેની તેની પૂજા કરાશે? ગૃહસ્થલિંગે સિદ્ધ થયેલા હોય તો પણ ગૃહસ્થાવસ્થાની મૂર્તિની સિદ્ધ તરીકે પૂજા ન થાય. ભરતચક્રવર્તી ગૃહસ્થાવસ્થામાં કેવળજ્ઞાન પામ્યા ત્યારે ઇન્દ્ર મહારાજા શું કહે છે ? ભરત મહારાજા તે વખતે તેરમા ગુણસ્થાનકે છે, છતાં પણ ઇન્દ્ર મહારાજે કહ્યું કે વેશ ગ્રહણ કરો, પછી જ તેઓ નમસ્કાર કરે છે.ગૃહસ્થ હોય ત્યાં સુધી વંદન નથી કરતા. તે અવસ્થા વંદનીય નથી.

**સભા :-** ધોતિયાવાળાને ખમાસમણા અપાશે ?

**સાહેબજી :-** સાધર્મિકને હાથ જોડો, કદાચ વધીને ચરણરજ લો, તિલક કરો, દૂધે પગ ધૂઓ; પણ ખમાસમણું તો ન જ આપી શકો.

**સભા :-** *સાહેબજી, મા બાપને ખમાસમણા અપાય છે ?*

**સાહેબજી :-** એવું ક્યાંથી લઇ આવ્યા ? ખમાસમણું અપાય નહીં, પગે લગાય.

**સભા :-** *અષ્ટદંડ પ્રણામ કરે છે.*

**સાહેબજી :-** અષ્ટદંડ પ્રણામ આપણામાં નથી, કારણ તેમાં જયણા સચવાતી નથી. નમસ્કાર સાથે જયણા સાચવવાની છે. માબાપને પગે લગાય, ચરણરજ માથે લેવાય, ભક્તિ કરાય; પણ ખમાસમણું ન અપાય.

**સભા :-** *દેવ-દેવીની આરતી ઉતારાય ?*

**સાહેબજી :-** હા, ઉતારાય.

**સભા :-** *દેવ-દેવીને ખમાસમણું અપાય ?*

**સાહેબજી :-** ના, ન અપાય.

# ૨૧

**શ્રાવણ સુદ બારસ, તા.૮-૮-૯૫, મંગળવાર.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને ગુણદોષના વિવેકરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરાવવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

પૂ.ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજા આ ગ્રંથની ટીકાના રચયિતા છે. તેમના બીજા ગ્રંથોમાં પણ સમ્યગ્દર્શન એટલે શું ? તેની વ્યાખ્યા કરતાં તેઓશ્રી કહે છે કે **"ગુણ અને દોષનો યથાર્થ વિવેક અને ચારિત્રની તીવ્ર અભિલાષા તે સમ્યગ્દર્શન છે."** જેમાં સાચા ખોટાનું ભાન છે અને સાથે સારું પામવાની તીવ્ર તમન્ના છે.

એકલા ગુણનો વિવેક નહીં, પણ ગુણ અને દોષ બન્નેનો વિવેક કરવાનો કહ્યો છે. જીવમાત્રના ગુણદોષની સમજણ જોઈએ અને તેનાથી તેનું મૂલ્યાંકન કરવું જોઈએ. સમ્યગ્દષ્ટિ પોતાની જાતને પણ ગુણ-દોષના ધોરણ દ્વારા મૂલવે, અને બીજાને મૂલવવા માટે પણ આ જ માપદંડ રાખે. ગુણ અને દોષ તે જ માપદંડ છે. મૂલ્યાંકન કરવામાં દૃષ્ટિ તટસ્થ અને પ્રામાણિક જોઈએ. જાત માટે પણ ખોટા ઊંચા અભિપ્રાય બાંધી લે, તેવું ન બનવું જોઈએ. પોતાની ભૂલોનો પણ સ્વીકાર કરે અને પોતાનામાં જે દોષ અને ખામી હોય તેને માટે પણ સભાન હોય, તેમ બીજાના ગુણોની યોગ્ય કદર કરે.

ધર્માત્માના ગુણો કદર કરવાને પાત્ર છે અને તે ન કરો તો તમારી ખામી કહેવાય. જેને ધર્માત્મા પ્રત્યે બહુમાન પેદા ન થાય, તેઓ ગુણાનુરાગમાં કાચા છે. વળી, જે કક્ષાના ગુણો હોય તે રીતે બહુમાન કરવાનું છે. નાના ગુણનું નાનું બહુમાન, ઊંચો અને મહાન ગુણ હોય તો ઊંચું બહુમાન હોય. ગુણમાત્ર પ્રત્યે કદર અને બહુમાનભાવ હોવો જોઈએ, પરંતુ પ્રણિધાનમાં ધર્માત્માના ગુણ પ્રત્યે દ્વેષનો તો સવાલ જ નથી આવતો.

**હવે સમકિત પામવા માટે પહેલાં પ્રણિધાન કર્તવ્ય છે. સમકિતના માર્ગરૂપ બીધિબીજ પામેલા જીવમાં ત્રીજો અદ્વેષ માન્યો છે, જે પ્રણિધાન સાથે સંકળાયેલો છે. પહેલા અને બીજા અદ્વેષને પોતાના આત્મા સાથે સંબંધ છે, જ્યારે ત્રીજો અદ્વેષ બીજાના આત્મા સાથે સંબંધિત છે. ગુણના અદ્વેષમાં પોતાના દોષ તોડવાના છે, મુક્તિના અદ્વેષમાં પોતાના સંસારના રાગ-દ્વેષ તોડવાના છે, જ્યારે ત્રીજા અદ્વેષમાં તો તમારી સામે સ્વ કે પરધર્મમાં ધર્માત્મા તરીકે જે જીવો છે, પરંતુ તમારાથી ઊતરતી કક્ષાના છે, તેમના પ્રત્યે પૂજ્યભાવ નહીં, તિરસ્કાર નહીં, પરંતુ અદ્વેષ અને કરુણાનો ભાવ હોવો જોઇએ.**

પરંતુ તમારો સ્વભાવ છે કે તમારી પાસે જે વિશેષતા છે, તે બીજામાં ન હોય તો તેના માટે હલકો અભિપ્રાય કેળવી લેવો. બીજાની નાની ખામી જોઇને પણ તરત જ તમને અસર થઇ જાય. તમે જે રીતે ધર્મ આચરો છો, તે રીતે બીજો ન આચરતો હોય, અથવા તમારી થોડી ઊંચી કક્ષાની તત્ત્વની સમજણ હોય અને બીજામાં તેવું ન હોય તો તમને તરત જ બીજા પર દ્વેષ થાય; તો તમારામાં હીનગુણદ્વેષ નક્કી છે. જૈનધર્મ કહે છે કે તમને બીજા ધર્મ માટે પણ અદ્વેષ જોઇએ. બીજો માર્ગ ન પામેલો હોય, અથવા તેની નીચી ભૂમિકા હોય તો અદ્વેષ અને કરુણાભાવ જોઇએ.

## તીર્થંકરોએ જ દર્શાવેલો એકમાત્ર સાંગોપાંગ શ્રેષ્ઠ મોક્ષમાર્ગ :

ભગવાને શાસન સ્થાપ્યું શા માટે ? જો બીજા ધર્મોમાં મોક્ષમાર્ગ સાંગોપાંગ હોય તો ભગવાનને નવો ધર્મ સ્થાપવાની શું જરૂર હતી ? પેલો સાચો માર્ગ છે તેનું જ અનુસરણ કરો તેવી સલાહ આપવાની રહે. **કોઈપણ તીર્થંકર શાસન સ્થાપતી વખતે એમ જ કહે છે કે "જે ભૂતકાળમાં અનંતા તીર્થંકરો કહી ગયા છે, તે જ હું કહું છું. જે જૈનશાસનનો ધર્મ છે, જેને આજ સુધી તીર્થંકરોએ પ્રરૂપ્યો છે, તેનું જ હું વિધાન કરું છું."** પરંતુ "બીજા ધર્મોમાં જે તત્ત્વોની વાત છે તે જ કહું છું, તે સિવાય નવું નથી કહેતો;" આવું વિધાન એકપણ તીર્થંકર નથી કરતા. તેવું ન બોલવા પાછળ કારણ શું ?

અન્ય ધર્મમાં ધર્મના નામથી ઘણી અધર્મની વાતો છે; તેથી તીર્થંકરો ઉપદેશ આપતાં સમવસરણમાં કહે છે કે આ બધા મિથ્યામતો છે. આ વાતો આગમમાં પણ આવે છે. ગૌતમ મહારાજાને પ્રભુએ કહ્યું છે કે આ બધા મિથ્યામતો છે. તેમનાં શાસ્ત્રોમાં જે વાત ધર્મના નામથી આવે છે તે બધી સાચી નથી. ત્યાં આત્મકલ્યાણનો સાંગોપાંગ માર્ગ નથી. આ બધું ભગવાન તટસ્થતાથી બોલે છે.

**સભા :-** *સર્વજ્ઞ છે માટે ?*

**સાહેબજી :-** વીતરાગ છે માટે. મારા તારાનો ભાવ કોને હોય ? પ્રભુને તો રાગ અને દ્વેષ નથી. પારકો ધર્મ છે માટે તેને ખોટો કહું તેવું તેમને ન હોય. પોતાને પૂર્ણ તત્ત્વદર્શનના કારણે દાવા સાથે કહે છે કે સત્ય અને પરિપૂર્ણ ધર્મ તો આ જૈનશાસન જ છે.

બીજા ધર્મોને સાચા અને સારા માનીને જૈનધર્મ સાથે સરખાવવાનું માનસ ન જોઇએ. જેઓ સર્વધર્મસમાન માને છે, તેઓ પ્રસંગે વાતો કરે છે કે બધા ધર્મ સરખા, આપણે બધાનું સારું જોવાનું, મતભેદમાં નહીં પડવાનું, સૌની સારી વાતો ગ્રહણ કરવી એવું તેમનું માનસ છે. તેમને સાચા-ખોટાનો, સારા-ખરાબનો, ગુણ-દોષનો વિવેક નથી. આ વિવેક ન હોય તો સમકિત પામી ન શકાય, અને કદાચ ભૂતકાળમાં પામી ગયા હો તો ચાલ્યું જાય. માટે સર્વધર્મસમાન એવું મનાય જ નહીં. આ સાંભળીને ઘણા કહે છે કે મહારાજ સાહેબ સાંપ્રદાયિક વાતો કરે છે. તેમનો જ ધર્મ વખાણવાવાળા છે. પોતાના મત અને પંથનું મમત્વ છે. બીજા પ્રત્યે હલકાપણાનો ભાવ છે. જો હું બધાને સારા અને સાચા કહું તો સારો, પરંતુ બીજાની ખોટી માન્યતાનું ખંડન કરું તો ખરાબ, આવું ઘણાનું માનસ છે.

પરંતુ આપણો ધર્મ ક્યાંય એવું નથી કહેતો કે બીજા ધર્મની નિંદા કરો, સંઘર્ષ કરો, વેર-વિરોધ કરો, ઝઘડા કરો. જૈનશાસન તો બીજા ધર્મ પ્રત્યે ક્યાંય દ્વેષ શીખવતો નથી. બીજા ધર્મશાસ્ત્રમાં ધર્મઝનૂનની વાતો મળશે, પરંતુ જૈનધર્મમાં અન્ય ધર્મ માટે ઝનૂનની વાતો નથી. બીજા ધર્મોને તોડી પાડો તેવી વાતો નથી. આક્રમણ અને ધર્મઝનૂનમાં જૈનધર્મ માનતો નથી. એ તો કહે છે કે ધર્મ એ હૃદયથી પામવાની વસ્તુ છે, જેને સાચું અને સારું જે ગમે તે સ્વીકારી શકે છે. ભગવાન પણ જૈન તત્ત્વની વાત સમજાવે,

જેને પસંદ પડે તે સ્વીકારે. પરંતુ ધર્મ લાદી દેવો કે બળજબરીથી કે દબાણથી સ્વીકાર કરાવવો તેવું જૈનધર્મ માનતો નથી.

ઘણા પૂછે છે કે જૈનો કેમ આટલા ઓછા ? આમ તો તમે જૈનધર્મને ઊંચો અને સારો કહો છો, સર્વશ્રેષ્ઠ તત્ત્વજ્ઞાન, અદ્‌ભુત વિજ્ઞાન અને સૂક્ષ્મ સાંગોપાંગ આચારયુક્ત છે તેમ કહો છે, તો પછી જૈનધર્મનો અનુયાયી વર્ગ આટલો ઓછો કેમ ? નેવુ કરોડની વસ્તીમાં ચારે ફીરકા ભેગા કરતાં માંડ એક કરોડ હશે. વળી દુનિયાની પાંચ અબજની વસ્તીમાં તો એક ટકો પણ જૈનો નથી, અને આ વાત હકીકત છે.

તેનાં બે કારણો છે : (૧) જૈનશાસ્ત્રમાં ધર્મઝનૂન નથી. આખો **ઇતિહાસ બોલે છે કે, જૈનોએ ધર્મઝનૂનથી એકે જૈન બનાવ્યા હોય તેવો એક પણ દાખલો નથી.** બીજા કોઇ ધર્મનો નાશ કર્યો હોય, બળજબરીથી પોતાનો ધર્મ લદાવ્યો હોય તેવી ઇતિહાસની દૃષ્ટિએ ક્યાંય નોંધ નથી. (૨) બીજી બાજુ જૈનધર્મના આચાર-વિચાર તથા તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જૈનદર્શન બહુ જ ઊંડું છે, સૂક્ષ્મ છે. માટે આ ધર્મ જેને અપનાવવો હોય તેનું caliber(સ્તર) ઘણું ઊંચું જોઇએ. જેટલો ધર્મ સુગમ હોય તેટલો અનુયાયી વર્ગ વધારે મળે. અત્યારે કહેવાય છે કે રજનીશના આટલા વખતમાં આટલા બધા અનુયાયીઓ થઇ ગયા. હા, વાત બરાબર છે. કારણ કે તેમને તો લોકોને ગમે તે કહેવાનું છે. એમનો ઉપદેશ એ છે કે જે ઇચ્છા થાય તે ભોગવી લો, તેનું નામ ધર્મ. આવો ધર્મ કોને ન ફાવે ?

**સભા :-** *મહાવીર પ્રભુ મર્યાદિત ક્ષેત્રમાં વિચર્યા, માટે ઓછો ધર્મ પમાડી શક્યા ?*

**સાહેબજી :-** બીજા ક્ષેત્રમાં આટલો ઊંચો ધર્મ પમાડી ન શકાય તેવા જીવો હોય તો શું કરે ? તમે પશ્ચિમની વાતોથી લેવાઇ ગયા છો. બાકી તટસ્થતાથી વિચારો કે ત્યાંની પ્રજાએ આટલો વિકાસ કર્યો છે; પણ તેમને ત્યાં હિંસા, દુરાચાર રોજિંદા જીવનમાં કેટલાં વણાયેલાં છે ? ૯૫% લોકો માંસાહારી, દારૂ પીનારા હોય છે અને આ તો તેમને માટે એકદમ કોમન કહેવાય. સાત વ્યસન જેના જીવનમાં વ્યાપ્ત હોય તેવી પ્રજાને અધ્યાત્મયુક્ત મોક્ષમાર્ગની વાતો ગળે ઊતરે ? અહીંની આર્યપ્રજામાં અને ત્યાંની અનાર્યપ્રજામાં ગુણવત્તાની દૃષ્ટિએ તફાવત કેટલો ? આપણે ત્યાં ભૂતકાળમાં શ્રીમંત માણસ પણ માંસ કે દારૂ લે તો સમાજમાં બેઆબરૂ થાય. જો કે અત્યારે તમારે

ત્યાં પણ, વ્યસન સેવીને પણ, ઊંચા થઇને ફરતા હોય છે; કારણ તમે શ્રીમંતાઇને ઊંચું સ્થાન આપો છો. પણ ભૂતકાળમાં આવા શ્રીમંત માણસને કોઇ સારા માણસ બાજુમાં બેસાડે પણ નહીં. હવે જ્યાં સાત વ્યસન આટલાં કોમન હોય ત્યાં ભગવાનની નાનામાં નાની જયણા, જેમ કે, બારી પણ જયણા વગર બંધ કરો તો પાપ લાગે, આ વાત મનમાં બેસે ? પાપ લાગે તે માને ? કે વેદિયા જ કહે ? માટે જ હાઇ લેવલનો આટલો સૂક્ષ્મ આચાર, આવો ઊંચો ધર્મ તેમને ફાવે ખરો ? અત્યારે જૈનોને પણ આ જૈનધર્મ ફાવતો નથી, તેનું કારણ આ જ છે. જૈનધર્મ બુદ્ધિ કે તર્કથી જવાબ ન આપી શકે તેવો અધૂરો ધર્મ નથી.

**સભા :-** *ત્યાં જૈન ચેર સ્થાપે છે.*

**સાહેબજી :-** એના માટેનો એક કિસ્સો કહું. જર્મનીમાં સંસ્કૃત અભ્યાસ કરાવે છે. ઇન્ડિયાના પ્રોફેસર ડો. પદ્મનાભ, જે ત્યાં પ્રોફેસરશિપ કરે છે, તે જૈન તત્ત્વ ભણાવે છે. એ પોતે 'આચારાંગ' ભણાવતા. જો કે પ્રોફેસરને ભણાવવાનો આ અધિકાર નથી , આ ગેરવાજબી છે. ધર્મગુરુમાં પણ ગમે તે ન ભણાવી શકે. તે ભણાવવા માટે અમુક ચોક્કસ ધોરણો છે. જે પામે તે જ ભણાવી શકે. આ આચારાંગમાં જૈન મુનિના આચારનું વર્ણન આવે છે. આ ભણનાર વિદ્યાર્થીઓ P.hd. levelના હોય છે.

તેમાં જૈન મુનિના આચારનું વર્ણન આવ્યું કે જૈન મુનિ વનસ્પતિ, પાણી, અગ્નિ, સ્ત્રી, પૈસા કોઇને પણ સ્પર્શ કરતા નથી. હવે જ્યાં અડવાની જ વાત નથી તો લેવાની કે સંગ્રહ કરી ઉપયોગ કરવાની વાત તો ક્યાં આવે ? પાછું આજીવન સ્નાન નહીં કરવાનું, ભોજનમાં પણ સવારે મળે તે સાંજે ન રાખે, સાંજે મળે તે સવારે ન રાખે. આમ તો એક જ ટાઇમ ભોજન કરવાનું હોય. આવું બધું સાંભળ્યા પછી વિદ્યાર્થીઓ પૂછે છે કે "Sir, is this possible ?(સાહેબ, શું આ શક્ય છે ?) કે પછી ethics(નિયમ) તરીકે આ બધી વાતો લખી નાખી છે ? આવા આચાર તો કઇ રીતે પળાય ? જો વનસ્પતિને ન અડાય તો પાન ખાવાનો તો પ્રશ્ન જ ન આવે. આગને સ્પર્શ ન થાય તો જીવનમાં જીવાય જ કઇ રીતે ? માટે આ આચાર પ્રેક્ટીકલ છે ?" તેઓ તો તેમની લાઇફસ્ટાઇલ-જીવનપદ્ધતિ પ્રમાણે પાપવ્યસનો સેવતા હોય

અને પાછા પાપ તરીકે માનતા ન હોય અને આવા માણસોને તમે આવી ઊંચી અને સૂક્ષ્મ વાતો કરો તો કેમ બેસે ?

વેશ્યા પાસે સતી સ્ત્રીનું વર્ણન કરો તો તેના મગજમાં બેસે ખરું ? તેની જેમ આ વિદ્યાર્થીઓને આ આચારો મગજમાં ન બેસવાથી પ્રોફેસરે કહ્યું કે "ઇન્ડિયામાં અત્યારે હજારો જૈન સાધુ-સાધ્વીજીઓ છે, કે જે આ પ્રમાણે પ્રતિજ્ઞાઓ પાળીને જીવે છે," ત્યારે કહે છે કે "પુરાવા આપો, document આપો." આના માટે પ્રોફેસર ઇન્ડિયા આવ્યા ત્યારે તેમણે વિચાર કર્યો કે એ લોકો તો અહીંયાં આવવાના નથી, તેથી તેમના માટે document પુરાવા કેવી રીતે લઇ જવા ? પછી વિચારીને તેમણે એક ફોર્મ બનાવ્યું અને અમારી પાસે આવીને કહે કે "તમે જે life-style(જીવનપદ્ધતિ) પાળો છો, તેમાં તમે right કરી sign કરી આપો; હું તેઓને document તરીકે બતાવીશ. ત્યારે અમે કહ્યું કે, "અમે આ આચાર દુનિયાને બતાવવા પાળતા નથી. માટે તેના document કરવાના હોય નહીં. શંકા થતી હોય તો ભલે કરે, બાકી તેમને ખાતરી કરવી હોય તો ઇન્ડિયા આવીને વર્તમાનમાં સંયમ પાળતાં સાધુ-સાધ્વીના આચારોને પ્રત્યક્ષ જોઇ જાય." જેનામાં જૈન સંસ્કાર છે, તેને પણ જૈનશાસનનું તત્ત્વ બુદ્ધિમાં બેસાડવું મુશ્કેલ છે, તો પછી અનાર્ય માટે તો આટલી pure આધ્યાત્મિક વાતો, ઉત્કૃષ્ટ ઊંચો માર્ગ, ઊંચો ધર્મ કેમ ફાવે ? તેઓને તો સામાજિક પ્રવૃત્તિ હજુ સત્કાર્ય તરીકે બુદ્ધિમાં બેસે. સામાજિક પ્રવૃત્તિને આપણે ધર્મનું અંગ કહીએ છીએ, પણ ધર્મ તો ન જ કહીએ. આવો ધર્મ તેમને બેસે ? તેઓને તો ભણાવીને આવા ધર્મની માહિતીઓ આપી દઇએ તો ઊલટી, impractical (અવ્યવહારુ) વાતો લાગે અને તેથી જૈનધર્મ માટે ગમે તેવો હલકો અભિપ્રાય બાંધી દે.વળી જે આગમ ભણાવતા હોય તે કદાચ દારૂ પીતા હોય, સિગરેટ પીતા હોય; ભણાવનાર પણ આવા હોય અને ભણનાર પણ આવા હોય, તેથી મહાન આશાતના થાય તે જુદું. આવાં અનેક કારણોસર જૈનોની સંખ્યા ઓછી છે. ભગવાનના સમયમાં પણ જૈનોની વિપુલ સંખ્યા નહોતી. ગમે તેટલી સારી અને સાચી પણ ભારે કડક વાતને સ્વીકારનાર કેટલા નીકળે ? તમને બધાને શ્રાવકધર્મના આચાર પણ કઠણ લાગે છે ને ? આવા આચારો અન્ય ધર્મમાં સંતોના જીવનમાં પણ નથી. માટે બીજા ધર્મીઓ કરતાં

જૈનોની સંખ્યા અલ્પ જ રહેવાની. આપણે મેજોરિટીની વાત નથી કરતા, ભલે જૈનોની અલ્પ સંખ્યા હોય, પણ અમને આવો ધર્મ મળ્યો છે માટે અમે મહાભાગ્યશાળી છીએ, તેવો ધર્મગૌરવનો અભિપ્રાય હોવો જોઇએ. બાકી જૈનધર્મ બીજા ધર્મને વખોડવાની વાત ક્યાંય નથી કરતો.

કોઇ ધર્મનો અનુયાયી તેના શાસ્ત્ર પ્રમાણે ઉપાસના કરતો હોય અને આધ્યાત્મિક ગુણોનો વિકાસ કરતો હોય, તો નક્કી તેનું કલ્યાણ થશે. માટે બીજા ધર્મમાં રહેલો છે તે તદ્દન નકામો છે તેવો જૈનધર્મનો અભિપ્રાય નથી, પણ બધા ધર્મ સમાન, સાચા અને સારા તેમ તો ન જ કહેવાય. નહીંતર મહાપાપ લાગશે અને મિથ્યાત્વનો મોટો દોષ ગણાશે. એક વ્યક્તિ એક વસ્તુને સારી કહે અને બીજી વ્યક્તિ તે જ વસ્તુને ખરાબ કહે, તો બંને સાચા ન હોઇ શકે; અને તે અવસરે બંનેને સાચા કહેનાર કાં તો માખણિયો છે અથવા મૂર્ખો છે. માટે જેટલું ખોટું છે તેને ખોટું અને જેટલું સાચું છે તેને સાચું કહેવાનું છે.

અહીં હીનગુણીનો અર્થ એ છે કે જે જીવો ગુણિયલ છે, પણ અન્ય ધર્મમાં હોવાના કારણે માર્ગ પામ્યા નથી, માટે તે હીનગુણી છે. તેમના પ્રત્યે ભક્તિ-બહુમાન કે દ્વેષનો ભાવ ન આવવો જોઇએ, પણ અદ્વેષ અને કરુણાનો ભાવ આવવો જોઇએ. ભક્તિ અને બહુમાનનો ભાવ પ્રગટે તો પણ અવિવેકરૂપ મિથ્યાત્વ કહેવાય અને દ્વેષનો ભાવ પ્રગટે તો ગુણાનુરાગમાં ન્યૂનતારૂપ મિથ્યાત્વ કહેવાય. આમ તો તે જીવો ગુણિયલ છે, પણ અન્ય ધર્મમાં હોવાના કારણે માર્ગ પામ્યા નથી. જો કે જૈનધર્મમાં પણ માર્ગ ન પામેલા જીવો હોઇ શકે છે તેથી તેઓ પણ હીનગુણી જ છે. માટે જેવી કક્ષા હોય તેવો approach(અભિગમ) લેવાય. જો આ વાત મગજમાં નહીં બેસે તો વ્યવહાર ગોટાળાવાળો થશે. તમે કહેશો કે અમારાથી આટલા ઊંચા સાધુ-સંત છે, તો તેમની ભક્તિ કેમ ન કરી શકીએ ? પણ આનો એક જ જવાબ છે, તેઓ માર્ગને પામ્યા નથી માટે. જેમ રમણ મહર્ષિ પ્રસિદ્ધ સંત છે, સારી વાતો કરે છે; ભૂતકાળમાં પણ નરસિંહ મહેતા, મીરાં, કબીર, તુકારામ આદિ ઘણાની વાતો આવે છે, તેઓએ પણ ઘણી સારી વાતો જીવનમાં આચરી છે અને લોકોને ઉપદેશી છે; છતાં તેઓ માર્ગ ભૂલેલા છે તેવું તેમના વર્તન કે ઉપદેશમાંથી નીકળશે. માટે ગુરુપદમાં ભક્તિપાત્ર તરીકે તેમને સ્થાન

ન આપી શકો, નહીંતર મિથ્યાત્વ લાગશે. આ બધું convince થવું (ગળે ઉતરવું) જોઈએ. ઘણાને લાગે છે કે આવું કરીએ તો અમે લોકવ્યવહાર ચૂકી જઈએ છીએ. અમારા ફ્રેન્ડ સર્કલમાંથી જૈનેતરો દેરાસર-ઉપાશ્રયમાં આવે છે, હાથ જોડે છે, તો પછી અમારે પણ તેમની સાથે વ્યવહાર સાચવવો જોઈએ.

**સભા :-** *મીરાંને હીનગુણી કહી શકાય ?*

**સાહેબજી :-** તેમનામાં ઈશ્વરભક્તિ છે, પણ વિવેક નથી. જૈનશાસનનું વિવેક નામનું તત્ત્વ તેમના જીવનમાં દેખાતું નથી. આમ તેમનું જીવન સંન્યાસીતુલ્ય સાદગીયુક્ત છે, કૃષ્ણભક્તિમાં તન્મય છે. રાજરાણી છે, પરંતુ વૈધવ્ય આવેલું છે. રાજરાણી તરીકે કેટલી મર્યાદા જોઈએ ? પરંતુ ભક્તિમાં તરબોળ થઈને રસ્તા વચ્ચે કૃષ્ણનું 'ગિરધર ગિરધર' નામ લઈને નાચવા માંડે, સ્ત્રી તરીકે કુળમર્યાદા ચૂકી જાય છે. તેમના જેઠ સાચા હતા. તેમણે કહેવડાવ્યું કે "પ્રભુભક્તિ કરવાની ના નથી, પણ મહેલમાં કૃષ્ણમંદિર બંધાવી ભક્તિ-ઉપાસના કરો. પરંતુ આ રીતે રસ્તા વચ્ચે નાચો, કપડાંનાં ઠેકાણાં ન રહે, લોકોનું ટોળું ભેગું થાય તે સારું નથી." મીરાંએ જવાબ મોકલ્યો કે "પ્રભુમાં એટલી તલ્લીનતા આવી જાય છે કે હું દુનિયા વિસરી જાઉં છું. માટે મને આવાં બંધન નહીં ફાવે." જેથી તેમના જેઠે કહ્યું કે "આ કુળબંધન ન ફાવતાં હોય તો ઝેરનો પ્યાલો મોકલ્યો છે, તે પી જજો." વિચારજો, સ્ત્રી મર્યાદા શું હોય ? અત્યારે તમારે ત્યાં લગ્નમાં દીકરીઓ, કુળવધૂઓ જાહેરમાં નાચતી હોય છે. જાહેરમાં કોણ નાચે ? ગણિકાઓ. તમારું નાચવું એ મર્યાદા બહારનું છે. માર્ગાનુસારી જીવનની મર્યાદારૂપ સામાન્ય વિવેક ભૂલી જવાય તેવી ભક્તિને કેવી કહેવી ?

સુલસાની ભક્તિને મીરાંની ભક્તિ સામે મૂકી શકાય ? તે પણ પ્રભુની પરમ ભક્ત શ્રાવિકા છે. પરમાત્મા માટે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરે તેવી તેમની ભક્તિ છે, છતાં તે કોઈ વખત રસ્તામાં નાચ્યાં હોય તેવું બન્યું છે ? માટે બરાબર સરખાવજો. અંબડશ્રાવકે તેમની પરીક્ષા કરવા સાક્ષાત્ બ્રહ્માનું, શંકરનું, વિષ્ણુનું રૂપ કર્યું છે, છતાં તે ટસના મસ થતાં નથી. તેમ જ પચીસમા તીર્થંકરનું રૂપ બનાવ્યું છે, છતાં તેને જોવા જવાનો ભાવ કે કુતૂહલ થયું નથી. વિવેકમાં કેટલાં અડગ છે ! આખું

નગર ઊમટ્યું છે. ઉમળકાથી દર્શન કરવા જવાનો સવાલ તો નથી, પણ જિજ્ઞાસા કે કુતૂહલ પણ થયું નથી.

મીરાંની ભક્તિ પણ કાંઇ સ્વાર્થી કે મતલબી નથી. એ પણ પરમાત્મતત્ત્વનાં ઉપાસિકા છે. પરંતુ તેમણે સ્વીકારેલા ઇશ્વરતત્ત્વમાં ગુણદોષનો વિવેક નથી. જેમની મુદ્રામાં નૃત્ય હોય, હાથમાં વાંસળી છે, બાજુમાં રાધા છે, આ બધું ખરા ઇશ્વરતત્ત્વમાં હોઇ શકે ? ખાલી શ્રદ્ધાથી નાચે છે. માત્ર ભક્તિ કે સમર્પણભાવથી વિવેક આવતો નથી. અહીં મીરાં કરતાં સુલસાનું સ્થાન અસંખ્ય ગણું ઊંચું છે.

**સભા :-** *મંદોદરી નહોતાં નાચ્યાં ?*

**સાહેબજી :-** તેઓ શું કાંઇ ગામ વચ્ચે નાચેલાં ? તેઓ તો મહાસતી હતાં. રાવણ પણ મહાપુરુષ છે. બન્ને જણા મહાન છે. નહીં સમજનારા રાવણને ગમે તેવા ચીતરે છે. અત્યારે જૈન ઉપદેશકો પણ જાહેર સભામાં કહે છે કે તમારે રામ બનવું છે કે રાવણ બનવું છે ? પરંતુ તમારી રાવણ થવાની પણ ત્રેવડ છે ?

આર્યદેશની ઉત્તમ સ્ત્રીઓ નૃત્યકળા ન જાણે તેવું ન હોય. રાજપુત્રીઓ, મંત્રીપુત્રીઓ, શ્રેષ્ઠિપુત્રીઓ ૬૪ અથવા ૭૨ કલાને ભણતી હતી. ભલભલાનાં મન મોહી લે તેવી તેમની કલાઓ હોય. પણ બધી કલાઓનો ઉપયોગ ક્યાં કરે ? દેવ-ગુરુની ભક્તિમાં અથવા પોતાના પતિને તેનાથી પ્રસન્ન કરે.

મંદોદરી અષ્ટાપદ ઉપર નાચ્યાં છે, જ્યાં એકાંત છે. પ્રભુ સામે ભક્તિ કરતાં નાચે છે, ત્યારે ફક્ત રાવણ હાજર છે. આમ તો સીતાજી પણ નાચ્યાં છે. જ્યારે વનમાં રામ, સીતાજી, લક્ષ્મણ જઇ રહ્યાં છે ત્યાં નાની ટેકરી આવે છે. તેના પર એક મહાત્મા કાઉસ્સગ્ગ ધ્યાનમાં ઊભા છે. તેમની મુદ્રા-સાધના જોઇને તેઓ ભાવવિભોર થયા છે. માટે તેઓ પહાડ ઉપર વંદન કરવા જાય છે. વિનયથી ત્રણ પ્રદક્ષિણા આપી વંદન કરે છે. તે વખતે આજુબાજુ કાંટા- પથરા છવાયેલા જોઇને થાય છે કે મહાત્માને જરાપણ શરીરની પડી નથી. કેટલા નિર્મમત્વી છે ! કેવી સાધના છે ! આજુબાજુ જરા પણ ચાલે તો પગ વીંધાઇ જાય તેવી સ્થિતિ છે. માટે તેઓ આજુબાજુનો વિસ્તાર સાફ કરે છે; પાણી છાંટી, સુગંધિત પુષ્પો પાથરી વાતાવરણ

સુગંધી કરે છે. પછી ભક્તિના કારણે સીતાજી નૃત્ય કરે છે અને રામ વાજિંત્ર વગાડે છે. પણ હાજરી કોની ? પરપુરુષ નહીં ને ? બધે મર્યાદા હોય છે. હા, લક્ષ્મણજી તો આંખ ઊંચી કરે તેવા નથી. તેમના માટે ગમે તેવી કલ્પના પણ ન કરી શકાય. જો કે આવા ગુરું સામે નાચી શકાય, પણ અમારી સામે ન નાચી શકાય. કારણ અમારી એવી ભૂમિકા નથી, કક્ષા નથી.

સારાંશ એ છે કે મીરાંની ભક્તિને સુલસા કે મયણાની ભક્તિ સાથે કાંઇ સરખાવાય નહીં. જમીન આસમાનનો તફાવત છે.

**સભા :-** *મીરાં, નરસિંહ મોક્ષમાર્ગ પામેલા છે ?*

**સાહેબજી :-** તેમનામાં મિથ્યાત્વ છે. મોક્ષમાર્ગ પામેલા છે તેવું એકાંતે ન કહી શકાય, પણ તેઓ ઉત્કટ પ્રભુભક્ત છે. સંસારરસિક નથી, વૈરાગ્યને પામેલા છે. જેનામાં વૈરાગ્ય ન હોય તે પ્રસંગે આવું ન બોલી શકે કે "ભલું થયું ભાંગી જંજાળ". જ્યારે તેમની પત્ની ગુજરી ગયાં ત્યારે નરસિંહ મહેતા આવું બોલેલા. પરંતુ ઔચિત્યનો તેમનામાં વિવેક નથી. સાચો માર્ગ પામેલા હોય, પ્રભુનું શાસન પામેલા હોય, તેનામાં ઉચિત વ્યવહાર આવે છે.

**સભા :-** *પણ સાહેબજી, માર્ગાનુસારીના ગુણો તો હતા ને ?*

**સાહેબજી :-** માર્ગાનુસારીના ગુણોમાં જ અમુકમાં તેમણે થાપ ખાધી છે. મર્યાદા પણ માર્ગાનુસારીના ગુણોમાં એક ગુણ છે. તેમાં ખામીને ખામી ન સમજો તો દોષ છે. અહીંયાં મારા તારાનો ભેદ નથી.

અત્યારે સાધુઓ પણ એક બાજુ સુલસાને મૂકે અને બીજી બાજુ મીરાંને મૂકે, પણ તે યોગ્ય નથી. બન્નેના કેલિબરમાં ઘણો જ તફાવત છે. હીનગુણીને અધિકગુણી માનો તો પણ મિથ્યાત્વ લાગે. અમે પણ પાટ પર બેસીને ગમે તેને ગમે ત્યાં સરખાવીએ તો મહાદોષ લાગે. પરંતુ અત્યારે લોકોને આવી જ વાતો ગમે છે. ઈસુખ્રિસ્ત, મહમંદ પયગંબર, અન્ય સાધુ-સંતો તથા મહાવીર આ બધા મહામાનવ છે, વિશેષ મહાપુરુષો છે, સમાજ ઉપર ઉપકારક છે; આવી રીતે બોલીને મહાવીરને

તેઓની સાથે સરખાવાય નહીં. હલકા લેવલના સાથે પ્રભુને સરખાવો તો કેટલી આશાતનાનું પાપ લાગે ?

મીરાં-નરસિંહે કાંઇ અમારું બગાડ્યું નથી. અમને કોઇ મારા તારાનો ભેદભાવ નથી. તેમનામાં ગુણ હતા, તેની અમે કદર કરીએ છીએ, પણ તેમના લેવલ પ્રમાણે. માર્ગાનુસારીના ગુણોમાં માતાપિતાની ભક્તિ તથા પોષ્યવર્ગનું પોષણ કરવું, આવો ગુણ આવે છે, જે નરસિંહ મહેતાના જીવનમાં ખૂટે છે. હા, માબાપની ભક્તિ જ હોય તે કાંઇ પોષ્ય નથી. પોષ્ય તો જે આશ્રિત હોય તેનું પોષણ કરવાનું છે. માબાપ ભક્તિપાત્ર છે, દીકરા વગેરેનું પોષણ કરવાનું છે.

નરસિંહ મહેતાના ઘરમાં હાંડલાં ખખડતાં હોય છે. ખાવાપીવાનાં જરાપણ ઠેકાણાં નથી. છતાં આખો દિવસ ભક્તિ કરતા, ભજનો ગાતા ફરે; તથા ગામમાં પણ તેમની ફક્કડ ભગતની છાપ હતી. એક વખત તેમના ઘરે દીકરીનો લગ્નપ્રસંગ છે. જાન આવવાની છે. ઘરમાં લોટ, ઘી, તેલ કાંઇ નથી. શું કરવું ? માટે પત્ની કહે છે, તમે બજારમાં જઇને ઉધાર લઇ આવો. બહુ જ કહેવાથી તેઓ ગયા. પણ જેવા તેમને દૂરથી આવતા વેપારીઓએ જોયા એટલે કહેવા માંડ્યા કે મફતિયા આવ્યા. વગર કારણે શરમમાં પણ આપવું પડશે. આગળનું તો હજી આ ભગતે ચૂકવ્યું નથી. આ નવું પડાવવા આવ્યો છે. માટે ઘણા વેપારી પાછળથી ઘરે જતા રહ્યા, કોઇક બાજુની દુકાનમાં કામસર ચાલ્યા ગયા. ઘણાએ દરવાજા બંધ કર્યા.

ધર્મીની આવી છાપ વ્યવહારમાં હોય તે શું ઉચિત છે ? હા, સાધુ થાય તેની વાત જુદી છે. એક વખત સંસાર માંડ્યા પછી તેની શું જવાબદારી આવે ? આવી રીતની ભક્તિને ભક્તિ કહેવાય કે ઘેલછા કહેવાય ? સંસાર માંડ્યા પછી સંસારનાં કર્તવ્યો મૂકીને ધર્મ કરો તે વાજબી નથી. ધર્મીની સમાજમાં આવી આબરૂ હોય તો ધર્મ નિંદાય છે. વળી, મહેતા તો ઢેઢવાડે જઇને ભજનો ગાય. આ બધું માર્ગાનુસારીના ગુણોમાં આવે ?

**સભા :-** *બધા જીવ સમાન, સાહેબ.*

**સાહેબજી :-** જો એવું જ હોય તો પછી પ્રભુ આદિનાથે શું કામ જ્ઞાતિ-કુળની વ્યવસ્થા સ્થાપી ?

માટે ધર્મના નામથી અધર્મ કરાય નહીં અને આ બધા વ્યવહારથી અધર્મ જ થાય. ઘણા કહે છે કે ભગવાન મહાવીરે ક્રાંતિ કરી. એ કાળમાં જ્ઞાતિના નામથી સમાજમાં બધું બંધિયાર હતું, જે તેમણે છૂટું કર્યું. એટલે એનો મતલબ શું થયો કે ઋષભદેવ પ્રભુએ જે વ્યવસ્થા સ્થાપી હતી, તેને પ્રભુ મહાવીરે જડમૂળથી ઉખેડી નાખી. આવું બોલાતું હશે ? તમારે કંઈપણ કહેવું હોય તો પ્રામાણિકતાથી શાસ્ત્રના ક્વોટેશન સાથે બોલાય, પણ જૈનશાસનના નામથી એમ ને એમ મન ફાવે તેમ બોલે તે ચાલે ? હા, કદાચ કોઈ વ્યક્તિની માન્યતા હોય તો કહે, હું આમ માનું છું; પણ આવું બોલનાર સમજતા નથી કે આવી આશાતનાથી કેવાં ઘોર કર્મો બંધાય છે.

માર્ગાનુસારીના ગુણમાં પણ બતાવ્યું છે કે તમારાં સંતાનોના લગ્ન બાબતમાં પણ સમાન કુળ, સમાન જાતિ, ભિન્ન ગોત્રવાળા સાથે જ લગ્ન વ્યવહાર કરવો, નહીંતર દોષ લાગે. માટે બધે ઉચિત વિવેક આવશે. તેથી જે રીતની વ્યક્તિની કક્ષા હોય તે પ્રમાણે વ્યવહાર કરવાનો આવશે. અમે કાંઈ હીનગુણી દ્વેષથી નથી કહેતા. તમારી પાસે અધિકગુણી શું ? હીનગુણી શું ? તેનું બરાબર analysis (પૃથક્કરણ) જોઈએ.

જેમ મીરાંની ભક્તિનું વર્ણન આવે તો તમે ડોલવા લાગો ને ? પણ તે બરાબર નથી. તે તમારામાં અવિવેક સૂચવે છે. મીરાંમાં રહેલા ઉત્તમ ગુણોનો તો અમે પણ સ્વીકાર કરીએ છીએ. તેઓ રાણી હોવા છતાં સંસારના મોજશોખનો ત્યાગ કર્યો છે, વૈરાગ્યથી વિકારોને આજીવન તિલાંજલિ આપી છે. તેમનાં પ્રભુ પ્રત્યે સમર્પણ-ભક્તિ પણ અદ્‌ભુત છે. પરંતુ આટલું હોવા છતાં તેઓ જીવનમાં કેટલું ઓછું પામી શકે છે ? માટે આવા વિચારથી તમને તેમના તરફ કરુણાભાવ-અદ્વેષનો ભાવ આવવો જોઈએ, અને તેની સામે તમને થવું જોઈએ કે, હું કેટલો ભાગ્યશાળી છું, કે આવું અજોડ દેવ-ગુરુ-ધર્મતત્ત્વ મને મળ્યું છે ! જો મને આ જૈનશાસન ન મળ્યું હોત તો આવા પરમેશ્વર તત્ત્વની ઓળખ થાત નહીં. માટે હું કેટલો ભાગ્યશાળી છું ! આવો ભાવ આવવો જોઈએ.

મીરાંના ભક્તિગીતોમાં ઇશ્વરતત્ત્વનું વર્ણન આવે, જે વાસ્તવિક ઇશ્વરતત્ત્વ સાથે ક્યાંય મેચ થાય તેમ નથી. છતાં તેને ઇશ્વરતત્ત્વ માનીને ભજે તો તે તેમનો અવિવેક સૂચવે છે.

કોઇ ધર્મના ઇશ્વરનાં ચરિત્રો અમારે જાતે ચીતરવાનાં નથી; પણ ઇસુ ખ્રિસ્તની વાત તો બાઇબલમાંથી, મહમદ પયગંબરની વાત તો તેમના કુરાનમાંથી, શ્રીકૃષ્ણની વાત શ્રીમદ્ ભાગવતમાંથી વાંચેલી છે. આ બધાં મારી જાતે મેં તેમનાં શાસ્ત્રો વાંચ્યાં છે. ભાગવતમાં શ્રીકૃષ્ણનું ગોપીઓ સાથે જે આચરણ દર્શાવેલ છે, તેવું અત્યારે તમે જો કરો તો હું એમ માનું છું કે લોકો તમને જૂતાં મારે.

**સભા :-** *માટે કહે છે ને કે કૃષ્ણ કરે તે લીલા...*

**સાહેબજી :-** પરંતુ એ ન ચાલે. આવા ભક્તિભાવમાં પૂરો અવિવેક છે. આ બધું વર્ણન તેમના શાસ્ત્રોમાં જ છે. જેનામાં નિર્વિકારી પરમાત્મતત્ત્વને ઓળખવાનો વિવેક ન હોય તે સાચી ભક્તિ કઇ રીતે કરી શકે ?

વિવેકીને તો તરત જ થાય કે જે લીલા આપણામાં ન ઘટવી જોઇએ, તે ભગવાનમાં તો કઇ રીતે ઘટે ? જો એ ઘટતું હોય તો તે ઉત્કૃષ્ટ પરમાત્મતત્ત્વ કઇ રીતે કહી શકાય? માટે ગુણ-દોષનો વિવેક હોય તો જ સાચા તત્ત્વની ઉપાસના કરી શકાય છે. આવા કારણોથી જ અન્ય ધર્મના લોકો માર્ગ પામેલા નહીં હોવાના કારણે હીનગુણી કહેવાશે; પરંતુ તેમના પ્રત્યે અણગમો કે દ્વેષ રાખશો તો પાપ લાગશે. માટે ધર્મમાં અંગત રાગ-દ્વેષ ન જોઇએ, પરંતુ અહીં અદ્વેષ અને કરુણાભાવ જ જોઇએ; અને આ વાત ન સ્વીકારો તો પ્રણિધાન આવી શકશે નહીં. જેને આ વાત પ્રત્યે દ્વેષ છે, તેને જિનવચન પ્રત્યેનો દ્વેષ છે. અન્ય ધર્મમાં ગુણો છે પણ તેમની કક્ષા નીચી છે. મીરાંમાં ઘણા ગુણ છે, પણ સાચો માર્ગ નહીં પામેલાં હોવાના કારણે caliber(સ્તર) નીચું છે. છતાં આ અન્ય ધર્મના સદ્ગુણો જો ભગવાનની આજ્ઞા મુજબના હોય તો અમે પણ તેની અનુમોદના અવશ્ય કરીએ છીએ.

**સભા :-** *ચિત્તમાં કે મોઢેથી ?*

**સાહેબજી** :- અનુમોદના ચિત્તથી થાય, પ્રશંસા વાણીથી થાય. અહીં બંને યોગ્ય રીતે કરવાનાં છે. પ્રશંસા-અનુમોદના કોની કરાય ? કોની ન કરાય ? તેના ભેદ શું ? કરવા જેવાની પ્રશંસા-અનુમોદના ન કરીએ તો શું થાય ? ન કરવા જેવાની પ્રશંસા-અનુમોદના કરીએ તો શું થાય ? તેનું વિસ્તૃત વિવરણ 'ધર્મપરીક્ષા' નામના ગ્રંથમાં આપ્યું છે.

ઊંચી કક્ષા સાથે નીચી કક્ષાને ન જોડાય. એક બાજુ મીરાંને મૂકો, બીજી બાજુ મયણાને મૂકો તો આશાતના થાય. મયણાની ભક્તિ-વિવેક કેવો છે તે ખબર છે ? ખરેખર મયણા વિશિષ્ટ, ગીતાર્થ શ્રાવિકા છે, લાખોમાં ન મળે તેવી શ્રાવિકા છે. માટે ગમે તેની ગમે તેની સાથે તુલના થાય નહીં, નહીં તો આશાતનાનું પાપ લાગે.

# ૨૨

શ્રાવણ સુદ પૂનમ, તા. ૧૦-૮-૯૫, ગુરુવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જીવમાત્ર પ્રત્યે ઉચિત વિવેકને દર્શાવનારા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## મૈત્રીભાવ : પરહિતચિંતા મૈત્રી :

આમ તો જીવમાત્રની હિતચિંતા કરવી તે જ આ શાસનમાં તમામ શુભ ભાવોનું બીજસ્થાન છે. આ જગતમાં જેટલા પણ જીવો છે, તે બધા પ્રત્યે મૈત્રીભાવ કરવાની આ શાસન પ્રેરણા કરે છે. પરંતુ મૈત્રી એટલે શું ? બધા સાથે હળીમળીને રહેવું, લાગણી કરવી, ભેટી પડવું; તેનું નામ કાંઇ મૈત્રીભાવ નથી. જો મૈત્રીભાવનો આવો અર્થ હોય તો જેટલો બીજાનો પરિચય-સ્નેહ વધારે તેટલો મૈત્રીભાવ વધારે કહેવાય. અમે પરિવારને છોડ્યો એટલે અમારો મૈત્રીભાવ ઓછો અને તમે બધા સાથે મિત્રતાનો ભાવ કેળવો, એટલે કે જેટલું friend circle (મિત્રમંડળ) મોટું તેમ મૈત્રીભાવ વધારે, ખરું ને ? અમારે તો કોઇ ફ્રેન્ડસર્કલ નથી, માટે અમે મૈત્રીભાવ કરવા લાયક નથી એવું નક્કી થશે. તમે સામા જીવ પ્રત્યે રાગને-લાગણીને કેળવો તે મૈત્રી નથી, પરંતુ તેની હિતચિંતા કરવી તે મૈત્રી છે, તેવું શાસ્ત્ર કહે છે.

બીજા જીવોની હિતચિંતા કરવી એ જ મૈત્રી કહેવાય. આત્મિક અને ભૌતિક બેઉ રીતે હિતચિંતા કરવી એ મૈત્રી છે. એકલી ભૌતિક હિતચિંતા કરો તો મોહજન્ય મૈત્રી કહેવાય. મૈત્રી માટેનું ઉદ્‌ગમસ્થાન હિતચિંતા જોઇએ, પછી ભલે કોઇના પર ગુસ્સો આવે, પણ તે જો તેની હિતચિંતામાંથી જન્મ્યો હોય તો તે મૈત્રી છે; અને તમને લાગણી ઊભરાતી હોય, પણ જો તેમાં તેની હિતચિંતા ન હોય તો તે મૈત્રી ન કહેવાય. ઘણા કહે છે કે ક્રોધ આવે તો મૈત્રી ચાલી જાય. પરંતુ શિષ્યનું જો અહિત થતું હોય તો ગુરુ ગુસ્સો કરે, ત્યારે શું તેમનો મૈત્રીભાવ ચાલ્યો ગયો ? ઊલટું, તેના તરફ મૈત્રીભાવ છે, માટે ગુસ્સો આવ્યો છે.

મૈત્રીભાવ જીવમાત્ર પ્રત્યે કરવાનો છે. બીજા કોઈ ભાવ જીવમાત્ર પ્રત્યે કરવાના નથી. દયા પણ જીવમાત્ર પ્રત્યે કરવાની નથી. દયા દુઃખી જીવ પ્રત્યે જ કરવાની છે. તમારાથી હલકાની દયા હોય. કરુણા પણ જીવમાત્ર પ્રત્યે કરવાની નથી. પરોપકાર પણ જીવમાત્ર પ્રત્યે કરવાનો નથી. જીવ જે ભાવને યોગ્ય હોય તે રીતે જ તેના પ્રત્યે તે તે ઉચિત ભાવ કરવાનો છે, પરંતુ મૈત્રીભાવ સર્વજીવવ્યાપી છે. મૈત્રીભાવ પ્રત્યેક જીવ પ્રત્યે કરવાનો છે. કરુણા, માધ્યસ્થ, પ્રમોદ અમુક ચોક્કસ ઠેકાણે જ કરાય; પણ મૈત્રીભાવ બધે કરાય છે. માટે મૈત્રીનો અર્થ બરાબર સમજવાનો છે.

**જો જીવ પ્રત્યે હિતની દૃષ્ટિ ન હોય અને રાગ કરો તો તે મૈત્રી નથી. તેમ જો જીવ પ્રત્યે હિતની દૃષ્ટિ હોય અને દ્વેષ કરો તો પણ મૈત્રીભાવ કહેવાય.**

ઘણા આપણે ત્યાં મૈત્રીનો અર્થ પ્રેમ કરે છે. તેઓ માને છે, જેટલો તમે જગતના જીવો સાથે પ્રેમ કેળવો, તેટલો મૈત્રીભાવ વિશેષ કહેવાય. એટલે જ્યાં પ્રેમ છે ત્યાં મૈત્રીભાવ કહેવાશે, આવું ઘણા માને છે. પણ તમને દીકરા માટે મરી ફીટો તેવું વાત્સલ્ય હોય, પણ તેની હિતચિંતા ન હોય, તો તે મોહ-મમતા કહેવાય, અમૈત્રી કહેવાય. પરંતુ આપણે તો જીવમાત્ર પ્રત્યે પ્રેમ નહીં પણ મૈત્રીભાવ કેળવવાનો છે.

## મૈત્રીભાવ કેળવવા પ્રારંભિક મનોભાવઃ હીનગુણઅદ્વેષ :

આ મૈત્રીભાવ કેળવવા માટે પ્રારંભિક મનોભાવ હીનગુણઅદ્વેષ છે. આત્મામાં પોતાના દોષ કે ખામીને જીરવાની અદ્ભુત શક્તિ છે. આપણા દોષ ખામીને આપણે ગંભીરતાથી પચાવી જાણીએ છીએ, જ્યારે બીજાના દોષ કે ખામી પ્રત્યે અસહિષ્ણુતાની દૃષ્ટિ હોય છે. જેમ કે કોઈ વ્યક્તિના દોષ કે ખામી જોયા પછી તમે તેની બે ચાર ઠેકાણે વાત ન કરો ત્યાં સુધી તમને ચેન ન પડે, અને જાણો ત્યારે પણ તરત જ માનસિક અસર થાય; ઉપરાંત જ્યારે તેને ખુલ્લા કરો ત્યારે જ ધરપત થાય.

અત્યારે ગુરુ પાસે પોતાના દોષોની આલોચના લેનાર કેટલા ? જેમણે નથી લીધી તેમણે તો પોતાના ગુપ્ત દોષોને સદ્ગુરુ પાસે પણ જાહેર નથી કર્યા, એટલે તેમણે પોતાનાં પાપોને પચાવી જાણ્યાં છે.

**સભા :-** *તેને ગંભીરતા કહેવાય ને ?*

**સાહેબજી :-** ગંભીરતા આવી હોય ? આ તો નિગૂઢતા અને માયા છે. પોતાના

ભારે દોષ મરતાં સુધી પણ મોંમાં ન આવે, જ્યારે બીજાના દોષો તો ઓક્યા વગર ન રહેવાય. જીવની આ દુષ્ટ ખાસિયત છે, મલિન સ્વભાવ છે.

**બીજાના દોષને પચાવવા, તેનામાં દોષ જોવા છતાં તેના ગુણની કદર કરવી તે જ હીનગુણઅદ્વેષ છે.** આપણી ખામી જાણીએ છતાં આપણામાં જે ગુણ છે તેનો અહંકાર થાય છે. પોતાનામાં દોષો હોવા છતાં આપણે પચાવી જાણીએ છીએ, વળી આપણા ગુણની કદર વગર જરૂરે પણ આપણે જાતે કરીએ છીએ. માટે દરેક જગ્યાએ મૂલ્યાંકનદષ્ટિ તટસ્થ જોઈએ, જે આપણામાં નથી. જે જાત માટેનાં કાટલાં છે તે જ બીજા માટે જોઈએ; પરંતુ અત્યારે આંતરિક પ્રામાણિકતા નથી. બીજાની ખામી જોયા પછી તેનામાં જે સારું પાસું છે તેને તમે જોઈ શકો તો ગુણોની કદર અને અનુરાગ કરવાને તમે લાયક છો. પરંતુ તમારા સ્વભાવથી વિરુદ્ધ વિચારવાળા હોય તો તમને તરત જ અણગમો થાય, તમે જેને સારું માનો તેવું જો બીજો વર્તન ન કરે તો તરત જ અરુચિ થાય; કહેશો, કાંઈ કસ નથી, તેના માટે તરત હલકો અભિપ્રાય બંધાઈ જાય છે; આવી પ્રકૃતિવાળા જીવોનું હૃદય એવું છે કે તે બીજાના દોષોનો તટસ્થતાથી સ્વીકાર કરી, તેના છતા ગુણની કદર કરી શકે તેમ નથી.

પોતે જે ધર્મ માને છે, જે રીતે પ્રતિક્રમણ-સામાયિક કરે છે, તપ-ત્યાગ કરે છે, તત્ત્વ જાણે છે, દયા-દાન કરે છે અને બીજા જો તે કક્ષાનું નથી કરતા; તો તેને લાગશે, ખરેખર આ જીવમાં કાંઈ કસ નથી. જે વિધિ પોતે જાળવે તે બીજા ન જાળવે તો તરત જ અરુચિ થાય. પોતે નવ અંગે બરાબર પૂજા કરે, અને બીજો જો તે રીતે કદાચ જાણકારી ન હોવાના કારણે, કે ઉતાવળને કારણે, બરાબર ન કરે, તો તે વખતે તમારી શું સ્થિતિ થાય ? "પૂજા કરવા આવે છે પણ પૂજા કેમ કરવી તેનું પણ ભાન નથી, આવા લોકોને કડક થઈને કહેવા જેવું છે," આવું થાય તો તમે અતિશય અસહિષ્ણુ છો.

આવી તો નાની નાની અજયણા ઘણી થતી હોય છે. આમ પાછી, પોતે બીજી કેટલીય અજયણા સેવતો હોય. પણ તેને તો બીજાની જ ખામી દેખાશે. સાધુપણામાં પણ અમને આવા ભાવ ન આવવા જોઈએ.

અમારે કોઈ દોષને સારો નથી કહેવો. અમે તેનો બચાવ પણ નથી કરતા. પરંતુ સામી વ્યક્તિમાં જે ગુણ છે તેનું યોગ્ય મૂલ્યાંકન તો કરવું જ પડશે. તેના દોષ તરફ નજર જતાં તે ગુણ દબાઈ તો ન જ જવા જોઈએ. તો જ તમે તેના ધર્મની કદર કરી શકશો, નહીંતર ધર્મી જીવની ઉપેક્ષા કરનારને તેનાથી કેવું પાપ બંધાશે ? ધર્મની

ઉપેક્ષા કરવાથી ભવાંતરમાં તમને ધર્મ ન મળે. કોઇના પણ ગુણ-સદાચારની ઉપેક્ષા કરવી તે દેવ-ગુરુ-ધર્મની જ ઉપેક્ષા થઇ. તેનાથી ધર્મ કે ધર્મની સામગ્રી ભવાંતરમાં ન મળે, જેનાથી આપણા આત્માને ભાવિમાં કલ્યાણ કરવા માટેના દરવાજા બંધ થઇ જાય છે. હિંસા-ચોરીથી જે પાપ બંધાય, તેના કરતા આનાથી પાપ ભારે બંધાય છે. ધર્મ કરવા આવનાર વર્ગને અન્ય ધર્મીની નિંદા કરવાના ભાવને કારણે શું થાય ? ધર્મ કરવા છતાં ભવાંતરમાં ધર્મ કે ધર્મની સામગ્રી ન મળે એવું પાપ બંધાય, બોધિ દુર્લભ થાય, સમકિત કે સમકિતનો માર્ગ મળવો દુર્લભ થઇ જાય.

ધર્મ કરનાર જીવને પ્રણિધાન પામવું હોય તો જેમ ધ્યેયનો સંકલ્પ જોઇએ, તેમ તેનામાં તેનો એક નંબરનો વિરોધી હોય, છતાં તે ગુણિયલ હોય તો, તેના ગુણની કદર કરી શકે તેવી ઉદારતા જોઇએ. તમને જેની સાથે મેળ છે તેની કદર કરવી સહેલી છે, પણ તમારે જેની સાથે મતભેદ, વિરોધ છે-વિરોધ ભલે સાંસારિક કે ભૌતિક હોય-તેવી વ્યક્તિના ગુણની વાત આવે તો, તમારામાં તેને સાંભળવાની, પ્રસંગે યોગ્ય મૂલ્યાંકન કરી તેની અનુમોદના-બહુમાન કરી શકવાની ઉદારતા જોઇએ, તો જ પ્રણિધાન આવે.

**પ્રણિધાન પામેલો જીવ ગમે ત્યાં જાય તો પણ તેને ગુણની અનુમોદના હોવાના કારણે પુણ્યાનુબંધીપુણ્ય બંધાય છે. કારણ, જેટલા પણ જીવો અધ્યાત્મના ગુણો પામેલા છે, મોક્ષમાર્ગને પામેલા છે, તેવા જીવો પ્રત્યે તેના અંતરમાં બહુમાન પડ્યું છે. પરંતુ આ કરવા માટે આખા હૃદયનું પરિવર્તન કરવું પડે.**

## દુશ્મનના ગુણો પ્રત્યે પણ કદરદિલ કુમારપાળ :

આ સમજવા માટે એક દૃષ્ટાંત છે કુમારપાળનું. આ દૃષ્ટાંત ધર્મદૃષ્ટિએ નથી પણ વ્યાવહારિક દૃષ્ટિએ છે.

સિદ્ધરાજ અને કુમારપાળને પૂર્વભવનું વેર ચાલ્યું આવે છે. પૂર્વભવમાં પરસ્પર કટ્ટર દુશ્મન છે. એકબીજાને મારવા તૈયાર થાય તેવી સ્થિતિ હતી. એકબીજાને બરબાદ કરવામાં બાકી નથી રાખ્યું. આ ભવમાં સિદ્ધરાજ મૂળરાજના વંશની આઠમી પેઢીએ આવે છે. હવે સિદ્ધરાજને એકે સંતાન નહોતું, માટે તેણે સારા જ્યોતિષીને પૂછ્યું કે "મારા પછી ઉત્તરાધિકારી કોણ થશે ? જે ગુજરાતનો સમ્રાટ થશે ?" જ્યોતિષીએ અંગનાં લક્ષણો જોઇને કહ્યું કે "કુમારપાળ રાજા થશે." તે સિદ્ધરાજના કાકાનો દીકરાનો

દીકરો છે, છતાં આ વાત સાંભળીને આગલા ભવના વેરના કારણે તેને અંદર લાય લાગી, દ્વેષ આવ્યો છે. આ ભવમાં કુમારપાળે તેનું કાંઇ બગાડ્યું નથી. છતાં પણ આટલો દ્વેષ થયો છે. તેથી તેને જેની સાથે દૂરનો સંબંધ છે તેવી વ્યક્તિ પકડી લાવીને તેને સામ્રાજ્ય સોંપવાની તૈયારી કરે છે, અને ફરમાન કરે છે કે કુમારપાળને હાજર કરી શૂળીએ ચઢાવી દો. પરંતુ કુમારપાળનું પુણ્ય હોવાના કારણે તેઓ છટકી ગયા. છતાં સિદ્ધરાજના હાથમાં સત્તાનાં સૂત્રો હોવાના કારણે ૧૫-૧૫ વર્ષ સુધી સતાવવામાં કાંઇ બાકી નથી રાખ્યું. કુમારપાળને નથી ખાવાનાં ઠેકાણાં, નથી પીવાનાં ઠેકાણાં, ત્રણ ત્રણ દિવસ સુધી લાંઘણો થઇ છે અને પારણામાં ચણા માગી લાવીને પારણું કર્યું છે. જેનાથી આટલું વીત્યું હોય તેના પ્રત્યે કેવો દ્વેષ હોય ? ૫૦ વર્ષની ઉંમર સુધી તેમને દુઃખ પડ્યું છે. ઘણી વખત આપઘાતના વિચારો પણ કર્યા છે. પરંતુ રાજ્ય મળ્યા પછી પૂ.હેમચંદ્રસૂરિ મળવાથી ધર્મને પામ્યા છે. પુણ્ય તપતું હોવાના કારણે રાજ્ય ખૂબ વિસ્તાર્યું છે.

હવે એક વખત રાજસભામાં જાહેરમાં તેમના મંત્રી, જે પરમ શ્રાવક, અનુભવી, વયોવૃદ્ધ છે, જેમનું નામ ઉદયનમંત્રી છે, તેમને પૂછ્યું કે "મારા અને સિદ્ધરાજ વચ્ચે શું તફાવત છે ?" આ મંત્રીએ બન્ને પેઢી જોઇ છે, બન્ને રાજા સાથે ઘનિષ્ઠ પરિચય છે. તેઓ પવિત્ર અને રાજ્યને વફાદાર છે. તેમને જાહેરમાં પૂછ્યું છે કે બન્નેમાં શું વિશેષતા કે શું ખામી છે ? આખી સભાને થયું છે, ઉદયનમંત્રી શું જવાબ આપશે? ઉદયનમંત્રી સાત્ત્વિક શ્રાવક છે. ફરજ પ્રમાણે રાજકાજ કરે પણ ખોટી ચાપલૂસી કરે તેવા નથી. તેથી તેઓ કહે છે, "તમારામાં ૯૮ દોષ અને ૨ ગુણ છે, જ્યારે સિદ્ધરાજમાં ૯૮ ગુણ અને ૨ દોષ હતા."

જાહેરમાં પોતાના દુશ્મનનાં વખાણ સાંભળવાનાં છે. તમને તમારા દુશ્મનનાં આવાં વખાણ જાહેરમાં સાંભળવાનાં આવે તો તમે સાંભળી શકો ખરા ? વખાણ કરનાર માટે પણ અરુચિ થાય ને ? હવે આવા સ્વભાવવાળા પ્રણિધાનને પામી શકે ખરા ? જે તમારો વિરોધી છે, તેની તરફ જો તમને પૂરેપૂરો અભાવ છે, તો તેના સમગ્ર વ્યક્તિત્વ પ્રત્યે તમને અરુચિ આવી; એટલે તેના ગુણ પ્રત્યે પણ અરુચિ થઇ અને ગુણ અને ધર્મને અભેદ છે, માટે તમને તેના ધર્મ પ્રત્યે પણ અરુચિ થઇ; અને ધર્મ એટલે શું ? **જગતના જીવોમાં રહેલા આધ્યાત્મિક ગુણો તે જ ધર્મ છે.** માટે અધ્યાત્મના ગુણો પ્રત્યે તમને દ્વેષ થયો, એટલે અંતે ધર્મ પ્રત્યે જ દ્વેષ થયો. વળી જે ગુણની

અરુચિ થઇ તે ગુણના વિરોધી અંતરાય બંધાય. તેથી ભવિષ્યમાં તે ગુણો ન પામી શકો, પામવાની ઇચ્છા પણ ન થાય, સામગ્રી જ ન મળે. જેથી તમારા વિકાસમાં આડખીલી ઊભી થાય.

આખું જગત લગભગ આવા ભાવોથી પીડાય છે. પ્રણિધાન પામેલા જીવો બહુ ઓછા છે. જેનો ભાવપૂર્વકનો ધર્મ હોય તેવા જીવો ઘણા જ ઓછા છે. વળી જેનામાં ભાવપૂર્વકનો ધર્મ નથી, તેનો ધર્મ મોક્ષનું સાધન નથી બનતો. માટે ભૂતકાળમાં આપણે જ આટલો ધર્મ કર્યો છતાં મોક્ષ થયો નથી. કારણ આ જ કડી ખૂટતી હતી.

જ્યારે ઉદયનમંત્રીએ બેધડક સત્ય કહ્યું, ત્યારે તે વાત સાંભળીને કુમારપાળ જરાપણ અણગમા વગર ખુલાસો પૂછે છે કે "મારામાં કયા દોષ છે અને કયા ગુણ છે ? અને સિદ્ધરાજમાં કયા દોષ અને કયા ગુણ હતા ?" મહાશ્રાવક ઉદયનમંત્રીને સિદ્ધરાજ કરતાં કુમારપાળ માટે વધારે સદ્‌ભાવ છે. વળી સિદ્ધરાજ પણ કાંઇ નાસ્તિક, ધર્મશૂન્ય નહોતા. તે પણ પાપ-પુણ્ય-પરલોક માનતા હતા. સિદ્ધરાજ પૂ.હેમચંદ્રસૂરિને પોતાની રાજસભામાં માનભેર બોલાવતા અને તેમનો ઉપદેશ-પ્રેરણા પણ ઝીલતા હતા. ગુરુ તરીકે મહેલમાં પધરામણી કરાવી છે અને ત્યારે તેમની અહોભાવથી આરતી પણ ઉતારી છે. છતાં ધર્મની દૃષ્ટિએ સ્ટેજ કુમારપાળનું ઊંચું છે. તે વખતે મંત્રી કહે છે, સિદ્ધરાજની પ્રકૃતિ અને તમારી પ્રકૃતિને કોઇ મેળ ખાય તેમ નથી. સિદ્ધરાજની ઉદારતા પાસે તમે કૃપણ છો. તેમની ગંભીરતા, સેવકો પ્રત્યે મારાપણાનો ભાવ, ખેલદિલી આદિ ગુણો તમારા કરતાં શ્રેષ્ઠ હતા. આ બધા ગુણો હોવા છતાં તેમનામાં મોટા બે દોષો હતા : (૧) યુદ્ધમાં શૌર્ય નહોતું જે ક્ષત્રિયમાં જોઇએ, અને (૨) પરસ્ત્રી પ્રત્યે સદાચાર નહોતો. જ્યારે આ જ બે ગુણ જે મહત્ત્વના છે, તે તમારામાં છે. તમે એકલવીર છો અને પરસ્ત્રીસહોદર છો. ઉદયનમંત્રીએ આ રીતે પોતાના દોષો અંગે કુમારપાળનું ધ્યાન દોર્યું માટે તેઓ ખૂબ રાજી થયા છે. દુશ્મનના ગુણોનો પણ વિચાર કરે તેવી પ્રકૃતિ છે. આવી વ્યક્તિ જો ધર્મ કરવા આવે તો પ્રણિધાન ઝટ પામી જાય, પણ જે અસહિષ્ણુ છે તેને અદ્વેષ કેળવવો મુશ્કેલ પડે. વ્યવહારમાં કહેવાય છે કે ઉદાર-ખેલદિલ હોય તેવાની દુશ્મનાવટ પણ ખરાબ નથી, કારણ સાચા-સારા ગુણોની કદર તેનામાં હોય છે.

## યુદ્ધમાં સામસામી છાવણીમાં યુધિષ્ઠિર અને ભીષ્મની મહાનુભાવતા :

રામાયણ-મહાભારતમાં પણ આવાં પાત્રો ઘણાં છે. જ્યારે મહાભારતનું યુદ્ધ રચાયું ત્યારે યુદ્ધમેદાનની વાત છે. એક બાજુ કૌરવનું લશ્કર, એક બાજુ પાંડવનું લશ્કર છે. ઝનૂન સાથે લડવાની તૈયારી છે. બંને પક્ષે શંખનાદ થઇ રહ્યા છે. તે વખતે યુધિષ્ઠિર રથમાંથી નીચે ઊતરે છે. સાથે અર્જુન, ભીમ બધા પાછળ ચાલે છે. યુધિષ્ઠિર સામેના લશ્કરની હરોળમાં ભીષ્મ પિતામહને ત્રણ પ્રદક્ષિણા આપી વિનયથી હાથ જોડી યુદ્ધ કરતાં પહેલાં આશીર્વાદ લેવા આવ્યા છે. ભીષ્મ પિતામહ કૌરવોના પક્ષે છે. વળી તે હોય ત્યાં સુધી પાંડવો કૌરવોને મહાત કરી શકે તેમ નથી. **ભીષ્મ પિતામહ સમ્યગ્દષ્ટિ, બારવ્રતધારી શ્રાવક છે, પાંચમા ગુણસ્થાનકે છે.**

**સભા :-** *તો પછી કૌરવોના પક્ષે કેમ છે ?*

**સાહેબજી :-** મહાપુરુષોનાં પાત્રોને સમજવા પણ લેવલ ઊંચું જોઇશે. ભીષ્મ પિતામહ દાક્ષિણ્યતા ગુણના કારણે કૌરવોના પક્ષે રહ્યા છે. તમને તો આ ગુણ શું છે, તે જ ખબર ન હોવાના કારણે તેને કેળવવાની તો વાત જ ક્યાં રહે ? ભીષ્મને નમાલા કહીએ તો તેમની આશાતના થાય. તેઓ મહાધર્મિષ્ઠ છે. જિંદગીમાં સાચી વાત કહેવામાં કદી પાછી પાની કરી નથી. તેઓ પ્રચંડ સત્ત્વવાળા છે. તેમણે બધે સાચી સલાહ જ આપી છે. કુટુંબમાં કોઇના માટે પણ અહિતકારી ભાવ કર્યો નથી.

તેમને sense of obligation(કૃતજ્ઞતા-દાક્ષિણ્યતા)ના કારણે હું કઇ રીતે દુર્યોધનને સહાયની ના પાડું ? એમ થયું છે. તેણે તેમની ખૂબ જ ભક્તિ-વિનય કર્યાં છે. જેમ તમારા માટે કોઇએ જબરો ભોગ આપ્યો હોય તો તેની વિનંતીને ઠુકરાવતાં દિલ ચાલે ? તેથી ભીષ્મ પિતામહ કૌરવોના પક્ષે રહ્યા છે, પણ દુર્યોધનને સલાહ આપીને કહ્યું કે તું ખોટા ઉન્માર્ગ પર જઇ રહ્યો છે, નીતિને ભૂલી રહ્યો છે એમ ઠપકો આપે છે. જ્યારે યુધિષ્ઠિર પગે લાગી આશીર્વાદ લેવા આવ્યા છે- વિચારજો, યુધિષ્ઠિર જેમની સાથે લડવાનું છે તેમના પગે પડીને આશીર્વાદ લેવા આવ્યા છે. માટે આ બધાનાં હૃદય જ જુદાં હોય- ત્યારે ભીષ્મ પિતામહ કહે છે કે, તમને પાંચેયને આશીર્વાદ આપું છું કે તમારા પક્ષે સત્ય છે, નીતિ છે, તેથી તમારો વિજય થાઓ. તેઓનો વિજય એટલે તેમનો પરાજય ને ? અને ખબર છે કે તેમના મૃત્યુ પછી જ પરાજય થાય, છતાં તેની ચિંતા કર્યા વગર આવા આશીર્વાદ આપ્યા છે.

તેમ ભરતચક્રવર્તી અને બાહુબલિજી ૧૨ વર્ષ લડ્યા છે. ઘણાને એમ થાય કે આવા જીવો આટલું લડ્યા તો અમને લડવામાં શું વાંધો ? પરંતુ હું પૂછું છું કે તમારા ઘરમાં મહાભારત પણ સર્જવાની તમારી ત્રેવડ નથી. મહાભારતનાં પાત્રોને અનુરૂપ એક પાત્ર પણ તમારા ઘરમાં છે ? આ બધાં વિશિષ્ટ પાત્રો છે, જેનું કેલિબર ઘણું ઊંચું છે.

## "સિંહનો બચ્ચો સિંહ જ હોય" :

ભરતચક્રવર્તીના દૂતે બાહુબલિજીને કહ્યું કે તેઓ તમારા મોટાભાઈ છે. વળી, આખી દુનિયા તેમની આજ્ઞા માને છે. બીજું લોકમાં પણ મોટાભાઈને નમવું તે તો વિનય કર્યો કહેવાય. ત્યારે બાહુબલિજી જવાબ આપે છે, "જે નમ્યા તે બધા સત્તાના ભિખારી છે. હું કાંઈ સત્તાનો ભિખારી નથી. બાપાએ આપેલા રાજ્ય કરતાં એક તણખલું પણ મારે વધારે જોઈતું નથી, અને જો જોઈશે તો મારાં બાવડાંમાં આખી દુનિયા જીતવાની તાકાત છે. પણ સત્તાને ખાતર તો કોઈની દાઢીમાં હાથ નાખવાનો નથી." હવે જેને આખી દુનિયા માને છે, તે ભરત આવો જવાબ સાંભળી શકે ખરો? છતાં કહે છે "મારો ભાઈ, ઋષભદેવનો પુત્ર, આના સિવાય બીજો શું જવાબ આપે? સિંહનો બચ્ચો સિંહ જ હોય, નહીંતર તે નમાલો કહેવાય." આ યુદ્ધ બાર વર્ષ ચાલ્યું છે. લડતી વખતે પણ તેઓ પરસ્પર ગુણની કદર કરે છે. ધર્મી બનવું એટલે રમત વાત નથી. ધર્મીનું દિલ જગતના દિલ કરતાં જુદું જ હોય. ધર્મીનું દિલ અવસરે જ પરખાય. તમે કુટુંબમાં સગાભાઈની ભૂલ પણ પ્રસંગે જતી કરી શકો ખરા ? કે તેને દાઢમાં જ રાખો ? આવી પ્રકૃતિવાળા ધર્મ પામી પણ ન શકે અને ધર્મ પમાડી પણ ન શકે.

આ લોકોના જીવનમાં જેટલો આરંભ-સમારંભ હતો, તેટલો તમારા જીવનમાં નથી; છતાં તમારાં ચરિત્રો મહાપુરુષોએ ન લખ્યાં અને તેમનાં લખ્યાં, પ્રસંગે એમનામાં રહેલા ગુણોની કદર કરી. કારણ, જે વ્યક્તિમાં જે રીતના ગુણ હોય તે રીતે તેને ન્યાય આપી શકે તેવી તેમનામાં ઉદારતા છે. માટે આ બધાનાં ચરિત્રો આદર્શ ચરિત્રો છે. તેમાંથી ઉપાદેય વાતો અપનાવી જીવનમાં પ્રેરણા લેવાની છે. ધર્મ સત્‌ની પ્રેરણા કરે છે, સત્યમાંથી ખસવાની વાત કરતો નથી. હીનગુણઅદ્વેષીનું દિલ કેવું જોઈએ તે મહાપુરુષોના જીવન પ્રસંગોમાંથી વિચારો તો ખબર પડે કે કેટલી ઉદારતા જોઈએ, હૃદયો કેટલાં વિશાળ બનાવવાં પડે.

તેવી જ રીતે મયણા-શ્રીપાળનું ચરિત્ર પણ કેવું છે ! શ્રીપાળે પોતાના દુશ્મન સાથે કેવો ઉદાર વ્યવહાર કર્યો છે ! તે ગુણગ્રાહી છે, માટે અજિતસેને તેમના પર આટલું વિતાવ્યા છતાં પણ શ્રીપાળ તેમને જીત્યા પછી શું કહે છે ? "કાકાજી, યુદ્ધમાં હાર્યા છતાં તમે શૌર્યથી લડ્યા છો, માટે તમારામાં ક્ષત્રિયયોગ્ય પરાક્રમ હોવાથી જાત માટે હીનભાવ કરતા નહીં." વિચારજો, વિરોધી પ્રત્યે ભાવ કેવો છે ! આ ધર્મ પામ્યાની નિશાની છે.

અન્ય ધર્મમાં ઘણી વાતો ખોટી છે પરંતુ આ ખોટી વાતોને અપનાવનારા અનુયાયીમાં પણ જો અધ્યાત્મના ગુણ હોય તો તેની કદર કરવાની છે. પ્રણિધાનયુક્ત આત્મા તમામ ગુણોનો અભિલાષી હોય. આ વાત તેણે પોતાના સંકલ્પમાં વણી લેવાની છે. હીનગુણઅદ્વેષીને તમામ ગુણોનો રાગ હૃદયમાં કેળવવો જ પડે. તેને આ પામ્યા સિવાય છૂટકો નથી.

## ગુણાનુરાગમાં પણ ઘેલછાનો ત્યાગ :

પરંતુ અમારે એમ પણ નથી કહેવું કે ગુણાનુરાગ ઘેલા થઈને કરો. તમે કહેશો કે બધાને સારા જ માનવા, કોઈના દોષ જોવા નહીં, દ્વેષ કરવો જ નહીં, વિરોધ કે મતભેદ રાખવો નહીં; હવે જે આવું કરે છે તે પણ ધર્મનો વિવેક ચૂકી જાય છે. ખોટું હોય તેને ખોટું માનવું જ પડે, ખોટું કહેવું જ પડે અને જે ખોટું આચરતો હોય તેનો વિરોધ કરવો જ પડે. સન્માર્ગના વિરોધી પ્રત્યે દ્વેષ થવો જ જોઈએ અને જો દ્વેષ ન થાય તો તમે શાસનને પામીને પણ હારી જશો.

**સભા :-** *સન્માર્ગના વિરોધીઓની ચડતી થાય ત્યારે શું વિચારવું ?*

**સાહેબજી :-** દુનિયામાં જે પણ સાચા માર્ગને નુકસાન પહોંચાડે છે, તે આત્માની જેટલી ચઢતી થાય તેટલું તેની જાતને નુકસાન છે અને જગતને પણ નુકસાન છે. જેટલા ધર્મના વિરોધી માણસો છે, નાસ્તિક છે, તેવા લોકો ધર્મની વાત આવે એટલે કાતર લઈને ઊભા રહે. માટે આવા જીવોને બુદ્ધિ-પુણ્ય જેટલું વધારે મળે, તેટલું તેને પોતાના આત્માને અને જગતને બન્નેને મહાનુકસાન છે. આવા જીવો પ્રત્યે ઈર્ષ્યાભાવ આવવો જ જોઈએ.

**સભા :-** *ઈર્ષ્યા એટલે ?*

**સાહેબજી :-** જેમ કે કોઈની ઉન્નતિ જોઈને મનમાં રાજી થાય અને આનંદની

લાગણી થાય તે પ્રમોદ ગુણ છે, પરંતુ કોઇની ઉન્નતિ જોઇને રાજી ન થાઓ અને અવનતિ ઇચ્છો તેનું નામ ઈર્ષ્યા છે. તમારો કોઇ વેપારી તમારાથી આગળ નીકળી જાય તો તમને શું થાય ? અને પછી ખબર પડે કે આટલું કમાતો હતો તેમાં ૨૫ લાખ ખોયા, તો શું ભાવ આવે ?

**સભા :-** *મત્સર એટલે આ જ ભાવ આવે ને ?*

**સાહેબજી :-** ઈર્ષ્યા અવનતિ ઇચ્છે છે, જ્યારે ઉન્નતિની અસહિષ્ણુતાનો ભાવ તે મત્સરભાવ છે. ધર્માત્માને ધર્મ વિરોધીનો ઉત્કર્ષ સહન થવો જોઇએ નહીં. જો દેવ-ગુરુ-ધર્મનો તમારા દિલમાં સાચો રાગ હોય તો આવા ધર્મ વિરોધી જીવોનો ઉત્કર્ષ જોઇને પેટમાં તેલ રેડાવું જોઇએ. ઘણા કહેશે દ્વેષ કરાતો હશે ? પણ બધે દ્વેષ કરવાનો નથી. અંગત દુશ્મન પ્રત્યે પણ મૈત્રી-ઉદારતા દાખવવાની છે; માત્ર જે શાસનના દ્વેષી છે, ધર્મના દ્વેષી છે, તેમના પ્રત્યે તો દ્વેષ થવો જ જોઇએ, નહીંતર તમારો ગુણાનુરાગ કાચો છે. ઘણા કહે, દ્વેષ કરાય જ નહીં; કરો તો ખરાબ જ કહેવાય. પણ આપણે ત્યાં મહાપુરુષોએ પણ દ્વેષ કર્યો છે; જેઓ શાસનના વિરોધી હતા તેમના પ્રત્યે દ્વેષ કર્યો છે.

નમુચી પર વિષ્ણુકુમારને કેવો ગુસ્સો આવ્યો છે ? જાનથી મારી નાખ્યો છે, ક્રોધથી જ આવી પ્રવૃત્તિ કરી છે; માટે ત્યાં ઈર્ષ્યા-દ્વેષ કરે તો ઉચિત છે. તેથી અદ્વેષના નામથી ઘેલા બનવાની વાત નથી. ઘણા કહે, નાસ્તિક વ્યક્તિનું પણ સારું જોવું, ખરાબ જોવું નહીં. પણ આવી આજ્ઞા ભગવાનની નથી અને જો આવું માનશો તો સમકિત અટકી જશે. સમકિત તો ગુણ અને દોષનો વિવેક માગે છે. ગુણ અને દોષની બરાબર પરખ જોઇએ. જે ગમે તેવા ગુણથી લેવાઇ જાય છે, તે અવિવેકી છે.

ઘણા જૈનો કહે છે કે આપણા ધર્મમાં ડિસિપ્લીન નથી. ચર્ચમાં કેવી શાંતિ હોય છે ! મુસલમાનો પણ નમાજ પઢે ત્યારે બધા શિસ્તબદ્ધ હોય છે. એટલે આ રીતે તેમનાં વખાણ કરીને જૈનધર્મનું devaluation(અવમૂલ્યન) કરે છે. તેનાથી તેમને ઘોર પાપ બંધાય. ઘણા પશ્ચિમના દેશોમાં જઇને આવે પછી કહે, ત્યાં ઊંચી discipline(શિસ્ત) છે, ઊંચી morality (નૈતિકતા) છે, આપણે ત્યાં તો બધા અનાડી પેદા થયા છે. આ રીતે જેને મોક્ષમાર્ગ કે અધ્યાત્મ સાથે લેવાદેવા નથી, તેવાના સામાન્ય ગુણથી પણ લેવાઇ જાઓ છો. આ કાંઇ ગુણની અનુમોદના નથી, પણ ગુણની ઘેલછા છે.

**સભા :-** *બધા સંતને સારા માની પૂજવા લાયક મનાય ને ?*

**સાહેબજી :-** તમે બધાને સારા કઈ દૃષ્ટિએ કહો છો ?

**સભા :-** *જૈનની દૃષ્ટિએ જૈનધર્મના બધા સાધુ સારા.*

**સાહેબજી :-** જૈન દૃષ્ટિએ બધા જૈન સાધુ સારા, એટલે બીજા ધર્મના સારા સાધુ પણ નકામા થયા. આ તમારો approach(અભિગમ) કેવો છે ? મારા ધર્મનો સાધુ ગમે તેવો લેભાગુ હોય તો પણ તે સારો, કારણ, મારા ધર્મનો સાધુ છે માટે; અને અન્ય ધર્મનો સારો સંત પણ તમારી દૃષ્ટિએ નકામો. કારણ, કે પારકો છે. ધર્મમાં આવા મારા-તારાના ભેદ ચાલે ? સાચો ધર્મ કદી પણ મમત્વમાંથી પેદા થતો નથી.

**સભા :-** *પણ જેને સુગુરુ-કુગુરુનું જ્ઞાન નથી તે તો પોતાના ધર્મના સંતને સારા જ માને ને ?*

**સાહેબજી :-** જેને સુગુરુ-કુગુરુનું જ્ઞાન નથી, તેણે તો વાસ્તવમાં તટસ્થ રહીને બધા ધર્મના સંતો પ્રત્યે અહોભાવ કેળવવો જોઈએ. જેને જૈનધર્મનું ભાન નથી, તેને તો બધા ધર્મ સદ્‌ભાવથી માનવાના આવે. પણ તમે શું નક્કી કર્યું કે આ આપણા ગુરુ છે, પછી તે ગમે તેવા હોય તો પણ પૂજવા લાયક છે; જ્યારે પેલા સારા છે પણ પારકા છે, માટે પૂજવા લાયક નથી. પરંતુ ધર્મમાં તો પ્રારંભથી જ તટસ્થતા-પ્રામાણિકતા જોઈશે.

આપણે ઈતર ધર્મના સંન્યાસીને સુગુરુ કેમ નથી માનતા ? જે વ્યાખ્યા સુગુરુની છે તે ત્યાં બંધબેસતી નથી માટે ને ? હવે એ જ કારણ આપણે ત્યાં હોય તો તેમને સુગુરુ કેમ મનાય ? આ તટસ્થતા-પ્રામાણિકતા જૈનધર્મના પાયામાં છે. ભગવાને જ કહ્યું છે કે મારો વેશ પહેર્યા પછી પણ તેનામાં આચાર-વિચાર ન હોય તો વેશની કાંઈ કિંમત નથી.

તટસ્થતાની દૃષ્ટિએ જગતમાં આવાં સ્ટેટમેન્ટ(વિધાન) કોઈ ધર્મમાં નહીં મળે.

દા. ત. એક વૈજ્ઞાનિકે મારી સાથે કલાકો સુધી વાત કરી પછી મને કહે કે, "દુનિયામાં ધર્મો કેટલા છે ? તે બધા જ કહે છે કે અમને માનો તો જ કલ્યાણ થશે, જો બીજા ધર્મને માનશો તો કલ્યાણ નહીં થાય. તો પછી અમારે શું કરવું ?" ત્યારે મેં કહ્યું, "હકીકતમાં તમારી ભૂલ થાય છે. જૈનધર્મ આવું કહેતો નથી." આ સાંભળીને તેઓ વિચારમાં પડી ગયા.

ભગવાને કહ્યું છે કે "'જે જૈનધર્મને મારો-આપણો ધર્મ છે, માટે તે સાચો અને સારો ધર્મ છે;' જો આ પ્રમાણે માનીને અપનાવે તો તે પણ મિથ્યાત્વ છે."

તમને કોઇ પૂછે, આટલા બધા ધર્મ હોવા છતાં તમે જૈનધર્મને જ કેમ અપનાવ્યો? તેની પાછળ કારણ શું? બીજા ઘણા વિકલ્પો હોવા છતાં આ જ ધર્મને કેમ પસંદ કર્યો?

**સભા :-** *કારણ વીતરાગતા.*

**સાહેબજી :-** એનો અર્થ એમ જ કે ખરું ઇશ્વરતત્ત્વ અહીંયાં જ છે, બીજે પરિપૂર્ણ ઇશ્વરતત્ત્વ નથી; એવી તમને તપાસતાં ખાતરી થઇ છે. વળી, વીતરાગ છે માટે આ પ્રભુને પૂજો છો? એનો અર્થ એમ થયો કે તમને વીતરાગદશા બહુ જ ગમે છે. પરંતુ હું તમને પૂછું કે તમે વીતરાગદશાના રાગી છો કે રાગદશાના રાગી છો? જાતને બરાબર ઢંઢોળીને પૂછજો.

જો તમે ગુણથી જૈનધર્મના ઇશ્વરતત્ત્વનું મૂલ્યાંકન કર્યું અને બીજા ધર્મના ઇશ્વરતત્ત્વ કરતાં આ ઇશ્વરતત્ત્વ તમને પ્રામાણિકતાથી ઊંચું લાગ્યું, માટે તમે આ ધર્મ અપનાવ્યો છે, તો બરાબર; પણ જો મારો ધર્મ છે માટે મમત્વથી તેને પકડ્યો હોય, તો તે આભિગ્રાહિક મિથ્યાત્વ છે. મારો ધર્મ, મારા ભગવાન, મારા ગુરુ એમ માનીને અપનાવે, તે બધા આભિગ્રાહિક મિથ્યાત્વી છે.

આપણા ભગવાને કહ્યું નથી કે મારો સાધુ ઊંચો અને બીજો નીચો. આવું બોલે તે વીતરાગ કહેવાય નહીં. જો ગુણનું ધોરણ મારા સાધુમાં પણ ન હોય તો તે સુગુરુ નહીં. ગુણનું ધોરણ જો અન્ય ધર્મના સંતમાં ન હોય તો તે પણ સુગુરુ નહીં. ધર્મમાં ક્યાંય પણ ભેદભાવની બુદ્ધિ ન જોઇએ. આપણે ત્યાં ગુણપૂજામાં ભેદભાવ નથી. ગુણપૂજા એ જ તટસ્થ પૂજાનો પ્રકાર છે.

જો તમે એમ નિયમ બાંધશો કે બધા જ સારા, કોઇના માટે ખરાબ અભિપ્રાય બાંધવો નહીં; તો પછી રસ્તામાં પાદરી-મૌલવી ગમે તે મળે, તેને પગે લાગવું પડશે. ગમે તે વ્યક્તિ સાધુનાં કપડાં પહેરીને આવે એટલે પૂજવું, આ એક અવિવેક છે. માટે ગુણ-દોષનો વિવેક બેઉ બાજુ કરવાનો છે. હીનગુણીની કદર કરવાની પણ તેના નામથી ઘેલછા પણ નહીં કરવાની.

# ૨૩

શ્રાવણ વદ એકમ, તા. ૧૧-૮-૯૫, શુક્રવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના પ્રત્યેક જીવને સાચો પરાર્થ અને પરમાર્થનો પ્રબોધ કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

## સ્વાર્થ એ અધર્મ, પરાર્થ એ ધર્મ :

ધર્મનું ટૂંકમાં વર્ણન કરવું હોય તો, જગતમાં જેટલો પરાર્થ અને પરમાર્થનો ભાવ છે, તેનું નામ જ ધર્મ છે; અને જગતમાં જેટલો સ્વાર્થ અને જડની પરિણતી છે, તે અધર્મ છે. મહાપુરુષોએ 'nutshell'માં(ટૂંકમાં) ધર્મ-અધર્મની વ્યાખ્યા બતાવી દીધી છે. વેધકતાથી સંપૂર્ણ ધર્મ-અધર્મનો સંગ્રહ આમાં કરી લીધો છે. જો આ બેને બરાબર સમજીએ તો ધર્મની શરૂઆત ક્યાંથી થાય છે અને અધર્મનું મૂળ ક્યાં છે, તે બંને સ્પષ્ટ સમજાવાથી અંતરમાં કલ્યાણ માટેની સાચી દિશા મળે છે.

મૂળ ગ્રંથમાં પૂ.હરિભદ્રસૂરિએ કહ્યું કે, "જે ધર્મ મોક્ષ સાથે જોડે તેને અમે યોગ કહેવા તૈયાર છીએ, પણ જે ધર્મનું મોક્ષ સાથે અનુસંધાન નથી, તેને અમે યોગ કહેવા તૈયાર નથી." જે ધર્મ પ્રણિધાન આદિ ભાવોથી યુક્ત હોય તેને જ અમે મોક્ષનું સાધન કહીએ છીએ. હવે પ્રણિધાનનું લક્ષણ તેમણે શું બાંધ્યું ? પ્રણિધાનનું મૂળભૂત સ્વરૂપ : કર્તવ્યતાનો ઉપયોગ કે ધ્યેય પ્રાપ્તિનો સંકલ્પ, જે પરોપકારવાસનાથી યુક્ત હોવો જોઈએ.

આવા પ્રણિધાન પામેલા જીવનું અંતઃકરણ બે ભાવનાથી વાસિત હોય : (૧) હીનગુણી પ્રત્યે દ્વેષ ન હોય પણ કરુણાનો ભાવ હોય, અને સાથે (૨) પરોપકારવાસનાથી વિશિષ્ટ હોય. જેને પ્રણિધાન પામવું છે, તેને પરોપકારની અભિલાષા સતત હોવી જોઈએ. જેમ વાતાવરણ સુગંધથી મઘમઘ થતું હોય અને તેમાં કોઈ નવી વ્યક્તિ આવે તો તે સુગંધથી તરબતર થાય, તેને સુગંધનો અનુભવ થાય, તેમ તેનું અંતઃકરણ આ પરોપકારની ભાવનાથી તરબતર હોય.

વાસ્તવિકતામાં સાચા ધર્મની શરૂઆત પરોપકારથી જ થાય છે. ધર્મ-અધર્મનો પાયો જ પરોપકાર અને સ્વાર્થ છે. ધર્મપરિણામનું મૂળ બીજ જ પરોપકાર છે. પરની હિતચિંતા ચાલુ થાય, ત્યાંથી જ ધર્મ ચાલુ થાય છે, સ્વાર્થની ચિંતા તે અધર્મ છે. માટે પરોપકાર અને સ્વાર્થ સામસામે પરસ્પર વિરોધી ધર્મ-અધર્મ છે. પરાર્થમાંથી પરમાર્થમાં જવાય છે. અહીં સ્વાર્થ અને પરાર્થની વ્યાખ્યા સમજવા જેવી છે.

તમે ભગવાન પાસે જયવીયરાય સૂત્રમાં બોલો છો, ભગવાન પાસે માગો છો 'પરત્થકરણં ચ'. તમે તે વખતે પરોપકાર કરવાની શક્તિ-સામગ્રી- અનુકૂળતા માગો છો, કે સાથે તમારા અંતઃકરણમાં પરોપકાર કરવાના પરિણામ પણ છે ? અનંતકાળથી આત્મામાં સ્વાર્થ અસ્થિમજ્જાવત્ થઇ ગયો છે. ગમે ત્યારે સ્વાર્થની વાત આવે એટલે તમે સાબદા અને પરાર્થની વાત આવે એટલે દૂર ભાગો ને ? તમને પરોપકાર કરવાની તક મળે ત્યારે તમે રાજી થાઓ કે ઉપાધિ આવી લાગે ? સાચું બોલજો. જો તમે રાજી થતા હો તો, પરોપકાર કરવાની તક મળે ત્યારે તેને તમે હોંશે હોંશે ઝડપી લ્યો. હા, જ્યાં પરોપકાર કરવાની તમારી શક્તિ ન હોય ત્યાં જુદી વાત. પરંતુ છતી શક્તિએ તમે જીવનમાં કેટલો પરોપકાર કરો છો ? તમે તમારા જીવનમાં પ્રાયોરિટી(પ્રધાનતા) કોને આપો છો ? સ્વાર્થને કે પરાર્થને ?

શાસ્ત્રકારો સ્વાર્થની વ્યાખ્યા બતાવતાં કહે છે કે પોતાને લક્ષમાં રાખીને જેટલી ભૌતિક ઇચ્છા કરવી તેનું નામ સ્વાર્થ. સ્વાર્થ સાથે ભૌતિકતાને વણી લેવાની છે.

## જીવને મોક્ષમાર્ગમાં પ્રવેશ કરાવવો તે જ ઉત્કૃષ્ટ પરોપકાર :

**સભા :-** *સાહેબજી, ખરો પરોપકાર કઈ રીતે થાય ?*

**સાહેબજી :-** કોઇપણ આત્માને સર્વ દુઃખથી મુક્ત કરી, એ આત્માને મોક્ષે મોકલી આપો, તે ખરો પરોપકાર છે; જેનાથી અનંતકાળનાં તેનાં દુઃખ-દર્દ દૂર થશે. એક જીવને મોક્ષે મોકલો એટલે તેને પરમ શાંતિ-સુખ મળે. વળી, આ સંસારમાં કોઈપણ જીવ દ્વારા બીજા જીવોની હિંસા થવાની જ. તીર્થંકરો જેવા પણ અંતિમ ભવમાં કોઈ જીવની હિંસા ન થાય તે રીતે સંપૂર્ણ જીવી શકતા નથી. કેવળીને પણ દ્રવ્યહિંસા હોય છે. માટે કોઈપણ જીવને જો આપણા તરફથી ત્રાસ ન આપવો હોય, તો મોક્ષે ગયા સિવાય છૂટકો નથી. એક જીવ મોક્ષે જાય ત્યારે તેનાથી પેદા થતાં બધા જીવોનાં દુઃખ-દર્દ કાયમ માટે દૂર થવાનાં.

દસ પૂર્વધર પૂ. ઉમાસ્વાતિજી મહારાજાએ કહ્યું કે "એક જીવને મોક્ષે મોકલવો તેના જેવો ઉપકાર બીજો કોઇ નથી." પરંતુ મોક્ષે કોઇ જીવને બળજબરાઇથી કે હાથ પકડી, બાવડું ઝાલીને મોકલી શકાય તેમ નથી. અને જો આ શક્ય હોત તો તીર્થંકર ભગવંત કોઇ જીવને સંસારમાં બાકી રાખત ખરા ? માટે કહ્યું કે જગતમાં લાયક જીવોને મોક્ષમાર્ગ પર ચઢાવો. એક વખત જીવ રસ્તે ચઢે પછી સ્વયં સાધનાથી આગળ પહોંચશે. તેથી ઉત્કૃષ્ટ પરોપકાર આ જ છે કે પાત્ર જીવને મોક્ષમાર્ગમાં પ્રવેશ કરાવવો. ભલે તમે ભૌતિક રીતે ગમે તેટલા જીવનાં દુઃખ-દર્દ દૂર કરો, પણ તે આ ઉપકાર પાસે નાચીજ છે.

વળી, આ પરોપકારની પ્રવૃત્તિ દ્વારા તમે એક જીવને મોક્ષમાર્ગ પર ચઢાવવામાં નિમિત્ત થઇ ગયા, એટલે તમને ભવાંતરમાં શાસન પામવાની ગેરંટી મળે છે. આ કુદરતમાં આપ્યા વગર કાંઇ સામે મળતું નથી.

**સભા :-** *જેની પાસે હોય એ આપે કે જેની પાસે ન હોય તે આપે ? જે મોક્ષમાર્ગ પર ચઢ્યો હોય તે જ ચઢાવી શકે.*

**સાહેબજી :-** ભાવથી, ચઢ્યો હોય તે જ ચઢાવી શકે. દ્રવ્યથી, નહીં ચઢેલો પણ ચઢાવી શકે, ચઢવામાં સહાય કરી શકે. બીજાને દ્રવ્યથી સહાયક થાય તેને ભવાંતરમાં મોક્ષમાર્ગની સામગ્રી પ્રાપ્ત થાય. જેનામાં ઓઘશ્રદ્ધા છે તે દ્રવ્યથી સહાય કરી શકે છે.

જૈનશાસનમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, તપ, પ્રતિક્રમણ, પચ્ચક્ખાણ બધાના બે ભેદો છે : (૧) તાત્ત્વિક - અતાત્ત્વિક (૨) દ્રવ્યથી - ભાવથી.

**ઓઘશ્રદ્ધા-તત્ત્વશ્રદ્ધા :**

જ્યાં સુધી મોક્ષની શ્રદ્ધા અનુભૂતિના સ્તરે નથી ત્યાં સુધી તે ઓઘથી શ્રદ્ધા છે. તેવી રીતે માત્ર શ્રદ્ધાથી પણ જે ધર્મની પ્રવૃત્તિ કરો છો તે ઓઘથી કરો છો. કારણ કે તેનાથી મળતા સુખનો અંશથી પણ સ્વાદ તમને નથી, તેથી તેને ઓઘશ્રદ્ધા જ કહીશું, કેમ કે હજુ તેમાં અનુભવનું તત્ત્વ ભળ્યું નથી.

દા.ત. તમે વીતરાગને પૂજો છો, તેમની સ્તુતિ-સ્તવના-ઉપાસના-ચૈત્યવંદન-પૂજા આદિ કરો છો, પરંતુ તમને પૂછીએ કે વીતરાગતાનો આંશિક સ્વાદ અનુભવાય છે ? જો અંદરમાં તમને આંશિક પણ અનુભવ ન હોય તો તે બધી ક્રિયા ઓઘથી કરો છો. એ જ રીતે તમે આત્મા માનો છો, પરલોક-પુણ્ય-પાપ-મોક્ષ માનો છો,

મોક્ષમાં અનંતું સુખ છે તે પણ માનો છો; એટલે આત્મામાં અનંતું સુખ છે તે પણ સ્વીકારો છો, છતાં તમને આત્માના સુખની કોઇ સંવેદના ખરી ? કે ખાલી બધી વાતો વિશ્વાસથી જ માનો છો ?

સંવેદનપૂર્વકની શ્રદ્ધા જુદી અને સંવેદનશૂન્ય શ્રદ્ધા જુદી છે.

દા.ત. તમે કારેલાંને કડવાં જ અને દૂધપાકને ગળ્યો જ કેમ માનો છો ? મરચાંને તીખાં જ કેમ માનો છો ? કદાચ હું કહું કે મરચાં તો મીઠાં હોય તો પણ તમે માનો ખરા ? ત્યારે તમે કહેશો કે સાહેબ, અમારો અનુભવ છે કે મરચાં તીખાં જ છે. અમારા પર ગમે તેટલો વિશ્વાસ હોય તો પણ માનવા તૈયાર નહીં થાઓ, માટે વિશ્વાસ ગમે તેટલો પ્રબળ હોય, પણ અનુભવ આગળ તે નાચીજ છે.

## તત્ત્વસંવેદન એ જ મોક્ષમાર્ગ :

પરંતુ તમારા જીવનની મુશ્કેલી એ છે કે "આત્મામાં અનંતું સુખ છે, અને જડમાં રતીભાર સુખ નથી," ભગવાને આ કહ્યું છે માટે સાચું છે, તેમ વિશ્વાસથી માનો ખરા, પણ તમારો અનુભવ શું બોલે છે ? માલપાણી-પેંડામાં જ મીઠાશ-મજાનો અનુભવ થાય ને ? આત્મામાં મીઠાશ-મજાનો અનુભવ થાય છે ? ના, માટે મહારાજની બધી વાતો ઊડી જાય ને ? તેથી વિશ્વાસરૂપે જ શ્રદ્ધા રહે છે. અનુભવ એ મોક્ષમાર્ગની master key(માસ્ટર કી) છે. બધાં અંદરનાં આવરણ તોડી સાચી દિશા બતાવવાની તાકાત અનુભવમાં છે. તત્ત્વસંવેદન એ જ મોક્ષનો રાજમાર્ગ છે. પહેલા ગુણસ્થાનકથી તત્ત્વસંવેદનનો પ્રારંભ થાય છે, અને તત્ત્વસંવેદનની પરાકાષ્ઠા તેનું નામ જ મોક્ષ છે. જેનામાં આંશિક અનુભવ આવ્યો, તેને મોક્ષમાર્ગ ચાલુ થઇ ગયો. માટે ધર્મમાં અનુભૂતિ ખૂબ જ જરૂરી છે.

અનુભવ કે તત્ત્વનું સંવેદન કોને કરવાનું છે ? પોતાની જાતને જ. પણ જાતને તત્ત્વનું સંવેદન કેમ થતું નથી ? આત્મામાં અનંતું સુખ છે, તે કાંઇ ગપ્પાં છે ? જો તે સાચું છે તો અનુભવમાં કેમ નથી આવતું ? આ ન થવામાં કડી ક્યાં ખૂટે છે ?

## આત્માની મલિન સંવેદનશક્તિ અને નિર્મળ સંવેદનશક્તિ એ જ મિથ્યાત્વ અને સમ્યક્ત્વ :

હકીકતમાં આત્મામાં જે સંવેદનશક્તિ છે તે મલિન થઇ ગઇ છે. જેની શક્તિ મલિન તેને આત્માના સુખનો અનુભવ ન થાય. તાવવાળી કે રોગવાળી વ્યક્તિને

સ્વાદિષ્ટ વાનગી આપો તો પણ સ્વાદ આવે ખરો ? આયુર્વેદમાં લખ્યું છે કે જેને કફનો પ્રકોપ થાય તેને બધું બેસ્વાદ લાગે, જેને પિત્તનો પ્રકોપ થાય તેને બધું કડવું લાગે. કારણ શું ? જીભ બગડી છે. સ્વાદના અનુભવની તાકાત તે ગુમાવી બેઠી છે. તેમ મિથ્યાત્વે આત્માની સંવેદનશક્તિને મલિન કરી દીધી છે. અપેક્ષાએ આત્માની મલિન સંવેદનશક્તિ તેનું નામ જ મિથ્યાત્વ, તેમ આત્માની નિર્મળ સંવેદનશક્તિ તેનું નામ જ સમકિત છે.

સમ્યગ્દર્શન ગુણનું વર્ણન કરતાં મિથ્યાત્વની ભયંકરતા દર્શાવે છે કે, "આ ઘોર સંસારમાં આત્માની મહાપરિભ્રમણની જો કોઇ મુખ્ય જડ હોય તો તે મિથ્યાત્વ છે." જો આ મિથ્યાત્વ નામનું કર્મ ન હોત તો જીવ અનંતકાળ આ સંસારમાં રખડી ન શકત. આ રખડપટ્ટીનું મૂળ બીજ જ મિથ્યાત્વ છે. જીવ કર્મનો બંધ ઉત્કૃષ્ટથી ૭૦ કોટાકોટી સાગરોપમ બાંધી શકે; એટલે સાત ચોવીસી થઇ. હવે સાત જ ચોવીસી ભટકવાની હોય તો તે જીવ ક્યારનોય તેમાંથી છૂટીને મોક્ષે ચાલ્યો જાય. કારણ કે કોઈ આત્માને અનંતકાળનું કર્મ બંધાતું નથી, ભલે ગમે તેટલાં ઉગ્ર પાપ કરે તો પણ; છતાં જીવનો અનંતકાળથી સંસાર કેમ ચાલે છે ? મિથ્યાત્વ કર્મની પરંપરા ચલાવે છે, માટે જ. હવે જે એક કર્મ બાંધ્યું છે તેમાંથી બીજું નવું કર્મ, તેમાંથી બીજું નવું કર્મ, તેમ કર્મની આખી channel(સાંકળ) મિથ્યાત્વ કરી આપે છે. જેમ એક ઝાડમાંથી બીજું ઝાડ, તેમાંથી બીજું તેમ જે શૃંખલા ચાલે, તેમ મિથ્યાત્વનું કામ છે. માટે મિથ્યાત્વ એ જ મહાપાપ છે. તેને કાઢવું તે જ ખરી કસોટી છે.

મુદ્દલરૂપે મૂળ બંધાયેલું કર્મ થોડું છે, પણ તેનું વ્યાજ ચાલ્યા જ કરે, તેમાંથી આત્મા ઊંચો જ ન આવે; દા.ત. જેણે પશ્ચિમના દેશોનું દેવું કર્યું, તે દેશ મરતાં સુધી તેમાંથી બહાર ન આવે; કારણ પઠાણીનું, પઠાણીનું, પઠાણી વ્યાજ ચાલ્યા જ કરે. world Bank(વિશ્વબેંક)ની કેવી કામગીરી છે ? ઘણા કહે છે કે શાહુકારો ભૂતકાળમાં ખૂબ જ લૂંટતા હતા. પરંતુ આ બેંકો તો અજગર જેવી છે. આખે આખા શાહુકારને ગળી જાય તેવા અજગરો છે. પહેલાં ભૂતકાળમાં શરાફી ધંધો શ્રાવક કરતા હતા. શરાફી એ શ્રાવકનો યોગ્ય ધંધો છે, પણ તેને ખૂબ જ વગોવી દીધો છે. અત્યારે તેને વગોવીને, નિંદા કરી કરીને, કાયદા કરી કરીને આ શરાફીનો ધંધો સાવ નાબૂદ કરી નાખ્યો છે, અને તેના બદલે દેશમાં બેન્કો ગોઠવી અને world level(વૈશ્વિક સ્તરે)ઉપર world bank(વિશ્વબેંક) ગોઠવી. રીપાર્ટ શું કહે છે ? ૪ રૂપિયે આપણે ડોલર લીધેલો.

તેના અત્યાર સુધી ૨૪ રૂપિયા ચૂકવ્યા છે, છતાં દેવા પેટે હજી મુદ્દલ તો ઊભું છે. ઉપરાંત ડોલરના ભાવ હવે ૪ના રૂ. ૩૦-૩૨-૩૫ થયા. એટલે ચૂકવ્યું તે તો વ્યાજમાં ગયું અને સાથે મુદ્દલ પણ વધતું જાય.

**સભા :-** *કારણ શું ?*

**સાહેબજી :-** રૂપિયાનું devaluation(અવમૂલ્યન) ચાલુ હોય, માટે ૪ના ૩૪ થયા છે. તમારે રૂપિયાની value ઘટાડવી જ પડે તેવું જ તેમણે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ગોઠવ્યું છે.

મિથ્યાત્વ, આત્મામાં આ જ રીતે કામ કરે છે. એક વખત કર્મ બાંધો ત્યારે સાથે જો મિથ્યાત્વ હોય, તો તમે મરી જાઓ તો પણ તેનું દેવું પૂરું થાય જ નહીં. અનંતા ભવ સુધી કર્મની ચેનલ ચાલે જાય છે. તેથી આવા કર્મને કાઢવા માટે સમકિત જોઇએ. જે જેવું છે તેવું દેખાય, એવી નિર્મળ સંવેદનશક્તિ પેદા થાય એટલે સમકિત પ્રગટે. નિર્મળ સમજણશક્તિ તેનું નામ સમ્યગ્જ્ઞાન, નિર્મળ દર્શનશક્તિ તેનું નામ સમ્યગ્દર્શન, નિર્મળ આચરણશક્તિ તેનું નામ સમ્યક્ચારિત્ર.

**સભા :-** *સાહેબજી, દાખલા સાથે સમજાવો.*

**સાહેબજી :-** દા.ત. આપણે મૂળથી ચેતન છીએ અને આ પાટ છે તે જડ છે. હવે તમે પાટને કોતરો, સોય ખોસો કે દંડો મારો તો પણ તેને કાંઇ ન થાય. તમને જરા સોય ખોસો તો રાડ પાડો, અરે ! જરાક તમને કોઇ અડી જાય તો પણ તેનો તમને ખ્યાલ આવે. ઊંઘમાં પણ કોઇ જરાક વાળ ખેંચે તો જાગીને ચીસ પાડો, કારણ અંદરમાં સંવેદનશક્તિ પડી છે. તમારું શરીર અને ઇન્દ્રિયો ચોવીસે કલાક એલર્ટ છે, માટે કોઇપણ પ્રસંગે તમને દેહ-ઇન્દ્રિય દ્વારા સંવેદન થાય છે. જેમ આંખમાં નાનું સરખું પણ રજકણ ઊડીને આવે તો આંખ મિંચાઇ જાય, નાનો સરખો કચરો પડે તો પણ પટપટ કરીને પાણી દ્વારા કચરો બહાર કાઢી નાખો. કારણ ઇન્દ્રિયો ચોવીસે કલાક જાગૃત છે.

શરીર-ઇન્દ્રિયની સંવેદનશક્તિ જાગૃત છે, તેમ આત્માની સંવેદનશક્તિ જેને જાગૃત હોય તેને આત્માના સુખ-દુઃખનો સતત અનુભવ થાય. જેમ તમારી જીભ પર સાકર મૂકો કે મીઠું મૂકો, આમ તો બન્નેનો દેખાવ સરખો છે, છતાં પણ જીભ ભોળવાયા વગર બન્નેનો તફાવત બતાવે છે; ખારાને ખારું કહે છે, મીઠાને મીઠું જ

કહે છે. કારણ જીભનું સંવેદન સતત જાગૃત છે. તમારા આત્માને જેવો પીડાકારક અશુભ ભાવ કે શાંતિદાયક શુભ ભાવ થાય, તેવો જ એક્ઝેટ અનુભવ થાય, એટલે કે અશુભ ભાવ થતાં પીડાનો અને શુભ ભાવ થતાં શાંતિનો અનુભવ થાય, તો તેનું સંવેદન જાગૃત છે; અને તેના બદલે અનુભવ ઊલટો થાય તો સંવેદન બુઠ્ઠું છે.

દા.ત. સમ્યગ્દષ્ટિ સુલસા શ્રાવિકાનું દૃષ્ટાંત વિચારીએ. તે શુદ્ધ સમ્યગ્દષ્ટિ શ્રાવિકા છે. તેમના જીવનમાં સંસારની પ્રવૃત્તિ કરતાં રાગ-દ્વેષ ન થાય એવું નહીં, પણ તેનું સંવેદન-અનુભૂતિ તેમને જુદી થાય. જ્યારે તેમના બત્રીસ પુત્રો એકસાથે મૃત્યુ પામ્યા ત્યારે તેમને આઘાત લાગે છે. તેનાથી તેઓ શોકાતુર થયાં છે, પણ તેમના પતિને તેમનાથી કંઇ ગણો વધારે આઘાત લાગ્યો છે. આ બધા પુત્રો રૂપ-કળા-વિનય-ચાતુર્ય-પુણ્ય બધામાં વિશિષ્ટ હતા. આવા જુવાનજોધ પુત્રો એકીસાથે મૃત્યુ પામે તો કોઇનાં પણ કાળજાં કંપી જાય. માટે તેમને શોક થયો છે, તે સંસારીઓ માટે સાહજિક છે. હવે આ સમ્યગ્દષ્ટિને પણ શોક થવાનું કારણ એ કે તેમને મમતા હતી. મમતાના કારણે જ આવું નિમિત્ત પામીને તેઓ શોકમાં ગરકાવ થઇ ગયાં છે. પરંતુ મમતામાં તેમને અનુભૂતિ શું હોય ? પીડા. સમકિતીને કષાયમાં દુઃખ અને પીડાની અનુભૂતિ હોય. સમ્યગ્દષ્ટિને પોતાના રાગ-દ્વેષના ભાવ છે, તેમાં જે બેસ્વાદ અને કડવાશ છે, તેનો અનુભવ તેને હોય જ. જેમ ઉઝરડો પડવાથી બળતરા થાય, તેમ પુત્રની મમતામાં તેમને સતત દુઃખનો અનુભવ છે; પરંતુ મમતામાં તેમને મજા નથી આવતી.

**સભા :-** *તો તેમને દુઃખ કેમ થાય છે ?*

**સાહેબજી :-** મમતાના કારણે, પણ તે મમતા સ્વયં લાગે છે દુઃખમય. વિચારે છે કે રાગ કર્યો માટે શોક આવ્યો, રાગ જ ન કર્યો હોત તો શોક થવાનો સવાલ જ ન હોત. જે મારા નહોતા તેને મારા માન્યા, માટે દુઃખ લાગ્યું. સમ્યગ્દષ્ટિ ને કષાયમાં દુઃખનો અનુભવ થાય. જેમ તમારી આંગળી કપાય અને પીડા ન થાય, તો તેને બેભાન અવસ્થા કહો કે સભાન અવસ્થા કહો ? તમને જે પીડા નથી થતી તે તમારી અજાગૃતિ કે સંવેદનની મલિનતા છે. સમ્યગ્દષ્ટિને પોતાના દોષ-વિષય-કષાયોમાં સતત વેદના અને પીડા જ અનુભવાય. જેમ તમને ગાલ પર તમાચો મારે અને બળતરા થાય, તેમ આ કષાય આત્માના તમાચા છે. સમ્યગ્દષ્ટિને કષાયમાં દુઃખનો અનુભવ છે, તેમ ગુણમાં સુખાસ્વાદનો અનુભવ છે.

સમ્યગ્દષ્ટિને મમત્વ સ્વયં દુઃખ લાગે છે, જ્યારે તમને મમતા મીઠી લાગે છે, તેથી મમત્વ કરી કર્મ બંધાય છે, જેનો વિપાક તમને દુઃખ લાગે છે, તમે તો તેનાથી આવતા પાપના ફળથી ગભરાઓ છો. જ્યારે સમ્યગ્દષ્ટિને મમતામાં જ દુઃખનો અનુભવ છે, રાગ સ્વયં તેને અજંપો લાગે. રાગમાં જેને મીઠાશનો અનુભવ થાય તે સમકિત માટે લાયક નથી. એટલે સમ્યગ્દષ્ટિ રાગ ન કરે તેવું નથી, પણ રાગ કરે તેમાં તેને દુઃખ વેદાય; જેમ માંદો માણસ દવા તરીકે કડવું ખાય, પણ ખાતાં તેને આનંદ નથી, માટે તે મોં બગાડીને ખાતો જાય.

**સભા :-** *આ સમકિત નિશ્ચયનયથી હોય કે વ્યવહારનયથી ?*

**સાહેબજી :-** હા, સમકિત વ્યવહારનયથી અને નિશ્ચયનયથી બંને પ્રકારે હોય. અત્યારે હું વ્યવહારનયના ચોથા ગુણસ્થાનકના ભાવસમકિતની વાત કરું છું, જે ભાવગ્રાહી નિશ્ચયનયને પણ અભિપ્રેત છે. પરંતુ જે લોકો અક્ષેપફલગ્રાહી નિશ્ચયનયથી વાત કરે છે, તે બધા શાસ્ત્ર બરાબર ભણ્યા નથી. કારણ કે અત્યારે શાસનમાં નિરતિચાર ચારિત્ર પણ વિદ્યમાન નથી, તો પછી આ નિશ્ચયનયનું સમકિત તો હોય જ નહીં. તે બન્નેનો હાલમાં વિચ્છેદ છે.

**સભા :-** *નિશ્ચયનયથી સમકિત છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકમાં હોય ને ?*

**સાહેબજી :-** જૈનશાસનમાં નિશ્ચયનયના અનેક પ્રકારો છે, તેમાંથી આ અક્ષેપફલગ્રાહી નિશ્ચયનયના મતે છઠ્ઠા-સાતમામાં સમ્યક્ત્વદશા માની છે, જે આ કાળમાં વિદ્યમાન નથી. ગુણસ્થાનકોમાં પણ અમુક અમુક ચોક્કસ અધ્યવસાયો હોય છે. નિરતિચાર ચારિત્ર જ અત્યારે વિચ્છેદ છે, પરંતુ નિરતિચાર ચારિત્ર પાળનારને પણ નિશ્ચયનય મિથ્યાદષ્ટિ કહેશે. ગૌતમ મહારાજા પ્રભુ પાસે દીક્ષા લીધા પછી નિર્મળ આરાધના કરે છે, તેમના ગુણો અને ચારિત્રનાં વખાણ કરીએ એટલાં ઓછાં છે, છતાં આ નિશ્ચયનય તેમને મિથ્યાત્વી કહેશે. કારણ તમે જેને ખોટું અને ખરાબ માનો અને છતાં તે છોડો નહીં, તો તમારી શ્રદ્ધા કાચી કહેવાય. નિશ્ચયનયના મતે આચરણ વગરની શ્રદ્ધા ફોતરા જેવી છે. હવે જો ગૌતમ મહારાજને કષાય ખરાબ લાગતા હોય, તો ભગવાન પ્રત્યેનો રાગ લઈને કેમ ફરે છે ? ખરાબ માનો અને છોડવારૂપ આચરણ ન કરો તો તે શ્રદ્ધાની શું કિંમત ? વ્યવહારનય શ્રદ્ધાથી ફલ જુદું માને છે, અને નિશ્ચયનય શ્રદ્ધાથી ફલ જુદું નથી માનતો. વ્યવહારનય "**ज्ञानस्य फलं रुचिः**" માને છે, નિશ્ચયનય "**ज्ञानस्य फलं विरतिः**" માને છે.

નિશ્ચય સમકિત પ્રમાણે તો તમે જેટલું ખરાબ માનો છો તેટલું જીવનમાં અવશ્ય છોડો અને સારું માનો છો તેટલું આચરો, આમાં મીનમેખ ફરક ન હોય. આ નય ગૃહસ્થાવસ્થામાં રહેલા તીર્થંકરમાં પણ સમકિતનો સ્વીકાર નહીં કરે, કારણ કે કષાય હેય માનવા છતાં તેમના જીવનમાં પણ પ્રશસ્ત કષાયો વિદ્યમાન છે, સમતા નથી.

ગૌતમ મહારાજનું ચારિત્ર પણ નિષ્કલંક છે. દીક્ષા લીધા પછી અજાણતાં બોલાઇ ગયું કે શ્રાવકને આટલું અવધિજ્ઞાન ન હોય, પણ તે ભૂલ છે તેમ ખબર પડતાં, તે ભૂલનું મિચ્છા મિ દુક્કડં આપવા સામેથી તરત ગયા છે. આવા પ્રથમ ગણધર, ઊંચા પદવાળા, છતાં કેટલા નમ્ર ! તેમનામાં વિનય-તપ-ભક્તિ-ચારિત્રના ગુણોમાં ક્યાંય પણ કચાશ નથી, છતાં પણ નિશ્ચયનય કહેશે તેઓ મિથ્યાત્વી છે. માટે આ નિશ્ચયનયની માન્યતા કેવી હશે તે વિચારજો. જો તમે આ વાતને બરાબર પકડશો નહીં, તો ન ઘરના કે ન ઘાટના રહેશો. અત્યારે ઘણા નિશ્ચયનયની વાતો કરે છે, પણ પામવાની ત્રેવડ નથી, અને આ કાળમાં પામવો શક્ય પણ નથી; ઉપરાંત તેઓને વ્યવહારને અપનાવવો જીવનમાં ફાવતો નથી, એવા પુણ્ય વગરના જીવોની હાલત ત્રિશંકુ જેવી રહે છે. માટે અત્યારે આપણે વ્યવહાર સમકિત પકડીને ચાલવાનું છે અને નિશ્ચય સમકિતને ધ્યેય બનાવવાનું છે. નિશ્ચય સમકિત સમતામાં રમનારા મહામુનિઓ માટે રીઝર્વ રાખવાનું છે, અમારા કે તમારા માટે નથી. અમારા માટે જો આ નિશ્ચય સમકિત નથી તો તમારે માટે તો ક્યાંથી હોય ?

**સભા :-** *સાહેબજી, ગ્રંથીભેદ તો વર્તમાનમાં પણ થાય છે ને ?*

**સાહેબજી :-** ગ્રંથીભેદ તે ચોથા ગુણસ્થાનકે છે, જ્યારે નિશ્ચય સમકિત છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકના ઊંચા અધ્યવસાયસ્થાનમાં આવે.

પૂ.ઉપાધ્યાયજી યશોવિજયજીએ લખ્યું છે કે, **જે માને છે, તે જ સ્વીકારે છે; જે શ્રદ્ધા કરે છે, તે જ આચરણ કરે છે. જે જગતનાં તત્ત્વોને માને છે તે મુનિ છે, જે મુનિ છે તે જ સમ્યગ્દષ્ટિ છે.** તમને ખબર પડે કે સામે માણેકનો ટૂકડો પડ્યો છે, તો તે જાણ્યા પછી એને સ્વીકાર્યા વગર તમે છોડો ખરા ? મણિ ન લેવા માટે કોઇ હાથ પકડે તો પણ હાથ છોડાવીને તમે તે લઇ લો. કહેશો, અબજોથી અધિક કીંમતી છે. તેમ સાચું જાણ્યું તો આચરણ થયા વગર રહે ખરું ? જે શ્રદ્ધા સાચાને સ્વીકારે નહીં અને ખોટાને છોડે નહીં, તે શ્રદ્ધા શું કામની ? દા.ત. ખાડો છે તે જાણ્યા પછી

તેમાં તમે ભૂસકો મારો, તો તમારા જેવો કોઇ મૂર્ખો ખરો ? ખાડામાં પડ્યા પછી વાગે અને કોઇ પૂછે કે તમને ખાડાનો ખ્યાલ નહોતો, કે તમે પડ્યા ? તો તમે કહો કે મને તો ખબર હતી છતાં એમ ને એમ પડ્યો, ત્યારે પેલો કહેશે કે બળ્યું તમારી ખબરમાં. બસ, નિશ્ચયદષ્ટિ આ જ છે કે જાણ્યું પછી આચરણમાં આવવું જ જોઇએ, અધૂરું આચરણ થાય તો પણ મિથ્યાદષ્ટિ કહેશે. એટલે નિશ્ચય સમકિત ગ્રંથીભેદે આવતું નથી, વ્યવહાર સમકિત ગ્રંથીભેદે આવે છે. નિશ્ચય સમકિત તો નિર્વિકલ્પદશામાં આવે છે, જેનો અત્યારે વિચ્છેદ છે.

**સભા :-** *કારક સમકિત હોઇ શકે ?*

**સાહેબજી :-** ના, કારણ કે નિશ્ચયનયનું સમ્યક્ત્વ અને કારક સમ્યક્ત્વ ગર્ભિત રીતે સમાન સ્તરનાં છે.

કારક સમ્યક્ત્વમાં જે માને તે પ્રમાણે કરે, તેમાં અધૂરી માન્યતા હોય તો અધૂરું કરે; જ્યારે નિશ્ચયનય તો માન્યતા પણ પૂરી અને કરવાનું પણ પૂરું માગે છે. વ્યવહારનય એકલો દર્શનાચાર લે છે, જ્યારે નિશ્ચયનય ચારિત્રાચારને ભેગો લે છે.

ચોથું ગુણસ્થાનક પામવા માટે ભાવ-વૃત્તિ-મન કેવું જોઇએ, તેના માટે વ્યવહારનયને સામે રાખીને અમે વર્ણન કરીએ છીએ. કારણ, જે શક્ય હોય તેનો જ ઉપદેશ અપાય. આત્માની નિર્મળ ગુણોની સંવેદનશક્તિ તે વ્યવહાર સમકિત છે અને આત્માના નિર્મળ ગુણની અનુભૂતિ તે ચારિત્ર છે. જેમ શ્રીમંત માણસને રોગ હોવાના કારણે પચાસ વસ્તુ ખાય, પણ સ્વાદ નથી આવતો; જ્યારે મજૂર ક્લાસના માણસને જીભ ચોખ્ખી છે, માટે રોટલા-મરચામાં પણ સ્વાદ આવે છે. હવે મજૂર માણસની જીભ સારી હોય, પણ માલપાણી ખાવાની ત્રેવડ ન હોવાથી માલપાણીનો સ્વાદ મળતો નથી; તેમ સમ્યગ્દષ્ટિની જીભ ચોખ્ખી છે, જે વસ્તુ જેવી હોય તેવા ગુણ-દોષનો સ્વાદ લઇ શકે તેમ છે, પણ સમકિતીને હજી વિરતિના ગુણ પ્રગટ્યા નથી; ગુણ નથી તો ગુણનો સ્વાદ ક્યાંથી આવે ? પણ તે ગુણોનો આસ્વાદ લેવાની તાકાત તેનામાં પડેલી છે. જેમ માલપાણીને માણવા માટેની ત્રેવડ જ નથી, તો કઇ રીતે માણી શકાય ? તેમ અવિરત સમ્યગ્દષ્ટિને સંયમનો સ્વાદ કેવો છે તે ખબર છે, પણ તે ખાવાની તાકાત નથી; જ્યારે ચારિત્ર પામેલા મનમાં મહાસુખ માણી રહ્યા છે. સમકિતીમાં સંવેદનશક્તિ

છે, તે કારણે માનસિક અનુભૂતિની ઝાંખી થઇ જાય, પણ ખરો અનુભવ તો જેની પાસે ચીજ-વસ્તુ છે, તેને જ થાય. જેમ તમારી આંખ સારી વસ્તુને જોઇ શકે તેમ છે, પણ આગળ ઉકરડો જ હોય તો ક્યાંથી સારી વસ્તુના દર્શનનો આનંદ લઇ શકે ? તેમ સારી વસ્તુ પાસે હોય જ નહીં તો તેને માણી કઇ રીતે શકાય ?

જેને(સમ્યગ્દષ્ટિને) માલપાણીના(સંયમના) સ્વાદની ખબર છે, પણ ત્રેવડ નથી, માટે ખાઇ શકતા નથી; તેમ બુદ્ધુને(મિથ્યાદષ્ટિને) માલપાણીનો સ્વાદ ખબર નથી, તો તેની પાસે ઢગલા વસ્તુઓ લાવીને મૂકો તો શું કામનું ? તેમ મિથ્યાદષ્ટિ ચારિત્ર પાળે, પણ તેને સ્વાદની ખબર નથી, સમ્યગ્દષ્ટિ ચારિત્ર ન પાળે તો પણ સ્વાદની ખબર છે. ચારિત્રનો જે ભાવ છે તે સમ્યગ્દષ્ટિને ખબર છે, છતાં તે તેને માણી શકતો નથી.

ચારે ગતિમાં અવિરત સમ્યગ્દષ્ટિ જેવો કોઇ દુઃખી નથી, ચારે ગતિમાં સમ્યગ્દષ્ટિ જેવો કોઇ સુખી નથી. બન્ને વાક્યના angle(દૃષ્ટિકોણ) સાચા છે. કારણ આત્મિક દૃષ્ટિએ વિરતિના સુખનો સ્વાદ ખબર હોય, અને છતાં ન મેળવી શકવાના કારણે કેવો દુઃખી હોય ? તે વિરતિ માટે જ ઝૂરતો હોય. તેમ સંસારના ભોગસુખની દૃષ્ટિએ તેને તેમાં ખરી તૃપ્તિ હોય છે, માટે તેના જેવો કોઇ સુખી નહીં.

**સભા :-** *નરકમાં રહેલા શ્રેણિક મહારાજ અને સર્વાર્થસિદ્ધમાં રહેલા અભયકુમાર.*

**સાહેબજી :-** નરકમાં રહેલા શ્રેણિક મહારાજને અશુભલેશ્યા છે, સર્વાર્થસિદ્ધમાં રહેલા અભયકુમારને ઉત્તમ શુભલેશ્યા છે. સર્વાર્થસિદ્ધમાં અવિરતિ છે, પણ વીતરાગ નજીકનું તેઓનું માનસ છે. ત્યાં ગુણસ્થાનક ચોથું છે, પણ કષાયો અતિશય મંદ છે. શાંતભાવને પામેલા છે. આસક્તિ-રાગ-ક્રોધ-કષાયો-માન તેમનામાં દેખાય નહીં. તેઓ ચોથા ગુણસ્થાનકના ટોપ લેવલમાં છે. શુભ ભાવ કે મનની રીતે ચોથા ગુણસ્થાનકના ટોપ લેવલે છે. અત્યારે કોઇ ભાવસાધુ છઠ્ઠા ગુણસ્થાનકમાં પણ નીચા અધ્યવસાયના સ્થાને હોય તો પણ તે અભયકુમાર કરતાં લાખ ગણા ઊંચા ગણાશે, કારણ કે જૈનશાસનમાં ભૂમિકા પ્રમાણે અધ્યવસાયનું વર્ણન છે. ચૌદે ગુણસ્થાનકમાં અધ્યવસાયની શ્રેણી છે, હારમાળા છે. અધ્યવસાય એટલે આત્માના પ્રત્યેક ક્ષણના સમૂહાત્મક માનસિક ભાવો.

જેમ એક માણસ પહેલા માળની ceiling(છત)ને અડીને બેઠો છે, જ્યારે બીજો માણસ બીજા માળના તળિયે બેઠો છે; છતાં પણ પહેલા માળના માણસ કરતાં ઊંચે બેઠેલો ગણાશે. તેમ ચોથા ગુણસ્થાનકના ઉચ્ચ સ્થાને રહેલા કરતાં પાંચમા ગુણસ્થાનકના તળિયે રહેલો પણ પેલા કરતાં ઊંચો છે.

અન્ય ધર્મમાં એક સંન્યાસીનું વર્ણન છે, તે વિચારીએ. એ સંન્યાસી જંગલમાં કાઉસ્સગ્ગ ધ્યાને ઊભા હતા. દિવસો સુધી નિરાહાર હતા. આહાર-પાણી-ઇચ્છા કે વિકારોની વિચારણા વગર મહિનાઓ સુધી ઊભા હોય. જગતની કોઇ પરિસ્થિતિ સાથે તેમને નિસ્બત નથી. અહિંસા-સત્ય-અચૌર્ય વગેરે પ્રબળ ભાવોથી સમતાને પામે છે. દુ:ખ પ્રત્યે દ્વેષ નથી, સુખ પ્રત્યે રાગ નથી. એમની પાસે વાઘ-સિંહ આવે તો પણ શાંત થઇ જાય, તેઓના સાન્નિધ્યમાત્રથી આવનારના અશુભ ભાવો શાંત થઇ જાય, છતાં તેઓ સમકિત પામ્યા ન હોય અને મિથ્યાત્વમાં પ્રથમ ગુણસ્થાનકે હોય. જ્યારે સમકિતી ક્રોધમાં હોય, લડાઇ કરતો હોય, યુદ્ધ ખેલતો હોય, ઉગ્રતા અને આવેશથી મારતો હોય તો પણ, પેલા સમતા પામેલા મિથ્યાત્વી કરતાં સમકિતી ઊંચો છે. અહીંયાં મારા-તારાનો કોઇ ભેદભાવ નથી, પરંતુ મિથ્યાત્વમાં રહેલો ગમે તેટલો શાંત હોય, તો પણ સમકિતી કરતાં તેનું સ્તર નીચું જ રહેવાનું, કારણ સમકિતીની ભૂમિકા ઊંચી જ છે.

# ૨૪

**શ્રાવણ વદ ચોથ, તા.૧૪-૮-૯૫, સોમવાર.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને સાચી સુખશાંતિનું પ્રદાન કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ જગતમાં પ્રત્યેક જીવ સુખશાંતિને ઇચ્છે છે, અને તે મેળવવા માટે જ પ્રયત્ન કરે છે. પરંતુ બધા જીવો એમ વિચારે છે કે મારે જ સુખશાંતિ જોઇએ, પણ બીજાને નહીં; માટે પોતાનું આખું જીવન સ્વાર્થકેન્દ્રિત છે.

જેમ તમને સુખ જોઇએ છે તેમ બીજા જીવને પણ સુખ જોઇએ છે, માટે પરોપકાર એ પ્રાથમિક ધર્મ છે. જેને પરોપકાર ગમે નહીં તેને ધર્મ ગમે નહીં. પૂ.ઉપાધ્યાયજીએ પ્રણિધાન ભાવધર્મમાં હીનગુણઅદ્વેષ સાથે પરોપકારને પણ વિશેષણરૂપે વણી લીધો છે. પ્રણિધાનમાં પરોપકાર અંતઃકરણમાં રુચિરૂપે વણાયેલો હોવો જોઇએ. પરોપકારરસિકતા ગુણ જો પરાકાષ્ઠાનો હોય તો તીર્થંકરનામકર્મ બંધાય છે. પુણ્યબંધનું મુખ્ય કારણ પરોપકાર જ છે. બધી પુણ્યપ્રકૃતિના બંધમાં કેન્દ્રબિંદુ પરોપકારની ભાવના છે.

## સ્વાર્થ એટલે તમામ પાપ-દુષ્ટતાનું ઉત્પત્તિસ્થાન :

જીવનમાં ખાલી સ્વને જો કેન્દ્રમાં રાખો તો તે અધર્મ કહેવાય. જગતના જીવોમાં સ્વાર્થકેન્દ્રિત વૃત્તિ છે. આપણે સ્વાર્થને ખરાબ કેમ કહીએ છીએ ? કારણ જગતની અંદર તમામ પાપ-દુષ્ટતાનું ઉત્પત્તિસ્થાન સ્વાર્થ છે. ચોરી-હિંસા-પરિગ્રહ વગેરેનું બીજસ્થાન સ્વાર્થ છે. જીવ સ્વાર્થથી પ્રેરિત થઇને જ પાપ કરે છે. 'હું અને મારું' એ ભાવના સ્વાર્થમાંથી ફલિત થાય છે. મહાપુરુષોએ નિદાન સચોટ કરેલ છે. હવે ખૂબી શું છે કે દુનિયામાં સદ્ગુણો અને સદાચારીને માનપાન પ્રશંસા મળે છે છતાં પણ દુનિયા દુર્ગુણો અને દુરાચાર તરફ ઘસડાય છે. કારણ, હૈયામાં રહેલો સ્વાર્થ પાપ કરવા પ્રેરિત કરે છે.

સ્વાર્થ અધર્મ છે અને પરાર્થ ધર્મ છે. સ્વાર્થનું મૂળ મારે જ સુખશાંતિ જોઈએ છે તેવી ભાવના છે, મારે પૈસા જોઈએ છે, બીજાનું જે થવાનું હોય તે થાય, બીજા જહન્નમમાં જાય તો પણ વાંધો નહીં. પોતાને પાંચસોનો નફો થતો હોય તો બીજાને પાંચ હજારનું નુકસાન થતું હોય તો ચાલે. તમે કોઈપણ વેપાર કરો તેમાં નિરપરાધી જીવો મરે છે, તે ચાલે ?

**સભા :-** *લાચારીથી કરીએ છીએ.*

**સાહેબજી :-** લાચારી શબ્દ તમે ખોટો બોલો છો, તે મારે highlight કરવું છે. આ સંસાર માંડીને તમે કોઈના ઉપર ઉપકાર કર્યો છે ? પરંતુ તમને સંસારના ભોગની આકાંક્ષા હતી, માટે સંસાર માંડ્યો છે. મફતમાં કોઈની જવાબદારી તમે માથે લો તેમ નથી. તમારે ધાર્મિક સંસ્થામાં પણ માણસો કામ કરવા રાખવા પડે છે, કારણ કે સંઘમાં પણ કોઈ સેવાભાવથી કામ કરવા તૈયાર નથી. જીવ સંસાર સ્વાર્થથી જ માંડે છે. અંદરથી જો સાચું analysis (પૃથક્કરણ) કરો તો જગત આખું સ્વાર્થપ્રેરિત થઈને કામ કરે છે. દીકરા, કુટુંબનું પાલનપોષણ પણ તમે સ્વાર્થથી જ કરો છો. પરોપકારની ભાવના મહાદુષ્કર છે. જ્યારે ધર્મનો પરોપકારની ભાવનાથી પ્રારંભ થાય છે, માટે જ ધર્મ દુષ્કર છે. જાતને પૂછજો કે ધંધો પણ હું શું કામ કરું છું ? શા માટે કમાઉં છું ? વિચારજો. લાચારી કે મજબૂરીથી કમાઓ છો ? ઘણાને અત્યારે કમાવાની જરૂર પણ નથી.

ખાવા-પીવાની બાબત અનિવાર્ય છે. તીર્થંકરો અને મહામુનિઓ પણ આહાર વિના દેહ ટકાવી નથી શકતા, માટે તેઓને પણ સાધના કરવા ખાવું અનિવાર્ય છે. તમે અનિવાર્ય છે માટે ખાઓ છો ? તમને ખાવામાં સ્વાર્થભાવ નથી ? તેમાં પણ તમે લાચારી નહીં બતાવી શકો. કારણ, ખાવામાં ખાલી જીવન જરૂરિયાત છે માટે ખાઓ છો ? કે પછી આસક્તિ, વિકારો, સ્વાદને પોષવાની ભાવનાથી ખાઓ છો? અને ખાધા પછી જે શક્તિ મળે છે, તેનો સદુપયોગ કરવાની જ ભાવના છે ? તે માટે જ મારે ખાવું છે, આવી ભાવના ખરી ? ના, કારણ તમારો સર્વત્ર ભૌતિક સ્વાર્થ સમાયેલો છે. હવા લો છો, પાણી પીઓ છો, માંદાં પડો તો ડોક્ટરને બતાવીને ઉપચાર કરો છો, તેમાં પણ સ્વાર્થ ખરો ? કે વગર સ્વાર્થે કરો છો ?

**સભા :-** *સાજા થવા દવા કરીએ છીએ.*

**સાહેબજી :-** સાજા થઇ, પરોપકાર કરવા માગતા હો તો બરાબર, પણ લગભગ જીવન પરલક્ષી નથી હોતું; તેથી દવા લેતાં મારે સાજા થવું છે, પછી તેમાં ગમે તેટલી હિંસા થાય તેનો વિચાર જ નહીં કરવાનો. વળી, આ બધી પંચાત કરીએ તો જીવી ન શકીએ, પાછા એમ મનમાં માનો. આ જ બધાં કારણોથી તમને બધે પાપ લાગે છે. આ જગતમાં અતિશય સ્વાર્થ હોય તેને ઉગ્ર પાપ બંધાય છે, આ જગતમાં જેને ઓછો સ્વાર્થ હોય તેને મંદ પાપ બંધાય છે; પણ જ્યાં જીવન સ્વાર્થમય છે, ત્યાં પાપ છે જ. આપણો કર્મવાદ પણ કહે છે કે જેના મનમાં સ્વાર્થ નહીં, તે ભલે સંસારમાં રહેતો હોય તો પણ રતીભાર તેને પાપ બંધાતું નથી. સંસારની બધી પ્રવૃત્તિ કરતો હોય તો પણ તેને પાપબંધ નથી.

**સભા :-** *સ્વાર્થથી કયા કર્મનો બંધ થાય છે ?*

**સાહેબજી :-** બધા અશુભ કર્મોનો બંધ સ્વાર્થથી થાય છે. જેમ ખાવામાં તમે દાળ-ભાત-રોટલી ખાઓ છો, તેમાં કેટલી હિંસા થાય છે ? કેટલા ઘઉંના દાણાથી રોટલી બને છે ? ઘઉંના દાણા બધા એકેંદ્રિય જીવો છે. એટલે રોટલી એ એકેંદ્રિય જીવોનાં મડદાં છે. તે હિંસાનિમિત્તક અશુભ કર્મોનો બંધ થાય છે. સંસારનું સ્વરૂપ જ આવું છે. તેમ શાક પણ વનસ્પતિ જીવોના કલેવર છે. આપણને કોઇ કાચું સમારીને ખાય તો આપણા પર કેવી વીતે ? માટે બધી વાનગીમાં હિંસા છે. તે જીવોએ તમારું કશું બગાડ્યું નથી, તમને હેરાન કરવા આવ્યા નથી, તમારા જીવનમાં ક્યાંય disturb(અવરોધ) કરતા નથી. વિચારજો, વનસ્પતિના જીવોએ કંઇ તમારું બગાડ્યું છે ? તમને કાંઇ હેરાન કરે છે ? છતાં પણ વગર અપરાધે તે નિર્દોષ જીવોને તમે સાફ કરો છો, મારી નાખો છો. આટલી પ્રત્યક્ષ હિંસા હોવા છતાં તમે દલીલ કરો છો કે તેમાં અમને પાપ કેમ લાગે છે ? પણ તમે તમારા માટે કે તમારાં સગાંસંબંધી માટે જ આ હિંસા કરો છો. તેમાં બધે તમારો સ્વાર્થ સમાયેલો છે. માટે ખાતાંપીતાં, હરતાંફરતાં, ધંધોધાપો કરતાં, કુટુંબનું પાલનપોષણ કરતાં, બધે જ તમને પાપ લાગે છે. કારણ તમારી મનોવૃત્તિ પ્રમાણે સ્વાર્થ વગર તમે કશું કરી શકો તેમ નથી. સમાજમાં કહેવત છે ને "લાલો લાભ વિના લોટે નહીં." તમને સ્વાર્થ દેખાય તો જ પ્રવૃત્તિ કરો તેવો તમારો મનોભાવ છે.

**સભા :-** *પાંચમા ગુણસ્થાનકવાળો શ્રાવક હિંસા કરતો હોય તો પાપ લાગે ?*

**સાહેબજી :-** હા, તેને પાપ લાગે. પણ સમકિતના વિવેક સાથે તે પ્રવૃત્તિ કરે છે, માટે તે ધિઠ્ઠાઈપૂર્વક હિંસા કરતો નથી; તેથી તેને પાપ ઓછું લાગશે અને સાથે અનુબંધ તો પુણ્યનો જ થશે. વિવેક હોવાના કારણે અવિવેકી કરતાં ઓછું પાપ લાગશે.

તમે મોટરમાં પરોપકાર માટે બેસો છો કે સગવડતા માટે બેસો છો ? તમારા સ્ટેટસ માટે મોટરો રાખો છો, તેમાં કયો ભાવ છે ? જ્યારે ઉપયોગ કરો ત્યારે હિંસા સ્વાર્થના કારણે થઈ છે, છતાં તમે દલીલ કરો કે એમાં પાપ કેમ લાગે ? એટલે તમારો સિદ્ધાંત શું થયો ? કે તમારા સ્વાર્થ ખાતર બીજા જીવોને દુઃખ આપો તે પાપ ન ગણાય. તો પછી પૂછવું પડશે કે પાપ કોને કહેવાય ? જરૂરિયાત એ કાંઈ ધોરણ છે ? કાલે ઊઠીને ગુંડો કહેશે કે મને ચોરી કરવાની જરૂરિયાત છે, માટે ચોરી કરું છું; એટલે શું તે પાપ નહીં કહેવાય ? સ્વાર્થથી હિંસા કરવા છતાં પોતાની જાતને નિર્દોષ માને તે વાજબી નથી; પરંતુ પરોપકારની ભાવનાથી હિંસા કરે તો પાપ બંધાય નહીં, કારણ કે ત્યાં જીવ મરવા છતાં ભાવ જુદો છે.

દા.ત. એક માણસ લૂંટવા આવ્યો. તે વખતે તમારે પૈસા બચાવવા છે. તમને એમ થાય કે તમને કેમ લૂંટી જાય ? અને તમે તેની સાથે મારામારી કરો, અને તે વખતે સામેનો માણસ તમારાથી મરી જાય તો હિંસાનું પાપ લાગે ને ? હા, કારણ તમે લડ્યા શું કામ ? પૈસાને બચાવવા માટે. તમારી સગવડતાના સાધનના રક્ષણ માટે તમે લડ્યા છો, પરોપકાર માટે કાંઈ નથી લડ્યા. પણ તેને બદલે તમે રસ્તા પર જતા હો ત્યારે કોઈ ગુંડો નિર્દોષ વ્યક્તિને લૂંટી લેતો હોય, સદાચારી સ્ત્રી પર આક્રમણ કરતો હોય, તે વખતે તમને એવું થાય કે મારી નાગરિક તરીકે ફરજ છે કે તેનું મારે રક્ષણ કરવું જોઈએ; પાછો તમારે તે સ્ત્રી સાથે કોઈ અંગત સ્વાર્થ ન હોય, પરંતુ માત્ર પરોપકારની ભાવનાથી તમે તે ગુંડા સાથે લડો, અને ઝપાઝપીમાં કદાચ ગુંડો મરી જાય, તો હિંસાનું પાપ લાગે ખરું ? ન લાગે. કારણ ભાવના પરોપકારની છે, અંગત સ્વાર્થ માટે માર્યો નથી. કર્તવ્ય બજાવવા માટે આ હિંસા છે. એટલે સ્વાર્થ અને પરોપકારની ભાવના વચ્ચે ઘણો તફાવત છે. એકની એક પ્રવૃત્તિ હોવા છતાં, સ્વાર્થથી કરો તો પાપ અને પરોપકારથી કરો તો પુણ્ય બંધાય.

તમે સ્વાર્થથી હિંસાની પ્રવૃત્તિ કરો છો, જેમ કે, ખાવા માટે રસોઇ રાંધો છો, અને આનંદ-પ્રમોદ ખાતર ખાઓ છો, માટે આ સ્વાર્થથી હિંસા થઇ. તેના બદલે કોઇ ભૂખ્યો તરસ્યો આવે અને તેને ખવડાવો તેમાં પણ હિંસા છે. આમ તો બન્નેમાં હિંસા છે, છતાં પણ ભૂખ્યા તરસ્યાને ખવડાવો તો પુણ્ય બંધાય. કારણ દયાથી આપો છો, માટે પુણ્ય બંધાય છે; અને તમે સ્વાર્થથી ખાઓ છો, માટે પાપ બંધાય છે. આમ એકની એક પ્રવૃત્તિમાં પણ પરિણામ-ઉદ્દેશ બદલાય એટલે બંધમાં તફાવત પડી જાય છે.

**સભા :-** *સાધુ ગોચરી વાપરે છે તેમાં પાપ બંધાય ?*

**સાહેબજી :-** સાધુ શું કામ ગોચરી લે છે ? હા, તમારે ત્યાંથી બહુ જ સરસ આઇટમો મળે છે, માટે તમારે ત્યાંથી લઉં અને પછી ખૂબ જ મજાથી-ટેસ્ટથી ગોચરી વાપરું, તો મને પાપ લાગે. પરંતુ સાધુને ગોચરી શું કામ લેવાની છે ? શરીર ટકાવવું છે. વળી, શરીર પણ કેમ ટકાવવું છે ? શરીર પર મોહ છે માટે ટકાવવું છે ? જો આ ભાવના હોય તો ચોક્કસ સાધુને પણ પાપ લાગે. પરંતુ સાધુનું શરીર આરાધનાનું સાધન બનવું જોઇએ અને તે માટે અમે પાલનપોષણ કરતા હોઇએ તો પાપ ન લાગે. ઉત્સર્ગ માર્ગે આચાર શું છે તે ખબર છે ? હું તમારા ત્યાં ગોચરી શું કામ લેવા આવું છું ? અમે રસોઇ રાંધીએ નહીં, રંધાવીએ નહીં, રાંધતાને સારા માનીએ નહીં. અમારે ગોચરી પણ અહિંસક પદ્ધતિથી લેવાની, વાપરવાની પણ અહિંસક પદ્ધતિથી અને પછી શરીરની જે શક્તિ કે બળ મળે તેનો ઉપયોગ પણ અહિંસાના પાલન માટે કે તેના ઉપદેશ માટે કરવાનો છે. આખી દુનિયામાં જીવન જીવવાની આવી અદ્‌ભુત નિર્દોષ શૈલી મળશે નહીં, બાકી અમને પણ સ્વાર્થનો ભાવ આવે તો પાપ લાગે. જ્યારે તમારે હિંસક પદ્ધતિથી શક્તિ મેળવવાની અને મેળવેલી શક્તિનો હિંસામાં ઉપયોગ કરવાનો. ભૂતકાળમાં કે વર્તમાનમાં કોઇ દાખલો નથી કે જીવ સ્વાર્થભાવ કરે અને પાપ ન બંધાય. ગમે તે વ્યવહાર પરોપકારથી કરો તો પુણ્ય બંધાય અને સ્વાર્થથી કરો તો પાપ બંધાય.

ઘણા શ્રાવકો સંસારમાં બેઠા છે, જીવનમાં આરંભ-સમારંભ કરે છે, પણ તેને તેઓ પાપ તરીકે સ્વીકારતા નથી. પાછું કહે છે કે આ તો કોમન છે, આમ જ જીવાય.

પરંતુ આ એંગલ ખોટો છે. જૈનશાસ્ત્રની દૃષ્ટિ જુદી છે. શ્રાવક તો શું રાજા-મહારાજા પણ જો જીવનમાંથી સ્વાર્થને તિલાંજલિ આપે તો તેમને પણ પાપ લાગતું નથી. પણ તમને બધે સ્વાર્થ ભૂતની જેમ વળગ્યો છે.

જેમ તમારે ત્યાં સગા-સંબંધી આવ્યા, તેની તમે સરભરા કરી, પણ તેને ત્યાં જાઓ ત્યારે તે પ્રમાણે તમને આવકાર ન આપે, તો શું ભાવ થાય ? સ્વાર્થી અને કૃતઘ્ની લાગે ને ? તમે મહેમાનની સરભરા પણ બદલાનો ભાવ રાખીને કરો છો. ડગલે ને પગલે આ સ્થિતિ છે. જેમ કોઇના લગ્નમાં સો રૂપિયાનો ચાંદલો કર્યો અને તમારા દીકરાના લગ્નમાં એકાવન રૂપિયાનો ચાંદલો કરે તો શું થાય ? ત્યારે કહેશો કે તે બધાના પૈસા જમી જાય તેવો છે. માટે તમને બધે બદલાની ભાવના ખરી.

**સભા :-** *ભગવાનની પૂજા કરતાં શું બદલાની ભાવના આવે ?*

**સાહેબજી :-** તમને બધાને પૂછવા જેવું છે કે તે વખતે તમારા ભાવ શું હોય છે ? તમે તેમની પૂજા કરો છો અને છતાં પણ જો તમને તકલીફ આવે તો શું કહો ? "પ્રભુ ! તમારી દરરોજ પૂજા કરું છું, છતાં પણ મને કેમ તકલીફ આવી ?" માટે ત્યાં પણ બદલાનો ભાવ છે.

**સભા :-** *વચમાં આવીને ઘૂસણખોરી કરે તો પાપ લાગે ?*

**સાહેબજી :-** જેટલી અવિધિ તથા બીજાને વિક્ષેપ-અંતરાય કરતા હોય, તેટલો તેને દોષ લાગે છે. જેમ કોઇ પક્ષાલ કરવા વચ્ચે ઘૂસે તો પાપ લાગે. શું તે એક જ કામગરા છે ? બીજા બધા નવરા છે ? માટે બધે અંતરાયનાં પાપ લાગે છે. બધા આરાધના કરતા હોય તેમાં વિઘ્ન કરે, બોલબોલ કરે, વચમાં આવીને ઘૂસીને ઝટ પૂજા કરે, આ બધા ભાવોથી પાપ લાગે છે.

**સભા :-** *આવી વ્યક્તિને જોઈને બીજાને તેના પર દ્વેષ થાય તો પાપ લાગે ?*

**સાહેબજી :-** હા, આનાથી જેને દ્વેષ થાય તેને પણ પાપ લાગે અને આવી પ્રવૃત્તિ કરનારને પણ પાપ લાગે. ધર્મ કરનારની નાની ભૂલથી અકળાઇને દ્વેષ કરી ઠપકો આપો તો પણ ચોક્કસ પાપ લાગે. શું તમે આખા ગામના ગુરુ છો ? ધર્મ કરતાં

શ્રાવક ભૂલ કરતો હોય તો તેને વિધિનો બોધ આપવાની જવાબદારી ગુરુ ભગવંતની છે. તેથી જ અમે પ્રસંગે ઉપદેશ આપીએ છીએ, વિધિ-અવિધિ જણાવીએ છીએ.

**સભા :-** *છતાં પણ અવિવેક કરે તો ગુરુને દોષ લાગે ?*

**સાહેબજી :-** ના, અમારે સમજાવવાનો, ઉપદેશ આપવાનો; છતાં પણ તે બરાબર ન કરે તો અમને દોષ લાગતો નથી. ઉપદેશની બહુ પાત્રતા ન દેખાય તો અમે નાની અવિધિ જોઇએ ત્યારે મૌન રહીએ છીએ. પરંતુ મોટી અવિધિના દોષ જોઇએ તો અમારે ફરીવાર કહેવું પડે, ન સાચવનારને કાન પકડીને બહાર પણ કાઢવા પડે. સામાન્ય રીતે જીવની પ્રાથમિક કક્ષામાં ક્ષુદ્ર મનોવૃત્તિ હોય છે, માટે નાના નાના દોષ રહેશે; પરંતુ તેનાથી તેને પાપ તો લાગશે.

**સભા :-** *આવા ઠેકાણે શ્રાવકને કેવી જવાબદારી આવે ? અને ક્યાં આવે ?*

**સાહેબજી :-** વડીલોને આ જવાબદારી આવે. જેમ કે દીકરો કંઇ ખોટું કરતો હોય તો બાપને સુધારવાની જવાબદારી આવે. પણ આખા ગામની જવાબદારી તમને કાંઇ સોંપી નથી. નાના દોષો પણ કહેવાય કઇ રીતે ? તેને સુધારવા કઇ રીતે ? તેમાં પણ વિવેક માગશે. વળી વડીલે ધ્યાન દોર્યું અને પછી પણ ન કરે તો વડીલની જવાબદારી આવતી નથી. અત્યારે તમે ભગવાનને પ્રક્ષાલ સાત કળશથી કરશો, પણ ઘરેથી દૂધ-પાણી લાવવાના હોય તો એક પરમાત્માને પણ પ્રક્ષાલ કરશો ખરા ? માટે વૃત્તિ કેવી છે ? મફતનું વાપરવું છે. જેમ પોતાના પૈસાથી ફળ ચઢાવવાનાં હોય તો વિચાર કરે, પરંતુ ત્યાં જો ફળ મૂકેલાં હોય તો વગર પૈસે પણ બધાં ભગવાનને ચઢાવી આવે. આવી બધી ક્ષુદ્રવૃત્તિવાળાને પાપ લાગે છે. ઘણાની આવી tendency(વૃત્તિ) હોય છે. આમ પાછા સુખી હોય, સાધનસંપન્ન હોય, પણ પ્રકૃતિ એવી કે પારકું અને મફતનું હોય તો લાભ લેવા તૈયાર.

**સભા :-** *વચ્ચે ઘૂસીને પહેલો લાભ લે તેને લાભ ખરો ?*

**સાહેબજી :-** હા, ઝટઝટ કરીને ભલે વચમાં ઘૂસી જાય છે, પરંતુ તેને લાભ ખરો; કારણ તેને દેરાસરમાં પરમાત્મા પ્રત્યે ભક્તિભાવ છે, માટે જ દેરાસરમાં આવે

છે; ગમે તે ઠેકાણે ભક્તિનો ભાવ નથી, તેથી જ દેરાસરમાં લાભ લેવા પડાપડી કરે છે. ઘણાને દર્શન-પૂજાની પડી પણ નથી હોતી. આને જ કેમ ઉમંગ છે ? કારણ સદ્ભાવ છે, શ્રદ્ધા છે, માટે જ આવું કરે છે. કોઇ અહીંયાં રોજ પ્રભાવના કરતું નથી કે તેના હિસાબે આવતો હોય, માટે તેને લાભ તો છે; પરંતુ સાથે વૃત્તિ કેવી કે પહેલાં પોતે લાભ લઇ લેવો, પણ તેનાથી બીજાને અંતરાય પડે છે, માટે પાપ બંધાય છે. જેમ દર્શન કરતાં વચ્ચે ઊભો રહે તો પાછળનાને અંતરાય થાય છે, માટે પાપ બંધાય છે; પરંતુ સાથે ભગવાનના દર્શનનો ભાવ છે , તેથી પુણ્ય બંધાય છે.

**સભા :-** *સાહેબજી, કાજો પણ નથી લીધો હોતો અને ઘૂસી જાય, એને અજયણાનો દોષ લાગે ખરો ?*

**સાહેબજી :-** હા, ચોક્કસ દોષ લાગે છે. મેં અત્યારે શાસ્ત્ર પ્રમાણે સંપૂર્ણ વિધિથી પૂજા કરતી હોય, તેવી કોઇ વ્યક્તિને જોઇ નથી. છતાં આવા નાના દોષો સેવવાથી ગેરલાભ પણ છે અને સાથે પૂજા કરે છે માટે પુણ્ય પણ છે.

**સભા :-** *સાહેબજી, શાસ્ત્ર રીતે વિધિ સમજાવો ને ?*

**સાહેબજી :-** એનું આ જ ગ્રંથમાં, પ્રણિધાનભાવધર્મ પછી બીજો ભાવધર્મ પ્રવૃત્તિમાં વિવેચન આવશે. પ્રણિધાનયુક્ત ધર્મમાં અવિધિ હોય, છતાં પણ એ ભાવપૂર્વકની ક્રિયા હોવાથી મોક્ષનું સાધન છે; જ્યારે પ્રવૃત્તિભાવધર્મમાં તો બધે વિધિની demand(માંગ) આવશે. આ ગ્રંથમાં તો આગળ પૂજા-ચૈત્યવંદન અંગે એંસી યોગોનું વર્ણન છે, જેમાં દર્શન-પૂજા-ખમાસમણું આદિ વિધિ સહિતના યોગો કેવા હોય તેનું વિસ્તૃત વર્ણન આવશે.

અમે અવિધિનો બચાવ કરતા નથી, પરંતુ પ્રારંભિક કક્ષાના જીવોની નાની અવિધિ ચલાવી લેવાની વાત છે. વળી, મોટી અવિધિ તો ન જ ચાલે. નાની અવિધિ કરનારને જેટલો શુભ ભાવ છે, તેટલો લાભ થશે. અત્યારે તમને દેરાસરમાં કઇ રીતે જવું, કઇ રીતે પૂજા કરવી, ચૈત્યવંદન કેમ કરાય, તે કાંઇ જ ખબર હોતી નથી. ઘણા તો એક-બીજાને જોઇને કરતા હોય છે.

**સભા :-** *દેવવંદનભાષ્ય જાણતો હોય છતાં અવિધિ કરે તો ?*

**સાહેબજી :-** પરંતુ જે વિધિ જાણતો હોય તેને પોતાની અવિધિની ખબર પડે. તેના હૃદયમાં તેનો ડંખ હોય, વિધિ માટે બહુમાન હોય, તો તેને અવિધિથી કરતાં પણ પુણ્ય બંધાય છે; કારણ તેને વિધિ માટે તો આદર છે જ.

**સભા :-** *કોઈ મોટા અવાજે ચૈત્યવંદન કરે તો પાપ બંધાય ?*

**સાહેબજી :-** મોટા અવાજે ચૈત્યવંદન કરવાની ના નથી, પણ શાસ્ત્રમાં લખ્યું છે કે સુમધુર અવાજ સાથે, સ્પષ્ટ ઉચ્ચાર સાથે જો પ્રયોગ થતો હોય, તો સાંભળનારને પણ તેનાથી ભાવ પેદા થાય અને બોલનારને પણ વધુ ભાવ આવે; આ રીતે ચૈત્યવંદન કરવાનું છે. જેમ કોઇ સુમધુર કંઠે સ્તવન ગાય તો લાયક જીવોને ત્યારે વિશેષ ભાવો-ઊર્મિઓ થાય. ચર્ચમાં જેમ મૌન પદ્ધતિથી prayer(પ્રાર્થના) થાય છે, તેમ આપણે કરવાનું નથી. પરંતુ જો તમારો અવાજ સુમધુર-સ્પષ્ટ ન હોય તો મોટેથી કરવાથી બીજાને disturb(વિક્ષેપ) થાય, જેથી તે ચૈત્યવંદન કરતાં ભૂલી જાય, તેને અંતરાય થાય. જિનમંદિરો તો ભક્તિથી ગાજતાં હોવાં જોઇએ. સ્તવનો-સ્તુતિ બોલાતાં હોય, વાજિંત્રો વાગતાં હોય, કાંઇ દેરાસરમાં pin drop silence રાખવાની નથી.

**સભા :-** *મૂળનાયકજી સામે જ સ્નાત્ર ભણાવવું જોઈએ ? બીજે ભણાવીએ તો દોષ લાગે ?*

**સાહેબજી :-** મૂળનાયકજી સામે જ સ્નાત્ર ભણાવવું તેવું નથી. દેરાસરમાં ગમે તે સ્થાને ભણાવી શકો છો. આ બધી ભક્તિ-ક્રિયાથી દેરાસર ગાજતું હોય. જાહેર દેરાસર કાંઇ ધ્યાનનાં ધામ છે ? દેરાસર તો ભક્તિ અને ઉપાસનાનાં સ્થાન છે. ધ્યાન કરવા માટે તો તીર્થસ્થાનો છે અથવા તમારે ઘરે દેરાસર રાખવાનાં છે. જાહેર જિનમંદિરમાં તો સામૂહિક ભક્તિ જ થાય, જેમાં એકબીજાની ભક્તિ જોઇને બળ મળે, પ્રેરણા મળે, આલંબન ઊભું થાય. સામાન્ય જીવોને ભાવો વધુ આવે માટે ભક્તિ સામૂહિક રીતે દેરાસરમાં કરવાની છે. પરંતુ તમે એવું માની બેઠા છો કે મસ્જિદ-ચર્ચમાં જેવી શાંતિ છે, તેવી દેરાસરમાં જોઇએ. માટે જૈનોમાં કહેનારા છે કે આપણા દેરાસરમાં કાંઇ discipline(શિસ્ત) નથી, શાંતિ નથી. પરંતુ તેમને ખબર છે કે આપણા દેરાસરમાં

ઘંટનાદ મૂક્યો છે, જેનાથી દેરાસર રણકતું હોય ? દરેક વસ્તુ કરવાના સ્ટેજ છે. ધ્યાન કરવું તે વ્યક્તિગત વસ્તુ છે, જ્યારે ભક્તિ-ઉપાસના જાહેર વસ્તુ છે.

**સભા :-** *પ્રેક્ષાધ્યાન ચાલે છે તેનું શું ?*

**સાહેબજી :-** સમજો, કાં વ્યક્તિ પ્રેક્ષામાં હોય, કાં ધ્યાનમાં હોય. જે પ્રેક્ષામાં હોય તે ધ્યાનમાં ન હોય અને ધ્યાનમાં હોય તે પ્રેક્ષામાં ન હોય. અનુપ્રેક્ષા તે તત્ત્વચિંતનની એક અવસ્થા છે. શાસ્ત્રકારોએ પહેલાં ચિંતન, પછી ભાવના, પછી અનુપ્રેક્ષા અને પછી ધ્યાન કરવાનું કહ્યું છે. જે વ્યક્તિ ચિંતન કે ભાવનામાં હોય કે અનુપ્રેક્ષામાં હોય તેનામાં ધ્યાન ન હોય; ધ્યાન હોય તેનામાં ચિંતન, ભાવના કે પ્રેક્ષા હોય નહીં. માટે પહેલાં શબ્દો બરાબર ગોઠવીને બોલો.

**સભા :-** *સાહેબજી, અનુપ્રેક્ષા કયા લેવલે આવે ?*

**સાહેબજી :-** ગીતાર્થ સિવાય બીજો અનુપ્રેક્ષા કરી શકે નહીં. તેથી અનુપ્રેક્ષા માટે આ સ્ટેજ અનિવાર્ય છે, તો પછી ધ્યાન તો તેનાથી ઊંચી વસ્તુ છે. પરંતુ અત્યારે તમને બધાને ધર્મના ક્ષેત્રમાં બસ, નવું કાંઇક જોઇએ છે. ચીલાચાલુ ચાલતું નથી અને પાછું સાથે ઇન્સ્ટન્ટ જોઇએ છે. ખરેખર ધર્મમાં આગળ જવું હોય તો તીર્થંકરોએ ક્રમસર સાધનામાર્ગ બતાવ્યો છે, તે જ રીતે આગળ વધાય.

જેમ કે પહેલાં ભક્તિ, પછી જાપ, પછી ચિંતન, મનન, ભાવના છે; પછી અનુપ્રેક્ષા અને પછી ધ્યાન છે. ધ્યાન કાંઇ ટોળામાં આવે નહીં, વ્યક્તિગત ધ્યાન કરવાનું છે. પરંતુ અત્યારે જે પ્રવાહ ચાલી રહ્યો છે તે ખોટો છે. બીજાનું છે માટે અમે આવી સમીક્ષા નથી કરતા, પરંતુ શાસ્ત્ર કહે છે માટે કહીએ છીએ. શાસ્ત્રમાં લખ્યું છે કે અમારે સાધુને પણ જો તે પ્રજ્ઞાસંપન્ન હોય, ચારિત્રસંપન્ન હોય તો પણ, ધ્યાન પૂર્વાર્ધ અવસ્થામાં નથી. ધ્યાન તો ઉત્તરાવસ્થા અને અંતિમ અવસ્થામાં કરવાનું છે. પહેલાં તો સૂત્ર પોરસી, અર્થ પોરસી છે. માટે અમારે પણ stepvise(ક્રમબદ્ધ) જવાનું છે.

**સભા :-** *ઉત્તરાવસ્થા એટલે કઈ ?*

**સાહેબજી :-** જ્યારે જીવનનો છેલ્લો તબક્કો શરૂ થાય ત્યારે. જેમ કે પહેલાં

ભણવાનું, સાથે ચારિત્ર સારું પાળવાનું. ત્યાર બાદ શાસનનાં જે કર્તવ્યો છે તે અદા કર્યા પછી ધ્યાન કરવાનું છે. સાધુ તેનાં કાર્યોમાંથી નિવૃત્તિમાં જાય, ત્યારે જ ધ્યાન કરવાનું છે. જેમ કે પહેલાં ભણવાનું, અર્થચિંતન કરવાનું, પછી જ્ઞાતા થયા પછી વાચના આદિ આપવાની. એમ ક્રમિક બધાં કર્તવ્યો અદા કર્યા પછી ધ્યાન કરવાનું છે. જૈનશાસનને યથાર્થ બોધ દ્વારા પામી તેનું ઋણ ચૂક્તે કરવું તે સાધુનું પણ પ્રથમ કર્તવ્ય છે.

હવે આપણે મૂળ વિષય પર આવીએ.

જ્યાં પણ સ્વાર્થના ભાવો છે, ત્યાં એકાંતે પાપબંધનાં કારણો હાજર છે. કુટુંબ ચલાવો છો, વેપાર ધંધા કરો છો, સંતાનોનું પાલનપોષણ કરો છો, મોટર જેવાં અનેક સગવડતાનાં સાધનો રાખો છો, વાપરો છો, ત્યાં બધામાં સ્વાર્થનો પરિણામ છે; માટે પાપે લાગે છે. તમે જ્યારે સ્વાર્થને દફનાવી શકશો, ત્યારે જ પુણ્ય બાંધી શકશો.

**સભા :-** *સ્વાર્થ પ્રશસ્ત ક્યારે બને ?*

**સાહેબજી :-** જ્યાં સુધી ભૌતિકતામાં સ્વાર્થ હશે ત્યાં સુધી સ્વાર્થ પ્રશસ્ત બનવાનો નથી. જ્યારે ભૌતિકતામાંથી આત્મિકતામાં સ્વાર્થને લાવશો, પછી તે પ્રશસ્ત થશે. લગ્નમાં ચાંલ્લો પણ શુભ ભાવથી આપો તો પુણ્ય બંધાશે.

**સભા :-** *તેમાં શું શુભ ભાવ આવે ?*

**સાહેબજી :-** સામાજિક ઉચિત કર્તવ્ય છે, આર્યદેશની પ્રણાલિકા છે. આનંદનો અવસર બધા ભેગા મળીને કરો તો એકબીજા પ્રત્યે લાગણી ઊભી થાય. સુખ-દુઃખના પ્રસંગોમાં આખો સમાજ સહભાગી બને. તમારા દીકરાનાં લગ્ન વખતે તમારી શક્તિ પ્રમાણે સગાંને, સંબંધીને, પારિવારિક કુટુંબોને જમાડવાનાં છે. અત્યારે લોકો કહે છે, આખા ગામને જમાડવાની શું જરૂર છે ? પરંતુ સુખ કાંઈ એકલાએ ભોગવવાનું નથી, બધા સાથે ભોગવવાનું છે, વહેંચીને ભોગવવાનું છે. તેમાં એકલપંડા-સ્વાર્થી બનવાનું નથી.

**સભા :-** *આ બધું કરતાં આરંભ-સમારંભ થાય ને ?*

**સાહેબજી :-** હા, ચોક્કસ થાય. જેને આરંભ-સમારંભમાંથી સંપૂર્ણ છૂટવું હોય તેણે દીક્ષા જ લેવી જોઈએ. સંસારમાં રહેનારને તો સામાજિક કર્તવ્યો નિમિત્તનો આરંભ-સમારંભ કરવાનો આવશે જ, અને જે તેમાંથી છટકવા માંગે છે તેને તેનાથી વધારે પાપબંધ થવાનો. આ આર્યદેશનો ઉચિત વ્યવહાર છે. બરાબર સમજો. માર્ગાનુસારી વ્યવસ્થામાં સાદગીથી કે સમૂહમાં લગ્ન કરવાનાં નથી. જૈનશાસન કે આર્યપરંપરાને આ માન્ય નથી.

આર્યવ્યવસ્થા ઋષિમુનિપ્રણીત છે. તેના મૂળમાં તીર્થંકરપ્રણીતતા છે. આ બધી વ્યવસ્થા સાત્ત્વિક મનોવૃત્તિ તથા શુભ ભાવ કેળવવા માટે અને પુણ્યબંધના સાધન તરીકે છે. પણ તમે જીવનમાં જ્યાં આ ચૂકો, ત્યાં પાપબંધ થાય છે; તેથી પુણ્યબંધને ગુમાવો છો. તમે લગ્નનું જમણ કરતાં પણ પુણ્ય બાંધી શકો છો. પરંતુ એમ થાય કે આ ઉપાધિ ક્યાં આવી ? બધા મફતિયા આવીને ખાઈ જશે. આ ભાવ સાથે જમાડો તો જમાડીને પણ પાપ બાંધો છો.

# ૨૫

શ્રાવણ વદ છઠ, તા.૧૬-૮-૯૫, બુધવાર.

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને પરમતત્ત્વ પ્રાપ્ત કરાવવા ધર્મતીર્થની સ્થાપના કરે છે.

આ જગતમાં પરમતત્ત્વ વિશુદ્ધ આત્માનું સ્વરૂપ છે. જે જીવ આ પામી જાય તેને પછી કાંઈપણ પામવાનું બાકી રહેતું નથી; અને જેઓ આને પામી ગયા છે, તે બધા સિદ્ધશિલા પર બેઠા છે. આત્મસ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ તેનું જ નામ મોક્ષ છે.

## સ્વાર્થભાવનાથી પાપબંધ, પરોપકારભાવનાથી પુણ્યબંધ :

તેને પામવા માટે જ્ઞાની ભગવંતોએ સાધનાનો માર્ગ બતાવ્યો છે અને તે સાધના ક્રમથી બતાવી છે. તે સાધનાનું પ્રારંભિક પગથિયું છે પરોપકાર અને પ્રણિધાનભાવધર્મમાં તેને વણી લીધો છે. જેનામાં પ્રણિધાન હોય તેવા આત્માનું મન ચોવીસે કલાક પરોપકારની ભાવનાથી ઊભરાતું હોય. પરંતુ આપણને પરોપકાર ન ગમવાનું કારણ શું ?

તમે તમારા જીવનમાં કદી પણ તમારું ખરાબ ઇચ્છ્યું નથી. જાગતાં તો સવાલ જ નથી, પણ સ્વપ્નમાં પણ તમે કદી તમારું બૂરુ વિચાર્યું નથી. કારણ, તમે ચોવીસે કલાક તમારું સારું જ ઇચ્છો છો અને આ શાશ્વત વૃત્તિ છે; જ્યારે બીજાનું સારું ઇચ્છવાની ભાવનાના અવસરે કહેશો, કે "મેં કાંઇ બધાની જવાબદારી માથે લીધી છે ?" અને તે જ સ્વાર્થ છે. આવી મનોકામનાવાળા જીવને ધર્મ કહે છે કે "તારું સારું કરવાની ભાવના અને બીજાનું સારું ન કરવાની ભાવનાથી જ, તારું અનંતકાળથી ખરાબ થઇ રહ્યું છે. કારણ તારા અંતઃકરણમાં જે ભાવ હોય તેના પડઘારૂપે કુદરતમાં પ્રતિભાવ મળે છે, ફળરૂપે તે જ મળે છે." આ અટલ ન્યાય છે. માટે હૃદયમાં એકપણ સ્વાર્થનો પરિણામ છે ત્યાં સુધી પોતાનું અહિત થાય તેવાં કર્મ બંધાવાનાં જ.

પુણ્ય બાંધવા માટે પરોપકારભાવના તે જ ખરું સાધન છે. પરોપકાર અને સ્વાર્થ તે પરસ્પર વિરોધી છે. પરોપકારભાવનામાં તાકાત એવી છે કે એકની એક ક્રિયાને પાપમાંથી પુણ્યમાં બદલી આપી શકે છે, જ્યારે સ્વાર્થભાવનામાં પુણ્યને પાપમાં ફેરવવાની તાકાત છે.

તમે કોઈપણ ક્રિયા કેમ કરો છો ? ફૂલ ઝાડ ઉપરથી તોડ્યાં; કારણ સુગંધની મજા લેવી છે, હારતોરામાં ઉપયોગ કરવો છે, વેણીમાં નાંખવાં છે. આ સ્વાર્થ માટે તોડ્યાં છે, તો ત્યાં બીજા જીવને ત્રાસ આપ્યો માટે પાપ લાગે છે; પરંતુ તે જ ફૂલ તમે પ્રભુભક્તિ માટે તોડ્યાં હોય તો પુણ્યબંધ થાય છે; કારણ ત્યાં સ્વાર્થભાવ નથી. અહીં અશુભ ભાવ હતો તેના સ્થાને શુભ ભાવ બન્યો. તેથી એની એ જ પ્રવૃત્તિથી પાપને બદલે પુણ્ય બંધાવાનું ચાલુ થયું.

જેમ કે રસોઈ રાંધી, ખાવા બેઠા, સ્વાદ કે તાકાત માટે આરોગો છો, તો ત્યાં તમારો સ્વાર્થ છે, તેથી તે ક્રિયામાં થતી હિંસાનું પાપ લાગે છે; જ્યારે કોઈ સાધર્મિક આવે અને તેને માટે ભક્તિથી રસોઈ બનાવો, તો હિંસા થતી હોવા છતાં પાપ નહીં પણ પુણ્ય બંધાય છે. ક્રિયા તો એની એ જ છે, છતાં પણ પુણ્ય બંધાય છે. કારણ ત્યાં પરોપકાર, ભક્તિની ભાવના છે.

**સભા :-** *સાહેબજી, તમારા માટે રસોઈ બનાવીએ તો ?*

**સાહેબજી :-** તમારો ભાવ શુભ થાય, પણ અમારી આ રીતે ભક્તિ કરો તેમાં ભોગ કોનો લેવાય ? અમારો. જેની ભક્તિ કરો તેમાં તેના ગુણોનો નાશ થાય તે રીતે ભક્તિ કરવાની નથી. આ તો તમે એવી વાત કરી કે પહેલાં ટાંટિયો પકડીને પછાડો અને પછી તેની માવજત-સરભરા કરીશું. માટે તમારે યોગ્ય વિચારવું જોઈએ. જે વ્યક્તિ કંદમૂળ ખાતી નથી, તેને ભક્તિના નામે કંદમૂળ ખવડાવે તો તે ભક્તિ કહેવાય કે કમબખ્તિ કહેવાય ?

**સભા :-** *પોતે કંદમૂળ ખાતો હોય ને ગરીબને ખવડાવે તો ?*

**સાહેબજી :-** કઈ વ્યક્તિ લો છો ? જૈન, અજૈન કે શ્રાવક ?

**સભા :-** *જૈન.*

**સાહેબજી :-** જૈનને તો ખબર જ હોય કે કંદમૂળ ખાવામાં પાપ છે. જેને સમજણ નથી તે તો અજૈનમાં જ આવશે. તે દયાની બુદ્ધિથી કંદમૂળ ખવડાવે તો શુભ ભાવના કારણે તેને પુણ્ય બંધાય છે. દાનધર્મના સ્ટેજ છે, માટે અમુક પરોપકાર અમુક માટે વાજબી, અમુક માટે વાજબી નહીં; જ્યારે બીજાને બીજો પરોપકાર વાજબી છે. જેમ કોઇ ફોરેનમાં રહેનારો આફ્રિકન છે. હવે તેના ઘરમાં નોનવેજ આદિ તો કોમન હોય છે. માટે તે પોતે જમવા બેઠો અને તેવામાં ગરીબ આવ્યો, તો તે નિઃસ્વાર્થ ભાવે દયાની બુદ્ધિથી પોતાની વાનગીમાંથી ગરીબને આપે છે. બધા કાંઇ આપવા તૈયાર થતા નથી. પણ આણે તો ઉદારતાથી પોતાની વસ્તુ સ્વેચ્છાએ દયાની બુદ્ધિથી આપી છે. નિઃસ્વાર્થ ભાવના છે. માટે ત્યાં શુભ ભાવના કારણે પુણ્ય બંધાય છે. પરંતુ તે હલકી quality(ગુણવત્તા)નું પુણ્ય બંધાય છે. એના હૃદયમાં માણસ માટે દયા છે; પણ સાથે પ્રાણી માટે દયા નથી, કઠોરતા છે અને તે નિમિત્તક તેને ચોવીસે કલાક પાપ બંધાય છે; અને શુભ ભાવથી જે પુણ્ય બંધાય છે, તે પાપાનુબંધીપુણ્ય બંધાય છે. આવી વ્યક્તિ માંસનું દાન તેની કક્ષા પ્રમાણે કરી શકે છે; પણ જે પોતે ન ખાતો હોય અથવા ખાવાયોગ્ય ન માનતો હોય તેવી વસ્તુનું દાન કરે, તો દયા કહેવાય? કે અધઃપતન કહેવાય ? તેમ જૈન ભક્તિથી કંદમૂળ ખવડાવે તો અધઃપતન કહેવાશે. તમારા આચાર-વિચાર પ્રમાણે અભક્ષ્ય-અનંતકાય-બહુબીજ-વિદળ વગેરે દયાથી ન અપાય; વાસી પણ ન રાખે ને ન આપે. આ બધું જૈનો માટે ત્યાજ્ય છે, પરંતુ તેના બદલે ભક્ષ્ય વસ્તુનું ઊંચું દાન કરવું યોગ્ય છે.

હવે તમે અમારા માટે (અપવાદના કારણે), જેમ કે માંદા હોય, વૃદ્ધ-તપસ્વી હોય અથવા બીજા કોઇ વિશેષ કારણે, જેની શાસ્ત્રમાં આજ્ઞા છે; તે અવસરે તમે સાધુ માટે રસોઇ ન કરો તો દોષ લાગે. પરંતુ વગર અપવાદે ચાલુ કરો, તેમાં તો અમારાં પચ્ચક્ખાણ તોડાવો છો. માટે તે ભક્તિ નહીં પણ કમબખ્તિ કહેવાશે, જે સાચી ભક્તિ નથી. સાધુનાં વ્રત-નિયમ ભાંગે તેવી ભક્તિ બરાબર નથી. ભક્તિ એવી કરાય કે જેનાથી તેમના ગુણો વધારે ખીલે.

**સભા :-** *અમુક સાધુ ભગવંત સામેથી બનાવવાનું કહે તો શું કરવું ?*

**સાહેબજી :-** હાથ જોડી, વિનયથી કહેવું, "સાહેબ, ઉચિત નથી. હા, કારણ

હોય તો ખુશીથી જણાવશો. એમ ને એમ મારી અત્યારે ભાવના કે અનુકૂળતા નથી." વળી, આ બધું ઉદ્ધતાઈથી કહેવાનું નથી, વિનય સાથે કહેવાનું છે. જાણીબૂઝીને કોઈના દોષમાં પોષણ કરવું, તેમાં દોષપોષક તરીકે તમે જવાબદાર થાઓ છો, માટે ચોક્કસ પાપ લાગે. ધર્મના ક્ષેત્રમાં દરેકની જવાબદારી આવશે. જેમ સંસારમાં કોઈ વ્યક્તિ ભૂલ કરતી હોય અને બીજો તેના સમર્થનમાં બેસે, તો પાપના પક્ષમાં બેસનારને પાપ લાગે છે અને કરનારને પણ પાપ લાગે છે. જીવનમાં સત્યને માનો, આચરો, અને તેના ટેકામાં ઊભા રહો તો ધર્મ થાય છે; જ્યારે અસત્યને ટેકો આપો તો પાપ લાગે છે.

મયણાનું દૃષ્ટાંત આવે છે કે તેના બાપે જાહેરમાં કહ્યું કે "પ્રજાનાં સુખ-દુઃખનો કર્તાહર્તા હું છું. હું ધારું તો રાજામાંથી રંક અને રંકમાંથી રાજા બનાવી શકું." ત્યારે મયણા મૌન છે. પણ રાજાએ પૂછ્યું, "તું કેમ બોલતી નથી ?" ત્યારે આમ તો તે મૌન રહી શકતી હતી, હા જી હા પણ કહી શકતી હતી; પણ સિદ્ધાંતની વિરુદ્ધ વાત છે, માટે ઉપકારી પિતાને પણ ટેકો ન આપ્યો. તેથી દોષના પોષણની વાત આવે, ત્યારે ઉચિત વિનય સાથે ના પાડી દેવાની છે.

**તમને હિંસા-અસત્ય-અબ્રહ્મ-પરિગ્રહ વગેરે બધાં પાપ લાગે છે, કારણ આ બધામાં કેન્દ્રસ્થાન ભૌતિક સ્વાર્થ છે. મને સગવડતા-સુખ-મજા મળે છે, તો બીજાનું જે થવું હોય તે થાય; આ અશુભ ભાવથી પાપ બંધાય છે.** જેમ ચાલતાં તમારા પગ નીચે કીડી મરી તો પાપ લાગ્યું. કેમ લાગ્યું ?

**સભા :-** *ઉપયોગ નહોતો.*

**સાહેબજી :-** ઉપયોગ કેમ નહોતો ? તમારે લાપરવાહીથી ચાલવું છે, બીજા જીવની ચિંતા કરવી નથી. તમારી ચિંતા ચોવીસે કલાક કરો છો. પગમાં જરા કાંકરી કે કાંટો પણ ન વાગી જાય તેનું ધ્યાન રાખો છો. જ્યારે બીજાના પ્રાણ જાય તો પણ ચિંતા નહીં. કાંકરીવાળા રસ્તામાં ૧૦૦ કાંકરી હોવા છતાં પણ એક ન વાગે તેવા ધ્યાનથી ચાલો છો ને ? જાતની કેટલી ચિંતા ? જ્યારે બીજાના આખા પ્રાણ જાય તો પણ વાંધો નહીં. તમને બીજાના પ્રાણની ચિંતા નથી, તેથી પાપ લાગે છે. અમે તમને કહીએ કે તમે મોટરમાં બેઠા તો પાપ લાગ્યું. તો કહેશો

"શું કરીએ ? આવું બધું વિચારીએ તો ચાલે નહીં." આ તમારા હૃદયમાં રહેલો સ્વાર્થ બોલાવે છે.

**પાપ કોને ન લાગે ? કે જે પોતાનાં સુખ-દુઃખની જેવી ચિંતા રાખે, તેવી બીજાનાં સુખ-દુઃખની ચિંતા રાખે તો તેને પાપ ન લાગે. પરંતુ તમારી જેટલી ચિંતા કરો છો, તેના હજારમા ભાગની પણ બીજા જીવ માટે તમે ચિંતા કરો છો ખરા?** તમારા સંસારની દરેક પ્રવૃત્તિમાં, જેમ કે ખાઓ-પીઓ, હરો-ફરો, વેપાર-ધંધા, રસોઇ કરો કે કોઇપણ ક્રિયા કરો, તેમાં પાપ લાગે છે; કારણ સ્વાર્થભાવથી કરો છો, ત્યાં પરોપકારભાવ નથી. "બસ, આપણને મજા આવે છે, પછી બીજાની પંચાત છોડો. બીજાનું જે થવું હોય તે થાય." જેમ પ્લેનમાં સગવડતાપૂર્વક જલદી પહોંચવા મુસાફરી કરો, પણ પછી તેની હડફેટમાં ભલેને ગમે તેટલાં પક્ષી આવીને મરે, તમે વિચારો કે આપણી સગવડતા સચવાય છે ને ? **આ દુનિયામાં એકલી હિંસાની પ્રવૃત્તિથી પાપ નથી બંધાતું, પણ તે વખતે મનમાં જે અશુભ ભાવ, મલિનભાવ છે, તેનાથી પાપ બંધાય છે. માટે ડગલે ને પગલે માત્ર હિંસા કરીએ છીએ તેમ નહીં, પણ હિંસાના ભાવ પણ હૃદયમાં પડ્યા જ છે.**

ઘણા કહે છે કે સાહેબ, હિંસા કરીએ છીએ પણ મનમાં કરવાનો ભાવ નથી. પણ ભાવ નથી તેમ નહીં, ભાવ પડ્યા જ છે, માટે જ જીવનમાં હિંસા કરો છો. જેમ નાહવા-ધોવા બેસો તો કેટલું પાણી ઢોળો છો ? ત્યારે હૈયામાં હિંસાના ભાવ પડ્યા છે, એટલે જ પાણી ઢોળતાં પાપ લાગે છે. પણ એ જ પાણી તમે પ્રક્ષાલ માટે ઢોળો તો પાપ નથી લાગતું, કારણ, ત્યાં હિંસાનો ભાવ નથી; તમારી સગવડતા માટે નથી કરતા, માટે સ્વાર્થ નથી; જ્યારે પેલામાં સ્વાર્થ ભરેલો છે.

**સભા :-** *સાહેબજી, પૂજા કરવા માટે નાહતાં પાણી ઢોળાય તેમાં કેમ પાપ લાગે ?*

**સાહેબજી :-** હા, તમે નિયમ કરો કે પૂજા કરવા સિવાય નાહવું નહીં. તેવો સંકલ્પ હોય અને પૂજા કરવા જતાં શુદ્ધિ માટે નાહવું આવશ્યક છે, તેથી પ્રભુની આજ્ઞા મુજબ સ્નાન કરો, તો અસંખ્ય જીવો મરે, છતાં પાપ લાગે નહીં. કેવી રીતે સ્નાન કરવું તેની ચોખ્ખી વિધિ છે. દેહનો બાહ્ય મલ દૂર કરવા, શુદ્ધ કરવા સ્નાન કરવું અનિવાર્ય છે. પણ તમારા શરીરને સાફ કરવા કેટલું પાણી જોઇએ ?

**સભા :-** *બાથટબ જેટલું.*

**સાહેબજી :-** અરે, તમે તો હવે સીધા ટાંકીમાં પડો તેમ છો. પરંતુ શાસ્ત્રમાં શુદ્ધિ માટે ત્રણ લોટા પાણી કહ્યું છે.

**સભા :-** *લોટા કઈ સાઈઝના ?*

**સાહેબજી :-** તમારા વ્યવહારમાં જે હોય છે તેવા. ગામડામાં જંગલે જાય ત્યારે કેવો લોટો લઈ જતા હોય છે ? તેવી સાઈઝ ગણવાની.

વળી, જે પાણીથી સ્નાન કરો તે કાંઈ ગટરમાં ન જાય, પરંતુ બરાબર પરાતમાં નાહીને જયણાપૂર્વક પરઠવી દેવાનું છે. ધર્મના ક્ષેત્રમાં પણ બિનજરૂરી હિંસા બતાવી નથી, જેટલી અનિવાર્ય છે તે જ ભૂમિકા પ્રમાણે બતાવી છે. પાણીના એક ટીપામાં અસંખ્ય જીવો છે, વળી તેમાં નિગોદના જીવ પણ હોય, માટે સ્નાનમાં હિંસા ઘણી છે; પણ પૂજા કરવાના શુભ ભાવથી પ્રવૃત્તિ કરો છો, માટે દોષ લાગતો નથી. હા, ત્યાં પણ જો સ્વાર્થનો ભાવ ભળે, તો ત્યાં પણ પાપ લાગે છે. ધર્મ પણ સ્વાર્થભાવથી કરો તો પાપ લાગે છે. જેમ, તમે કોઈ મહાત્માની ખડે પગે સેવા કરી છે, અને વર્ષ પછી તમે મળો ત્યારે ધ્યાન ન આપે, તો મનમાં શું થાય ? આમને કાંઈ કદર છે? માટે તે સેવા કરતાં તમે કદરની અપેક્ષા રાખી, સેવા સંપૂર્ણ નિરપેક્ષ ભાવે કરી નથી. ધ્યાન ન રાખો ને આવા ભાવ અભાનતાથી જો મનમાં પડ્યા હોય તો પણ પાપ લાગે છે. તમે અમારી ભક્તિ કરો અને અમે તમને મહત્ત્વ ન આપીએ, મોટા ભા ન બનાવીએ, તો મનમાં શું થાય ? માટે ભક્તિ દ્વારા માન-સન્માન મળે તેવી ઊંડે ઊંડે અપેક્ષા છે.

**પૂ.ઉપાધ્યયાજીએ કહ્યું કે "જે શિષ્ય ગુરુની ભક્તિ ખડે પગે કરે, જેથી ગુરુ તેની કદર કરે, ખબર-અંતર રાખે, મહત્ત્વ આપે." જો આવી ભાવનાથી તે ભક્તિ કરે તો તે ભક્તિ કરનાર શિષ્યને પાપ લાગે. કારણ તેની ભક્તિ અપેક્ષાવાળી છે, માટે ચોક્કસ પાપ લાગે.**

**સભા :-** *ગુરુ કદર ન કરે તો તેમને પાપ ન લાગે ?*

**સાહેબજી :-** ગુરુને શિષ્ય લાયક લાગે તો કદર કરે, અને લાયક ન લાગે તો

કદર ન પણ કરે. હા, જો શિષ્ય લાયક હોય અને ગુરુ કદર ન કરે તો ગુરુને દોષ લાગે. જેના ગુણ જાણે પણ તેની કદર તેના મોઢે કરવાથી તેમાં નુકસાન લાગે તો તેની હાજરીમાં ન કરે, પણ તેની પાછળ વખાણ કરે. માટે પ્રશંસા જે પચાવી શકે તેમ હોય તેની જ કરવી; ન પચાવી શકે તેની પ્રશંસા તેનામાં ગુણ હોવા છતાં કરવાની નથી, નહીંતર નુકસાન થશે. ઉપબૃંહણા, સ્થિરીકરણ વિકાસ માટે છે. અમે શિષ્યના ગુણની અનુમોદના કરીએ, પણ હિતકારી ન લાગે તો મોઢે વખાણ ન કરીએ.

ધર્મના ક્ષેત્રમાં વળતરનો ભાવ તે સ્વાર્થનો પરિણામ છે, માટે પાપબંધ ચાલુ છે. જ્યાં અશુભ ભાવ ભળ્યા ત્યાં પાપ છે. જેમ તમે પ્રભુભક્તિ કરો, તેમાં કોઇ કહે કે આ પ્રતિમાજી બહુ ચમત્કારી છે, અલૌકિક છે, તેની પૂજા કરવાથી બધા મનોરથ ફળે છે; તો શું બેના બદલે ચાર વખત પૂજા કરો ને ? પણ ત્યારે પાપ બંધાય છે, કારણ સ્વાર્થ તેમાં ભળ્યો છે માટે.

**સભા :-** *સાહેબજી, મૂર્તિમાંથી અમી ઝરે તે ચમત્કાર કહેવાય ?*

**સાહેબજી :-** વાતાવરણમાં ભેજ અને ઉષ્મા હોય તો આરસમાંથી પાણી ઝરે તેની ના નથી, પણ ચમત્કાર કોને કહેવાય તેની વ્યાખ્યા સમજવી પડે. દેવી-દેવતા કોને કહેવાય ? આવે તો તેની નિશાની શું ? ચમત્કાર શું ? તે બધું જાણવું પડે. દેવી-દેવતા આવે ત્યારે કાંઇ અલૌકિક કરીને જાય. માનવથી જે ન થાય તે કરી આપે તો ચમત્કાર કહેવાય. પરંતુ અમીઝરણાં ચમત્કારમાં આવે તેમ નથી.

તમે ધર્મ પણ જો સ્વાર્થભાવથી કરો તો પાપ બંધાય છે, તો પછી સંસારની પ્રવૃત્તિ સ્વાર્થભાવથી કરો તો પાપ બંધાય જ. પરોપકારની ભાવનાવાળાને પુણ્ય રિઝર્વેશનમાં છે, માટે પુણ્યાર્થીએ હૃદય પરોપકારભાવથી વાસિત રાખવું જોઇએ. જેટલો પરોપકાર ઊંચી કક્ષાનો એટલું પુણ્ય ઊંચું બંધાશે.

જેમ તમે ઉપાશ્રય બંધાવો અને બંગલો બંધાવો તેમાં બન્નેમાં પાયો ખોદવાનો આવશે, બન્નેનું બાંધકામ ઇંટ ચૂનાથી થશે; પરંતુ ઉપાશ્રય બંધાવતાં પુણ્યબંધ અને બંગલો બંધાવતાં પાપબંધ છે. કારણ બંગલો સ્વાર્થભાવે બંધાવો છો, જ્યારે ઉપાશ્રય કાંઇ એશઆરામ માટે નથી બંધાવતા; પણ ધર્મભાવ, શુભ આશયથી, આરાધનાના ભાવથી બંધાવો છો, માટે પુણ્ય બંધાય છે.

શાસ્ત્રમાં વર્ણન આવે છે કે ધર્માત્માઓએ ધર્મયુદ્ધો કર્યાં, તેમાં ઘણી જ હિંસા થઇ, પણ પાપબંધ ન થયો; ઊલટું, શુભ ભાવના કારણે પુણ્યબંધ થયો. જેમ રામ-રાવણ લડ્યા. રામના પક્ષે ધર્મ છે. તેઓ શીલની રક્ષા ખાતર લડ્યા છે. રાવણના પક્ષે અધર્મ છે. રામ શુભ ભાવથી લડ્યા છે માટે તેમના માટે ધર્મયુદ્ધ કહેવાયું. તેથી હિંસા હોવા છતાં તેમને પાપ નથી.

**સભા :-** *ભરતચક્રવર્તી અને બાહુબલિજી લડ્યા તે ધર્મયુદ્ધ કહેવાય ?*

**સાહેબજી :-** તે કાંઇ ધર્મયુદ્ધ નથી. તેઓ સત્તા માટે લડ્યા છે. ન્યાય-નીતિ-સદાચારની રક્ષા માટે લડવું જુદી વસ્તુ છે, અને નીતિપૂર્વક સત્તા ખાતર લડવું તે પણ જુદી વસ્તુ છે. ભરતચક્રવર્તી નીતિપૂર્વક લડ્યા છે, પણ છેલ્લે નીતિ ચૂક્યા છે. વળી, સત્તા ખાતર લડ્યા છે માટે ધર્મયુદ્ધ ન કહેવાય. જેમાં ન્યાય-નીતિ-સદાચાર-ધર્મ ખાતર લડે તે ધર્મયુદ્ધ કહેવાય છે.

## શરણાગત રક્ષક ચેડા મહારાજાનું નૈતિક યુદ્ધ :

જેમ કોણિક અને ચેડા મહારાજાનું યુદ્ધ થયું, તે ધર્મયુદ્ધ છે. ચેડા મહારાજા ન્યાય અને ક્ષાત્રધર્મના રક્ષણ ખાતર લડે છે. તેમનો અશુભ ભાવ નથી, સ્વાર્થ નથી.

ચેડા મહારાજ પ્રભુ મહાવીરના મામા છે. વૈશાલી નગરીના અધિપતિ છે. મહાન સમ્રાટ છે. તેઓ ૧૨ વ્રતધારી શુદ્ધ શ્રાવક છે. તેમના આચાર-વિચાર શુદ્ધ છે, પણ તેમની સંયોગવશ કફોડી સ્થિતિ થઇ છે. ધર્મીના માથે પણ ધર્મસંકટ આવે છે. તેમની સગી દીકરી ચેલણા શ્રેણિકરાજાને પરણી છે. તેના પુત્ર હલ્લ-વિહલ્લ અને કોણિક છે. આ ત્રણેના ચેડા મહારાજા નાના થાય. શ્રેણિકરાજાએ હલ્લ-વિહલ્લને દેવતાઇ વસ્ત્ર, ઘોડા વગેરે આપ્યા છે; જ્યારે કોણિકને રાજ આપ્યું છે. દરેકને દરજ્જા પ્રમાણે આપ્યું છે, છતાં પણ સ્ત્રીઓની ઇર્ષ્યાના કારણે પટ્ટરાણી કોણિકને ભરમાવે છે અને તેઓની પાસેથી આ દિવ્ય વસ્તુઓ લઇ લેવા માટે કહે છે. તેથી કોણિક ભાઇઓને કહે છે, "પિતાએ આપેલી વસ્તુઓ મને આપી દો." ત્યારે બેઉ કહે છે, "અમે કાંઇ તમને આપેલા રાજમાં માથું મારતા નથી. આ તમે માગો છો તે વાજબી નથી, અન્યાયની વાત છે. આ તો પિતૃદત્ત સંપત્તિ લૂંટવાની વાત છે." પણ કોણિક માને તેમ નથી.

માટે તેમને થાય છે કે ભાઇ સત્તાધીશ છે, આપણને કંઇપણ નુકસાન કરી શકે તેમ છે. તેથી તેઓ બધી મૂલ્યવાન વસ્તુઓ સાથે ભાગીને રાતોરાત નાનાને ત્યાં પહોંચી જાય છે અને તેમનું શરણ સ્વીકારે છે. શરણાગતનું રક્ષણ કરવું તેને ક્ષત્રિય પોતાનો ધર્મ માનતા. પ્રાણ સાટે તેનું રક્ષણ કરે. ક્ષત્રિયમાં રક્ષાધર્મ હતો. સામાજિક દૃષ્ટિએ આ ઉત્તમ સદાચાર છે, માટે યોગ્ય વાત છે અને આ તો તેમના દોહિત્ર છે. ચેડારાજાએ તેઓને શરણ આપ્યું છે. હવે મોટો ભાઇ કોણિક કહે છે: "તમે તેઓને મને સોંપી દો." પરંતુ શરણે આવેલા છે, માટે સોંપી દેવા તે અનુચિત વાત છે. તેથી ઘણી વાટાઘાટ કરી પણ તે સંમત થયા નહીં. તેથી કોણિકને થયું કે નાનાએ મારું નાક કપાવવા આવું કર્યું છે, મારું અપમાન કર્યું છે. માટે તેને ખૂબ ગુસ્સો આવ્યો છે. તેથી કહે છે કે યુદ્ધના મેદાનમાં આવી જાઓ. ત્યારે ચેડારાજા વિચારે છે કે બીજો વિકલ્પ ન હોવાના કારણે લડવું પડશે. તેનાથી કરોડોની હિંસા થશે, પણ શરણે આવેલ હોવાથી હલ્લ-વિહલ્લને સોંપી દેવાય નહીં.

**સભા :-** *વસ્ત્રો વગેરે આપી દે તો ?*

**સાહેબજી :-** વિચારજો, તે દેવતાઇ વસ્ત્રોની માલિકી કોની છે ? સેચનક પણ દેવતાઇ હાથી છે. કોણિકનું મન કાંઇ એમ ને એમ ચોંટ્યું નથી. હલ્લ-વિહલ્લ જાતે આપી દે તો કાંઇ ચેડારાજા ના પાડે તેમ નથી, પણ શરણે આવેલાને છોડી દે તેમ નથી.

તમને આ વાત બેસે તેમ નથી. કારણ તમે કાંઇ કોઇના ખાતર કરો તેમ છો ખરા ? કોઇ આવીને કહે, હું તમારો દાસ છું મને શરણ આપો. તો કહેશો વગર કારણે મારે ક્યાં પલોજણ માથે લેવી ? તમે પરોપકાર ધર્મને સામાજિક દૃષ્ટિએ પણ જીવનમાં રાખ્યો છે ખરો ?

પરંતુ આ જુદી જાતના માનવી છે. આમ તો કોણિક મહાન સમ્રાટ છે, છતાં ચેડા મહારાજાને તેની સાથે સંબંધ બગાડવાનો છે એક સામાન્ય દોહિત્ર માટે, કે જેની પાસે કાંઇ સત્તા નથી. તમે કોઇ સામાન્ય માણસના રક્ષણ ખાતર મોટા સાથે સંબંધ બગાડો તેમ છો ?

**સભા :-** *ગમે તે રક્ષણ માગે તો અપાય ?*

**સાહેબજી :-** ન્યાયની વાત હોય તો શરણ આપવાનું છે, કાંઇ ગમે તે નામથી આવે તેનું રક્ષણ કરવાનું નથી. જેમ ગુંડો આવીને આશ્રય માંગે તો અપાય ખરો? ત્યાં વિચારવું પડે.

**સભા :-** *પણ સાહેબજી, ચેડા મહારાજ હલ્લ-વિહલ્લ પાસે હતું તેમાંથી થોડું અપાવીને યુદ્ધ રોકી શક્યા હોત.*

**સાહેબજી :-** ચાલો, માલ અપાવી ઠેકાણું પડાવી દો, પણ તેમાં દાખલો શું બેસશે? કે ધર્માત્માઓના શરણે જઇએ તો તેઓ આપણને થતા અન્યાયથી આપણી રક્ષા નહીં કરે. હા, જાત માટે અન્યાય સહન કરો તો ધર્મ શાબાશી આપશે, પરંતુ આ રીતે કરવાથી તો સમાજમાં ધર્મી નમાલા ગણાય. પ્રસંગે ન્યાય આપવાની ત્રેવડ નથી તેવું સ્થાપિત થાય. તેથી સમજાવીને સંપત્તિ અપાવે તો પણ પાપ લાગે. શરણાગતના મનમાં થાય કે ધર્મીના પનારે પડવું જ નહીં, છેલ્લે આપણને અંગૂઠો જ બતાવશે. માટે તેમ કરવાથી ધર્મીની છાપ ખરાબ પડે.

તમારી એવી છાપ ખરી કે કોઇને અન્યાય થશે તો તમે તેની પડખે ઊભા રહેશો? ધર્માત્મામાં ચોક્કસ લક્ષણો માંગ્યાં છે.

## ધર્મગૌરવ માટે કુમારપાળનું સગા બનેવી સાથે ભયંકર યુદ્ધ :

કુમારપાળરાજાએ સગા બનેવી સાથે યુદ્ધ કર્યું છે. આમ તો તેમના જીવનમાં જીવદયાનો પરિણામ એટલો દઢ છે કે પોતે સામાયિકમાં હતા ત્યારે પગ ઉપર મંકોડો ચોંટ્યો, તો મંકોડો ન મરે એટલા માટે ચપ્પુ લઇને પોતાની ચામડી કાપી નાખી છે. તેમના સૈન્યમાં નવ લાખ ઘોડાની પાછળ પૂંજણી રહેતી. રાજા પોતે ઘોડા પર બેસે ત્યારે પૂંજીને બેસે, અને એ નવ લાખ ઘોડાને ગળેલું પાણી પાતા. તેથી નાના જીવની પણ બિનજરૂરી હિંસા કરે તેમ નથી, પણ ધર્મના નિમિત્તે યુદ્ધ ખેલ્યું છે. તે પ્રસંગ કદાચ તમને ખબર નહીં હોય, માટે જોઇ લઇએ. કુમારપાળરાજાની સગી બહેન અર્ણોરાજ નામના રાજા સાથે પરણી છે. કુમારપાળ કરતાં પણ ચઢિયાતો રાજા છે. હવે એક વાર બન્ને પતિ-પત્ની બેઠાં બેઠાં શેતરંજ રમે છે. કુમારપાળ પહેલાં નોનજૈન

હતા, પછીથી જૈન બન્યા છે. તેથી "કુમારપાળરાજા આખો દિવસ જયણા જયણા કર્યા કરે છે. મુંડિયા સાધુના ભગત થઇ ગયા છે." આવું તેમના બનેવી વિચારે છે. તેથી તેમને સાળાનું ટીખળ કરવાનું મન થયું. માટે રમતાં રમતાં એક પાસો બીજા પાસાને ઉડાવે ત્યારે કહે કે "જો આ મુંડિયો ઊડ્યો." તે વખતે કુમારપાળની બહેન કહે છે, "તમે વિનય સાથે બોલો, બોલવામાં મર્યાદા રાખો. આ કાંઇ તમને શોભાસ્પદ નથી." પરંતુ સત્તાના મદના કારણે તેઓ ફરીવાર બોલ્યા. આમ બે-ત્રણ વાર રાણીએ સમજાવ્યું, પણ માન્યા નહીં, તેથી તે ખિજાઇને ઊભી થઇ ગઇ અને કહ્યું, "જીભ અંકુશમાં રાખો, નહીંતર જીવતાં જીભ ખેંચાવી લઇશ. મારા દેવ-ગુરુ-ધર્મ માટે ગમે તેમ બોલવાનો તમને અધિકાર નથી." પરંતુ રાજા તો તાનમાં છે. માટે કહે, "જીભ કાઢી લેનાર તું કોણ ?" આમ રાણીને ધુત્કારી. માટે રાણી રિસાઇને ભાઇને ત્યાં જતી રહી. ખાલી હાથે એકલી બહેનને આવેલી જોઇને ભાઇ પૂછે છે. બહેન બધી પરિસ્થિતિ જણાવે છે, ત્યારે ભાઇ કહે છે : "ચિંતા કર નહીં. દેવ-ગુરુ-ધર્મ માટે આ રીતે બોલે તેને તો બરાબર સબક શિખવાડીશ." માટે બનેવીને સંદેશો મોકલે છે કે "મારી બહેનને માનભેર બોલાવવી હોય તો પસ્તાવા સાથે મિચ્છા મિ દુક્કડં માગો, નહીંતર બહેન આવશે નહીં." રાજા તાનમાં છે. માટે ના પાડે છે. તેથી તેને શિક્ષા આપવા યુદ્ધ કરવાનું આવે છે. રણમેદાનમાં કુમારપાળનું કસાયેલું લશ્કર જોઇને તે ગભરાયો છે, માટે તે જીતવા કાવાદાવા કરે છે. પરંતુ કુમારપાળ લડી લે છે. આગળ ઘણી લાંબી વાત છે, તે આપણે જોતા નથી. માત્ર આ ઠેકાણે તમે શું વિચારો ? એનાં કર્યાં એ ભોગવે, એનું પાપ એના માથે, એમ ને ?

**સભા :-** *અમે ક્યાં ક્યાં પહોંચીએ ?*

**સાહેબજી :-** કબૂલ કરો, જ્યાં જ્યાં પહોંચી શકશો ત્યાં પરોપકાર કરશો. અરે દીકરા ધર્મ માટે ગમે તેમ બોલે તો પણ સાંખી લો છો ને ? શું તમારું લોહી ક્ષમાશીલ છે ? બહુ જ વિચારવા જેવું છે.

**સભા :-** *સમકિત વગરનો જીવ આના માટે યુદ્ધ કરે તો કેવું પુણ્ય બંધાય ?*

**સાહેબજી :-** તેને ભવોભવ શાસન મળવાનું પુણ્ય બંધાય. કારણ તેને ધર્મરાગ દૃઢ છે, માટે ચોક્કસ તે પુણ્ય તેને ધર્મની સામગ્રી અપાવશે.

**સ્વાર્થ અને પરાર્થ તે પાપ અને પુણ્યબંધનાં કારણો છે. શુભ આશય અને શુભ ભાવથી કોઈપણ પ્રવૃત્તિ કરો તો પુણ્ય બંધાય છે, અશુભ ભાવ અને અશુભ આશયથી કોઈપણ પ્રવૃત્તિ કરો તો પાપ બંધાય છે. સ્વાર્થ એ અશુભ ભાવ છે, પરાર્થ એ શુભ ભાવ છે.**

**સભા :-** *ધન કમાવામાં શુભ આશય શું આવશે ?*

**સાહેબજી :-** ધન કમાઈને સારા કાર્યમાં, ઉચિત સામાજિક કર્તવ્યો અદા કરવામાં સદ્‌વ્યય કરવાનો મનોભાવ જોઈએ; મોજમજાનો આશય ન જોઈએ, પણ શુભ આશય જોઈએ.

તમે માંદા પડો ત્યારે અમે દવા જાણતા હોઈએ, છતાં દવા કહીએ નહીં અને કહીએ તો અમને પાપ લાગે. કારણ તમારે સાજા પણ સંસારના સ્વાર્થ માટે થવું છે. સાજા થઈને તમે સંસારના સ્વાર્થ સિદ્ધ કરશો. તમારા હૃદયમાં સ્વાર્થ ભરેલો છે, જેનાથી પાપબંધ ચાલુ છે.

# ૨૬

**શ્રાવણ વદ આઠમ, તા.૧૮-૮-૯૫, શુક્રવાર.**

અનંત ઉપકારી, અનંત જ્ઞાની શ્રીતીર્થંકર પરમાત્માઓ જગતના જીવમાત્રને સદ્ધર્મનો પ્રબોધ કરવા આ ધર્મતીર્થની સ્થાપના કરે છે.

જે જીવ ધર્મ અને અધર્મની સાચી વ્યાખ્યા સમજે છે, તેનામાં વિશુદ્ધ ધર્મ પ્રકટે છે, અને પછીથી તે જીવને અધર્મમાંથી કઇ રીતે મુક્ત થવું અને કઇ રીતે પોતાના જીવનમાં ધર્મને વધારે વિકસિત કરવો, તેની દૃષ્ટિ આવે છે. આ દુનિયામાં ધર્મ ઘણા છે અને તેને ઉપદેશનાર ધર્મશાસ્ત્રો પણ ઘણાં છે, માટે શાસ્ત્રોનો ઉપદેશ પણ વિવિધ પ્રકારનો છે. છતાં ટૂંકમાં સરળ વ્યાખ્યા કરતાં કહે છે કે "આ જગતમાં જે સારું દેખાય છે, તે બધાના મૂળમાં ધર્મ છે અને આ જગતમાં જેટલું ખરાબ દેખાય છે, તે બધાના મૂળમાં અધર્મ છે." જેમ કે ગુંડાગીરી, બદમાશગીરી, જૂઠ, હિંસા, ચોરી, પ્રપંચ, દ્વેષ, વાસના, આસક્તિ તથા તેનાથી થતાં ગેરવર્તનો તે બધામાં અધર્મ જ મૂળ છે. તેમ જગતમાં સારું વર્તન, સારા વિચારો, સારી વાણી જે પણ દેખાય છે તેનું કારણ ધર્મ છે. જો આ દુનિયામાંથી ધર્મને રદ કરો તો દુનિયા કેવી રહે ? એકપણ સારો માણસ આ દુનિયામાં જીવી શકે ખરો ? માટે સજ્જન માણસને તો ધર્મ જ આશ્વાસનરૂપ છે. આ ધર્મનો પ્રભાવ પ્રત્યક્ષ છે અને આ જે સમજે તેની ધર્મ માટેની આખી દૃષ્ટિ બદલાઇ જાય. ધર્મમાં એવી શું ખરાબ વસ્તુ છે કે તમે ધર્મનો વિરોધ કરી શકો ? પણ જેને સારી વસ્તુ સાથે વાંધો હોય, તેને ધર્મ સાથે વાંધો છે તેમ કહેવાય.

આ દુનિયામાં અન્યાય, અનીતિ, લુચ્ચાઇ વગેરે અધર્મમાંથી પેદા થાય છે અને અધર્મ સ્વાર્થની પરિણતિમાંથી પેદા થાય છે. અધર્મને મૂળમાંથી ડામવા માટે હૃદયમાં રહેલી સ્વાર્થભાવનાને નાબૂદ કરવી જોઇએ. જેને જીવનમાં ધર્મ પામવો હોય તેણે ધર્મની શરૂઆત હૃદયમાં ધર્મના રાગથી કરવાની છે.

પ્રણિધાન એટલે ઓળઘોળ થયેલો ધર્મરાગ છે. મોક્ષ અને મોક્ષના સાધનરૂપ ગુણોમાં કર્તવ્યતાની બુદ્ધિ થઇ તેને પ્રણિધાન આવ્યું છે અને તેમાં વિશેષણ તરીકે હીનગુણઅદ્વેષ અને પરોપકારવાસિત હૃદય માંગ્યું છે. માટે જેને પણ પરોપકાર ગમે તેને ધર્મ ગમે જ અને જેને ધર્મ ગમે તેને પરોપકાર ગમે જ. જેને ધર્મ સાથે વિરોધ છે તેને પરોપકાર સાથે વિરોધ છે. આ રીતે પ્રણિધાનનાં જુદાં જુદાં પાસાં મૂક્યાં છે.

તમારામાં ધર્મ અને ધર્મરાગ આવે તો તમને પોતાના અને બીજાના અધર્મ ખટકે. જેને ધર્મ પર રાગ, તેને અધર્મ પર દ્વેષ રહેવાનો. બીજાના આત્મામાં રહેલો અધર્મ જોવાનો છે, પણ અધર્મી વ્યક્તિ પ્રત્યે દ્વેષ નથી કરવાનો, અધર્મી વ્યક્તિ પ્રત્યે તો કરુણા કરવાની છે; જ્યારે દ્વેષ તો અધર્મી વ્યક્તિના આત્મામાં રહેલા અધર્મ પ્રત્યે કરવાનો છે.

જેને પોતાનું દુઃખ નથી ગમતું, તેને બીજાનું દુઃખ જોઇને દુઃખી પર અનુકંપા પેદા થવી જોઇએ; પણ બીજાનાં દુઃખને જોઇને દુઃખી પ્રત્યે દ્વેષ થાય તો દુઃખનો દ્વેષ સાચો નથી. ઘણા શ્રીમંત માણસોને પોતાના દુઃખ પ્રત્યે અણગમો છે, માટે દુઃખ ન આવે તેની સાવધાની રાખે; પરંતુ બીજાને દુઃખી જુએ તો તેને લાગે કે આ આઘો ખસે તો સારું. શ્રીમંતોને સામાન્ય માણસ પ્રત્યે અણગમો હોય છે. સામાન્ય માણસો સાથે બેસવું પણ તેમને ગમતું નથી. શ્રીમંતો ગરીબ સાથે વાત પણ કરતા નથી. પરંતુ શ્રીમંત માણસને જેમ પોતાની ગરીબાઇ ગમતી નથી, તેમ ગરીબ વ્યક્તિની ગરીબાઇ પ્રત્યે અણગમો-દ્વેષ થવો જોઇએ અને ગરીબ પ્રત્યે તો હમદર્દી જ પેદા થવી જોઇએ; દ્વેષ ન પેદા થવો જોઇએ, તો જ અંતરમાં દયારૂપ શુભ ભાવ પ્રગટે. તેમ ધર્માત્મા જીવને આ જગતમાં અધર્મ પ્રત્યે અરુચિ-અણગમો થવો જોઇએ અને જ્યાં ધર્મ જુઓ ત્યાં રાજીપો થવો જોઇએ. આ જગતમાં ક્યાંય પણ સ્વાર્થજન્ય પ્રવૃત્તિ દેખાય તો તે વર્તન અને ભાવ પ્રત્યે અણગમો થવો જોઇએ. જેમ ક્યાંય પણ અનીતિ-અત્યાચાર-ક્રૂરતા જુઓ તો દ્વેષ-અરુચિ થવી જોઇએ, પણ તે કરનાર વ્યક્તિ પ્રત્યે દ્વેષ થવો ન જોઇએ, તો જ તમારું મન શુભ ભાવમાં રહેશે.

જેમ કોઇ વ્યક્તિ કહે, મને અન્યાય પસંદ નથી માટે હું સહન કરી શકતો નથી, તેથી પોતાના પર અન્યાય થાય ત્યારે અકળાય; પરંતુ શાસ્ત્રકાર કહે છે કે, જ્યારે

બીજા પર અન્યાય થતો હોય ત્યારે અકળાય અને તેનો વિરોધ કરે, તો તે સારો ભાવ છે, ધર્મ છે; પણ પોતાની જાત પર અન્યાય થાય ત્યારે લડે તો તે ધર્મ નથી, પણ તે અન્યાયને સહન કરી લે તો ધર્મ છે.

જેમ દેશમાં અન્યાય-અનીતિ સામે તો લોકો મોરચા લઈને નીકળે છે, તેનો વિરોધ નોંધાવે છે, ભાષણો કરે છે; પણ આ બધું કરવામાં કારણ શું ? ભાવ શું ? વેપારીઓને સરકારના કાયદા દ્વારા વેપારમાં મુશ્કેલી ઊભી થાય ત્યારે તેમનું સંગઠન સાબદું થઈ જાય, મોરચા લઈને નીકળે, તે વિરોધ કાંઈ ધર્મ નથી. કારણ, પોતાની સુખ-સગડવતા પર તરાપ પડી છે, માટે લડે છે. તેમ સર્વત્ર સંમજવાનું. વ્યક્તિ ખાલી પોતાને થતા અન્યાયના કારણે વિરોધ કરવા નીકળે, તેમાં કાંઈ ધર્મ ન કહેવાય; પણ કોઈને અન્યાય-શોષણ થાય ત્યારે પરોપકાર ખાતર બલિદાન આપીને લડો તો સત્કાર્ય કહેવાય. માટે એકની એક વસ્તુમાં તમારા હક્ક ખાતર લડો તો અધર્મ અને બીજાના હક્ક માટે લડો તો ધર્મ છે.

દા.ત. તમારા ભાઈએ કે તમારા વડીલે તમને અન્યાય કર્યો ત્યારે માથું ઊંચકો તો ધર્મ કહેવાય ? કે તમે તે અન્યાયને સહન કરી લો તો ધર્મ કહેવાય ? તમારા હક માટે તમે ન્યાયથી પણ લડો તો પણ અધર્મ જ કહેવાશે, કેમ કે તે સ્વાર્થ છે.

વૈદિક ધર્મમાં વ્યાસમુનિ થઈ ગયા. તેમણે મહાભારતમાં ઘણું તત્ત્વજ્ઞાન પીરસ્યું છે, પણ આ બાબતમાં તેઓ થાપ ખાઈ ગયા છે. ગીતામાં જ્યારે કૃષ્ણે પાંડવોને ઉપદેશ આપ્યો છે તેના વર્ણનમાં જ તેમણે થાપ ખાધી છે. પાંડવો પોતાના સામ્રાજ્યરૂપ સ્વાર્થ ખાતર લડે છે, છતાં કૃષ્ણ કહે છે કે, "ખુશીથી યુદ્ધ કરો, નમાલા થવાની જરૂર નથી. ધર્મ ખાતર લડવું તેમાં કોઈ પાપ નથી." પણ ધર્મ ક્યારે કહેવાય ? જો તેમાં અંગત સ્વાર્થ ન હોય તો.

દા.ત. તમારું મકાન તમે ભાડુઆતને આપ્યું અને તેણે પચાવી પાડ્યું. આમ કાયદાની દૃષ્ટિએ તમે તેના માલિક છો, છતાં તે માલિક થઈને બેસી ગયો છે. તો તે વખતે તમે તેની સામે કોર્ટે જાઓ, લીગલ પ્રોસેસ(કાયદેસર કાર્યવાહી) કરી લડો તો શું તેને ધર્મ કહેવાય ? ન જ કહેવાય.

અથવા તમે રસ્તા વચ્ચે જઈ રહ્યા છો ત્યારે તમને લૂંટી લેવા કોઈ આક્રમણ

કરે છે, જેનું તમે કશું બગાડ્યું નથી, કાંઇ તેનો ગુનો કર્યો નથી, છતાં તમને લૂંટવા પ્રયત્ન કરે છે; આ ઠેકાણે ગુનેગાર તો પેલો લૂંટનાર છે, તો પણ તે વખતે તમે તેનો સામનો કરો, તાકાતથી લડી લો, તો તે ધર્મ કહેવાય ? કેમ નહીં ? કારણ સ્વાર્થ છે. તેથી સ્વરક્ષણ માટે લડો તો પણ પાપ તો લાગે જ. અમે તમને તમારું રક્ષણ કરવાની ના નથી પાડતા, પણ તમારે રક્ષણ શું કામ કરવું છે ? સ્વાર્થ માટે રક્ષણ કરવું છે ?

**સભા :-** *તો શું અમે લૂંટાવા દઈએ ?*

**સાહેબજી :-** ના, સ્વરક્ષણ શુભ ભાવથી કરો તો પુણ્ય બંધાશે, પરંતુ સ્વરક્ષણ સ્વાર્થ માટે કરશો તો પાપ બંધાશે. સ્વાર્થ માટે તો આખી દુનિયા લડે છે, કૂતરાં-બિલાડાં પણ લડે છે, માટે તમારે તો આખી દુનિયા ધર્મ કરે છે તેમ કહેવું પડશે.

**સભા :-** *તો પછી અમારે કરવું શું ?*

**સાહેબજી :-** જીવનમાં સ્વાર્થને તિલાંજલિ આપો. શાસ્ત્રકારોએ શ્રાવકને આક્રમક બનવાની ના પાડી છે, પણ સ્વરક્ષક બનવાની ના નથી પાડી; પણ સ્વાર્થના ભાવથી સ્વરક્ષણ કરવાની વાત નથી, પરંતુ પરોપકારના ભાવથી સ્વરક્ષણ કરવાનું છે. તો જ ધર્મ થશે, પુણ્ય બંધાશે.

**સભા :-** *પણ સાહેબજી, અમારા સ્વરક્ષણમાં સ્વાર્થ ક્યાં આવ્યો ?*

**સાહેબજી :- આપણા ભગવાને કહ્યું નથી કે તમે કમોતે મરી જાઓ. પરંતુ તમારે જીવવું છે શું કામ ? જાતનું રક્ષણ કરવું છે શું કામ ? તમારે જીવનમાં સારાં કાર્યો કરવા, આરાધના કરવા, દુનિયાનું ભલું કરવા જીવવું છે ? કે દુનિયાને ત્રાસ પમાડવા જીવવું છે ? જીવવાનો ઉદ્દેશ સ્વાર્થ, મોજમજા, એશઆરામ છે ? કે પરોપકાર છે ? માટે બધે મલિનતા ભરેલી છે. તમારી જીવવાની ઇચ્છા જ અશુભ પ્રેરિત છે, માટે પાપ લાગે છે.**

**સભા :-** *બન્ને જાતના મિશ્રભાવ હોય તો ?*

**સાહેબજી :-** મિશ્રભાવ હોય તો ફલ પણ મિશ્ર મળશે. જેટલા ટકા પરોપકારનો ભાવ તેટલા ટકા પુણ્ય અને જેટલા ટકા સ્વાર્થના ભાવ તેટલા ટકા પાપ બંધાશે.

આ વાત તમને સમજાતી કેમ નથી ? કારણ, તમારા મનમાં ગૂંચ છે; તમે માનો છો કે જીવનમાં ખાવું-પીવું, રક્ષણ કરવું, ધંધો કરવો, કમાવું, રસોઇ કરવી, આ બધું તો કરવું જ પડે. હા, અમે પણ તે માનીએ છીએ; પરંતુ અમે તેનું લક્ષ્યબિંદુ પરાર્થ બતાવીએ છીએ, જ્યારે તમે તેનું લક્ષ્યબિંદુ સ્વાર્થ રાખ્યો છે, એ જ મોટો તફાવત છે; અને શાસ્ત્રો કહે છે કે સારું કામ પણ જો સ્વાર્થથી કરો તો તેને ધર્મ નથી કહેવાતો.

જેમ તમારે ત્યાં સંતાન જન્મ્યું ત્યારે તે crippled(પાંગળું) છે. તેને ન સાચવો તો તે મરી જાય. માટે તમે સંતાનોને ઉછેરો છો, એનું રક્ષણ કરો છો, માવજત કરો છો. જે તમે આ પંચેંદ્રિય મનુષ્યરૂપ જીવની સુરક્ષા કરી છે, તે સારું કામ છે. જેમ તમે કોકને જમાડો તો તે સારું કામ છે, તેમ તમારા છોકરાને જમાડો તે પણ સારું કામ કહેવાય. છતાં પણ અહીંયાં તમને પાપ લાગે છે, કારણ તેમાં તમારો સ્વાર્થ ભરેલો છે.

**સભા :-** *અમારા માટે સ્વાર્થ ગણાય પણ સામેના માટે તો ઉપકાર થાય ને ?*

**સાહેબજી :-** ઉપકારની પ્રવૃત્તિ પણ સ્વાર્થથી થઇ માટે પુણ્ય ન બંધાય. જો ઉપકારની પ્રવૃત્તિ સ્વાર્થથી હોય, છતાં તેને ધર્મ કહેવાતો હોય, તો તમે સૌથી વધારે ઉપકાર તમારા કુટુંબ પર કર્યો છે.

**સભા :-** *ફરજ છે માટે.*

**સાહેબજી :-** અમે તમારી ફરજ જાણીએ છીએ, તમને અવસરે કર્તવ્ય ભણાવીએ પણ છીએ. છતાં કર્તવ્ય પણ જો સ્વાર્થથી અદા કરો તો પાપ જ બંધાય.

**સભા :-** *આ તો સિક્કાની બે બાજુ થઈ.*

**સાહેબજી :-** હા, ધર્મ ચોક્ખો સ્પષ્ટ છે.

તમે તમારા સંસારમાં એક મોટી કંપની ખોલી, તેની advertisement (જાહેરાત)માં લખો છો ને કે આનાથી અમે કેટલાયને રોજગારી આપીએ છીએ, સેવા કરીએ છીએ. હવે આ ગપ્પાં છે કે સાચી વાત છે ? શું તમે રોજગારી માટે કંપની ખોલી છે ? કે બધાને નિચોવી લેવા industries(ઉદ્યોગો) ખોલી છે ? અને છતાં કહો કે અમે પરોપકાર માટે ખોલી છે. આ દુનિયામાં સ્વાર્થ શું શું નથી કરાવતો તે પ્રશ્ન છે. સ્વાર્થથી બધું કરી છૂટવા તમે તૈયાર છો. જીવનમાં ધર્મ-અધર્મની વ્યાખ્યા સ્પષ્ટ કરવી પડે. તમે દરેક ક્ષેત્રમાં ધર્મ કરો છો કે અધર્મ કરો છો; તેનું તમે મૂલ્યાંકન નથી કરતા, માટે જ ગોટાળા વાળો છો. સારી કામનાથી કરો તો જ ધર્મ કહેવાય.

જેમ ભરવાડો તેમની દૂઝણી ગાયોને કેવી સાચવે છે, પંપાળે છે, ઘાસચારો, કપાસ ખવડાવે છે. તેની ભૂખ-તરસ બધાની માવજત રાખે છે. કેમ ? તે દૂધ આપે છે માટે. પણ એ જ ગાયને વસૂકી ગયા પછી નકામી ગણી ઉપેક્ષા કરીને કતલખાને કાઢી મૂકે છે. તેથી આ ગાયની માવજત એ કાંઇ ધર્મ નથી. તે ભલે ગાયને ઉપકાર કરે છે, પણ ભરવાડ પરોપકારની ભાવનાથી નથી કરતો માટે પાપ બંધાય છે.

**આ સંસારનું સ્વરૂપ એવું છે કે, તમે કોઇનું ન કરો તો કોઇ તમારું આટલું પણ ન કરે; માટે બધાને એકબીજા માટે કરવાનું છે, મા-બાપ, ભાઇ-બહેન, દીકરા-દીકરી, પરિવાર, સમાજ બધા માટે કરવાનું છે. તમે ન કરો તો જીવી શકો તેમ નથી. પરંતુ તે કરવામાં સૌને સામે વળતરની અપેક્ષા છે, માટે જ પાપ બંધાય છે.**

તમે જાહેરમાં સંઘજમણ કરો છો, તેમાં સાધર્મિક તરીકે તમારું કુટુંબ પણ જમવા આવે છે. તમે જૈન એટલે તમારું કુટુંબ તમારું સાધર્મિક થયું ને ? હવે તમારા કુટુંબને તમે દરરોજ ઘરે જમાડો છો, માટે તેમાં સાધર્મિકભક્તિ થઇ, તેથી તમને પુણ્ય બંધાવું જોઇએ; પણ પાપ બંધાય છે, કારણ ત્યાં જમાડતી વખતે મમત્વ કે સ્વાર્થના ભાવથી જમાડો છો. તમે ઘરનાંને જમાડતા હો, ત્યારે જો કોઇ અજાણ્યો માણસ તમારા ઘરે આવી ચઢે તો તેને જમાડો ખરા ? સત્તર પ્રશ્ન પૂછવા માંડો ને ? માટે ત્યાં ભક્તિથી જમાડવાનો ભાવ નથી. ઘરનાંને જમાડો છો તે સ્વાર્થ અને મોહથી જમાડો છો. એટલે જ જો પાડોશીના દીકરાને પણ દરરોજ જમાડવાનું આવે તો જમાડો ખરા ? ઊલટું કહેશો કે કાંઇ દાનશાળા ખોલી છે ? માટે પારકાને વગર કારણે તમે જમાડો તેમ

નથી. તમારો આખો સંસાર સ્થાપિત હિતોથી જ ચાલે છે, છતાં કાંઇ તમારી બધી અપેક્ષા પૂરી થતી નથી. થોડી અપેક્ષા એ પૂરી કરે, થોડી અપેક્ષા તમે પૂરી કરો. પરંતુ થોડી અપેક્ષા પૂરી થાય છે માટે જ કરો છો, એટલે પાપ બંધાય છે.

**સભા :-** *પણ સાહેબજી, અમે તો સારી રીતે ધર્મ કરી શકે માટે જ ઘરનાંને જમાડીએ છીએ.*

**સાહેબજી :-** ચાલો માની લઇએ, તેના માટે તમે જમાડો છો પણ પછી આખો દિવસ અધર્મનું જ વાતાવરણ આપો છો ને ? પરંતુ આ જીવ સંસારમાં ૮૪ લાખ જીવાયોનિમાં રખડતાં રખડતાં આવો ઉત્કૃષ્ટ મનુષ્યભવ પામ્યો છે, હવે આત્મકલ્યાણ કરે, મનુષ્યભવ સફળ કરે, તેની શક્તિનો સદુપયોગ કરે, તે માટે તમે તે રીતે તેનું જીવન ગોઠવો અને આવા શુભ ભાવથી જમાડો તો ચોક્કસ પુણ્ય બંધાય. કારણ, ત્યાં આત્મિક પરોપકારનો ભાવ આવ્યો. પરંતુ તમે તો ખાલી બોલો જ છો. હકીકતમાં તમારો દીકરો જુવાન થઇ, ભણીગણીને તૈયાર થાય, પછી જો કમાવામાં ઓછું ધ્યાન આપે અને ધર્મમાં વધારે આગળ વધે તો તમે રાજી થાઓ ? કે ત્યારે તો કહેશો કે "તારા માટે લોહી-પાણી એક કરી તને ભણાવ્યો-ગણાવ્યો અને હવે તું ઉપયોગી ન થાય તો કેમ ચાલે ?" તમને ઉપયોગમાં ન આવે અને ધર્મને ઉપયોગમાં આવે તો સહન કરી શકશો ? માટે તમારી અપેક્ષાઓ જુદી છે. આખો સંસાર સ્વાર્થથી ચાલે છે, તેથી જ પાપ બંધાય છે. સંસારનું મૂળ-જડ સ્વાર્થ છે.

પાંડવો લડે છે તેમાં પણ કારણ તેમને હકનું મળેલું રાજ પાછું લેવું છે, જે દુર્યોધને કપટ કરીને પડાવી લીધું છે, પરંતુ તેમની જતું કરવાની તૈયારી નથી. આમ તો બધાની વચ્ચે જાહેરમાં શરત થઇ છે કે ૧૨ વર્ષ વનવાસ ભોગવ્યા પછી તેમની સંપત્તિ પાંડવોને પાછી આપવી, પરંતુ દુર્યોધન ફરી ગયો છે, પાટલી બદલી છે. તમને પણ સંસારમાં આવા વિશ્વાસઘાતના દરરોજ અનુભવ થતા હોય છે. ત્યારે અન્યાય થયો, તેણે દગો કર્યો, આ કેમ સહન કરાય ? આમ વિચારીને તમે લડો તો પાપ બંધાય.

**સભા :-** *પાંડવો અને દુર્યોધન બેઉને આમાં પાપ બંધાય છે ?*

**સાહેબજી :-** હા, બેઉને પાપ બંધાય છે. પાંડવોને ઓછું પાપ બંધાય છે, કારણ

તેમના પક્ષે ન્યાય-નીતિ છે; જ્યારે દુર્યોધનના પક્ષે ન્યાય-નીતિ નથી. પાંડવોએ દુર્યોધન પર ગેરવર્તાવ કે અન્યાય કર્યો નથી, પરંતુ તેમના હકનું જ માગ્યું છે, છતાં પણ પાપ તો લાગે જ છે. જેમ તમે નીતિપૂર્વક-પ્રામાણિકતાથી ધંધો કરી લાખો કમાઓ, તો શું પાપ ન લાગે ? શું અનીતિથી ધંધો કરો તો જ પાપ લાગે ? પણ તેવું નથી.

નીતિથી-પ્રામાણિકતાથી ધંધો પણ શું કામ કરો છો ? સ્વાર્થથી, વળી જે ધંધો કરો છો તેમાં હિંસા તો છે જ. ભલે ધંધામાં પ્રામાણિકતા-નીતિ જાળવો છો, પણ તે કરતાં જીવહિંસા તો થશે જ. કેટલાય જીવનો તેમાં કચ્ચરઘાણ નીકળશે. માટે પાપ તો લાગે જ છે.

**સભા :-** *સાહેબજી, શેરબજારના ધંધામાં રોકીએ તો ક્યાં જીવહિંસા થવાની ?*

**સાહેબજી :-** તેમાં તો તમે આખા ગામની હિંસા માથે લઈને ફરો છો. અત્યારનું શેરબજાર એટલે આખો યંત્રવાદ છે. જેને ફેલાવનાર ઔદ્યોગીકરણની મૂળ આધારશિલા કે પાયો છે. ૩૫૦ વર્ષથી વિજ્ઞાનનો વિકાસ થયો છે. તે પહેલાં યંત્રવાદનો આટલો વિકાસ નહોતો, છતાં આપણા પૂર્વજો વિકસિત હતા. તેમની જીવનપદ્ધતિ જુદી હતી. ફ્રાંસમાં ક્રાંતિ થઇ અને યંત્રવાદનો આધુનિક ઢબે વિકાસ થયો. તેમાં વિકાસરૂપે યાંત્રિક સગવડતા આપવા પ્રયત્ન કર્યો છે, જે પ્રયત્ન મોંઘો દાટ છે. જેમ ભૂતકાળમાં ઘોડાગાડી વપરાતી હતી, હવે તેની સામે વિજ્ઞાને મોટર મૂકી, જે ઘણી જ ખર્ચાળ પદ્ધતિ છે. તેથી સીધી રીતે હરીફ તરીકે તેની સામે ન ટકી શકે, માટે તેને ફેલાવવા આર્થિક ટેકો આપવો પડે. હવે તેને માટે રોકાણ તરીકે અબજો રૂપિયા જોઇએ. તે પૈસા લાવવા ક્યાંથી ? તે પણ મફતમાં લાવવા છે. માટે આ શેરબજાર નામનું ષડયંત્ર ગોઠવ્યું છે. ગામના અબજો રૂપિયા વગર વ્યાજે મફતમાં આધુનિક ઉદ્યોગોને વાપરવા મળે છે. લોકો એમ ને એમ તો પૈસા આપે નહીં, એટલે લોકોને ઉલ્લુ બનાવવા એવી મધલાળ બતાવી છે કે તમે આપવામાં પાછું વળીને જુઓ તેમ નથી. શેરબજારમાં ધૂમ પૈસા રોકી સટ્ટા દ્વારા કૃત્રિમ રીતે ભાવ ઊંચા લઇ જવામાં આવે છે, એટલે તમને ટંકશાળ દેખાય. માટે જ તમે અબજો રૂપિયા મફતમાં આપો છો અને આ રીતે દુનિયામાં ફોર્સફૂલી(જોરશોરથી) યંત્રવાદ ફેલાઇ રહ્યો છે. આંતરરાષ્ટ્રીય ઇકોનોમિક્સ સમજે તેને આની કાંઇક

ખબર પડે. વળી, આ સિસ્ટમ ઊભી કરી છે તેની ફલશ્રુતિરૂપ આવા ધંધાથી તમારા બધાનાં હાડકાં હરામ થઇ ગયાં છે. સવારે ખરીદો ને સાંજે વેચી નાખો, કોના બાપની દિવાળી ? પરંતુ આનાથી દેશને કેટલું નુકસાન થાય છે ? બીજી બાજુ તેનાથી પરપોટા જેવું અર્થતંત્ર ઊભું થાય. હર્ષદ મહેતાના વખતે ૬૮,૦૦૦ કરોડ એક દિવસમાં લોકોએ ગુમાવ્યા હતા. આ નવડાવવાનો જ ધંધો છે. કોઇને નવડાવો ત્યારે જ તમારા ખીસામાં કાંઇક આવે છે. કારણ કે ત્યાં કાંઇ પ્રોડક્શન છે ? કે અનપ્રોડક્ટીવ છે ?

આ ધંધામાં તો આખી દુનિયાના પાપ માથે લઇને ફરવાનું છે. બધી industries (ઉદ્યોગો)ની નીક આ છે. તેમાં પાણીરૂપે સિંચન શેરબજારથી થાય છે. **સર્વ આધુનિક મહાકર્માદાનોને જણનારી મા તમારું શેરબજાર છે.** પણ આ વાત તમને નહીં બેસે, તેને માટે આધુનિક અને પ્રાચીન બંને અર્થતંત્રનો ઊંડો અભ્યાસ જોઇએ.

તમને ઊઠાં ભણાવીને તેમાં ઘુસાડ્યા છે. હવે તમે મરતાં સુધી કૂદ્યા કરો. આમાં પૈસા રોકો એટલે અમુક ટકા તમારી કંપનીમાં પાર્ટનરશિપ થઇ જાય છે.

**સભા :-** *સવારે ખરીદે ને સાંજે વેચી દે તો ?*

**સાહેબજી :-** સવારે શેર ખરીદો ને સાંજે ભાવ વધવાથી વેચી દ્યો ત્યારે ખરેખર કંપનીમાં એટલું ઉત્પાદન કે નફો વધ્યો છે ? કે માત્ર બજારમાં સટ્ટા દ્વારા કૃત્રિમ રીતે આ ભાવ ઊંચા-નીચા કરવામાં આવ્યા છે ? માટે તમે જુગાર સમજીને લેવું-દેવું કરો છો.

**સભા :-** *અને પાછું દેવું આવે ત્યારે હાથ ઊંચા કરવા.*

**સાહેબજી :-** હા, તે નવી હરામખોરી છે. તમારી psychology (મનોવૃત્તિ) જ તમને બરબાદ કરશે. વાસ્તવમાં શેરો ખરીદવાથી એક નવા પૈસાની કિંમતની ચીજ ઘરમાં આવતી નથી. ખાલી કાગળિયાં જ ઘરમાં આવે છે. આ તો કૃત્રિમ કિંમત ઊભી કરી છે.

ઘણા તો સવારે લઈને સાંજે વેચી નાખે, છતાં તેમાં કુટાઇ જાય છે; અને ઘણા લાંબા ગાળાનું રોકાણ કરે છે. જેમ હજાર શેર લીધા તે લાખમાં લીધા છે. વધતાં ૨ લાખ, ૨॥ લાખ, ૩ લાખ થયા. પણ હજુ એક નવો પૈસો ઘરમાં આવ્યો નથી. છતાં તેનો મગજનો પારો ઊંચો થતો જાય. નાચ્યા કરે. લાખના ૨૫ લાખ થઈ ગયા છે, તે વિચારીને ઘરમાંથી નાણાં ખરચવાનું ચાલુ કરી દે. એટલે માસિક બજેટ વધારી દીધું. હવે વાંધો ક્યાં છે કે, કાવડિયો ઘરમાં આવ્યો નથી, છતાં કૃત્રિમ કાલ્પનિક સ્વપ્ન દ્વારા હર્ષ થાય છે. ૨૫ લાખના ૩૦ લાખ થશે તેમ આશા હોય અને તેમાં મીટર ગબડવાનું ચાલુ થાય ત્યારે કેટલું દુઃખ થાય છે ? અને તેમાં ૨૫ ના ૩૦ થવાની આશા છે, પણ જ્યારે ૨૫ ના ૨૦ થાય તો છાતી કૂટે; અને પહેલાં ૧૫ના ૨૦ થયેલા ત્યારે ફૂલ્યો સમાતો નહોતો. ૨૦ તો એના એ જ છે. આમાં લેવાદેવા તો કંઈ નથી, ખાલી મનના તરંગો છે. સંસારમાં તમને એની એ જ વસ્તુ વધારે અપેક્ષાએ મળે તો રાજી અને એ જ વસ્તુ ઓછી અપેક્ષાએ મળે તો દુઃખી ને ? વળી આ લાઈનમાં ૫ ના ૨૫ થાય તો હર્ષ ન જીરવી શકો અને ૨૫ ના ૫ થાય તો દુઃખ પણ ન જીરવી શકો. જેથી ડીપ્રેશન ઝટ આવી જાય. તેથી વગર કારણે મનુષ્યભવ બરબાદ કરવા માટે આ સારો ધંધો છે.

શાસ્ત્રમાં શ્રાવકને યોગ્ય ધંધા બતાવ્યા છે, જે તમે ભૂલી ગયા છો. શ્રાવકના જીવનમાં આર્થિક અસલામતી ન હોય અને આસમાની સુલતાની પણ તેના જીવનમાં આવે નહીં, તે રીતે જ શ્રાવક જીવે. માટે તેનું સ્થિર આર્થિક ધોરણ જ હોય. આર્થિક વ્યવસ્થા શ્રાવકે જીવનમાં કઈ રીતે કરવી તેના અર્કરૂપે ધર્માચાર્યોએ સલાહ આપી છે, શ્રાવક જીવનની આર્થિક વ્યવસ્થા બતાવી છે.

**સભા :-** *સંપૂર્ણ અહિંસક ગણી શકાય તેવો ધંધો ખરો ?*

**સાહેબજી :-** સંપૂર્ણ અહિંસક ગણી શકાય તેવો ધંધો દુનિયામાં છે જ નહીં. દરેક ધંધામાં હિંસા છે. શ્રાવક તેના જીવનમાં આર્થિક જરૂરિયાત માટે ધંધો કરે ત્યારે તેને માટે અહિંસક ધંધો ન લખ્યો, પણ શ્રાવકે આજીવિકા માટે ઓછી હિંસાવાળો ધંધો કરવો તેમ લખ્યું છે. દા.ત. શરાફી એ ઓછી હિંસાવાળો ધંધો છે. માટે વાણિયો શાહુકાર ગણાતો.

વણિક પોતાના ધનનો પ્રાયે કરીને સીધો ધંધો કરવા કરતાં વ્યાજે પૈસા ધીરતો અને વ્યાજરૂપે તેનું વળતર લેતો, જે ઓછી હિંસાવાળો ધંધો છે. બ્રિટિશરોને આ શરાફીનો ધંધો બેંકો દ્વારા કાબૂમાં કરવો હતો, માટે તે ધંધાને નિંદી નાખ્યો, તેને પડાવી લીધો; ગામેગામ શાહુકારોને સાફ કર્યા. પરંતુ આ ધંધો શ્રાવકને ઉચિત છે. તમારા દીકરાઓને પ્રચાર દ્વારા સમજાવાયું છે કે તમારા બાપદાદા આ ધંધાથી લોહી ચૂસતા હતા. પણ આ વાત ખોટી છે. હા, કોઈ એકાદ બે નીકળે, તેટલામાત્રથી સૌને ખરાબ ન કહેવાય. અત્યારે બેંકો લૂંટે છે તેના કરતાં વણિક ઓછું લૂંટતા હતા.

**સભા :-** *તેમાં પરોપકાર ભાવ કહેવાય ?*

**સાહેબજી :-** પરોપકાર લાવવા તો હૈયું પલટવું પડે. જ્યારે આ ધંધામાં પણ બદલાની ભાવના તો છે. વ્યાજ વળતરરૂપે લે છે. તે વળતરની ભાવના વગર થોડું લે છે ?

**સભા :-** *શ્રાવક હિંસક ધંધામાં પૈસા વ્યાજે ધીરે તો ?*

**સાહેબજી :-** જેમ કે, શ્રાવકને ખબર છે કે આ કસાઈ છે, કતલ કરશે, તો શું શ્રાવક પૈસા ધીરે ખરો ? કદાચ માછીમાર જાળ લેવા માટે પૈસા માગે તો અપાય? માટે શ્રાવક આવા ધંધામાં પૈસા ધીરે જ નહીં. હવે શ્રાવકને સીધી ખેતી કરવાની ના છે, પણ ખેડૂત શ્રાવકના પૈસા લઈને ખેતી કરશે. તેમાંય હિંસા તો છે જ. પણ શ્રાવક મોટી હિંસામાં વ્યાજે પૈસા આપે નહીં. બાકી તમે સંસારમાં ક્યાંય પણ પૈસા આપશો તો હિંસા તો છે જ; પરંતુ પોતે જાતે કરો તો કર્યું કહેવાશે, જ્યારે બીજાને પૈસા ધીરે તો કરાવ્યું કહેવાશે. માટે પાપબંધમાં તફાવત તો રહેશે. કારણ, સીધું કરે તેના કરતાં કરાવવાનું પાપ ઓછું લાગે છે. શ્રાવક કર્માદાન પણ ન કરાવવાનું પચ્ચક્ખાણ તો બહુ ત્યાગી બને તો જ કરી શકે. શેરબજારના ધંધામાં તો આખા ગામનું કર્માદાન આવે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે કર્માદાન શ્રાવક કરે નહીં, પણ ન છૂટકે તેને કરવું પડે તો દિલમાં દુઃખ રાખે અને પૈસા કમાયા પછી જે સમય વિશેષ વધે તેનો સદુપયોગ ધર્મમાં કરે.

શ્રાવકે કદાચ ૫૦ લાખ કમાઇ લીધા. હવે તેને વધારે કમાવાની જરૂર નથી, તેની ઇચ્છા પણ નથી. પરંતુ જીવન જરૂરિયાત માટે આ મૂડી સીધી વપરાય નહીં, તો વ્યાજે મૂકવા છે. તો ક્યાં રાખવા ? વર્તમાન અર્થતંત્રમાં ગમે ત્યાં વ્યાજે રાખશો પણ હકીકતમાં વ્યાજ તે મૂડી ખાવા બરાબર છે. કદાચ પ્રાઇવેટમાં ૧૪ ટકા, ૧૮ ટકા વ્યાજ મેળવો, પણ જોખમ કેટલાં ? અને પરિસ્થિતિ એ છે કે ૧૦ થી ૧૨ ટકા ફુગાવો રહે છે. એટલે નાણાંની કિંમત ઘટે છે, જે મૂડી ખાધા બરાબર છે. આ બધી રાજકીય લુચ્ચાઇ જ છે. કોઇ સીધા પૈસા ન આપે માટે સરકાર આવો ફુગાવો ઊભો કરે છે. એવી વ્યવસ્થા સરકારે ઊભી કરી છે. જેનાથી તમારા કબાટમાં પડેલા લાખ રૂપિયામાંથી વગર લીધે તેની કિંમત ૯૦ હજાર થઇ જાય. માટે આ એક પ્રકારની પ્રજા સાથે છેતરપિંડી અને લુચ્ચાઇ છે. પહેલાં પૂર્વજો શાંતિથી જીવતા હતા, તેવું હવે રાખ્યું નથી. તેથી કોઇ શ્રાવક મૂડીના વધારે વળતર માટે શેરબજારમાં પૈસા રોકે તો પછીથી તેને વધારે સમય મળે છે અને તેનો સદુપયોગ તે ધર્મમાર્ગમાં કરી શકે છે, પણ સાથે પરિણામને ખૂબ જાળવવા પડે.

હવે આગળ. જેમ તમે જમવા બેઠા, ૫૦ આઇટમો છે, તેમાંથી તમે ૫ આઇટમ ખાધી અને ૪૫નો ત્યાગ કર્યો, તો તે ધર્મ છે; કારણ, સ્વાર્થનો ત્યાગ કર્યો છે. પરંતુ તમારા ઘરે સાધર્મિક આવે તો તમારે ૫ આઇટમ ખવડાવવાની કે ૫૦ના બદલે ૫૫ આઇટમ પીરસવાની ? ત્યાં એમ થાય કે આટલું બધું કરીશ તો તેની આસક્તિ પોષાશે, માટે પાપ થશે અને હિંસા પણ વધારે થશે, માટે પાંચ આઇટમ જ પીરસું, તો શું તે વાજબી છે ? ના, ત્યાં તો જેટલું બને તેટલું વધારે બનાવીને મૂકવાનું છે.

**સભા :-** *એક સાધર્મિકે ૫ આઇટમ ખાધી અને બીજાએ ૨૫ આઇટમ ખાધી, તો બેમાંથી કોની ભક્તિનો વિશેષ લાભ ?*

**સાહેબજી :-** જેની ભૂમિકા ઊંચી હશે તેનો લાભ વધારે મળશે. પાંચ આઇટમ ખાય તે ઊંચો અને ૨૫ આઇટમ ખાય તે નીચો, તેવું નથી. પણ જો ૨૫ ખાનારની ઊંચી કક્ષા હશે તો પેલા કરતાં તેની ભક્તિમાં લાભ વધારે છે, માટે સાચો વિવેક કરવાનો આવશે. જેમ સાધુ ભગવંત આવ્યા અને દસ વસ્તુ વહોરી, જ્યારે સાધર્મિકે

૨ આઇટમ જ વાપરી, તો શું ત્યારે સાધર્મિકભક્તિમાં લાભ વધારે મળશે ? ના, માટે સ્તર જોવું પડે.

હીનગુણઅદ્વેષ ન હોય કે ગુણાનુરાગ-મોક્ષનો રાગ ન હોય તેને પ્રણિધાન આવે નહીં. પ્રણિધાનનો મહિમા અપાર છે. અનંતકાળથી જીવ આ ભાવધર્મને જ પામ્યો નથી. જેને પ્રણિધાન આવે એટલે તેનું કર્મ સામેનું યુદ્ધ ખેલાવાનું ચાલુ થયું. તે વ્યક્તિ હવે સંસારનો મહેમાન છે. સંસારરૂપી જેલમાંથી જલદી તેનો છુટકારો થશે. જેમ સંસારમાં જેલમાં પાંચ પચાસ વર્ષની સજા પૂરી થવાની હોય, ત્યારે સાયરન વગાડી છોડે છે, તેમ પ્રણિધાન આવ્યું એટલે સંસારરૂપી જેલમાંથી છૂટવા માટેની મોક્ષમાર્ગની પ્રાપ્તિરૂપ સાયરન વાગી. શાસ્ત્રો કહે છે કે, હવે આ જીવ આગળ ચાલ્યો. તે સંસારનો થોડાક કાળનો જ મહેમાન છે.માટે પ્રણિધાનનો મહિમા અપાર છે. અનંતકાળથી જીવ નથી પામી શક્યો, તેને જ પામવાનું છે. આપણી બધી જ ક્રિયા પ્રણિધાપૂર્વકની જોઇએ. પછી તમે એક નવકારશી કરો કે પાંચ રૂપિયાનું દાન કરો, પણ તે જો પ્રણિધાનપૂર્વકનું હોય તો તે ક્રિયા તમારા આત્મા માટે ઊગી નીકળશે. તેથી આ પ્રણિધાનભાવની કિંમત ઘણી છે. બધા આ પ્રણિધાનભાવને પામીને આગળ વધો. આપણે આ પહેલો ભાવધર્મ પ્રણિધાન વિચારી ગયા. હવે પર્યુષણ પછી બીજો ભાવધર્મ લઇશું.

**અનુસંધાન : - ભાવધર્મ - ભાગ ૨.**

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત વિવેચનના ગ્રંથો

### ગુજરાતી

**વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

૧. યોગવિંશિકા શબ્દશઃ વિવેચન (અપ્રાપ્ય)
૨. અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન
૩. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧
૪. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨
૫. અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩
૬. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ
૭. વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ
૮. આરાધક વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન
૯. સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન
૧૦. અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૧. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૨. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૩. કૂપદૃષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન
૧૪. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨)
૧૫. સૂત્રના પરિણામદર્શક યત્નલેશ ભાગ-૧
૧૬. પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫)
૧૭. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧
૧૮. સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨
૧૯. પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩
૨૦. દાનદ્વાત્રિંશિકા-૧ શબ્દશઃ વિવેચન
૨૧. મિત્રાદ્વાત્રિંશિકા-૨૧ શબ્દશઃ વિવેચન
૨૨. યોગશતક શબ્દશઃ વિવેચન
૨૩. પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત અન્ય પુસ્તકોની યાદી

૧. શ્રી સમેતશિખરજીની સંવેદના — સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ
૨. શ્રી નવપદ આરાધના વિધિ — સંકલનકર્તા : જ્યોતિષભાઈ શાહ

# મુખપૃષ્ઠચિત્રમાં વ્યક્ત થતી ખૂબીઓ

| | |
|---|---|
| ત્રણ પગથિયાં સુધી ઘૂઘવતો સાગર | ત્રણ ગુણસ્થાનક પર્યંત દુર્ગતિની સંભાવનાવાળો ભયાનક સંસાર |
| સમુદ્રમાં અથડાતા-કુટાતા જીવો | મોક્ષમાર્ગની બહાર રહેલા જીવો |
| પગથિયાં ચડતો સાધક | મોક્ષ તરફ મીટ માંડતો મોક્ષમાર્ગમાં પ્રવેશી ચૂકેલો સાધક |
| ચૌદ પગથિયાં | મોક્ષમાર્ગ સ્વરૂપ અધ્યાત્મની ભૂમિકાને દર્શાવતાં ચૌદ ગુણસ્થાનક |
| એક તરફ ઢાળવાળું બીજું પગથિયું | અધોગમન કરાવતું, લપસણું, ફંટાયેલા માર્ગસ્વરૂપ બીજું ગુણસ્થાનક |
| પ્રથમ અને ચોથા પગથિયાને જોડતું ત્રીજું પગથિયું | ઊર્ધ્વગમન અને અધોગમન રૂપે બંને તરફ જોડાણ કરતું ફંટાયેલા માર્ગસ્વરૂપ ત્રીજું ગુણસ્થાનક |
| બીજા, ત્રીજા પગથિયાની અલ્પ ઊંચાઈ | અલ્પ આત્મશુદ્ધિવાળી ફંટાયેલા માર્ગસ્વરૂપ આધ્યાત્મિક ભૂમિકા |
| પડછાયારૂપ આઠ પગથિયાં | ઉપશમશ્રેણિનો માર્ગ - ફંટાયેલા માર્ગસ્વરૂપ આધ્યાત્મિક ભૂમિકાઓ |
| બીજા, ત્રીજા અને ૧૧મે પગથિયે નિસરણીમાં ફાંકો | મૂળમાર્ગથી સીધી ગતિ કરનાર સાધકને ફંટાયેલા માર્ગસ્વરૂપ આધ્યાત્મિક ભૂમિકાઓનો અસ્પર્શ |
| ચોથા પગથિયાથી સમુદ્રની શાંતતા | ચોથા ગુણસ્થાનકથી દુર્ગતિના અકારણ વિષય-કષાય સ્વરૂપ સલામત સંસાર |
| સાધકના મસ્તકમાં રહેલ પાંચ રંગો | સાધકના મનમાં અવસ્થાન પામેલા પાંચ ભાવધર્મોના સૂચક રંગો |
| | પ્રણિધાન ભાવધર્મને સૂચવતો રંગ |
| | પ્રવૃત્તિ ભાવધર્મને સૂચવતો રંગ |
| | વિઘ્નજય ભાવધર્મને સૂચવતો રંગ |
| | સિદ્ધિ ભાવધર્મને સૂચવતો રંગ |
| | વિનિયોગ ભાવધર્મને સૂચવતો રંગ |
| પગથિયાંમાં રંગોની પૂરવણી | મોક્ષમાર્ગમાં આદિથી અંત સુધી પ્રણિધાન આદિ ભાવધર્મોના તારતમ્યને સૂચવતા રંગોની નિસરણીમાં પૂરવણી |


**પ્રકાશક**

ગીતાર્થ ગંગા

**૫, જૈન મર્ચંટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.**

☎ ૨૬૬૦૪૯૧૧ • ૩૨૯૧૧૪૭૧

મુદ્રક : સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, અમદાવાદ ફોન : (૦૨૭૧૭) ૨૩૦૧૧૨